ડૉ.બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

**CALT - 01**

સર્ટીફિકેટ કોર્ષ ઈન ડૉ.બાબાસાહેબ આંબેડકર લાઈફ એન્ડ થોર્ટ.

[Certificate course in Dr. Babasaheb Ambedkar Life and Thought.]

# વિભાગ

# 1

## ડૉ.બાબાસાહેબ આંબેડકરનું જીવનચરિત્ર


| | |
|---|---|
| એકમ –1<br>ડૉ. આંબેડકરના અવતરણની આગોતરી ભુમિકા | 01 |
| એકમ –2<br>જન્મ અને શિક્ષણ | 09 |
| એકમ– 3<br>સમાજસેવાના સીધા ચઢાણ | 27 |
| એકમ – 4<br>મહાડના મેદાનમાં માનવ અધિકારોની ઉદ્‌ઘોષણા | 53 |
| એકમ – 5<br>ગોળમેજી પરિષદથી પુના કરાર સુધીની પેચીદી પ્રક્રિયા | 73 |
| એકમ – 6<br>અસ્પૃશ્યોના અધિકારો માટે અજબનો પુરુષાર્થ | 106 |
| એકમ – 7<br>શ્રમજીવીઓના સરદાર ડૉ. આંબેડકર | 129 |
| એકમ – 8<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ધુરંધર રાજપુરૂષ | 147 |
| એકમ – 9<br>ભારતીય સંવિધાન શિલ્પી ડૉ. આંબેડકર | 166 |
| એકમ – 10<br>સંવિધાન શિલ્પી ડૉ. બાબાસાહેબ આંબેડકર | 189 |
| એકમ – 11<br>ધમ્મક્રાંતિના જયોર્તિધર ડૉ. બાબાસાહેબ આંબેડકર | 211 |

## લેખક

ડૉ.પી.જી.જયોતિકર

21, આનંદવિહાર સોસાયટી,
દાણીલિમડા,
અમદાવાદ – 28

## પરામર્શક (વિષય)

ડૉ. રમેશચંદ્ર પરમાર

8, મનહરનગર સોસાયટી,
રાજપુર, ગોમતીપુર,
અમદાવાદ – 29

## પરામર્શક (ભાષા)

ડૉ.પી.જી.જયોતિકર

21, આનંદવિહાર સોસાયટી,
દાણીલિમડા,
અમદાવાદ – 28

## સંયોજન સહાય

1] શ્રી કે.એ.પોટા

કુલસચિવશ્રી,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
આર.સી.ટેકનિકલ કેમ્પસ, ગુજરાત હાઈકોર્ટની સામે,
એસ.જી.હાઈવે, સોલા, અમદાવાદ–60

2] શ્રી દિલિપભાઈ કાતરિયા

વ્યાખ્યાતા (ઈતિહાસ)
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
આર.સી.ટેકનિકલ કેમ્પસ, ગુજરાત હાઈકોર્ટની સામે,
એસ.જી.હાઈવે, સોલા, અમદાવાદ–60

**પ્રકાશક**

કુલસચિવ,ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
આર.સી.ટેકનિકલ કેમ્પસ, ગુજરાત હાઈકોર્ટની સામે, એસ.જી.હાઈવે, સોલા, અમદાવાદ–60
Email : feedback.baou.org Website : www.baou.org

@ સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈપણ ભાગને ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈપણ રીતે પુન: મુદ્રિત કરવાની મનાઈ છે.

# એકમ : ૧ આંબેડકરના અવતરણની આગોતરી ભૂમિકા...


૧.૦ ઉદ્દેશ

૧.૧ વૈદિક સમયની વર્ણવ્યવસ્થા - ધર્માશાસ્ત્ર-પુરાણો

૧.૧.૨ ભક્તિયુગના સંતો-ભક્તો અને વર્ણવ્યવસ્થા

૧.૧.૩ બ્રિટિશ શાસનમાં અસ્પૃશ્યોને શિક્ષણ

૨.૦ અત્યંજ અસ્પૃશ્યોના સમાજ સુધારા

૨.૧ મહર્ષિ દયાનંદ સરસ્વતી (૧૮૨૪-૧૮૮૩)અને આર્ય સમાજ

૨.૧.૨ મહાત્મા જ્યોતિરાવ ફૂલે (૧૮૨૭-૧૮૯૦) અને સત્યશોધક સમાજ

૨.૧.૩ મહારાજા સયાજીરાવ ગાયકવાડ (ત્રીજા) (૧૮૬૧-૧૯૩૯)

૩.૦ અન્ય અસ્પૃશ્યોદ્ધારકોની પ્રવૃત્તિઓ

૩.૧ મહર્ષિ વિઠ્ઠલ રામજી શિંદે (૧૮૭૩-૧૯૪૪)

૩.૧.૨ શિવરામ જાનબા કાંબળે ...... (૧૮૭૫-૧૯૪૧)

૩.૧.૩ ગોપાળબાબા વલંગકર (.... ૧૯૦૦)

૩.૧. નારાયણ સ્વામી ગુરુ (૧૮૫૬-૧૯૨૮)


## ૧ : ૦ ઉદ્દેશ્ય

આ એકમમાં આપણા પ્રાચીન ભારતીય સમાજ વ્યવસ્થાને તેમજ તે જેના ઉપર આધારિત છે ચાતુવર્ણ - વ્યવસ્થા જે શાસ્ત્રોક્ત છે તેની વિગતો ચર્ચીશું. આ ચાર્તુવર્ણ વ્યવસ્થાનો ક્રમશઃ વિકાસ અને ક્રમશઃ તેમાં થયેલાં પરિવર્તનો, તેમાં પ્રવેશ પામેલી વિકૃતિઓની વિગત જોઈશું. સાથે સાથે શુદ્રો, અતિશુદ્રો, પંચમ જાતિની દુઃખદાયક પરિસ્થિતિની વિગતો પણ વાંચીશું. પણ ભારતીય ઈતિહાસના ભક્તિકાળના સંતોએ પણ ચાર્તુવર્ણવ્યવસ્થાનું સમર્થન કરી સમાનતાની જે વાતો કરી તે પણ જોઈએ. આમ મુસ્લીમ શાસનમાં ભક્તિયુગના દલિતોની દુઃખીદાસ્તા જાણીશું.

આગળ જતાં અંગ્રેજ શાસનમાં ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા 'અસ્પૃશ્યો'ને શિક્ષણ આપવાની શરૂ થયેલી પ્રવૃતિ અને રૂઢિવાદી હિન્દુઓ દ્વારા તેના વિરોધની વિગતો પણ ચર્ચીશું. અંગ્રેજ શાસનમાં સમયના સમાજ સુધારકો જેવા કે આર્યસમાજના દયાનંદ સરસ્વતી (૧૮૨૪-૧૮૮૩) મહાત્મા જ્યોતિરાવ ફૂલે (૧૮૨૭-૧૮૯૦) કરતાં નારાયણ ગુરુ સ્વામી (૧૮૫૬-૧૯૨૮) વડોદરાના મહારાજા સયાજીરાવ ત્રીજા (૧૮૬૧-૧૯૩૯) મહર્ષિ વિઠ્ઠલ રામજી શિંદે (૧૮૭૩-૧૯૪૪), શિવરામ જાનબા કાંબળે (૧૮૭૫-૧૯૪૧)ની ગોપીબાળા વણકર નારાયણ ગુરુ સ્વામીની અસ્પૃશ્યતા નિવારણાની પ્રવૃત્તિની વિગતો જાણીશું. આમ અસ્પૃશ્યોદ્ધાર ક્ષેત્રે ડૉ. આંબેડકરના અવતરણ આગોતરી પૂર્વેની ભૂમિકાથી પરિચિત થઈશું.

## ૧ : ૧ વૈદિક સમયની વર્ણવ્યવસ્થા - ધર્મ શાસ્ત્રો - પુરાણો

વૈદિક સમયથી ભારતીય સમાજનું વર્ણોમાં વિભાજન થયું છે. બ્રાહ્મણ,ક્ષત્રિય, વૈશ્ય, અને શુદ્ર... વળી આ દરેકની ઉત્પત્તિ વિષે પણ ચોક્કસ ચોકઠું બેસાડી દીધું છે. ઋગવેદના પુરુષ સુક્ત દશમાં મંડલમાં કહેવામાં આવ્યું છે.

ब्राह्मणो मुखमासीद् बाहू राजन्य कृत
उरु तदस्य वैश्य पदभ्यां शूद्रोऽजायत ॥

"તે વિરાટ સ્વરૂપ પરમાત્માના મુખરૂપ બ્રાહ્મણો છે. બાહુઓમાંથી ક્ષત્રિયો, જાંઘમાંથી વૈશ્યો અને શુદ્રો (તે) પરમાત્માના પગમાંથી પેદા થયા છે." (ઋગ્વેદ ૧૦:૯:૧૨)

આમ આ ચાર્તુવર્ણ્ય વ્યવસ્થા ક્રમશઃ વિકાસ પામતી થઈ તેમાં વિકૃતિઓ પણ આવતી રહી અંતે શૂદ્રોમાંથી, અતિશૂદ્રો, પંચમ્, ચાંડાળ, અંત્યંજ ઈત્યાદિ નામોથી ઓળખાતી અસંખ્ય જ્ઞાતિઓ ઉપજ્ઞાતિઓ ઉત્પન્ન થતી ગઈ. વળી આ જ્ઞાતિઓને આગળ જતાં અસ્પૃશ્ય' ગણવામાં આવી તેમનો સ્પર્શ તો શું પરંતુ તેમનું દર્શન પણ અપવિત્ર આરત-આફતરૂપ ગણવામાં આવ્યું ! સ્મૃતિઓ, પુરાણો, ઈત્યાદિ શાસ્ત્રોમાં તેમણે પશુથી પણ બદત્તર ગણવામાં આવ્યાં જેમાં મનુસ્મૃતિ મોખરે છે. વેદને અનુસરતાં મનુસ્મૃતિમાં કહેવામાં આવ્યું.

लोकानां तु विद्धिदृर्थ मुख बाहुरुपादत:
ब्राह्मणं क्षत्रिय वैश्य शुद्र च निट वर्तगत्

સ્વયં મહાપ્રજાપતિ બ્રહ્માએ લોકવૃદ્ધિ માટે પોતાના મુખથી બ્રાહ્મણ, બાહુઓમાંથી ક્ષત્રિઓ જાંઘમાંથી વૈશ્યો અને પગમાંથી શૂદ્રો ઉત્પન્ન કર્યા (મનસ્મૃતિ ૧:૩૧)

મનુસ્મૃતિએ શૂદ્રોની દિનચર્યા, તેની પ્રવૃત્તિ પણ નક્કી કરી વળી તેને શાસ્ત્ર-શસ્ત્રોથી વંચિત કરી તેમને કરવામાં આવતી અમાનુષી શિક્ષાઓ પણ નક્કી કરી નાંખી. ગામની બહાર તેમનું નિવાસ પણ નક્કી કરી આજીવિકા નક્કી કરી 'મડદાંનાં ઉતારેલાં કપડાં પહેરવાં તૂટેલાં ફૂટેલાં (માટીનો) વાસણોમાં જમવું, લોખંડનાં ઘરેણાં પહેરવા અને હમેશાં ભટકતા રહેવું.'

સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં પછી તે નાટક, કાવ્ય મહાકાવ્ય ગમે તે હોય શુદ્રો, ચાંડાળો, અંત્યજોની નિંદા કરી તેમને પશુથી પણ હીન કક્ષાએ મૂકવામાં આવ્યાં છે. જેનાં સંખ્યાબંધ ઉદાહરણો મળે છે.

न वेद व्यवहारडंयं सश्राव्य शुद्रजातिषु
तस्मात् सृजा परं वेद पंचम सार्वणका ॥

વેદ-વ્યવહાર શુદ્રજાતિ માટે સાંભળવાની મનાઈ છે. જેથી (ભરતમુનિએ) અવર્ણ માટે પાંચમા વેદ (નાટક)નું સર્જન કર્યું.

વાલ્મિકી રામાયણની પ્રતિકૃતિ - उत्तमरामचरितम् માં શંબૂકમુનિ (શુદ્ર)ને માત્ર તપ કરવાના ગુન્હા માટે મર્યાદા પુરુષોત્તમ શ્રીરામચંદ્રજીએ શંબૂકનો શિરચ્છેદ કર્યો તે કથા જાણીતી છે જ.

વેદાન્ત દર્શન ૧-૨-૩-૪માં બ્રહ્મસૂત્રની પરિભાષા કરતાં આઠમી સદીમાં આદ્ય શંકરાચાર્ય લખે છે કે જો શુદ્ર વેદસાંભળી લ્યે તો તેના કાનમાં પીગળેલું સીસુ અને લાખ ભરવાં. જો વેદવાક્ય ઉચ્ચારે તો જીભ કાપી નાંખવી : શુદ્ર સ્મશાન સમાન છે. તેની સમીપ વેદવાંચન થાય નહિ તેને ઉપદેશ આપી શકાય જ નહિ.

પુરાણોમાં પણ શુદ્રની સ્થિતિ પશુઓની બદત્તર છે. મહ્દઅંશે શ્રુતિ-સ્મૃતિના આદેશોને સાધારણ પરિવર્તન સાથે મૂકવામાં આવ્યાં છે. પ્રસિદ્ધ પુરાણ મહાભારતની રચના જ શુદ્રો અને સ્ત્રીઓને ધર્મજ્ઞાન આપવા કરવામાં આવી છે. જે આપણે જોયુ :

## ૧:૨ ભક્તિ યુગના સંતો -ભક્તો અને વર્ણવ્યવસ્થા

મુસ્લીમ (આક્રમણો) શાસનમાં પણ ૧૪-૧૫મી સદીમાં થયેલા સંતોએ પણ સંત સાહિત્યમાં આ વૈદિક કે સ્મૃતિ પરંપરાને અનુસરવાનું ચાલુ રાખ્યું હતું. સંત તુલસીદાસ કૃત રામચરિત માનસમાં પણ શુદ્ર અને નારી નિંદા ભરપુર છે. તુલસીદાસ કહે છે - (અરણ્ય કાંડ- ૪૦-૧)

पूजये विप्र शीलगुण हीना, शुद्रनाही गुणगान प्रवीणा
विप्रवंश ही अस प्रभुताई अभय होय जो तुम्ही देश

हि शापत ता[illegible]त पुरुष कहंता विप्र पुजय अस गाव हि सत्ता
शुद्र करहि जपव्रत नाना बैढि बराबस कहहिं पुराना
ढोलर्गवार शुद्र पशु अहु नारी सब ताडके अधिकारी

શૂદ્રોને શિક્ષણ મળે તે પણ સંત તુલસીદાસને સ્વીકાર્ય નહોતું (अधम जातिमे विद्या मयउ पावे मयउ अहिं दुध पिलाये ) અધમ જાતિને વિદ્યા-શિક્ષણ આપવું તે વિષધર સાપને દૂધ પીવરાવવા બરાબર છે. ભક્તિયુગના લગભગ તમામ સંતોએ પણ વર્ણાશ્રમની વકીલાત કરી છે અને જાતિભેદ જીવતો રાખ્યો છે. તેમણે આત્માના ઉધ્ધારની આહલેક જગાવી. અસ્પૃશ્યોના ઉધ્ધારની નહિ. તેમણે ઈશ્વરની નજરે બધાને સમાન માન્યો. પરંતુ દુન્યવી દષ્ટિની દુઃખદાયક પરિસ્થિતિને નજર અંદાજ કરી. ગંગાસતી ભજનમાં કહે છે; જાતિ પાંતિ નહિ હરિ કેરા દેશમાં..... "પરંતુ અહીંનું શું ? મોરાર સાહેબ પોતાના ભજનોમાં વર્ણવ્યવસ્થા ગયાનું દુઃખ વ્યક્ત કરે છે. ભજનોમાં બ્રાહ્મણોને ભાંડતા આ સંતોએ પોતે જે જાતિમાં જન્મયા તે જાતિનો જ વ્યવસાય કર્યો. પછી ભલે તે રવિદાસ હોય કે કબીર ! જ્યોતિબા ફૂલેએ આ બાબતે મહારાષ્ટ્રના ભક્ત કવિઓની કડક આલોચના કરતા કહ્યું કે ''મુકુંદરાજ, જ્ઞાનેશ્વર, રામદાસ ઈત્યાદિ સંતોએ વર્ણવ્યવ્થાનું જ સમર્થન કર્યું હતું. તેમણે ખુલ્લેઆમ વિરોધ કરવાનું સાહસ કરી શક્યા નથી.આ પ્રાચીન સમયમાં ભગવાન બુધ્ધે વર્ણ-વ્યવસ્થા તથા ઉંચ-નીચની સામાજિક માન્યતાઓ ઉપર પ્રહારો કર્યા. પોતાના ભિક્ષુસંઘમાં બ્રાહ્મણોથી માંડી ભંગીને પણ ભેળવ્યાં. જેમ નદીઓ સાગરને મળી સઘળુ, સાગર બને તેમ શાસ્તા બુધ્ધે ભિક્ષુસંઘને સમાન બનાવ્યો. શૂદ્રો-અસ્પૃશ્યો માટે પ્રાચીન ભારતના ઈતિહાસમાં આ અપવાદ સિવાય શૂન્ય હતું.

ભક્તિ યુગના સંતોને પણ તેમની જ્ઞાતિવાળાઓ એ જ મહાન ગણ્યા ! અન્ય ઊચ્ચ જ્ઞાતિ કે બ્રાહ્મણોએ તેમની પૂજા કરી કે સન્માન આપ્યાના દાખલા શોધવા મુશ્કેલ છે. કયાંય કલ્પિત કથાઓ, ચમત્કારોની વાતોથી દલિત સમાજ મીરાના ગુરૂ રોહિદાસનો ગણાવે તેનો કોઈ અર્થ નથી જ.

સર્વ સવર્ણ સમાજે દલિત સંતોનો સહર્ષ સ્વીકાર કર્યો જ નથી. **'એક સ્મશાનના'** આગ્રહી રણુજાના રામદેવની જાત્રાએ જનારા પછાતવર્ગના લોકજ હોય છે.

## ૧:૧:૩ બ્રિટીશ શાસનમાં અસ્પૃશ્યોને શિક્ષણ

બ્રિટીશ શાસનમાં બૌદ્ધિકયુગ-પુનઃ જાગરણ (ભારતીય રેનેશાં) નો યુગ આવ્યો. ધાર્મિક, સામાજિક સુધારણાના આંદોલનનો આરંભ થયો. બ્રિટીશ શાસને ટેકનિકલ, વૈજ્ઞાનિક વિકાસનો પાયો, નાંખ્યો. આધુનિક શિક્ષણ, વિદ્યાલયો યુનિવર્સીટીઓ શરૂ થઈ વળી બ્રિટીશ શાસને એક એવી અર્થ વ્યવસ્થાનો જન્મ આપ્યો જેના પરિણામે રૂઢિવાદી પરંપરાવાદી જંજીરોથી જકડાયેલી જાતિઓનાં બંધનો શિથિલ થવા માંડ્યાં. જેણે આગળ જતાં સામાજિક પરિવર્તનનો માર્ગ મોકળો કરી નાંખ્યો. ભારતીય સમાજ સુધારણાના ઈતિહાસમાં અઢારમી સદીના અંધકારને ભેદી ઓગણસમી સદીની ઉષા પ્રગટી. ભારતીય સાંસ્કૃતિક જીવનની આ વસંત હતી. સહજાનંદ સ્વામીથી, રાજારામમોહન રાય, બહેરામજી મલબારીથી માંડી સ્વામી વિવેકાનંદ સુધીના જાગૃત જ્યોતિર્ધરોએ પોતપોતાની રીતે વિવિધક્ષેત્રે જન જાગૃતિનો પ્રકાશ પાર્થયો હતો જેમાં આર્યસમાજ, બ્રહ્મોસમાજ, પ્રાર્થનાસમાજ, સત્યશોધક સમાજ ઈત્યાદિ અગ્રેસર હતા.

બ્રિટીશ શાસનમાં ખ્રિસ્તી મિશનરીએ અસ્પૃશ્યોને શિક્ષણ આપવાની પહેલ કરી. અમદાવાદની એક શાળામાં પાદરીએ અસ્પૃશ્ય વિદ્યાર્થીને દાખલ કર્યો એટલે સવર્ણ વિદ્યાર્થીઓએ શાળાનો બહિષ્કાર કર્યો. નગર શેઠ હેમાભાઈ વખતચંદે (૧૭૮૫-૧૮૫૮) સરકારમાં અરજી કરી નવી શાળાની માંગણી કરી. ધારવાડા (મહારાષ્ટ્ર) માં પણ આવો જ કીસ્સો હતો. રેલ્વેના ડબ્બામાં અસ્પૃશ્યનો ડબ્બો 'ઢેઢાનો ડબ્બો' જુદો, ભેગાં બેસે તો કહે બધુ હળાબોળ થઈ ગયું. તે સમયનાં વર્તમાનપત્રો પણ આવી ઘટનાઓ મહત્ત્વ આપતાં ચર્ચાપત્રો છાપતાં જોડકણાં છાપતાં-

**"દેવ ગયાકાશી ને પીર ગયા મક્કા ફિરંગી અંગ્રેજીના રાજ્યમાં ઢેઢ મારે ધક્કા."**

૧૮૫૭ પછી અંગ્રેજ સરકાર પણ સુધારા કરતાં તેમજ અસ્પૃશ્યતા નિવારણના કાર્યક્રમ આપતા ખચકાતી હતી કારણ કે ૧૮૫૭ના મહારાણી વિકટોરિયાના જાહેરનામા અન્વયે કોઈપણ પ્રજા (જાતિ)ના અંગત ધર્મના મામલામાં હસ્તક્ષેપ નહિ કરવાની જાહેરાત કરી હતી. સરકાર વચને બંધાણી હતી. વળી ૧૮૫૭ ની પુનરોક્તિ ના થાય તેની પણ તેને સાવચેતી રાખવાની હતી તેમ છતાં તેમના કેટલાંક કાર્યોથી

પ્રજામાં સમાજ સુધારકો પેદા થયા. અંગ્રેજ સરકારે તેને પ્રોત્સાહન આપી અસ્પૃશ્યતા નિવારણના કાર્યને આગળ ધપાવ્યું હતું તે સ્વીકારવું જ રહ્યું.

**'તમારી પ્રગતિ ચકાસો' -૧**

**નીચેના પ્રશ્નોના ઉત્તરો ખાલી જગ્યામાં લખો.**

(૧) વૈદિક વર્ણવ્યવસ્થા તથા ધર્મશાસ્ત્રોમાંની અસ્પૃશ્યતા વિષે લખો.

______________________________

______________________________

______________________________

(૨) અસ્પૃશ્યતા વિષે ભક્તિયુગના સંતોનો અભિગમ સમજાવો.

______________________________

______________________________

______________________________

(૩) બ્રિટિશ શાસનમાંની જાગૃતિમાં અસ્પૃશ્યોની સ્થિતિ કેવી હતી ?

______________________________

______________________________

______________________________

## ૨-૦ :- અત્યંજ સમાજ સુધારકો... મહર્ષિ દયાનંદ સરસ્વતી અને આર્યસમાજ

સૌરાષ્ટ્રના ટંકારાના શૈવભક્ત -ઔદિચ્ય બ્રાહ્મણ કરશનનો પુત્ર મૂળશંકર જે સમગ્ર ભારતમાં દયાનંદ સરસ્વતી (૧૮૨૪-૧૮૮૩) તરીકે સુપ્રસિદ્ધ થયો. આ નરશાર્દુલે પોતાના વિપ્લવકારી વ્યાખ્યાનો દ્વારા આર્યધર્મનો ઝંડો સમગ્ર ભારતમાં લહેરાવી દીધો હતો. રાષ્ટ્રવાદનું સજ્જડ સમર્થન અને વિદેશી શાસનો વિરોધ કરનાર દયાનંદે ૧૮૭૫ની એપ્રીલની ૧૦મી તારીખે મુંબઈમાં આર્યસમાજની સ્થાપના કરી. આર્યસમાજે પ્રારંભથી ઉગ્રરાષ્ટ્રીયતાવાળી હિન્દુઓની MILITANAT 'સંસ્થા' હતી. તેમણે આર્યસામજ દ્વારા પાખંડ, ધર્મમાં ઘૂસી ગયેલા અનિષ્ટોને નાબુદ કરવા જંગ કર્યો. વળી ગીર્વાણવાણી સંસ્કૃત શીખવી અંત્યજોને પણ ઉપવીત ધારણ કરાવી યજ્ઞવિધિ કરાવતા આચાર્યો બનાવ્યા. જાતિભેદને જાકારો આપ્યો. તેમના સંપર્કમાં આવેલ રાજવીઓ જેવાકે મહારાજા સયાજીરાવ ઈત્યાદિએ પણ અંત્યજોદ્ધારની પ્રવૃતિ વેગથી ઉપાડી હતી.

## ૨:૧ :૨ - મહાત્મા જ્યોતિરાવ ફુલે (૧૮૨૭-૧૮૯૦)

મહારાષ્ટ્રમાં મહાત્મા જ્યોતિરાવ ફુલે શૂદ્ર-અતિશૂદ્રના ઉત્થાનમાં ક્રાંતિકારી ચળવળ કરનાર સામાજિક ક્રાંતિના અગ્રદૂત હતા. બૌદ્ધ આચાર્ય અશ્વઘોષ (ઈ.સ.૫૦- ઈ.સ. ૫૦)ના સંસ્કૃત ગ્રંથ **'વજ્રસૂચિ'** અને 'કબીરના બીજકથી' માનવતાવાદી પ્રેરણા પ્રાપ્ત કરી સમાજ સુધારણાના જંગમાં ઝંપલાવ્યું. લગભગ ચાલીસ વર્ષ સુધી આ પ્રવૃતિને ચાલના આપી હતી. તેમણે તારણ કાઢયું હતું કે શિક્ષણ જ મહત્વનું છે. તેમનું સુપ્રસિદ્ધ સૂત્ર હતું.

વિદ્યા વિના મતિ ગઈ, મતિ વિના નીતિ ગઈ
નીતિ વિના ગતિ ગઈ, ગતિ વિના વિત્ત ગયુ
વિત્ત વિના શુદ્ર થયા, વિદ્યા વિના કેટલા અનર્થ થયા.

છેક ૧૮૪૮માં પૂનામાં શુદ્ર અતિ શુદ્ર બાળાઓ માટે શાળાનો પ્રારંભ કર્યો. કોઈ શિક્ષક ન મળતાં પોતાની પત્ની સાવિત્રીબાઈને શિક્ષણ આપી શિક્ષકા બનાવ્યાં. ત્યાર બાદ તેમણે ઘણી શાળાઓ શરૂ કરી

હતી તેમણે બ્રાહ્મણો સિવાય લગ્ન શરૂ કર્યા. દેવદાસીની પ્રથાનો વિરોધ કર્યો. અસ્પૃશ્યો માટે પોતાનો કૂવો ખુલ્લો મૂક્યો, મજૂરોનું સંગઠન કર્યું. બાળ વિધવાઓનું યૌન શોષણ અટકાવવા વિધવા આશ્રમ, વિધવાઓને વાળ કાપવાની પ્રથાનો વિરોધ કરવા વાળંદોને હડતાલ ઉપર ઉતાર્યા...કદાચ ભારતમાં સર્વપ્રથમ હડતાલનો પ્રારંભ હશે. મજૂરો સાથે ખેડૂતોની દશા માટે સરકારમાં સશકત રજુઆતો કરી હતી.

'અસ્પૃશ્યોની કૈફિયત' નામનું પુસ્તક લખી અસ્પૃશ્યોના ઉધ્ધાર માટેના કાર્યક્રમ સૂચવ્યો (આ ગ્રંથ વિવાદમાં છે) તેમણે પોતે ૫-૯-૧૮૭૫ના દિવસે દયાનંદ સરસ્વતીનું પૂનામાં સન્માન કરી સુધારાની પ્રવૃતિને આગળ ધપાવી હતી. વળી ૧૮૭૩માં તેમણે સત્યશોધક સમાજની સ્થાપના કરી તે સંસ્થા દ્વારા અસ્પૃશ્યો માટે અસંખ્ય કાર્યક્રમો પણ આપ્યા.

મહારાજા સયાજીરાવ સાથે જ્યોતિરાવ ફુલેને સારા સબંધો હતા.૧૮૮૪માં મહારાજાએ જ્યોતિરાવને વડોદરા બોલાવી રાજભવનમાં તેમના પ્રવચનો ગોઠવ્યાં હતાં. ૧૮૮૫માં સયાજીરાવ પૂના ગયા ત્યારે જ્યોતિરાવે તેમનું પણ સન્માન કર્યું હતું. વડોદરા નરેશે જ્યોતિરાવને હિન્દુસ્તાન બૂકર ટી વાશીંગ્ટનનું બિરૂદ આપવાની દરખાસ્ત કરી હતી, બિમાર થયા ત્યારે પણ જ્યોતિરાવને આર્થિક સહાય કરી હતી.

જ્યોતિરાવ ફુલેના ચરિત્ર લેખક ડો.ધનંજય કીરના શબ્દોમાં સમાપન કરીએ - "જ્યોતિબાનો અર્થ થાય છે જ્યોતિ અને એ 'જ્યોતિ' કે જેણે સામાજિક સમતા, માનવતા તથા વિવેકવાદ ઉપર પ્રકાશ પાથરી સહુને સાચો માર્ગ ચીંધ્યો...ફુલેનો અર્થ થાય છે ફુલોનો વ્યવસાય કરનાર ફુલમાળી...આ માળીએ રાષ્ટ્રરૂપી ઉદ્યાનની સામાજિક એકતાના ઉછેર માટે તે ઉછેરને રોકનારાં ખડ-ભેંભળાને ઉખાડી ફૂલ છોડવાના રક્ષણનું રક્ષણ કર્યું. આ ઉદ્યાનમાં ફૂલ છોડની વૃદ્ધિ થઈ રહી છે. જો કે તેમાં વસંત આવવાની વાર છે. જે થોડાં ઘણાં ફુલ છોડ પુષ્પિત થયાં છે તેમાંથી માનવતાવાદની સુંદર સુવાસ પ્રસરી રહી છે. ભવિષ્યમાં મહત્તમ પ્રસરશે જ" આમ જ્યોતિરાવ ફુલે અત્યંતજોદ્ધારમાં (કાળક્રમાનુંસાર) પ્રથમ હોવાનું બહુમાન મેળવે છે.

## ૨:૧ :૩ - મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજા (૧૮૬૧-૧૯૩૯)

જેમને પીડિતો-પતિતોએ 'પતિત પાવન મહારાજા' તરીકે બીરદાવ્યા છે. મહાન સયાજીરાવ ગાયકવાડ એક પ્રગતિશીલ અને દષ્ટિવંત પ્રબુધ્ધ શાસક હતા. જ્યારે અંત્યજોધ્ધારનું નામ લેવાની કોઈ હિંમત નહોતું કરતું તેવા સમયે મહારાજા સયાજીરાવે પોતાના રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત અને મફત કરનાર સમગ્ર ભારતમાં પ્રથમ રાજવી હતાં. તેમને ખબર હતી કે અંત્યજોને સવર્ણલોકો શાળામાં બેસાડવાનો વિરોધ કરશે એટલે તેમણે અંત્યજો માટે અલગ અંત્યજ શાળા ખોલવાનો પ્રારંભ કર્યો. વળી વધારે પગાર આપવા છતાં સવર્ણ શિક્ષકો ન મળતાં મુસ્લીમ, ખ્રિસ્તીઓની ભરતી કરી. અત્યંજ કન્યાશાળા, અંત્યજ છાત્રાલયો, વાંચનાલયો શરૂ કર્યા. તેના ઈન્સ્પેકશન માટે પંજાબથી આર્યસમાજી પંડિત આત્મારામ અમૃતસરીની નિમણૂંક કરી હતી. ઉત્તર ગુજરાત દલિતોમાં શિક્ષણની જે જાગૃતિ જોવા મળે છે. તે મહારાજા સયાજીરાવ ગાયકવાડને આભારી છે. અંત્યજ ઉધ્ધાર માટે કામ કરતા આગેવાનો સર્વશ્રી જ્યોતિરાવ ફુલે, મહર્ષિ વિઠ્ઠલ રામજી શિંદે (૧૮૭૩-૧૯૪૪) શિવરામ કાંબળે (૧૮૭૫-૧૯૪૧) ઈત્યાદિને ખાસ નિયંત્રણ આપી રાજ્યમાં સન્માન કરી તેમનાં વ્યાખ્યાઓનું આયોજન પણ કર્યું હતું. આંબેડકરને શિષ્યવૃત્તિ આપી ગ્રેજ્યુએટ કર્યા, એટલું જ નહિ પરંતુ રાજ્યની ધારાસભામાં એપ્રીલ ૧૯૧૩માં તેમની નિમણૂંક કરી હતી. પાછળથી વિદેશ વધુ અધ્યન માટે પણ તેમને શિષ્યવૃત્તિ આપી હતી.

મહારાજાને બૌદ્ધધર્મમાં પણ વિશેષ રૂચિ હોવાથી પંડિત ધર્માનંદ કોસાંબીનાં વ્યાખ્યાનો (૧૯૧૦) ગોઠવ્યા હતાં. મહાબોધિ સોસાયટી ઓફ ઈન્ડિયાના મહામંત્રી દેવપ્રિય વાલીસિંહાનાં વ્યાખ્યાન પણ ૧૯૩૮માં ગોઠવ્યાં હતાં. ૯, જાન્યુઆરી, ૧૯૩૮ના દિવસે મહારાજા મહારાણી સાથે કલકત્તાથી બોગયા ગયા હતા. બુદ્ધ પ્રતિમાનાં દર્શન કરી અભિભૂત થયા. આંખોમાંથી અશ્રધારા વહેવા માંડી હતી ! જાપાનની કામાકુરાની બુદ્ધ પ્રતિમાની પ્રતિકૃતિ પ્રાકૃતિક ઉદ્યાનમાં મૂકાવી હતી.

પોતાના ચોસઠ વર્ષના સુશાનમાં મહારાજ સયાજીરાવે દેશ-વિદેશનો અસંખ્ય પ્રવાસો કરી જ્યાં સારી બાબત મળે તે સ્વીકારી પોતાના રાજ્યમાં તેને અમલમાં મૂકી પ્રજાને સુખી કરવાના એકમાત્ર ધ્યેયથી રાજ્ય કર્યું. સમગ્ર ભારતમાં તે એક આદર્શ રાજવી હતા. સવિશેષતાએ અંત્યજોના સાચા ઉદ્ધારક હતા.

તેમને 'પતિત પાવન મહારાજા'ની પદવીથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ૩ અન્ય અસ્પૃશ્યોદ્ધારકોની પ્રવૃત્તિઓ

### ૩ : ૧ મહર્ષિ વિઠ્ઠલ રામજી શિંદે (૧૮૭૩-૧૯૪૪)

કર્ણાટકના જમખીંડી ગામે ૨૩, એપ્રિલ, ૧૮૭૩ જન્મેલ 'તુકારામ' ઉર્ફે વિઠ્ઠલ શિંદે મરાઠા સમાજમાંથી આવતા હોવા છતાં અસ્પૃશ્યતા નિવારણ માટે ભેખ ધારણ કર્યો હતો. સયાજીરાવની શિષ્યવૃત્તિથી ગ્રેજ્યુએટ થયેલા વિઠ્ઠલ શિંદે પ્રાર્થના સમાજની શિષ્યવૃત્તિથી વિદેશમાં પણ ધર્મનો અભ્યાસ કર્યો હતાં તેમણે **'ડીપ્રેસ્ડ કલાસીસ મિશન'** (૧૯૦૬) સંસ્થા શરૂ કરી. 'અસ્પૃશ્યો'ને શિક્ષિત કરવાનું અભિયાન આરંભ્યું હતું. ૧૯૧૨ સુધીમાં ૧૪ સ્થળે ૨૩ વિદ્યાલયો, છાત્રાલયો શરૂ કર્યા હતા. જેમાં અસ્પૃશ્ય વર્ગના ૧૧૦૦ વિદ્યાર્થીઓ અને ૫૫ શિક્ષકો હતા ગુજરાતના ભાવનગર રાજ્યમાં પણ છાત્રાલય શરૂ કર્યું હતું. પોતે પરિવાર સાથે (મહાર) અસ્પૃશ્યોની સાથે (છાત્રાલયમાં) રહેતા હોવાથી સવર્ણો તેમને મજાકમાં 'મહાર શીંદે' તરીકે હતાં. ૧૯૧૩માં તેમણે 'ભારતીય અસ્પૃશ્યોની સમસ્યા', નામક ગ્રંથ લખી અસ્પૃશ્યોની સમસ્યા ઉજાગર કરી. વળી ૧૯૧૭ના કોંગ્રેસના કલકત્તા અધિવેશનમાં અસ્પૃશ્યો માટેના ઠરાવ કરાવવામાં અગ્રગણી રહ્યા હતા. રૂઢિ, અજ્ઞાત, અંધશ્રદ્ધા, બાળલગ્ન, દેવદાસી-મુરલી પ્રથાનો તેમણે જોરદાર વિરોધ કર્યો હતો. વિધવા વિચારની હિમાયત કરી હતી વળી ગાંધીજીના સવિનય કાનૂન ભંગના આંદોલનમાં ભાગ લીધો અને કારાવાસ પણ વેઠ્યો હતો. પરિણામે ગાંધીજીએ કૉંગ્રેસ વર્કીંગ કમીટીમાં તેમની નિમણૂંક કરાવી હતી. તેમણે કિસાનો અને કામદારોના પ્રશ્નો વિષે પૂનામાં પરિષદો ભરી હતી. વળી મરાઠા, રાષ્ટ્રીયપક્ષની સ્થાપના કરી રાજકારણમાં ઝંપલાવ્યું હતું. તેમની દશ્યવાદી વૃત્તિ અને નિસ્વાર્થ પ્રવૃત્તિને કારણે લોકોએ તેમને 'મહર્ષિ'ની પદવી એનાયત કરી હતી. ઈન્દોરના (ધનગર જાતિ)ના રાજવી તુકોજી હોલ્કરની મદદથી તેમણે પૂનામાં અસ્પૃશ્ય વિદ્યાર્થીઓ માટે 'અહિલ્યાબાઈ આશ્રમ' બાંધ્યો હતો. તેમની અંત્યજોધ્ધારની પ્રવૃત્તિથી પ્રભાવિત થઈ મહારાજા સયાજી રાવે તેમને વડોદરા નિમંત્રિત કર્યા અને તેમનું સન્માન કર્યું હતું. તેમણે ૧૫, નવેમ્બર, ૧૯૧૭ અને ૨૩-૨૪, માર્ચ, ૧૯૧૮માં બે વખત અસ્પૃશ્યતા નિવારણ પરિષદોનું આયોજન કર્યું હતું. માર્ચ, ૧૯૧૮ના પ્રમુખ મહારાજ સયાજી ગાયકવાડ પોતે હતા. તેમજ હાજર અસંખ્ય નેતાઓ હતા. મહારાજા તેમણે આર્થિક સહાય પણ કરતા હતા. વળી તેમણે બર્માનો પ્રવાસ કર્યા ત્યારથી તેમનો બૌદ્ધધર્મ પ્રતિઝુકાવ રહ્યો હતો અને પોતાને 'બૌદ્ધ' તરીકે ઓળખાવતા હતા. ફ્રેન્ચાઈઝ કમિટિ (સાઉથકારો સમિતિ) સમક્ષ તેમણે અસ્પૃશ્યોની કેફિયત પ્રસ્તુત કરી કેટલીક માંગણીઓ પણ મૂકી હતી.

અહીંથી ડૉ.આંબેડકર અને તેમની વચ્ચે મતભેદ શરૂ થયા. પરિણામે મહર્ષિ શીંદે એકલા પડી ગયા. દત્તોપંત ઠંગડીના શબ્દોમાં- "તેમના વ્યક્તિત્વ પોતાની આંતરિક પ્રવૃતિ અને વિચારમાં પૂર્ણ પ્રમાણિકતા હતી. પરિણામે તત્કાલીન સમાજ સુધારકો સાથે તેમને મેળ ઓછો રહ્યો. સમાજ સુધારકોના કોઈ પણ પ્રવાહે તેમને 'પોતીકા' ગણ્યા નહિ. પ્રત્યેક પ્રવાહના પોતાના એકાંકિત અભિનિવેશને કારણે પુષ્કળ પ્રવૃતિ કરવા છતાં સઘળા પ્રવાહમાં મહર્ષિ શીંદે એકલા-અટૂલા થઈ ગયા. રાજર્ષિ શાહૂ મહારાજાને તેમને ક્ષત્રિય જગદગુરૂના પદની ઓફર કરી હતી. જેનો તેમણે સાભાર અસ્વીકાર કર્યો હતો. જીવનના ઉત્તરાર્ધમાં અપાર નિરાશા અને નિર્ધન અવસ્થામાં દુઃખદ દિવસો પસાર કર્યા." ડાયાબિટીસ અને અંતે લકવો મારી ગયો. ૨, જાન્યુઆરી,૧૯૪૪ના દિવસે તેમનુ અવસાન થયું.

### ૩:૧:૨ શિવરામ જાનબા કાંબળે (૧૮૭૫-૧૯૪૧)

૧૮૭૫માં મહાર સમાજમાં જન્મેલા કાંબળે મોટી અવસ્થાએ સ્વયં પ્રયત્નોથી શિક્ષિત થયા અને અંગ્રેજી તથા મરાઠી ભાષા પર પ્રભુત્વ પ્રાપ્ત કર્યું. યુરોપીયન લોકોના ત્યાં 'બટલર'ની નોકરી કરતાં દલિતોધ્ધારની પ્રવૃતિનું સાહિત્ય વાંચી સમાજ સેવામાં જોતરાયા. 'મહારો'ની મિલિટરીમાં ભરતીબંધીનો પ્રશ્ન ઉપાડી ગામડે ગામડે ફરીને ૧૯૦૩ એકાવન ગામોના મહારોની સભા-સંમેલન કર્યુ. ભારતમાં અસ્પૃશ્યવર્ગની આ પ્રથમ પરિષદ-સંમેલનનું માન મેળવ્યું.ઓગષ્ટ, ૧૯૦૪માં શ્રી શંકર પ્રાસાદિક સોમવંશીય હિતચિંતક 'મિત્ર સમાજ' સંસ્થાની સ્થાપના કરી. વાંચનાલય શરૂ કર્યુ. વળી જુલાઈ, ૧૯૦૮ **'સોમવંશીય મિત્ર'** નામનું (માસિક) સામયિક પણ શરૂ કર્યુ. પરંતુ સામયિક દ્વારા દેવદાસી-મુરલી જેવી પતિતાના ઉદ્ધારના કાર્યની ઝુંબેશ કરી અને દેવદાસીનાં લગ્નો કરાવ્યાં. તેમને મુક્તિ અપાવી. પરંતુ રુઢિવાદી-અંધશ્રદ્ધાળું 'અસ્પૃશ્યો'એ જ તેનો વિરોધ કર્યો. પરિણામે **'સોમવંશી મિત્ર'** સામયિક ચાલી

શક્યું નહિ. પોતાના અસ્પૃશ્ય સમાજ માટે સામયિક શરૂ કરનાર તેઓ 'પ્રથમ પુરૂષ' નું સન્માન મેળવે છે. કાંબળેના કાર્યથી પ્રભાવીત થઈ મહારાજા સયાજીરાવ ગાયકવાડે તેમને વડોદરા આમંત્રિત કર્યા અને ૧૩ સપ્ટેમ્બ, ૧૯૦૮ના રોજ સન્માન કર્યું. તેમણે **'મહારોની મિલિટરી બંધી'**ની સમસ્યા વિષે સશક્ત અભિયાન શરૂ કર્યુ.અસંખ્ય સહીઓ એકઠી કરી છેક વિલાયત બ્રિટિશ રાજવીને મેમોરેન્ડમ મોકલ્યું. નકલ પાર્લામેન્ટને પહોંચાડી. ભારતમાં વાઈસરૉય, ગવર્નર અને કલેકટર સુધીનાને જોતર્યા.૩૦-૩૧, મે, ૧, જુન, ૧૯૨૦ ભારતીય બહિષ્કૃત પરિષદ નાગપુર મુકામે મળી તેમાં કાંબળેનો નોંધપાત્ર ફાળો હતો. આ પરિષદના અધ્યક્ષ શાહુ મહારાજ હતા. અહીં કાંબળે ડૉ.આંબેડકરના સંપર્કમાં આવ્યા હતા. ૪-૨-૧૯૩૩ના દિવસે ડૉ.આંબેડકર-ગાંધીજીની મુલાકાત યરવડા જેલમાં (પૂના) થઈ હતી. તેમાં ડૉ.આંબેડકરના સાથીદારોમાં કાંબળે પણ સાથે હતા.

૧૯૨૯માં પૂનાના પર્વતી મંદિર સત્યાગ્રહ સમિતિના તેઓ પ્રેરણામૂર્તિ હતા. જે સત્યાગ્રહને ડૉ. ડૉ.પી.જી. સોલંકી અને ડૉ.આંબેડકરનું સમર્થન સાંપડયું હતું. કાંબળે અધ્યક્ષ અને પાડુંરંગ નં. રાજભોજ સેક્રેટરી હતા. તેઓ ડૉ.બાબાસાહેબ આંબેડકરના સ્વતંત્ર મજૂર પક્ષમાં પણ સક્રિય આગેવાન હતા. ૧૯૩૭ની ચુંટણીમાં તેમના પુત્ર અંબારામને ધારાસભાની ટિકિટ આપવાના આગ્રહ હતો. ડૉ.આંબેડકરે અસ્વીકાર કરતાં તેઓ તેમનાથી અલગ થયા. પરંતુ સ્વતંત્ર રીતે વધુ કાર્યવાહી કરી શક્યા નહિ. છેવટે કોંગ્રેસમાં ગયા. આવા ત્યાગી કર્તવ્યનિષ્ઠ નેતાનું ૧૧, જાન્યુઆરી,૧૯૪૧ના દિવસે પૂનામાં અવસાન થયુ.

## ૩:૧:૩ ગોપાળબાબા વલંગકર (.......... થી ૧૯૦૦)

મહાત્મા જયોતિરાવ ફૂલેથી પ્રેરણા અને માર્ગદર્શન મેળવી કોંકણપટ્ટીમાં જાગૃતિની જયોતિ જગાવનાર ગોપાળબાબા વલંગકર મહારાષ્ટ્રમાં સર્વ પ્રથમ અસ્પૃશ્યોદ્ધારનું કાર્ય કરનાર કર્મશીલ હતા. ૧૮૮૬માં લશ્કરમાંથી નિવૃત થયા પછી તેમણે દાપોલીમાં સ્થાયી થઈ સમાજ સેવાની પ્રવૃતિનો પ્રારંભ કર્યો. તેમણે હિન્દુધર્મના ધર્મ ધુરંધરોને પડકાર કરતી પુસ્તિકા **'વિટાળ વિદંવંશક'** પ્રસિધ્ધ કરી. (૧-૮-૧૮૮૯) છવ્વીસ સવાલો પુછયાં. જેનો આ ધર્મધુરંધરો પાસે કોઈ ઉત્તર ન હતો.

૧૮૯૦માં તેમણે **'અનાર્યદોષ પરિહારિક મંડળી'** નામક સંસ્થાની સ્થાપના કરી તેઓ જ તેના અધ્યક્ષ હતા. દલિતોને સંગઠિત કરવાનો સમગ્ર ભારતમાં કદાચ આ પ્રથમ પ્રયત્ન હતો.

**'મહારોની મિલિટરી બંધી'** સામે પણ તેમણે ઝુંબેશ ઉપાડી હતી. ન્યાયમૂર્તિ રાનડેની સહાયથી આવેદનપત્ર તૈયાર કરી સરકારમાં સુપ્રત કર્યું હતું. વળી તેમણે કોંગ્રેસ પક્ષને પણ છોડયો નથી. કોંગ્રેસને નિશાન બનાવી ૧૮૯૭માં તેમણે એક પ્રશ્નાવલી તૈયાર કરી કોંગ્રેસ પક્ષના પદાધિકારીઓને સોંપી. આ ગોપાળબાબાએ જયોતિરાવ ફૂલેના 'દીનબંધુ', 'ઈન્દુ પ્રકાશ','સુબોધ પત્રિકા' ઇત્યાદિ સાપ્તાહિકોમાં લેખ-કાવ્યો લખી દલિતોની વેદનાનને વાચા આપવાનું 'પત્રકાર' તરીકેનુ કાર્ય કર્યું હતું. સરકારે તેમની સેવાની કદર કરી મહાડ તાલુકા લોકલ બોર્ડના સભ્ય તરીકે તેમની નિમણૂંક કરી હતી. સમગ્ર ભારતમાં આ પ્રથમ ઘટના હતી. સવર્ણોએ લોકલ બોર્ડની સભાનો બહિષ્કાર કર્યો. મુસ્લિમ સભ્યો પણ તેમાં જોડાયા. પરંતુ કલેકટરે મચક ન આપી. બીજી તારીખે સભા બોલાવી નિયમ મુજબ 'નોનકોરમ' સભામાં બધા ઠરાવો પસાર કર્યા. સવર્ણ-મુસ્લિમ સભ્યો વીલે મોઢે જોઈ રહ્યા! આવા આદ્ય અસ્પૃશ્યોદ્ધારક ગોપાળબાબા વલંગકરનું ઈ.સ.૧૯૦૦માં અવસાન થયું. તેમની જન્મતિથિ ઉપલબ્ધ નથી.

આવા જ એક બ્રાહ્મણ સમાજ સુધારક પ્રાધ્યાપક શ્રીપાલ મહાદેવ માટે ભરજુવાનીમાં અસ્પૃશ્યોદ્ધારના કાર્યને સમર્પિત થયા. અસ્પૃશ્ય વસ્તીમાં જઈ વીસ વર્ષ સુધી સક્રિય રીતે કાર્ય કર્યું. અંત્યજ સમાજમાં જાગૃતિ આણવાના અંત્યજના સમગ્ર મહારાષ્ટ્રનો પ્રવાસ કર્યો. પ્રવચનો કર્યા. લોકો તેમને 'માટે મહાર' કહેતા હતા.

તેઓ પોતે સિદ્ધાંતનિષ્ટ હોવાથી ઘણા બધાની સાથે તેમને મતભેદ થયા. મહાત્મા ગાંધીજી જોડે પણ મતભેદ થતાં તેમના દ્વારા આપવામાં આવી રહેલા હરિજન સેવક સંઘના મંત્રીપદનો અસ્વીકાર કર્યો પરિણામે તેઓ કોઈના ના થયા અને કોઈએ તેમને 'પોતીકા' ન ગણ્યા ! જે સમાજની જિંદગીભર સેવા કરી તે સમાજે જ તેમને રદ્દીની ટોકરીમાં ફેંકી દીધા. સમાજ સેવાનું કાર્ય કેટલું વિકટ છે !

દક્ષિણમાં કેરલમાં નારાયણ સ્વામી ગુરુનું(૧૮૫૬-૧૯૨૮) કાર્ય પણ નોંધપાત્ર છે. "એક જાતિ,

એક ધર્મ અને એક ઈશ્વર"ના સૂત્ર સાથે સમાજ સેવાને સમર્પિત અદ્વૈતવાદી નારાયણ ગુરૂએ કેરલની અસ્પૃશ્ય 'એઝવા' જાતિનો મહત્તમ વિકાસ કર્યો હતો. જેને પરિણામે આગળ જતાં વાયકોમ સત્યાગ્રહ તથા રામસ્વામી પેરિયાર નાયકર (૧૮૭૯-૧૯૭૩)ની **'દ્રાવિડ કળધમ'** ચળવળ ચાલી. વળી છત્રપતિ શાહુ મહારાજની પ્રવૃતિ તો ખરી જ.

આમ આવા અસંખ્ય અસ્પૃશ્યોધ્ધારકના ભગીરથ પુરુષાર્થને પરિણામે ડૉ.આંબેડકરના અવતરણની આગોતરી પૂર્વભૂમિકા પરિપૃષ્ઠ થઈ ચુકી હતી. આમ તો સૈકાઓથી-પરંતુ ઓગણીસમી સદીના અંતથી અત્યંજો પોતાના તારણહારના અવતરણાની આતુરતાથી પ્રતીક્ષા કરી રહ્યા હતા જ. અંતે અવતરણ થયું... અંત્યજોને ત્યાં સોનાનો સૂરજ ઉગ્યો !!

**તમારી પ્રગતિ ચકાસો-૨**

**નીચેની ખાલી જગ્યામાં તમારા જવાબો લખો.**

(૧) મહર્ષિ દયાનંદ અને આર્યસમાજની અસ્પૃશ્યોદ્ધારની પ્રવૃતિની વિગતો આપો.

______________________________

______________________________

______________________________

(૨) 'જ્યોતિરાવ ફુલે'ની અતિશૂદ્રો માટેની કામગીરી વર્ણવો.

______________________________

______________________________

______________________________

(૩) મહારાજા સયાજીરાવની અંત્યજોદ્ધારની પ્રવૃતિની માહિતી આપો.

______________________________

______________________________

______________________________

(૪) મહર્ષિ વિઠ્ઠલ રામજી શિંદે અને શિવરામ જાનબા કાંબળેની દલિતોદ્ધારની કામગીરીને અહેવાલ આપો.

______________________________

______________________________

______________________________

<u>ઉપયોગી ગ્રંથ</u>

(૧) ડૉ.પી.જી.જ્યોતિકર : ગુજરાતની આંબેડકરી ચળવળનો ઈતિહાસ (૧૯૨૦-૧૯૭૦)

(૨) હ.ના.નવલકર : શિવરામ જાનબા કાંબળે (મરાઠી)

(૩) मुरलीधर जगताप : युगपुरुष महात्मा फुले

(૪) आद्य अस्पृश्योद्धारक गोपालबाबा वलंगकर : प्रा.सी.अेच. निकुंभ-सुगावा प्रकाशन पुणे

(૫) भिक्षु सदानंद महास्थिवरः बुद्धगया मुक्ति ? (हिन्दी)

(૬) दत्तोपंत ठेंगडी : डॉ. आंबेडकर और सामाजिक क्रांति की यात्रा

# એકમ : ૨ જન્મ અને શિક્ષણ


૨.૦ ઉદ્દેશ

૨.૧ 'મહાર' જ્ઞાતિની ઐતિહાસિક જાણકારી અને પરિવારની પરિસ્થિતિ

૨.૧.૧ પિતાજી સૈનિક તરીકે

૨.૧.૨ માતા-પિતાના ધાર્મિક સંસ્કાર

૨.૧.૩ શિક્ષણનો પ્રારંભ

૨.૧.૪ બ્રાહ્મણ શિક્ષક દ્વારા 'આંબેડકર' અટક

૨.૨.૨ અસ્પૃશ્યતાના કડવા અનુભવો - ગોરેગાંવની ઘટના

૨.૨.૩ શિક્ષક જોષીની ઘટના - શિક્ષણમાં પ્રગતિ

૨.૨.૪ આંબેડકરનો પુસ્તક પ્રેમ

૨.૨.૫ મહારાજા સયાજીરાવની શિષ્યવૃત્તિ - કોલેજ શિક્ષણ

૨.૨.૬ વડોદરામાં નોકરી - પિતાનું અવસાન

૨.૨.૭ વિદ્યા અર્જન માટે વિદેશની વાટે

૨.૨.૮ અમેરિકાની યુનિવર્સિટીની પદવીઓ પ્રાપ્ત કરી


## ૨.૦ ઉદ્દેશો

આ એકમના ઉદ્દેશ આ પ્રમાણે રહેશે.

- **મહારાષ્ટ્રની મહાર જાતિ વિષેની ઐતિહાસિક જાણકારી**
- **ડૉ. આંબેડકરના પરિવારનો પરિચય તેમજ પરિસ્થિતિ**
- **આંબેડકરનું પ્રાથમિક શિક્ષણ અને વિટંબણા પિતાનું આજીવકાર્થે સતારા સ્થળાંતર તથા માધ્યમિક શિક્ષણ અંતે મુંબઈમાં સ્થાપી વસવાટ.**
- **મુંબઈમાં ઉચ્ચ શિક્ષણની સંપ્રાપ્તિ વગેરેની જાણકારી મેળવવાનો રહેશે.**

## ૨.૧ 'મહાર' જાતિ વિષેની ઐતિહાસિક જાણકારી

૧ મહારાષ્ટ્રમાં 'મહાર' નામની એક ખમીરવંતી જાતિ છે. એક સમયે આ 'મહાર'શાસનકર્તા જાતિ હતી. તેવો એક ઐતિહાસિક મત છે. પંડિત રાજારામ શાસ્ત્રીના મતે 'મહાર' ઉપરથી 'મહારોનું રાષ્ટ્ર તે મહારાષ્ટ્ર'... કહેવાયું હતું. તે ઉપરથી કહેવત થઈ. જ્યાં જ્યાં ગામ. ત્યાં ત્યાં મહારવાડો. મહારની કાઠી 'માંગ'ની દોરી અને 'ચમારો'નો નખલો જાણીતો છે મહારોને કણબીઓએ કચડ્યા, કણબીઓ ઉપર મરાઠાઓએ સત્તા સ્થાપી અને 'મરાઠા'ઓને હઠાવી પેશવા - બ્રાહ્મણોની સત્તા આવી હતી. આ ઐતિહાસિક પ્રક્રિયા ચાલતી રહી જેમાં 'મહારો' કાળની થપ્પડો ખાતા છેવટે પદ દલિતોની પંક્તિમાં આવી ગયાં. આર્થિક, સામાજિક, રાજકીય અને ધાર્મિક રીતે પતનની ઊંડા ગર્તામાં ધકેલાઈ ગયા. પેશવાઈ બ્રાહ્મણી શાસનમાં મહારોને માથે ચીંથરું, કોટે કોડિયું, પુંઠે સાવરણો આવ્યો !! મહારો અતિશુદ્ધ ભૂમિપુત્ર-ભુઈયાં તરીકે ઓળખાવવા લાગ્યા. હાથમાં નાગર-ખભે લાકડી

લઈ આખું આયખુ સવર્ણોની સેવામાં વીતાવવું પડતું હતું. વળી સમય આવ્યે હાથમાં ચમકતી સમશેર સાથે સમરાંગણમાં સંઘર્ષ કરતાં કરતાં શહીદ પણ થતા હતા. પરંતુ બદલામાં મળતું 'બલૂત !!' વતનદારી વેઠ !! આમ પશુથી બદતર જીવન જીવતા મહારોની ઈતિહાસ ગાથા મર્મવેધક, રોમાંચકારી સ્ફૂર્તિદાય છે. તેટલી જ હૃદયદ્રાવક પણ છે. ત્રેપન જેટલી પેટાજ્ઞાતિઓમાં વહેંચાયેલા મહારો મહારાષ્ટ્રની અન્ય અસ્પૃશ્ય જાતિઓની સરખામણીમાં ઘણા જ જાગૃત બુદ્ધિમાન અને લડાયક પણ છે. પરિણામે પોતાની પરિસ્થિતિમાં પરિવર્તન આણવા સતત પ્રયત્નશીલ રહ્યા અને સમય જતાં સફળ પણ થયા હતા. આવો આપણે તેમના ઈતિહાસની થોડી વિગતો જાણીએ.

મર્દ મહારો **'બલૂત'**ની બલાથી મુક્તિ મેળવવા મુસ્લિમ સૈન્યમાં જોડાયા. છત્રપતિ શિવાજી સાથે પણ રહ્યા. છત્રપતિ શિવાજીને સહીસલામત રાખવા કેટલીય કુરબાનીઓ આપી. અફઝલખાનના આક્રમણ ટાળે શિવાજીનો બચાવ કરનાર બહાદુર મહાર જીવાજી મોખરે હતો. એટલે તો મહારાષ્ટ્રમાં કહેવત છે કે "હોતા જીવ મહણૂન વાચલા શિવા" (હતા જીવાજી તો બચ્યા શિવાજી!!) બાલાજી નિંબાળકરના સુપુત્ર સાથે પરણાવેલી શિવાજીની સુપુત્રી સખુબાઈ ઉપર સંકટ આવ્યું ત્યારે વાલ્કેમાં મહારોની અટક 'ભોંસલે' થઈ હતી. કેટલીય પદવીઓ ખતે શ્લાદય વિશિષ્ટ અધિકારો પ્રાપ્ર કર્યા હતા. પરંતુ પેશવાઓના શાસનમાં તેમને કોટે કોડિયું, માથે ફાળિયું અને પુઠે સાવરણો જ પકડાયો ! વળી ઉપરથી અમાનુષી બંધનો તો ખરાં જ.

ભારતમાં ઈંગ્લેંડની ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસનની શરૂઆત થઈ. લડાયક મહારો કંપનીના લશ્કરમાં જોડાયા. ૧૮૧૮માં બાજીરાવ બીજા સામેના યુદ્ધમાં મહારો કંપની તરફથી વીરતા અને વફાદારીપૂર્વક લઢ્યા. પ્રેશ્વા બાજીરાવ બીજાને પરાજિત કરવા પ્રમુખ ભૂમિકા ભજવી હતી. ૧૦ મે, ૧૯૮૧ના દિવસે પૂનાના શનિવારવાડામાં અંગ્રેજ ધ્વજ લહેરાયો. પરાજિત બાજીરાવ બીજાને આઠ લાખનું પેન્શન પ્રાપ્ત થયું. મૃત્યુ પર્યંત ૧૮૫૧ સુધી મજા કરી અને દત્તક પુત્ર નાના સાહેબને મબલખ મિલકત મળે તેવું વીલ પણ લખતા ગયા. વળી કંપનીને સહાય કરનાર હિન્દુ સરદારોને જાગીરો મળી. રઘુનાથ (તાત્યાટોપે) પંતને સરદારી સાંપડી જ્યારે મહારોને માત્ર કોરેગાંવનો પથ્થરનો વિજયસ્તંભ સાંપડ્યો !!

૧૮૫૭ના સ્વાતંત્ર્ય - સંગ્રામના પ્રથમ શહીદ મંગલ પાંડેના પાણીના લોટાને અસ્પૃશ્ય અડકતાં તેનો ધર્મ ભ્રષ્ટ થઈ જતો લાગ્યો !! કોપાયમાન બ્રહ્મદેવને સાફ સુણાવી દેનાર 'શુદ્ર' કારતૂસનું સ્ફોટક રહસ્ય ખૂલ્લું કરનાર કલકત્તાના કારતૂસના કારખાનામાં કામ કરનાર 'મહાર' હતો. તેણે કહ્યું "કે જે કારતૂસની કોથળીને તમો મોઢેથી તોડો છો તેના ઉપર ગાયમાતાનું પવિત્ર રક્ત અને ડુક્કરની ચરબી લગાડવામાં આવે છે ત્યાં તમારો ધર્મ અભડાતો નથી ?" આમ, ૧૮૫૭ના સંગ્રામનાં મંડાણ પણ મહારનાં (માતાદીન)નાં મહેણાંથી થયાં હતાં. ચિનગારી 'ચાંડાલ' દ્વારાજ ચંપાઈ હતી. વળી, ૧૮૫૭ના વિદ્રોહ વખતે દિલ્હી શહેરને વિદ્રોહીના કબજામાંથી મુક્ત કરવાનો યશ મર્દ મહાર સૈનિકોને ફાળે જાય છે. વીર મહારોનાં નામ દિલ્હીના ચારે બાજુના દરવાજાઓ પર અંકિત કરવામાં આવ્યાં. એમાંના મોટી સંખ્યાનાં નામો "કાશ્મીરી ગેટ"ના લેખમાં હતાં. "અફઘાન-અંગ્રેજ વિગ્રહ"નાં અવસરોએ પણ મહારોની કુરબાની કામમાં આવી હતી. જે મુંબઈના મેજર સીડને જેમ્સ વોડની રોડના ૧૮૮૦ના શિલાલેખમાં આજે પણ વાંચી શકાય છે. અંગ્રેજોએ જેમનો ઉપયોગ મુસ્લિમ કે હિન્દુ રાજ્યોના નાશ માટે કર્યો પરંતુ આથી વિશેષ કશું આપી શક્યા જ નથી. આમ, કોરેગાંવથી કંદહાર-કાબૂલ સુધી માહોરોની વીરગાથા ગવાઈ હતી. અબલત્ત શમશેર બહાદુર, ખાન બહાદુર સેનાનાયકના ખિતાબો અપાયા હતા. એટલું જ...

૧૮૫૮ના રાણી વિક્ટોરિયાના જાહેરનામામાં કહેવામાં આવ્યું કે, "હવે પછી અમે અમારા પ્રજાજનો પૈકીના કોઈ પણ પ્રજાજન કે શિક્ષણ, કર્તવ્ય અને કાર્યક્ષમતામાં" યોગ્ય હશે તેને જાતિ, ધર્મ, કે પંથનો કોઈ પણ વિચાર કર્યા સિવાય નિષ્પક્ષપાતપણે, નિ:સંકોચપણે રાજ્યની સેવામાં કોઈ પણ પદ પર ભરતી કરીશું. આ લેખની શાહી પણ સુકાઈ નહોતી ત્યાં તો અંગ્રેજોએ મહારો માટે શિક્ષણના દરવાજા બંધ કરતા ફતવા બહાર પાડ્યા હતા. વળી તેમણે એવું બહાનું કાઢ્યું કે, અસ્પૃશ્ય લોકોને શિક્ષણ આપી સરકારી નોકીરમાં, લશ્કરમાં ઊંચા હોદ્દા ઉપર મૂકવાથી સવર્ણ હિન્દુઓ નારાજ થાય છે અને સવર્ણોની નારાજગી અંગ્રેજ સરકારને પોષાય નહિ. ૧૮૫૭ની પુનરાવૃત્તિ ન થાય તે માટે પણ આ બાબતે ધ્યાન રાખવું. આ જ કારણોસર આગળ જતાં હિન્દુસ્તાનના સરસેનાપતિ લોર્ડ કિંચનરે ૧૮૯૨માં અસ્પૃશ્યોની લશ્કરમાં ભરતી પણ બંધ કરી દીધી હતી. અફઘાન વિગ્રહ સમયની વીરતા પણ વીસરી ગયા. નગુણી

અંગ્રેજી સરકાર તરફથી વફાદાર મહારોને આ સરપાવ સાંપડ્યો હતો. શાશન ગમે તેનું હોય પરંતુ અસ્પૃશ્યો અસ્પૃશ્ય જ રહે છે. સંત તુલસીદાસે ઠીક કહ્યું છું,

"कोई नृप होई हमैं का हानि चेरीछांडि न होऊब रानी"

("ગમે તે રાજા થાય. પરંતુ 'દાસી' તો દાસી જ રહેશે.")

ઈતિહાસના પાને પાને મહારોનાં પરાક્રમો પડ્યાં છે. આવો ગૌરવયુક્ત ઈતિહાસ ધરાવનાર મહારોની પેટાજ્ઞાતિ સોમ-સોમવંશી મહારોમાં માલોજીરાવ સંકપાલ નામના સમર્થ મહાર આગેવાન હતા. વડવાઓ રત્નાગીરી જિલ્લા (કોંકણ)ના (મંડણગઢ) તાલુકામાં નાનકડા આંબાવડે આંબડિયે ગામના વતનદાર હતા. મુંબઈ-ગોવા ધોરી માર્ગ ઉપર પનવેલના રસ્તે, ૬૫ કિ.મી. દૂર અંતરિયાળ કાચા માર્ગે, અરબી સમુદ્રના પશ્ચિમ કિનારાની પટ્ટીથી આશરે આઠેક કિ.મી.ના અંતે ડુંગરોની ધાર ઉપર આવેલ ગામના છેવાડેના "મહારવાડામાં" માં માલોજીરાવના વડવાઓ આઠ આનાની "વતન"માં વતનદારીની વેઠ કરી જીવન વેંઢારતાં ગળે આવી ગયા હતા. આથી તેઓએ લશ્કરી વ્યવસાય સ્વીકાર્યો અને છેલ્લે ઈસ્ટઈન્ડિયા કંપનીના લશ્કરમાં પણ સેવાઓ આપવા લાગ્યા હતા. કંપની સૈન્યમાં માલોજીરાવ સકપાલ હવાલાદારના હોદ્દા પરથી નિવૃત્ત થયા ત્યારે સંતાનોમાં તેમને ત્રણ દીકરા અને એક દીકરી હતાં. દીકરી મીરાંબાઈ જન્મથી જ અપંગ હતી. તેના અનુજ તે રામજી ૧૮૪૮માં જન્મ્યા હતા. માલોજીરાવ સકપાલના ત્રણેય દીકરા લશ્કરમાં હોવાથી પૂના, ગ્વાલિયર, સતારા, વડોદરા અને મહૂની છાવણીઓમાં માલોજીરાવને રહેવું પડતું હતું. મોભી દીકરાને લશ્કર રાશ ન આવ્યું. તેણે સૈન્ય-સંસાર બંને છોડી સંન્યાસ ગ્રહણ કર્યો અને ભારતદર્શને ગયો તે ગયો જ. મોટે ભાગે તેઓ રામજીને ત્યાં રહેવાનું પસંદ કરતા હતા.

## ૨.૨.૧ પિતા સૈનિક તરીકે

રામજી ૧૦૬ સંપર્સ ઍન્ડ માયનર્સ પલટણમાં હતા. આ જ પલટણનાં મુરબાડકર પરિવારના સૂબેદાર મેજર લક્ષ્મણરાવની ધર્મપરાયણ સુકન્યા ભીમાબાઈ સાથે ઓગણીસ વર્ષના રામજીનાં ૧૮૬૭માં લગ્ન લેવાયાં હતાં. લગ્ન સમયે ભીમાબાઈની ઉંમર ૧૩ વર્ષની હતી રામજીનો શ્વસુર પક્ષ આર્થિક રીતે ઘણો જ સદ્ધર હતો. ભીમાબાઈના પગમાં સોનાની પાયલ તે સમયે રહેતી. સારા પ્રસંગે ચાંદીનાં વાસણોમાં જમતા. રજવાડી ઠાઠથી રહેતા હતા અને બ્રાહ્મણોને પણ શરમાવે તેવા ધાર્મિક સંસ્કારો ઘરમાં પાળતા હતા. માલોજીરાવ રામાનંદ પંથના એકનિષ્ઠ અનુયાયી હોવાથી રામજીમાં પણ બાળપણથી ધર્મના-સદચરિત્રના સંસ્કાર આવ્યા હતા. સ્વભાવે ધીરગંભીર, પ્રેમાળ અને વિનોદી હતા. તેમજ જ્યોતિષ તથા સામુદ્રિક શાસ્ત્રના અભ્યાસી પણ હતા. કંપનીની શાળામાં નોર્મલ (મેટ્રીક સમકક્ષ) પરીક્ષા પાસ કરી હતી. અંગ્રેજી ભાષા પર સુંદર પ્રભુત્વ પણ હતું. નિશાનબાજીમાં નિષ્ણાત હતા. ઉદ્યમી અને ઈમાનદાર હોવાથી લશ્કરી અધિકારીઓના પ્રીતિપાત્ર બન્યા હતા. પરિણામે ૧૮૯૬માં તેમને સૂબેદાર સુધીની બઢતી પણ મળી હતી. ૧૦૬ પલટણ બંધ થતાં તેમની બદલી ૧૦૭ પાયોનિયર્સ પલટણમાં કરવામાં આવી હતી. કંપની સરકારના સૈનિકોને શિક્ષણ ફરજિયાત હોવાથી લશ્કરમાં રહેલાં મહાર પરિવારોને શિક્ષણનો પૂરેપૂરો લાભ મળતો હતો. શિક્ષણથી તેમને નૂતન દૃષ્ટિ પ્રાપ્ત થતી હતી. જ્ઞાન ક્ષિતિજો વિસ્તૃત થતી હતી. સતત પ્રવાસ તથા અન્ય લોકો સાથેના સહવાસથી તેમનામાં સ્વાભિમાનનાં અંકુરો પણ ફૂટ્યા હતાં.

## ૨.૧.૨. માતા-પિતાના ધાર્મિક સંસ્કારો

સૂબેદાર રામજી સમાજમાં સન્માનનીય વ્યક્તિ હતા. ધાર્મિક વાદવિવાદમાં પણ આગળ હતા. સમાજના લોકોએ તેમને "ચતુર સૂબેદાર"નું બિરુદ આપ્યું હતું. અભ્યાસી, નિર્વ્યસની, તત્ત્વજ્ઞાની રામજીને હવે રામાનંદ પંથ કરતાં કબીર સંપ્રદાય પ્રત્યે સ્નેહ વધતો હતો. આખરે ૧૮૯૬માં સતારામાં સૂબેદારે રામાનંદ પંથને રામ રામ કરી કબીર સંપ્રદાયનું શરણું સ્વીકાર્યું હતું. પત્ની ભીમાભાઈ તો પહેલેથી પિતૃ પક્ષે તો કબીરપંથી હતાં જ.

પૂના, ગ્વાલિયર, વડોદરા, રાવલપિંડી, સતારાની છાવણીઓમાં મુકામ કરતાં કરતાં છેલ્લે તેમણે મધ્યપ્રદેશ મહૂની છાવણીમાં મુકામ કર્યો હતો. ચોવીસ વર્ષના લગ્નજીવનમાં રામજી તથા ભીમાબાઈને

તેર સંતાનો થયાં જેમાંનાં સાતેક જન્મની સાથે જ અને કેટલાંક એકાદ વર્ષનું આયખું ભોગવી મરણ પામ્યાં હતાં. બાકીનાં છ સંતાનો અનુક્રમે બાળરામ, ગંગા, રમાબાઈ આનંદરાવ, મંજુલા, તુળસી, ત્રણ દીકરા - ત્રણ દીકરીઓ હતાં. રમા પણ નાની ઉંમરે મરણ પામી હતી. મોટો પરિવાર અને ટૂંકો પગાર હતો. રામજી સામાજિક સેવાના રંગે રંગાયેલા હતા. અવારનવાર પલટણના લોકોનું સ્નેહમિલન તેમજ જ્ઞાતિપંચની બેઠકો પોતાના ઘેર રાખતા હતા. ભક્તિના રંગે રંગાયેલા સદાચારી સંકપાલ રામજીને આંગણે અભ્યાગત, સંતો, ભક્તોની ભીડ તો ખરી જ. પોતાના ગજા પ્રમાણે અભ્યાગતોનું સ્વાગત કર્તવ્ય ભીમાબાઈ અને રામજી હોંશે હોંશે બજાવતાં હતાં. આમ, ટૂંકી આવક અને ઘસારાવાળું ઘર આર્થિક રીતે નબળું હોય તે સ્વાભાવિક છે. રામજીને પોતાની આર્થિક સ્થિતિ માટે કોઈ અફસોસ પણ નહોતો. તેઓ નિજાનંદમાં મસ્ત રહેતા હતા. પરંતુ રામજી એક એવા સંતાનની કામના કરતાં જે તેમનું કુળ ઉજાળે, સમાજ સુધારે અને ઘડપણ પાર પાડે. આખરે રામજી સંકપાલની પ્રબળ પુત્રેષણા પાર પડી.

મહૂ (મધ્યપ્રદેશ)ની લશ્કરી છાવણીમાં ૧૪ એપ્રિલ, ૧૮૯૧ના મંગળવારની મધ્યરાત્રિએ રત્નાગીરીમાં આ રાંક રામજીની ઝુંપડીએ એક રત્ન પાક્યું તે આપણા **ચરિત્ર-નાયક ભીમરાવ આંબેડકર.** ભીમાભાઈની કૂખે કુંવર જન્મ્યા. દલિતોના દેશમાં સોનાનો સૂરજ ઊગ્યો. રામજીનું આ ચૌદમું સંતાન હતું. જેને લાડમાં ભીમાને બદલે 'ભીમો' કહેતાં.

માંડ માંડ ગૃહસ્થી વેંઢારતા ગૃહસ્થના ઘરે ચૌદમું સંતાન આવે તેનું કોઈ વિશેષ મહત્ત્વ ન હોય તે સ્વાભાવિક છે. વળી મૂળ નક્ષત્રમા જન્મ્યો હોવાથી મૂળે બેઠો એવું બન્યું. પિતાની નોકરી છૂટી ગઈ. માતાનું મૃત્યુ થયું... મા ને ભરખી ગયો... અભાગિયો કહેવાયો !!

૧૮૫૭ પૂર્વે બંગાળ અને ગંગાના મેદાનના બ્રાહ્મણ, કાયસ્થ ક્ષત્રિય, આહીર ઈત્યાદિ લોકોનું લશ્કરમાં વર્ચસ્વ હતું. વળી, અન્ય જુદી જુદી જાતિના લોકો પણ લશ્કરમાં ભરતી કરવામાં આવતા. હલકી વર્ણનો સૈનિક અધિકારી બને તો ઉચ્ચ વર્ણના અધિકારીને "સેલ્યુટ" કરવું પડતું હતું. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામનું આ પણ એક કારણ હતું જ. વળી, જેનાથી ધર્મ ભ્રષ્ટ થાય તે 'ચરબી'નો બહુચર્ચિત પ્રશ્ન તો ખરો જ. આથી ભવિષ્યમાં ૧૮૫૭ના વિદ્રોહની પુનરોક્તિ ન થાય તેની સાવચેતી રૂપે ૧૮૯૨માં હિન્દુસ્તાનના સરસેનાપતિ લોર્ડ કિચનરે 'લડાયક જાતિ' અને 'બિનલડાયક જાતિ' એવા જાતિ આધારિત ભાગલા પાડી લશ્કરની પુનર્રચના કરી. વળી ગેટેકર કમિશને પણ તે વાજબી હોવાની મહોર મારી. હવે માત્ર શીખ, પંજાબી, ગુરખા, જાટ, રાજપૂત, મરાઠા ઈત્યાદિ બેટેલિયન બની. પરિણામે મહાર માંગ ચાંભાર, ઈત્યાદિ અસ્પૃશ્ય જાતિ માટે મિલિટરી પ્રવેશની બંધી ફરમાવી. જેમણે ૨૫ વર્ષની નોકરી પૂરી કરી હોય તેને તુરંત પેન્શન પકડાવી દીધું. બાકીનાને ક્રમશઃ ત્વરિત રીતે છૂટા કરવાનું નક્કી થયું. કેટલાકને સૈનિકમાંથી કારકુન કર્યા તો કેટલાકને બેન્ડ માસ્તર બનાવ્યા હતા. યુદ્ધ વખતે, સમરાંગણમાં ઘાયલ સૈનિકોને ઝોળીમાં નાખી લાવવાનું કપરું વીરતાભર્યું કાર્ય મહાર સૈનિકો જાનના જોખમે કરતા હતા. જેને 'ધૂલી બેરર્સ' કહેવામાં આવતા. લશ્કરમાં 'ધૂલી બેરર્સ'નું કાર્ય ઘણું જ મહત્વનું ગણાતું પરંતુ મહાર-માંગ, મહેતરનોને માટે આ 'ધૂલી બેરર્સ'નું કાર્ય પણ બંધ કરાવામાં આવ્યું. વર્ષોથી બ્રીટીશ શાસનની સેવા કરી બદલામાં બેકારી મળી; અનેક મહાર મહેતરો, સૂબેદારો સરદારોએ શિષ્ટ મંડોળો મોકલી સરકારમાં જોરદાર રજૂઆતો કરી. પેઢીઓથી કંપની સરકારની વફાદારીપૂર્વક કરેલી સેવાઓની પ્રશંસા કરી પરંતુ સરકારના બહેરા કાને સંભળાયું નહીં જ. રામજી સૂબેદારે પોતે પણ આ મુશ્કેલી નિવારવા માટે આગેવાનીભર્યો ભાગ ભજવ્યો હતો. રજૂઆતો પણ કરી હતી. તેમની બાકીની બે વર્ષની નોકરી પૂરી થતાં ૨૫ વર્ષે તેમને પણ પેન્શન પ્રાપ્ત થયું.

આશરે ૧૮૯૪માં પચાસ રૂપિયાનું પેન્શન મેળવી અઢી વર્ષના ભીમરાવને લઈ રામજીએ રત્નાગીરી જિલ્લાના "દાપોલી"માં મુકામ નક્કી કર્યો. દાપોલી એક સમયે મિલિટરી કેમ્પ હતું. વળી રત્નાગીરી બાજુનાં નિવૃત્ત મહાર સૈનિકોના વિશાળ સમૂહ દાપોલીમાં રહેતો. તેમની એક આગવી 'પેન્શનર વસાહત' હતી. આમ, જો કે ભીમાબાઈની ઈચ્છા પોતાના પિયર મુરબાડમાં જવાની હતી. આ બાબતે પતિપત્ની વચ્ચે કેટલીક વાર ઘર્ષણ પણ થતું હતું. પચાસ રૂપિયાના પેન્શનમાં પરિવારનું પુરું થાય નહિ એટલે પોતાના ગોરા અમલદારોની સહાયથી સતારા પી.ડબલ્યુ.ડી.માં સ્ટોર કીપરની નોકરી શોધી કાઢી. પરિણામે ૧૮૯૬માં સઘળું કુટુંબ સતારા આવી ગયું અને ૧૮૯૬ના નવેમ્બરમાં કેમ્પ સ્કૂલમાં ભીમરાવને ભણવા બેસાડ્યા. ભણવામાં ભીમાનું મન નહોતું. રમવા તથા મારામારી માટે મન તડપતું હતું. તોફાની ભીમો શાળાના વિદ્યાર્થીઓમાં જાણીતો બન્યો હતો. આડોશ-પાડોશના રોજના કજિયા તો ખરા જ. જો કે પિતા રામજી લશ્કરી અફસર હોવાથી અને તેમનામાં કબીર સંપ્રદાયના સંસ્કારો હોવાથી

ભીમા અને બાળારાવને શાળામાં સુઘડ અને વ્યવસ્થિ મોકલતા હતા. વળી, પોતે તેના ઉછેરની પૂરી કાળજી રાખતા હતા. ધાર્મિક સંસ્કારોનું સિંચન કરતા હતા. પૂર્ણિમાના ઉપવાસ અચૂક કરવાનો પરિવારમાં રિવાજ હતો. પૂર્ણિમાનો ઉપવાસ પૂર્ણ કરી, પૂજાપાઠ કરી સર્વને પ્રસાદ વહેંચી ભીમરાવને પાસે બેસાડી તેનાં મસ્તક, ડોક અને વાંસા ઉપર પ્રેમાળ હાથ ફેરવી રામજી કહેતા, 'બેટા, તારે ઘણું ઘણું ભણવાનું છે. મોટા પંડિત થવાનું છે. અપાર કીર્તિ પ્રાપ્ત કરી આપણા કુળનું નામ ઉજાળવાનું છે. આગળ જતાં આંબેડકરમાં જે ધાર્મિક પિંડ બંધાયો તે તેમના પિતાના આવા સંસ્કારોનું પરિણામ હતું. ડો.આંબેડકરે કહ્યું હતું કે, :-

## ૨.૧.૪ આંબાવડે કરમાંથી આંબેડકર અટક

"અમારા પિતા શિક્ષક હતા. કંપની સ્કૂલમાં તેમણે ૧૪ વર્ષ હેડમાસ્તર તરીકે સેવા આપી હતી. પરિણામે તેમને શિક્ષણ પ્રત્યે અપાર આદર અને આસ્થા હતી. અમારા ઘરમાં સ્ત્રી-બાળકો સુદ્ધાં ઉત્તમ રીતે લખી વાંચી શકતાં.. કબીર સંપ્રદાયના શિષ્ય હોવાને કારણે, માંસ-મદિરાનું નામનિશાન નહોતું. નિર્વ્યસની જીવન એ અમારા પરિવારની પરંપરા હતી. વળી કબીરપંથના અનુયાયી હોવાને કારણે ભજન-અભંગ, સાખી તો મોંઢે રહેતા હતાં. કબીર પંથની પ્રથા પ્રમાણે દિવસમાં બે વખત 'બદંગી' થતી હતી. સવારે શૌચ-સ્નાન કર્યા સિવાય રસોડામાં પ્રવેશ કરી શકાતો નહોતો. રાત્રે મારી બંને બહેન અને મોટાભાઈ સહિત અમારે બધાંને દેવમૂર્તિ સમક્ષ બેસી ભજન-પ્રાર્થના કરવાનો કડક નિયમ પાળવો જ પડતો. મારી બહેનો સુમધુર કંઠે ભજનો ગાતી ત્યારે વાતાવરણ ભક્તિમય બની જતું હતું. "આંબેવડેકરમાંથી આંબેડકર" થવાની એક ઘટના બાબતે તેઓ કહે છે :

અમારી અટક અમારા ગામ ઉપરથી આંબાવાડેકર હતી. અમારા આંબેડકર કૃષ્ણાજી કેશવ આંબેડકર (૧૮૫૫-૧૯૩૪) નામના બ્રાહ્મણ શિક્ષક હતા. અમને વર્ગમાં ભણાવવાની બાબતમાં જરા મોળા હતા. વર્ગમાં અમારાથી બમણી વયના રહેમતુલ્લા નામના મુસ્લિમ વિદ્યાર્થીને વર્ગની જવાબદારી સોંપી, થોડું લખવાનું આપી પોતે શાળાની બાજુમાં આવેલી પિપરમીટ બીડી-તમાકુની દુકાનમાં નામું લખવાનું કામ કરતાં. જો કે શિક્ષણનું કાર્ય એવું વ્યવસ્થિત ગોઠવાતા કે વિદ્યાર્થીઓને પરીક્ષામાં તકલીફ પડે નહિ. વાર્ષિક નિરીક્ષણ સમયે એમની આવડતથી પણ તેમનો દેખાવ સારો રાખતા. આમ, ભણાવવાની બાબતોમાં મોળા હોવા છતાં મારા ઉપર તેમનો પુષ્કળ પ્રેમ રહેતો. રિસેસમાં શાળાથી દૂર અમારા ઘેર જઈએ તે તેમને ગમતું નહોતું. પરંતુ ભૂખ લાગે તો શું કરવું ? આ આંબેડકર સાહેબ મને તેમના ભાથામાંથી ભાખરી-ભાજી ભોજન માટે આપતા. જોકે તે અભડાઈ ન જાય તેની કાળજી રાખી દૂરથી આપતા હતા. પરંતુ પ્રેમથી આપેલાં તે ભાખરી-ભાજીની મીઠાશને હું જીવનભર ભૂલી શક્યો નથી. તેમની સ્મૃતિ મને ગદ્ગદ્ કરી નાંખે છે. એક દિવસ તેમણે મને કહ્યું કે, તારી આ લાંબીલચ 'આંબાવડેકર' અટક મને પસંદ નથી. જયારે મારી "આંબેડકર" અટક સરસ છે. તો તું મારી "આંબેડકર" અટક રાખ. તેમણે જાતે શાળાના રજીસ્ટરમાં મારી અટક "આંબેડકર" કરી દીધી. ત્યારથી "ભીમા રામજી આંબેડકર કહેવાયો !!" ડો.આંબેડકર જયારે ગોળમેજી પરિષદમાં વિલાયત ગયા. ત્યારે તેમણે અભિનંદન-પત્ર પણ પાઠવ્યો હતો, તે પત્રને ડો.આંબેડરે જીવનભર સાચવ્યો હતો ! એક મોઘેંરી સ્મૃતિ હતી, જો કે આવો એકાદ પ્રસંગ જ અપવાદરૂપ ખારા સાગરમાં મીઠી વીરડી સમાન હતો, બાકી તો... દઝાડતું રણ જ હતું.

## ૨.૨-૧ શિક્ષણની શરૂઆત :

શાળા જીવનમાં ભીમરાવ કજિયાખોર, મસ્તીખોર, ચાલાક અને હિંમતબાજ હતા. શાળા-શિસ્તના બંધનો તેમને કઠતા હતા. રમતગમત એ જ એક માત્ર શોખ હતો. ખો-ખો, ગેડી દડો, ગિલ્લી દંડા, ફૂટબોલ અને ક્રિકેટ એ જ એમનું સર્વસ્વ હતું. વળી ભીમાને રમતમાં હાર પણ ખપતી નહોતી. અંચી કરીને, કજિયો કરીને પણ જીત જ જોઈએ. રમતમાં રચ્યાપચ્યા રહેવાને લીધે ભણતરમાં પણ ભલીવાર આવતો નહોતો. રામજીને ઘેર નઘરોળ ભીમાના કજીયા કાયમનાં હોય જ. રામજીને ભીમાના ભવિષ્યની ભારે ચિંતા રહેતી હતી.

થોડા સમય પછી સુબેદાર રામજીની ગોરેગાંવ બદલી થઈ. આજુબાજુના ગામોમા દુકાળ પડ્યો હોવાથી સરકારે રાહત કાર્યો શરૂ કર્યા હતાં. રાહતકાર્યોના મજૂરોને પગાર કરવાના કેશિયર તરીકે તેઓ

ગોરેગાંવ ગયા. કુટુંબને સતારા રાખ્યું હતું. બીજી બાજુ ભીમાબાઈને માથાનો ભયંકર દુઃખાવો શરૂ થયો. જો કે આ રોગ પહેલેથી જ હોવાથી તેની ગંભીરતા સમજાઈ નહી. પરંતુ દિનપ્રતિદિન તેમની સ્થિતિ ગંભીર થતી ગઈ. ભયંકર તાવ આવવા માંડ્યો. સૂબેદારને સતારાથી બોલાવ્યા. ત્રણ-ચાર દિવસની માંદગી બાદ બધાંને વિલાપ કરતાં મૂકી ભીમાબાઈ મૃત્યુલોકની યાત્રાએ ગયાં. ભીમાબાઈના અકાળ અવસાનથી સમગ્ર પરિવાર ઉપર અને એમાંય સવિશેષ તો બાળકો ઉપર આભ તૂટી પડયું. માતાની વાત્સલ્યયુક્ત છત્રછાયા છીનવાઈ ગઈ. ઘણું ઘણું કલ્પાંત કર્યું. પણ કુદરત આગળ આપણું શું ચાલે ! બાળક "ભીમા" ઉપર તેની ભયંકર અસરો પડી હતી. વળી, ઘણાં તો એવું પણ કહેતાં દીકરો માતાને ખાઈ ગયો. બાળકોની સંભાળ તેમના અપંગ ફૂઈ કરતાં. બાળકોને અપાર સ્નેહ આપતા. મા મરણ પામી પિતા પેટિયું રળવા પરગામ (સતારા) રહેતા અપંગ ફૂઈ અને ચાર ભૂલકાં ભેગા મળી કાચુ કોરુ જાતે બનાવી ખાઈ લેતા. ગરીબીની ગુંગળામણ ઉપરથી દુકાળના ઓળા વધારામાં 'અસ્પૃશ્યતા'ના આકરા અનુભવો વર્ણવતાં ડો. આંબેડકર લખે છે.

## ૨:૨.૨ અસ્પૃશ્યતાના કડવા અનુભવ- ગોરેગાંવની ઘટના

એક વખત વેકેશનમાં અમારા પિતા સતારાથી આવી શક્યા નહિ. તેમણે અમને ગોરેગાંવ તેડાવ્યા. ભાડા ખર્ચના પૈસા મોકલ્યાં. અમારા આનંદનો પાર ન રહ્યો. જીવનમાં પ્રથમવાર આગગાડીમાં બેસવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું હતું. પિતાએ મોકલાવેલ નાણામાંથી નવા કપડા લીધાં. ચોખ્ખાચટ થઈ નવાં કપડા પહેરી આગગાડીમાં બેઠા. સાંજના પાંચેકના સુમારે ગોરેગાંવ પહોંચ્યા. પરંતુ નોકરની બેદરકારીને લીધે રેલ્વેસ્ટેશન ઉપર કોઈ આવ્યું નહિ. અમે ચાર નાનકડાં ભૂલકાં ભારે મૂંઝવણામાં મૂકાઈ ગયા. ભૂલકાંઓને એક ખૂણામાં ઉભેલા જોઈ સ્ટેશન માસ્તર અમારી પાસે આવ્યા. ટિકિટ માંગી.. ટિકિટ દેખાડો અને કયાં જવું છે ? તે પૂછયું ત્યારે અમે ગોરેગાંવ જવાની સઘળી વીગતો કહી. તેણે અમારા સ્વચ્છ કપડાં, સુઘડ વ્યવહારથી વાણી, વર્તનથી અમને સારા માની લીધા હશે. એટલે જ્ઞાતિ પુછી અટલે જેવું અમે 'મહાર' કીધું કે તેનો ચહેરો અને વ્યવહાર બદલાઈ ગયો. ત્યાંથી તુરંત સરકી પોતાની ઓફિસે ચાલ્યા ગયા હતા. અર્ધો કલાક થયો, કોઈ દેખાયું નહિ અને ધીરે ધીરે અમારો આનંદ પણ ઓસરવા માંડયો. તેની જગ્યાએ ભયંકર ઉચાટ ઉભો થયો.

થોડીવાર પછી સ્ટેશન માસ્તર આવ્યા. પહેલાં આવેલા સ્ટેશન માસ્તર અને હવે સ્ટેશન માસ્તરમાં આકાશ-પાતાળનું અંતર હતું.

તેમણે અમને પૂછયું કે, "શું વિચાર્યું છે ?" અમે કહ્યું કે, "એકાદ બળદગાડું મળી જાય તો તેમાં બેસી અમે જતા રહીશું." ત્યા ઘણાં ભાડૂતી બળદગાડાં ઉભા હતાં, પરંતુ અમે "મહાર" ના બાળકો છીએ તેવી સ્ટેશન માસ્તરને અમે કહેલી વિગતો વીજળી વેગે ત્યાં બધે જ પ્રસરી ગઈ હતી. આથી એક પણ ગાડાવાળો અમને ભાડેથી ગોરેગાંવ લઈ જવા તૈયાર નહોતા. કારણ કે અમને લઈ જવાથી તે તથા તેમનાં ગાડાં બળદ બધું જ અભડાઈ જતું હતું. અમારા માટે તેમને ધૃણા હતી.અમે બમણું ભાડું આપવા તૈયાર હતા. પરંતુ પૈસાથી આ કામ થાય તેમ નથી તે અમને પહેલીવાર સમજાયું. સ્ટેશન માસ્તરે વાટાઘાટો ચલાવી અને અંતે કોઈ ચમત્કારિક વિચાર આવ્યો હોય તે રીતે અમને કહ્યું કે તમારા માટે બમણા ભાડે બળદગાડું નક્કી કર્યું છે. પરંતુ તે ગાડું તમારે લોકોએ હાકવું પડશે અમારા ઉપર મોટી આફત હતી, શરત સ્વીકાર્યા સિવાય છૂટકો નહોતો. અમે કહ્યું "ભલે માસ્તર...ગાડું અમે હાંકીશું. આ રીતે તે તેમણે એક ગાડાવાળાને નક્કી કર્યો. સામાન મૂક્યો. અમારામાંના એક જણાએ રાશ પકડી અને ગાડું હાંક્યું.

મસૂર સ્ટેશનેથી થોડું ચાલ્યા બાદ રોટલાની વેળાં થઈ વળી આગળ પાણીની સગવડ મળતી ન હોવાથી ગાડાવાળાની વાત માની અમે થોભ્યા. અમારા પાસેથી ભાડાના થોડા પૈસા લઈ ગાડાવાળો ગામમાં જમવા ગયો. અમે પણ અમારો ડબ્બો ખોલ્યો અને જમવા બેઠા, પરંતુ પાણી કયાંથી પીવું ! એક ગંદુ નાળું ગાડાવાળાએ બતાવ્યું કે જેનું પાણી માણસને પીવાલાયક નહોતું. પશુના મળ-મૂત્રથી દુર્ગંધ મારતું હતું. ઘણે મોડે ગાડીવાળો આવ્યો અને અમારો પ્રવાસ આગળ ધપ્યો.. ઘોર અંધકાર છવાઈ ગયો હતો. હવે ગાડાવાળો એકદમ ગાડા ઉપર આવીને બેઠો અને ગાડું હાંકવા લાગ્યો. તેના આવા ચમત્કારિક વર્તનથી અમને આશ્ચર્ય થયું. હવે અમારા મનમાં જાત જાતની શંકાકુશંકાઓ થવા લાગી. રાત વીતતી હતી. ગોરેગાંવ ક્યારે પહોચીશું તેની કશી ખબર પડતી ન હતી. વળી, ગાડાવાળો ખરેખર સાચા માર્ગે જ જાય છે કે નહિ તેની પણ ખબર નહોતી, અમારા અંગ ઉપર એકાદ સોનાનો દાગીનો જોઈ તેની દાનત

બગડી તો નહીં હોય ? આવા વિચારોને કારણે અમે ગભરાવા માંડ્યા. રડારોડ કરવા માંડયા. ગાડાવાળાએ અમને ધમકાવ્યાં ત્યાં સુધીમાં એક દીવો દેખાયો. અમે રડવાનું બંધ કર્યું. ગાડાવાળાએ કહ્યુ કે તે "જકાતનાકું" છે. ગાડાવાળો ઉતરી ગયો, બાજુએ ચાલવા માંડયો. જકાત નાકે ગાડું છોડી તે વિશ્રાંતિ લેવા બેઠો. અમને તરસ લાગી હતી. પાણી માટે પૂછયું ત્યારે તેણે કહ્યું કે તમે "મહાર" હોવાથી પાણી મળવું મુશ્કેલ છે, તમને હિન્દી (ઉર્દૂ) બોલતાં આવડે છે. એટલે જકાત નાકે જાઓ અને કોણ છો એમ પૂછે તો કહેજો કે અમે મુસલમાન છીએ. તો તમને પાણી મળશે. જોકે મને હિન્દુસ્તાની (ઉર્દૂ) આવડતી હોવાથી તે માણસ સાથે વાતચીત કરવામાં તકલીફ પડી નહિ. પરંતુ જકાતનાકાવાળાએ મને તોછડાઈથી ઉત્તર આપતાં પાણી માટે સામેનો ડુંગરો દેખાડ્યો.. ભૂખ્યાં તરસ્યાં માંડ-માંડ અમે ગોરેગાંવ પહોંચ્યા..

આ ઘટનાનું મારા જીવનમાં મહત્ત્વનું સ્થાન છે, મારા બાળમાનસ ઉપર ઘટનાની પડેલી પ્રતિક્રિયા હું જીવનભર ભૂલી શક્યો નહિ. હું અસ્પૃશ્ય છું અને અસ્પૃશ્યોં સાથે માનવતાહીન પક્ષપાત-અન્યાયો કરવામાં આવે છે તે મારા મનમાં પાકું ઘુંટાયું. કારણ કે આ ઘટના પૂર્વે પણ કેટલાંક કડવા અનુભવો મને થયા જ હતા. જેમ કે શાળામાં મારા ક્રમ પ્રમાણે અન્ય વિદ્યાર્થીઓ સાથે મને બેસવા દેવામાં આવતો નહોતો. બધાથી જુદા કંતાનના કટકા ઉપર મારે બેસવું પડતું. વળી શાળામાં અમારા વર્ગની સફાઈ કરનાર નોકર મારા કંતાનને અડકતો નહિ. મારે રોજ તે ઘરે લઈ જવો પડતો. અન્ય વિદ્યાર્થીઓને તરસ લાગે તો માત્ર શિક્ષકની રજા લઈ તે પાણીના નળે જઈ પાણી પી શકતા. મારા કિસ્સામાં શિક્ષકની રજા પૂરતી નહોતી. શાળાનો પટાવાળો આવે તે પાણીનો નળ ખોલે ત્યારબાદ છેટેથી મારે ખોબા વડે પાણી પીવું પડતું હતું. જો પટાવાળો ન હોય તો મારે તરસ્યા રહેવું પડતું કારણ કે મારા સ્પર્શથી પાણીની પરબ અભડાઈ જતી હતી ! કેટલોય વખત મારે તરસ્યા રહેવું પડતું હતું. તેવી જ રીતે સતારામાં પૈસા લઈને પણ વાળંદ અમારા વાળ કાપવાં તૈયાર નહોતા. પાડાને મૂંડનાર વાળંદ માનવથી અભડાતા હતા. મારા ફોઈ કે મોટાં બહેન જ અમારા વાળ કાપતા હતા.

પર્શિયન ભાષાનો મારો અભ્યાસ ઉત્તમ હતો. સોમાંથી પંચાણું માર્કેસા મેળવી હું પાસ થતો હતો. તેમ છતાં હું કબૂલ કરું છું કે પાર્શિયન સાહિત્ય સંસ્કૃત સાહિત્ય સામે ફીક્કું લાગે. સંસ્કૃત સાહિત્યમાં કાવ્યમીંમાસા, અલંકારશાસ્ત્ર, નાટક ઈત્યાદિ છે. મહાભારત-રામાયણ જેવાં મહાકાવ્યો છે. તત્ત્વજ્ઞાન અને તર્કશાસ્ત્ર છે. આધુનિક જ્ઞાનની દ્રષ્ટિએ સંસ્કૃત સાહિત્યમાં અપાર જ્ઞાનભંડાર છે, જે સ્થિતિ પર્શિયન સાહિત્યમાં નથી. સંસ્કૃત માટે મને ભારોભાર અભિમાન હતું. વળી હું સંસ્કૃત શીખી મહાન પંડિત બનું તેવી મારા માતાપિતાની મનીષા હતી. પરંતુ તેમની મનીષા પૂર્ણ થઈ શકી નહિ. અંગ્રેજી ચોથામાં ભણતાં મારા ભાઈને સંસ્કૃતના શિક્ષકે સંસ્કૃત શીખવાડવાનો સાફ ઈન્કાર કર્યો હતો. મારી બાબતમાં પણ એમ જ થયું. ગીર્વાણ ભાષા શૂદ્રને શીખવવાથી તે નરકમાં પડે ! ભાષા અને ધર્મ બંને ભ્રષ્ટ થઈ જાય... નાઈલાજ અમારે પર્શિયનને પ્રેમ કરવો પડ્યો.

"શિક્ષકોની સંકુચિત વૃતિને કારણે સંસ્કૃત માટેનું મારું અભિમાન ઓગળી ગયું. તે ભાષા સુંદર રીતે અવગત કરવાની અંતઃકરણની ઉત્કૃષ્ટ મનીષા કરમાઈ ગઈ. મને જીવનભર તેનો વસવસો રહ્યો હતો."

સુબેદાર રામજીની સતારાની હંગામી નોકરી છુટી ગઈ. આજીવિકાર્થે તેઓ મુંબઈ આવ્યા. વળી તેમનાં બાળકોના શિક્ષણની તેમને ઘણી જ ચિંતા રહેતી હતી. મુંબઈમાં શિક્ષણ સારી રીતે થઈ શકે અને મોટા શહેરમાં આજીવિકા પણ મળી શકે. વળી એકલા "પેન્શન"ઉપર આટલા મોટા પરિવારનું પોષણ થાય તેમ નહોતું. મુંબઈ આવી તેમણે પરેલમાં "ડબકચાલ"માં પોતાની વગમાં વસવાટ કર્યો કારણ કે કોકણસ્થ મહાર પરિવારો પરેલના આ વિસ્તારમાં મોટી સંખ્યામાં વસતા હતાં. ૧૯૦૪ના ડિસેમ્બરમાં પ્રથમ મરાઠા હાઈસ્કૂલ અને ત્યારબાદ સરકારી એલ્ફીસ્ટન હાઈસ્કૂલમાં આનંદરાવ અને ભીમરાવને દાખલ કર્યા હતા. થોડા દિવસોમાં આર્થિક બોજો વધતો લાગતાં આનંદરાવને શાળામાંથી ઉઠાવી લીધા અને તેમણે રિચર્ડસન ક્રુડાસ એન્ડ કંપનીમાં નોકરીએ ચઢાવી દીધાં.

આનંદરાવ પોતાના પગારના દિવસે ભાણિયા માટે ખાવાનું લાવતા. તેમાંથી એક ભાગ ભીમરાવને મળતો, ભીમરાવનું પહેરણ કે ચડ્ડી સહેજ ફાટે તો નવું આણી આપતાં. આનંદરાવના ભ્રાતૃભાવને કાયમ માટે યાદ કરતાં હતા. આનંદરાવની નોકરી નિયમિત થતાં લક્ષ્મી નામની સુકન્યા જોડે તેમનાં લગ્ન પણ કરી દીધાં.

## ૨ઃ૨.૩ શિક્ષક જોષીની ઘટના

મુંબઈ શાળા જીવનની બે મહત્ત્વની ઘટના બની હતી. અત્રે એનો ઉલ્લેખં ઉચિત ગણાશે. જયારે ભીમરાવ અંગ્રેજી પાંચમાં ધોરણમાં અભ્યાસ કરતા હતા ત્યારે એક બ્રાહ્મણ શિક્ષક તેમને વારંવાર ટકોર કરતા કે, "ભીમરાવ ! તું જાતે મહાર-અસ્પૃશ્ય છે, તારે ભણતરથી શો ફાયદો ? તારા માટે ભણતર નકામું છે." ચારપાંચ વખતની ટકોરને અંતે તીખા ભીમરાવે મક્કમ સૂરે કહ્યું, "સાહેબ ! હું, ભણીને શું કરીશ તે વિચારવાનું કામ તમારું નથી. હવે ફરી આવી વાત કરશો તો તેનું પરિણામ સારું નહિ આવે" આ જડબાતોડ જવાબ ભીમરાવના જોરદાર જિગરની ખાતરી કરાવે છે. તેમના નૈતિક મનોબળ પ્રત્યે સન્માન ઉપજે છે. હવે ભીમરાવ ભણવામાં દત્તચિત્ત હતા. ઘેરથી બરાબર તૈયાર થઈ શાળામાં જતા હતા. વર્ગમાં તેમને (અસ્પૃશ્ય હોવાને કારણે) છેલ્લી પાટલી ઉપર જ બેસવું પડતું હતું. એક દિવસ ગણિતના શિક્ષકે દાખલો પૂછયો અને કહ્યું કે, "કાળા પાટિયા ઉપર કોણ ગણી બતાવશે ?" વર્ગમાં એક માત્ર ભીમરાવની આંગળી ઉંચી થઈ એક શિક્ષકે તેને પાટિયા પાસે આવવાનું કહ્યું... વર્ગના વિદ્યાર્થીઓમાં એકદમ ગણગણાટ થવા માંડયો. એક વિદ્યાર્થીએ હિંમત કરીને કહ્યું, "સર તે પાટિયાને અભડાવશો નહિ !!"

શિક્ષકે કહ્યું "એ વળી કેવી રીતે ?" વિદ્યાર્થીએ કહ્યું, "સર, એ મહાર-અસ્પૃશ્ય જાતિનો છે."શિક્ષકે કહ્યું કે છેવટે તો તે વિદ્યાર્થી છે ને ! પાટિયા પાસે ન જાય, લખે નહિ, તો તેને વિદ્યા કેવી રીતે આવે ? શિક્ષકના સણસણતા જવાબથી સવર્ણ વિદ્યાર્થીઓ મુંઝાયા. તેમનામાં અંદરોઅંદર ગણગણાટ વધ્યો. એક વિદ્યાર્થી બોલ્યો, "સર તે પાટિયા પાછળ અમારા નાસ્તાના ડબ્બા છે તે અભડાઈ જશે. સર પ્લીઝ... શિક્ષકે આજ્ઞા કરી હવે ત્યાં મુકશો નહિ સમજયા ! આ શિક્ષક તે નારાયણ મલ્હાવરાવ જોષી જેમણે પાછળથી પોતાનું સમગ્ર જીવન સર્વન્ટસ ઓફ ઈન્ડિયાના સંસ્થાને સમર્પણ કર્યું હતું. અસ્પૃશ્યતા નિવારણની ચળવળ અને કામદાર કલ્યાણની ચળવળમાં તેમનું મહત્ત્વનું પ્રદાન હતું.

**'તમારી પ્રગતિ ચકાસો.' -૧**

નીચેની ખાલી જગ્યામાં તમારા ઉત્તરો લખો.

(૧) "મહાર" નો ઈતિહાસ ટુંકમાં જણાવો.

(૨) સુબેદાર રામજી સકપાલના સૈનિક જીવનની માહિતી આપો.

(૩) રામજી સકપાલના પરિવારનો પરિચય આપી ભીમરાવના જન્મની વિગતો લખો.

(૪) આંબેડકરના બાલ્યકાળના અસ્પૃશ્યતાના કડવા અનુભવો ગોરેગાંવની ઘટના સાથે વર્ણવો.

## ૨:૨.૪ ડૉ.આંબેડકરનો પુસ્તક પ્રેમ :

મારા પિતાની ઈચ્છા હતી કે હું ભણવામાં પ્રથમ રહું તે માટે તેઓ ઘણી જ કાળજી લેતા હતા. દિવસના ત્રણ ચાર કલાક ભણવા બેસાડતા. સારા અક્ષરોનો આગ્રહ રાખતા વારંવાર સુલેખનપોથી લાવી આપતા. મરાઠીની સાથે સાથે અંગ્રેજી ભાષા ઉપર પણ પ્રભુત્ત્વ મળે તે માટે પણ ઘણી જ મહેનત કરતા હતા. અંગ્રેજી ભાષા ઉપરના પ્રભત્ત્વનો પાયો મારા પિતાશ્રી દ્વારા જ નંખાયો હતો.

વળી મને અભ્યાસક્રમ સિવાય ઈત્તર વાંચનનો ભારે શોખ હતો. ટુંકા પગાર-પેન્શન સામે બહોળું કુટુંબ, પુંછાતુ-ઘસાતું ખોરડું, વળી મુંબઈ જેવા શહેરમં વસવાટ હોવાથી આ વધારાનો શોખ પિતાને ભારે પડતો હતો. તેમ છતાં મને કપડાં મળે, ઈત્તર વાંચન માટે પુસ્તકો મળે તેમજ ભણતરની અન્ય સગવડો સચવાય તે માટે તેઓ સતત ચિંતિત રહેતા હતાં.

મારાં પોતાનાં પુસ્તકો હોય તેવી તે વખતે મારી પ્રબળ મહત્ત્વકાંક્ષા હતી, તે મહત્ત્વાકાંક્ષામાંથી જ હાલના મારા આ ગ્રંથાલયનું નિર્માણ થયું છે. હું જયારે પુસ્તક માગું ત્યારે સાંજ સુધીમાં તો મારા પિતા ગમે તેમ કરીને મને લાવી આપતા હતા. પરંતુ જાતે ખરીદવાની અમારી સ્થિતિ તો હતી નહિ. એટલે મારા પિતા મારી મોટી બહેનના ઘેર જતા, બહેન પાસેથી ઉછીનાં નાણાં લાવીને પુસ્તક લાવી આપતા. જો એક બહેન પાસેથી નાણાં ન મળે તો બીજી બહેન પાસે જતા તેમ છતાંય ઘણીવખત બહેન પાસે પૈસા ન હોય તો મારી બહેનને મારા પિતાએ લગ્નમાં આપેલા દાગીનામાંથી એકાદ દાગીનો લઈ નક્કી કરેલા મારવાડીને ત્યાં તે દાગીનો ગીરો મૂકી મને પુસ્તક લાવી આપતા હતા. વળી, મારા પિતાની પ્રામાણિક્તા અને ખાનદાની પણ એવી જ. જેવું પેન્શન મળે કે સીધા મારવાડીને ત્યાં જઈ ગીરો મૂકેલો દાગીનો છોડાવી બહેનને પરત કરી ઘેર આવતા હતા. મારા પિતા મારાં સુખ સુવિધા માટે કેટલું દુઃખ સહન કરતા તેની મને તે સમયે બિલકુલ કલ્પના પણ નહોતી આવતી. જયારે હું માથામાં લચપચ તેલ નાંખી નવા લાવેલા પુસ્તકનું ઓશીકું કરી ઘસઘસાટ ઊંઘી જતો. મને નાની ઉંમરમાં વાંચવાનો વિલક્ષણ શોખ હતો, તે એટલો બધો કે અમુક પુસ્તકના અમુક પાને એકાદ મહત્વની બાબત છે તેની ક્યાંય પણ નોંધ કર્યા સિવાય હું ત્વરિત તેને સ્મૃતિને આધારે કહી શકતો. પિતાજીએ આપેલી આવી હતી મારી સ્મરણશક્તિ. સુવિધાને કારણે જ મારી સ્મરણશક્તિ સતેજ બની હતી તે હકીકત હું કદાપિ ભૂલી શકું નહિ. નિર્વ્યસની વાત્સલ્યની પ્રતિમાં સમા પિતા, પ્રેમાળ ફોંઈ ભાઈ માટે મરી ફીટતી ભગીનિયો બાંધવો માટે બધું જ કરી છૂટવા તત્પર રહેનાર ભાઉ આનંદરાવ, શીલવાન પરિપરાયણ પત્ની ઈત્યાદિ સર્વસ્વજનોનાં સમર્પણથી ઊભરેલું તેમજ ગોરેગાંવના ગાડાવાળાની જાતિવાદી વૃત્તિથી ધવાયેલું, શાળાના જાતિવાદી શિક્ષકો દ્વારા થયેલા સંતાપાયેલું તેમજ અસ્પૃશ્યતાના અન્ય બૂરા અનુભવોથી ભીમરાવનું કરમાયેલું અને આપબળે મેળવેલું સ્વકષ્ટાર્જિત વ્યક્તિત્ત્વ હવે નિખાર લાવી રહ્યું હતું.

## ૨.૨.૫. મહારાજા સયાજીરાવ (ત્રીજા)ની શિષ્યવૃત્તિ અને કૉલેજ શિક્ષણ

ડીસેમ્બર ૧૯૦૭માં મુંબઈ યુનિવર્સિટીની મેટ્રીકની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા. તેમના માટે રાવબહાદુર સી.કે.બોલેના પ્રમુખ પદે સન્માન સમારંભ યોજાયો.સમારંભના અંતે દાદા કૃષ્ણા કેળુસ્કરે ભીમરાવને ભગવાન બુદ્ધનું જીવનચરિત્ર ભેટ આપ્યું, જે વાસ્તવમાં બીજારોપણ સમાન નીવડયું. વર્ષો પછી એમાંથી અંકૂર ફૂટયા અને વટવૃક્ષ બની રહ્યું, આગળ જતા ૧૯૫૬માં ડો.આંબેડકરે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો. અંતે સન્માન સમારંભની સમાપ્તિ પછી ભીમરાવને આગળ ભણવવાનો આગ્રહ કરતાં દાદા કેળુસ્કરને સૂબેદાર રામજીએ ઘરની કંગાળ સ્થિતિનો ખ્યાલ આપ્યો. થોડા દિવસ પહેલાં ટાઉન હોલના એક સમારંભમાં વડોદરાના મહારાજા સયાજીરાવે અંત્યજ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે સહાય કરવાની જાહેરાત કરી હતી તેની યાદ દાદાને આવી અને તેમણે બીજા દિવસે ઈન્દુ પ્રકાશ પ્રેસના માલીક દામોદર

સાવળારામની ચંદેની સહાયથી ભીમરાવનો ભેટો સયાજીરાવ સાથે કરાવી દીધો. પ્રથમ મુલાકાતે એક હીરાપારખુ રાજવી આ પાણીદાર મોતીને પારખી ગયા. કોલેજ શિક્ષણ માટે દર માસે રૂા. પચ્ચીસની શીષ્યવૃત્તિ મંજૂર કરી આથી ૩, જાન્યુઆરી ૧૯૦૮માં તેમણે મુંબઈની એલ્ફીન્સન્ટન કોલેજમાં પ્રિવિયસનાં વર્ગમાં પ્રવેશ પ્રાપ્ત કર્યો હતો. કોલેજના રજિસ્ટરે હવે તેમનું નામ (ભીમ રામજી આંબેડકરને બદલે ) ભીમરાવ રામજી આંબેડકર લખાવ્યું હતું જે આગળ જતાં ભીમરાવ રામજીરાવ આંબેડકરમાં પરિણામ્યું હતું.

મહારાજા સયાજીરાવ ગાયકવાડની શિષ્યવૃત્તિ મેળવી ભીમરાવ ભણવામાં લાગી ગયા હતા. ડબલ ચાલની નાનકડી ઓરડી સમગ્ર પરિવાર માટે હવે પૂરતી નહોતી. જુનિયર બી.એ. સુધી પહોંચેલા ભીમરાવના ભણતરને ધ્યાનમાં રાખી સૂબેદાર રામજીએ ઈમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટ ચાલીમાં (પાંયબાબડી પરેલ) બીજો ઓરડો ભાડે રાખી લીધો. રાત્રે ભોજન અને ત્યારબાદની પ્રાર્થના પછી નવેકના સુમારે ભીમરાવ સૂઈ જતા. બહાર સૂબેદાર રાત્રિના એક બે વાગ્યા સુધી જાગતા રહી, ભીમરાવને અભ્યાસ માટે ઉઠાડી પોતે ઓરડીના પાછળના ભાગમાં સૂઈ જતા. પુત્રની ઉન્નતિ માટે પિતાની આ દિનચર્યા તપશ્ચર્યા હતી. આ સમયનું શાંત વાતાવરણ તથા પ્રફુલ્લ મન અભ્યાસ માટે ઉત્તમ માનવામાં આવતાં હતાં. ચાલીના ૧૦ - ૧૦ના નાનકડા ખંડમાં પરિવાર સાથે રહી રાત્રે એક પૈસાના કેરોસીનના દીવા ઉપર અને ઘણી વખત દીવો ન હોય તો ચાલીમાં આવેલા ઈલેકટ્રીકના થાંભલા નીચે બેસી અભ્યાસ કરતા હતા.

કોલેજનું વાતાવરણ પણ ઉત્સાહપ્રેરક નહોતું. એલ્ફીન્સ્ટન કોલેજ સંપન્ન કોલેજ તરીકે ઓળખાતી, ગરીબ વિદ્યાર્થીનો ગજ વાગતો નહિ. શ્રીમંતના નબીરા ગરીબ વિદ્યાર્થીઓની મશ્કરી કરતા. પ્રોફેસરવર્ગ પણ શ્રીમંતોના નબીરાઓ જોડે સવિશેષ સંલગ્ન રહેતો હતો. ગરીબ વિદ્યાર્થીઓ જોડે ઓછું ભળતા હતા. પ્રોફેસર મ્યુલ્લર આંબેડકર પ્રત્યે પ્રેમ દાખવતા તેમનાં કપડાં આંબેડકરને આપતા. પર્શિયનના પ્રોફેસરને પણ ભીમરાવ પ્રત્યે લાગણી હતી. તેમ છતાં એકંદરે વાતાવરણ ઉત્સાહપ્રેરક નહોતું તેવું આંબેડકરે અવારનવાર કહ્યું છે. સમકાલીન ભારતનાં અસંખ્ય મહાપુરૂષો જેવા કે ગાંધીજી, નહેરૂ વગેરેનાં જીવનચરિત્ર જોઈશું તો જણાશે કે તેમનું જન્મસ્થાન અને જીવનસ્થાન તેમના સમાજમાં ઉચ્ચ સ્થાને હતું. જયારે જન્મ અને જીવન બંને બાજુએ ભીમરાવને ગરીબી અને અસ્પૃશ્યતાની ચક્કીનાં બંને પડમાં પીસાવાનું હતું. ભીમરાવ જેવી વિટંબણામાં કોઈને ભાગ્યે જ મુકાવું પડયું હશે. આવી વિષમ પરિસ્થિતિને કારણે તેમનું ભણતરનું એક વર્ષ બગડયું હતું. તે સમયે તે પણ બીમાર પણ હતા આમ અપાર પ્રતિકૂળતાઓ વચ્ચે ૧૯૧૩ના જાન્યુઆરીમાં તેઓ બી.એ પાસ થયા. થોડા માર્ક ખૂટતાં તેઓ બીજો વર્ગ મેળવી શક્યા નહિ. જોકે તેમના પાસ થયાનો પિતા રામજીને તો ખૂબ આનંદ જ હતો. પિતાએ બજારમાં જઈ પાંચ રૂપિયાનાં પેંડા લાવી દેવને પ્રસાદ ધરાવી પરમેશ્વરનો પાડ માન્યો કે પ્રભુએ પોતાની ઈચ્છા પરિપૂર્ણ કરી ભીમરાવને પણ અપાર આનંદ થયો હતો. આ સમયે તેઓ એક બાળકના પિતા પણ થયા હતા. દીકરો અને ડિગ્રી બંને પ્રાપ્ત થયાં.

હવે નવા નિર્ણયની ઘડી આવી હતી પોતાને શિષ્યવૃત્તિ આપી શિક્ષણ મેળવવામાં મદદરૂપ થનાર મહારાજા સયાજીરાવ ગાયકવાડના રાજયમાં નોકરી કરવાનો અને તે રીતે તેમના ઋણમાંથી મુક્ત થવાનો ભીમરાવનો મનસૂબો હતો. જયારે પિતાજી ભીમરાવને વડોદરા મોકલવા માંગતા નહોતા. પિતા પુત્ર બંને વચ્ચે આ બાબતે ભારે વિવાદ થયો. કડવાશ થઈ તે દિવસે સમગ્ર પરિવારમાં કોઈએ ભોજન પણ કર્યુ નહિ. ભીમરાવ ઘણા જ મકકમ હતા તેમણે વડોદરા સરકારને અરજી કરી લખી નાખ્યું કે, ''આપનું ઋણ અદા કરવા આપના રાજયમાં નોકરી કરવા માંગું છું '' વડોદરા સરકારે ભીમરાવની માગણી સ્વીકારી અને તેમને નોકરી માટે વડોદરા બોલાવ્યા.

## ૨.૨.૬ વડોદરામાં નોકરી અને વસવાટની વિટંબણાઓ

માતા પિતાની નામરજી અને ભાઈબહેનોના પ્રેમની પરવા કર્યા સિવાય ભીમરાવે સને ૧૯૧૩ના જાન્યુઆરીના અંતિમ સપ્તાહમાં વડોદરા માટે વિદાય લીધી.

આત્મયજનોનું કહેવું હતું કે અજાણી જગ્યા, અજાણ્યા લોકો અને પાછી અસ્પૃશ્યતા તો ખરી જ. બધાં જ પ્રતિકૂળ પરિબળો વચ્ચે વડોદરામાં રહેવું ઉચિત નહોતું. પિતા રામજી ગવર્નરને લખી મુંબઈમાં જ નોકરી અપાવવા માંગતા હતા, જયારે ઉદારચરિત ભીમરાવ જુદું જ વિચારતા હતા.

વડોદરામાં વસવાટનો પ્રશ્ન વિકટ હતો. રાજયના અસ્પૃશ્યોની શાળાનાં નિરીક્ષક આર્ય સમાજી પંડિત આત્મારામ અમૃતસરીની આર્યસમાજની ઓફિસમાં કામચલાઉ રહેવાની ગોઠવણ કરી અને જમવા માટે મહારવાડાના એક શિક્ષિત પરિવારને ત્યાં વ્યવસ્થા થઈ હતી. આમ, એક જગ્યાએ રહેવું બીજી જગ્યાએ જમવું અને ત્રીજી જગ્યાએ રાજયની કચેરીમાં (કોઠી)માં નોકરી કરવાનો ક્રમ ચાલ્યો. ઓફિસના સવર્ણ અમલદારો માટે તો આ એક અસહ્ય બનાવ હતો. અસ્પૃશ્ય માણસ ગ્રેજ્યુએટ થાય અને પાછો એમની વચ્ચે નોકરી કરે તે કેમ સહન થાય ? એક દિવસ એક ખાતામાં બીજા દિવસે બીજા ખાતામાં ધકેલે. આજે આ ટેબલ આપે અને વળતા દિવસે બીજા ટેબલે ખસેડે. ભીમરાવ ખંતીલા અને કર્તવ્ય પ્રત્યે સભાન હતા. તેમને સોંપેલું કાર્ય ઉત્સાહ અને ચીવટથી ત્વરિત પૂર્ણ કરી નાખતા અને ફાજલ સમયમાં પોતાની સાથે લાવેલાં પુસ્તકો વાંચતા હતા. અસ્પૃશ્યતાથી પીડાતા અધિકારીઓએ અકળાઈને ઉપર ફરિયાદ કરી. ઉપરી અધિકારીએ આંબેડકરને બોલાવ્યા તેમની આગળ તેમણે કહ્યું, મને જે કામ સોંપવામાં આવે છે તે એક ક્ષણના પણ વિલંબ વિના હું કરી નાખું છું. હવે જયારે મારી પાસે કામ ન હોય ત્યારે અન્ય અધિકારીઓની જેમ ભેગા મળી ગપ્પાં મારવાને બદલે હું મારાં પુસ્તકો વાંચુ છું. વળી લોકો મને '' અસ્પૃશ્ય'' માની દૂર રાખે છે તેમની જોડે મને રાખવા પણ તૈયાર નથી.

ભીમરાવનો સાચો નિર્ભય ખુલાસો સાંભળી ઉપલા અધિકારીઓ પણ ચૂપ થઈ ગયા. રહેવા જમવાની સગવડ નહિ વળી ઓફિસમાં ઉપલા અધિકારીઓનો ત્રાસ આ બધાં વચ્ચે દશેક દિવસ માંડ કાઢયા હશે ત્યાં પિતાની ગંભીર માંદગીનો તાર આવ્યો આમ તો ભીમરાવ વડોદરા ગયા અને જુદાઈ આવી ત્યારથી જ સૂબેદાર રામજીને આઘાત લાગ્યો હતો. પોતાના પ્રિય પુત્રને તે આંખોથી દૂર રાખવા માંગતા જ નહોતા. ભીમરાવે તુરત મુંબઈની ગાડી પકડી વચ્ચે સુરત સ્ટેશને પિતા માટે બરફી લેવા બહાર આવ્યા અને ગાડી છૂટી ગઈ. બીજી ગાડી દ્વારા ઘણા મોડા મુંબઈ પહોંચ્યા તે પ્રસંગનું વર્ણન કરતાં ડો.આંબેડકર લખે છે કે,

'' જેવો હું ઘેર પહોંચ્યો તો જોયું કે, મારા પિતાની તબિયત એકદમ ગંભીર હતી સગાં સબંધી બધાં ચિતાતુર ચહેરે તેમની પથારી પાસે બેઠાં હતાં. આ દૃશ્ય નજરે પડતાં મને ભારે આઘાત લાગ્યો હતો. પિતાએ મને જોતાં જ ઈશારો કરી પાસે બોલાવ્યો તેઓ બોલવામાં અસમર્થ હતા પ્રેમથી મારા માથે વાંસે હાથ ફેરવ્યો મનભરીને મને જોયો અને તેમણે દેહ છોડી દીધો જાણે મારા મેળાપ માટે જ તેમણે મોતને અટકાવી રાખયું હોય. સુરત ઊતરી પહોંચવામાં વિલંબ કરવા માટે મને ભારે પ્રશ્ચાત્તાપ થયો..'' ૨ ફેબ્રુઆરી ૧૯૩૧નો આ ગોઝારો દિવસ ભીમરાવ કદાપિ ભૂલી શક્યા નહોતા.

મુંબઈમાંની પરિવારની પરિસ્થિતિ સંપૂર્ણ બદલાઈ ગઈ હતી. ભીમરાવને હવે નવા સંદર્ભમાં સર્વને સાનુકૂળ થવાનું હતું, કારણ કે પિતાનું અવસાન થતાં ઘરમાં મોભીની હાજરી અનિવાર્ય બની હતી. વળી વડોદરાનો તેમનો અનુભવ પણ અકળાવનારો જ હતો. ભારે દ્વિધામાં મુકાયેલા ભીમરાવને સમાચાર સાંપડયાં કે વડોદરાના મહારાજા સયાજીરાવ મુંબઈ પધાર્યા છે. તેમણે વડોદરામાંની પોતાના વસવાટની વીતકકથા તથા વડોદરામાં વેઠેલી વિપદાઓ રૂબરૂ કહેવાનો નિર્ણય કર્યો.

મલબાર હિલના મહારાજાના ઉતારે જઈ તેમને મળીને વ્યથાનાં વીતક વર્ણવ્યાં. જોકે ભીમરાવની કેટલીક બાબતો મહારાજાના ધ્યાન ઉપર પહેલેથી આવી જ હતી. અંગ્રેજી ભાષા પરના આંબેડકરના પ્રભુત્વ તથા સુંદર મરોડદાર અક્ષરોથી મહારાજા ઘણા જ પ્રભાવિત થયા હતા. વળી મહારાજા સાથે જુદા જુદા વિષયો પર થયેલા વાર્તાલાપથી પણ મહારાજા ખુશ થયા હતા અર્ધા કલાકના વાર્તાલાપને અંતે આંબેડકરને તેમણે બીજા દિવસે ફરી બોલાવ્યા.

બીજા દિવસે નિયત સમયે આંબેડકર પહોંચ્યા ત્યાં મહારાજાએ પહેલો જ પ્રશ્ન કર્યો : '' તમને ક્યા વિષયોના વિશેષ અભ્યાસમાં રૂચિ છે ?''

આંબેડકરે કહ્યું, "સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને સવિશેષ જાહેર નાણાતંત્ર.''

મહારાજએ પૂછયું : "તે વિષયોનો અભ્યાસ કરી શું કરશો ? આંબેડકર કહ્યું, તે વિષયનો અભ્યાસ કરવાથી સમાજની દુઃખી અવસ્થા સુધારવાનો માર્ગ સાંપડશે તે માર્ગે ચાલી હું સમાજ સુધારણાનું કાર્ય કરીશ.

મહારાજાએ હસતાં હસતાં કહ્યું : "તમે તમારી નોકરી કરોને ! તમે તમારી નોકરી કરશો, અભ્યાસ કરશો કે સમાજસેવા કરશો ? ત્રણેય કેવી રીતે પાર પડશે ?"

આંબેડકરે કહ્યું : "મને તક મળશે તો હું તે સર્વ સાકાર કરી બતાવીશ "

મહારાજાએ કહ્યું : "હું તમને વધુ અભ્યાસ અર્થે અમેરિકા મોકલવા માંગું છું. શું તમે જશો ?"

ભીમરાવે કહ્યું : "અચૂક, મહારાજા..."

મહારાજાએ કહ્યું, "તો ભલે ...તાકીદે રાજ્યના શિક્ષણાધિકારીને વધુ અભ્યાસ માટેની શિષ્યવૃત્તિની અરજી મોકલી આપો, તેમજ તેની મને પણ જાણ કરો."

વડોદરા સરકારે ચાર વિદ્યાર્થીઓને વધુ અભ્યાસ માટે અમેરિકા મોકલવાનો નિર્ણય કર્યો હતો તેમાં ભીમરાવ રામજી આંબેડકરનો સમાવેશ થયો. નિયમ મુજબ સ્યોરિટિ બોન્ડ લખી આપવાનું થયું એમાં સ્યોરિટી આપનાર બંને વ્યકિત વડોદરા રાજ્યની રહેવાસી હોવી જોઈએ. તેમજ વડોદરા રાજ્યમાં તેમની સ્થાવર-જંગમ મિલકત પણ હોવી જોઈએ. સારા કામમાં સો વિઘ્ન એ ન્યાયે ભીમરાવ માટે આ શક્ય નહોતું. તેમણએ પુનઃ મહારાજાને મળી મુશ્કેલીની રજૂઆત કરી અંતે તેમના માટે તે શરત રદ કરવામાં આવી તેમણે માત્ર આઠ આના (પચાસ પૈસા) ના સ્ટેમ્પ પેપર પર બે સાક્ષીઓની સહીઓ સાથે ''કરારપત્ર'' (Memo of Agreement ) કરવાનો હુકમ થયો. ત્રિભુવન જે વ્યાસ અને અંતાજી ગોપાળજી જોષીની સહી લઈ, ૪ જૂન, ૧૯૧૬ના દિવસે કરાર થયા. ૧૫,જૂન ૧૯૧૩ થી ૧૪ જૂન, ૧૯૧૬ સુધી શિષ્યવૃત્તિની રકમ જયાં સુધી પૂરેપૂરી વસૂલ ના થાય ત્યાં સુધી વડોદરા રાજ્યની નોકરી પણ કરવાની શરત હતી. ત્રણ મહિનાની શિષ્યવૃત્તિની રકમ તથા વાટ ખર્ચી અને જવાના ભાડા પેટે મળી આગોતરી રકમ રૂા.૧૯૬૩ પણ આપવામાં આવી.

## ૨.૨.૭ વિદ્યા અર્જન માટે વિદેશની વાટે

ઘરની હાલત ઘણી જ કફોડી હતી, તેમાંય પિતાના અવસાન પછી તો ઘણી જ ખરાબ થઈ હતી. મોટાભાઈ બાળારાવ તો જુદા રહેતા હતા વળી તે કશીજ સહાય કરી શકે તેમ નહોતા. કમાનાર એકમાત્ર આનંદરાવ ઉપર જ સઘળો આધાર હતો. ૧૦-૧૨ વ્યક્તિઓના મોટા પરિવારના ભરણપોષણનો વિકટ પ્રશ્ન હતો. માત્ર એક ટંકના ભોજન સિવાય કોઈ મૂડી તેમની પાસે નહોતી. આમ, આર્થિક પ્રશ્ન ભીમરાવને સંતાપી રહ્યો હતો. સામાન્ય માણસ આવા પ્રતિકૂળ સંજોગોમાં માત્ર નોકરી સિવાય કશું જ વિચારી ન શકે. અમેરિકા જવાની કલ્પના પણ ન કરી શકાય. આવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં ન્યુયોર્ક તો શું પરંતુ નજીકના ગામ તરફ જવા માટે પણ સાડી સત્તરવાર વિચારવું પડે તેવી પરિસ્થિતિમાં ભીમરાવે એકમદમ અમેરિકા જવાની હા પાડી અને તદ્દન ટૂંકા ગાળામાં તૈયારી પણ કરી દીધી ! નાની ઉંમરે આવી હિંમત કરનાર ભીમરાવની સાહસિકતા ખરેખર પ્રશંસનીય છે. હિંમત અને દઢતા દ્વારા જ આમાંથી પાર ઉતરી શકાય અને આ સઘળું સમર્થ સાહસિકો માટે જ શક્ય બને છે. જો મનુષ્ય ચારિત્ર્યવાન અને સિધ્ધાંતનિષ્ઠ હોય તો કોઈ વિઘ્ન તેનો માર્ગ અવરોધી શકતાં નથી. આપણને ભીમરાવમાં આમ હિંમત, દઢતા નિશ્ચયબળ જેવા ઊંચા ગુણો જોવા મળે છે.

એડવાન્સ પેટે મળેલાં શિષ્યવૃત્તિનાં નાણાંમાંથી અમેરિકાના પ્રવાસ માટે અતિવાવશ્યક એટલી જ વસ્તુઓ તેમણે કરકસરથી ખરીદી જહાજની ઊતરતા વર્ગની ટિકિટ લઈ થોડી બચત કરેલાં નાણાં ઘરનાં લોકોને આપ્યાં તેમજ અમેરિકા જઈને ત્યાં કંઈક ઉદ્યમ કરી અવારનવાર નાણાં મોકલવાનું આશ્વાસન આપી "એસ.એસ.અંકોના" આગબોટ દ્વારા અમેરિકા માટે રવાના થયા અને ૨૧ જુલાઈ ૧૯૧૩ના સોમવારની સવારે અમેરિકાના ન્યુયોર્ક બંદરે ઊતર્યા !! આગબોટના પ્રવાસ દરમ્યાન તેઓ સતત ચિંતન કરતા હતા. ઘડીકમાં તદ્દન અજાણ્યા મુલકમાં હું શું કરીશ તેની ચિંતા કરે તો ઘડીકમાં સ્વદેશમાં એકલા અટૂલા મૂકેલા પરિવારના વિરહના વિચારોથી પરેશાન થતા હતા. વિચારોની આ ઘટમાળમાં રસ્તો કપાયો. ધીરે ધીરે અન્ય પ્રવાસીઓ જોડે હળવા મળવા લાગ્યા પરિણામે દુઃખ વિસારે પડવા લાગ્યું.

ન્યુયોર્કની કોલંબિયા યુનિવર્સિટીની કચેરીમાં જઈ સપ્ટેમ્બર સેશન માટે રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર વિભાગમાં પ્રવેશ મેળવ્યો તેમજ યુનિવર્સિટીની હોસ્ટેલ હાર્ટલ હોલમાં મુકામ કર્યો. વિદેશી વિશ્વ

વિદ્યાલયમાં અભ્યાસ કરતાં આ પ્રથમ અસ્પૃશ્ય (મહાર) વિદ્યાર્થી હતા. કોલંબિયા યુનિવર્સિટીના રેકર્ડમાં તેમણે પોતાનું નામ આંબેડકર ભીમરાવ રામરાવ AMBEDKAR BHIMRAO RAMROA રાખ્યું હતું. ''હાર્ટ લે''માં જમવાનું માફક ન આવ્યું તેથી તેમણે ત્યાં રહેવાનું છોડી ૧૧૪ રસ્તા પર આવેલ કોસ્મો પોલિટન કલબમાં રૂમ નં ૫૫૪ (વેસ્ટ) માં રહેવા માંડયું. ત્યાં ઘણા ભારતીય વિદ્યાર્થીઓ રહેતા હતા. દીક્ષિત નામનો સતારા હાઈસ્કૂલનો એક સહાધ્યાયી પણ તેમને ત્યાં ભેટી ગયો હતો ત્યારબાદ તેઓ લિવિંગ્સ્ટન હોલમાં રહેવા ગયા. ત્યાં પારસી વિદ્યાર્થી નવલ ભાથેના સાથે મિત્રાચારી થઈ જે સમગ્ર જીવન સુધી જળવાઈ રહી હતી. અમેરિકા પહોંચ્યા પછી તેમના પરિવારના નિકટના વડીલ સમા શિવનાક જમાદારને અશ્રુભીનો પત્ર લખી બધાંને યાદ કરી ત્યાંની તેમની વિગતો મોકલી હતી પત્ર તેમની ઉદાત્ત ભાવનાની અનુભૂતિ કરાવે છે. ભીમરાવની સમાજ સેવાની ઉદાત્ત ભાવનાની પણ અનુભૂતિ કરાવે છે. આમ તેમનામાં વિદ્યાર્થી અવસ્થામાં જ સમાજ સેવાના અંકુર હતા જ.

ભારતના સંકુચિત જાતિવાદી વાતાવરણમાં ઊછરેલ અછૂત આંબેડકર માટે અમેરિકાનું મુકત વાતાવરણ આલમની અજાયબી જેવું લાગ્યું. ભીમરાવમાં રહેલા સુષુપ્ત સદ્ગુણોને પાંગરવાનું મળે તેવું અનુકૂળ વાતાવરણ હતું. મુંબઈ કોલેજમાં તેમને પ્રોફેસરોનો જે પ્રેમ પ્રાપ્ત થયો ન હતો તે અમેરિકન પ્રાધ્યાપકો પાસેથી સહજતાથી મળતો હતો. અહીં તેઓ અસ્પૃશ્ય નહોતા. માત્ર માનવ જ હતા. વળી પરદેશ જનારા મોટાભાગના ભારતીય વિદ્યાર્થીઓ વિદેશના મોહક વાતાવરણના મોહમાં પડતા જ હોય છે. કોઈ પણ જાતના સંકોચ કે રોકટોક સિવાય બધા જ પ્રકારનો આહારવિહાર કરવો, આડેધડ બધે જ ઘૂમવું, નાટક સિનેમા જોવાં, અન્ય વિદેશી વિદ્યાર્થીઓ સાથે સંગીત નૃત્ય માણવું, ગૌરાંગ યુવતી સાથે નૃત્ય કરવું, ટેનિસ બેડમિંગ્ટન સ્કેટિંગમાં સમય પસાર કરવો, મોડી રાત સુધી ગપ્પાં મારતાં બેસી રહેવું અને સવારે મોડા ઊઠવું તે સામાન્ય બની જાય છે. પ્રારંભનાં પાંચેક મહિના ભીમરાવ પણ જીવનનો આનંદ માણવામાં મશગૂલ રહ્યા હતા તેઓ માનતા કે એમ.એ.પીએચ.ડી. પદવી તો મારા ડાબા હાથનો ખેલ છે, રમતાં રમતાં મેળવી લઈશ. કંચન જેવી કાયાને શા માટે કષ્ટ આપવું ? કાયાને જેટલો આનંદ આપ્યો તેટલો ઓછો, માણ્યું એટલું સુખ...

પરંતુ એક રાત્રિએ તેમના મનમાં ઉંડું મનોમંથન ચાલ્યું તેઓ લખે છે કે :-

"એક રાત્રે ગપ્પાં આટોપી રાત્રિના બે વાગ્યે મારા રૂમમાં આડો પડયો. ત્યાં મારા મનમાં ઝબકારો થયો. હું અહીંયા આ શું કરૂં છું ? પરિવારનાં પ્રેમાળ આપ્તજનોને મૂકી હજારો માઈલ દૂર અહીં હું માત્ર અભ્યાસ માટે જ આવ્યો છું ? હું અભ્યાસ છોડી મોજશોખમાં પડયો છું અને તે પણ રાજયની શિષ્યવૃત્તિનાં નાણાં ઉપર...મને મળેલી આ સોનેરી તક જો હું ચૂકી જઈશ તો ક્યાંયનો પણ નહિ રહું. જો સોનેરી તકનો સદુપયોગ કરીશ તો મારૂં નામ ગાજશે. જેવી તેવી પદવીનો શો અર્થ ? સર્વ વિષયોનું આમૂલ અધ્યયન કરીશ તો જ જગતના પંડિતોની પંક્તિમાં બેસી શકીશ. જીવનનો ચાર પાંચ મહિનાનો કીમતી સમય મેં વેડફી નાંખ્યો.'' બીજા વિદ્યાર્થીઓ ઘોરતા હતા ત્યારે ભીમરાવનો માંહ્યલો જાગ્રત થયો હતો. તેમણે મકકમ નિર્ધાર કર્યો કે, આ પછીનો મારો જીવનક્રમ માત્ર અભ્યાસ માટે જ ગાળીશ.'' બસ કેડ બાંધી મંડી પડયા.

કેટલાક ટીખળી વિદ્યાર્થી ચીડવતાં કહેવા લાગ્યાં, ''શું યુનિવર્સિટીમાં ફર્સ્ટ આવવાનો છે ?'' વળી કેટલાક મશ્કરીમાં કહેવા લાગ્યા. '' આ તો સાધુ મહાત્મા છે...ભગત થઈ ગયો છે... ઊડીને મહારાજાની આંખે વળગશે. ખૂબ પૈસા કમાશે... વગેરે....મશ્કરીઓ વક્રોકિતઓની પરવા ન કરતાં સઘળું સહન કરી, ભીમરાવ અભ્યાસમાં એકચિત થઈ ગયા. ધીરે ધીરે મિત્રો ઘટી ગયા રાત્રે ગપ્પાં મારનારી મંડળીના ઘોંઘાટથી બચવા પોતાના રૂમનાં બારણાં બંધ કરી કાનમાં રૂનાં પૂમડાં નાખી એકાગ્રતા કેળવી સંકલ્પ સાથે અભ્યાસમાં તલ્લીન થઈ ગયા હતા ઈતર પ્રવૃત્તિમાં તેમની લેશમાત્ર રૂચિ નહોતી.

આ અરસામાં સુપ્રસિધ્ધ રાષ્ટ્રીય નેતા લાલા લજપતરાય અમેરિકા આવ્યા હતા સમાજવાદી વિદ્વાન સીડને વેલના આગ્રહથી તેઓ કોલંબિયા યુનિવર્સિટીના વિદ્વાન પ્રોફેસર સેલિગ્મનને મળ્યા યુનિવર્સિટી લાઈબ્રેરીમાં ગ્રંથોના ગંજ વચ્ચે એકાગ્ર ચિત્તે અભ્યાસ કરતા એક ભારતીય વિદ્યાર્થીને નિહાળતાં તેમને જિજ્ઞાસા થઈ કે આ કોણ હશે, પ્રોફેસર સેલિગ્મને ઓળખાણ કરાવતાં કહ્યું કે '' આ વિદ્યાર્થી તે ભીમરાવ આંબેડકર છે અને તે માત્ર હિન્દી વિદ્યાર્થીઓમાં જ નહિ પરંતુ અમેરિકન વિદ્યાર્થીઓમાં પણ શ્રેષ્ઠ છે.''

લાલા લજપતરાય અને ભીમરાવ આંબેડકર વચ્ચે વિવિધ વિષયો પર વિચાર વિનિમય થયો.

આંબેડકરના જ્ઞાનથી વ્યવહારથી લાલાજીએ ઘણી જ પ્રસન્નતા અનુભવી તેમણે ભીમરાવને રાષ્ટ્રીય આંદોલનમાં આવવાનું આમંત્રણ આપ્યું. આંબેડકરે સવિનય ના પાડી આવી જ રીતે ગદરપક્ષના કાર્યકરોને તેમજ ડો.હાર્ડિકર પ્રેરિત ઈન્ડિયન હોમરૂલ લીગ ઓફ અમેરિકાના પદાધિકારીઓને પણ ના પાડી દીધી હતી. આંબેડકર કહેતા કે "તમારી સવર્ણોની ગુલામીમાં અસ્પૃશ્યો સબડે છે તેને સબડતા રાખી તમે (સવર્ણો) તમારી રાજકીય સ્વતંત્રતાની ચળવળ ચલાવો છો તેમાં અસ્પૃશ્યો કેવી રીતે સક્રિય થઈ શકે ?

કેટલાક સવર્ણ આગેવાનો સાંત્વન આપતાં એ જ જૂનો પુરાણો જવાબ આપતા કે એકવાર અંગ્રેજોની ગુલામીમાંથી હિન્દુસ્તાનને આઝાદ કરીએ પછી નિરાંતે આપણામાંની ધાર્મિક, સામાજિક, આર્થિક અસમાનતા નષ્ટ કરીશું. ન્યુયોર્કમાં ભારતીય વિદ્યાર્થીઓની ઘણી સંસ્થાઓ-ક્લબો પણ હતી. મહારાષ્ટ્ર કલબના તેઓ "મેમ્બર" પણ હતા. આ સંસ્થાઓ દ્વારા અવારનવાર મિલન-સમારંભો, ભારતીય રાજકારણ વિશે વ્યાખ્યાનો, ચર્ચાસભાઓ યોજવામાં આવતી. ભીમરાવ કોઈકવાર ઔપચારિકતા પૂરતા એમાં ઉપસ્થિત રહેતા, પરંતુ કદાપિ સક્રિયતા દર્શાવતા નહોતા. લાલ લજપતરાય દ્વારા ૧૯૧૬માં મળેલી હિન્દી વિદ્યાર્થીઓની પરિષદમાં પણ તેઓ હાજર રહ્યા નહોતા. પોતે ન્યૂયોર્ક જવા માટે નીકળ્યા ત્યારે રમાબાઈ સગર્ભા હતા. થોડા માસ પછી પુત્ર જન્મના સમાચાર મળ્યા. આ તેમનો બીજો પુત્ર હતો જેનું નામ ગંગાધર રખાયું હતું. દોઢેક વર્ષની શિશુઅવસ્થામાં ગંગાધરના અવસાનના સમાચાર ન્યૂયોર્કમાં ભીમરાવને મળ્યા, પરંતુ એક સ્થિતપ્રજ્ઞ પુરુષની જેમ... પોતીકા કર્મમાં તલ્લીન હતા.

ભીમરાવ આંબેડકરનું એક માત્ર લક્ષ્ય હતું જ્ઞાનપ્રાપ્તિ. તેમને ચિદવિલાસ સિવાય અન્ય કઈ વિલાસ ખપતો નહોતો. તેમનું ચિત્ત તદ્રપ થવા થનગની રહ્યું હતું. સુખી કે નિંદ્રા હરામ કરી હતી. તે જાણતા હતા કે विद्यातुराणां न सुख, न निंद्रा અલબત્ત આર્થિક ભીડ ભાંગવા અમેરિકન વિદ્યાર્થીઓની પરંપરા પ્રમાણે નોકરી કરી. નાણાં પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ તે અભ્યાસને અગવડરૂપ જણાતાં અંતે તેને છોડી દીધો હતો. તેઓ દિવસના અઢાર કલાક અધ્યયન કરતા હતા. વિદ્યાર્થીને નિંદ્રા ક્યાંથી હોય ?

ભીમરાવ વિદેશ તો ગયા પરંતુ ઘરની હાલત ઘણી જ ખરાબ હતી. જે થોડા પૈસા તે મૂકી ગયેલા તે તો જોતજોતામાં ખર્ચાઈ ગયા. આવા મોટા મુંબઈ શહેરમાં ગુજારો કરવો ઘણો મુશ્કેલ હતો. બાળારાવ તો જુદા રહેતા. આનંદરાવનો ટૂંકો પગાર હતો. અને વધારામાં તેમની નાદુરસ્ત તબિયતને કારણે દિવસો પૂરા ભરાતા નહોતા. રમાબાઈ કહે- છે કે હું તથા લક્ષ્મી કંઈક ને કંઈક કામ કરતાં હતાં. સવારે જમી પરવારી હું, ગૌરીબાઈ તથા લક્ષ્મીબાઈ છેક વર્લી છાણાં થાપવા જતાં અને પાંચ પૈસ્ મેળવતાં... મોટે ભાગે અમે ડુંગળી અને રોટલા ઉપર જ નભતાં શાકભાજીનાં પૈસા ક્યાંથી લાવવા ! શંકર મજૂરીએ જતો. આઠ-દશ આના મજૂરી મળતી. કોઈકવાર તે શાકભાજી લેતો આવે તો ઠીક બાકી તો... વળી રસોઈ માટે બળતણનો પણ પ્રશ્ન રહેતો. તે માટે હું અને નાનકડો યશવંત બપોરના જમીને નીકળતાં. પોયબાવાડી, દાદર, માહિમ સુધી જઈ લાકડાં માથે મૂકી અમે પરત આવતાં. પરદેશ ગયેલા પતિની પત્નીની પીડા કોને કહેવી ? આ રીતે કાઢેલા દુ:ખભર્યા દિવસોની વાત આજે કોઈ કદાચ માનશે નહિ, પરંતુ ઊજળા ભવિષ્યની આશાએ આ બધાં જ દુ:ખો અમે હસતાં હસતાં ઉઠાવતાં હતાં. "ભીમરાવના ઉત્થાનમાં સમગ્ર પરિવારનો મહાન ત્યાગ હતો બીજી બાજુ પરદેશમાં ભીમરાવ પણ ભારે કષ્ટ ઉઠાવી ભણતા હતા."

એક એક ક્ષણનો તેઓ ગણી ગણીને ઉપયોગ કરતા. એક એક પાઈને સાચવી સાચવીને તેનો ખર્ચ કરતા. બચત કરી પોતાના પરિવાર માટે પણ તેઓ મોકલતા રહેતા. ઘણી વખત તેઓ ભૂખ્યા રહી સમય અને નાણાંની બચત કરતા.

## ૨.૨.૮ અમેરિકાની યુનિવર્સિટીની પદવી પ્રમાણપત્ર

જૂન, ૧૯૧૫માં ઉત્તમ પરિણામ સાથે એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી તેઓના પ્રાધ્યાપકોની પ્રેરણાથી પીએચ.ડી. માટે પ્રવૃત્ત થયા, પરંતુ હવે સંશોધનનો સવાલ હતો જે બાબતે ભીમરામ આંબેડકર લખે છે કે...

"બી.એ. સુધી હું સામાન્ય વિદ્યાર્થી હતો. આગળ જતાં હું સંશોધનકર્તા થઈશ તેની મને કલ્પનાં સુદ્ધાં નહોતી. વળી સંશોધન માટે અધ્યયની એક વિશિષ્ટ પ્રકારની દૃષ્ટિની આવશ્યકતા હોય છે, તેમજ

પ્રાધ્યપકો પાસેથી એક વિશિષ્ટ પ્રકારનું માર્ગદર્શન પણ મેળવવાનું હોય છે. પણ મારી બાબતમાં આમ બન્યું નહોતું. પરિણામે મારી સુષુપ્ત શક્તિને ચાલના પ્રાપ્ત થઈ નહોતી. અમેરિકામાં આવ્યા બાદ પ્રોફેસર એડવિન સેલિગ્મન, પ્રોફેસર સીગર તેમજ અન્ય પ્રોફેસરની પ્રેરણા અને પ્રોત્સાહનને કારણે મારી સુષુપ્ત શક્તિ ખીલી ઉઠી. તેનો મારે સ્વીકાર કરવો રહ્યો. સેલિગ્મનને મેં પૂછ્યું કે, "સંશોધન કેવી રીતે કરું... ? હું મૂંઝાઉં છું." ત્યારે તેમણે કહ્યું, "પ્રથમ તમે તમારું કાર્ય શરૂ કરો. તમને આપોઆપ સમજાશે કે સંશોધન કેમ કરવું ? કામ કામને શીખવે છે." હું જાતે અનેક ગ્રંથોનું વાંચન અને ચિંતન કરવા લાગ્યો, નોંધ ઉતારવા લાગ્યો, મારી સ્મરણશક્તિ વધી અને અને અંતે સંશોધનકાર બન્યો."

ભગવાન બુદ્ધે પચીસસો વર્ષે પૂર્વે કહ્યું હતું, "માનવ પોતે જ પોતાનો માર્ગદર્શક છે. अत्तदीप भवः अत्तनो हि अत्तनो नाथो સ્વયં પ્રકાશિત બનો. પરપ્રકાશિત ન બનો." ભગવાન બુદ્ધનો આ મંત્ર ભીમરાવ આંબેડકરનો "જીવનમંત્ર" બન્યો. ભીમરાવે **"બ્રિટિશ ભારતમાં પ્રાંતિક અર્થવ્યવસ્થાની ઉત્ક્રાંતિ"**

"Evolution of Provincial finace in British India." (The National Dividend of India-Historical and Analytical Study.) નામનો શોધપ્રબંધ લખી ૧૯૧૬માં પચીસ વર્ષની યુવાનવયે પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી. જો કે નાણાંના અભાવે તેની મુદ્રિત પ્રત આઠ વર્ષ પછી પ્રસ્તુત કરી હોવાથી કોલંબિયા યુનિવર્સિટીના નિયમાનુસાર પદવીની અધિકૃત ઘોષણા વિલંબથી જૂન, ૧૯૨૭માં થઈ હતી. અબલત્ત પદવી લખવાની પરવાનગી પ્રાપ્ત થઈ હતી. Kings and sons Co. London દ્વારા ૧૯૨૫માં પ્રસિદ્ધ થયેલ તે ગ્રંથ તેમણે મહારાજા સયાજીરાવને Token of my gratitudes of His help in the metter of my education...... આ શબ્દ સાથે સમર્પણ કર્યો હતો. શિક્ષણ-જગતમાંની ધ્યાનાર્હ સિદ્ધિ માટે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. લિંકન જેવા લીધેલા સંકલ્પને પૂર્ણ કરનાર અને બુકર ટી વૉશિંગ્ટન જેવા અથાક ઉદ્યમવીર સાથે તેમની તુલના કરવામાં આવી હતી. આમેય શિક્ષણનું સાચું સ્વરૂપ કૃતજ્ઞતમાં જ હોય છે. અંગ્રેજી ઉક્તિમાં સાચું જ કહ્યું છે Grattituted is the highest Form of Education..

બારેક પ્રકરણોમાં સમાવિષ્ટ ૩૦૦ પાનાંનો ગ્રંથ તર્કબદ્ધ રીતે રસપ્રદ માહિતી સાથે પ્રવાહી શૈલીમાં લખાયો છે. તેમના આ ગ્રંથ તે વિષયમાં પ્રથમ ગ્રંથ હતો.

બ્રિટીશ સામ્રાજય 'ઈન્ડિયન ગર્વમેન્ટ' હજારો માઈલ દૂર આવેલી બ્રિટિશ પાર્લામેન્ટ તેમજ સેક્રેટરી ઓફ સ્ટેટ દ્વારા કેવો કેવો વહીવટ ચલાવે છે. તેમના દ્વારા ચાલતી સરકાર કેવી બેજવાબદાર રીતે વર્તે છે અને આ કારણે ભારતીય ગરીબ પ્રજાનું કેવું શોષણ થાય છે. તેની વિસ્તૃત વિગતો વિષે વેધક પ્રકાશ ફેંકવામાં આ પ્રથમ ભારતીય ગ્રંથ હતો. કિસાનો-કામદારોના શોષણ દ્વારા તેમની કેવી દુર્દશા કરવામાં આવી છે તેની ઝાટકણી કાઢી ભારતીય જનતાના મતો ઉપર જ સંપૂર્ણપણે ચાલનારી સરકારની હિમાયત કરી છે. આવી સરકાર આવે તો જ ભારતના લોકોના પ્રશ્નો હલ થઈ શકે તેવી અપેક્ષા સાથે ગ્રંથને પૂર્ણ કરવામાં આવ્યો છે.

પ્રાંતીય તથા કેન્દ્રીય કાયદા મંડળના સભ્યોના હિલ્ટન યંગ કમિશન (રોયલ કમિશન ઓફ ઈન્ડિયન, કરન્સી) ભારતીય ચલણ પંચ સમક્ષ જ્યારે ડૉ. આંબેડકર રજૂઆત કરવા ગયા ત્યારે પંચના બધા સભ્યો પાસે પોતાના ગ્રંથ નિહાળી ડૉ. આંબેડકરના આનંદનો પાર ન રહ્યો. ડૉ. આંબેડકરને પોતાના ગ્રંથના પ્રકાશનથી અનહદ આનંદ થયો. તેઓ લખે છે કે, "મારે ત્યાં ચાર સંતાનોનો જન્મ થયો તેમ છતાં મને પુત્ર જન્મથી જેટલો આનંદ નહોતો થયો તેથી વિશેષ આનંદ મારું પુસ્તક પ્રસિદ્ધ થવાથી થયો હતો."

વચગાળાના સમયમાં તેમણે "Castes in India : Their Mechanism Gensesis and Development." નામનો એક શોધનિબંધ યુનિવર્સિટીના સમાજશાસ્ત્રનાં પ્રોફેસર ડૉ. એ. એ. ગોલ્ડનવીજર દ્વારા આયોજિત એન્થ્રોપોલોજી સેમિનાર સમક્ષ (૯ મે, ૧૯૧૬) વાંચ્યો હતો. આ તેમનું પ્રથમ સંશોધન હતું. **"ભારતમાં જાતિ તેને ઉત્પત્તિ અને યાંત્રિકતા તથા વિકાસ"** વિષે વિપુલ વિગતો સાથે માનવ-સંસ્કૃતિનો ઇતિહાસ રજૂ કરી તેમણે ભારતની જાતિસંસ્થાનાં મૂળ ખુલ્લાં કર્યા હતાં. સમાજશાસ્ત્રના સુપ્રસિદ્ધ વિદ્વાનો રીઝે તથા રિહાર્ટના સમાજશાસ્ત્રનાં સિદ્ધાંતોને પડકારી ડૉ. આંબેડકરે આગવા સિદ્ધાંતની સ્થાપના કરી હતી. તેમણે લખ્યું હતું કે, જાતિનો પ્રસાર-પ્રચાર એ એક રાક્ષસી કૃત્ય છે, અને કોઈ પણ ધૂર્ત વ્યક્તિ કે ધૂર્ત વર્ગ પણ આવું કાર્ય કરે નહિ. વળી, મનુસ્મૃતિની વિગતો આપી

તેને અત્યંત જુલ્મી કહેતાં તેમણે લખ્યું કે, તેણે સઘળા સમાજને બંધનમાં બાંધી, વેઠિયા બનાવ્યાં હતા. મનુએ પોતાની કલમના ગોદે અન્ય વર્ગોને પશુથી પણ હીન અવસ્થામાં મૂકી દીધા હતા. જાતિવાદ પરના આવા જલદ અને તલસ્પર્શી વિચારોથી સેમિનારના વિદ્વાનો ઘણા જ પ્રભાવિત થયા હતા. The American Journal of sociology નામના સામયિક કે "Worlds Best Literature of the month" એ મથાળા હેઠળ ડૉ. આંબેડકરના સંશોધન-નિબંધની નોંધ લીધી હતી. The Inidan Antiquary નામના માસિકના મે, ૧૯૧૭ના અંકમાં તે પ્રસિદ્ધ પણ થયો હતો. આગળ જતાં તે ગ્રંથસ્વરૂપે પ્રસિદ્ધ થયો હતો. ડૉ. આંબેડકરનું આ પ્રથમ સાહિત્ય-સોપાન હતું.

જગતના જ્ઞાનને પી જવાથી ધગશવાળા ડૉ. આંબેડકરને માત્ર બે અમેરિકન પદવીઓથી પૂરતો સંતોષ થયો ન હતો. તેઓ ઈંગ્લેન્ડની નામાંકિત શિક્ષણસંસ્થાઓમાં અભ્યાસ કરી પદવીઓ પ્રાપ્ત કરવા માગતા હતા. વળી બેરિસ્ટર બનવા પાછળનો તેમનો હેતુ હતો કે કરાર પ્રમાણે વડોદરા સરકારની નોકરી પૂર્ણ કરી સ્વતંત્ર રીતે વકીલાત કરવી જેથી તેઓ સમાજસેવાનું કામ સારી રીતે કરી શકે, પરંતુ શિષ્યવૃત્તિની સમયમર્યાદા પૂરી થતી હતી. તેથી સમયમર્યાદા વધારી આપવા તેમણે વડોદરા સરકારના શિક્ષણ વિભાગને લખ્યું. રાજ્યના દીવાન સર મનુભાઈ મહેતાએ ના પાડી દીધી. ડૉ. આંબેડકરે બીજી વખત અરજી કરી. સાથે પ્રોફેસર સેલિગ્મનનો ભલામણપત્ર પણ બીડયો. અમેરિકામાં અત્યાર સુધી ડૉ. આંબેડકરે કેવું અને કેટલું જ્ઞાન સંપાદન કર્યું તેની માહિતી માટે પ્રોફેસર સેલિગ્મને લખ્યું હતું કે "જો ડૉ. આંબેડકરને બે વર્ષ માટે સ્કૉલરશિપ આપવામાં આવશે તો તેઓ અચૂક રીતે પદવીઓ પ્રાપ્ત કરશે તેની મને ખાતરી છે. વળી વડોદરા રાજ્યનું નામ પણ દીપાવશે." આમ છતાં દીવાન તથા સરકારી તંત્રે સમયમર્યાદા વધારવાની સાફ ના પાડી દીધી. અંતે ફાઈલ મહારાજા પાસે ગઈ જેમાં મહારાજાએ હુકમ કર્યો કે, "હાલ એક વર્ષ પૂરતી સમયમર્યાદા મંજૂર કરવામાં આવે છે. બીજા વર્ષની સ્કૉલરશીપ માટે ભવિષ્યમાં વિચારીશું."

સ્કૉલરશીપ મળે કે ના મળે પરંતુ ડૉ. આંબેડકર તો મક્કમમને ન્યુયોર્કથી નીકળી લિવરપુલ થઈ જૂન, ૧૯૧૬માં લંડન પહોંચી ગયા હતા. અર્થશાસ્ત્રની પદવી પ્રાપ્ત કરવા "લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સ એન્ડ પોલિટિકલ સાયન્સ"માં ઑક્ટોબર, ૧૯૧૬માં અને કાયદા (બૅરિસ્ટર)ના અભ્યાસ માટે નવેમ્બર, ૧૯૧૬માં ગ્રેઝ ઈન (GRAYS INN) પ્રવેશ મેળવી અભ્યાસમાં લાગી ગયા.

અમેરિકાના પોતાના પ્રોફેસર એડવિન સેલિગ્મનનો ભલામણપત્ર પણ લઈ ગયા હતા જે તેમણે સુપ્રસિદ્ધ અર્થશાસ્ત્રી સિડની વેબને લખ્યો હતો. પત્રમાં ડૉ. આંબેડકર વિષે તેમણે લખ્યું હતું કે, "Dr. Ambedkar is an exellent student and a nice fellow, moderate, broad and able. I know that you will be glad to service to him in the procecution of his researches"

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા પ્રોફે. સીડની વેબ જેવા વિદ્વાન ડૉ. આંબેડકર જેવા હીરાને જલદી પારખી ગયા. બંને વચ્ચે ઘનિષ્ઠ સંબંધ બંધાયો. તેમણે જ 'સ્ટેટ ફોર ઈન્ડિયા'ના કાયમી અન્ડર સેક્રેટરી સર લયિનેલને પત્ર લખી ઈન્ડિયા ઓફિસની લાઈબ્રેરી તેમજ રેકર્ડ વિભાગમાં અધ્યયન કરવાની પરવાનગી આપવા વિનંતી કરી હતી. ડૉ. આંબેડકર લંડન સ્કૂલ, ઈન્ડિયા ઑફિસ, બ્રિટિશ મ્યુઝિયમ તેમ જ અન્ય ગ્રંથાલયોમાં સવારે વહેલા પહોંચી જતા. ત્યાં નોંધો કરી પોતાના સંશોધન માટેની અધિકૃત માહિતી એકત્ર કરતા હતા. બપોરે માંડ એકાદ કલાક જમવાનો સમય મળતો. ઘણી વખત આખો દિવસ ભૂખ્યા રહીને પણ અધ્યયન કરતા. ગ્રંથાલયમાં સૌથી પહેલાં પહોંચનાર અને સૌથી છેલ્લા નીકળનાર વાચક ડૉ. આંબેડકર જ રહેતા. D.Sc. કરવા માટે પ્રથમ તેમને એમ.એસસી. અર્થશાસ્ત્ર સાથે કરવાનું હતું. ડેઝર્ટેશન (Dessortation) માટેનો વિષય હતો. "Provincial Decentralisation of indian finance" કોલંબિયા યુનિવર્સિટીમાં એમ.એ.ની પદવી માટેના ડેઝર્ટેશનનો વિષય પણ અર્થશાસ્ત્ર ઉપર Administration and finance of East India Company હોવાથી તેમને સીધા એમ.એસસી.માં પ્રવેશ આપવામાં આવ્યો હતો. આમ તેમનું કાર્ય સરળ બન્યું હતું. વળી ઘણા ઓછા સમયમાં તેમને ઊંચી પદવીઓ પ્રાપ્ત કરવી હતી. તેમજ બૅરિસ્ટર પણ બનવું હતું. સીધાં ચઢાણ ચઢવાનાં હતાં. ડૉ. ભીમરાવ રામજીરાવ આંબેડકરના અભ્યાસ માટે માર્ચ, ૧૯૫૦ના Readers Digestમાં બ્લેક ક્લાર્ક (Black clark) લખે છે કે :

"પોતાના વિદ્યાર્થી-અવસ્થામાં જ્ઞાનર્જન માટે ડૉ. આંબેડકરે જે અકરાંતિયું ખાઉધરાપણું દેખાડ્યું

તેવું ખાઉધરાપણું દેખાડનાર વિદ્યાર્થીઓ ભાગ્યે જ જોવા મળે છે. ઈતિહાસ, નૃવંશશાસ્ત્ર, માનવશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર આત્મસાત્ કરવા તેઓ પોતાના દેહનું ભાન ભૂલી ગયા હતા. ૧૯૧૬માં તેમને જે પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત થઈ તે પદવી પ્રાપ્ત કરવા આવશ્યક જ્ઞાન કરતાં અનેકગણું જ્ઞાન તેમણે પ્રાપ્ત કર્યું હતું."

જ્ઞાને-સંસ્કારે સમર્થ સારસ્વત ડૉ. આંબેડકર વિદ્વતજનોમાં સન્માનનીય અને પ્રિય થયા હતા. પરંતુ પ્રતિકુળતાઓ તેમનો પીછો છોડતી ન હતી. વડોદરાની સરકારે શિષ્યવૃત્તિ સમયમર્યાદા વધારી આપવા સાફ ના પાડી. ડૉ. આંબેડકર પર વજ્રાઘાત થયો. ઉપરાઉપરી અરજીઓ, ટેલિગ્રામ વગેરે કરી વિનંતી કરી, પરંતુ મહારાજા મોટે ભાગે વિદેશમાં પ્રવાસે રહેતા અને દીવાન સર મનુભાઈ મહેતા મચક આપે તેમ નહોતા. વળી વડોદરા રાજ્યના શિક્ષણ ખાતાના સવર્ણોને આંબેડકર આંખમાં કણાની જેમ ખૂંચતા હતા. આ બાબતે તેમણે વર્ષો સુધી પરેશાન કરવામાં આવ્યા હતા.

ડૉ. આંબેડકર પાસે વતન પરત આવવા સિવાય કોઈ વિકલ્પ રહ્યો નહોતો. અંતે યુનિવર્સિટીમાં પ્રોફે. કેનની ભલામણથી તેમના સંશોધન-નિબંધને ચાર વર્ષ પછી રજૂ કરવાની પરવાનગી પ્રાપ્ત થઈ. તેમન બેરિસ્ટરી માટે પણ સત્ર મંજૂર કરવાની પરીક્ષા આપવાની પરવાનગી વિલંબથી મેળવીને અભ્યાસ અધૂરો મૂકી હતાશ હૃદયે સ્વદેશ આવવા હિંદની વાટ પકડી.

પ્રથમ વિશ્વવિગ્રહની અગનજવાળાઓથી માનવસમાજ ત્રાહિમામ્ પોકારી રહ્યો હતો. જર્મન બૉંબમારા અને સબમરીનના હુમલાને કારણે સમુદ્રપ્રવાસ સંપૂર્ણ જોખમી બન્યો હતો. વળી, સારા જહાજ કે તેના ઊંચા વર્ગમાં બેસવા આ જ્ઞાનને, સંસ્કારે સમર્થ સારસ્વત ડૉ. આંબેડકર પાસે નાણાં નહોતો એટલે લંડનથી રેલ્વે દ્વારા માર્શિલસ આવ્યા અને ત્યાંથી "કેસર-હિંદ" જહાજ દ્વારા ૧૯૧૭ની ૨૭ ઑગસ્ટ મુંબઈના બંદરે ઉતર્યા હતા.

લંડનમાં ભૂખ્યા રહી પેટે પાટા બાંધી તેમણે કેટલાક ગ્રંથો ખરીદ્યા હતા જે તેમણે "થોમસ કુક એન્ડ કંપની" દ્વારા "સાલસેટ" નામના જહાજમાં મોકલ્યા હતા. દુશ્મનોની "ટોરપીડો"ના હુમલાથી તે જહાજ ડૂબી જતાં ઘેર કાગારોળ મચી ગઈ. છેવટે તાર કરી સ્પષ્ટતા થતાં સર્વત્ર આનંદ વ્યાપી ગયો કે આપણા ભીમરાવ સંપૂર્ણ સલામત છે. પરંતુ ભીમરાવનો સામાન ડૂબી ગયો હતો અને સામાનમાં પુસ્તકો-પ્રિય પુસ્તકો સિવાય બીજું હોય પણ શું ? પોતાનાં પ્રિય પુસ્તકો ડૂબી જતાં જે દુઃખ થયું તે અવર્ણીનીય હતું. જો કે પુસ્તકોના વળતરનાં નાણાં મળ્યાં કે જેની તેમને ભારે જરૂર હતી. વળી વડોદરાના મહારાજા સયાજીરાવે પણ પુસ્તક ડૂબવાના વળતર મદદ પેટે રૂ. ૩૦૦/- (ત્રણસો)ની સહાય કરી હતી. જે હુકમ તેમણે સીમલાથી કર્યો હતો.

આમ ઈંગ્લેન્ડ, અમેરિકા તથા જર્મનીની મહાન શિક્ષણ સંસ્થાઓ-યુનિવર્સિટીઓની એમ.એસસી., પીએચ.ડી., ડી.એસસી. અને બેરિસ્ટર-બાર એટ લો જેવી પદવીઓથી વિભૂતિ થયેલા. ડો.આંબેડકર ભારતના તે સમયના પ્રવર્તમાન રાજ પુરુષોમાં સમર્થ, પ્રજ્ઞાવંત પુરુષ કહેવાયા !! કદાચ તેમના જેટલી શૈક્ષણિક સામંજસ્યતાઓ તે સમયે કદાચ કોઈ ધરાવતું નહોતું !! સમાજના સૌથી છેલ્લા થર તો અદનો માનવી શિક્ષણના મહત્તમ શિખરો સર કરી છેલ્લે શિખરે પહોચ્યોં હતો. એ તપશ્ચર્યાથી સવ્યસાચી બન્યા હતો. એક કરિશ્મો કર્યો હતો. સંસ્કારે જ્ઞાને સમર્થ સારસ્વત ડો.આંબેડકર ભાવિ સંઘર્ષ માટે સજ્જ થયા હતાં.

### તમારી પ્રગતિ ચકાસો-૨

નીચેની ખાલી જગ્યામાં ઉત્તર લખો.

(૧) આંબેડકરના કોલેજ શિક્ષણની વિગતો લખો.

________________________________________

________________________________________

(૨) આંબેડકરના પુસ્તક પ્રેમની માંગણી કેવી રીતે પૂરી થતી ?

---

---

(૩) વડોદરામાં નોકરી અને વસવાટની વિટંબણા કેવી હતી ?

---

---

**કેટલાંક ઉપયોગી સંદર્ભ ગ્રંથ :**

(૧) Dr,Ambedkar Life and Mission (૧૯૬૦) By Dhananj Keer. મુંબઈ

(૨) ડૉ.ભીમરાવ રામજી ચરિત્ર ગ્રંથ-૧-૨ (મરાઠી ૧૯૫૨) ચાંગદેવ ભગવાન ખૈરમોડે, મુંબઈ

(૩) ડૉ. બાબાસાહેબ આંબેડકર (જીવન ચરિત્ર) ડૉ. પી.જી.જ્યોતિકર, અમદાવાદ

(૪) મહાર એક શૂર જાત (૧૯૯૨) શિ.ભા.ગાયસમુદ્રે પ્રજ્ઞા પ્રકાશન નાગપુર

(૫) ડૉ. બાબાસાહેબ આંબેડકર : ભાલચંદ્ર દિ ફડકે.

(૬) આત્મકથા (મરાઠી) : શંકરરાવ ખરાત

# એકમ:૩ સમાજ સેવાનાં સીધાં ચઢાણ :

| | |
|---|---|
| ૩.૦ | ઉદ્દેશ્ય |
| ૩.૧ | વડોદરામાં વસવાટની વિકટ વિટંબણાઓ અને સમાજ સેવાનો સંકલ્પ |
| ૩.૧.૧ | મુંબઈમાં આજિવિકા માટેનો સંઘર્ષ |
| ૩.૧.૨ | સરકારી સિડહામ કોલેજમાં પ્રાધ્યાપક |
| ૩.૨ | અસ્પૃશ્યતા નિવારણની ત્રણ પરિષદોથી અલિપ્ત. |
| ૩.૨.૧ | કોલ્હાપુરના મહારાજા શાહુજી સાથે મિલન-ડો. પી.જી.સોલંકી સાથે સાઉથ બરો સમિતિ સમક્ષ સાત બેઠકોની માંગણી |
| ૩.૨.૨ | 'મૂકનાયક' (પાક્ષિક નો પ્રારંભ) |
| ૩.૨.૩ | ડો.આંબેડકરની અધ્યક્ષતામાં માણગાંવ પરિષદ |
| ૩.૨.૪ | પુનઃ વધુ વિદ્યાર્જન માટે વિદેશની વાટે |
| ૩.૨.૫ | વકીલાતના વ્યવસાયનો પ્રારંભ અને સફળતા |
| ૩.૨.૬ | બહિષ્કૃત હિતકારણી સભાની સ્થાપના (૨૪-૭-૧૯૨૪) |
| ૩.૨.૭ | ડો. આંબેડકરની અધ્યક્ષતામાં માલવણમાં દલિત પરિષદ |
| ૩.૩.૧ | અસ્પૃશ્યો ઉપરથી બે નોંધપાત્ર ઘટનાઓ |
| ૩.૩.૨ | ડો.આંબેડકર અને ડો. સોલંકીની કાયદા મંડળમાં નિમણૂંક |

## ઉદ્દેશ :

આ એકમમાં આપણે ડો.આંબેડકરનો સમાજસેવાનો સંકલ્પ, તેમજ તે ને અનુસરતી તેમની સમાજ સેવાની પ્રવૃતિઓ, ચળવળો, જેવી કે, દલિત પરિષદો, છત્રપતિ શાહૂ સાથે મિલન, 'મૂકનાયક' સામયિકની શરૂઆત, મહાડ ચવદાર તળાવનો સત્યાગ્રહ વગેરે જોઈએ.

## ૩.૧ વડોદરામાં વસવાટની વિકટ વિટંબણા અંતે સમાજ સેવાનો સંકલ્પ :

અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાંથી એમ.એ.,પીએચ.ડી. જેવી પદવીઓ પ્રાપ્ત કરી ડો.આંબેડકર વડોદરા રાજ્ય સાથેના કરાર મુજબ વડોદરામાં નોકરી માટે આવ્યા. તેમની ઓકટોબર ૧૯૧૭માં તેમની નિમણૂંક મિલીટરી ડીપાર્ટમેન્ટ (ફર્સ્ટ ઈન્ફન્ટરી) એકાઉન્ટ ઓફિસમા પ્રોબેશનર તરીકે કરવામાં આવી. જેમાં દર માસે રૂપિયા એકસો પચાસ પગાર નક્કી થયો હતો. પરંતુ રહેઠાણની વ્યવસ્થા નહોતી. ઉચ્ચ શિક્ષણ પામેલા અસ્પૃશ્ય અધિકારીને વડોદરામાં કોઈ મકાન આપવા તૈયાર નહોતા. આખરે બનાવટી નામ-એદલજી રાખી એક પારસીની વીસીમાં કામચલાઉ આશરો મેળવ્યો. ડો. આંબેડકરના શબ્દોમાં તેની વિગતો આપણે જોઈએ.

"વડોદરા સ્ટેશને ઉતરતાં અમારી સમક્ષ સૌથી મોટો પ્રશ્ન ઉતારાનો ઉભો થયો હતો. કયાં જવું ? શું કરવું ? અમે વિચાર્યું કે પારસી લોકોના ધર્મમાં કોઈ આભડછેટ નથી. કોઈક પારસી લોજમાં જઈએ તો ઠીક. પારસી લોજનું સરનામું મેળવી અમે ત્યાં પહોચ્યાં... અમારા આવતાની સાથે બે માળવાળી લોજના માલિકે અમને ઉપર બોલાવ્યા અને એક રૂમ આપ્યો. સામાન મૂકી કપડા ઉતારી હું ઉભો હતો ત્યાં પારસી માલિક આવ્યા અને મારા શરીર ઉપર "સદરો અને કંદોરો" ન જોતાં તેમને લાગ્યું કે હું પારસી નથી. તેમણે કડક અવાજે મને કહ્યું, "તું કોણ છે ? લોજ પારસી લોકો માટે જ પારસી માલિક દ્વારા ચલાવવામાં આવે છે." મારી મૂંઝવણનો પાર નહોતો. ગાત્રો ગળવા માંડયા, હવે ક્યાં જઈશું ? હિંમત એકઠી કરીને કહ્યું કે, "મારે થોડા જ દિવસ રહેવું છે, બીજે વ્યવસ્થા થતાં જ હું અહીંથી નીકળી જઈશ. હું જમવાની વ્યવસ્થા બહાર કરીશ. માત્ર મને રહેવાની વ્યવસ્થા કરી આપો." પારસી માલિકે હાથમાનું રજિસ્ટર બતાવતા કહ્યું કે, "આ રજિસ્ટરમાં નોંધણીનું શું ? મે કહ્યું કે, "મને બનાવટી પારસી નામ રાખવામાં-

રજિસ્ટરે નોંધવામાં કાંઈ વાંધો નથી. તમને તો ફાયદો થશે - પૈસા મળશે." વળી પાંચ વર્ષના વિદેશ વસવાટથી મારો વાન પણ સહેજ ગોરો થયો હતો, પારસીમાં ખપી જવાય તેમ પૂરતું હતું.જોખમ પણ નહોતું. કેટલાય દિવસથી પારસી પ્રવાસી ત્યાં આવ્યા નહોતા. માલિકે વિચાર્યું કે બે પૈસા કમાવા માટે આ વાત ઠીક છે. તેણે મારી વ્યવહારુ વાત સ્વીકારી. રોજના દોઢ રૂપિયાના ભાડે પારસી (એદલજી) નામે સાથે હું વીશીમાં રહેવા માંડયો. મને આફત ટળ્યાથી ઘણી જ ખુશી થઈ, પરંતુ મને એની કલ્પના નહોતી કે મારી ખુશી કેટલા દિવસ ટકશે ?" એક પલંગવાળી પ્રથમ માળ ઉપરની એક ઓરડીમાં મને ભારે મુશ્કેલી પડતી હતી. બાજુમાં તેનો ભંગાર સામાન ભર્યો હતો. વંદા, મચ્છર અને ઉંદરનો પાર નહોતો."

"હોટલવાળો સવારે એક કપ ચા, નવ વાગ્યે નાસ્તો અને સાંજે સાડા આઠ વાગ્યે ભોજન આપતો હતો. દિવસમાં ત્રણ વાર આવનાર માલિક મારી સાથે વાત પણ કરતો નહોતો. મારી સાથે વાત કરનાર પણ ત્યાં કોઈ નહોતું. રાત્રે આઠ વાગ્યા પહેલાં હોટલમાં હાજર થવું ફરજીયાત હતું. હોટલમાંની રાત ભયંકર રહેતી. આખા હોલમાં અંધકાર સિવાય કશું જ ન મળે. વીજળીના દીવા નહોતા. એટલે તે માલિકે મને નાનકડો તેલનો દીવો આપતો. પરંતુ આ દીવાનો પ્રકાશ પાંચ-સાત ઈંચથી આગળ વધતો ન હતો. વાતચીત માટે માણસ નહિ, અંધકારનો પાર નહી, પ્રકાશનું નામ નહી, વંદા, માંકડ, મચ્છર અને ઉંદરના ત્રાસનો પણ પાર નહિ. આ પરિસ્થિતિમાં રહેવા સિવાય મારી પાસે કોઈ ઉપાય નહોતો અને અહીંયાં પણ કેટલા દિવસ રહી શકાશે તેની ચિંતા પણ સતત કોરી ખાતી હતી."

દાદા કેળુસ્કરની ભલામણ ચિઠ્ઠી દ્વારા વડોદરાના અંગ્રેજીના પ્રોફેસર સેમ્યુઅલ લુકાસ જોષીને મળ્યા. આ મહાશય પણ ડો.આંબેડકર જોડે (૧૯૧૩-૧૯૧૫) કોલંબિયા યુનિવર્સિટીમાં મહારાજા સયાજીરાવની શિષ્યવૃતિના સહારે ભણ્યા હતા. તેમ છતાં તેમણે પણ સાફ ના પાડી. પૂર્વાશ્રમના બ્રાહ્મણમાંથી તેઓ ખ્રિસ્તી થયા હતા અને સવર્ણ હિન્દુ લત્તામાં રહેતા હતા. દાદા કેળુસ્કરને આપેલું વચન નિભાવી શક્યા નહિ. હિન્દુ સિવાયના ઈત્તરધર્મી લોકોમાં પણ હિન્દુઓના સંસર્ગદોષને પરિણામે "આભડછેટ"ની કુપ્રથા કેટલી ઉંડી ઉતરી ગઈ છે તેના ડો. આંબેડકરને ઘણા કડવા અનુભવ થયા.

બીજી બાજુ આંબેડકરના આગમન પૂર્વે જ સમગ્ર સચિવાલયમાં સમાચાર ફેલાયા હતા કે મહારાજાએ અસ્પૃશ્યની સચિવપદે નિમણૂંક કરી છે; હવે આપણું આખું સચિવાલય અભડાઈ જશે. આમ, તેમના આગમન પૂર્વે જ પૂર્વગ્રહ-ધીક્કારનું વાતાવરણ ઘુમરાતું હતું. એક અછૂતના હાથ નીચે કે સાથે આપણે કામ કરવું પડશે ? અછૂત અધિકારી આંબેડકરની આજ્ઞા તે વળી ખમાતી હશે ? અછૂત આપણને હુકમ કરે ! છી... છી... છી... આ હતા તેમના વિચારો. જેવા ડો. આંબેડકર આવ્યા તેવી જ ત્યાં કાનાફૂસી શરૂ થઈ ગઈ. આ અમેરિકા, ઈંગ્લેન્ડ, રિટર્ન ઓફિસર સામાન્ય ચપરાશી માટે તુચ્છ-અશ્પૃશ્ય હતો. વિદ્યુતપ્રવાહ માટે લાકડું અવાહક હોય છે. પરંતુ અસ્પૃશ્યતાનો પ્રવાહ બધાને માટે પણ સુવાહક હતો, એટલે સામાન્ય પટાવાળા પણ ફાઈલો ડો.આંબેડરકરના ટેબલ ઉપર દૂરથી ફેંકતા હતાં. રખેને ટેબલને અડકીને જવાય અને તો તો..... અસ્પૃશ્યતાનો વિદ્યુત પ્રવાહ તેમને અભડાવી મારે. ડો. આંબેડકરને અપમાન લાગે તેવી રીતે છેટે ઉભા રહીને વાત કરે. જેવા તેઓ ઓફિસમાં આવે તેવી જ જાજમ ઉઠાવી લે. રખેને જાજમ અભડાઈ જાય ! ડો.આંબેડકરને જે માર્ગેથી પસાર થાય ત્યાં બાજુમાં ઉભેલા સવર્ણ કર્મચારીઓ ચમકીને ખસી જાય... ડો.આંબેડકર સામે આંગળી ચીંધી વ્યંગમાં અમાનજનક સંવાદો બોલે... ડો.આંબેડકરને અપમાનો ગળ્યા સિવાય છૂટોકો પણ નહોતો.

સચિવાલય(કોઠી)માં ઉચ્ચ અધિકારીઓની એક ક્લબ હતી, જેના ડો.આંબેડકર સભાસદ બન્યા હતા. પરંતુ ક્લબમાં તેમની જોડે કોઈ બેસવા તૈયાર નહોતું. સવર્ણ નોકર નાસ્તો આપવા પણ તૈયાર નહોતો. એક ખૂણામાં એકલા બેસતાં આંબેડકર ભારે અકળામણ અનુભવતા હતા. એક દિવસ એક ટેબલ પર એક પારસી અને બે મુસ્લિમ અધિકારીઓ જોડે ચા-નાસ્તો કરતાં હિન્દુ અધિકારીએ ડો.આંબેડકરને બધાની વચ્ચે મોઢામોઢ કહ્યું, જુઓ મિ.આંબેડકર ! તમારે ટેનિસ-બેડમિંગ્ટનમાં ભાગ લેવો નહિ ખૂણામાં તમારા બેસવાની અલગ વ્યવસ્થા છે.એક મુસ્લિમ ચપરાશી તમને (જુદા કપ રકાબીમાં) ચા-નાસ્તો આપે તેવી વ્યવસ્થા અમે કરી છે. હિન્દુ અધિકારીને વિધર્મી, પારસી,ખ્રિસ્તી, મુસ્લિમ માટે વાંધો નહોતો. પરંતુ સ્વધર્મી માટે હતો, કારણ કે તે અસ્પૃશ્ય છે. ખૂણામાં અલગ બેસી ચા-નાસ્તો કરવો તેમને મંજૂર નહોતો. અપમાનિત થયેલા આંબેડકરે તે દિવસે સીધા વીશીમાં આવ્યા અને એક અરજી લખી મહારાજા સયાજીરાવને સઘળી હકીકત લેખિત રીતે દર્શાવી. મહારાજાને તેમને બોલાવ્યા. બંને વચ્ચે ઘણી વાતો થઈ. ડો.આંબેડકરના શિક્ષણ તેમજ અમેરિકાના તેમના બન્ને શોધપ્રબંધની વાતોથી મહારાજાએ આનંદ વ્યક્ત કર્યો અને કહ્યું કે, 'ધીરજ રાખો, ધીરે ધીરે બધી જ વ્યવસ્થા થઈ રહેશે.' આવી નાજુક

પરિસ્થિતિમાં એકદમ કંઈક કરવા જતાં સવર્ણોનો વિરોધ આવી પડે તો તેનો સામનો કરવા મહારાજા અચકાતા હતા. એક પ્રજાવત્સલ રાજવી એક અસ્પૃશ્યને શિક્ષણ અને સંસ્કાર આપી શકે છે, વિદ્યા માટે વિદેશ મોકલી શકે છે, પરંતુ તેને રહેવાને પોતાની હકૂકતમાં નાનકડું મકાન અપાવવા નિઃસહાય હતા. રૂઢિવાદી સમાજને કારણે, અધિકારી બનાવનાર રાજવી અધિવાસ આપી શકતા નહોતા.

**સમાજ સેવાનાં સીધાં ચઢાણ :**

ક્લબના કકળાટથી છેટા રહેવા હવે ડો.આંબેડકર ફુરસદના સમયે વડોદરા સેન્ટ્રલ લાઈબ્રેરીમાં જતા અને ગ્રંથોના વાચનમાં પોતાનું દુઃખ વિસારે પાડવા પ્રયત્ન કરતા હતા. તેમના લાઈબ્રેરીમાં જવા બાબતે પણ પાછા વાંધાઓ શરૂ થયા. દીવાન સુધી વાત પહોંચી, દીવાને ડો.આંબેડકરને બોલાવ્યા. તેમણે પોતાની સઘળી કથની કહી. દીવાને પણ કંઈક કરવાનું આશ્વાસન આપી આંબેડકરને વિદાય કરી દીધા.

ક્લબ તથા રહેવાના પ્રશ્નનો કોઈ ઉકેલ આવ્યો ન હોવાથી ત્રણેક દિવસ પછી ડો.આંબેડકર મહારાજાને મળ્યા અને સઘળી કેફિયત રજૂ કરી કહ્યું કે, મારો વિદેશનો અભ્યાસ થોડો અધૂરો રહી ગયો છે. મને બે ત્રણ વર્ષ અભ્યાસ કરવા સગવડ કરી આપો. મારો અભ્યાસ પૂર્ણ થતાં પરત આવી હું વડોદરા સરકારની સેવા અચૂક હાજર થઈશ. ત્યાં સુધીમાં આ નાજુક પરિસ્થિતિ પણ કંઈક હળવી બનશે.

મહારાજાએ કહ્યું કે, "ચાર શિષ્યવૃતિ આપી હવે તેમાં વધારો કરવાની કોઈ શક્યતા નથી." ડો.આંબેડકરે કહ્યું કે, " તો પછી મને એક સ્વતંત્ર રહેણાંક આપો, જેથી હું મારા પરિવારને અહીં લાવી શકું." "મહારાજાએ એ જ અગાઉનું જ આશ્વાસન આપી ધીરજ રાખવાની સલાહ આપી. એક રાજયનો સમરથ રાજવી એક લાયક અસ્પૃશ્ય અધિકારીને નાનકડું મકાન મેળવી આપવામાં કેવા લાચાર હતા તે અનુભવથી ડો.આંબેડકરને અપાર દુઃખ થયું. તે રાત્રે વળી તેઓ ઉંઘી શક્યા નહિ. તેમની મતિ મુંઝાઈ ગઈ હતી. વળી સમગ્ર વડોદરામાં વાત વહેતી થઈ ગઈ હતી કે, મહારાજા એક 'મહાર' ને મોટો ઓફિસર બનાવી વડોદરામાં લાવ્યા છે, એથી આખું વડોદરા વટલાઈ જશે. અગિયારમાં દિવસના અવિસ્મરણીય પ્રસંગને ડો.આંબેડકરના આત્મવૃત્તાંતમાં જોઈએ :

"પારસી વીશીમાં આજે મારો અગીયારમાં દિવસ હતો. જમી, કપડાં પહેરી, પુસ્તકો લઈ ઓફિસમાં જવાની તૈયારી કરતો હતો. ત્યાં ઘણા બધાના આગમનનો ઘોંઘાટ થયો. મારા મનમાં કે કોઈક મુસાફરો આવ્યા હશે, તો ઉંચા, તગડા, હાથમાં લાઠી લઈ ગુસ્સે ભરાયેલા દશ-બાર પારસી મારા રૂમ પાસે પહોંચી ગયા. તેમાં એકે પૂછયું, 'તું કોણ છે ? તારી બધી જ ચાલાકી અમે જાણી ગયા છીએ. પારસીનું બનાવટી નામ ધારણ કરવાની તારી આ હિંમત ? બદમાશ ! તેં પારસી લોકોની હોટલ અભડાવી દીધી છે. વારાફરતી એક પછી એક બધા મને મનફાવે તેમ બોલતા હતા અને હું અસહાય અને નિરુત્તર રહી સાંભળતો હતો. મારો જીવ પણ જોખમમાં હતો. ત્યાં બીજાએ કહ્યું, "બોલ તારા લબાચા લઈ ક્યારે નીકળીશ ?" હવે જરા મને સ્વસ્થતા મળતાં મેં વિનમ્રભાવે કહ્યું, "વડોદરાના દીવાનસાહેબ સાથે મારે વાતચીત થઈ છે, એકાદ અઠવાડિયામાં મને મકાન મળી જશે." એકાદ અઠવાડિયું રહેવા દેવાની મેં વિનંતી કરી. પરંતુ પારસી લોકોનો પારો આસમાને ચઢ્યો હતો. તેઓ કશું જ સાંભળવા તૈયાર નહોતા. તાડુકીને આગળ પડતાં એક પારસીએ કહ્યું, 'જો આજ સાંજે આ હોટલમાં તારો પગ હોવો જોઈએ નહિ, નહિ તો તારા ટાંટિયા ભાંગી નાંખીશું અને લબાચા ફેંકી દઈશું !"

આ હૃદયદ્રાવક કરુણ પ્રસંગનું વર્ણન કરતાં જાહેરસભામાં આંખમાં આસું સાથે ડો.આંબેડકરે જે કહેલું એની નોંધ જોઈએ : "પારસી લોકોના ગયા પછી હું વિચારમાં પડ્યો કે આ મુસીબતમાંથી કેવી રીતે માર્ગ કાઢવો ? આખો દિવસ મકાન માટે ભટક્યો. મને ક્યાંય મકાન ન મળ્યું. કેટલાંક હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી પરિચિત મિત્રોએ જુદાં જુદાં બહાના કાઢી મને રવાના કરી દીધો. મહારાજા મૈસુર જવાના મૂડમાં હતાં અને દીવાન આગળ રજૂઆત કરવાનો કોઈ અર્થ ન હતો. વળી પ્લેગની બીમારીથી વડોદરામા ગમે ત્યાં વસવું પણ જોખમકારક બન્યું હતું. મારે માટે ઉપર આભ અને નીચે ધરતી હતી. મારી મતિ મુંઝાઈ ગઈ. મને કશુંય સૂઝતું નહોતુ હવે મારે શું કરવું ? મારું હૃદય ભરાઈ ગયું. એક વૃક્ષ નીચે બેસી ચોધાર આંસુએ રડી પડ્યો.. રડતે હૃદયે મેં મુંબઈની વાટ પકડી... તે સિવાય મારી પાસે કોઈ વિકલ્પ પણ ન હતો.."

મહાત્મા ગાંધીજીને દક્ષિણ આફ્રિકામાં રેલવેની પ્રથમ વર્ગની ટિકિટ હોવા છતાં મોરિત્સબર્ગ રેલવે સ્ટેશને ગોરાઓએ તેમનો સામાન ડબ્બા બહાર ફેંકી દીધો ત્યારે તેમને "રંગભેદની અસ્પૃશ્યતાનો આકરો અનુભવ થયો હતો. અહીંથી તેમનો જીવનદષ્ટિકોણ તદ્દન બદલાયો. જીવન-ધ્યેય બદલાયું. રંગભેદના

રોગની નાબૂદી માટે તમામ શક્તિઓ ખર્ચવાનો મનસૂબો કર્યો. તેને પોતાનો ધર્મ માનયો. આવી જ રીતે વડોદરાના "જાતિભેદ"ના વસમા અનુભવે ડો.આંબેડકરનું સમગ્ર જીવન-ધ્યેય બદલી નાંખ્યું. તેમણે ઉંડુ ચિંતન કર્યું કે, અમેરિકા-ઈંગ્લેન્ડમાં ઉચ્ચ અભ્યાસ કરી આવેલાં સંસ્કારી અને ઉંચા હોદ્દાવાળા અધિકારી પણ દેશ અને સમાજમાં માત્ર "અસ્પૃશ્ય" જ હોય, માનવ તરીકે તેનું કાંઈ મૂલ્ય ન હોય, પશુથી પણ બદતર સ્થિતિ હોય તો મારા કરોડો અજ્ઞાન-અકિંચન અછૂત બાંધવના હાલ કેવા હશે ? વડોદરામાં એ વૃક્ષ નીચેના ચિંતનથી ડો.આંબેડકરને ભગવાન બુદ્ધની જેમ સમાજસેવાની **સંબોધિ** પ્રાપ્ત થઈ.. બોધિજ્ઞાન થયું. વૃક્ષ નીચે "અધિકારી આંબેડકરે" વિદાય લીધી અને "સંઘર્ષવીર" આંબેડકરનો જન્મ થયો. તેમણે સમાજસેવાનો સંકલ્પ કરી પ્રતિજ્ઞા લીધી કે, "જે સમાજમાં હું જન્મ્યો છું તે (દલિત) સમાજ ઉપરના અમાનવીય, અન્યાયી, ગુલામીયુક્ત અત્યાચારો દૂર કરીને જ જંપીશ અને તે અત્યાચારો દૂર કરવામાં હું નિષ્ફળ નીવડીશ તો બંદૂકની ગોળી વડે મારા દેહનો અંત આણીશ."

> ("If I fail to do away with the a bominable thraldom and inhuman injustce under which the class, into which I was born has been groaming, I will put an end to my life With a bullet.")

એક નાનકડો પ્રસંગ કે એક નાનકડું વેણ મહાપુરુષોના સમગ્ર જીવનની દિશા બદલી નાંખે છે. પત્ની રત્નાવલીનાં કટુવચનથી મોહાંધ તુલસી સંત થયા અને સંત પાસેથી સમાજને 'રામચરિતમાનસ' મળ્યું. ગણિકાના કવેણથી બિલ્વમંગલ ભક્ત સૂરદાસ થયા અને ભાભીના મહેણાને કારણે ગુજરાતને ભક્ત નરસૈયો મળ્યો !! અપરમાતાના મેંણાથી ધ્રુવને અવિચલ પદ પ્રાપ્ત થયું.

વડોદરાનાં આકરાં અપમાનોએ, આગળ જતાં અધિકારી આંબેડકર "મજલૂમોના મસીહા બન્યા.. ભારતરત્ન થયા. ધન્ય છે આ ઘડી. ધન્ય છે વડોદરાની આ ધરતી, જયાં ડો.આંબેડકરને સમાજસેવાની સંબોધિ પ્રાપ્ત થઈ. વિદ્રોહના વિચારો સાથે વડોદરાથી આંબેડકરે વસમી વિદાય લીધી. આંબેડકરના શિક્ષણ અને સંબોધિજ્ઞાન ઊભયે ગુજરાતની ધરતી પ્રેરણાદાયી રહી તે પણ ગુજરાત માટે ગૌરવની બાબત છે.

## ૩.૧.૧ મુંબઈમાં આજિવિકા માટેનો સંઘર્ષ

ખુમારીથી વડોદરાની નોકરી છોડી મુંબઈ તો આવ્યા પરંતુ હવે મુંબઈમાં શું કરવું તે મોટી સમસ્યા હતી. પ્રથમ તો તેમણે આજીવિકાનો આધાર નક્કી કરવાનો હતો. વળી અધૂરો રહેલો અભ્યાસ પૂર્ણ કરવા ફરી વિલાયત જવા નાણાંની પણ બચત કરવાની હતી. હજુ તેમને બે ત્રણ વર્ષ નોકરી કર્યા સિવાય છૂટકો ન હતો. આથી જયાં જયાં આવશ્કયતા જણાઈ ત્યાં ત્યાં તેમણે સરકારમાં નોકરી માટે અરજીઓ કરવા માંડી, પરંતુ સરકારનો કોઈ સહકાર સાંપડ્યો નહિ. આવા ઉચ્ચ શિક્ષણ પામેલા યુવાનની કદર કરવાને બદલે પરદેશથી પાછા ફરેલા ડૉ. ભીમરાવ આંબેડકર માટે સરકારી તંત્ર શંકાની નજરે નિહાળતું હતું. તે શું કરે છે ? ક્યાં જાય છે ? તેમનું કાર્ય સરકારની તરફેણ કે વિરૂદ્ધનું છે ? જર્મની કે કોઈ ક્રાંતિકારી સંસ્થા સાથે સંકળાયેલા છે કે નહિ ? ઈત્યાદિ બાબતે સરકારનું ગુપ્તચર પોલીસ ખાતું તેમની પાછળ પડ્યું હતું. આ પરિસ્થિતિમાં સરકારી નોકરી માટેની આશા છોડી તેમણે ખાનગી નોકરી માટેના પ્રયત્નો ચાલુ કર્યા હતા. સવારે ચા-નાસ્તો કરીને નીકળતા, આખા દિવસની રઝળપાટ પછી સાંજે નિરાશવદને ઘેર આવતા હતા.

૧૯૧૭ના નવેમ્બર અંતમાં સાવકી માતા જીજાબાઈનું અવસાન થયું. જો કે સાવકી મા માટે ભીમરાવને બાળપણથી ખાસ લાગણી ન હતી. કંઈક અણરાગ હતો. પરંતુ આ જ અરસામાં વડીલ બંધુ આનંદરાવનું મૃત્યુ આંબેડકરને ઘણો જ આઘાત આપનારું નીવડ્યું. નાની ઉંમરથી ગજાબહારનું શ્રમકાર્ય કરવાને કારણે સતત ઘસારાને કારણે આ વડીલને ક્ષયરોગ થયો હતો. હવાફેર કરવા તેમના સસરાને ત્યાં ગોમીરગાંવ (મરાઠા) ગયા હતા. પોતાના વિદેશ-વસવાટ દરમ્યાન સઘળા પરિવારનો ભાર વહન કરી પોતાને સતત પ્રેરણા અને હૂંફ આપનાર કુટુંબના આધાર સમા આ વડીલ બાંધવના અકાળ અવસાનથી આંબેડકરને અપાર દુઃખ થયું હતું.

ચાર પાંચ મહિના થયા ન હતા ત્યાં આનંદરાવના બીજા નંબરના દોઢેક વર્ષના પુત્ર ગંગાધરનું મૃત્યુ થયું. આમ, એક પછી એક આઘાત આવતા જતા હતા, કુદરત કારમી કસોટીએ ચઢાવી રહી હતી.

સમાજ સેવાનાં સીધાં ચઢાણ :

આખરે તેમણે વ્યવસાયી જીવન શરૂ કર્યું. સ્ટોક એન્ડ શેર 'સલાહકાર' નામની કંપની દલાઈ સ્ટ્રીટમાં શરૂ કરી. આ વિષયના તેઓ નિષ્ણાત હતા. પ્રારંભમાં તેમણે સારો સહકાર પણ સાંપડ્યો. પરંતુ ધીરે ધીરે ખબર પડી કે આ કંપની એક 'અછૂત'ની છે, એટલે મારવાડી શેઠિયા, ગુજરાતી ભાટિયા 'ઢેઢની કંપની' બાજુ ઢૂક્યા જ નહિ, અંતે આંબેડકરને કંપનીને તાળાં મારવાં પડ્યાં.

પાછું નોકરીનું જીવન શરૂ કરવા નિર્ણય લેવો પડ્યો. ક્યાંય નોકરીનો મેળ ન પડતાં તેમણે ખાનગી ટ્યૂશન ચાલુ કર્યાં, પારસી મિત્ર નવલ ભાથેની ભલામણથી પારસી કુટુંબમાં માસિક પચાસ રૂપિયાનાં બે ટ્યુશન મળ્યાં. ત્યારબાદ દાવર કૉલેજમાં અર્થશાસ્ત્ર, બેન્કિંગ અને વેપારી કાયદાનાં સવાર-સાંજ 'અંશકાલીન' વ્યાખ્યાતાની પચાસ રૂપિયાની નોકરી માંડ મળી.

આમ, માસિક રૂ. દોઢસોની આવક ઊભી થઈ. આટલામાં ઘરનું માંડ પુરું થતું. હજુ તો તેમને અધૂરો અભ્યાસ પૂર્ણ કરવા વિલાયત જવા માટે પણ નાણાંની જરૂર હતી. એટલે તેમણે વિવિધ સંશોધનાત્મક સામયિકોમાં અર્થશાસ્ત્ર વિષે લેખો લખી વધારાની આવક ઉભી કરવા પ્રયત્નો કર્યા. Cast in India તથા Small Holding in India and their remedies પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં. પરંતુ તેમાં પણ ધારી સફળતા મળી નહિ.

આ અરસામાં મુંબઈની સરકારી સિડનહમ કોમર્સ કૉલેજમાં અર્થશાસ્ત્રના અધ્યાપકની એક જગ્યા ખાલી હોવાની જાણ થતાં ડૉ. આંબેડકરે અરજી મોકલી. અમેરિકા-ઇંગ્લેંડમાં તેમણે આ વિષયનો જ અભ્યાસ કરી પીએચ.ડી.ની ડિગ્રી મેળવેલ હોવાથી તેમજ આ વિષય ઉપર તેમનો ઊંડો અભ્યાસ હોવાથી તેઓ આ જગ્યા માટે સંપૂર્ણપણે સક્ષમ છે તેવું અરજીમાં લખ્યું. તેમજ તેમના પ્રોફેસરોનાં પ્રમાણપત્રો પણ સાથે બીડ્યાં, પરંતુ આ જગ્યા માટે બીજી દશ અરજીઓ આવી હતી, વળી જગ્યાના મૂળ હક્કદાર પ્રોફેસર તરીકે આર.એમ.જોષી તો ખરાજ. જોષી કામચલાઉ પ્રોફેસર તરીકે સેવા આપતા હતા અને હાલ વધુ અભ્યાસ માટે ઇંગ્લેન્ડ ગયા હતા. આ જગ્યા માટે કોને નીમવા તે બાબતે સરકારમાં પ્રકરણ ચાલ્યું. ઈંગ્લેન્ડથી પ્રોફેસર કેનનો અભિપ્રાય મંગાવવામાં આવ્યો, અભિપ્રાય આવ્યો જેમાં ડૉ. આંબેડકરનાં ભારોભાર વખાણ કરવામાં આવ્યાં હતાં. જો કે પ્રોફેસર જોષી વિષે પણ સારો અભિપ્રાય હતો. અંતે ડૉ. આંબેડકરે ફોડ પાડ્યો કે, મારે માત્ર બે વર્ષ જ નોકરી કરવી છે, ત્યારબાદ મારા અધૂરા અભ્યાસ માટે હું વિલાયત જવા માંગું છું. એટલે પ્રોફેસર જોષી જેવા અભ્યાસ કરી ૧૯૨૦માં ભારત આવશે તેવી તરત તેમની નિમણૂંક કરી શકાશે.'

ડૉ. આંબેડકરની સ્પષ્ટતાથી સમસ્યા ઊકલી અને તેમને પ્રોફેસરની મોભાદાર નોકરી આપવામાં આવી. મુંબઈમાં ઘણાં બધાં ટ્રસ્ટોની ઘણી ખાનગી કૉલેજો હતી. સંપૂર્ણ યોગ્યતા અને ગુણવત્તા ધરાવનાર ડૉ. આંબેડકરને આમાંની કોઈ પણ કૉલેજમાં તક ન મળી. માત્ર તેમને સરકારી કૉલેજમાં જ નોકરી મળી ! વળી, તે માટે મુંબઈના ભૂતપૂર્વ ગવર્નર કે જેમનું નામ આ કૉલેજ સાથે સંકળાયેલું હતું તે લૉર્ડ સિડનહેમને પણ અંગત રસ દાખવી ભલામણ કરવી પડી હતી. ડૉ. આંબેડકરે તેમની મુલાકાત લઈ તેમણે સઘળી હકીકતોથી વાકેફ કર્યા હતા. જાતિવાદને કારણે અન્યાય ન થાય તે માટે ડૉ. આંબેડકર પહેલેથી જ જાગૃત હતા.

૫, ડિસેમ્બર, ૧૯૧૭ના રોજ અરજી કરી હતી, ત્યારથી સતત સંઘર્ષ કરતા રહ્યા. "પ્રોફેસર પ્રકરણ" ઘણું લાંબુ-લગભગ એક વર્ષ ચાલ્યું અને છેક ઇંગ્લેન્ડ સુધી પહોંચ્યું. અંતે ડૉ.આંબેડકરનો સંઘર્ષ સિદ્ધિમાં પરિણમ્યો. ૧૦ નવેમ્બર, ૧૯૧૮ના રોજ તેમને પ્રોફેસર તરીકે બે વર્ષ માટેની નિમણુકનો પત્ર પ્રાપ્ત થયો. જો કે તેમણે બે વર્ષ પહેલાં જ ૧૧ માર્ચ, ૧૯૨૦ના રોજ વિલાયત જવા નોકરી છોડી દીધી હતી.

## ૩ : ૧ : ૨ સરકારી સિડહામ કૉલેજમાં અધ્યાપક

સરકારી કૉલેજના પ્રોફેસરની નોકરી મળતાં તેમને અપાર આનંદ થયો. પોતાના મિત્ર નવલ ભાથે પાસેથી છસો રૂપિયા ઉછીના લઈ પોતાને માટે તેમણે બે જોડી કપડાં સીવડાવ્યાં. પત્ની માટે પણ કપડાં લાવ્યા. સાથે પોતાની બહેનો મંજુલા અને તુલસી માટે સાડીઓ લાવવાનું પણ ભીમરાવ ભૂલ્યા નહોતા. ૪૫૦ રૂપિયાની નોકરી મળી એટલે 'ડબક ચાલ'થી 'ઈમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટની ચાલી'ની રૂમ નં. ૪૨માં રહેવા ગયા, આમ રહેઠાણ માટે પણ બઢતી મળી.

૧૯૧૮ના અગિયારમાં મહિનાની અગિયારમી તારીખના અગિયાર વાગ્યે વિશ્વે શાંતિનો શ્વાસ લીધો. પ્રથમ વિશ્વવિગ્રહનો અંત આવ્યો. તેના માનમાં રજા હતી. બારમી નવેમ્બરે ડૉ. આંબેડકરે અધ્યાપકની કામગીરીનો આરંભ કર્યો. અધ્યાપકની કામગીરી કેટલી અઘરી છે તેનો તેમને ખ્યાલ હતો જ. પ્રથમ દિવસે 'ઈન્ટરકોમર્સના' વર્ગના વ્યાખ્યાનમાં તેમને પસીનો છૂટી ગયો. પરંતુ જ્યારે વ્યાખ્યાન પુરું થયું અને વિદ્યાર્થીઓના ચહેરા ઉપર આનંદ અને અહોભાવ જણાયા ત્યારે તેમના આનંદનો પાર રહ્યો નહિ. ધીરે ધીરે એક પ્રભાવી પ્રોફેસર તરીકેની તેમની ખ્યાતિ વિદ્યાર્થી આમલમાં પ્રસરી ગઈ. અન્ય કૉલેજના વિદ્યાર્થીઓ તેમની સંમતિ મેળવી તેમનાં પ્રવચનો સાંભળવા તેમનો વર્ગ ભરતા હતા.

પોતાનાં વ્યાખ્યાનો પૂરાં થતાં 'અધ્યાપક ખંડ'માં બેસી ગપ્પાં મારવામાં સમય ન વિતાવતાં લાઈબ્રેરીમાં જઈ પોતાના વિષયમાં ઊંડું અધ્યયન કરતા હતા. પોતાના એમ.એસસી.-ડીએસસી. પ્રબંધો માટેની પૂર્વ તૈયારીઓ કરતા હતા. વળી, કૉલેજના અધ્યાપક ખંડનું વાતાવરણ તેમના તરફ તેઓ અસ્પૃશ્ય જાતિના હતા તેને કારણે તુચ્છકારપૂર્ણ હતું. સવર્ણ અધ્યાપકોએ તેમના માટલામાંથી પાણી પીવા ડૉ. આંબેડકરને મનાઈ ફરમાવી હતી. વળી, રિસેસમાં ચા-નાસ્તા સમયે ચપરાશી પણ ડૉ. આંબેડકર માટેના અલગ રાખેલાં તૂટેલાં કપ રકારીમાં ચા-નાસ્તો આપતો હતો. પટાવાળો પ્રોફેસરથી અભડાતો હતો ! આવા ગૂંગળાવનારા વાતાવરણમાં અધ્યાપકખંડમાં ડૉ. આંબેડકર જેવા સ્વાભિમાની અધ્યાપક કેવી રીતે બેસી શકે ? તે ભલા અને તેમની લાઈબ્રેરી ભલી.

આજીવિકાની સમસ્યા હલ થતાં હવે તેમને રાહત થઈ હતી. તેઓ કોઈ પણ પ્રકારનો ફાલતુ ખર્ચ કરતા નહિ. ઘરમાં પણ ગૃહસ્થી ચાલે તેટલા જ પૈસા પત્ની રમાબાઈને આપતા, બાકીના પૈસાની તેઓ બચત કરી વિલાયતની તૈયારી કરતા હતા. જો કે, ૧૯૧૩-૧૯૨૦ના સાત વર્ષ સંસાર-જીવનમાં ભીમરાવ રમાબાઈને ચાર દીકરા યશવંત, રમેશ, ગંગાધર, રાજરત્ન અને એક દીકરી ઈન્દુ એમ પાંચ સંતાનો પ્રાપ્ત થયાં. પરંતુ એક પછી એક બધા શિશુઅવસ્થામાં મરણ પામ્યાં. મોટો દીકરો યશવંત પણ ઘણો જ માંદો રહેતો હતો. છેલ્લે પુત્ર રાજરત્નના અવસાનથી તેમણે ઘણો જ આઘાત થયો હતો. પોતાને આજીવન સંતાનસુખ સાંપડ્યું નહિ તેનો તેમને ભારે અફસોસ હતો. પોતાના સાથીદાર દત્તોબા સંતરામ પવાર (કોલ્હાપુર)ને ૧૯૨૭માં લખેલ પત્રમાં હૃદયની આ વ્યથા ઠાલવતાં તેમણે લખ્યું છે કે...

**'અમારે પાંચ સંતાનોમાં ત્રણ પુત્ર તથા એક પુત્રીને જાણે મૂઠ મારી હોય તેવું થયું. અમારા જીવનનું સર્વસ્વ જાણે હણાઈ ગયું તેવું લાગે છે. અમે ભાંગી પડયાં છીએ. વાસણોના ઢગલા જેવું અમારું જીવન ક્ષણભંગુર ભાસે છે. બાઈબલમાં લખ્યું છે કે 'તું ધરતીની મીઠાશ છે, પરંતુ આ મીઠાશ જ જો ધરતીનો ત્યાગ કરે તો ધરતીની ખારાશ કેવી રીતે દૂર થશે !' આ કથનના સત્યની મને વારંવાર યાદ આવે છે. કારણ કે મારું જીવન 'પોલું' બની ગયું છે. જીવનનો કશોય અર્થ દેખાતો નથી. મારો અંતિમ પુત્ર રાજરત્ન ખરેખર તેજસ્વી પુત્ર હતો. તેના જેવો પુત્ર મેં ભાગ્યે જ જોયો હશે. તેના મૃત્યુથી મારું જીવન વાડીમાં સુકાઈ ગયેલા વૃક્ષ જેવું થઈ ગયું છે. તે આટલું જ પૂરતું છે, હવે હું વધારે લખી શકું તેવી મારી માનસિક સ્થિતિ પણ રહી નથી.**

**દુ:ખના ડુંગરો નીચે દબાયેલો આપનો..... બી. આર. આંબેડકર**

## ૩:૨ મુંબઈમાં અસ્પૃશ્યતા નિવારણાની પરિષદોથી ડૉ. આંબેડકર અલિપ્ત

આ બધા દુ:ખો વચ્ચે તેઓ દલિતોની વીસર્યા નહોતા. હવે જરા સ્વસ્થતા પ્રાપ્ત થતાં તેમણે સમાજસેવાની શુભ શરૂઆત કરી. તેમનો પિંડ જ સમાજસેવાનો હતો. પ્રાધ્યાપકની નોકરી એ તો એક માત્ર સાધન હતું. સાધ્ય હરગિજ નહિ. ૧૬ જાન્યુઆરી, ૧૯૧૯ના 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'માં તખલ્લુસ નામથી તેમણે એક લેખ લખ્યો : Mahar on Home Rule ઓમાં તેમણે સ્વરાજ માગનારાઓની ઝાટકણી કાઢતાં લખ્યું કે, **''પોતાના ઘરની ગંદકી કાઢવા હજુ જે લોકો તૈયાર નથી તેમને સ્વરાજ "HomeRule" માંગવાનો નૈતિક અધિકાર નથી.''**

ડૉ. આંબેડકર આજીવિકાના વમળમાં અટવાયા હતા તે ગાળામાં, નવેમ્બર મહિનામાં દલિતોની બે પરિષદોની મુંબઈમાં પૂર્ણાહૂતિ પણ થઈ હતી. પ્રથમ પરિષદ ૧૧ નવેમ્બર, ૧૯૧૭ના દિવસે સર નારાયણ ગણેશ ચંદરવાકરના પ્રમુખસ્થાને ભરવામાં આવી હતી.

સમાજ સેવાનાં સીધાં ચઢાણ :

અમેરિકા, ઇંગ્લેન્ડ જઈ અતિ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી સ્વદેશ પાછા આવેલા દલિત સમાજના યુવાન ડૉ. આંબેડકરનું સન્માન કરી થેલી અર્પણ કરવાનો કાર્યક્રમ આ પરિષદની કાર્યસૂચિમાં હતો. આપણાં અંત્યજોદ્ધારના આંદોલનને આવો શિક્ષિત નેતા મળ્યો છે તે બદલ દલિતો આનંદ અને ગૌરવ અનુભવતા હતા. પરંતુ પોતાની વિમાતાના અવસાનને કારણે તેમાં ડૉ. આંબેડકર ઉપસ્થિત રહી શક્યા નહિ. આ પરિષદ કૉંગ્રેસપ્રેરિત, બ્રાહ્મણ આગેવાનો દ્વારા લેવામાં આવી હતી. એનું મુખ્ય ધ્યેય લીંગ-કૉંગ્રેસના 'લખનૌ કરાર' માટે દલિતોનું સમર્થન પ્રાપ્ત કરવાનું તથા દલિતોને કૉંગ્રેસ તરફ આકર્ષિત કરવાનું હતું. ૧૯૦૬ થી ૧૯૧૭ સુધી ડિપ્રેસ્ડ ક્લાસ મિશન સોસાયટી દ્વારા સર નારાણય ગણેશ ચંદરવાકર દલિત આગેવાનોને કૉંગ્રેસની મોહિની લગાડી કૉંગ્રેસમાં ભેળવવાનું કાર્ય કરતા હતા. આ કૉંગ્રેસી કસબી હતા.

બ્રાહ્મણેતર નેતા બાપુજી નામદેવ બાગડેના પ્રમુખપણા હેઠળ ભરવામાં આવેલ બીજી પરિષદમાં ઠરાવ લગભગ પ્રથમ પરિષદ જેવા જ હતા. ફક્ત એક ઠરાવમાં જુદા પડ્યા, જેમાં કૉંગ્રેસ-લીગ 'લખનૌ કરાર'નો વિરોધ કર્યો હતો.

ત્રીજી એક મહત્વની પરિષદ ૨૩ માર્ચ, ૧૯૧૮ (અખિલ ભારતીય અસ્પૃશ્યતા નિવારણ પરિષદ) વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડની અધ્યક્ષતામાં ભરવામાં આવી હતી, તેના આયોજક વિઠ્ઠલ રામજી શિંદે હતા અને સ્વાગતપ્રમુખ સર નારાયણ ચંદરવાકર હતા. આ પરિષદના મંચ ઉપર મુખ્ય આગેવાનો જેવા કે બિપીનચંદ્ર પાલ, લોકમાન્ય ટિળક, વિઠ્ઠલભાઈ પટેલ, શેઠ જમનાદાસ, અમૃતલાલ ઠક્કર, બૅરિસ્ટર જયકર, શેઠ લક્ષ્મીદાસ, સૌ. લક્ષ્મીબાઈ કામઠ ઈત્યાદિ હાજર હતાં; તેમજ રવિન્દ્રનાથ ઠાકુર અને મહાત્મા ગાંધીજીના સંદેશા આવ્યા હતા. ગાંધીજીના સંદેશાના શબ્દો હતા : **"અસ્પૃશ્યતાનો નાશ થવો જ જોઈએ."** આ પરિષદમાં આપણા ગુજરાતી દલિત કાર્યકર શામજી નાનજી મારવાડી (માસ્તર) ઘણા જ સક્રિય કાર્યકર હતા. તે સમયે પરદેશથી નાનજી આવી પદવીઓ મેળવનાર દલિત સમાજમાં એક માત્ર ડૉ. આંબેડકર હતા એટલું જ નહિ પરંતુ સવર્ણ સમાજમાં પણ ભાગ્યે જ કોઈ હશે. વળી, સમાજસેવાના રંગે રંગાયેલા ડૉ. આંબેડકર મુંબઈની આ ત્રણ પરિષદોમાંથી એક પણ પરિષદમાં હાજર રહ્યા નહોતા એ એક કૂતુહલનો વિષય હતો. સાવકીમાનું મૃત્યુ તો નિમિત્ત હતું. હકીકતમાં ડૉ. આંબેડકર સકારણ હાજર નહોતા રહ્યા. ડૉ. આંબેડકરની દલિતોદ્ધારની પોતાની એક આગવી કાર્યપ્રણાલી હતી. તેમનું આગવું ચિંતન હતું. તેમને ત્રણેય પરિષદોની ભૂમિકા સ્વીકાર્ય નહોતી. ડૉ. આંબેડકર પૂર્વના સમાજસેવાના કાર્યકરો ઘણા જ નિષ્ઠાવાન હતા, પરંતુ તેમનું શિક્ષણ નહિવત્ હતું. પરિણામે તેમનું ચિંતન, આકલન પણ ઠીક ઠીક રહેતું. તેમનામાં આત્મતેજનો પણ અભાવ હતો, તેઓ સંપૂર્ણપણે પરપ્રકાશિત હતા. તેઓ કોઈ ને કોઈ સવર્ણ સંસ્થા કે આગેવાનની આંગળી પકડીને સામાજિક કાર્ય કરતા. પ્રવર્તમાન બ્રાહ્મણ કે બ્રાહ્મણેત્તર નેતાઓ કે સંસ્થાઓની સ્પર્ધામાં આ લોકોનો ઉપયોગ થતો હતો. આ લોકોની સ્પર્ધામાં અંત્યજોના પ્રતિનિધિત્ત્વમાં અડચણો ઊભી થતી હતી. છત્રપતિ શાહુ મહારાજની ઘટના તેનો પ્રબળ પુરાવો છે. આ કારણોસર ડૉ. આંબેડકર ત્રણમાંથી એક પણ પરિષદમાં હાજરી આપી નહોતી.

## ૩.૨.૧ : મહારાજા શાહૂ સાથે મિલન

કોલ્હાપુરના કાર્યકર દત્તોબા સંતરામ પવારના પ્રયત્નોને પરિણામે કોલ્હાપુરના ક્રાંતિકારી મહારાજા શિવાજીવંશજ શાહુ અને ડૉ. આંબેડકરનું મિલન થયું. દલિતોત્થાનના ઈતિહાસની આ મહત્વની ઘટના હતી. મહાત્મા જ્યોતિબા ફૂલેની ક્રાંતિની મશાલને આગળ ધપાવનારા મહારાજા શાહુ (1874-1922) એ જ્યોતિબામાંથી જ પ્રેરણા પ્રાપ્ત કરી હતી. વળી, આર્યસમાજની અસરો પણ હતી જ. મહારાષ્ટ્રમાં અંત્યોજોની ચળવળને વ્યાપક અને મજબૂત બનાવવામાં તેમનું ઘણું મોટું પ્રદાન હતું. તેમણે રાજકુમાર કોલેજ (રાજકોટ)માં શિક્ષણ મેળવ્યું હતું. તેમજ મહારાજા સયાજીરાવના સંબંધી પણ હતા. વડોદરામાં તેમનાં સાસરી પક્ષના હતા. ૧૮૯૪માં ગાદી પર આવ્યા ત્યારથી દલિતો માટે શાળાઓ, છાત્રાલયો ખોલ્યાં હતાં, મહાર, માંગ, ઢોર, ચાંભાર ઈત્યાદિ અંત્યજ જાતિના ઓછું ભણેલા યુવાનોને રાજ્યમાં નોકરી અને વકીલોની સનદ પણ આપી હતી. ૧૮૩૦ની ફ્રાંસક્રાંતિ પછીના રાજવી લૂઈ ફિલિપની જેમ અસ્પૃશ્ય સાથે તેમના સરદારો-દરબારો સાથે જાહેરમાં ભોજન લેતા હતા. તેમના હાથીની અંબાડીનો મહાવત પણ 'મહાર' હતો. બ્રહ્મર્ષિ-લોકમાન્ય ટિળક ક્રાંતિકારી મહારાજાની પ્રશંસા કરવાને બદલે મહારાજાને 'જાતિવાદી' તરીકે વગોવતા હતા. હકીકત ઉલટી હતી, તેમના કેસરીમાં

કકળાટ કરતા, તેમના રાજપુરોહિતે તેમની વિધિ વૈદિકમંત્રોથી કરવાની સાફ ના પાડી અને કારણમાં કહ્યું કે, 'તેઓ શુદ્ર છે.' મહારાજાએ બ્રાહ્મણ રાજપુરોહિતને પાણીચું પકડાવી દીધું - તેને બરતરફ કર્યો. વળી, રાજયમાં ક્ષાત્ર શંકરાચાર્યની નવી ગાદી સ્થાપી. બ્રાહ્મણેતર લોકોને વૈદિક જ્ઞાન અપાવવા પાઠશાળાઓ સ્થાપી. બ્રાહ્મણોની ઈજારાશાહી નષ્ટ કરી. પરિણામે ભૂદેવો આ ભૂપતિનો શાપ આપવા લાગ્યા હતા. પરંતુ છત્રપતિ તેમના શાપને રજમાત્ર ગણતા નહોતા. રાનડે, ગોખલે, આગરકરનો ટેકો હતો. જયારે ટિકળ આ મહારાજાના લોકકલ્યાણનાં કાર્યમાં કાંટા પાથરવાનું કાર્ય કરતા હતા.

## ૩:૨:૨ 'મૂકનાયક' (પાક્ષિક) સામાયિકનો પ્રારંભ :

૧૯૦૯માં હિંદીઓને કેટલાક રાજકીય અધિકારો પ્રાપ્ત થયા હતા. ત્યાર પછી પ્રથમ વિશ્વ યુદ્ધ (૧૯૧૬-૧૮) વધુ અધિકારો આપવા હિન્દી મંત્રી એડવેન મોન્ટેગ્યુએ ૨૦ ઓગષ્ટ ૧૯૧૭ના દિવસે બ્રિટીશ પાર્લામેન્ટમાં જાહેરાત કરી તે અન્વયે તેઓ હિંદના પ્રવાસે આવ્યા. હિન્દુસ્તાનના તે સમયના વાઈસરૉય લોર્ડ ચેમ્સફર્ડ સાથે પ્રવાસ કર્યો. પરિણામે બ્રિટીશ પાર્લામેન્ટ લોર્ડ સાઉથબરોની અધ્યક્ષતામાં એક 'ફ્રેન્ચચાઈઝી' (Franchise) કમિટિ મોકલી. ડો.આંબેડકર અને ડો.પી.જી.સોલંકીએ દલિતોના હિતો માટેની માંગણી આવેદન સુપ્રત કર્યું તથા વસ્તીના ધોરણે નવ બેઠકોની માંગણી કરી હતી. ડો.આંબેડકરની આવી કામગીરીમાં શાહૂ મહારાજ સવિશેષ આનંદ પામ્યા. અન્ય સાથી કાર્યકરો પણ ઉત્સાહિત થયા હતા.

**"સ્વરાજદ્રોહી શૂદ્ર છત્રપતિ"** લખતા હતા. તેમને "ઢેઢોના રાજા" કહેતા. જયારે મહારાજાનું મૃત્યું થયું ત્યારે સત્યનારાયણની કથા કરી બ્રાહ્મણોએ મીઠાઈ વહેંચી હતી." બ્રાહ્મણ વર્તમાનપત્રો તેમને "ઢેઢોના રાજા" અંગ્રેજો દ્વારા તેમને પદભ્રષ્ટ કરાવવા આકાશપાતાળ એક કર્યા હતા. આવા માયાળુ મહારાજાનો મેળાપ ભીમરાવ આંબેડકર સાથે થયો.

દત્તોબા પવારના પ્રયત્નોથી બંને મળ્યા. અને ભેટયા તથા એક થઈ ગયા શ્રી અને સરસ્વતીનો સંગમ થયો. દલિતોદ્ધારની પ્રવૃતિમાં વેગ આવ્યો. વસુ અને વિદ્યાના આ રસાયણે રાજકારણમાં નવાં પરિમાણો પેદા કર્યા. ડો.ભીમરાવ આંબેડકરને મળવા છત્રપતિ શાહૂ મહારાજા અવારનવાર સિમેન્ટ ચાલમાં જતા. નીચે કાર ઉભી રાખી હાક મારતા... ભીમરાવ તેમને ઉપર લઈ જતા. રંક અને રાજા ભેગા બેસીને ભોજન કરતા. મહારાજાના કુંવર રામરાવ અને કુંવરીબા અક્કાસાહેબા ડો.આંબેડકરને 'મામા' કહેતાં. તેમની અતુટ મૈત્રી આજીવન રહી હતી. આ મૈત્રીનું પ્રથમ ફરજંદ તે **"મૂકનાયક"** !

મુંબઈના કેટલાક કાર્યકરો ડો.આંબેડકરની નિશ્રામાં એકઠા થયા ખન અછૂતો માટે અખબાર કાઢવાનું નક્કી કરી સહાય માટે શાહુ મહારાજને મળ્યા. મહારાજાએ અઢી હજારની સખાવત સ્થળ ઉપર જ આપી દીધી. કાર્યકરોના ઉત્સાહનો પાર ન રહ્યો.

સૈકાઓથી મૂગા રાખેલા મજલૂમો માટે બોલવા તથા તેમની વકીલાત **"મૂકનાયક"** નામના સામયિક (પાક્ષિક)નો પ્રારંભ કર્યો. ડો.આંબેડકર પોતે સરકારી કોલેજના પ્રોફેસર હોવાથી "મૂકનાયક" ના તંત્રી તરીકે "ડી-જયુરે" અકોલાના અન્ડર ગ્રેજયુએટ મહાર યુવક પાડુંરંગ નંદરાવ ભટકરની (૧૯૦૦-૧૯૫૨) નિમણૂંક કરી. ભટકરે બ્રાહ્મણ જ્ઞાતિની યુવતી (નર્સ) સાથે આંતરજ્ઞાતીય લગ્ન કરી ચકચાર જગાવી હતી. જાણીતા પણ થયા હતા, પાડુંરંગ ભટકરે પાછળથી રાજીનામું આપ્યું. ત્યારે વ્યવસ્થાપક તરીકે સતારાના જ્ઞાનદેવ ધોલપને મૂકવામાં આવ્યા હતા. ૨૩ જૂન ૧૯૨૦નો વિશેષાંક મહારાજા શાહૂના જન્મ દિવસ નિમિતે પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો. ડો.આંબેડકર પોતે **"ડીફેક્ટો"** તંત્રી રહ્યા અને ૩૧ જાન્યુઆરી ૧૯૨૦ના દિવસે તેનો પ્રથમ અંક પ્રકાશીત થયો. જાહેરાતના પૈસા લઈને પણ "મૂકનાયક" જાહેરાત લોકમાન્ય ટિળકના દૈનિક "કેસરી" તેમજ "મરાઠા" માં પ્રસિદ્ધ કરવાનો ઈન્કાર કરવામા આવ્યો હતો. જાહેરાતની પણ અસ્પૃશ્યતા ! પ્રથમ ૧૪ અંકોના "અગ્રલેખ" ડો.આંબેડકરે પોતે લખ્યા હતા, તેના પ્રથમ અંકના વિચારો **"મનોગત"** મથાળામાં આ પ્રમાણે હતા.

"મૂકનાયકમાંના મનોગત" (પ્રથમ અંક : ૩૧-૧-૧૯૨૦ શનિવાર)

"અમારા આ બહિષ્કૃત લોકો ઉપર થતા તથા ભવિષ્યમાં ચાલુ રહેનારા અન્યાયના ઉપાયો સૂચવનારા તેમજ તેમની ભાવિ ઉન્નતિ તેમજ ઉન્નતિના માર્ગના સાચાં સ્વરૂપોની ચર્ચા-વિચારણા કરવા

માટે વર્તમાનપત્ર જેવું બીજું કોઈ માધ્યમ નથી. પરંતુ મુંબઈ ઈલાકામાંથી નીકળતાં અસંખ્ય સામયિકો જોતાં જણાય છે કે, તેમાંના મોટાભાગના સામયિકો વિશિષ્ટ જ્ઞાતિ-સમાજ સાથે સંકળાયેલા હોય છે, તે જ્ઞાતિ-સમાજના હિતની જ સંભાળ રાખે છે. અન્ય જાતિ સમાજની સહેજ પણ પર પરવા કરતા નથી. એટલું જ નહિ પરંતુ કેટલીક વખતે તો આ સામયિકો અમારા સમાજને અહિતકર હોય તેવી જ ભૂમિકા ભજવતા હોય છે. આવા સામયિકોને અમારે એટલું જ કહેવું છે કે, કોઈ પણ એકાદ જ્ઞાતિ-જાતિની જો અવનિતી થશે તો તેની અવનિતીની અસરો અન્ય જ્ઞાતિ-જાતિઓ ઉપર થયા સિવાય રહેશે નહિ. સમાજ એ એક "જહાજ" છે. જેવી રીતે જહાજમાં બેઠેલા ઉતારુઓને નુકસાન કરવા તેમની મજાક-મશ્કરી કરવા કે પોતાના પરપીડન વૃતિવાળા સ્વભાવ પ્રમાણે પોતાની કે અન્યની જહાજમાંની ઓરડીમાં છિદ્ર કરશે તો જહાજમાં પ્રવાસ કરતા બધા જ પ્રવાસીઓ (વહેલા કે મોડા) અચૂક ડૂબી જશે. તે પ્રમાણે એકાદ જ્ઞાતિ કે સમાજને, પ્રત્યક્ષ-પરોક્ષ રીતે નુકસાન કરવાની વૃતિથી સમગ્ર સમાજને પ્રત્યક્ષ કે પરોક્ષ નુકસાન તેમાં શંકાને સ્થાન નથી જ. આથી સ્વહિત સાધનારાં સામયિકોએ અન્ય લોકોએ નુકસાન કરવાનાં અપલખ્ખણો આચરવા જોઈએ નહી, વળી, બહીષ્કૃત-તિરસ્કૃત લોકોના પ્રશ્નોને વાચા આપવા, તેની સાંગાપાંગ ચર્ચા-વિચારણા માટે અન્ય સામયિકોમાં જગ્યા હોતી નથી એ હકીકત છે. આથી આ લોકોના વિકટ પ્રશ્નોને વાચા આપવા એક સ્વતંત્ર સામયિકની આવશ્યકતા છે તે કબૂલ કરવું જ પડશે અને આ "ઉણપ" ને દૂર કરવા આ "મૂકનાયક" સામયિક શરૂ કરવામાં આવે છે.

**સમાજ સેવાનાં સીધાં ચઢાણ :**

અંત્યજવર્ગની રાજકીય ઘોષણા અંગે ડો.આંબેડકર **"મૂકનાયક"** ના પ્રથમ અંકમાં લખે છે કે :

"હિન્દુતાનને સૃષ્ટિના પદાર્થોના સંદર્ભમાં તેમજ "માનવજાતિના ચિત્રપટ" તરીકે તેમના પ્રેક્ષક તરીકે નિહાળીશું તો આપણને આ દેશ માત્ર વિષમતાના પિયર જેવો લાગશે તેમાં શંકાને સહેજ પણ સ્થાન નથી."

હિન્દુધર્મમાં રહેલી આ વિષમતા જેટલી અનુપમ-અજબ છે તેટલી જ નિંદાસ્પદ પણ છે. કારણ કે, હિન્દુધર્મમાંના પરસ્પરના વ્યવહારમાં વિષમતાને અનુરૂપ આચરણનું સ્વરૂપ આ ધર્મને શોભા અપાવે તેવું સહેજ પણ નથી. હિન્દુધર્મમાં સમાવિષ્ટ થયેલી જાતિઓ ઉંચ-નીચની ભાવનાથી ઓતપ્રોત છે તે ઉઘાડી બાબત છે. હિન્દુ ધર્મ આ એક એવો "મીનારો" છે કે જેમાં એક જાતિ એટલે તેનો એક જ મજલો હોય છે પરંતુ આ "મીનારા" ને "સીડી" જ નથી. અને આથી એક મજલાથી બીજા મજલાએ જવા માટેનો કોઈ માર્ગ પણ નથી. હિન્દુ સમાજ-વ્યવસ્થાનું આ પણ એક નોંધપાત્ર (વિચિત્ર) લક્ષણ છે. જે મજલામાં જેનો જન્મ થયો તેણે તે મજલામાં જ મરવાનું. નીચલા મજલાનો માણસ ગમે તેટલો યોગ્ય હોય પરંતુ તેને ઉપલા મજલામાં પ્રવેશ કરવાનો કડક નિષેધ.... તેવી જ રીતે ઉપલા મજલાનો ઈસમ ગમે તેટલો નાલાયક હોય પરંતુ તેને નીચલા મજલાએ પાછા મોકલવાની કોઈ કેડી(વિધિ-વિધાન) જ નહિ. આમ, આ જાતિઓ વચ્ચે રહેલી ઉંચ-નીચની ભાવનાનો પાયો ગુણ-અવગુણ (ગુણ-કર્મ) પર રચાયો નથી. તે ઉઘાડી બાબત છે. ઉચ્ચ જાતિમાં જન્મેલ વ્યક્તિ પછી તે ગમે તેટલી "અવગુણી" હોય તો પણ તે "ઉચ્ચ" કહેવાશે અને નિમ્ન જાતિઓમાં જન્મેલી વ્યક્તિ ગમે તેટલી સદગુણી હોય તો પણ તેને "નીચ" તરીકે રહેવું પડશે. 'સર્વ ચેતન-અચેતન પદાર્થ પરમાત્માનું સ્વરૂપ છે.' તેવો ઉપદેશ અને આચરણમાં વિષમતા રાખવી તે કેમ ચાલે ? વળી, લોકો ઉપર ધર્મશાસ્ત્રોનો જબરો પ્રભાવ હોય છે. અને આ ધર્મશાસ્ત્રો બ્રાહ્મણોનો "ઠેકો" બની ગયાં છે.

.... સત્તા તેમજ જ્ઞાનના અભાવને કારણે બ્રાહ્મણેતર તથા પદદલિત લોકોની ઉન્નત્તિ થઈ શકી નથી તે નિર્વિવાદ છે. આ બહિષ્કૃ સમાજ ઉપર સામાજિક વિષમતાની અસરો ભયંકર નીવડી છે. દૌર્બલ્ય, દારિદ્રય તેમજ અજ્ઞાનની ત્રિવેણીમાં સમગ્ર બહિષ્કૃત સમાજ વહી રહ્યો છે. જાતિભેદ-જાતિ-મત્સરથી ખદબદી રહેલા આ દેશમાં પોતાનું સાચું સ્વરાજય પ્રાપ્ત કરવા આ બહિષ્કૃત સમાજે પણ પોતાના સ્વતંત્ર પ્રતિનિધિ દ્વારા રાજકીય સત્તાનો પોતાનો ભાગ માંગ્યો છે. વળી, રાજકીય સત્તા હાસલ કરી તેના બળે સામાજિક વિષમતાનાં દુઃખોને કાયમ ચાલુ રાખવાનાં (સવર્ણોના) કાવાદાવાને (હવે) બહિષ્કૃત સમાજ સારી રીતે ઓળખી ગયો છે. આ તેમનામાં આવેલી જાગૃતિનો મોટો પુરાવો છે. (૩૧-૧-૧૯૨૦ શનિવાર)

૧૯૨૦ના ફેબ્રુઆરી માસમાં **"બહિષ્કૃત હિતકારણી સભા"**ની સ્થાપના કરી. પોતે સરકારી કોલેજમાં પ્રાધ્યાપક હોવાથી સંસ્થાના પદાધિકારીઓમાં પ્રમુખ પાડુંરંગ ભટકર અને મંત્રી રામચંદ્ર

કૃષ્ણાજી કદમ (પૂના)ને મૂક્યા હતા. આ જ સંસ્થાને ૧૯૨૪માં વિશાળ ફલક પર તેમણે મૂકી હતી. કોલ્હાપુર છત્રપતિ શાહૂ મહારાજાના નેતૃત્વમાં પદદલિતોનું એક પ્રતિનિધિ મંડળ મુંબઈ ઈલાકાના ગર્વનરની મુલાકાત મેળવી મેમોરેન્ડમ આપી દલિતોનાં દુઃખોથી સરકારને વાકેફ કરી હતી. આ આવેદનપત્રનો મુસદ્દો ડૉ.આંબેડકરે આલેખ્યો હતો. તેમાં તેમણે લખ્યું : **"ગોરા લોકો દ્વારા નીગ્રો ઉપર જેટલા અત્યાચારો થાય છે તેનાથી અનેકગણા અત્યાચારો સવર્ણો દ્વારા દલિતો ઉપર કરવામાં આવે છે. નીગ્રો ગુલામો ઉપર માત્ર શારીરિક અત્યાચારો થાય છે. ગોરા લોકોએ નીગ્રોના દેહને દઝાડ્યા છે. જયારે સવર્ણોએ દલિતોનાં મન મારી નાંખ્યા છે. દેહ દઝાડવા કરતાં મન મારવું ઘણું જ ઘાતક છે. તેનો સર્વે સ્વીકાર કરશે જ."**

ડૉ.આંબેડકર અને શાહૂ મહારાજાના વિચારો વચ્ચે ઘણું સામ્ય હોવાથી તેમની મૈત્રી ઘણી જ નિકટની અને દ્રઢ બનતી ગઈ.

## ૩:૨:૩ ડૉ.આંબેડકરની અધ્યક્ષતામાં માણગાંવમાં પરિષદ :

૧૯૨૦ના માર્ચની ૨૧મી એ માણગાંવ (કોલ્હાપુર) મુકામે ડૉ.આંબેડકરની અધ્યક્ષતામાં અછૂતોનું ઐતિહાસિક અધિવેશન મળ્યુ હતું. અધિવેશનમાં હજારોની સંખ્યામાં અછૂતો હાજર રહ્યા હતા. અધિવેશનના મુખ્ય અતિથિ તરીકે શાહૂ મહારાજે ડૉ.આંબેડકરની અભિજાત આગેવાનોની ઉદ્‌ઘોષણા કરતા કહ્યું હતું :

**"આ આંબેડકર જ તમારો સાચો નેતા છે, તે માત્ર તમારો જ નહિ પરંતુ તમારો-મારો સર્વનો ઉદ્ધાર કરશે. તે સર્વ ગુણોથી સંપન્ન નેતા છે."**

હીરાપારખુ પીઢ અનુભવી રાજવી ડૉ.આંબેડકર જેવા પાણીદાર હીરાને પારખી ગયા હતા. બ્રાહ્મણોની ખોટી ખટપટને કારણે તેમનો રાજવીતાજ જોખમમાં હોવા છતાં આ દિલદાર રાજવીએ પોતાના "તાજ"ની સહેજ પણ પરવા ન કરતાં "દલિત નેતા" નો તાજ અપાર આત્મવિશ્વાસ સાથે પોતાના હાથે જાહેરમાં ડૉ.આંબેડકરના માથે મૂકી દીધો હતો. તેમનો આત્મવિશ્વાસ સંપૂર્ણપણે સાચો નીવડ્યો તેનો ઈતિહાસ સાક્ષી છે.

ડૉ.આંબેડકરે મહારાજાની મૂલવણી કરતા કહ્યું કે, "મહારાજા શાહૂ જેવા મિત્ર દલિતોને આજદિન સુધી મળ્યા નથી અને ભવિષ્યમાં મળશે કે કેમ તે બાબતે મને શંકા છે."

આ અધિવેશનને અંતે મહારાજાએ દરબારો સરદારો સાથે મહારોને મેળવી ડૉ.આંબેડકર સાથે સમૂહ ભોજન કર્યુ. જેથી રૂઢિવાદી બ્રાહ્મણસમાજમાં ખળભળાટ મચી ગયો હતો.

આ અધિવેશનમાં કેટલાક મહત્ત્વના બનાવો થયા જેમાં મહાર લોકોને મહાર કી (ગુલામી) છોડવી, તેમજ ગામની ચોરી વગેરે બાબતમાં તેમના ઉપર આરોપ મૂકવામાં આવે છે. તે સંદર્ભમાં તેમને ગુજરાતમાં ગાયકવાડ રાજ્યમાં ઠાકરડા કોમને કેટલેક ઠેકાણે સવાર-સાંજ થાણામાં 'હાજરી' ભરાવવાની હોય છે તેવી 'હાજરી' હતી તે મહારાજા શાહૂ દ્વારા રદ કરવામાં આવી. મહારો આનંદથી નાચી ઉઠ્યા હતા.

બે મહિના પછી ૩૦-૩૧ મે, ૧૯૨૦ દિવસોમાં નાગપુર મુકામે શાહૂ મહારાજના પ્રમુખસ્થાને પ્રથમ અખિલ ભારતીય બહિષ્કૃત પરિષદ મળી. મહર્ષિ વિઠ્ઠલજી રામજી શિંદેએ સરકારમાં એવી રજૂઆત કરી હતી કે, 'કાયદા મંડળ (ધારાસભા)માં દલિત વર્ગના પ્રતિનિધિની નિમણૂક સરકાર કે દલિતો દ્વારા નહિ પરંતુ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ (સવર્ણ ધારાસભ્યો) દ્વારા થવી જોઈએ. વળી, ચૂંટણીમાં તેને જ મતદાનનો અધિકાર મળે જે ચોથું ધોરણ પાસ થયો હોય અને વાર્ષિક રૂ. ૧૪૪ની આવક ધરાવતો હોય.' મોટે ભાગે શિંદેની આ રજૂઆતનો વિરોધ કરવા આ પરિષદ મળી હતી.

વિ. રા. શિંદેની આની જાણ હોવાથી તેમણે અમરાવતીના આગેવાન ગણેશ અક્કાજી ગવઈને કહેણ મોકલાવ્યું કે 'તમારા વરાડ પ્રાંતના ૫૦ વિદ્યાર્થીઓને હું મારા છાત્રાયલમાં રાખીશ પરંતુ ગમે તે ભોગે સૂચિત નાગપુર પરિષદમાં જઈ મારા વિરૂદ્ધ થનાર ઠરાવનો વિરોધ કરો. ડૉ. આંબેડકર અને શિવતરકરની પ્રવૃત્તિ તોડી પાડો.' શ્રીગવઈ તથા રાવસાહેબ અણ્ણા સાહેબ સજીને આવ્યા હતા. યુવાન ડૉ. આંબેડકરે મુસ્તદ્દીગીરીથી પીઢ આગેવાન રાવબહાદુર અણ્ણા સાહેબને (વિષય વિચારણી સમિતિના)

પ્રમુખસ્થાને બેસાડી દીધા અને તેમણે ઘણા જ આનંદ સાથે સ્થાન ગ્રહણ કર્યું. પરિણામે ગવઈ ગૂંચવાડામાં પડી ગયા. શિંદેની રજૂઆત જેમાં વિસ્તૃત રીતે છપાઈ હતી તે ટાઈમ્સ ઓફ ઈન્ડિયાની નકલો વચ્ચે મૂકી પ્રમુખની પરવાનગીથી પ્રવચન કરતાં કહ્યું કે :

**સમાજ સેવાનાં સીધાં ચઢાણ :**

**"અહીંયા આપણે બધા બહિષ્કૃત સમાજની ઉન્નતિ માટે વિચારણા કરવા જ એકઠા થયા છીએ. હવે આપણી ઉન્નતિની આડે કોઈ વ્યક્તિ કે કોઈ સંસ્થા આવે પછી ભલે તે સવર્ણ કોય કે આપણામાંની હોય, તો શું આપણે વિરોધ કરવો કે નહિ ? બધાં પ્રતિનિધિઓએ એકી અવાજે કહ્યું કે, વિરોધ કરવો જ જોઈએ...** ત્યારબાદ ડૉ. આંબેડકરે ટાઈમ્સ ઓફ ઈન્ડિયાની વિગતો વાંચી વિસ્તૃત રીતે સમજાવતાં દલિતોના મતાધિકાર માટેની ભણતર કે આર્થિક સ્થિતિની તમામ શરતોનો વિરોધ કર્યો. કારણ કે શિંદેએ સૂચવેલી આ શરતોના વર્તુળમાં મૂઠીભર દલિતો પણ આવશે કે કેમ શંકા હતી. તેમણે પોતાની ધારદાર રજૂઆતમાં કહ્યું કે,

**"આ તો સંરક્ષણ માટે આપેલા શસ્ત્રની ધાર બૂઠી બનાવવા જેવી વાત છે. સંવર્ધન માટે પીરસેલી થાળીમાંથી જમવાની મનાઈ ફરમાવવા જેવી વાત છે. વરુને શિયાળના સંરક્ષણમાં મૂકવા જેવી હકીકત છે. જેના કારણે આપણે રીબાઈએ છીએ તે જાતિવાદને મજબૂત કરવા જેવી વાત છે. વળી સવર્ણો દ્વારા નિમાયેલ પ્રતિનિધિ આપણી કેવી અને કેટલી રજૂઆત કરી શકશે તે મોટો પ્રશ્ન છે."**

ડૉ. આંબેડકરની નક્કર હકીકતોથી સમગ્ર પરિષદ પ્રભાવિત થઈ. ગવઈએ પોતે જ ઉભા થઈ પ્રચવન કરી શિંદેની રજૂઆતનો વિરોધ કર્યો. વહારે ધાનારા વિરોધી થયા. આખો મોરચો જ બદલાઈ ગયો. અંતે શિંદેની રજૂઆતનો વિરોધ કરતો ઠરાવ સર્વાનુમતે પસાર થયો. ડૉ. આંબેડકરની મુત્સદ્દીગીરીના પરિણામે દલિતોના હિતશત્રુઓના હાથ હેઠા પડ્યા. વિરોધી હતા તે સાથે થઈ ગયા.

મહર્ષિ વિ.રા. શિંદેની આ એક હિમાલય જેવડી ભૂલ હતી. તેમણે તેમની વર્ષોની અનંત સેવા-તપશ્ચર્યા ઉપર પાણી ફેરવી દીધું. શિંદે-આંબેડકરની વિવાદનાં બી વવાયાં અને શિંદે શૂદ્ર સમાજથી છૂટા પડી ગયા. આ નાગપુર પરિષદથી એક આગવી-નવીન શૈલીનો પ્રાદુર્ભાવ થયો. ચીલાચાલુ શૈલી છોડી એકી અવાજે નક્કી થયું. જેને ડૉ. આંબેડકરના શબ્દોમાં કહીએ તો,-

**'દલિતોએ પોતાના ઉદ્ધાર પોતે જ કરવો પડશે. પારકા ઉપર આધાર રાખી બેસી શકાય નહિ. આપ સમાન બળ નહિ.'**

આ માટે 'દલિત એકતા'ની અનિવાર્યતા સમજાવી ડૉ. આંબેડકર અસ્પૃશ્યોની અઢાર જાતિઓ એકઠી કરી 'સમૂહ ભોજન'નું સફળ આયોજન કર્યું હતું. આમ, નાગપુર પરિષદથી ડૉ. આંબેડકરે પોતાની નેતાગીરી પ્રસ્થાપિત કરી દીધી હતી.

## ૩ : ૨ : ૪ પુનઃ વધુ વિદ્યાર્જન માટે વિદેશની વાટે.......

આ સઘળી પ્રવૃત્તિ વચ્ચે પણ ડૉ. આંબેડકર 'લક્ષ્યવેધ' વિદ્યા માટે વિલાયત જવાનું વીસર્યા નહોતા. પત્રવ્યવહાર કરી યોગ્ય ફી ભરી ડી.એસસી.ની તથા બૅરિસ્ટર માટેની ટર્મ નક્કી કરી જ હતી. હવે ત્યાં જવા માટેની તૈયારી કરવા માંડી. પરંતુ સૌથી પહેલો સવાલ નાણાંનો હતો.

સીડનહેમ કોમર્સ કૉલેજમાં પ્રધ્યાપકની નોકરી પ્રાપ્ત થઈ ત્યારે આનંદ સાથે "હાશ" થઈ હતી. હવે પોતાના પતિ સંસારમાં પ્રવૃત્ત રહેશે, એવી આશાએ સંકટોમાં સંસાર ચલાવતી પત્નીને જ્યારે કહ્યું કે, **'મારી નોકરી કાયમી નથી. માત્ર બે વર્ષ પછી પાછા મારે વિલાયત જઈ. મારો અધૂરો અભ્યાસ પૂરો કરવાનો છે, માટે કરકસર કરતાં રહેજો. પરદેશ જવા પૈસા બચાવજો.'**

હતોત્સાહ થયેલી સંતોષી પત્નીએ કહ્યું કે, 'સાડાચારસોની નોકરી આપણા પરિવાર માટે પૂરતી છે, એટલે આગળના અભ્યાસની ધૂન છોડો અને સંસારમાં ધ્યાન આપો તો સારું...' હસતાં હસતાં ડૉ. આંબેડકરે કહ્યું 'હું માત્ર નોકરી કરવા સર્જાયો નથી અને સંસાર... ?' ભોળી રમાબાઈ આનો ગૂઢાર્થ ક્યાંથી સમજે ? તેમને તો પતિના પગલે ચાલી તેમના મનના મનોરથો પૂર્ણ કરવા એટલું જ જ્ઞાન પૂરતું હતું. એક ઓરડીમાં આઠ માણસોનો કાફલો, રિસામણાં-મનામણાં, કલ્પાંત-કકળાટ, માંદગી બધું જ.

બીજી ઓરડીમાં એકલા આંબેડકરનો અભ્યાસ. અધ્યયન કરતા પતિને ગંધ સરખી પણ આવવા દેતાં નહિ. પતિની સેવામાં ખડે પગે હાજર રહેતાં. પતિની અભ્યાસ સમાધિમાં ભંગ પડવો જોઈએ નહિ તેની તકેદારી રાખતાં. ઘરગથ્થુ ગૃહિણી સાધ્વી રમાબાઈએ પોતાના પ્રિય પતિના પરદેશ જવાના મનોરથ પૂર્ણ કરવા કરકસર કરીને રૂપિયા સાતક હજારનો સંચય હતો. પરંતુ તેટલાં નાણાં પૂરતાં ન હતાં. પોતાના મિત્ર નવલ ભાથેના પાસેથી થોડા નાણાં લીધાં અને છત્રપતિ શાહુ મહારાજ પાસેથી એક હજાર રૂપિયા ઉછીના લીધા. હવે શાહુ મહારાજ અને ડૉ. આંબેડકર ઘણા જ નિકટ આવી ગયા હતા. લંડનમાં પોતાના મિત્ર સર આલ્ફ્રેડ પીઝને ડૉ. આંબેડકરની ભલામણ કરતાં મહારાજા શાહૂએ ભલામણપત્રમાં લખ્યું કે :

**પ્રિય મિત્ર અલ્ફ્રેડ પીઝ,**

**"આ પત્ર દ્વારા મારા મિત્ર ડૉ. આંબેડકરનો પરિચય કરાવું છું. અસ્પૃશ્ય ગણાતી મહાર જાતિના ડૉ. આંબેડકર કોલંબિયા યુનિવર્સિટીમાં પીએચ.ડી. થયેલા છે. મુંબઈની સિડનહેમ કૉલેજમાં અર્થશાસ્ત્રના પ્રોફેસર છે. તેઓ ત્યાં લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સ અને ઈન્સ કોર્ટમાં અભ્યાસ માટે આવી રહ્યા છે....."**

**બ્રાહ્મણી નોકરશાહી અને પછાતવર્ગો વચ્ચે તફાવત તેઓ તેમને કહેશે જે આ પ્રમાણે છે. બ્રાહ્મણી નોકરશાહી, પછાતવર્ગના ઉત્કર્ષ કરવાની માત્ર વાતો કરે છે. વળી, પછાત લોકોના ઉત્કર્ષ માટે જે કોઈ સહાનુભૂતિ-ઉત્સાહ દાખવે છે તેને બ્રાહ્મણશાહીના છળકપટના કેવી રીતે ભોગ બનવું પડે છે તેની વિગતો પણ તેઓ આપશે જ.**

**એક સમયે બ્રાહ્મણવર્ગના હાથમાં રહેલી સત્તા ગઈ છે તે પુનઃપ્રાપ્તિ કરવાના એક માત્ર ઉદ્દેશ્યથી 'હોમરૂલ'ની ચળવળ ચલાવવામાં આવે છે એવુ સર્વ બ્રાહ્મણેતર સમાજનું મક્કમપણે માનવું છે. આ બધું ઈંગ્લેન્ડના જ્ઞાનસંપન્ન સમાજ સમક્ષ પ્રસ્તુત કરવાનો ડૉ. આંબેડકરનો વિચાર છે. ભારતને 'હોમરૂલ' આપવાની હાલની બ્રિટીશ સત્તાધીશોની યોજના છે, પરંતુ તેનાથી ભારતીય જનતાને ખરેખર સ્વાતંત્ર્યનો લાભ સાંપડશે નહિ. તેમજ સમતા પણ મેળવી આપશે નહિ. આ યોજનાથી બ્રાહ્મણો જ સર્વસત્તાધીશ બનશે અને આવા મુઠ્ઠીભર બ્રાહ્મણ લોકોનું શાસન બનશે. આવા લોકોની રાજસત્તા બ્રિટિશ શાસનને પણ મુશ્કેલીમાં મૂકશે અને ભારતીય જનતાને જે આગેકૂચ કરવાની છે તેના સામે તે એક જોરદાર અવરોધ બન્યા સિવાય રહેશે નહિ. ભારતમાંના અનેક બ્રિટિશ રાજ્યકર્તાઓએ બ્રાહ્મણેતર લોકોની ફરિયાદ સંતોષકારક રીતે સાંભળી નથી. હવે બ્રાહ્મણેતર જનતાને બ્રિટિશ જનતાની સહાનુભૂતિ પ્રાપ્ત થાય તેવી આશા સાથે આ પત્ર પાઠવું છું. આમ, ડૉ. આંબેડકર જે કંઈ કહે તેને આપ સારી રીતે સહનશીલતા દાખવી સાંભળશો તેમજ તમારી અનુકૂળતા પ્રમાણે શક્ય તેટલી સહાય કરશો તેવી વિનંતી છે.**

**તસ્દી બદલ ક્ષમા યાચના.**

એક રાજ્યના રાજવી હોવા છતાં તેમણે પછાતવર્ગોના દુ:ખોની કેફિયત કેટલી સહૃદયતાથી સમજાવી છે તેમજ ડૉ. આંબેડકરને પોતાના સ્વજન સમજી કેટલો વિશ્વાસ મૂક્યો છે તે સહજ રીતે સમજાશે. આ પત્રમાં શાહૂ મહારાજા અને ડૉ.આંબેડકરના ઘનિષ્ઠ સંબંધો દર્શાવ્યાં છે.

છત્રપતિ શાહૂ મહારાજે શ્રીમતી રમાબાઈ આંબેડકરને પોતાની બહેન ગણી ડૉ. આંબેડકરને કહ્યું "મારી લાડકી બહેનને બાળકો સાથે તેના પિયર (કોલ્હાપુર) તેના ભાઈને ત્યાં લઈ જઈશું અને તમે પરદેશથી પરત આવો ત્યાં સુધી ત્યાં જ (મારે ત્યાં) રહેશે."

આનંદરાવની વિધવા પત્ની, બાળકો તથા મોટાભાઈ બાળારાવ તથા બહેનોની દેખરેખ રાખવાની જવાબદારી હોવાથી રમાબાઈને કોલ્હાપુર લઈ જવાની મહારાજાની દરખાસ્તનો ડૉ.આંબેડકરે સાભાર-સાદર અસ્વીકાર કર્યો હતો. શાહૂ મહારાજની સૌજન્યતાથી સમગ્ર પરિવાર ગદ્‌ગદ્ થયું.

૫ જૂન, ૧૯૨૦ના દિવસે 'સિટી ઓફ એક્સિટર' જહાજ દ્વારા વિલાયતની વાટ પકડી. બચતના ૯૫૦ પાઉન્ડમાંથી ૬૦૦ પાઉન્ડ (આશરે આઠેક હજાર રૂપિયા) પોતાના વિલાયત ખર્ચ માટે રાખી બાકીના પૈસા પરિવાર માટે મૂકતા ગયા. અગાઉનો લંડનનો અનુભવ હતો જ એટલે રહેવા-જમવાની વ્યવસ્થા કરવામાં કોઈ મુશ્કેલી નડી નહિ.

સમાજ સેવાનાં સીધાં ચઢાણ :

પ્રથમ તેમણે એમ.એસસી. 'ડેઝર્ટેશન' Dessertation "Provincial Decentraization of Imperial finance in British India."ની તૈયારી કરી દીધી. ભારતમાં તેમણે આ વિષય ઉપર ઘણાં ગ્રંથો વાંચી, નોંધો પણ કરેલી હતી જ, એટલે આ કાર્ય સરળ થયું હતું. માત્ર ૧૩ મહિનાના ટૂંકાગાળામાં એમ.એસસી.ની પદવી પ્રાપ્ત કરી ડી.એસસી.ના મહાનનિબંધ માટે તૈયારી કરવા માંડ્યા હતા. સાથે સાથે બૅરિસ્ટરનો અભ્યાસ પણ એકધારો ચાલુ જ હતો. લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સની લાઈબ્રેરી તથા ઈન્ડિયા ઓફિસના ગ્રંથો આત્મસાત કરી, દિવસના અઢાર અઢાર કલાક તે અભ્યાસ કરતા હતા અને ઘણું જ કરકસરભર્યું જીવન જીવતા હતા. કેટલીક વખતે સાંજનું જમણ છોડી દેતા હતા. વચ્ચે પત્ની રમાબાઈના પૈસા માગતો પત્ર આવ્યો. પત્રમાં વર્ણવેલી સ્થિતિ જોતાં નાણાં મોકલ્યા સિવાય છૂટકો ન હતો. થોડાં નાણાં મુંબઈ મોકલ્યાં. હવે શું ? વિદેશી, ચલણના ભાવ વધવાથી નાણાં તેમણે ઓછાં પડ્યાં. ભીડ વખતે પોતાના હિતેચ્છુ શાહૂ મહારાજને પત્ર લખી બસો પાઉન્ડ એ શરતે માંગ્યા કે ભારત આવી વ્યાજ સાથે ચૂકવીશ. ઉદાર દિલના રાજવીએ તરત નાણાં મોકલી લખ્યું કે, **'બીજા જોઈએ તો લખજો. સાથે સાથે એ પણ લખ્યું કે, તમે તો સમગ્ર રાષ્ટ્રના હિતના કાર્યનો પાયો પાકો કરી રહ્યા છો, ત્યારે એ નાણાં પાછા શેં મંગાય ?' તો પછી વ્યાજની વાત ક્યાં રહી ? ધન્ય છે ગુણાનુરાગી આંબેડકરને અને ધન્ય છે તેમના ઉદાર દિલના રાજવી મિત્રને !** ૬ મે, ૧૯૨૨ના દિવસે હૃદયરોગના હુમલાથી મુંબઈમાં પન્હાળા લૉજ' બંગલે ૪૮ વર્ષની વયે મહારાજાનું અકાળ મૃત્યુ થયું, ડૉ. આંબેડકરને ઘણો જ આઘાત લાગ્ય હતો. તેમણે કહ્યું 'મેં એક સાચો મિત્ર ગુમાવ્યો, દલિતોએ મહાન હિતચિંતક ગુમાવ્યો, પોતાના કાર્યનો પક્ષકાર ગુમાવ્યો છે.'

ડૉ. આંબેડકર પાસે સમય અને નાણાં બંનેની તંગી હોવાથી રાત-દિવસ જોયા વિના, સુખચેનનો વિચાર છોડી મંડી પડ્યા અને આખરે The Problem of The Rupee : Its Origin and Solution. નામનો પ્રબંધ પરિપૂર્ણ કરી પદવી માટે (ઑક્ટોબર, ૧૯૨૨માં) યુનિવર્સિટીમાં રજૂ કર્યો. પોતાના પ્રોફેસરને પ્રબંધની કાર્યવાહી સોંપી પોતે જર્મનીની 'બૉન યુનિવર્સિટી'ની અર્થશાસ્ત્રીની પદવી માટે જર્મની પહોંચી ગયા. લંડનમાં હતા ત્યારે પણ તેઓ અંત્યોજોના પ્રશ્નોને વાચા આપવા સતત પ્રયત્નશીલ હતા. તેઓ બે વખત તો ભારતમંત્રી મોન્ટેગ્યુને મળ્યા અને ભારતીય રાજકારણ અને અસ્પૃશ્યોના પ્રશ્નોની સાચી હકીકતો રજૂ કરી હતી. મોન્ટેગ્યુએ તેમને વિધાનસભામાં નીમવાનું આમંત્રણ આપ્યું હતું. પરંતુ ડૉ. આંબેડકર તે માટે પોતાનો અભ્યાસ અધૂરો છોડવા તૈયાર નહોતા. વળી, તેમને વ્યક્તિગત માન-સન્માનની પણ પડી નહોતી. દલિતોની સેવા તેમને મન પ્રથમ હતી. 'લંડન ટાઈમ્સ'ના તંત્રી સાથે મૈત્રી કરી. અસ્પૃશ્યોની યાતનાઓ વિષે તંત્રીલેખ લખાયા. માર્ચ ૧૯૨૩માં બેરિસ્ટરની પદવી પ્રાપ્ત કરી સ્વદેશ આવ્યા.

### તમારી પ્રગતિ ચકાસો - ૧

**નોંધ : નીચે આપેલ જગ્યાનો ઉપયોગ કરી**

(૧) ડૉ. આંબેડકરે સમાજ સેવાનો સંકલ્પ કેવી પરિસ્થિતિમાં લીધો ?

___

___

___

(૨) અસ્પૃશ્યતા નિવારણની ત્રણ પરિષદની સંક્ષિપ્ત વિગત આપી ડૉ. આંબેડકરના ન જવાનાં કારણો સમજાવો.

___

___

___

(૩) છત્રપતિ શાહૂ મહારાજ અને આંબેડકરના મિલનની વિગત આપો.

___

___

___

(૪) 'મૂકનાયક' સામયિક કેવા સંજોગોમાં શરૂ થયું ?

___

___

___

(૫) ડૉ. આંબેડકરની અભિજાત નેતાગીરીની ઘોષણા ક્યાં, ક્યારે, કોણે કેવી રીતે કરી ?

___

___

___

સ્વદેશ આવતાની સાથે જ તેમણે જોયું કે, તેમના માટે ચારે બાજુએ કાળાં વાદળો ઘેરાયેલાં હતાં. ઘરની વાત કરીએ તો આર્થિક સ્થિતિ ઘણી જ કંગાળ હતી. વળી મોટાભાઈ બાળારાવે અને તેમની વચ્ચેનો મનમેળ રહ્યો નહોતો. શરાબની સોબતે ચઢેલા બાળારાવ તેમનાથી ઉંમરમાં ઘણી જ નાની વયની કુમળી કન્યા સાથે લગ્ન કરવા તૈયાર થયા હતા અને તેમાં મક્કમ હતા. ડૉ.આંબેડકરે તે બાબતનો વિરોધ કરી સમજાવવાનો પ્રયત્ન કર્યો કે, "તમારી ઉંમરની કોઈ વિધવા સ્ત્રી સાથે પુનર્લગ્ન કરો તે વધારે ઉચિત ગણાશે." પરિણામે બાળારાવ વધારે કટ્ટર થયા અને ઝઘડો કરી જુદા રહેવા ગયા, એટલું જ નહિ પરંતુ ડૉ.આંબેડકરના વિરોધી લોકો સાથે ભળી ખટપટ કરી તેમની મુશ્કેલીમાં વધારો કરવા લાગ્યા હતા. તેમના વડીલ હવાલદાર પાંગલોલકરને મધ્યસ્થી રાખી નિવેડો લાવવાના પ્રયત્નો કર્યા પરંતુ તેમા સફળ થયા નહિ.

બીજી બાજુ વડોદરા રાજ્યના શિક્ષણ ખાતાએ ડૉ.આંબેડકર પાસે વીસ હજાર રૂપિયાની લેણી રકમની વ્યાજ સાથે કડક ઉઘરાણી શરૂ કરી દીધી. કાયદેસર કાર્યવાહી કરવા નોટિસો ઉપર નોટિસો મોકલવામાં આવતી હતી. વડોદરાના આર્યસમાજી પંડિત આત્મારામ અમૃતસરીને પત્રો લખી આ બાબતે રાહત થાય તેમ કરવા પ્રયત્નો કર્યા હતા, પરંતુ પંડિત આત્મારામનો પુરુષાર્થ સફળ થયો ન હતો. વડોદરા રાજયનું કેળવણી ખાતું છેક ૧૯૪૪ સુધી ડૉ.આંબેડકરને કનડતું રહ્યું હતું. તેમણે સિડનહેમ કોલેજના આચાર્યોને ઘણા પત્રો લખ્યા હતા.

સામાજિક પ્રવૃતિનું ક્ષેત્ર પણ સંતોષકારક નહોતું. શોષિતોના સાચા સારથિ છત્રપતિ શાહૂ મહારાજાનો સ્વર્ગવાસ થયો હતો. "મૂકનાયક" પાક્ષિકનું પ્રકાશન બંધ પડ્યું હતું. શિવતરકર 'સંભાજી ગાયકવાડ, સંભાજી વાઘમારે ઈત્યાદિ કાર્યકરો વચ્ચે ભારે કલહ-વિવાદ થયા હતા. "મૂકનાયક" ના વ્યવસ્થાપક જ્ઞાનદેવ ધોલપ અલગ થયા હતા."મૂકનાયક"નો હિસાબ પણ આપવા તૈયાર નહોતા. એટલું જ નહિ પરંતુ તેમણે "મૂકનાયક"ને નવેસરથી શરૂ કર્યુ હતું અને ડૉ.આંબેડકરની ટીકા પણ કરતાં લખતા કે-"ડૉ.આંબેડકરને ગામમાં ઘર નથી, સીમમાં ખેતર નથી ને દલિતોની સેવા કરવા નીકળ્યા છે." "મૂકનાયક" જેના ભરોસે સોપ્યું તે ભટકર મહર્ષિ શિંદેના છાત્રાલયમાં રહેલી સારસ્વત બ્રાહ્મણ વિધવા નર્સ યમુનાબાઈ જોડે પુનર્લગ્ન કરી સમાજસેવામાંથી પીછેહઠ કરી ગયા હતા. બે પત્નીના ભરથારની સ્થિતિ દયાજનક હતી.- 'બહુ બેટીયાં દો નાર ભરથાર, વાંકો કાં મારણો, માર દીયો કીરતાર.!' વળી પહેલી પત્ની બાળકો સાથે એકલી રહેતી હતી.

વળી સરકારે કાયદામંડળ (ધારાસભા)માં સને ૧૯૨૦-૨૩ માટે જ્ઞાનદેવ ધોલપની નિમણૂંક કરી હોવાથી તેમને પોતાની જાત માટે તેમના મગજમાં ઘણો ઉંચો ખ્યાલ ભરાઈ ગયો હતો. તેઓ કોઈને પણ પસંદ નહોતા. કોંગ્રેસી પ્રલોભનોના કામણ કેદ થયેલા ધોલપે સતારામાં "મહાત્મા છાત્રાલય" શરૂ કરવા ભાવિ કાર્યસૂચિની પત્રિકા પણ પ્રસિદ્ધ કરી હતી. પરંતુ પાછળથી કોંગ્રેસી મદદ ન મળતાં કાર્યક્રમનો કરુણ રકાસ થયો હતો.

સમાજ સેવાનાં સીધાં ચઢાણ :

બીજા કેટલાક કાર્યકરોનું વર્તુળ પણ હતાશ થયું હતું. પ્રવૃતિ લગભગ બંધ પડવા જેવી સ્થિતિ પ્રવર્તતી હતી. લંડન જતાં પૂર્વે તેમણે ભારે પુરુષાર્થ કરી ઉભું કરેલું સમાજસેવાનું સઘળું વાતાવરણ ડહોળાઈ ગયું હતું. સમાજસેવાના ક્ષેત્રે ભારે ભેલાણ થયું હતું.

આ બાજુ રાષ્ટ્રના રાજકારણમાં પણ પરિબળો પ્રતિકૂળ હતાં. સન. ૧૯૧૭માં જે કોંગ્રેસે પદદલિતો માટે પ્રસ્તાવ પારિત કર્યો હતો, રાષ્ટ્રની જનતાને આહ્‌વાન કર્યું હતું તે કોંગ્રેસ હવે પીછેહઠ મરવા માંડી હતી. સ્વામી શ્રદ્ધાનંદના નેતૃત્વ હેઠળ રચાયેલી-શ્રીમતી સરોજિની નાયડુ, ઈન્દુલાલ યાજ્ઞિક, જી.બી.દેશપાંડે ઈત્યાદિ સભ્યોની સમિતિ સંતોષકારક કાર્ય કરી શકી નહોતી. બારડોલીમાં નક્કી કરેલા કાર્યક્રમનો અમલ કરી શકી નહોતી. પરિણામે નારાજ થયેલા સ્વામી શ્રદ્ધાનંદ રાજીનામું આપી છૂટા થયા. લોકમાન્ય તિલક સ્વરાજ્ય ફંડના કરોડો રૂપિયામાંથી કરોડો કિંકરો માટે માત્ર બે લાખ રૂપિયા ફાળવ્યા અને તેમાંથી ૪૩ હજાર જ તેઓ ખર્ચી શક્યા હતા.

## ૩:૨:૫ વકીલાતના વ્યવસાયનો પ્રારંભ અને સફળતા :

સ્વદેશ આવી ડૉ.આંબેડકરે આ સઘળી પ્રતિકૂળ પરિસ્થિતિમાં સર્વપ્રથમ પોતાની આર્થિક સ્થિતિ વ્યવસ્થિત કરવા પ્રયત્ન કર્યો. દરમિયાન તેમણે બાટલીબૉય એકાઉન્ટન્સી ઈન્સ્ટીટ્યૂટમાં 'મર્કન્ટાઈલ લૉ' માટે ખંડ સમયના માનદ્ વ્યાખ્યાતા તરીકે સેવાઓ આપી દર મહિને રૂપિયા બસોની બેઠી આવક નક્કી કરી દીધી. વળી પારસી મિત્ર નવલ ભાથેનાની ભલામણથી બે ટ્યૂશનો મેળવી આજીવિકાનો પ્રશ્ન હલ કર્યો હતો.

૧૯૨૩ના જુલાઈની પાંચમી તારીખે હાઈકોર્ટમાંથી સનદ મેળવી વકીલાતનો વ્યવસાય શરૂ તો કર્યો. પરંતુ અસ્પૃશ્ય એડવોકેટને ઓફિસ કોણ આપે ? પરેલના દામોદર હોલની પાસેના મકાનમાં પહેલે માળે ઓફિસ માંડ મેળવી.. એક ટેબલ અને ત્રણ ખુરશીઓ તો ગોઠવી. પરંતુ "અસીલ"ના ફાંફાં હતાં. વકીલાતના વ્યવસાયમાં ગુજરાતી-મારવાડી ધંધાદારી લોકોના કેસ વધારે રહેતા હતા અને કેસ મોટેભાગે ગુજરાતી, પારસી, મારવાડી હિન્દુ વકીલોને જ મળતા હતા. વકીલાતના વ્યવસાયમાં આ લોકોનો જ ઈજારો હોય તેવી સ્થિતિ પ્રવર્તતી હતી. આ સંજોગોમાં 'અસ્પૃશ્ય એડવોકેટ' ને અસીલ ક્યાંથી મળે ? સવર્ણ વકીલો અછૂત આંબેડકરની મજાક કરતા ત્યારે આંબેડકર કહેતા કે, "યાદ રાખો એક દિવસ હું જ આ ન્યાયના આસને આરૂઢ થઈશ અને તમે મને મી.લોર્ડ... મી.લોર્ડ કહી સંબોધતા હશો." ડૉ.આંબેડકરનો પ્રથમ કેસ ખાડગાંવ (જિ.નાસિક)ના અસ્પૃશ્ય મહાર પુંજાજી લક્ષ્મણ જાદવનો આવ્યો હતો, જેમાં તેમને રૂા.૬૦૦/- ફી પેટે પ્રાપ્ત થયા હતા. વ્યવસાયની મંદીને કારણે તેઓ હતાશા તરફ ગતિ કરી રહ્યા હતા. ક્યાંક નોકરી મેળવી સંસાર સુખી કરવાનાં સ્વપ્નો સેવવા માંડયા હતા.

આ અરસામાં બાલકૃષ્ણ ગણેશ મોડક નામના હાઈકોર્ટના એક વકીલ સાથે તેમનો ભેટો થયો. મોડકને કેસ માંડતા ફાવતું પરંતુ કોર્ટમાં રજૂઆત કરતાં ફાવતું નહિ, તેમણે ડૉ.આંબેડકર સાથે મસલત કરી અને સંયુક્ત ભાગીદારીમાં કોર્ટમાં કેસ લડવા લાગ્યા હતા. બ્રાહ્મણોએ મોડકનો બહિષ્કાર કર્યો અને આંબેડકરનો સામૂહિક વિરોધ પણ કર્યો હતો. બ્રાહ્મણોમાં અસંખ્ય 'મોડક' પણ હતા.

સામાન્યતઃ વકીલાતના વ્યવસાયના ક્ષેત્રે નવા આગન્તુકને ભારે પરિશ્રમ કરવો પડતો હોય છે. ડૉ.આંબેડકરે પણ અથાગ પરિશ્રમ કરી આ ક્ષેત્રે પોતાનો સીક્કો જમાવ્યો હતો. હવે સવર્ણો પોતાના જોખમી કેસ ડૉ.આંબેડકરને આપવા પડાપડી કરતા હતા. મહારાષ્ટ્રમાં ચકચાર જગાવનાર **'દેશના દુશ્મન'** ખટલામાં બચાવ પક્ષે બેરિસ્ટર આંબેડકર સફળ રહ્યા હતા. કેસની વિગત પણ રસપ્રદ હતી.

મહારાષ્ટ્રમાં **'બ્રાહ્મણ'** અને **'બ્રાહ્મણેતર'** એવા બે વર્ગો સામસામે આવી ગયા હતા અને બ્રાહ્મણ વર્ગની પ્રવૃતિ જોરદાર હતી. બ્રાહ્મણેતર પ્રવૃતિના આગેવાન પૂનાના દિનકરરાવ જવળકરે મરાઠીમાં

'દેશાં ચે દુશ્મન' (દેશના દુશ્મન) નામનું પુસ્તક લખ્યું હતું. કેશવરાવ જેધે અને કેશવરાવ બાગડે બન્નેએ તેની પ્રસ્તાવના લખી હતી અને રામચંદ્ર લાડના પ્રેસમાં તે છાપવામાં આવ્યું હતું.જેમાં લોકમાન્ય તિલક અને વિષ્ણુશાસ્ત્રી ચિપલુણકરની અસ્પૃશ્યતા બાબતની મનોવૃતિની ટીકા કરવામાં આવી હતી.

## ૩:૨:૬ બહિષ્કૃત હિતકારિણી સભાની સ્થાપના :

ડૉ.આંબેડકર માત્ર દલિતોની એક આગવી સંસ્થા વિશે વિચાર્યું અને તા. ૯-૪-૧૯૨૪ના રોજ મુંબઈના દામોદર હોલમાં સામાજિક કાર્યકરોની સભા કરી વિસ્તૃત ચર્ચા અંતે નિર્ણય થયો અંતે તા. ૨૦-૭-૧૯૨૪ના દિવસે 'બહિષ્કૃત હિતકારિણીસભા'(Depressed Classes Institute) નામક સંસ્થાની પુનઃ સ્થાપના કરી. **"શિક્ષિત બનો.... સંઘર્ષ કરો... સંગઠિત થાઓ"** નો મુદ્રાલેખ મુકરર કરવામાં આવ્યો હતો.

**સંસ્થાના ઉદ્દેશો**

(૧) બહિષ્કૃત (દલિત) વર્ગોની પરિસ્થિતિની માહિતી એકઠી કરી જનતાની જાણમાં લાવી તેમના માટેનો સહાનૂભૂતિવાળા લોકમતનું ઘડતર કરવું.

(૨) સરકાર દ્વારા અધિકારોનું રક્ષણ-સવર્ધન કરવું તેમજ આવશ્યક સવલતો પ્રાપ્ત કરાવવા પ્રયત્નો કરવા.

(૩) બહિષ્કૃત વર્ગમાં જાગૃતિ આણવી-પ્રચારકો નીમવા.

(૪) બહિષ્કૃત વર્ગને તેના હિત-હક્કો માટે સભાન કરવા તેમજ તે પ્રાપ્ત કરાવવા.

(૫) શિક્ષણ-પ્રચાર, વાંચનાલય, છાત્રાલય શરૂ કરવાં તેમજ નભાવવાં, કીર્તન, વ્યાખ્યાન કે, મનોરંજન (જાદુઈ ખેલો) દ્વારા જાગૃતિ આણવી તેમજ તેમની આર્થિક ઉન્નતિ માટેનું આયોજન કરી સરકાર સમક્ષ રજૂ કરવું.

(૬) બહિષ્કૃત (દલિત) વર્ગોની સર્વાંગી પ્રગતિ માટે પ્રયત્નો કરવા.

સંસ્થાની વ્યવસ્થાપક સમિતિ નીચે પ્રમાણે હતી :

| | |
|---|---|
| **પ્રમુખ** | ડૉ. ભીમરાવ રામજી આંબેડકર |
| **મંત્રી** | સીતારામ નામદેવ શિવતરકર |
| **કોષાધ્યક્ષ** | નિવૃતિ તુલસીરાવ જાધવ |

સોળ વ્યક્તિઓની વ્યવસ્થાપક સમિતિમાં ગુજરાતી મહાનુભાવોમાં ગોવિંદજી ટી. પરમાર (અમરેલીના મેઘવાળ શિક્ષક), સામંત નાનજી મારવાડી, ઝીણાભાઈ મૂળજી રાઠોડ (બન્ને મારુ વણકર સમાજના આગેવાન)નો સમાવેશ થતો રહે છે. જ્યારે ટ્રસ્ટી મંડળમાં સામંત નાનજી મારવાડી (મારુ-વણકરના આગેવાન) અને કેશવજી રણછોડજી વાઘેલા (અમદાવાદ મૂળગામી વણકર સમાજના આગેવાન)નો સમાવેશ થયો હતો. આથી ફલિત થાય છે કે ગુજરાતના દલિતો ૧૯૨૪થી ડૉ.આંબેડકરની પ્રવૃતિઓમાં સક્રિય રીતે મહત્ત્વના સ્થાને સંકળાયેલા હતા. આ હકીકતો ગુજરાતના દલિતો માટે ગૌરવની બાબત હતી. સર ચીમનલાલ હરિલાલ સેતલવડ અધિપતિ અને મેયર નિસ્સીમ રુસ્તમજી જીનવાલા, જી.કે.નરીમાન, ડૉ. પરાંજપે, ડૉ. ચૌહાણ અને સોલિસિટર બાળાસાહેબ જી.ખેર ઉપઅધિપતિ હતા. બહિષ્કૃત હિતકારિણી સભામાં, બ્રાહ્મણો હતા - સવર્ણો હતાં પરંતુ એકપણ મુસ્લિમ નહોતો. તે નોંધપાત્ર છે. ડૉ.આંબેડકર દ્વારા આલેખિત બહિષ્કૃત હિતકારિણી સભાની અપીલ આ પ્રમાણે હતી :

"જન્મસિદ્ધ યોગ્યતા-અયોગ્યતા-તેમજ જન્મસિદ્ધ પવિત્ર-અપવિત્ર એવા હિન્દુ તત્વજ્ઞાનને આધારે હિન્દુસમાજનાં ત્રણ ઘટકો ઘડાયાં છે. પ્રથમ ઘટક એટલે સર્વશ્રેષ્ઠ-પવિત્ર બ્રાહ્મણવર્ગ બીજું ઘટક એટલે જન્મજાત શ્રેષ્ઠ બ્રાહ્મણોથી સહેજ ઉતરતું ઘટક જેને બ્રાહ્મણેતર (ક્ષત્રિય, વૈશ્ય જાતિઓ) તરીકે હાલ ઓળખવામાં આવે છે અને ત્રીજું ઘટક એટલે જન્મથી જ કનિષ્ઠ, અપવિત્ર ગણવામાં આવે છે તે વર્ગ, જે હિન્દુધર્મથી બહિષ્કૃત-સમાજ બહારના લોકો છે. તેમની સ્થિતિ જોતાં તે નામ માટે ઉચિત પણ છે. ઉપરના બંને વર્ગો વિત્ત અને વિદ્યાર્થી સજ્જ છે, જ્યારે જન્મજાત અપવિત્રતા-અયોગ્યતાના નિયમને કારણે બહિષ્કૃત વર્ગની સ્થિતિ દુઃખદાયક છે. સામાજિક રીતે તેમની કોઈ ગણના જ નથી. સાર્વજનિક શાળામાં

સમાજ સેવાનાં સીધાં ચઢાણ :

પ્રવેશ નહિ. કૂવે પાણી ભરાય નહિ, કેટલેક ઠેકાણે તો સાર્વજનિક માર્ગો પર ચાલી શકાય નહિ, વેપાર થાય નહિ, અપવિત્રતાને કારણે કોઈ નોકરીએ રાખે નહિ, ખેતી થાય નહિ, નોકરી, ખેતી અને વેપાર આર્થિક ઉપજના આ ત્રણેય દરવાજા તેમને માટે બંધ છે. સૈકાઓથી પોતાને અયોગ્ય અને અપવિત્ર માનતાં હોવાથી તેઓ સ્વાભિમાન શૂન્ય અને આત્મબળહીન બની ગયાં છે. ગામડાઓમાં વેઠ કરી ભીખ માંગી જીવન જીવી રહ્યાં છે. અંગ્રેજ શાસનમાં જોરશોરથી કહેવામાં આવે છે કે કોઈપણનો માનવ-અધિકાર છીનવાશે નહિ. વિદ્યાના દ્વાર સર્વ માટે ખુલ્લાં છે, સાર્વજનિક સવલતો સર્વ માટે સમાન છે. પરંતુ હિન્દુ લોકોના અમાનુષી અત્યાચારોથી બહિષ્કૃત વર્ગોને અપાર અન્યાય થાય છે. રોજ અત્યાચારોના અસંખ્ય બનાવો પણ બને છે. બહિષ્કૃત વર્ગના માનવીય અધિકારોનું સંરક્ષણ સરકાર કરી શકતી નથી તે જગજાહેર બાબત તો છે. વળી આશ્ચર્યની બાબત એ છે કે, કોઈ પણ સમાજસેવી સંસ્થા આ લોકોની ઉન્નતિના કાર્યક્રમને અગ્રસ્થાન આપવા પણ તૈયાર નથી. સમાજ એક જહાજ સમાન છે અને તેના એક ભાગમાં છિદ્ર પડવાથી-વિઘ્નસંતોષીઓનાં આવા કુકર્મોથી સમગ્ર જહાજ ડૂબવાની શક્યતા રહે છે તે સમાજસેવકોએ સમજવું જોઈએ. આવી વિકટ પરિસ્થિતિમાં બહિષ્કૃતો ઉન્નતિના કાર્ય માટે તેમની શિથિલતા નિર્મૂળ કરી તેમનામાં ચૈતન્ય આણવા માટે, તેમની ઉન્નતિના આડે આવતા અવરોધો હટાવવા માટે અમે આ સંસ્થાની સ્થાપના કરી છે."

"આ સંસ્થાના ઉપક્રમે આપણા બહિષ્કૃત બંધુઓને બે હાથ જોડી વિનંતી છે કે, તેઓ વરા-બારમાની બલામાંથી મુક્ત થાય લગ્ન,જનમ, મરણ પ્રસંગના ખોટા ખર્ચા બંધ કરે અને તે બચાવેલ પૈસાથી આ સંસ્થાને સહાય કરે.. ભારતના છઠ્ઠા ભાગના આપણે છ કરોડ માનવો પછાત છીએ. આત્મબળ-આત્મવિશ્વાસમાં પણ પછાત છીએ. આર્થિક, સામાજિક, રાજકીય ક્ષેત્રે પછાત છીએ. જયાં સુધી આવડો વિશાળવર્ગ પછાત હોય ત્યાં સુધી દેશ પણ આવી જ દીન-હીન સ્થિતિમાં રહેશે તેમાં શંકાને સ્થાન નથી. દેશનું અપરિમિત નુકસાન થઈ રહ્યું છે. **આથી આવી દયાજનક પરિસ્થતિના નાશના કાર્યમાં યથામતિ સહાય કરવા સર્વેને વિનંતી છે."**

ડૉ.આંબેડકરની અપીલથી બહિષ્કૃત વર્ગોના બધા જ કાર્યકરો કામે લાગી ગયા. શનિ-રવિ સભાઓ થવા માંડી. આળસ ખંખેરી બહિષ્કૃત લોકો બેઠા થવા લાગ્યા હતા. પરંતુ વર્ષોથી પછાત રહેલા કાર્યકરોમાં આવેલી લઘુતાગ્રંથિના કારણે એકબીજા પ્રત્યે ઈર્ષા થવા લાગી હતી. પરેલ મ્યુનિસિપલ મરાઠી (દલિત) શાળાના હેડમાસ્તર (ચાંભાર જ્ઞાતિના) સીતારામ શિવતરકરને સેક્રેટરી બનાવ્યા હતા. જે અન્ય ચાંભાર કાર્યકરોને અણગમતું હતું.

દલિતોત્થાન માટેની પ્રવૃત્તિની સૌથી મોટું દૂષણ કાર્યકરોમાં પરસ્પર અંગત ઈર્ષા, "સમાજસેવા"ના કાર્યમાં આડે આવતી હતી. કોઈ પણ મિશન ત્યારે જ સફળ થાય જયારે સંઘમાં કલ્યાણ-મિત્રો હોય અને ધ્યેય સ્પષ્ટ-એક જ હોય.પોતાના સ્વાર્થ તેમજ પોતાની આદતના કારણે તિરાડો પડે છે અને સંઘબળ તૂટે છે. તેમાં શિવતરકર અને ડૉ.આંબેડકર વિશે આકરી ટીકાઓ પણ થતી હતી. પરિણામે ડૉ.આંબેડકરે દેવરુખકર સામે બદનક્ષીનો દાવો કર્યો હતો. જેમાં તેમનો દંડ પણ થયો હતો. દંડ થયા પછી દેવરુખકર ડૉ.આંબેડકર પાસે આવીને પાછા આજીજી કરતા અને કહેતા :"સાહેબ, આ શિવતરકરને તમે ખોટો પાંખમાં લીધો છે. તમે શિવતરકરને છોડો એટલે અમે તમારા જ.. "

**ડૉ.આંબેડકરે લખ્યું :**

**"આપણા સમાજની ઉન્નતિ માટે હું ખંત અને પ્રમાણિકતાથી કાર્ય કરું છું. આ માટે મે વિપુલ વિદ્યાભ્યાસ કર્યો છે. મને પ્રાપ્ત થયેલ જ્ઞાનશક્તિનો ઉપયોગ હું માત્ર પરિવાર માટે ન કરતાં, સમગ્ર સમાજના ઉદ્ધાર માટે કરવાનો છું. આ માટે મેં અસંખ્ય યોજનાઓ પણ તૈયાર કરી છે, તે યોજનાઓ સફળ થતાં અસ્પૃશ્ય સમાજને પણ ફાયદો થશે. અસ્પૃશ્યોના પ્રશ્નો તો ઘણા જ વિકટ છે, તે બધા જ પ્રશ્નો હું ઉકેલી શકીશ તેમ માનતો નથી. મને મારી મર્યાદાઓની ખબર છે. પરંતુ તે બધા જ પ્રશ્નો જગતનાં ચોકમાં લાવીને ખડા કરીશ અને સમગ્ર જગતનું ધ્યાન તેના ઉપર કેન્દ્રિત કરાવીશ જ તેની તો મને સંપૂર્ણ ખાતરી છે. અસ્પૃશ્યોના પ્રશ્નો એટલે હિમાલય. આ હિમાલય સાથે મારું માથું અફાડી-પછાડી હુ મારું માથું ફોડીશ. જો કે હિમાલય હાલ હટશે નહિ પરંતુ મારું લોહિયાળ માથું નિહાળી સાત કરોડ દલિતો તે હિમાલયને જમીનદોસ્ત કરવા સંગઠિત થઈ એક થશે અને તે માટે પોતાનો પ્રાણ આપવા પણ તૈયાર થઈ જશે.. આ તમે પાકું માનજો. પરંતુ આપણામાં જ જો આવું વાકુંચૂંકુ રહેશે, તિરાડો પડશે, ભાગલા પડશે, તો હું તો શું પ્રત્યક્ષ પરમેશ્વર પણ આ બાબતે કશું જ કરી શકશે નહિ."**ડૉ.આંબેડકરની અંતરની

આર્ષવાણી સાંભળી કાર્યકરો ભાવવિભોર થઈ ગયા. વિખવાદને વેગળો મૂકી શિવતરકરની સાથે પ્રવૃતિમાં પરોવાઈ ગયા. આમ ડૉ.આંબેડકરના પ્રાકૃતિક-સહજ અને વાસ્તવદર્શી નેતૃત્ત્વનો જાદુઈ પ્રભાવ કાર્યકરો ઉપર પડતો હતો.

કોલ્હાપુરના દત્તોબા સંતરામ પવાર ચાંભાર હતા. ડૉ.આંબેડકરના અંતરંગ મિત્ર હતાં. ડૉ.આંબેડકર ઘણી વખત પત્ર દ્વારા તેમના સમક્ષ પોતાના હૃદયની વ્યથા ઠાવતા હતા. ગણેશાચાર્ય માંગ જાતિના હતા અને પોતે મહાર હતા. છતાં એકભાણે જમતા હતા. માંગના (મદારી) એક બાળકને "દત્તક" લીધો હતો. રમાબાઈ તથા લક્ષ્મીબાઈ બન્ને દેરાણી-જેઠાણી બાળકને જાતે પ્રથમ નવરાવે, ધોવડાવે અને સ્વચ્છ કરી શાળાએ મોકલે. માતા જેવા સ્નેહથી તેનો ઉછેર કરતા હતાં. પોતે સવાર-સાંજ નાયગાંવના માંગ (મદારી) લોકોના મહોલ્લામાં જઈ તેમની વચ્ચે બેસી તેનાં દુઃખો સાંભળતા હતાં. આચાર-વિચાર વચ્ચે એકરૂપતા હતી. આ વિચાર આચારની એકરૂપતાના જબરજસ્ત કામણને કારણે કાર્યકરો તેમની આસપાસ સતત વીંટળાયેલા રહેતા હતાં. પ્રેરણા પ્રાપ્ત કરતા હતા.

## ૩ : ૨ : ૧ માલવણ માં ડૉ. આંબેડકરની અધ્યક્ષતામાં દલિત પરિષદ

એપ્રિલ, ૧૯૨૫માં માલવણ (રત્નાગિરિ) મુકામે મુંબઈ ઈલાકાના દલિતોની પ્રથમ પરિષદના પ્રમુખસ્થાનેથી પ્રવચન કરતાં દલિતોની સ્વાભિમાનની ભાવનાને ઢંઢોળતી આકરી જૂબાનમાં ડૉ.આંબેડકરે કહ્યું :

***"અહીં એકઠા થયેલા દલિતો, તમારી દુર્દશા કેવી છે ? તમારા દુઃખી ચહેરા જોઈ... તમારા દીનતાભર્યા શબ્દો સાંભળી મારું હૃદય ફાટી જાય છે. તમો તમારા દુઃખી જીવન દ્વારા દુનિયાના દુઃખદર્દમાં શા માટે વધારો કરો છો ? તમે માતાના ગર્ભમાં કે જન્મતાંની સાથે જ કેમ મરી ન ગયા ? હજુએ તમે મરી જાઓ તો દુનિયા ઉપર તમારો ઉપકાર થશે. દુનિયા ઉપરથી દુઃખદર્દના ભાર ઓછો થશે, પરંતુ જો તમે ખરેખર જીવન જીવવા જ માંગતા હો તો જિંદાદિલીથી જીવો. આ દેશના અન્ય નાગરિકોને રોટી, રહેઠાણ અને વસ્ત્રો મળે છે તે તમને પણ મળવા જોઈએ.. આ તમારો જન્મસિદ્ધ અધિકાર છે. આ માનવીય હક્કો હાંસલ કરવા તમારે આગળ આવવું પડશે."***

બહિષ્કૃત હિતકારિણી સભાના ઉપક્રમે લોકજાગૃતિ આણવા નિપાણી (જિ.બેલગાંવ) મુકામે તા. ૧૦-૧૧ એપ્રિલ, ૧૯૨૫ના દિવસે મુંબઈ ઈલાકા બહિષ્કૃત પરિષદ અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રમુખસ્થાનેથી પ્રેરણાદાયી પ્રવચન કરતાં ડૉ.આંબેડકરે કહ્યું :

"આ દેશમાં અત્યારે જ ધમાચકડી ચાલી રહી છે તેમાં આપણા માટે જીવનમરણનો પ્રશ્ન એટલે **"વાયકોમનો સત્યાગ્રહ"** જે રસ્તા ઉપરથી પરધર્મી અને પશુઓ ચાલી શકે તે રસ્તા ઉપરથી આપણે જઈ શકીએ નહિ. એકાદ વર્ષ ચાલી આ સત્યાગ્રહ લગભગ નિષ્ફળ ગયો. કારણ કે રાજકીય નેતાઓનો દૃષ્ટિકોણ બદલાયો છે. તેઓ પહેલાં રાજકીય અને પછી સામાજિક સ્વતંત્રતાની વાતો કરે છે. ધુરંધર રાજકીય નેતાઓએ પણ સામાજિક અન્યાયને દૂર કરવો તે દરેક ભારતીયનું આદ્ય કર્તવ્ય છે તેવું કહેનારા મુત્સદ્દી આ દેશમાં મહાત્મા ગાંધી પહેલાં કોઈ થયું નહોતું. તેમના મતે રાજકીય-સામાજિક-નિવારણ સિવાય સ્વરાજ્ય મળશે નહિ. તેવું તેઓ સતત કહેતા ફરે છે, પરંતુ બારીક નજરે નિહાળી શું તો બીજું દેખાય છે. તેઓ ખાદીપ્રચાર, હિન્દુ-મુસ્લિમ એકતા વિશે જેટલો ભાર મૂકે છે તેટલો અસ્પૃશ્યતા-નિવારણ માટે મૂકતા નથી. તેઓ જાતે વાયકોમ જઈ આવ્યા અને સમાધાન માટે પૂજારી પાસે ત્રણ વિકલ્પ મૂકયા (૧) જનતાનો લોકમત લેવો (૨) જે શાસ્ત્રોમાં અસ્પૃશ્યતા છે તે ખરી છે કે ખોટી તે પંડિતો પાસે ચકાસી જોવી. (૩) ત્રાવણકાર કોચીનના દીવાનને લવાદ નીમવા. ભૂદેવોએ તેમના એક પણ વિકલ્પ સ્વીકાર્યો નહિ. તે પોતાના હઠાગ્રહમાં મક્કમ રહ્યા અને અસ્પૃશ્યતાનો નિર્દેશ કરતાં કેટલાંક શાસ્ત્રો મહાત્મા ગાંધી સમક્ષ ખડકી દીધાં..."

મેં તે બધા જ હિન્દુ શાસ્ત્રો વાંચ્યા નથી, તેના પેટાળમાં શું પડ્યું છે તેની પણ મને પૂરેપૂરી ખબર નથી. પરંતુ તેમાં "અસ્પૃશ્યતા"નો નિર્દેશ છે તેની ખાતરી છે. ધર્મમાર્તંડ છાતી ઠોકીને કહે છે કે, વ્યવહારમાં અસ્પૃશ્યતા હોવી જોઈએ. હવે આનો એક જ ઉપાય છે તે સઘળાં શાસ્ત્રોની આપણે હોળી કરવી જોઈએ કે જેમાં "અસ્પૃશ્યતા" હોય. હકીકતમાં આ શાસ્ત્રો - લોકોનું અપમાન કરનારાં આવાં શાસ્ત્રો સરકારે જપ્ત કરવાં જોઈએ. સમાજરચનાનો હેતુ છે કે બધાંને સમાન સમજી સમાન સંબંધો રાખી અન્યોન્ય સહાય કરી બંધુતા પેદા કરવી.... સર્વનું શ્રેય કરવું જયારે કેટલાંક લોકો સમાજમાં પ્રબળ બની

અન્યને નિર્બળ બનાવી સમાજ-રચનાની ભાવનાને ભાંગે ત્યારે સમાજની દરેક બાજુથી મૂકી સહિયારો પુરુષાર્થ કરી પ્રબળ થયેલા મદાંધોને જમીનદોસ્ત કરી દેવા..



"ફ્રાન્સમાં વરિષ્ઠ લોકો દ્વારા કનિષ્ઠ લોકોના શોષણ સામે ૧૦-૧૫ વર્ષ સંઘર્ષ થયો.. ક્રાંતિ થઈ... અમેરિકાના નીગ્રો ગુલામોની મુક્તિ માટે અમેરિકનોની વચ્ચે છ વર્ષ સુધી યાદવાસ્થળી થઈ. આ સંઘર્ષમાં અનેક લોકો મૃત્યુને વર્યા, પરંતુ તેમને મૃત્યુ એળે ગયું નહોતું. તેમણે ક્રાંતિ કરી જેથી તેમનું જીવ્યું સાર્થક થયું. જયારે આપણે આટલા અન્યાયો, અવહેલનાઓ અને અત્યાચારો વચ્ચે પણ મૂંગા પ્રાણીની જેમ જીવીએ છીએ, ગાય જેમ ગરીબ છીએ. આપણને તેનું કંઈ ભાન નથી, દુઃખ થતું નથી, ગુસ્સો નથી, તે આશ્ચર્યની વાત છે. નાનકડો મંકોડો પણ એને ઈજા કરે તેને ડંખ મારે, જયારે કીડી-મંકોડાથી મોટું પ્રાણી માનવ-આપણે મૂંગા છીએ. તેનાં બે કારણો છે : એક તો આપણામાં શિક્ષણ-જ્ઞાન નથી અને બીજુ આપણામાં સામર્થ્યનો સંપૂર્ણ અભાવ છે...?"

"....આપણી માનસિક દુર્બળતાને કારણે બીજાના ગુલામ બન્યા છીએ, તેનું કારણ એટલું જ કે આપણને આપણા ભવિષ્યનું આપણા કર્તવ્યનું જ્ઞાન નથી. બીજા લોકો સુંદર-સ્વચ્છ પોશાક પહેરી શકે છે. આપણે એક પોતિયું-પંચિયું અને એક "આંગડું" પહેરીને ફરીએ છીએ. મરેલાં મડદાનાં વસ્ત્રો ઉતારી પહેરીએ છીએ. સરકારી દરબાર, કોર્ટ, કચેરીમાં આપણે જઈ શકતાં નથી. વરિષ્ઠ વર્ગના કોઈકે કદાચ અપવાદરૂપે આપણને જોડે બેસવાનું કહ્યું હોય તો આપણે ગભરાઈને આહાર લઈ શકે છે. જયારે આપણે ગામમાંથી માંગી લાવેલા એંઠાજૂઠા ટુકડા ઉપર નભીએ છીએ. શું આ માટે તમારા મનમાં કદાપિ ક્રોધ થાય છે ? આ નરકમાંથી મુક્ત થવાની ઈચ્છા થાય છે....

....મિત્રો, જુનું એટલું સોનું" તેવું હવે ચાલશે નહિ. વડવાઓએ કર્યું તે દીકરાઓએ કરવું તે પણ હવે ચાલશે નહિ. પરિસ્થિતિ બદલાઈ છે. આપણે પણ બદલાવું પડશે. આપણા આચાર-વિચાર બદલવા પડશે. શિક્ષણ લેવું પડશે. આપણા આચાર-વિચાર બદલવા છે. આપણે પણ બદલાવું પડશે. જ્ઞાની થવું પડશે. જેટલો સમય જાય છે તે કિંમતી છે, હવે સમય વેડફવો આપણને પોષાય તેમ નથી આપણાં બાળકોને શિક્ષણ આપવું જ પડશે. અહીં દરેક આઠ આના આપે તો પણ આઠ-દશ હજાર રૂપિયા એકઠા થઈ જાય.

**વિદ્યાર્થીઓનું છાત્રાલય થઈ શકે અને આ તમારે કરવું જ પડશે, તો જ મારું આવવું અને બોલવું સાર્થક ગણાશે."**

ડૉ.આંબેડકરનાં આ પ્રવચન અસ્પૃશ્યોના અસાધ્ય રોગને જડમૂળથી નાશ કરતી દિવ્ય ઔષધિ જેવાં હતાં. નિરામય કરનારાં હતાં. જાદુઈ અસર કરનાર હતાં.

ડૉ.આંબેડકરના પ્રવચનના પ્રબળ પ્રવાહમાં આવેલા કાર્યકરોએ સ્થળ ઉપર નક્કી કર્યું કે, "આપણે અહીંયા છાત્રાલય શરૂ કરવું" અને અલ્પ સમયમાં બેલગાંવમાં છાત્રાલયનો પ્રારંભ પણ થયો. અછૂતો ઉપર ડૉ.આંબેડકરના પ્રવચનનો પ્રબળ પ્રભાવ હતો. વળી, ડૉ.આંબેડકર સતત સક્રિય રહેતા, પ્રચાર સભાઓ કરી. પરિષદો ભરી તેમજ વર્તમાનપત્રમાં લેખો લખી દલિત જનતામાં તેમણે જાગૃતિની "જયોતિ" જગાવી હતી.

ડૉ.આંબેડકર અંત્યજોત્થાન માટે અહર્નિશ ચિંતિત રહેતા, મુક્તિના માર્ગ માટે મથતા હતા. અપાર અધ્યયન, જાતિવાદ-વર્ણવાદે વિતાડેલી વ્યક્તિગત અપાર વ્યથાએ તેમના ચિંતનને ધારદાર બનાવ્યું હતું. વળી તેમની પ્રવૃતિઓથી તેમનું કામ અને નામ ગાજવા લાગ્યું હતું. કોલ્હાપુરના રાજવીએ તેમને રાજયના "દીવાનપદ" માટે વિનંતી કરી. વળી કોલ્હાપુરના બહિષ્કૃત હિતકારિણી સભાના કાર્યકરો સર્વ દત્તોબા પવાર, ગણેશાચાર્ય અને પોળે પણ ઘણો જ આગ્રહ કર્યો. ડૉ.આંબેડકરે કહ્યું કે, "હું આવા કોઈ પણ પ્રકારના પાંજરામાં પૂરાવા માંગતો નથી, હું મુક્ત આકાશમાં વિહરતું પંખી છું." મહારાજ છત્રપતિ રાજારામે તેમને દોઢસો એકર જમીન અને બંગલો બાંધી આપવા કહ્યું. ડૉ.આંબેડકરે તેનો સાભાર ઈન્કાર કર્યો હતો. ડૉ. આંબેડકર પ્રલોભનોથી પર હતા !!

મુંબઈ ઈલાકાના ગવર્નર લોર્ડ લેસ્લી વિલિયમ પણ ડૉ.આંબેડકરની પ્રવૃતિથી પ્રભાવિત થતાં ૧૩/૮/૧૯૨૭ના પત્રમાં લખે છે કે :

પ્રિય ડૉ.આંબેડકર

બહિષ્કૃત હિતકારિણી સભાના અહેવાલની નકલ મોકલવા બદલ આભાર. અહેવાલ ધ્યાનથી વાંચ્યો. મુંબઈ ઈલાકાના "અસ્પૃશ્યો"ના ઉદ્ધાર માટે તમારી સંસ્થા દ્વારા તમે ઝઝૂમી રહ્યા છો. તમારી ઉત્કૃષ્ટ કાર્યવાહીની ખાતરી થઈ. બહિષ્કૃતવર્ગના ઉદ્ધાર માટે શિક્ષણ જ પ્રથમ અને સર્વોચ્ચ સાધન છે. સંસ્થાએ સમગ્ર ઈલાકામાં જુદે જુદે સ્થળે છાત્રાલયો સ્થાપવાનો નિર્ણય-કાયક્રમ યોજ્યો છે તેને હું અંતરથી આવકારું છું. વળી તેના માટે નાણાની પણ ઘણી જ આવશ્યકતા છે. સંસ્થાના સભ્યો તથા બહિષ્કૃત લોકો દ્વારા તમને નાણાં મળશે જ. આ કાર્યમાં તમને યશ મળશે જ તેની મને ખાતરી છે. મારી શુભેચછાના પ્રતીકરૂપ આ સંસ્થાને રૂા. ૨૫૦/-ની સહાયનો ચેક આ સાથે મોકલું છું.

આપનો વિશ્વાસુ

લેસ્લી વિલ્સન

આમ મુંબઈ રાજયના ગવર્નરે સંસ્થાને સખાવત આપી સંસ્થાનું સન્માન કર્યું. માન્યતાની મહોર મારી દીધી હતી. ડૉ.આંબેડકરની પ્રસિદ્ધિની જેમ જેમ વૃદ્ધિ થતી તેમ તેમ તેમના "વિરોધીઓ"ની પણ વૃદ્ધિ થતી હતી. બ્રિટીશ સાંસદ (મજૂર પક્ષ) માર્ડી મેન્સે સંસ્થાનાકાર્યાલયની ૪-૧૧-૧૯૨૭ના દિવસે મુલાકાત લીધી હતી. કેટલાંક વાંકદેક્કા ઈર્ષાળુ લોકો ડૉ.આંબેડકર વિરુદ્ધ ઘણું લખતા હતા. એમાં "ડીપ્રેસ્ડ ઈન્ડિયા એસોસિયેસન(બહિષ્કૃત ભારત સમાજ)ના મહામંત્રી નારાયણ ધનાજી ભોંસલે મુખ્ય હતા. મુંબઈના કલાર્ક રોડ પર કરિયાણાની દુકાન ધરાવતા નારાયણ ધનાજી 'રણગર્જન' નામના સામયિકમાં (૨૦/૬/૨૭) પોતાના સ્તર પ્રમાણે પોતાનો બળાપો વ્યક્ત કરતાં લખે છે કે,- (ખેરમોડે મરાઠી ચરિત્ર ગ્રંથ ભાગ : ૨ પૃ.૧૫૨)

"અમારી ડિપ્રેસ્ડ ઈન્ડિયા એસોસિયેશનના કાર્યકરો-પદાધિકારીઓ આશ્રયદાતામાં સવર્ણ વર્ગના સદગૃહસ્થો છે. બહિષ્કૃત હિતકારિણી સભાની વ્યવસ્થાપક સમિતિમાં કામાઠીપુરના દલાલો જેવા પ્રમુખ-મંત્રી છે. તેવા અમારી સંસ્થામાં નથી. વળી ડૉ.આંબેડકર વાતવાતમાં હિન્દુધર્મની ટીકા કરી ધર્માંતરની વાતો કરે છે તે અમને મંજૂર નથી. અમે આ ધર્મમાં મરી જઈશું પરંતુ આ ધર્મ છોડવાના નથી. ડૉ.આંબેડકરને મૌલાના બનવાના કોડ જાગ્યા છે. તેવી જ રીતે ડૉ.આંબેડકર અમારા કાર્યને "પાપ" કહે છે અને તેનાથી દૂર રહેવાનો દલિતોને મહારાજાધિરાજની જેમ આદેશ આપે છે તે ઠીક નથી. તેમનો આ આદેશ ચાલવાનો પણ નથી. આ મહારાજા અંદરોઅંદર (સવર્ણો અને અસ્પૃશ્યો વચ્ચે) યુદ્ધ કરાવી આપણા દલિત સમાજનો નાશ કરશે. સવર્ણ હિન્દુઓએ તેનાથી ડરવાની સહેજ પણ જરૂર નથી. આ તો તેમની ગમત છે તેવું ભાવિ ઈતિહાસ લખશે જ.."

"....ડૉ.આંબેડકરના હાથમાં સામયિક (બહિષ્કૃત ભારત) આવ્યું છે એટલે અમારા વિશે ગમે તેવું લખે છે, તેઓ માને છે કે અમે તેનો રદિયો આપી શકીશું નહિ. આ તેમનો ભ્રમ છે. આજે હિન્દુસ્તાનમાં જેટલાં સામયિકો છે તે બધાં અમારાં જ છે તેની તેમણે નોંધ લેવી ઘટે." જ્ઞાનદેવ ધ્રુવનાયક ધોલપ તો ડૉ.આંબેડકરને લખતાં કે, "તમારે ગામમાં ઘર નથી અને સીમમાં ખેતર નથી અને સમાજ સેવા કરવા નીકળ્યા છો ? બિચારા જ્ઞાનદેવ અજ્ઞાનતાવશ ઉગતા સૂર્ય સામે ધૂળ ઉડાડતા હતા, જયારે ભોંસલે હાથી સામે ભસતા હોય તેમ લાગતું હતું.

ભારતીય ચલણ પદ્ધતિમાં યોગ્ય સુધારા વધારા કરવા માટે બ્રિટીશ સરકારે રોયલ કમિશન ઓન ઈન્ડિયન કરન્સી એન્ડ ફીનાન્સની નિમણુંક ૧૯૨૫ના ડિસેમ્બરમાં કરી હતી. જેના અધ્યક્ષ સર એડમંડ હિલ્ટન યંગ હતા. આ કમિશનના આધારે જ પાછળથી રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની સ્થાપના કરવામાં આવી હતી. ૧૫ ડિસેમ્બર ૧૯૨૫ના દિવસે ડૉ. આંબેડકરે **"રોયલ કમિશન"** સમક્ષ તેમણે "ભારતીય ચલણ અને અર્થવ્યવસ્થા" વિશે માનનીય વિચારો રજૂ કર્યા હતા. વળી તેઓ આ વિષયના નિષ્ણાંત હતા. ભારતની ગરીબી અને બ્રિટીશ હકૂમત દ્વારા થતા શોષણની વિગતો રજૂ કરી તેઓ એવા તારણ ઉપર આવ્યા કે, "હૂંડિયામણના વિનિમય માટે સોનાનું પરિણામ ચાલુ રાખવાથી ભારતને અપાર આર્થિક નુકસાન થાય છે. ભારતની ગરીબીમાં વૃદ્ધિ થાય છે." આ કમિશનના દરેક સભ્ય પાસે ડૉ. આંબેડકરનો ગ્રંથ એઈલેશન ઓફ પ્રોવીલ્શીયલ ફિનાન્સ ઈન બ્રિટીશ ઈન્ડિયાની નકલ હતી.



ડૉ.આંબેડકર દલિતો-શોષિતો માટે સતત ચિંતનશીલ રહેતા હતા. વળી વર્ણવાદે વિતાડેલી અપાર

વ્યથાઓથી તેમનું ચિંતન ધારદાર થયું હતું. સર્વના પરિપાકે સાચા સમતાવાદી ડૉ.આંબેડકર પોતાની તીક્ષ્ણ બુદ્ધિથી પ્રશ્નોનું પૃથકરણ કરી તેની તહભૂમિએ પહોંચી ઉત્કૃષ્ટ ઉકેલ આણતા હતા. તેમની વેધક દ્રષ્ટિએ એ જાણી લીધું કે, હવે સંઘર્ષ સિવાય કોઈ ઉપાય જ નથી. હવે તો યુદ્ધ એ જ કલ્યાણ. ડૉ. આંબેડકરની વેધક દૃષ્ટિએ નિહાળ્યું કે - 'આ દુઃખ દર્દથી પીડાતા દલિતો રડે તો તેમને (સવર્ણોને) ગીતો ગાતા લાગે છે, દલિતો નાગા ઉઘાડા ફરે તો તેમને સૂર્યસ્નાન કરતા દેખાય છે અને ભૂખ્યાં રહે છે તો તેમને વ્રતધારી માને છે. આગલા જન્મના પાપ કાર્યથી મુક્ત થવા ઉપવાસી વ્રત કરનાર લાગે છે અને જો સંઘર્ષ કરે તો ઉદ્દંડ-ઉધ્ધત અને અસંસ્કારી લાગે છે.

**સમાજ સેવાનાં સીધાં ચઢાણ :**

ડૉ. આંબેડકર માત્ર કોરા ચિંતક નહોતા. તેમના જીવનકાર્યમાંથી જ તેમનું ચિંતન પ્રગટતું હતું. તેમનું જીવનકાર્ય અને એ જ તેમનું ચિંતન હતું. ડૉ. આંબેડકર કર્મશીલતા અને વિચારશીલતાના સુભગ અને કલ્યાણકારી સમન્વય સ્વરૂપ હતા. પ્રવૃત્તિઓથી તેમનું ચિંતન પરિપૃષ્ટતાને પ્રાપ્ત થયું હતું. વળી વધારામાં તેમનું નામ અને કામ ગાજવા માંડ્યું હતું. પોતાની વ્યથાઓને વાચા આપવા ઠેર ઠેરથી દીન-દુખિયા દલિતો ડૉ. આંબેડકર પાસે આવતા હતા. કુરૂઢિઓમાં 'કણસતા કેરલના કેટલાક (દક્ષિણ ભારતના 'મલબાર' વિસ્તારના) અછૂતો ડૉ. આંબેકડરને મળી પોતાની વ્યથા ઠાલવતાં કહેવા લાગ્યા :

'મલબારના કટ્ટર બ્રાહ્મણો પોતાની સ્ત્રીઓને પણ શુદ્ર માને છે અને તેમનો વિશ્વાસ કરતાં નથી. દલિતો ઉપરના સીતમનો પાર નથી. દુકાને ઊભા રહેવા દેતા નથી. દૂધ-ઘી ખાવા દેતા નથી સોના-ચાંદીનો આભૂષણો પહેરવા દેતા નથી. સારાં વસ્ત્રો પરિધાન કરવાની સખત મનાઈ ફરમાવે છે, જે રસ્તે બ્રાહ્મણો ચાલે તે રસ્તે ચાલવા દેતા નથી. બ્રાહ્મણના રસ્તા ઉપર ચાલતાં દેહાંત-દંડની સજા થઈ શકે છે. શૂદ્ર સ્ત્રીઓને પૂરાં અંગ ઢંકાય તેવાં કપડાં પહેરવા દેતા નથી. સ્ત્રીઓને વક્ષસ્થળ ખુલ્લાં રાખવા પડે છે. (અર્ધનગ્ન દેખાય તેવાં જ કપડાં પહેરી શકાય છે.) ખ્રિસ્તી મિશનરીઓના પ્રચારના પરિણામો કેટલીક સ્ત્રીઓએ કપડાં પહેરવા માંડ્યાં હતાં. જો કોઈ શૂદ્ર સ્ત્રી ચોળી પહેરીને નીકળી હોય અને સવર્ણોને જુએ તો તેને તુરંત કાઢીને સંતાડી દેવી પડે... પછી ભલે તે યુવાન કે વૃદ્ધ સ્ત્રી હોય, નહીંતર સવર્ણ ભરબજારે તે ચોળી ફાડી નાંખે.' રૂઢિવાદીઓ અમાનુષી નિયમો પાળવા મજબૂર કરે છે."

"દક્ષિણના હિન્દુ રાજ્યમાં એવો કાયદો હતો કે, દલિતોએ ૨૪ થી ૭૪ ફૂટના અંતરે દૂર ચાલવું. જો તે નક્કી કરેલું અંતર ન રાખી 'સવર્ણ માર્ગ' ઉપર આવે તો 'નાયર' સૈનિકોએ તેનો શિરચ્છેદ કરવો. વળી તેણે આ રીતે ધર્મનું રક્ષણ કર્યું હોવાથી તે સૈનિક સ્વર્ગે જાય તેવા બ્રાહ્મણોના આશીર્વાદ પણ પ્રાપ્ત થાય છે..."

આ કરુણ કથની સાંભળી વિહ્વળ બનેલા **'પેરિયાર ડૉ. આંબેડકર'** પદદલિતોની વહારે ધાયા. પાંચ મહિનાનો પ્રવાસ કરી સમગ્ર મલબાર વિસ્તાર ખૂંદી વળી જનજાગૃતિની તેમણે જ્યોત જગાવી દીધી. અસહાય અસ્પૃશ્યોમાં આત્મસન્માનની ભાવના ભરી દીધી. સામાજિક ક્રાંતિ માટેના સંઘર્ષ માટે - સમતા માટે શોષિતોને સજ્જ કરી દીધા. દલિતોના ચિત્તમાં તેમનું તે ચિંતન ચોટી ગયું કે **'જાતિભેદ તકને તોડી નાંખે છે. પાંગળી કરી નાંખે છે આ પાંગળી તકો ક્ષમતાને સંકુચિત કરી નાંખે છે. આ પાંગળી ક્ષમતા પુનઃ તકને તોડી પાડે છે. આમ વિષચક્ર ચાલ્યા જ કરે છે અને આ વિષચક્રની ચક્કીમાં પીડિતો પીસાયાજ કરે છે.'** આમાંથી ઉગરવાનો એકમાત્ર ઉપાય એટલે જાતિભેદનો ખાત્મો... **જાતિવિહીન સમાજની સ્થાપના.**

## ૩ : ૩ : ૧ અસ્પૃશ્યો ઉપરના સીતમની બે નોંધપાત્ર ઘટના

વળી આ અરસામાં બે ઘટનાઓ એવી બની કે જેથી ડૉ. આંબેડકર અકળાઈ ઊઠ્યા હતા. પ્રથમ ઘટના હતી પેરિયાર નેતા 'વાયકોમવીર' રામાસ્વામી નાયકરના નેતૃત્વ નીચે ત્રાવણકોર કોચીન રાજ્યમાં ચાલતો ૧૯૨૫નો વાયકોમ સત્યાગ્રહ 'વાયકોમ'ના દેવમંદિર પાસેના રસ્તાઓ ઉપર પશુ-વિધર્મી ગમે તે ચાલી શકે પરંતુ હિન્દુ ગણાતા 'અછૂતો'ને ત્યાં ચાલવાની સખત બંધી હતી. ત્યાં 'ચાલવાનો' એટલે કે માનવ અધિકારો હાંસલ કરવાનો આ સત્યાગ્રહ હતો. વિનોબા ભાવે અને વિઠ્ઠલ રામજી શિંદેએ તેમાં સક્રિય ભાગ લીધો હતો. ૯ મે, ૧૯૨૫ના દિવસે મહાત્મા ગાંધી તથા મહાદેવભાઈ દેસાઈ જાતે ગયા હતા અને દેવમંદિરમાં ટ્રસ્ટીઓ વચ્ચે થયેલો સંવાદ સંવેદનશીલ 'આત્માને આઘાત' પહોંચાડે તેવો હતો. સંવાદ આ પ્રમાણે હતો :

ગાંધીજી : જે સાર્વજનિક રસ્તાનો બિનરોકટોક ઉપયોગ બિનહિન્દુ, ગુનાગારો, કૂતરાં,

જાનવરો વગેરે ફરી શકતાં હોય તે રસ્તાઓ ઉપયોગ કેવળ હલકી વર્ણમાં જન્મેલા (હિન્દુ) માનવ ફરી શકે નહિ તે ક્યાં સુધી ઉચિત કહેવાય ?

નાંબુદ્રી બ્રાહ્મણ : આનો શો ઉપાય કરીએ ? હલકી વર્ણના લોકો પોતાનાં કર્મફળ ભોગવે છે...

ગાંધીજી : અસ્પૃશ્ય જાતિમાં જન્મ્યો તે જ તેના કર્મનો પારિપાક છે તે સાચું છે. પરંતુ આ સજા ઉપરાંત તમે બીજી આવી સજા શા માટે આપો છો ? ગુનેગારો અને જાનવરો કરતાં પણ તેઓ નીચ છે ?

નાંબુદ્રી બ્રાહ્મણો : એમ જ હશે. નહીં તો અસ્પૃશ્ય જાતિમાં તેમનો જન્મ થવાનું શું કારણ હોઈ શકે ?

ગાંધીજી : ઈશ્વર તેમને જે સજા આપવા માંગતા હશે તે આપશે, પરંતુ ઈશ્વરનું કાર્ય (સજા કરવાનું કાર્ય) માણસો શા માટે કરવું ?

નાબુંદ્ર બ્રાહ્મણો : આપણે તો માત્ર નિમિત્ત છીએ. ઈશ્વર આપણા (સવર્ણ હિન્દુ) દ્વારા તેમના ઉપર શાસન કરે છે, સજા કરે છે, એટલું માનવું જોઈએ.

ગાંધીજી : માનો કે, અસ્પૃશ્યો એમ કહે કે પરમેશ્વર અમારા દ્વારા આ સત્યાગ્રહ કરાવે છે, તો તમારો જવાબ શો હશે ?

નાંબુદ્રી બ્રાહ્મણ : એવું હશે તો શાસન-રાજ્ય બન્ને વચ્ચે આવીને ઊભું રહેશે. સજ્જનો એમ જ કરશે. (પરંતુ) મહાત્માજી, તમને અમારી વિનંતી છે કે અમારી પરંપરાથી ચાલતા અમારા હકોને હડપ કરશો નહિ.

વળી ગાંધીજીએ લવાદ નીમવાની વાત કરી તેનો પણ બ્રાહ્મણ ટ્રસ્ટીઓએ ધરાર ઈન્કાર કર્યો હતો. અંતે તીવ્ર ગતિથી ચાલતી ચળવળથી ચેતવા ગાંધીજીએ ટ્રસ્ટીઓને ટપાર્યા અને કહ્યું કે, રસ્તા ઉપર ચાલવા દેવાની ના પડશો તો આગળ જતાં અછૂતો 'મંદિર-પ્રવેશ' માંગશે. બ્રાહ્મણ ટ્રસ્ટીઓ ગાંધીજીનો સંકેત સમજી ગયા... જો કે ગાંધીજીના ગયા પછી મંદિર ગૌમૂત્ર-ગૌદૂધથી ધોઈ પવિત્ર કરવામાં આવ્યું હતું (શાસ્ત્રી-અંગ્રેજી-પૃ ૧૫)

ડૉ. આંબેડકર આ સંવાદ અને ગાંધીજીની નિષ્ક્રિયાથી ઘણા જ વ્યથિત થયા હતા. ગાંધીજીમાંનો તેમનો વિશ્વાસ ઘટી ગયો, અને અહીંથી જ ગાંધીજી-આંબેડકર વૈચારિક સંઘર્ષનાં બી વવાયાં હતાં. ૧૯૨૫ની મુંબઈ પ્રાંતિક દલિત વર્ગ પરિષદમાં આ સત્યાગ્રહની મીમાંસા કરતાં ડૉ. આંબેડકર-ગાંધીજીને (બ્રાહ્મણો દ્વારા) જે ધર્મશાસ્ત્રોનો આધાર રાખવામાં આવેલો તે ધર્મશાસ્ત્રોને સરકારે જપ્ત કરવાં જોઈએ તેવી માંગણી મૂકી હતી, જે આપણે આગળ જોઈ ગયા છીએ.

બીજી બાજુ આંદોલનના આગેવાનના વાયકોમવીર રામાસ્વામી નાયકરને સમજાવતાં ગાંધીજીએ લખ્યું કે, 'આપણે સવર્ણ-બ્રાહ્મણો સાથે સંઘર્ષ કરવો જોઈએ નહિ. દેવમંદિરની આજુબાજુના માર્ગો પર મોકળાશથી હરવાફરવાની છૂટ મળે છે તેનાથી જ સંતોષ માનવો જોઈએ અને મંદિર-પ્રવેશ માટે આગ્રહ રાખવો જોઈએ નહિ.' ગાંધીજીના વિચારોથી વાયકોમવીર 'પેરિયાર' રામાસ્વામી નાયકર ઘણા જ નારાજ થયા અને તેમણે તામિલનાડુ (મદ્રાસ) કૉંગ્રેસને સદાને માટે છોડી દીધી.

આમેય રામસ્વામી નાયકર કૉંગ્રેસ-ગાંધીજી નીતિથી કેટલાક સમયથી નારાજ હતા જ. કાંચીપુરમના ૧૯૨૫ના કૉંગ્રેસ અધિવેશનમાં તેઓ પ્રસ્તાવ લાવ્યા હતા, કે, 'માત્ર ત્રણ ટકાની વસ્તીવાળા બ્રાહ્મણો ૭૦ થી ૯૦ ટકા જગ્યાઓ બથાવી પડ્યા છે. આથી બ્રાહ્મણોની વસ્તી પ્રમાણે તેમનું માત્ર ત્રણ ટકા પૂરતું જ રિઝર્વેશન કરો અને ત્રણ ટકાથી વધે નહિ તેની તકેદારી રાખો.' અધિવેશનમાં આ પ્રસ્તાવ સમયે પથ્થરબાજી થઈ. અસંખ્ય અછૂતો ઘાયલ થયા. અંતે પ્રસ્તાવ મંજૂર થઈ શક્યો નહિ.

બીજી નોંધપાત્ર ઘટના એવી બની કે ૧૯૨૬માં મદ્રાસના મુંગસેને (અછૂતે) હિન્દુ મંદિરમાં પ્રવેશ કર્યો. પરિણામે બ્રાહ્મણોએ તેના પર કેસ કરી સજા કરાવી હતી. આ બંને ઘટનાઓથી ગાંધીજીના અંત્યજોદ્ધારના આંદોલનમાંથી ડૉ. આંબેડકરનો વિશ્વાસ ઊઠી ગયો હતો. ડૉ. આંબેડકર એકદમ આક્રમક થયા અને તેમણે જેજૂરીમાં જણાવ્યું કે, "જો અસ્પૃશ્યતાનો અંત આણવામાં નહિ આવે તો નાછૂટકે અમારે

SEPERATE SETTLMENT અલગભૂમિ વસાહતની વાત કરવી પડશે." ડૉ. આંબેડકરની આ માંગણીને વિકૃત કરી ઘણી બધી ગેરસમજ ફેલાવી હતી. આજે પણ ઘણાં લોકો ગેરસમજ ફેલાવે છે.

સમાજ સેવાનાં સીધાં ચઢાણ :

સ્વાતંત્ર્ય પ્રાપ્તિના ચાર દાયકા પછી પણ આજે દલિતોને સવર્ણોના સીતમોને કારણે હિજરત કરવી પડે છે. ૧૯૮૧ અને ૧૯૮૫માં અનામતપ્રથા સામે થયેલા તોફાનોમાં આવા અસંખ્ય કિસ્સાઓમાં નોંધાયેલા જ છે. ભયના માર્યા દલિતો શહેરની સમીપે પોતાની અલગ વસાહતો ઉભી કરી વસવાટ કરવા લાગ્યા છે.

ગાંધીયુગના ભારતનાં ગાંધીજી-કૉંગ્રેસના નેતૃત્વ નીચે સ્વતંત્રતા-સ્વરાજય માટે ચળવળ ચાલતી હતી. જ્યારે ડૉ. આંબેડકરે તિરસ્કૃત-બહિષ્કૃત ભારતની અર્થાત્ દલિતો-શોષિતોની સ્વતંત્રતા માટે સંઘર્ષ શરૂ કર્યો હતો, કારણ કે તેઓ સ્પષ્ટપણે માનતા હતા કે **'જાતિવિહિન સમાજની પ્રસ્થાપના સિવાય સ્વરાજ્યપ્રાપ્તિ અર્થહીન બની રહેશે.' જ્યાં નાગરિકો વચ્ચેના વ્યવહારોમાં અસમાનતા પ્રવર્તતી હોય, ન્યાય, નીતિમત્તા, ભ્રાતૃભાવનો અભાવ હોય, માનવગૌરવને સ્થાન ન હોય ત્યાં સર્વાન્રિક કલ્યાણ શક્ય નથી બનતું. ભારતમાં જાતિસર્જિત અસમાનતા જ આર્થિક અસમાનતાની 'અમ્મા' છે. આ જોડીયા ડાકણો છે. જાતિ અને વર્ગ પરસ્પર પ્રગાઢપણે સંકયાયેલાં છે. જાતિ એટલે જ જામી ગયેલ વર્ગ છે. ભારતમાં જન્મના આધારે જાતિ અને જાતિના આધારે સમાજવ્યવસ્થા એ વિકૃત સમાજ-રચના છે. વળી લિંગભેદને લીધે 'નારી'નું સ્થાન પણ નિમ્નસ્તરે મૂકવામાં આવ્યું છે.** "ડૉ. આંબેડકરે પોતાના વિચારોને આચારમાં મૂકવા આગવો અભિગમ અપનાવ્યો અને આગવા અભિયાનનો આરંભ કર્યો. સંસ્થાઓની સ્થાપના કરી. સભા-સરઘસો થયાં. પત્રિકા તથા પેપરો પ્રસિદ્ધ કર્યા. જાગ્રતિ આણવા આંદોલનો શરૂ કર્યાં વળી સામયિકો પણ શરૂ કર્યા... કારણ સામયિકો એ સમાજક્રાંતિનું ઘણ છે. ચારે બાજુથી લોકોનું ધ્યાન ડૉ. આંબેડકર પર કેન્દ્રિત થયું. અછૂતોને આશા બંધાઈ. આ અરસામાં ૧૯૨૬ના ડિસેમ્બરના ત્રીજા સપ્તાહમાં સરકારે ડૉ. આંબેડકર અને ડૉ. પી.જી. સોલંકીની મુંબઈ પ્રાંતિક વિધાનપરિષદ (કાયદામંડળ)માં નિમણૂંક કરી. આથી સમગ્ર શોષિત-સમાજમાં સર્વત્ર આનંદ વ્યાપી ગયો..."

## ૩ : ૩ : ૨ ડૉ. આંબેડકર અને ડૉ. સોલંકીની કાયદા મંડળમાં નિમણૂક

મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારણા અન્વયે મુંબઈ ઈલાકા કાયદા-મંડળના (વિધાન પરિષદ)માં આ અગાઉ પ્રથમ જ્ઞાનદેવ ધ્રુવનાક ઘોલપ (૧૯૨૦-૨૩) અને રામચંદ્ર સટવાજી નિકાળજે (૧૯૨૩-૧૯૨૬) મુંબઈ ઈલાકાની વિધાન-પરિષદના સભ્યપદે રહ્યા હતા. પરંતુ તેમની વિધાન-પરિષદમાં કાર્યવાહીથી શોષિતોને સંતોષ નહોતો. અબલત્ત તેમણે તેમની રીતે કેટલુંક કાર્ય કર્યું હતું જ. તેવી જ રીતે કેન્દ્રીય એસેમ્બલીમાં પ્રથમ છ વર્ષ સુધી અંત્યજોનો એક પણ પ્રતિનિધિ લેવામાં આવ્યો નહોતો. આ જ સમયે ૧૯૨૭માં કેન્દ્રમાં વડીધારાસભામાં રાવબહાદુર શ્રી એમ.સી.રાજાની નિમણુંક કરવામાં આવી હતી. પોતાને કેન્દ્રીય એસેમ્બલીમાં લેવા બદલ રાજાએ સરકારનો આભાર માન્યો. વળી 'મીઠાકર'નો વિરોધ પણ કર્યો. પરંતુ દલિતોની દુઃખ દાસ્તાનનું બયાન કરવામાં મુનાસિબ માન્યું નહિ. શ્રી રાજા વ્યવસાયે શિક્ષક હતા અને ૧૯૧૯-૧૯૨૬ સુધી મદ્રાસ લેજિસ્લેટિવ એસેમ્બલીના 'નોમિનેટેડ' સભ્ય તરીકે સેવાઓ આપી હતી. સર્વશ્રી રાજા, ધોલપ અને નિકાળજેની જુદી છાવણી હતી. સવર્ણ હિન્દુઓની ભાવનાને ધ્યાનમાં રાખી. **'આસ્તે કદમ'** ચાલનારી છાવણી હતી. જ્યારે બીજી બાજુ ડૉ. આંબેડકરની **'તેજ કદમ'** વાળી છાવણી હતી તે 'સ્ટીમરોલર'ની જેમ પોતાનો રસ્તો બનાવતી હતી. પછી ભલે રસ્તા વચ્ચે વચ્ચે આવતાં રોડાં-અવરોધો કચડાઈ જાય...

ડૉ. આંબેડકર અને ડૉ. પી. જી. સોલંકી વિધાન-પરિષદની નિમણુંક એ આંબેડકરી આંદોલનની આગવી સિદ્ધિ હતી. એટલું જ નહિ પરંતુ એક આગવા યુગનો આરંભ હતો. ડૉ. પુરુષોત્તમ ગોવિંદજી (ગોસાલજી)નો જન્મ તા. ૧૯-૧૨-૧૮૭૬માં સૂરતના માયાવંશી સમાજમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ (૧૮૮૩-૮૬) મુંબઈ ધોબી તળાવ નવાઆતશ બહેરામ સામે માસ્તર જમનાદાસ તથા સર કાવસજીની શાળામાં (૧૮૮૭-૯૪) પ્રાપ્ત કર્યું હતું. માધ્યમિક શિક્ષણ પ્રિન્સિપાલ મેકિયમ તથા રેવરંડ ગાર્ડિનર પાસે ગુજરાતી વર્નાકુલર શાળામાં પ્રાપ્ત કર્યું હતું. ૧૮૯૪માં મેટ્રિક પાસ થયા, સમગ્ર મુંબઈ રાજયમાં પ્રથમ મેટ્રિક થનાર અછૂત વિદ્યાર્થી હતા. પિતા પશુ દાક્તર હતા, તેમજ આર્થિક સ્થિતિ એકંદરે સારી હોવાથી ગ્રેટ મેડિકલ કૉલેજમાં દાખલ થયા હતા.

ઠાકુરદ્વારમાં તે સમયે બે માળનું પોતાનું મકાન હતું. વળી બે ઘોડાની બગીમાં બેસીને કૉલેજમાં જતા હતા. એલ એન્ડ એમ.સી.ની. પરીક્ષામાં ઉત્તીર્ણ થયા. મુંબઈ યુનિવર્સિટીમાં ટૉક્સિકૉલેજીમાં તેમણે 'ગોલ્ડ મેડલ' મેળવ્યો હતો. મુંબઈમાં દવાખાનું ખોલી પ્રેક્ટિસ શરૂ કરી. અસ્પૃશ્યો સિવાયના દર્દી તેમણે ત્યાં આવતાં નહિ. પરિણામે મુંબઈનું દવાખાનું બંધ કરી મધ્યપ્રદેશ ગુજરાત-સૌરાષ્ટ્રના નાનાં-મોટાં રજવાડાંમાં થોડો સમય જાતિ છુપાવીને નોકરી કરી, પરંતુ છેવટે તે જાહેર થતાં જાન જોખમમાં આવી પડ્યો અને અંતે નોકરીને તિલાંજલી આપી મુંબઈ પાછ ફર્યા હતા. જાતિવાદના કટુ અનુભવે તેમને સમાજસેવાની લગની લાગી અને પછીનું આયખુ સમાજસેવાને સમર્પિત કરી દીધું. મુંબઈ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના ચેરમેન (૧૯૨૯) પદ સુધી પહોંચ્યા હતા. દલિત વર્ગમાં આવું પદ પ્રાપ્ત કરવાનું બહુમાન મેળવવામાં તેઓ પ્રથમ હતા. દલિતવર્ગના અસંખ્ય યુવકોને તેમણે શિક્ષક તરીકેની નોકરીઓમાં અપાવવામાં મહત્વનું કાર્ય કર્યું હતું. મુંબઈના માયાવંશી દલિતવર્ગના લોકો માટે ગાંઠના પૈસા કાઢી શમશાન માટે જમીન લેવડાવી હતી. મુંબઈ ઈલાકાના દલિતોના ઉત્થાન માટેનો પાયો 'સ્ટાર્ટ કમિટી'થી નંખાયો હતો અને **'સ્ટાર્ટ કમિટી'** નીમવાનો ઠરાવ વિધાન-પરિષદમાં લાવનાર ડૉ. પી. જી. સોલંકી જ હતા. અમદાવાદ ખાનપુર વિસ્તારમાં દલિત છાત્રાલય સ્થાપવાની કાર્યવાહીમાં તેમનો સિંહ ફાળો હતો.

તે સમયે સમાજસેવાના ક્ષેત્રમાં ડૉ. પી.જી. સોલંકી, ડૉ. આંબેડકર કરતાં પણ ઘણા આગળ પડતા હતા. જાહેરજીવનમાં તેમનો આગવો પ્રભાવ હતો. પરંતુ મુંબઈમાં માયાવંશી સમાજનો તેમને મહારો જેવા સાથ-સહકાર સાંપડ્યો નહિ. પરિણામે કાલેબિયતવાળા ડૉ. સોલંકી આગળ આવી શક્યા નહિ. જ્યારે જાગૃત અને ખમીરવંતી મહાર જાતિએ ડૉ. આંબેડકરને ઊંચકી લીધા, માથે ચઢાવી લીધા, તેમની વાણીને 'વેદવાણી' માની લીધી. ડૉ. આંબેડકરે સગૌરવ એકરાર કરતાં લખ્યું હતું કે, **'મેં જે કાંઈ કર્યું છે તેની પાછળ મારી ખમીરવંતી મહાર કોમની શક્તિ હતી.'** સમાજસેવાની રેસમાં - દોડાદોડમાં અનુયાયી વિહોણા સોલંકી અનુયાયીવાળા આંબેડકરથી ઘણા પાછળ રહી ગયા. અલબત્ત, ડૉ. આંબેડકરના તેઓ સક્રિય સાથીદાર રહ્યા હતા. ૧૯૩૨ના પૂના કરારના કપરા કાળમાં ડૉ. આંબેડકર પડખે અડીખમ ઊભા રહ્યા હતા. પડછાયાની જેમ પાસે હતા. આવા આજીવન સેવાર્થી ડૉ. સોલંકીની સમાજસેવાની એક આગવી ગાથા છે. તા. ૭-૪-૧૯૫૩ના દિવસે ૭૬ વર્ષની જૈફ વયે તેમનું અવસાન થયું. તેમની ભવ્ય સ્મશાન યાત્રામાં અસંખ્ય દલિત-દલિતેત્તર આગેવાનોએ રહી હાર્દિક શ્રદ્ધાંજલિ આપી હતી. ડૉ. આંબેડકરે તેમના સામયિકમાં ભવ્ય અંજલિ અર્પી હતી.

ડિપ્રેસ્ડ ક્લાસ ઓફ ઈન્ડિયાના નારાયણ ધનાજી ભોંસલેએ ડૉ. પી.જી. સોલંકીની નિમણુંક સામે સરકારમાં વાંધો લીધો હતો. ડૉ. સોલંકીએ (હિન્દુધર્મ અને તેના જાતિવાદથી કંટાળી) તા. ૧૧-૪-૧૯૫૨ના દિવસે સૈંટ એન્ડ્રુએસ ચર્ચમાં બાપ્તિસ્મા ગ્રહણ કરી ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો હતો અને કોઈ પણ ખ્રિસ્તી દલિતોનો પ્રતિનિધિ રહી શકે નહિ તેવી તેમની રજૂઆત હતી.

સરકારે નારાયણ ધનાજી રજૂઆત સ્વીકારી નહીં સરકારનું કહેવું હતું કે, 'દલિતોના હિત-હકની હિફાઝત કરી શકે તેવી ગમે તે વ્યક્તિને સરકાર કાયદા મંડળ-કાઉન્સિલમાં નીમી શકે છે. આ માટે સરકાર જાતિ-ધર્મમાં બંધન સ્વીકારતી નથી. અંતે ભોંસલે ભોઠા પડ્યા. આ જ સંસ્થાના સવર્ણ-મરાઠા મહર્ષિ વિઠ્ઠલ રામજી શિંદે દલિતોના પ્રતિનિધિ તરીકે પરિષદમાં પ્રવેશ કરવા પ્રયત્નો કરતા તે ભોંસલે ભૂલી ગયા હતા. નાયગાંવના વાય.એમ.સી. હૉલેમાં શાળા સમિતિના શિક્ષણાધિકારી પેઢાણકરની અધ્યક્ષતામાં મુંબઈ દલિત શિક્ષકોએ **'ડૉ. સોલંકી - ડૉ. આંબેડકર'** બેલડીનું બહુમાન કર્યું." ડૉ. આંબેડકરને થેલી અર્પણ કરવામાં આવી. આ થેલીનાં નાણાં તેમણે બહિષ્કૃત હિતકારિણી સભાને અર્પણ કર્યાં હતા. સમગ્ર ભારતમાં ડૉ. આંબેડકરના આ પ્રથમ સન્માનનો યશ શિક્ષકોને ફાળે જાય છે. ત્યાર બાદ પણ સન્માન કરવાનો સિલસિલો ચાલુ રહ્યો હતો.

"ડૉ. આંબેડકર - ડૉ. સોલંકી"ની દલિત બંધુ બેલડીએ વિધાન-પરીષદમાં અંત્યજો માટે અસંખ્ય પ્રસ્તાવો મૂક્યા અને કોડીબંધ કામો કર્યાં હતાં. ડૉ. સોલંકીનો તા. ૮-૮-૧૯૨૮નો 'સ્ટાર્ટ સમિતિ'નો પ્રસ્તાવ મુંબઈ ઈલાકાના દલિતોની પ્રગતિનું સુવર્ણ પૃષ્ઠ છે. ડૉ. સોલંકીએ અત્યંજો માટે આ રીતે એક બોર્ડ નીમવાની હિમાયત કરી હતી, જેને પરિણામે અંગ્રેજ સનંદી અધિકારી ઓ.બી.એચ. સ્ટાર્ચના પ્રમુખપદે નવ સભ્યોની સમિતિની રચના કરવામાં આવી હતી, જેમાં ડૉ. આંબેડકર ડૉ. સોલંકી અને અમૃતલાલ ઠક્કર-ત્રિમૂર્તિનો સમાવેશ થયો હતો. સમગ્ર ઈલાકાનો પ્રવાસ કરી સમિતિએ મહત્વની ભલામણો કરી હતી. આ પ્રવાસમાં અસંખ્ય સ્થળે અસ્પૃશ્ય હોવાને કારણે આંબેડકરનાં અપમાન થયાં હતાં. ચાલીસગાંવની શાળાના આચાર્યે વર્ગમાં પેસવા ન દીધાં. આ પ્રવાસમાં ઘણા સ્થળે પીવાનું પાણી પણ

આપવાનો ઈન્કાર કર્યો હતો. તેમની સ્ટાર્ટ કમિટિની ભલામણોના આધારે 'બેકવર્ડ ક્લાસ ડીપાર્ટમેન્ટ' અને 'બેકવર્ડ ક્લાસ ઓફિસર'નો આરંભ થયો હતો જેનો સઘળો યશ ડૉ. સોલંકીને ફાળે જાય છે. ડૉ. આંબેડકરે મહારવેઠ નાબુદી કરી મહારોને મુક્ત કરવા 'મહાર વેતન ધારો' નામું મહત્ત્વનું બિલ મૂક્યું હતું, જેની વિગતો આગળ જોઈશું. પ્રવૃત્તિ અતિવ્યવસ્તાને કારણે ડૉ. આંબેડકર વિધાનસભામાં નિયમિત ઉપસ્થિત રહી શકતા નહોતા ત્યારે તેમના પ્રશ્નો માટે તેમના વતી ડૉ. પી.જી. સોલંકી સઘળી કામગીરી કરતા હતા. તેમની વચ્ચે સમાજસેવા કાર્ય અંગે સુંદર સમન્વય હતો.

**સમાજ સેવાનાં સીધાં ચઢાણ :**

પદદલિતોની જોરદાર પ્રવૃત્તિઓથી ડૉ. આંબેડકર અંત્યજોમાં લોકપ્રિય બન્યા હતા, સન્માનનીય નેતા બન્યા હતા. પરિણામે ૧૯૨૭ના સપ્ટેમ્બરમાં **આંબેડકર ચરિત્રના મરાઠી લેખક ચાંગદેવ ખેરેમોડે** સાથે કેટલાક મિત્રોએ મળી વિચાર્યું કે જે રીતે લોકમાન્ય ટિળક, મહાત્મા ગાંધી, નેતાજી સુભાષ ઈત્યાદિ નેતાઓને સવિશેષ સન્માનસૂચક વિશેષણો છે તેમ ડૉ. આંબેડકરને પણ તેવું હોવું જોઈએ. અત્યાર સુધી તેમને માત્ર 'સાહેબ' અથવા ડાક્ટર સાહેબ તરીકે સંબોધવામાં આવતા હતા, તેથી સંતોષ નહતો. બહિષ્કૃત ભારતની ઓફિસમાં રહી અભ્યાસ કરતા આ વિદ્યાર્થી સમૂહે ખેરેમોડેની દરખાસ્ત સ્વીકારી - ડૉ. આંબેડકરને **'બાબાસાહેબ'** તરીકે અને તેમની પત્ની રમાબાઈને **'આઈ સાહેબ'** તરીકે સંબોધવાં... આ વિશેષણ વિદ્યુત ગતિએ પ્રચારમાં આવ્યાં. લોકપ્રિય બન્યાં. શોષિતોએ સસ્નેહ સ્વીકારી લીધાં અને આમ ડૉ. આંબેડકર દલિતોના **'બાબાસાહેબ'** બની ગયા. ત્યાર બાદ આ જ વિદ્યાર્થી વર્તુળોએ ૧૯૩૩માં સર્વપ્રથમ બાબા સાહેબનો જન્મ દિવસ ઊજવવાનો આરંભ કર્યો હતો. અંતે તે સમગ્ર રાષ્ટ્રનો ઉત્સવ થયો હતો. અને દલિતોની દીવાળી બન્યો છે !!

હિન્દુધર્મ અને સમાજની શાપિત વ્યવસ્થા સામે બાબાસાહેબ હવે બળવો કરવા માંગતા હતા. ૧૯૨૦ની ગાંધીજી વાત તેમને આંખના કણાની જેમ ખૂંચતી હતી, જેમાં ગાંધીજીએ માર્ગદર્શન આપતાં ઑક્ટોબર, ૧૯૨૦ના 'યંગ ઈન્ડિયા' લખ્યું હતું કે, -

"અત્યજો માટે ત્રણ જ વિકલ્પ છે : પ્રથમ તો સહનશીલતા આજે આપણને ગુલામ રાખનારા અંગ્રેજોનો સહયોગ કરવો. આજે અંત્યજો ગુલામોના ગુલામ છે. (સવર્ણો અંગ્રેજોના ગુલામ અને અંત્યજો સવર્ણોના ગુલામ) આવતી કાલે અંગ્રેજો તેનો આપણા દેશબાંધવો વિરૂદ્ધ ઉપયોગ કરશે. પરિણામે તેઓ "પાપી" ગણાશે. મુસલમાન-શીખોએ આ કરી જોયું છે તે લોકોને અપયશ મળેલો છે...

બીજો માર્ગ છે... ધર્માન્તરનો... અંત્યજોને લાગે છે કે આ અનુમાષી ત્રાસ-અસ્પૃશ્યતા હિન્દુધર્મનું અંગ છે તો આપણે હિન્દુધર્મનો ત્યાગ કરી મુસલમાન કે ખ્રિસ્તી બનવું જોઈએ. પરંતુ મને લાગે છે કે આ અનુમાષી ત્રાસ હિન્દુધર્મનું અંગ નથી જ. વળી હિન્દુધર્મની સુધારણા કરવા હિન્દુ સુધારકોની ફોજ કાર્ય કરી રહી છે. જો કે હિન્દુધર્મ અને હિન્દુસમાજ પ્રતિદિન પરિમાર્જિત થઈ રહ્યો છે તે હકીકત છે.

હવે છેલ્લે રહ્યો... સ્વાલંબનનો માર્ગ. સવર્ણ હિન્દુઓ સહાય કરે કે ન કરે પરંતુ તેમણે બુદ્ધિપૂર્વક સંગઠિત થઈ પુરુષાર્થ કરવો જોઈએ, પરંતુ અંત્યજોમાં મને એવો કોઈ ભડનો દીકરો દેખાતો નથી, આગેવાન નજરે ચઢતો નથી, જે તેમને આ (સવર્ણો સામે અસહકારના) માર્ગો વાળી શકે... એટલે અંત્યજો માટે અંતે તો કોંગ્રેસ ચાતરેલા રાષ્ટ્રીય ચળવળના માર્ગે જ જવું જોઈએ." ગાંધીજીનાં અનુમાનો આંબેડકરને સંપૂર્ણપણે અસ્વીકાર્ય હતાં. તેઓ તેમના પડકારને પહોંચી વળવા માંગતા હતા.

### તમારી પ્રગતિ ચકાસો -૨

નીચેની ખાલી જગ્યામાં નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) બહિષ્કૃત હિતકારિણી સભ્યના ઉદ્દેશ જણાવો.

______________________________

______________________________

______________________________

(૨) ડૉ. આંબેડકરના વકીલાતના વ્યવસાયની સંક્ષિપ્ત વિગતો આપો.

______________________________

(૩) અસ્પૃશ્યો ઉપરના સીતમની બે ઘટના વર્ણવો.

(૪) ડૉ. આંબેડકર અને ગાંધી વચ્ચેનો વિચારભેદ સમજાવો.

(૫) ડૉ. આંબેડકર અને ડૉ. સોલંકીની કાયદામંડળમાં થયેલ નિમણૂકની વિગત લખો.

(૬) વાયકોમ સત્યાગ્રહ વિષેના મહાત્મા ગાંધીજીના વિચારો સમજાવો.

**ઉપયોગી પુસ્તકો**

(૧) ડૉ. પી. જી. જ્યોતિકર - આર્ષદષ્ટા ડૉ. બાબાસાહેબ આંબેડકર

(૨) બી.સી. કાંબલે - સમગ્ર આંબેડકરચરિત્ર

(૩) ધનંજય કીર - Dr. Ambedkar Life and Mission

(૪) વિજય પૂજારી - ડૉ. બાબાસાહેબ આંબેડકર (હિન્દી)

(૫) Dr. Ambedkar Writings and Speeches. Vol-II

(૬) મહાદેવભાઈ દેસાઈની ડાયરી - ભાગ-૧, ભાગ-૩

(૮) ડૉ. પી.જી.જ્યોતિષકર - ગુજરાતી આંબેડકર ચળવળનો ઈતિહાસ (૧૯૨૦-૧૯૭૦)

(૯) એલ. આર. બાલી - ડૉ. આંબેડકર ઔર ઉનકા મિશન (હિન્દી)

# એકમ : ૦૪ મહાડના મેદાનમાં માનવ અધિકારોની ઉદ્‌ઘોષણા......


| | |
|---|---|
| ૪ : ૦ | ઉદ્દેશ |
| ૪ : ૧ | સીતારામ કેશવ બોલના ઠરાવની વિગતો |
| ૪ : ૧ : ૨ | મહાડ ચવદાર તળાવ સત્યાગ્રહ |
| ૪ : ૧ : ૩ | સવર્ણ સામાયિકો તેમજ મહાત્મા ગાંધીજીના પ્રતિભાવ |
| ૪ : ૧ : ૪ | બહિષ્કૃત ભારત (પાક્ષિક)નો પ્રારંભ (૩, એપ્રિલ, ૧૯૨૭) |
| ૪ : ૨ | સવર્ણો દ્વારા મહાડના તળાવની શુદ્ધિકરણ |
| ૪ : ૨ : ૧ | પુનઃ ૨૫,૨૬ ડિસેમ્બરે મહાડમાં સત્યાગ્રહ |
| ૪ : ૨ : ૨ | મનુસ્મૃતિનું દહન તેમજ તેની પ્રતિક્રિયા |
| ૪ : ૨ : ૩ | સત્યાગ્રહ સ્થગિત કરવાની ડૉ. આંબેડકરની દરખાસ્ત |
| ૪ : ૩ | હિન્દુસમાજ સુધારણાની યાદી |
| ૪ : ૩ : ૧ | મંદિર પ્રવેશ સત્યાગ્રહનો કાર્યક્રમ |
| ૪ : ૩ : ૨ | નાસિક કાળારામ મંદિર પ્રવેશ (૧૯૩૦) |
| ૪ : ૪ | કાયદા મંડળમાં કાનૂની સંઘર્ષ મહાર વતન .... |
| ૪ : ૪ : ૧ | સાયમન કમીશન સમક્ષ માગણીઓ મૂકી. |
| ૪ : ૪ : ૨ | સમાયમન કમિશનની ભલામણથી થયેલા અન્યાયનો વિરોધ |


## ૪ : ઉદ્દેશ્ય

આ એકમમાં આપણે ડૉ. આંબેડકર દ્વારા કરવામાં આવેલ મહાડ ચવદાર તળાવે પીવાના પાણીનો સત્યાગ્રહ - સવર્ણ - દલિત સમાજમાં તેની પ્રતિક્રિયા, તેમના સામયિક બહિકૃતભારત, સાયમન કમીશન સાથે ડૉ. સોલંકીના સ્ટાર્ટ કમિટિનો ઠરાવ તેમજ પુનાથી પર્વતી મંદિર સત્યાગ્રહ, અમરાવતીના અંબાદેવી સત્યાગ્રહ અને નાસિકના કાળારામ મંદિર પ્રવેશ સત્યાગ્રહની વિગતોથી વાકેફ થઈશું. તેમજ ડૉ. આંબેડકરની કાયદા મંડળની કામગીરી તથા દલિતોના સંદર્ભે સાયમન કમિશનની વિગતો વિષે પણ વિચારીશું.

## ૪.૦ મહાડના મેદાનમાં માનવ અધિકારોની ઉદ્‌ઘોષણ

યંગ ઈન્ડીયામાં લખેલી ૧૯૨૦ની ગાંધીજીની વાત તેમને આંખના કણાની જેમ ખૂંચતી હતી. તેઓ હિન્દુધર્મ અને સમાજની શાપિત વ્યવસ્થા સામે બાબાસાહેબ બળવો કરવા માંગતા હતા. ત્યાં રા.બ. સીતારાવ કેશવ બોલેના એક પ્રસ્તાવ તેમને પ્રેરણા પૂરી પાડી આ મનોમંથનથી માનવ અધિકારો માટેના સંઘર્ષ ''મહાડ ચવદાર તળાવ સત્યાગ્રહ ''નો પ્રાદુર્ભાવ થયો વાત એમ હતી કે...

## ૪.૧ સી.કે. બોલેના ઠરાવની વિગત

હિન્દુ મહાસભાવાદી રાવબહાદુર સીતરાવ કેશવ બોલેના પ્રયત્નોને પરિણામે ૪ ઓગસ્ટ, ૧૯૨૩ ના દિવસે મુંબઈ કાઉન્સિલે એક પ્રસ્તાવ પારિત કર્યો કે સરકારી તેમજ સાર્વજનિક સંસ્થાઓ, ન્યાયાલયો, વિદ્યાલયો, ધર્માલયો, દવાખાનાં, કૂવા, તળાવ, વાવ, ઈત્યાદિ સ્થળે પ્રવેશ કરવાનો તેમજ તેનો ઉપભોગ કરવાનો અંત્યજવર્ગના લોકોને અબાધિત અધિકાર છે.

સરકારી ઠરાવનો અમલ કરનાર તો સર્વે સવર્ણો હતા. સવર્ણ અધિકારીઓ તથા વ્યવસ્થાપકોએ પ્રસ્તાવને પોથીમાંનાં રીંગણાં જેવો કરી મૂક્યો હતો.

રાવબહાદુર બોલે એમ કંઈ ગાજ્યા જાય તેવા નહોતા તેમણે તા.૫-૫-૧૯૨૬ના દિવસે બીજો

ઠરાવ મૂક્યો. જે મ્યુનિસિપલ લોકલ બોર્ડ, વિદ્યાલયો, સંસ્થાઓ તા.૪-૮-૧૯૨૩ના પ્રસ્તાવનો અમલ ન કરે તેની સરકારી સહાય ઉપર કામ મૂકવો. ''બાબાસાહેબ ડૉ.આંબેડકરે બોલેના પ્રસ્તાવના અમલ માટે બીડું ઝડપ્યું. તેઓ એવા તારણ ઉપર આવ્યા કે '' અધિકાર માંગવાથી મળતા નથી. સંઘર્ષ દ્વારા જ તેમની સંપ્રાપ્તિ થઈ શકે છે.'' વિદ્યા, વિનય અને શીલનાં શસ્ત્રોથી સજ્જ થઈ બાબાસાહેબ આંબેડકરે બળવાના બુંગિયે ડંકા દીધા. આ મૂકનાયકે મહાડના મેદાનમાં ક્રાંતિનું રણશિંગુ ફુકયું...સિંધુડો ગવાયો...સમગ્ર મહારાષ્ટ્રમાંથી દલિતવીરો ખાંપણ સાથે મહાડના મેદાનમાં ખાબક્યા....

મહાડની પસંદગી માટે પણ ડૉ.આંબેડકરની એક આગવી ભૂમિકા હતી અલબત્ત પોતે રત્નગિરિ વિસ્તારના હતા અને પોતાના માદરે વતન માટે પોતાને મમત્વ હોય તે સ્વભાવિક છે. જો કે લોકમાન્ય ટિળક, સ્વાતંત્ર્યવીર સાવરકર, વાસુદેવ ફડકે, વિનાબાભાવે પી.બી.કાણે, રાનડે ગોખલે (સર્વે ચિતપાવન બ્રાહ્મણ) મહર્ષિ કેશવ કર્વે, મામાસાહેબ ફડકે રત્નાગિરિનાં જ રત્નો હતાં. આ સર્વને કારણે સામાજિક જાગૃતિની દૃષ્ટિએ રત્નાગિરિ જિલ્લો સમગ્ર મહારાષ્ટ્રમાં અગ્રેસર હતો. મહારાષ્ટ્રની દલિતોત્થાનની પ્રવૃત્તિના પ્રથમગ્રણી પાયાના પથ્થર મહાત્મા જયોતિબા ફુલેના સાથી ગોપાળબુવા વલંગકલરની જન્મ કર્મભૂમિ મહાડ હોવાથી અહીં દલિતોમાં સવિશેષ જાગૃતિ પણ હતી. ડૉ.આંબેડકરના દલિતોત્થાનના કાર્યના કટ્ટર હામી એ વી.ચિત્રે અને સુરેન્દ્રનાથ ટિપણીસ જેવા સવર્ણ સાથીઓ પણ મહાડના જ હતા. જંગમાં જીતવા માટે મહાડનું મેદાન ઉત્તમ હતું. મહાડ મુંબઈથી આશરે ૧૭૦ કિ.મી.ના અંતરિયાળ મુંબઈ ગોવા રોડ ઉપર આવેલું હતું. તેની સમીપે રાયગઢનો ઐતહાસિક કિલ્લો હતો અને પશ્ચિમે બૌદ્ધ ગુફાઓ હતી.

વળી મહાડ મ્યુનિસિપાલીટીએ તા.૫-૧-૧૯૨૪ના પ્રસ્તાવથી મહાડ ચવદાર સાર્વજનિક તળાવમાંથી પદદલિતોને પાણી પીવાનો અધિકાર પણ આપ્યો હતો. આ બાબતે રૂઢિવાદી હિન્દુઓને ભારે વિરોધ હતો. ખ્રિસ્તી, પારસી, મુસલમાન, વિધર્મી લોકો આ તળાવનો ઉપયોગ કરતા હતા તેમજ પશુઓ મળમૂત્ર કરતા હતા તેની સામે તેમને વાંધો ન હતો. પરંતુ સ્વધર્મી દલિતો જ તેમને સ્વીકાર્ય નહોતા. રૂઢિભંજક ભીમરાવે દલિત સ્વાતંત્ર્ય સંગ્રામ માટે મહાડનું મેદાન પસંદ કર્યુ. બહિષ્કૃત હિતકારણી સભાની પ્રથમ પરિષદ ૧૯૨૭ના માર્ચની ઓગણીસમી તારીખ ને શનિવારે શ્રી વિરેશ્વર થિયેટર માં મળી સમગ્ર કોકણપટ્ટીમાંથી હજારો લોકો હાજર રહ્યા હતા. સંભાજી તુકારામ ગાયકવાડના સ્વાગત પ્રવચન પછી અનંત ચિત્રે બાપુસાહેબ સહસ્રબુદ્ધે, નાનાસાહેબ ટીપણિસ ઈત્યાદિ આગેવાનોનાં પ્રેરણાલક્ષી પ્રવચનો થયાં હતાં.

બીજા દિવસે ૨૦મી માર્ચ રવિવારે દલિતોત્થાન માટે ત્રીસેક પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યા દલિતોને સરકારી નોકરીઓમાં સ્થાન આપવું, ખેડવા જમીન આપવી, દારૂબંધી કરવી, શૈક્ષણિક સુવિધાઓ આપવી, છાત્રાલયો શરૂ કરવા, મડદાલ માંસ ખાવાની પ્રથા કાયદા દ્વારા સરકારે દૂર કરવી. આંતરજ્ઞાતીય લગ્ન ઈત્યાદિ પ્રસ્તાવો મુખ્ય હતા. હકીકતમાં તો આ દેશમાં પ્રત્યેક માનવને માનવ તરીકે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરાવવા અધિકારો અપાવવાના આચારો વિચારો માટેના પ્રસ્તાવો પ્રવચનો હતાં.

અંતે અધ્યક્ષસ્થાનેથી ડૉ.આંબેડકરે પોતાની ઓજસ્વી વાણીમાં કહ્યું : '' હવે પરિવર્તનનો યુગ આવ્યો છે. આપણે આર્થિક દૃષ્ટિએ પરતંત્ર છીએ, તેથી આર્થિક રીતે સ્વાવલંબી બનવા સંઘર્ષ કરવો પડશે. આપણે નિર્ભય બનવું પડશે. જૂના રીતી રિવાજો બદલવા પડશે. આજે આપણે (મહારો) ભિખારીઓના ટોળાં જેવા છીએ. સવારે ઊઠી એંઠાજૂઠાં ટુકડા ટોપલીમાં માંગી લાવીએ છે. વળી તેને આપણો અધિકાર માનીએ છીએ. આથી ગામમાં આપણી ઈજ્જત નથી. માન મરતબો મળતો નથી. ભીખના ટુકડાને કારણે આપણે સ્વમાનને વેચી દીધું છે. આ શરમની વાત છે. હવે આ બધું બંધ કરો અને ઈત્તર ગ્રામવાસીની જેમ ખેતી કરો આર્થિક રીતે સદ્ધર થાઓ તથા ઈજ્જતનું જીવન જીવો. આપણે માણસ છીએ અને માનવ તરીકેનો આપણો અધિકાર છે.

આપણે જૂનું એટલું એ સોનું તેવું માની ચાલીશું તો કદાપિ પરિવર્તન આણી શકીશું નહિ. આપણા માનસ ઉપર ચઢેલા જૂનવાણીના કાટને ઘસીને કાઢી નાંખો. આચાર વિચારથી શુદ્ધ થઈશું નહિ ત્યાં સુધી પ્રગતિ કરી શકીશું નહિ...''

તેમણે સરકારની ઝાટકણી કાઢતાં કહ્યું કે '' આપણે સરકાર જે કંઈ આપે તે સ્વીકારી લેવું, જે કરે તે સાંભળી લેવું તેવી આપણી ગુલામી મનોવૃત્તિને હવે દૂર કરવી જ પડશે. સરકાર એક સક્ષમ સર્વકર્તા સંસ્થા છે. સરકાર ધારે તે કરી શકે છે પરંતુ તેનો આધાર તેના કર્મચારીઓ ઉપર રહેલો હોય છે એટલે

આપણે આપણું હિત સાધવું હોય તો આપણે ઉચ્ચ શિક્ષણ મેળવી સરકારી નોકરીઓમાં દાખલ થવું જોઈએ.

"..જે ઈંગ્લેંડને ફ્રાંસના નેપોલિયન બોનાપાર્ટે હંફાવી દીધું હતું તે ઈંગ્લેંડની સરકાર મરાઠા પેશવાશાહીનો નાશ કરવામાં સફળ રહી તેનું કારણ આપણે દલિતો છીએ. દલિતોની બહાદુર સેનાની શક્તિ જો અંગ્રેજોને પ્રાપ્ત થઈ ન હોત તો અંગ્રેજો અહીં સત્તા સ્થાપી શક્યા નહોત. બહાદુર દલિતોને લશ્કરી ભરતીમાંથી બ્રિટિશ સરકારે દૂર કર્યા. દલિતો ઉપર દુઃખના ડુંગરા તૂટી પડ્યા. કોઈ પણ પ્રજાજનને સરકારી નોકરીમાં તક ન આપવી તે પક્ષપાતી પગલું ગણાય. સરકારે દલિતો સાથે કરેલો દગો છે તે કહેવા હવે અમને મજબૂર કર્યા છે.."

બંગાળી ઢબે પહેરેલું ધોતિયું ખમીસ ઉપર કોટવાળા આંબેડકરના સાદા સરળ, સુગમ અને પ્રવાહી શૈલીના પ્રવચનથી પદદલિતો ભારે પ્રભાવિત થયા હતા. વારંવાર તાળિઓના ગડગડાટથી પોતાના નેતાની વાણીને વધાવી લેતા હતા. હૃદયંગમ કરતા હતા. હકીકતે આ હિન્દુધર્મના હિતની પરિષદ હતી ભૂદેવોના ભલા માટે ભેગા થયા હતા ? રાષ્ટ્રની એકતાના નિર્માણની પરિષદ હતી સમતાની પ્રસ્થાપનાની પરિષદ હતી પરંતુ સમજવા કોણ તૈયાર હતું ? દરેક પોતાની ટુંકી દષ્ટિ અને રૂઢિવાદી ચશમામાંથી પરિષદને નિહાળતા હતા. ડો.આંબેડકરની આર્ષવાણીને સમજવા તેઓ તૈયાર જ ન હતા.

## ૪ : ૧.૨ મહાડ ચવદાર તળાવ સત્યાગ્રહ

આભાર વિધિ કરતાં અનંત ચિત્રે અગાઉ નક્કી કરેલા મહત્ત્વના કાર્યક્રમની ઘોષણા કરતાં કહ્યું કે હવે બધા જ ડો. આંબેડકરની આગેવાની હેઠળ મહાડ ચવદાળ તળાવે પાણી પીવા પ્રસ્થાન કરીશું. લોકોએ ભારે હર્ષનાદો વચ્ચે તેમની વાત વધાવી દીધા. ડો.આંબેડકર, છત્રપતિ શિવાજી અને ગાંધીજીના જયઘોષ સાથે દલિતદળ કૂચ કરતું તળાવના કાંઠા આવી પહોંચ્યું...પીવાના પાણી માટે સ્વધર્મીઓ સામે સત્યાગ્રહ કરવો પડે તે જગતના ઈતિહાસની આ વિરલ ઘટના હતી. સૂર્ય મધ્યાહન તપતો હતો. ડો.આંબેડકરનું મુખ અધિકારના પ્રતાપી પરિવેષથી ઝળહળતું હતું. વિશ્વના ઈતિહાસની વિલક્ષણ ઘડી આવી પહોંચી હતી. પાવઠડાં ઊતરી તેમણે પાણી પીધું... સર્વેએ આનંદ સગૌરવ પીધું. માનવ અધિકારોનો - મહાડના મેદાનમાં ક્રાંતિનો માણેકસ્તંભ રોપી દીધો. કાળરાત્રિની વિદાયની તૈયારી સાથે દલિત સ્વાતંત્ર્યના સૂરજના આગમનાં એંધાણ વરતાઈ રહ્યાં હતાં. રૂઢિવાદી હિન્દુધર્મના કિલ્લાના કાંગરા ખરી રહ્યા હતા. પંડિતોની પોકળતા અને દંભના પરદા ચીરાઈ રહ્યા હતા. જે કાર્યો સેંકડો શબ્દોથી ન થાય તે કાર્ય ડો.આંબેડકરે આચરણ દ્વારા કરી બતાવ્યું હતું.

આનંદવિભોર બનેલું શાંત સરઘસ ગૌરવ સાથે પાછું ફર્યું. પરિષદની પૂર્ણાહુતિની ઘોષણા કરવામાં આવી. પ્રેરણાના ભાથા સાથે અને ઊજળાભાવિનાં સ્વપ્નોની મૂડી સાથે દલિતો હવે આનંદથી વતનની વાટ પકડી રહ્યા હતા.

એક બાજુ અછૂતોનાં હૃદયમાં આનંદ સમાતો નહોતો જ્યારે સામે પક્ષે ભૂદેવોના કોપની પણ કોઈ સીમા નહોતી. કોપાવિષ્ટ ભૂદેવોના મતે તળાવ, સમાજ, ધર્મ બધું જ ભ્રષ્ટ થઈ ગયું હતું. પૃથ્વી રસાતળ થઈ રહી હતી. તેમણે વાતાવરણને ભારે સ્ફોટક બનાવી મૂક્યું હતું. કેટલાક લોકોએ જાણીબૂઝીને પલીતો ચાંપ્યો કે, "અછૂતોએ આપણું તળાવ તો ભ્રષ્ટ કર્યુ હવે તેઓ વીરેશ્વરના મંદિરમાં પ્રવેશ કરી ભગવાનને પણ ભ્રષ્ટ કરવાના છે. આ જામગરીએ જાદુઈ અસર કરી. સવર્ણ હિન્દુઓએ હાથમાં જે હથિયાર આવ્યું તે લઈ નિઃશસ્ત્ર દલિતો પર હુમલા શરૂ કરી દીધા. ચારેકોર સ્ત્રીઓ બાળકો, વૃદ્ધો જે આવ્યાં તે બધાંને ઝૂડી નાંખ્યાં. સ્વધર્મીઓના હુમલા સામે કેટલીક દલિત સ્ત્રીઓને સમજૂ સવર્ણોએ આશ્રય આપ્યો અને બિચારી બચી ગઈ. પરિષદની પૂર્ણાહૂતિ પછી વિખરાયેલા, વેરવિખેર દલિતો કેટલાક બજારમાં કંઈક ખરીદવા ગયેલા તે હિન્દુઓના હુમલાનો ભોગ બન્યા. ચારે બાજુ દયનીય કંગાળોની કિકિયારીઓ સંભળાવવા લાગી. કેટલાક દુષ્ટ લોકો તો મંડપમાં ઘૂસી ગયા ધાનને પણ ધૂળમાં ભેળવી દીધું. વ્યવસ્થાપક આગેવાન બાપુસાહેબ પાડુરંગ નરભેરામ રાજભોજને પણ સખત રીતે ઘાયલ કર્યા હતા. ચિત્રે અને ટિપણીસને પણ માર પડયો હતો. ડો.બાબાસાહેબ આંબેડકરના ડાક બંગલાના ઉતારે સવર્ણોના આતંકના સમાચારો પહોંચતાં તેઓ આવી પહોંચ્યા. તેમને પણ માર્ગમાં કેટલાક સવર્ણ હુમલાખોરોએ ઘેરવાનો વ્યર્થ પ્રયત્ન કર્યો, પરંતુ આ નરશાર્દુલ સામે તેઓ સફળ થયા નહિ. સીધા મંડપમાં આવી તેમણે નાશ નિહાળ્યો. પોતાનાં ઘાયલ બંધુ ભાગિનીને સારવાર માટે દવાખાને ખસેડયા અને લોકોને શાંત પાડવાના

પ્રયત્ન કરવા લાગ્યા. અનેક યુદ્ધોમાં વીરતાપૂર્વક ભાગ લઈ આવેલા અસંખ્ય દલિત યુવાન સૈનિકો પોતાના ખાખી વર્દી ગણવેશમાં સજજ થઈને આ પરિષદમાં આવ્યા હતા તેમની આંખોમાં લોહીની તસર ફૂટવા માંડી. વૈરની પ્રબળ ભાવનાથી વ્રજ મૂઠી વાળેલા હાથ ઊંચા કર્યા. પોતાના નેતા સામે એકીટસે જોવા લાગ્યા અને આદેશ માંગવા લાગ્યા. અવેરના આગ્રહી ડો.આંબેડકરે કહ્યું, '' સબૂર- જો ડો.આંબેડકરે અહીંયા સ્વસ્થતા; સમયસૂચકતા ન દાખવી હોત તો જબરજસ્ત જંગ જામી ગયો હોત. આંબેડકર જીવનચરિત્રના લેખક ધનંજય કીરના શબ્દોમાં "એકબીજા લોહિયાળ તળાવનું નિર્માણ થયું હોત.'' ડો.આંબેડકરમાં નેતાગીરીના વિશિષ્ટ ગુણો હતા નિર્ભયતા સાથે સમય સંજોગો પ્રમાણે સાચા નિર્ણય લેવાની વિલક્ષણ શક્તિ હતી. માત્ર લાગણીઓના પ્રવાહમાં તણાય તેવા નેતા તે ન હતા.." તેમણે બે દિવસ ત્યાં રોકાણ કર્યું અને સઘળી માહિતી એકઠી કરી નવ હુમલાખોરો સામે કેસ કર્યો. અલીબાગ સેશન્સ કોર્ટમાં ૧૫ દિવસ સુનવાણી ચાલી. ડો.આંબેડકર જાતે હાજર રહ્યા હતા. ઈ.પી.કો. ૧૪૭, ૧૪૯, ૪૩૪, ૩૩૪ અન્વયે કાર્યવાહી થઈ અંગ્રેજ ન્યાયાધીશ મિ હૂડે ચુકાદો આપ્યો અને ચાર નિર્દોષ ઠર્યા પાંચને સાતમાસની સજા ફરમાવવામાં આવી હતી. વાતાવરણ ઘણું તંગ હતું. (કાંબળે : ભાગ ૪-૯૪) ડો.આંબેડકરે કોર્ટના ચુકાદા પર પ્રતિભાવ આપતાં કહ્યું કે, "જો ન્યાયના આસને સવર્ણ હિન્દુ હોત તો અમને કદાચ ન્યાય ન મળ્યો હોત..અને પેશવાઈ શાસનમાં તો સામાજિક ન્યાય માટેના આવા સત્યાગ્રહીઓનાં માથાં હાથીના પગ નીચે ચગદાઈ ગયાં હોત, '' ગાંધીજીની દાંડીકૂચ નું જેટલું રાજકીય મહત્ત્વ હતું તેટલું જ મહાડ સત્યાગ્રહનું સામાજિક રીતે મહત્ત્વ હતું. (પુજારી, પૃ-૯૫)

## ૪ : ૧ : ૩ સવર્ણો સામયિકો તેમજ મહાત્મા ગાંધીજીના પ્રતિભાવ

મહાડનો સત્યાગ્રહ સંપૂર્ણ કરી મુંબઈ આવ્યા ત્યારે તેમણે જોયું કે તેના પડઘા ચારેબાજુ ગુંજતા હતા. અન્યાયી સમાજવ્યવસ્થા સામે કરેલા બંડ સામે તેમની વિદ્રોહી ભૂમિકા સામે ચારે બાજુથી સ્થાપિત હિતોએ અખબારો દ્વારા હુમલા શરૂ કર્યા હતા. ''કુલાબા સમાચાર'' 'ચાબુક સમાચાર' 'જ્ઞાનપ્રકાશ ' ઈત્યાદિ મરાઠી ભાષી સામાયિકોએ માનવ અધિકારો માટેની અછૂતોની લડત ને આયોગ્ય ઠેરવવાના બાલિશ પ્રયત્ન કર્યા. તેમજ અછૂતોને સુધરવાની શિખામણો આપી જેવી કે એઠુંજૂઠું ન ખાવું, સ્વચ્છ રહેવું, વગેરે ડો.આંબેડકર સણસણતો જવાબ આપ્યો કે,

''મહાર-માંગ જાતિઓની જેમ બ્રાહ્મણોના ઘરનું વધેલું ખાનારા મરાઠા શું અસ્પૃશ્ય નથી થતા ? બ્રાહ્મણ સ્ત્રીઓ ઘરમાં પોતાના પતિની એંઠી થાળીમાં જમે છે તો શું તે અસ્પૃશ્ય નથી ? બ્રાહ્મણ સ્ત્રીઓને ઘરની બહાર કેમ કાઢી મૂકતા નથી ? વળી ગરીબ બ્રાહ્મણ વિદ્યાર્થીઓ ઘેર ઘેર ભિક્ષા માંગી - માધુકરી કરી ભણે છે તો તે શું અસ્પૃશ્ય નથી ? '' સવર્ણ સામયિકોના સંપાદકોની બોલતી બંધ થઈ. અલબત The Social Service League ના પ્રતિનિધિ તથા આ સંગ્રામમાં સક્રિય એવા અનંત ચિત્રેના અહેવાલને સંક્ષિપ્ત કરી મહાત્મા ગાંધીજીએ તા.૨૮-૪-૧૯૨૭ના યંગ ઈન્ડિયામાં સારી રીતે છાપ્યો એટલું જ નહિ પરંતુ Untouchability and Unreasion મથાળા સાથે બે કોલમનો તંત્રીલેખ લખી સત્યાગ્રહ પ્રત્યે ભારોભાર સહાનુભૂતિ વ્યકત કરી હતી. સમારંભના પ્રમુખ ડો.આંબેડકરે જાતે દલિતોની આગેવાની લઈ તળાવના પાણીથી પોતાની તૃષ્ણાની તૃપ્તિ કરી હતી એવું સ્પષ્ટ ગાંધીજીએ પોતાના સંપાદીય લેખમાં લખી છેલ્લે આવા કાર્યક્રમો માટે લોક ઘડતરનો આગ્રહ રાખી હિન્દુ મહાસભા દ્વારા આવા કાર્યક્રમનો આગ્રહ રાખવાનો ઉલ્લેખ પણ કર્યો હતો. આ ઘટના ઉપરથી ફલિત થાય છે કે, મહાત્મા ગાંધીજી છે ૧૯૨૭થી ડો. આંબેડકરના આંદોલનથી અવગત હતા જ

## ૪ : ૨ : ૪ બહિષ્કૃત પાક્ષિકનો પ્રારંભ

રાષ્ટ્રના અખબારોએ મથાળે સમાચારો ચમકાવ્યા અગ્રલેખો લખ્યા અને પોતપોતાની રીતે અર્થઘટન કરી ફલિતાર્થો તારવ્યા હતા. પરંતુ આ સમયે ડો.આંબેડકરને પોતાના આગવા સામયિકોની ખોટ સાલી જોકે અગાઉ 'મૂકનાયક' નો તેમનો કડવો અનુભવ હતો કે સિધ્ધાંતનિષ્ઠ, સામયિકોનું સંપાદન કેટલું કઠણ હોય છે. સામયિક એ પ્રત્યેક, સદ્ઉદ્દેશ્યનું સહાયક સંવર્ધક હોય છે. અંધકાર અજ્ઞાનને દૂર કરનાર અંશુમાલિ છે. નાગરિક સ્વાતંત્ર્યનો સંત્રી અને અન્યાયનો વિરોધ કરનાર વિદ્રોહી પણ છે. ડો.આંબેડકર બરાબર માનતા હતા કે સામાયિક તે સમાજની અદૃશ્ય શક્તિ છે. શબ્દની શક્તિ અમાપ છે.

"એક શબ્દ બરાબર જાણ્યો હોય સારી રીતે પ્રયોજયો હોય તો કામધેનુ ગાય (જેવો) બને છે. સ્વર્ગલોકમાં મહત્તા આપે છે. "આમ પતંજલિએ મહાભાષ્યમાં શબ્દની શક્તિ સમજાવી છે. તે સક્ષમ

તેમજ અલૌકિક છે અને કેટલેક અંશે ચમત્કારી પણ છે. આથી તો શબ્દ ને બ્રહ્મ કહ્યો છે. શબ્દ બોલાયેલો હોય કે લખાયા છપાયા પછી વંચાયેલો હોય તે વિચારોનાં વમળો સર્જી ધારી અસર ઉભી કરી શકે છે. પ્રજા સમૂહની ચેતનામાં તે એવો વ્યાપી જાય છે કે જયારે પુણ્ય પ્રકોપ રોષ ભભૂકી ઊઠે છે ત્યારે જ તેનો ખ્યાલ આવે છે.

ભલભલા ચમરબંધીઓ વર્તમાનપત્રોથી ડરે છે. નેપોલિય બોર્નાપાટ કહેતો કે મને આ બંદુક જેટલો ડર નથી લાગતો તેટલો એક વર્તમાનપત્રનો લાગે છે. "આથી તો વર્તમાનપત્રોને ચોથી જાગીર Forth Estate કહેવામાં આવેલ છે. લેનિન, વિન્સ્ટન ચર્ચિલ, હિટલર, મુસોલિની ચારેય જબરા પત્રકાર હતા. તેમના સંપાદન હેઠળના સામયિકોનું તેમની સત્તાપ્રાપ્તિની પ્રક્રિયામાં ઘણું મોટું પ્રદાન હતું.

ડો.આંબેડકર સ્પષ્ટપણે માનતા હતા કે લોકવિચારોના ઘડતર માટે પ્રતિબંધોનો સામનો કરવા લોકશક્તિની જાગૃતિ માટે સામયિક ખૂબ જ સફળ સાધન છે. જ્ઞાન અર્પી લોકઘડતર કરનારી વિદ્યાપીઠ છે. દલિતોને તેમની મુક્તિ માટેનું જ્ઞાન તે જે મહાન જ્ઞાન છે અને તે સામયિક દ્વારા આપી શકાય. અગાઉ ૩૧ જાન્યુઆરી ૧૯૨૦ના 'મૂકનાયક' માં તેમણે લખ્યું હતું કે 'સત્તા અને જ્ઞાનથી વંચિત રહેવાને કારણે બ્રાહ્મણેત્તર તથા દલિતોને અભ્યુદય થયો નથી. દીનતા હીનતા દારિદ્રય અને અજ્ઞાનતાની ત્રિવેણીના તેજ પ્રવાહમાં બહિષ્કૃત સમાજ તણાઈ રહ્યો છે. દીર્ઘાકાળથી શરીરમાં ઘર કરી બેઠેલી દાસત્ત્વવૃતિ તથા ગુલામી મનોદશાને કારણે આવેલી હીનતા તેમને જકડી રાખે છે. આ સ્થિતિ સારી જ છે અને તેનાથી કોઈ વધારે સારી સ્થિતિ આપણા નસીબમાં લખાયી જ નથી. તેવી દીન મનોવૃત્તિમાંથી મુક્તિ મેળવવા માટે જ્ઞાન જેવું બીજું એકેય સાધન નથી .' આમ ડો.આંબેડકરે નક્કી કર્યું કે મુક્તિના માર્ગના જ્ઞાન માટે અને સમતાપ્રાપ્તિના સંઘર્ષ માટે પણ સામયિકો અનિવાર્ય છે અને તેમણે ૩ એપ્રિલ ૧૯૨૭ના દિવસે દલિતો દ્વારા દલિતો માટે દલિતોના બહિષ્કૃત ભારત નામના પાક્ષિકનો પ્રથમ અંક પ્રકાશિત કર્યો....તિરસ્કૃત ભારત-તરછોડાયેલા ભારતના ભેરુ ભીમરાવ આંબેડકર તેના આદ્યતંત્રી બન્યા. હવે અખબારનવીશ આંબેડકર થયા દલિત પત્રકારત્ત્વમાં આ સીમાસ્તંભ હતો. પેલી શાણી શિખામણ આપતા પોગા પંડિતો ઉપર પ્રહારોનો પ્રારંભ કર્યો. દલિતો વીરેશ્વરના મંદિરમાં પ્રવેશ કરવાના છે તેવી અફવાને કારણે જ સવર્ણો ઉશ્કેરાયા હતા અને મહાડના મેદાનમાં જંગ જામ્યો હતો બાકી તળાવના પાણીનો પ્રશ્ન ન હતો તેવું લખનારા તંત્રીઓનો ઊધડો લેતાં હવે ડો. આંબેડકરે કહ્યું :-

'' સર્વ માનવ ઈશ્વરનાં સંતાન છે, એટલેથી જ ન અટકતાં આગળ વધીને કહેવામાં આવે છે કે બધાં માનવો ઈશ્વરના જ અંશ છે. હિન્દુઓ આ પોપટવાક્યો રોજ રટ્યા કરે છે. હવે એ બધાં જ ઈશ્વરનાં અંશ હોય તે પછી કોઈ ઊંચ નથી, કોઈ નીચ નથી. તો આ ભેદભાવ કેમ ? આ એક દંભ છે. જો અમને હિન્દુસમાજનાં ઘટક ગણતાં હોય તો અમને અન્ય હિન્દુઓ જેટલો જ અધિકાર મળવો જોઈએ. તેમાં કોઈપણ પ્રકારનું સમાધાન અને સ્વીકાર્ય નથી જ. ' વળી દલિતો દ્વારા તળાવનું પાણી પીવાથી તેની શુદ્ધિ કેમ ?

## ૪:૨:૧: પુનઃ ૨૫ - ૨૬ ડીસેમ્બરે મહાડમાં સત્યાગ્રહ

હકીકત એવી હતી કે મહાડ ચવદાર તળાવે દલિતો દ્વારા પાણી પીવાને કારણે તળાવ ભ્રષ્ટ થઈ ગયું હતું. એટલે સનાતની હિન્દુઓએ ૧૦૧ ઘડા પાણી તેમાંથી બહાર કાઢી નાંખ્યું અને પંચગવ્ય (ગાયના મળ, મુત્ર, દુધ, દહીં, ઘી નો ઘડો ભરી તળાવમાં રેડવામાં આવ્યો ) દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે તા.૨૧-૩-૧૯૨૭ના દિવસે તળાવની શુદ્ધિ કરી હતી. ડૉ. આંબેડકરને ઘણો જ આઘાત લાગ્યો. 'બહિષ્કૃત ભારત'માં તેમણે લખ્યું કે, "**આ દલિતોનું ઘોર અપમાન છે** અને અમે ઈંટનો જવાબ **પથ્થરથી** આપીશું. જે દલિતો મહાડના રૂઢિવાદીઓને જવાબ આપવા માંગતા હોય તેઓ બહિષ્કૃત હિતકારિણી સભાના કાર્યાલયમાં પોતાનું નામ નોંધાવે" (બહિષ્કૃત ભારત, ૨૬ જૂન)

*તેમણે કહ્યું, "અછૂત મુસલમાન બને અને પછી તળાવનો ઉપયોગ કરે તો તળાવ અભડાતું નથી. પરંતુ મહાર, ચાંભાર, માંગ, ભંગી તરીકે પાણી ભરે તો તળાવ અભડાય છે. આ ધર્મ નથી. દંભ છે. અને અસ્પૃશ્યતા એ હિન્દુધર્મનું પરનું નહિ પરંતુ અમારા દેહ ઉપર લાગેલું કલંક છે. તેને મિટાવીને જ જંપીશું. જ્યાં સુધી ધર્મ ઉપરનું કલંક માનતા ત્યાં સુધી તે કામ તમને સોંપ્યું હતું પરંતુ હવે અમારા ઉપરનું કલંક મિટાવવા અમે આત્મબલિદાન આપીશું. સવર્ણોએ તળાવને શુદ્ધ કરી અમને અપવિત્ર સિદ્ધ કરવાનો હલકટ પ્રયત્ન કર્યો છે. પરંતુ હવે તમારા મોઢે બોલાવરાવીશું કે અમે પવિત્ર છીએ અને ત્યાં અમે સુધી જંપીશું નહિ."*

કાળા વાદળાની રૂપેરી કોર સમા કેટલાક પ્રશંશનીય પ્રસંગો પણ હતા. હિન્દુત્ત્વના પ્રખર હિમાયતી **સ્વાતંત્ર્યવીર બેરિસ્ટર સાવરકરે** આ સવર્ણોની શુદ્ધિની પ્રક્રિયાને ગાંડપણ તરીકે નવાજતાં કહ્યું કે, "હિન્દુ પોતાના ધર્મ અને રક્તમાંસમાં સ્વધર્મી હિન્દુઓ (દલિતો)ના સ્પર્શથી તળાવનું પાણી અભડાઈ જાય અને પશુના મળમૂત્રથી શુદ્ધ-પવિત્ર થાય-હિન્દુઓની તે ભાવના જ ધિક્કારને પાત્ર છે."

**બાપુરાવ જોષી**એ તો શુદ્ધિ કાર્યક્રમ પહેલાં જ તળાવમાં સ્નાન કરી સનાતનીઓને સ્તબ્ધ કરી દીધા હતાં !! પરંતુ તેમનો પણ જ્ઞાતિ બહિષ્કાર કરવામાં આવ્યો હતો. અજ્ઞાનના પડળથી પીડાતા, ઘુવડ વૃત્તિના સનાતનીઓ જ્ઞાનનો સૂરજ જોવા માંગતા ન હતા. જ્યારે ડૉ. આંબેકડરના સ્વરૂપમાં પ્રગટેલો દલિત-સ્વાતંત્ર્યનો સૂરજ દિન-પ્રતિદિન પ્રકાશમાન બનતો જતો હતો. લોકમતના ઘડતર માટે લોકજાગૃત્તિ માટે ડૉ. આંબેડકરે સભા, સરઘસ, પત્રિકા, પ્રવાસનો ધોધ વહેવડાવવા માંડ્યો. હવે તેમના જીવને જંપ નહોતો. આ અરસામાં અમરાવતીના પુરાણપ્રસિદ્ધ અંબાજી મંદિર પ્રવેશની પરિષદ તા. ૧૩-૧૧-૧૯૨૭ના દિવસે ડૉ. આંબેકડરની અધ્યક્ષતામાં મળી. ડૉ. પંજાબરાવ દેશમુખ તેના સ્વાગત પ્રમુખ હતા. ડૉ. બાબાસાહેબ આંબેડકરે કહ્યું,

"હિન્દુ લોકો દક્ષિણ આફ્રિકાની રંગભેદની અસ્પૃશ્યતાની ટીકા કરે છે અને પોતાના દેશમાં વર્ણભેદની જાતિ પ્રમાણે આચરણ કરે છે. હિન્દુત્ત્વ વિશે જેટલો સવર્ણનો દાવો છે તેટલો જ "અવર્ણો"નો પણ છે. સાર્વજનિક જળાશયોનો ઉપયોગ કરવો તથા મંદિરપ્રવેશનો અમારો કાર્યક્રમ નક્કી છે. તેને કોઈ રોકી શકશે નહિ...."

વળી અસ્પૃશ્ય લોકો અસ્પૃશ્યતાની ઊંડી ખીણમાંથી બહાર નીકળે, તેમનું આત્મસ્વાતંત્ર્ય તેમને પ્રાપ્ત થાય ત્યારે તેઓ તેમની પોતાની જ ઉન્નત્તિ કરે છે તે વિધાન પૂરતું નથી. પરંતુ તેઓ પોતાની પ્રજ્ઞા અને પુરુષાર્થ દ્વારા સમગ્ર રાષ્ટ્રના ઉત્થાન માટે પણ કારણભૂત બને છે. જો આ દષ્ટિકોણથી નિહાળીએ તો સમજાશે કે **"અસ્પૃશ્યતા-નિવારણ ચળવળ" તે માત્ર દલિતોની ચળવળ નથી પરંતુ રાષ્ટ્રની સાચા લોકકલ્યાણની (રાષ્ટ્રીય) ચળવળ છે.** દુઃખની વાત એ છે કે ડૉ. આંબેડકરની આર્ષવાણી અનુસાર પ્રથમ જાતિપ્રથાનો અંત આણ્યો હોત તો હિન્દુ-હરીજનનો, મુસ્લિમો-લઘુમતી જાતિઓ બધા એક અને અંકબંધ રહ્યાં હોત અને દેશ અખંડ રહ્યો હોત." હિન્દુસમાજ ડૉ. આંબેડકરને સમજ્યો નહિ અને રૂઢિવાદી બ્રાહ્મણોએ તેમને ભાંડવામાં કશુંય બાકી રાખ્યું નહિ. તેમણે તેમને "ભીમાસુર" પણ કહ્યા. કેવી કરૂણ ઘટના હતી.

આખરે અમરાવતી અંબાદેવી મંદિરના પ્રમુખ ટ્રસ્ટી શ્રી ખાપર્ડે ખાતરી આપી કે ત્રણ માસમાં દલિતોને મંદિરપ્રવેશ કરાવી આપીશું. સત્યાગ્રહ મુલતવી રાખવામાં આવ્યો. આ સત્યાગ્રહ સમયે શોકજનક સમાચારનો તાર મલ્યો કે, ડૉ. આંબેડકરના મોટાભાઈ બાળારાવનું મુંબઈમાં અવસાન થયું છે. ડૉ. આંબેડકરને આનંદરાવના મૃત્યુ પછી મોટાભાઈ બાળારાવનું મૃત્યું તેના માટે ઘણું જ આઘાતજનક હતું. મુંબઈ આવી ઉત્તરક્રિયાના વિધિ પતાવી ત્વરિત સ્વસ્થતા પ્રાપ્ત કરી તેઓ મહાડ ચવદાર તળાવના સત્યાગ્રહની તૈયારીમાં ખૂંપી ગયા.

બહિષ્કૃત હિતકારિણી સભાની કાર્યકારિણીએ સત્યાગ્રહ માટે ૨૫, ૨૬ ડિસેમ્બરનો દિવસ નક્કી કર્યો. સત્યાગ્રહ નોંધણી અભિયાન ચાલ્યું. સ્વયંસેવકોને સમજાવતાં તેમણે કહ્યું :

*"આપણો સત્યાગ્રહ એટલે સંગ્રામ, બંદૂક, તોપ, બૉમ્બગોળા જેવા શસ્ત્રોનો નથી. આ શસ્ત્રવિહીન સંગ્રામ છે. જેલમાં જવાની તૈયારી રાખવી પડશે. જે લોકો (સુંવાળા-સુખી હોય), પોતાનાં સ્ત્રી, બાળકોની સંભાળ રાખવા માંગતા હોય તેવા લોકોએ સત્યાગ્રહમાં ભાગ લેવો જ નહિ. હું તેમને સાફ શબ્દોમાં કહું છું કે, આપણા સત્યાગ્રહમાં મજબૂત છાતીવાળા સ્વાભિમાનવાળા સત્યાગ્રહીઓની આવશ્યકતા છે. અસ્પૃશ્યતા આપણા અંગ ઉપર લાગેલું કાળું કલંક છે તેને મિટાવીને જ જંપીશું એવું મક્કમ રીતે માનનારા લોકોએ જ સત્યાગ્રહી તરીકે પોતાનું નામ નોંધાવવું..."*

સૈકાઓથી શોષાતા-રિબાતા રોગી દલિતો માટે ડૉ. આંબેડકરની આર્ષવાણી દિવ્ય ઔષધિ સમાન છે. બાબાસાહેબના બોલ તેમના મહારોગ સામે અક્સીર ઈલાજ સમાન હતા. ગામે ગામેથી સ્વયંસેવકો સામાજિક મુક્તિ માટેના સંગ્રામમાં ઊમટી પડ્યા. સમગ્ર મુંબઈ ઈલાકાના શોષિતો સંગ્રામમાં જોડાવવા થનગની રહ્યાં હતા. ગુજરાતી લોકો પણ ગાંજ્યાં જાય તેમ નહોતા. આખરે ૨૫, ડિસેમ્બરની કડકતી

ઠંડીમાં કંગાળોનું કટક મહાડના જંગે મેદાનમાં ડૉ. આંબેડકરના જયઘોષ સાથે આવી પહોંચ્યું... કોઈકે આગબોટ પકડી કોઈકે આગગાડી પકડી, કોઈ મોટરમાં આવ્યા તો કોઈ પગપાળા, ચાર દિવસના રોટલા-મરચાં સાથે મહાડ પહોંચી ગયા. કમરેથી વળી ગયેલી વૃદ્ધાઓ લાકડીના ટેકે આવી હતી. પુરુષો મજૂરી-રોજી મૂકી આવ્યા હતા. ત્યાગભાવના હતી. સ્ત્રીઓ ફાંટમાં ફૂલ જેવાં બાળકો સાથે આવી હતી. સમગ્ર મુંબઈ ઈલાકામાંથી આશરે પંદર હજારથી વધારે સ્ત્રી પુરુષોએ આ ઐતિહાસિક જંગમાં ઝુકાવ્યું હતું. કારણ કે મહાડ એ મજલૂમો માટે "દાંડીકૂચ"થી પણ અઘરું હતું. મુંબઈમાં મફતગગલને ત્યાં નોકરી કરતાં ખેડા જિલ્લાના ઉઢેલના હીરાબાઈ સવાભાઈએ પણ ખેડાના દલિતોને મહાડ મોકલ્યા હતા. નાસિકના ગુજરાતી મારું પરિવારના લોકોએ પણ મહાડમાં ભાગ લીધો હતો. અમરેલીમાં ગોવિંદજી પરમારના પ્રયત્નોથી થોભણજી લેઉવાના પ્રમુખસ્થાને સભા ભરી સત્યાગ્રહનું સમર્થન કર્યું હતું. મહાત્મા જ્યોતિબા ફૂલેના 'સત્યશોધક સમાજ'ના સમજદાર આગેવાનો જોધે-જવળેકર તેમજ મહારાષ્ટ્રની બ્રાહ્મણેત્તર ચળવળના અસંખ્ય આગેવાનો પણ આવી પહોંચ્યા હતા. કાળાવાદળની રૂપેરી કોર સમી પૂનાની એક બ્રાહ્મણ ભગિનીએ પણ પોતાના બ્રાહ્મણ પતિની સંમિતિથી સત્યાગ્રહમાં સામેલ થવા પત્ર પાઠવ્યો હતો. ડૉ. પી.જી. સોલંકીને નાદુરસ્ત તબિયતને કારણે જંગમાં ન જવા બદલ રંજ હતો, પરંતુ શુભેચ્છાનો સંદેશો સૌ પહેલાં પહોંચાડી દીધો હતો. લોકમાન્ય બાલગંગાધર ટિકળના બળવાખોર પુત્ર શ્રીધર ધરપંતનો પણ સંદેશો હતો જ.

ક્રાંતિના રથને રોકવા મહાડના રૂઢિવાદી સવર્ણોએ પણ બધા જ રસ્તા રોકી દીધા હતા. પદદલિતોને પરિષદને પીવાનું પાણી ન મળે તે માટે પાકો બંદોબસ્ત કર્યો હતો. કોઈ મંડપ ન આપે તેમજ સભા માટે જગ્યા ન મળે તે માટે પણ જબરજસ્ત પ્રતિબંધ લાદી દીધા હતા. ખરાખરીનો ખેલ હતો. કોઈ એક તસુ પણ પીછેહટ કરવા તૈયાર નહોતું. પદદલિતોએ દૂરથી પાણી વેચાતું આણ્યું અને ફતેહખાન નામના મુસ્લિમ બિરાદરનું મહારવાડા પાસે આવેલું ખેતર પરિષદમાં મંડપ મંચ માટે લીધું હતું. વાંસ-કંતાનનો મંડપ બનાવ્યો અને પલ્લવ, પુષ્પોથી શણગારવામાં આવ્યા. સનાતનીઓ સમસમી ઊઠ્યા. પરંતુ તેઓ લાચાર હતા. એક હજાર રૂપિયાના ચણા, મમરા મંગાવ્યા હતા. કારણ કે સવર્ણ લોકો રસોઈ કરવા કે કંદોઈ કશુંય આપવા તૈયાર ન હતા. બહિષ્કાર કર્યો હતો. મંડપમાં એકમાત્ર ગાંધીજીની તસ્વીર ગોઠવવામાં આવી હતી. ચારેબાજુ સમાનતાનાં સૂત્રો મૂકવામાં આવ્યાં હતાં. બહિષ્કૃત હિતકારીણી સભાના સિપેહસાલાર સીતારામ શિવતરકર એક દિવસ અગાઉ આવી પહોંચ્યા હતા. અનંત ચિત્રે અને સુરેન્દ્ર ટિપણસ તો રાત-દિવસ ત્યાં જ રહેતા.

સર્વ કાર્યક્રમના આધારસ્તંભો સમા ડૉ. બાબાસાહેબ આંબેડકરે 'પદ્માવતી' નામની આગબોટ દ્વારા ૨૪મીએ મુંબઈથી મહાડ માટે વિદાય લીધી. બાપુ સાહેબ પાંડુરંગ રાજભોજ, દાદાસાહેબ ગાયકવાડ, પ્રધાન તથા સહસ્ત્રબુદ્ધે ઈત્યાદિ નેતાઓ તેમની સાથે જ હતા. સમતા સૈનિકદળના સેંકડો ગણવેશધારી સૈનિકોએ સલામી સાથે વિદાય આપી. ડૉ. આંબેડકરના જયઘોષ અને મહાડ સત્યાગ્રહના વિજઘોષણાથી સમગ્ર વાતાવરણ ગાજી ઊઠ્યું હતું.

મહાડથી આશરે આઢેક કિલોમીટર છેટે આવેલા દાસગાવે બીજા દિવસે બપોરે ઊતરતાં પ્રચંડ જનસમુદાયે ભારે હર્ષનાદોથી તેમનું ભવ્ય સ્વાગત કર્યું... જયઘોષથી આકાશ ગુંજી ઊઠ્યું... સારા કામમાં સો વિઘ્નો... મહાડના અંગ્રેજી કલેક્ટર હૂડે આંબેડકરના હાથમાં એક ફરફરિયું પકડાવી દીધું. એની વિગત આ પ્રમાણે હતી :

'મહાડના ધારિયા, વૈશ્ય ઈત્યાદિ નવેક સવર્ણ આગેવાનોએ બહિષ્કૃત હિતકારિણી સભાના અધ્યક્ષ ડૉ. આંબેડકર, સેક્રેટરી શિવતરકર ઈત્યાદિ પાંચ સામે દાવો દાખલ કરી મહાડ સેકન્ડ સબજજ વૈદ્યની કોર્ટમાંથી એવી મતલબનો મનાઈહુકમ મેળવ્યો હતો કે, 'મહાડનું ચવદાર તળાવ સવર્ણોની પોતાની અંગત માલિકીનું છે (સાર્વજનિક નથી), એટલે ડૉ. આંબેડકર તેમજ અન્ય અછૂતોએ તેમાં પ્રવેશ કરવો-કરાવવો નહિ.' (તળાવ અભડાવવું નહિં.)" તેમના પ્રવેશથી અમારો ધર્મ ભ્રષ્ટ થશે અને સમર્થનમાં મનુસ્મૃતિના કેટલાક શ્લોકો હતા.

બેરિસ્ટર બાબાસાહેબે કહ્યું, 'પારસી, ખ્રિસ્તી, મુસલમાન ઈત્યાદિ જે તળાવનો ઉપયોગ કરતા હોય તે સવર્ણોની ખાનગી માલિકીનું કેવી રીતે હોઈ શકે ? તેને તો સાર્વજનિક તળાવ જ કહેવાય...'

વળી મહાડની મ્યુનિસિપાલિટીએ પીછેહટ કરી પોતાના અગાઉનો પ્રસ્તાવ તા.૪-૮-૧૯૨૭ના દિવસે પણ રદ કર્યો હતો. કાનૂની પેચીદી પરિસ્થિતિ પેદા થઈ હતી. દલિતો માટે સવિનય કાનૂન ભંગ

સિવાય કોઈ વિકલ્પ નહોતો. જિલ્લા ક્લેક્ટર (અંગ્રેજ) હૂડ અને પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ ફેરન્ટે ડૉ. આંબેડકર તથા અન્ય આગેવાનો સાથે વિસ્તારપૂર્વક વિચાર-વિનિમય થયો. અંતે ક્લેક્ટરની પરિષદને સંબોધવાની વિનંતીઓ સ્વીકાર કરવામાં આવ્યો. વળી ક્લેક્ટરે કહ્યું કે, 'મારી સરકારની સંપૂર્ણ સહાનુભૂતિ તમારી સાથે જ છે. પરંતુ કોર્ટનું અપમાન કરવું અનાદર કરવુ ઉચિત નથી.' વિષયવિચારણી સમિતિ ઉપર નિર્ણય છોડવામાં આવ્યો અને પરિષદની કાર્યવાહી આગળ ધપાવવામાં આવી. ગજબની નિર્ણય શક્તિ ધરાવતા ડૉ. આંબેડકરે મનોમન વિચાર્યું કે, આપણને બે મોરચે લડાઈ પાલવે નહિ. રૂઢિવાદીઓ તો આપણી સામે જ છે. જ્યારે સરકારની આપણા માટે જે સહાનુભૂતિ છે તે શા માટે ગુમાવવી ?

સાંજના ચારેક વાગ્યે પરિષદનો પ્રારંભ થયો પોતાના ઉદ્ધારકનું સ્વાગત કરવા થનગની રહેલા અંત્યેજોએ ફૂલોના હારના ઢગલા કરી નાંખ્યા હતા. કેટલાક આગેવાનોનાં પ્રવચનો થયાં છતાં આબાલવૃદ્ધ સૌ એકીટસે ચિંતામણિ ડૉ. બાબાસાહેબ આંબેડકરને સાંભળવા ભારે આતુર નયને સોનેરી પળોની પ્રતીક્ષા કરી રહ્યા હતા. દલિત સ્વાતંત્ર્યના સૂરજ સમા ડૉ. આંબેડકર અધ્યક્ષીય પ્રવચન માટે ઊભા થયા... તાળીઓના ગડગડાટ અને જયઘોષના હર્ષધ્વનિ વચ્ચે ડૉ.આંબેડકરે હાથો ઊંચે કરતા સમગ્ર સભામાં સ્તબ્ધતા છવાઈ ગઈ, ગંભીરપણે વિવક્ષિત બોલ બોલતાં કહ્યું :

*"મહાડનું ચવદાર તળાવ સાર્વજનિક છે. પારસી, મુસલમાન, ખ્રિસ્તી ઈત્યાદિ વિધર્મી લોકો પણ આ તળાવે પાણી ભરે છે. મહાડના સવર્ણો પશુ-પક્ષીઓ પાણી પીએ, મળમૂત્ર કરે તે સામે વાંધો ઉઠાવતા નથી, પરંતુ માનવ જેવા માનવો-સ્વધર્મી પદદલિતોને પાણી પીવા દેતા નથી. તે સામે તેમને ભારે વિરોધ છે. વળી તેનું કારણ એવું નથી કે, અસ્પૃશ્યોના સ્પર્શથી પાણી ગંધાઈ ઉઠશે અથવા તેનું બાષ્પીભવન થઈ જશે. પરંતુ તેનું કારણ એટલું જ છે કે હિન્દુધર્મશાસ્ત્રોએ જેને અસ્પૃશ્ય-અસમાન ગણેલી છે તે જાતિના લોકો પોતાના તળાવે પાણી પીએ અને સમાન હોવાનું સિદ્ધ કરે તે તેમને મંજૂર નથી. વળી આ જ સુધી આપણે ચવદાર તળાવનું પાણી પીધું નહિ તેથી તમે અને હું કંઈ મરી ગયા નથી અને આજે પાણી પીવાથી આપણે અમર થઈ જવાના છીએ તેવું પણ નથી અને જે લોકો પીએ છે તે કંઈ અમર થયા નથી કે થવાના નથી. પરંતુ અન્ય માનવોની જેમ આપણે પણ માનવ છીએ અન્ય માનવો જેટલા જ આપણને અધિકારો છે તે સિદ્ધ કરવા જ આપણે તળાવે જવાનું છે...*

*"...આપણું આ ઐતિહાસિક અધિવેશન અપૂર્વ છે. સમાનતાના શુભ મુહૂર્ત માટે આપણે મળ્યા છીએ. આજની આ સભા અને ૫ મે, ૧૭૮૯ના દિવસે ફ્રાંસના વર્સાઈ મુકામે ફ્રાંસ ક્રાંતિવીરોની રાષ્ટ્રીય સભા વચ્ચે ઘણું સામ્ય છે. ફ્રેંચ લોકો તે સભાના રાજકીય, સામાજિક અને ધાર્મિક એવા વિવિધ પ્રકારે સંગઠન સાધવા મળ્યા હતા. તે સભાએ આ મુદ્દાઓનું માનવ-અધિકારોનું જાહેરનામુ પ્રસિદ્ધ કર્યું હતું. તેમાં પ્રથમ મુદ્દો હતો સર્વ માનવ જન્મથી સમાન છે. આ જાહેરનામાંથી સમગ્ર વિશ્વમાં ક્રાંતિનો પવન ફુંકાયો. સમતા, સ્વતંત્રતા અને બંધુતાના સિદ્ધાંતો એ ફ્રેંચ ક્રાંતિનું જગતને પ્રદાન છે. આપણે અહીંયા સામાજિક, ધાર્મિક સ્વતંત્રતા કેવી રીતે પ્રાપ્ત કરવી તેના સંગઠન માટે એકઠા ગયા છીએ. આપણે આપણા જન્મજાત માનવ અધિકારો છે તે હાંસલ કરવાના છે..."*

*"... રોટી-બેટી બંધી, જાતિ-વર્ણબંધીના અસંખ્ય ખીલાઓ ઉખેડી એકતા સાધ્યા સિવાય સાચી સમાનતા પ્રાપ્ત થશે નહિ. અસ્પૃશ્યતા નષ્ટ થશે નહિ. સમાનતાના વ્યવહાર સિવાય નૈસર્ગિક ગુણોનો વિકાસ પણ થઈ શકે નહિં. એક બાજુ હિન્દુસમાજમાં વર્ણવ્યવસ્થાની અસમાનતા વ્યક્તિના વિકાસને રૂંધી નાંખે છે. સમાજને વેરવિખેર, પંગુ બનાવે છે. બીજી બાજુ આ અસમાનતા વ્યક્તિની શક્તિનો ઉપયોગ સમાજ માટે થવા દેતી નથી. ચાર્તુવર્ણ્ય વ્યવસ્થા બંને બાજુએ રૂંધે છે. હિન્દુસમાજને તે દુર્બળ બનાવે છે. જો તમારે હિન્દુસમાજને સમર્થ-સશક્ત બનાવવો હોય તો ચતુવર્ણ તથા આ અસમાનતાને જાકારો આપવો જ પડશે. એકતા અને સમાનતાના પાયા ઉપર હિન્દુ સમાજની પુનર્રચના કરવી જ પડશે. આ સત્યાગ્રહ તથા પરિષદનું આયોજન આપણે સામાજિક ક્રાંતિ માટે કર્યું છે. હવે આ સામાજિક ક્રાંતિ આતંકવાદી બનશે કે અહિંસક બનશે તે સઘળું સવર્ણોના વ્યવહાર ઉપર અવલંબે છે. આ કાર્યમાં જેટલું આપણું હિત છે તેથી સવિશેષ રાષ્ટ્રનુ હિત સમાયેલું છે..."*

ડૉ. બાબાસાહેબ આંબેડકરના પ્રવચન પછી પરિષદ પાંચેક પ્રસ્તાવ પસાર કર્યા હતા. જો બીજો પ્રસ્તાવ હિન્દુસમાજને ખળભળાવી મૂકે તેવો હતા. સહસ્ત્રબુદ્ધે ગંગાધર નીલકંઠે (સારસ્વત બ્રાહ્મણ) મૂકેલા **'મનુસ્મૃતિ-દહન'**ના આ પ્રસ્તાવને બાપુસાહેબ પાંડુરંગ રાજભોજે અને થોરાતે બંનેએ ટેકો આપ્યો હતો. સમગ્ર પરિષદમાં ભારે હર્ષનાદ વચ્ચે સ્વીકારેલા પ્રસ્તાવના શબ્દો હતા.

"શુદ્ર જાતિઓનો ઉપહાસ કરનારી, તેમની પ્રગતિને અવરોધનારી તેના આત્મખોજને નષ્ટ કરી તેમના ઉપર સામાજિક, આર્થિક રાજકીય કાયમી ગુલામગીરી થોપનારી **"મનસ્મૃતિ"** માંના વચનો જોતાં તે હિન્દુ માત્રના જન્મસિદ્ધ હકોના જાહેરનામાની ભાવનાથી તદ્દન વિપરીત છે. આ રીતે આ ગ્રંથ-ધર્મગ્રંથ કે પવિત્ર તરીકે તદ્દન અશોભનીય અને અયોગ્ય છે. તે આ પરિષદનું મક્કમપણે માનવું છે. અને આ માન્યતાની વિજ્ઞપ્તિ માટે આવા લોકવિગ્રહ તથા માનવતાનો ઉચ્છેદ કરનારા આ ધર્મગ્રંથ-મનુસ્મૃતિ'ની હોળી કરવામાં આવે છે..."

અગાઉથી આ કાર્યક્રમ નક્કી હોવાથી પરિષદના પરિવેશની મધ્યે **"મનુસ્મૃતિ દહન"**ની જગ્યા મુક્કર કરી હતી. દોઢ ફૂટ લાંબો - પહોળો ઊંડો ખાડો ખોદી નાનકડો મંચ તૈયાર રાખવામાં આવ્યો હતો. તેની ત્રણ બાજુએ "મનુસ્મૃતિદહન ભૂમિ" "અસ્પૃશ્યતાનો ખાતમો કરો" અને ભિખારીવૃત્તિને ભોંયમાં ભંડારી દો" જેવાં સૂત્રાવાળી ધજાઓ ફરકતી હતી. સાંજના સાડાસાત વાગ્યાના સુમારે મનુસ્મૃતિને ચંદનની ચિંતા પર ચઢાવવામાં આવી. અંતે ગુલામીના તત્ત્વજ્ઞાનનું અધિષ્ઠાન કરનાર ગ્રંથ-મનુસ્મૃતિની ચિતાને શુદ્ર જાતિના એક સાધુ સાથે સારસ્વત બ્રાહ્મણ ગંગાધર નીલકંઠે આગ ચાંપી. વિષમતાના મારથી કોપાયમાન થયેલા લોકોએ ભારે હર્ષનાદ વચ્ચે સઘળી પ્રક્રિયા વધાવી લીધી. દલિત મુક્તિ-સ્વતંત્ર્યના મહાયજ્ઞની પ્રથમ આહુતિ-સમધિ તરીકે "મનુસ્મૃતિ"ને હોમવામાં આવી. મનુસ્મૃતિની હોળીનું સવિશેષ કારણ એ હતું કે સવર્ણોએ કોર્ટમાં કરેલા દાવામાં- "તળાવનું પાણી અભડાઈ જાય છે." તે બાબતોના સમર્થનમાં ધર્મશાસ્ત્રોના સવિશેષ મનુસ્મૃત્તિના આધારો ટાંકવામાં આવ્યા હતા. વળી કોર્ટના મનાઈ હુકમને કારણે પરિસ્થિતિએ જબરો પલટો લીધો હતો. પોતે એક બેરિસ્ટર તરીકે કાનૂન તોડવા તૈયાર નહોતા. સરકારની (કોર્ટની) સહાનૂભૂતિ ગુમાવવી સ્વીકાર્ય ન હોતી. બીજી બાજુ અપાર જોમ જુસ્સાથી આવેલ વિશાળ વર્ગને કાબૂમાં રાખવો તે અતિકઠણ કાર્ય હતું. કાબેલ નેતા વિચક્ષણ બુદ્ધિવાળા સમય પારખુ ડૉ. આંબેડકર લોકમાનસને વાળવાં, **'મનુ સ્મૃતિ દહન'** કાર્યક્રમ મૂકી દીધો. અને લોકોના આક્રોશને આ તરફ વાળવા સફળ પણ થયા. ડૉ. આંબેડકરના ગતિશીલ ડાયનામીક DYNAMIC નેતૃત્વની આ ખૂબી હતી. સફળતા હતી.

શતાબ્દી પૂર્વે મહાન સમાજસુધારક મહાત્મા જ્યોતિબા ફૂલેએ કહ્યું હતું, કે, "શૂદ્રો અને તેમના વંશજોને ધર્મશાસ્ત્રો પ્રમાણે કાયમ નીચ તથા ગુલામ રહે તે માટે અનૌરસ અ જાય જ સંતાન ગણ્યાં. સ્ત્રીઓને પણ નીચે ગણવામાં આવી. ઊંચ-નીચની ભાવના પેદા કરવામાં આવી. તેમાં "મનુસ્મૃતિ"નો સહારો લેવામાં આવ્યો છે. પરંતુ જ્યારે બ્રાહ્મણોનાં આ કારસ્તાન શુદ્રો સમજશે ત્યારે મનુસ્મૃતિને શૈતાનની સિફારીશ કરનાર શાસ્ત્ર માનશે, જો આજના બ્રાહ્મણ સવેળા આ નહીં સમજે તો શુદ્ર જાતિના લોકો આ ગ્રંથને ફાડી નાખશે તેના ચૂરેચૂરા કરી નાંખશે. તેને જલાવી દેશે. વળી આ (દહનક્રિયા) આ અંધારામાં છાનીછપની નહિ પરંતુ ધોળા દિવસે બ્રાહ્મણોની છાતી ઉપર કરવામાં આવશે. આ મારી ભવિષ્ય વાણી છે."

મહાત્માજ્યોતિબા ફૂલેની વર્ષો પૂર્વેની ભવિષ્યવાણી સત્ય પુરવાર થઈ. ડૉ. બાબાસાહેબ આંબેડકરે ખુલ્લે આમ પડકાર સાથે "મનુસ્મૃતિ"ની હોળી કરી. રૂઢિવાદી હિન્દુઓનાં કિલ્લામાં અગ્નન્યસ્ત્ર છોડ્યું હતું. હિન્દુઓની માન્યતાના પાયા હચમાચાવી મૂક્યા હતા. આધુનિક ભારતના ઈતિહાસમાં ધાર્મિક ગ્રંથ ઉપર થયેલો જીવલેણ હુમલો હતો અને તે પણ સ્વધર્મીઓના હાથે જ.

કેટલાકે ડૉ. આંબેડકરને ભારતના માર્ટિન લ્થૂર કહ્યા અને મહાડને વિટેનબર્ગ કહ્યું. પરંતુ જગતના ઈતિહાસમાં પોપના પાપવિમોચન પરવાનગી હોળી કરનાર માર્ટિન લ્યુથર કરતાં સનાતનવાદીઓ ઉપરનો આ મૂર્તિભંજક હુમલો ભારે હતો. જેને ધર્મગ્રંથ ગણવામાં આવતો હતો તે સમગ્ર સ્મૃતિની હોળી કરી હતી જેમાં પરોક્ષ રીતે "નૂતન સ્મૃતિ"ની પ્રસવ વેદના વ્યક્ત થતી હતી.

બીજા દિવસે તા. 26-12-1927એ વિષય વિચારિણી સમિતીના બેઠકમાં "સત્યાગ્રહ" વિષયક વિષદ ચર્ચા થઈ. સત્યાગ્રહ કરવાના ચાર અને સ્થગિત કરવાના પક્ષે આઠ આગેવાનોનાં પ્રવચનો થયાં.

બાપુ સાહેબ પાંડુરંગ રાજભોજ, પદ્મનાથ હાટે સત્યાગ્રહ કરવાના પક્ષે હતાં. જેધેને-જવળકરે પણ ટેકો આપ્યો હતો. તેમનું કહેવું હતું અંગ્રેજ સરકારી જેલમાં જાતિભેદ નથી. બહારના ભેદભાવભર્યા જાતિવાદ નરકમાં જીવવા કરતાં જેલનું જીવન બહેત્તર છે. જે લોકોએ આપણી સાથે છળકપટ કરી આપણને સદાયે છેતર્યા છે તેમની સામે લડાઈ આપવી જ જોઈએ. આ માનવતા માટેનો જંગ છે. કૂતરાં બિલાડાં જે તળાવે પાણી પી શકે ત્યાં માણસ જેવો માણસ ન જઈ શકે તે હરગિજ નહિ ચાલે. ચાર હજાર સત્યાગ્રહીઓ અધીરા બન્યા હતા. કેટલોક ગામ છોડતાં પ્રતિજ્ઞા કરી હતી, કે "તળાવે પાણી પીશું નહિ તો જેલમાં જઈશું. એવું નહિ થાય તો ગામમાં ફરી મોઢું નહિ બતાવએ... !" અંતે ડૉ. આંબેડકરે ઉભા થઈ ગંભીર મુદ્રમાં કહ્યું :

## ૪ : ૨ : ૩ સત્યાગ્રહ સ્થગિત કરવાની ડૉ. આંબેડકરની દરખાસ્ત

*"હું સત્યાગ્રહનો કટ્ટર પુરસ્કર્તા છું. હું સરકારથી ડરતો નથી. મને કાનૂન તોડતાં મારી વકીલાતનો વ્યવસાય કે તેની પણ સહેજ પડી નથી. વળી તમે લોકો જે સ્વાપર્ણ માટે તૈયાર છો તે જોતાં લાગે છે કે આપણા સમાજની ઉન્નતિ થયા વિના રહેશે નહીં. પોતાના સ્વત્ત્વ માટે જન્મસિદ્ધ અધિકારો માટે તમે લડત આપવા તૈયાર થયા છો તે જોઈ મારી છાતી ગજગજ ફૂલે છે. વળી તમારી બહાદુરીથી મારો આનંદ અને ઉત્સાહ અનેક ગણો વધી રહ્યો છે. પરંતુ લઢાઈમાં એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે, કોઈ કાયમી લાભો પ્રાપ્ત કરવા હોય તો ત્રાસ સહન કરવો પડે છે. તપશ્ચર્યા વિના કોઈ સિદ્ધિ સાંપડતી નથી. વળી શક્તિનો ઉપયોગ સમજી વિચારીને કરવાનો હોય છે. તે શક્તિને વેડફી દેવાય નહિ. આપણે માત્ર જોશમાં નહિ. પરંતુ "હોશ"માં વિચારવું પડશે. સવર્ણો તો આપણી વિરૂદ્ધમાં છે જ. માત્ર સરકારની સહાનુભૂતિ આપણે પક્ષે છે તે ગુમાવવી પાલવે નહીં કારણ કે બે મોરચે લડાઈ લડવી ઉચિત નથી. સમય સંજોગોની પ્રતીક્ષા કરવી પડશે. એટલે આજના સંજોગોમાં આ સત્યાગ્રહ સ્થગિત કરવાની મારી દરખાસ્ત છે. તેમ છતાં તમે જે કાંઈ નક્કી કરશો તેમાં હું તમારી સાથે જ હોઈશ. તમારો નિર્ધાર તે મારો નિર્ધાર છે, અને નિર્ધારિત ધ્યેય સિદ્ધ કર્યા સિવાય હું જંપીને બેસીશ નહિ. આની ખાતરી આપું છું. વળી મનુસ્મૃતિની હોળીએ આપણી વાત બધે પહોંચાડી દીધી છે."*

ડૉ. આંબેડકરે લાગણીના પ્રવાહમાં તણાયા સિવાય એક મુત્સદ્દી નેતાની અદાથી, ચતુરાઈપૂર્વક પોતાના અનુયાયીઓની લાગણીઓને પોતાની બાજુએ વાળી લીધી. નિરાશ વદને લોકોએ પોતાના નેતાના આદેશને શિરોધાર્ય ગણ્યો. તેઓ અછૂતોની શક્તિના અણુએ અણુનો ઉપયોગ કરવા માંગણા હતા. આ ડહાપણભર્યા નિર્ણયમાં તેની પ્રતીતિ થાય છે. તે દિવસે સરઘસાકારે ચવદાળ તળાવની પ્રદક્ષિણા કરી પરત આવવાનો કાર્યક્રમ નક્કી થયો અને તે શાંતિથી પાર પડ્યો. સાંજના કેડથી વળી ગયેલી વૃદ્ધા પરિષદ મંડપમાં રોતી કકળતી આવી. તેને પૂછતાં તેણે કહ્યું કે, "રસ્તામાં કેટલાક નખ્ખોદિયાઓએ મને કહ્યું કે, તમારો રાજા મરી ગયો." દલિતોનો રાજા-બેતાજ બાદશાહ એટલે બાબાસાહેબ આંબેડકર...

મર્દોના કંધે કંધો મિલાવી મહાડના મેદાનમાં આવેલી દલિત મહિલાઓની રાત્રિસભામાં દલિતોના બેતાજ બાદશાહ પોતાની સરળ, સુબોધ અને હૃદયમાં સોંસરી ઊતરે તેવી વાણીમાં બોલ્યા કે, "તમે તમારી જાતને અસ્પૃશ્ય માનશો નહિ અને સવર્ણ સ્ત્રીઓ જે પદ્ધતિએ સાડી પહેરે તેમ તમારે પણ પહેરવી જોઈએ. કપડાં ભલે ફાટેલાં હોય પરંતુ સ્વચ્છ રાખો. તમારી કૂખે જન્મ લેવો એ પાપ અને સવર્ણ જનેતાની કૂખે જન્મ લેવો તે પુણ્ય કેમ માનવામાં આવે છે ? તેના ઉપર ગંભીરતાથી વિચાર કરો. તમે આજથી પ્રતિજ્ઞા કરો કે, આવી કલંકિત સ્થતિને દૂર કરીને જ જંપીશુ. તમારા જૂના-પુરાણા ગંદા રિવાજો ત્યાગવા પડશે. દારૂડિયા પતિ, પુત્ર કે ભાઈને ભોજન આપો નહિ. કન્યાઓને કેળવણી આપો. જ્ઞાન અને વિદ્યા સ્ત્રીઓ માટે ઘણાં જ જરૂરી છે. સોનાનાં ઘરેણાં પહેરો અને સન્માનથી જીવન જીવો." ડૉ. આંબેડકરના પ્રવચનો જબરજસ્ત પ્રભાવ પડ્યો. બીજા દિવસે પોતાને વતન પાછી ફરી રહેલી મહિલાઓએ પોતપોતાના નેતાના આદેશ પ્રમાણ પોતાની વેશભૂષામાં પરિવર્તન આણ્યું હતું.

ચાંભાર આગેવાનો શિવતકર અને રાજભોજ સાથે રાત્રે ચાંભાર વાસમાંની એક સભાને સંબોધતાં ચાંભારની અલિપ્તતા બાબતે તેમનો ઊઘડો લેતાં આંબેડકરે કહ્યું કે '**સત્યાગ્રહીઓની સેના એ વીરોની સેના છે. વીરોની સેનામાં જાતિભેદને સ્થાન નથી. તમારે સુખ જોઈએ કે સ્વમાન જોઈએ તે નક્કી કરો. માણસાઈ સિવાયનો તમારો વૈભવ વ્યર્થ છે. તમારા જેવા સુખી-સંપન્ન લોકોએ માણસાઈ પ્રાપ્ત કરવાના દલિતોના કાર્યોમાં ઉત્સાહપૂર્વક સહયોગ કરવો જોઈએ. સવર્ણોના જોડા ન સીવવાનો સત્યાગ્રહ તમે કરી શકો તેવું સામર્થ્ય તમારા સમાજમાં છે. તમે તેનો ઉપયોગ કેમ કરતાં નથી ? આ રીતે પુણ્ય પ્રાપ્ત કરવું**

**જોઈએ. આ કાર્યમાં જો તમો ભાગ લેશો તો ઈતિહાસમાં મહારો સાથે તમારું નામ પણ અમર થઈ જશે. અને જો એવું નહિ કરો તો તમારી ભાવિપેઢી તમને નપુંસક હતા એવો દોષ તમને આપશે.'** (બહિષ્કૃત ભારત તથા ધનંજયકીરકૃત જીવન ચરિત્ર પૃ. ૧૨૦)

ડૉ. આંબેડકરનો મહાડ સત્યાગ્રહનો સંકલ્પિત કાર્યક્રમ ભારે સફળતાપૂર્વક પાર પાડ્યો હતો. મહાડ સત્યાગ્રહે તેમના અભિજાત નેતૃત્ત્વને ચાર ચાંદ લગાડી દીધા હતાં. વળી **'મનુસ્મૃતિ દહન'** દ્વારા તેમણે હિન્દુ સમાજવ્યવસ્થાને પડકારી હતી, જયારે બીજી બાજુ સદીઓથી સૂતેલા શોષિત સમાજને ઢંઢોળી જાગૃત કર્યો હતો. સમતા માટે સક્રિય કર્યો હતો, જેમાંથી આગળ જતાં મંદિરપ્રવેશ શક્ય બન્યો હતો. સત્યાગ્રહનો જન્મ થયો હતો. મહાડ સત્યાગ્રહ દ્વારા કચડાયેલા કિંકરોએ ક્રાંતિનું રણસિંગુ ફૂંક્યું હતું. સમાજિક ક્રાંતિના ઈતિહાસની આ અનેરી નોંધપાત્ર ઘટના હતી. જો કે રૂઢિવાદીઓએ "મનુસ્મૃતિ દહન" માટે રોકકળ કરી મૂકી હતી. મિસ મેયોના ગ્રંથ "Mother India"ની હોળી કરનાર લોકો મનુસ્મૃતિનો બચાવ કરવા મેદાને પડ્યા હતા. પરંતુ મિસ મેયોના 'મધર ઈન્ડિયા'ને બાળીને, અસહકારના આંદોલનમાં વિદેશી વસ્ત્રોને હોળી કરીને કે સાયમન કમિશનનો વિરોધ કરીને હિન્દુઓએ જે સાધ્યું ન હતું તે 'મનુસ્મૃતિ'ની હોળી કરીને દલિતોએ મેળવ્યું હતું. મનુસ્મૃતિની હોળી કરી મજલૂમોએ ઊંચનીચની ભાવનાનો ઈન્કાર કર્યો હતો. "મનુસ્મૃતિ બાળવાથી બ્રાહ્મણત્ત્વ નષ્ટ થશે નહિં" એવું લખનારને ડૉ. આંબેડકરે કહ્યું કે તે વાત દુર્ભાગ્યથી સાચી ઠરે તો પણ બ્રાહ્મણત્ત્વના વિધ્વંસ બ્રાહ્મણગ્રસ્ત મનોમૃતિને ખત્મ કરવી અથવા હિન્દુધર્મનો ત્યાગ કરવો એ બેમાંથી કોઈ એક માર્ગ સ્વીકારવો પડશે તેની ખાત્રી રાખજો. અંતે આપણે મહાડના મુકદમાની વિગતો સાથે સમાપન કરીએ...

મહાડ ચવદાર તળાવ સત્યાગ્રહ સામે દિવાની દાવો હિન્દુ મુન્સફ જી.વી. વૈદ્યે તા. ૧૪-૧૨-૧૯૨૭ના દિવસે મનાઈહુકમ આપ્યો ત્યારથી મહાડ સત્યાગ્રહની એક દીર્ઘ કાનૂની લડતનો આગવો ઈતિહાસ બન્યો હતો. પ્રથમ ચુકાદો ૮ જૂન, ૧૯૩૧ એ ન્યાયમૂર્તિ મી. શરાફે અસ્પૃશ્યોની તરફેણમાં આપ્યો તેનાથી નારાથ જઈ વૈદ્ય વગેરે હિન્દુ આગેવાનોએ થાણા જિલ્લા કોર્ટમાં અપીલ દાખલ કરી. તેઓ કોઈ પણ ભોગે અછૂતોને તળાવના આરે ઢૂકવા પણ દેવા માંગતા નહોતા. પરંતુ કોંકણી કોર્ટ (થાણા)ના અંગ્રેજ જિલ્લા ન્યાયાધીશે પણ તા. ૩૦-૧-૧૯૩૩ના દિવસે ચુકાદો આપી સવર્ણોની અપીલ ફગાવી દીધી. જો કે ડૉ. બાબાસાહેબ આંબેડકર, પાલેય શાસ્ત્રી ઈત્યાદિની જુબાનીઓ પણ થઈ હતી અને ડૉ. આંબેડકરનો અથાગ પુરુષાર્થ પણ હતો. અંતે સવર્ણ હિન્દુઓએ હાઈકોર્ટમાં આશરો લીધો. હાઈકોર્ટમાં અંગ્રેજ મી. બ્રૂમફીલ્ડ અને પારસી મી. વાડિયાની બેચ માર્ચ, ૧૯૩૭માં અછૂતોની તરફેણનો ચૂકાદો આપ્યો. જે દિવસે ડૉ. આંબેડકર સ્વતંત્ર મજૂર પક્ષના ઉમેદવાર તરીકે વિધાનસભામાં ચૂંટાયા તે દિવસે મહાડ તળાવના વર્ષોના કાનૂની સંઘર્ષમાં વિજય થયા. સુંદર જોગાનુજોગ થયો હતો. મહાડ ચવદાર તળાવ સત્યાગ્રહ સમયે બ્રાહ્મણેતર ચળવળના ચહેતા નેતા જેધે તથા જવળકરે પ્રસ્તાવ મૂક્યો કે "બ્રાહ્મણોને સત્યાગ્રહમાં સામેલ કરવા નહિ." ડૉ. આંબેડકરે તેનો સાફ શબ્દોમાં ઈન્કાર કરતાં કહ્યું કે **"આપણો વિરોધ કોઈ જ્ઞાતિ કે હિન્દુ ધર્મ માટે નથી, બ્રાહ્મણ સામે નહિ પરંતુ બ્રાહ્મણવાદ સામે આપણો વિરોધ છે... અસ્પૃશ્યતા સામેનો સંઘર્ષ સવર્ણ - અવર્ણ વચ્ચે નથી. પરંતુ અસ્પૃશ્યતા માનનારા અને ના માનનારા વચ્ચેનો છે"** ડૉ. આંબેડકર પોતાના વિચારોમાં સ્પષ્ટ હતા. દષ્ટિવંત ચિંતક હતા. ડૉ. આંબેડકરની ઓથમાં ગાંધીજી કે હિન્દુઓને ભાંડનારા એ ભૂલી જાય છે કે આ સત્યાગ્રહના સંચાલક સમા બન્ને ટિપણીસ બંધુઓ મહાડના જ સવર્ણ હતા. મુંબઈ કાઉન્સીલમાં આ કાયદો કરાવનાર સી.કે. બોલે ભંડારી (સવર્ણ) જાતિના હતા. **'મનુસ્મૃતિદહન'** પ્રસ્તાવ પ્રસ્તુત કરનાર ગંગાધર નીલકંઠ સહસ્ત્રબુદ્ધે સારસ્વત બ્રાહ્મણ હતા. જ્યારે પ્રસ્તાવને અનુમોદન આપનાર થોરાત પણ સવર્ણ જ હતા, સઘળી કાર્યવાહી કરનાર અનંત ચિત્રે અને કમલ ચિત્રે (રજિસ્ટાર સિદ્ધાર્થ કોલેજ) પણ બ્રાહ્મણો જ હતા અને જીવનના અંતિમ શ્વાસ સુધી ડૉ. આંબેડકરના સાથે રહ્યા. તેવી જ રીતે **'સમતા' તથા 'જનતા'** સામયિકના સંપાદક દેવરાવ વિષ્ણુ નાઈક પણ ગોવર્ધન બ્રાહ્મણ હતા, આમ મહાડ ચળવળના પ્રમુખ પ્રણેતા પ્રગતિશીલ (સવર્ણ) હિન્દુઓ હતા. આમતો ડૉ. આંબેડકરની રાજકીય, સામાજિક, શૈક્ષણિક સંસ્થાઓના પદાધિકારીઓ તથા સાથીદારોમાં સવર્ણ હિન્દુઓ સવિશેષ હતા.

જો કે 'મનુસ્મૃતિ'ના કેટલાક વિભાગો માટે તેમને પણ આદર હતો. ('પરિમલ' મરાઠી, પૃ.૧૫) તેવું એક અખબારી મુલાકાતમાં તેમણે જણાવ્યું હતું પરંતુ હિન્દુધર્મનાં જે શાસ્ત્રોમાં વર્ણવ્યવસ્થા જાતિપાતિ હોય તે વિભાગનો જ તેમને ભારે વિરોધ હતો. આક્રોશ હતો અને તે હોવો સ્વાભાવિક પણ છે. આ જ મહાડ મ્યુનિસિપાલિટીએ માર્ચ. ૧૯૩૪માં ડૉ. આંબેડકરને માનપત્ર આપી સન્માન કર્યું હતું.

## 'તમારી પ્રગતિ ચકાસો '

**નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.**

(૧) સી.કે.બોલેએ કેવા ઠરાવ મૂક્યા ?

(૨) ડૉ.આંબેડકરે કોલાબા દલિત પરિષદ માટે 'મહાડ'ને કે પસંદ કર્યું ?

(૩) મહાડના સત્યાગ્રહની વિગતો લખો.

(૪) મહાડ સત્યાગ્રહ વિષે સવર્ણો તથા ગાંધીજીના પ્રતિભાવ તમારા શબ્દોમાં લખો.

(૫) 'બહિષ્કૃત ભારત' પાક્ષિક કેમ પ્રસિદ્ધ કર્યું ? કારણ દર્શાવો.

(૬) પુનઃ ૨૫,૨૬ ડીસેમ્બર મહાડમાં સત્યાગ્રહ કેમ કરવો પડ્યો ?

## ૪ : ૩ હિન્દુ સમાજ સુધારણાન પ્રવૃતિ :

૫, માર્ચ, ૧૯૨૭માં તેમણે સમતા સૈનિકદળની સ્થાપના કરી તેમજ ડૉ.પી.જી.સોલંકી સાથે રહી બહિષ્કૃત સમાજ શિક્ષણ પ્રચારક સંઘ તેમજ ભારતીય સમાજ શિક્ષણ પ્રચારક સંઘ નામક સંસ્થાઓની સ્થાપના કરી હતી. આ સંસ્થાઓ દ્વારા સોલાપુર, બેલગાંવ અને અમદાવાદમાં દલિતવર્ગનાં વિદ્યાર્થીઓ માટે છાત્રાલયો શરૂ કર્યા હતાં. અમદાવાદમાં (ખાનપુર) ચાલતાં છાત્રાલયના ગૃહપતિ વડોદરાના તુલસીદાસ આચાર્ય હતા. આ છાત્રાલયના કામકાજ માટે જુલાઈ, ૧૯૨૮માં ડૉ.આંબેડકર અમદાવાદમાં પણ આવ્યાં હતા.

સમાજ સુધારણા સવિશેષ હિન્દુ સંસ્કારો માટે 'સમાજ સુધારણા સંઘ' પણ શરૂ કર્યો હતો. જેના દ્વારા પંડિત પાલ્ય શાસ્ત્રીના સાનિધ્યમાં ૫૦૦ દલિતોએ 'યજ્ઞોપવીત' ધારણ કર્યા હતા. દેવરાઈ વિષ્ણુ નાઈકના તંત્રી પદે 'સમતા' નામક (પાક્ષિક) સામયિક પણ શરૂ કર્યું હતું. વળી, શીવરામ જાનબા કાંબલેના(૧૮૭૫-૧૯૪૫) નેતૃત્વ હેઠળ પૂનામાં ચાલતાં પર્વતી મંદિર સત્યાગ્રહને સમર્થન કર્યું. ડૉ.પી.જી.સોલંકી સાથે મુલાકાત લઈ 'સત્યાગ્રહ સમિતિ' પ્રોત્સાહિત કરી હતી. આમ ૧૯૨૭-૧૯૩૦ના સમય ગાળામાં તેમણે હિન્દુ સમાજ સુધારણાની પ્રવૃતિઓ કરી હતી. તેનું ધાર્યું પરિણામ આવ્યું નહોતું. તેમને ભારે અસંતોષ હતો.

## ૪ : ૩ : ૧ મંદિર પ્રવેશ સત્યાગ્રહનો કાર્યક્રમ :

મહાડ તળાવ સત્યાગ્રહે દલિતોમાં ચૈતન્યનો પ્રવાહ કર્યો હતો. સહયાદ્રિની કંદરાઓમાં હવે આંબેડકરની ગર્જનાના પ્રતિઘોષ સંભળાતા હતા. ડૉ.આંબેડકરની સ્ફૂર્તિદાયક નીર્ભિકવાણી ગામડાનાં દલિતો સુધી પહોંચી ચૂકી હતી. વળી 'મનુસ્મૃતિની હોળી'થી સમગ્ર રૂઢિવાદી હિન્દુસમાજ ખળભળી ઉઠ્યો હતો. દલિતોને અન્ય હિન્દુ જેટલાં જ માન-સન્માન અને અધિકારો જોઈતાં હતાં. ૧૯૨૭ના ઓગસ્ટના "અમરાવતી અંબાદેવી મંદિરપ્રવેશ" સત્યાગ્રહ સમયે ડૉ.આંબેડકરે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે,

***"હિન્દુઓના પ્રત્યેક ધાર્મિક સ્થાનમાં પ્રવેશવાનો અને પૂજા કરવાનો દલિતોને આબાધિત અધિકાર હોવો જોઈએ. જે તેમનાં દેવ અને મંદિરો અલગ અલગ રાખવાં તે તદ્દન ખોટું છે. મંદિરમાં માત્ર પૂજા કરવા માટે અમારે "મંદિર પ્રવેશ" જોઈએ છે તેવું નથી. અમે તમારાં શેવાળવાળાં ગંધાતા પાણી પીવા કે પાષાણની પ્રતિમાને પૂજવા સત્યાગ્રહ નથી કરતાં, પરંતુ સાબિત કરવા માંગીએ છીએ કે, અમારા પ્રવેશથી મંદિર કે મૂર્તિ ભ્રષ્ટ થતાં નથી. દક્ષિણ આફ્રિકામાં રેલવેમાં કાળા લોકો(ભારતીય) માટે રખાતા અલગ ડબ્બાની વ્યવસ્થાનો તમે શા માટે વિરોધ કરો છો ? પ્રશ્ન માત્ર મુસાફરીનો નથી, સન્માનનો છે, સમાનતાનો છે. તેવી જ રીતે મંદિરો અસ્પૃશ્યોએ પરિશ્રમ કરી બાંધ્યા હોય ત્યાર બાદ તેને પ્રવેશ કરવા ન દેવો તે કેમ ચાલે ? હિન્દુત્વ એ એકલા સવર્ણોની પૈતૃક સંપતિ નથી. તે હિન્દુત્ત્વના વિકાસ ખઅને રક્ષણ માટે દલિતોએ પણ મોટાં બલિદાનો આપ્યાં છે. પોતાના પ્રાણની પરવા કર્યા સિવાય તેનું રક્ષણ કર્યું છે એટલે જેટલો હક સવર્ણોનો છે તેટલો જ અમારો છે અને આ હક અમે લઈને જ જંપીશું.***

જો સવર્ણ હિન્દુઓ દલિતોને મંદિરમાં પ્રવેશ ન આપે તો દલિતો માટે અલગ મંદિરો બનાવવાની ગાંધીજીએ દલીલ કરી હતી. જેનો ડૉ.આંબેડકરે વિરોધ કર્યો હતો.

ડૉ.આંબેડકરે સમગ્ર ભારતમાં સર્વ પ્રથમ મંદિર પ્રવેશની ચળવળ ચાલુ કરી હતી. મહાનગરી મુંબઈનાં મુંબાદેવી, મહાલક્ષ્મી, ભૂલેશ્વર ઈત્યાદિ મંદિરોમાં દલિતોના પ્રવેશ માટે ડૉ.પી.જી.સોલંકી અને ડૉ.આંબેડકરે "મંદિર પ્રવેશ આંદોલન" ચલાવ્યું હતું. તા. ૧૬-૧૦-૧૯૨૯ના દિવસે તેમણે ભૂલેશ્વર(મુંબઈ)ના ટ્રસ્ટીને પત્ર પાઠવ્યો હતો :

**રા.રા.બી.વી.નેહરૂકર,**

**સેક્રેટરી, બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ, ભૂલેશ્વર મંદિર, મુંબઈ**

હિન્દુ સમાજના અભિન્ન અંગ સમા દલિતોએ હિન્દુ મંદિરોમાં પોતાનો પ્રવેશાધિકાર પ્રસ્થાપિત

કરવા ભૂલેશ્વર મંદિરમાં પ્રવેશ કરવાનો નિર્ણય (બહિષ્કૃત હિતકારિણી સભા દ્વારા) કરવામાં આવ્યો છે. આ બાબતે મંદિરના ટ્રસ્ટીઓનું વલણ અને ધોરણ તાકીદે સ્પષ્ટ કરવાની તસ્દી લેશો તેવી વિનંતી છે.

(સહી) બી.આર.આંબેડકર

**અધ્યક્ષ : બહિષ્કૃત હિતકારિણી સભા**

એસ.બી.સબનિસ (સોલિસિટર) દ્વારા આ ગૌડ બ્રાહ્મણ સમાજના મંદિરના ટ્રસ્ટીના જવાબ રૂપે તા. ૧૧-૧૧-૧૯૨૯ના દિવસે ખુલાસો આવ્યો તે આ પ્રમાણે હતો :

**"બોર્ડ ઓફ ટ્રસ્ટી તરીકે હું તમારી આકાંક્ષા પ્રતિ સહાનુભૂતિ વ્યક્ત કરું છું અને અન્ય હિન્દુઓની જેમ તમને એટલે કે દલિતોને પણ મંદિરમાં પ્રવેશ કરી પૂજા કરવાનો અધિકાર છે તેવું સ્વીકારુ છું, પરંતુ અસ્પૃશ્યો આ મંદિરમાં આવે કે નહી તે બાબતે ટ્રસ્ટી મંડળની શી જવાબદારી છે તે બાબતે ચર્ચાને અંતે એવું તારણ આવે છે કે, ટ્રસ્ટી મંડળના તાબામાંના આ મંદિરમાં દલિતોને પ્રવેશ આપવા બાબતે અમે અસમર્થ છીએ."**

**સહી - એસ.એ.સબનિસ**

મંદિર પ્રવેશ આપવાનો ધરાર લેખિત ઈન્કાર થયા પછી ડૉ.આંબેડકરે તા. ૧૫-૧૨-૧૯૨૯ના દિવસે ડૉ.પી.જી.સોલંકીની અધ્યક્ષતામાં કાર્યકરોની સભા ભરી કાર્યક્રમ નક્કી કરવા વિષે માત્ર વિચારણા કરી અને નિર્ણય બીજી સભા ઉપર મુલતવી રાખ્યો.

પરંતુ દાવાનલની જેમ મુંબઈ નગરીના હિન્દુઓમાં અફવા ચાલી કે "અસ્પૃશ્યો હવે મંદિરમાં પ્રવેશ કરવાના છે." બસ જાણે કે કોઈ મહારોગના જીવાણુનો હુમલો થવાનો હોય તેમ માની મુંબઈના મંદિરોનાં દરવાજા 'ભડાભડ' બંધ કરી દેવાયાં. લાખો ત્રૈવર્ણિક હિન્દુઓને દેવદર્શન દુર્લભ બન્યાં. દરેક મંદિરના પ્રવેશ-દ્વારે પાટિયાં ઉપર સૂચના લખવામાં આવી કે :

**"આ મંદિર ફક્ત ઉચ્ચ સવર્ણ હિન્દુઓ માટે જ છે. આ મંદિરમાં ભૂલેચૂકે જો અસ્પૃશ્યો પ્રવેશ કરશે તો તેમના ઉપર કાયદેસર કામ ચલાવવામાં આવશે."**

આ અરસામાં સી.પી.ટેંક રોડ, સુખાનંદ વાડીમાં શારદાપીઠ જગદ્‌ગુરૂ શંકરાચાર્યનો ઉતારો હતો, તેમણે પોતાની 'શ્રીની આજ્ઞાનુસાર' એક જાહેરનામું બહાર પાડ્યું જેમાં શ્રીમંત શંકરાચાર્ય દ્વારા અસ્પૃશ્યોને આદેશ આપવામાં આવ્યો હતો કે :

**"અસ્પૃશ્યોનો મંદિર પ્રવેશ તે મહાપાતક છે, તેમણે તો દૂરથી પગથિયે ઉભા રહી મંદિરના કળશના દર્શનથી સંતોષ માનવો જોઈએ તેવી ધર્મશાસ્ત્રોની સ્પષ્ટ આજ્ઞા છે."**

કૃણ્વન્તો વિશ્વમાર્યમ્ સમગ્ર વિશ્વને આર્ય (હિન્દુ) બનાવવાની વાતો કરનારા હિન્દુ ધર્મમાર્તંડોની આવી આજ્ઞા દલિતોના દાઝેલા દિલ પર ડામ ચોડવા બરાબર હતી ! પૂનાના પદદલિતો તો એકદમ છંછેડાઈ ગયા.

પૂનાના બાપુસાહેબ પાડુંરંગ રાજભોજે **"પર્વતી મંદિર પ્રવેશ"** માટે એન.વી.ગાડગીલ તથા શી.જા.કાંબળે સાથે કલેકટરને આવેદન પત્ર આપ્યું. બેરિસ્ટર મુકુંદરાવ જયકરની અધ્યક્ષતામાં સત્યાગ્રહ સમિતિની રચના કરી. તા. ૫-૧૧-૧૯૨૭ના દિવસે સત્યાગ્રહ પણ કર્યો. રૂઢિવાદી હિન્દુઓએ અહિંસક સત્યાગ્રહી ટુકડી ઉપર હુમલો કર્યો, પરિણામે રાજભોજ, ગાડગીલ, કદમ ઈત્યાદિ આગેવાનો સખત રીતે ઘવાયા ! સનાતનીઓએ તુલસીબાગના મંદિરમાં સભા ભરી સત્યાગ્રહનો જોરદાર વિરોધ કર્યો. ડૉ.આંબેડકરે મુંબઈમાં જંગી સભા ભરી કહ્યું,

**"અમે તમારા શેવાળવાળા ગંધાતા તળાવમાં પાણી પીવા કે તમારા પથ્થરના પરમેશ્વર માટે સત્યાગ્રહ કરતા નથી. અમે સમતા માટે સંઘર્ષ કરીએ છીએ. અમે તમારા દંભનો પરદો ચીરવા સંઘર્ષ કરીએ છીએ. અમે રૂઢિવાદીઓને ઉઘાડા પાડવા માંગીએ છીએ."**

"ત્યારબાદ સમગ્ર મહારાષ્ટ્રમાં મંદિર પ્રવેશનું અભિયાન શરૂ થઈ ગયું. ઠેર ઠેર સભા, સરઘસો અને સત્યાગ્રહો થયાં. એલચીપુરના દત્ત મંદિરે દલિતો પહોંચી ગયા. સોલાપુરના સિદ્ધેશ્વરના દેવસ્થાને પણ દલિત ગયા, અમરાવતીના અંબામંદિરે પણ અછૂતો ગયા... નાનામોટા અસંખ્ય કાર્યકરો અને સંસ્થાઓએ ડૉ.આંબેડકરના આદેશને અમલમાં મૂકવા અભિયાન ચલાવ્યુ હતું. મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પણ આ કાર્યક્રમના ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. એક મોટો વિવાદ ઉભો થયો હતો. કોર્પોરેશન હસ્તકની શાળાઓમાં દલિત શિક્ષકો તથા વિદ્યાર્થીઓ માટે અલગ-અલગ માટલાં-પ્યાંલા રાખવામાં આવ્યાં હતા. સુધારવાદી પ્રગતિશીલ કોર્પોરેટરોની બહુમતીથી ઠરાવ કરી આ પ્રથા રદ કરી હતી. જેમાં ડૉ.પી.જી.સોલંકીનું ઘણું મોટું પ્રદાન હતું. પરંતુ તેનો અમલ થતો ન હતો. અમલ કરનાર આચાર્યો સવર્ણ હતા. પરંતુ હવે ડૉ.આંબેડકરના આદેશના કારણે ઠેરઠેરથી માંગણીઓ મૂકવામાં આવી. ફરિયાદો નોંધાવવામાં આવી. સરસ્વતીના મંદિરે માથાં ફૂટ્યાં ! ઝઘડા ચાલ્યાં. કેટલીક શાળાઓમાં દલિત શિક્ષકો અને વિદ્યાર્થીઓના વર્ગની બહાર નીકળી ગયા અને ડૉ.આંબેડકરની જય સાથે હડતાળો પાડી. જોકે સ્કૂલ બોર્ડ કમિટીના પારસી ચૅરમેન જે.બી.બોહમાન બેહરામજી પણ દલિતોની પડખે રહ્યા અને અંતે અછૂતોનો વિજય થયો હતો. કોર્પોરેશનના દલિત શિક્ષકોમાં ડૉ.આંબેડકર માટે ભારે આદર ઉભો થયો હતો. દુઃખની વાત તો એ હતી કે દલિત વર્ગના જ કેટલાક કાર્યકરોએ ડૉ.આંબેડકરની મંદિર પ્રવેશની ચળવળનો વિરોધ કર્યો હતો. વિધીની વિચિત્રતા જ કહેવાય ને !"

## ૪ : ૩ : ૧ નાસિક કાળારામ મંદિર પ્રવેશ

મંદિર પ્રવેશ ચળવળનો શિરમોર હતો.. **"નાસિક કાળારામ મંદિર પ્રવેશ સત્યાગ્રહ"** ભારતીય ઈતિહાસની ૧૯૩૦ની શકવર્તી સાલ હતી. ગાંધીજીએ સવિનય કાનૂન-ભંગ, મીઠા સત્યાગ્રહ કરી સ્વતંત્રતાના સંગ્રામને સતેજ કરવાનો સંકલ્પ વાઈસરૉયને વિદિત કર્યો હતો. બરાબર આ જ સમયે દલિત દિવાકર ડૉ.આંબેડકરે નાસિક કાળારામ મંદિર પ્રવેશ માટેનો સંઘર્ષ છેડ્યો હતો. માણસાઈના હકો મેળવવા માટેની આ લડાઈ હતી. તેમણે કહ્યુ **"કોઈ પણ, સત્યાગ્રહ-સંઘર્ષ માનવીના ધૈર્યને લડવા માટે શક્તિ પ્રદાન કરે છે. આમ, આ સત્યાગ્રહો પણ દલિતોને તેમની દાસત્ત્વની શૃંખલા તોડવા બળ પુરું પાડશે."**

નાસિકના કર્મવીર દાદાસાહેબ ભાઉરાવ ગાયકવાડ, કેશવ નારાયણ દેવ (પતિત પાવન દાસ) અને અમૃતરાવ રણખાંભેની સરદાર ત્રિપુટીએ સમગ્ર સત્યાગ્રહનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું.૨, માર્ચ,૧૯૩૦ના દિવસે ડૉ.આંબેડકરની આગેવાની નીચે હજારો સત્યાગ્રહીઓનું વિશાળ સરઘસ કાળારામ મંદિર પ્રવેશ માટે નીકળી પડ્યું. નાસિકના ઈતિહાસમાં આવું સરઘસ કદાપિ નીકળ્યું ન હતું. પરંતુ મંદિરે પહોંચે તે પહેલા જ પૂજારીઓએ પરમેશ્વરને મંદિરમાં પૂરી દીધાં. મંદિરના દરવાજા બંધ કરી દીધા. આથી સરઘસને ગોદાવરી ઘાટ તરફ વાળવામાં આવ્યું અને ત્યાં સભા ભરી સત્યાગ્રહ કરવાનો મક્કમ નિર્ણય જાહેર કરવામાં આવ્યો. મંદિરની ફરતે સૈનિક જાપ્તો કરવામાં આવ્યો. દરવાજે અંગ્રેજ અફસરોએ તંબૂ તાણી દીધાં. હવે તો હિન્દુઓ માટે પણ મંદિરમાં જવું મુશ્કેલ બની ગયું હતું.

શૂદ્રોની વાત સનાતનીઓ ન સ્વીકારે તે તો ઠીક પરંતુ હિન્દુ હૃદય સમ્રાટ બેરિસ્ટર વીર સાવરકરને પણ સનાતનીઓ સાંભળવા તૈયાર ન હતા. સાવરકરે સાફ શબ્દોમાં કહ્યું, -

**"પૂર્વાસ્પૃશ્ય લોકોની મંદિર પ્રવેશની માંગણી સંપૂર્ણપણે ધાર્મિક તેમજ ન્યાયી છે. તેઓને તેના નિકાલ માટે અંતે સત્યાગ્રહ સુધી આવવું પડ્યું તે સત્યાગ્રહ હકીકતમાં આપણી પેઢીઓની પેઢીઓ સુધીના દુરાગ્રહની માત્ર અપરિહાર્ય પ્રક્રિયા જ છે. અસંખ્ય પેઢીઓ સુધી તેમણે પ્રતીક્ષા કરી છે હવે તેઓ ક્યાં સુધી સબૂર કરે ? હવે તો આપણે જ તેમનો માર્ગ મોકળો કરવો જોઈએ."**સાવરકરે તેને સનાતનીઓની વિકૃતિ કહી વખોડ્યું હતું. આ પ્રાજ્ઞપુરુષની પ્રાર્થનાનો કોઈ પ્રભાવ કાળમીંઢ પથ્થરસમા સનાતનીઓ ઉપર વરતાયો નહિ. ધનંજયકીર લખે છે કે, "સનાતનીઓએ વાતાવરણ એવું સ્ફોટક બનાવ્યું હતું કે, પ્રત્યક્ષ ભગવાન રામચંદ્ર પણ અસ્પૃશ્યોના મંદિર પ્રવેશ માટે આજ્ઞા આપે તો તેમને પણ સનાતનીઓએ દૂર ફેંકી દીધા હોત..."

નવમી એપ્રિલ સુધી સત્યાગ્રહ ચાલ્યો. રામનવમીના દિવસે રથને બન્ને પક્ષો ખેંચે એવી સમજૂતી સધાઈ, પરંતુ જેવો રથ નીકળ્યો કે સવર્ણોએ તેને ઘેરી લીધો અને દલિતોને પાસે પણ ઢૂકવા ન દીધાં. ભયંકર હુલ્લડ મચી ગયું. પદદલિતો ઉપર બેફામ પથ્થરમારો થયો. ડૉ.બાબાસાહેબ આંબેડકરનો જાન

જોખમમાં આવી ગયો હતો. તેમના ઉપર છત્રી ધરી પથ્થરમારામાંથી તેમનો બચાવ કરવાનું કાર્ય જાનના જોખમો સ્વયંસેવકો કરી રહ્યા હતા. કાર્યકરોને લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવતા હતા. સમગ્ર નાસિક શહેરમાં હુલ્લડનો હુતાશન સળગી ઉઠ્યો હતો. સાંજે દાદાસાહેબ કર્મવીર ભાઉરાવ ગાયકવાડે ડૉ.બાબાસાહેબને કહ્યું કે :

**"આપનો જાન ખતરામાં છે. કેટલાક સવર્ણો ગુંડાઓએ ખતમ કરવાનું કાવતરું કર્યું છે. આપ સામેની મોટરમાં બેસી સલામત સ્થળે જાઓ." ઉગ્રતાથી ડૉ.આંબેડકરે કહ્યું, "તમે મને કેવી સલાહ આપી રહ્યા છો ! હું એક બહાદુર સૈનિકનો બહાદુર પુત્ર છું. મારું જે થવાનું હોય તે થાય... હું મોતથી કદાપિ ડરતો નથી. હું અહીંથી કદાપિ હટીશ નહિ. મારા લોકોને ખતરામાં મૂકી મારો જાન બચાવવા માટે જનાર હું નહિ..." આ સત્યાગ્રહમાં જનાર્દન અને વાસુદેવ નામના બે દલિત યુવાનોએ શહીદી વહોરી હતી. નાસિકમાં રહેતા ગુજરાતી મેઘવાળ પાલાભાઈ મારુ પરિવારે આ સત્યાગ્રહમાં આગળ પડતો ભાગ લીધો હતો. જેમાં તેમના બે દીકરા ઘાયલ થયા હતા તેમને પણ ઘણું વાગ્યું હતું.**

સનાતનીઓએ જોયું કે, દલિતો પોતાના અધિકાર લઈને જ જંપશે એટલે એક વર્ષ સુધી મંદિરના દરવાજા બંધ રખાયા. રથયાત્રાની પ્રથા પણ બંધ કરી, કારણ કે, રથયાત્રા વખતે આંબેડકરવાદી દલિતો આવી પહોંચતા. રથ વગર હવે માત્ર મૂર્તિને સ્નાન કરાવવાની ઘડી આવી.. પરંતુ છેવટે તેમાં પણ કાપ આવ્યો.

ગાંધીજી ભારતમાં સત્યાગ્રહના જનક ગણાય છે. ગાંધીજીને પણ વિનંતી કરવામાં આવી હતી કે તેઓ દલિતોના મંદિર પ્રવેશ સત્યાગ્રહનું સમર્થન કરે. પરંતુ સમર્થનની વાત તો દૂર રહી પરંતુ તેના "ઔચિત્ય"નો સ્વીકાર કરવા પણ ગાંધીજી તૈયાર ન હતા. ગાંધીજીએ કહ્યું "સત્યાગ્રહ વિદેશીઓ વિરૂધ્ધ કરવો જોઈએ. આપણા જ દેશના લોકો સામે સત્યાગ્રહ થઈ શકે નહિ." ગાંધીજીનો તર્ક સહેજ પણ ન્યાયોચિત નહોતો. (પૂજારી પૃ.૧૦૬)

મંદિર પ્રવેશની મુશ્કેલીઓ નિહાળી ૧૯૨૮-૨૯માં કેટલાક સમજદાર સવર્ણોને લાગ્યું હતું કે, આ માટે કેન્દ્ર સરકાર એક કાયદો જ થવો જોઈએ. આવા વિચારોમાં બેરિસ્ટર એમ.આર.જયકર પ્રથમ હતા. તેમને ત્યાં આ વિશે વિસ્તૃત ચર્ચા થઈ. અંતે નક્કી કરવામાં આવ્યું કે, "આવો એક મંદિરપ્રવેશ ખરડો (કાયદો) ડૉ.આંબેડકરે તૈયાર કરવો અને બેરિસ્ટર જયકરે તેને મધ્યસ્થ ધારાસભામાં મૂકવો." ડૉ.આંબેડકરે "The Hindu Untochables Castes (Removal of Disabilities) Act-163' નામનો ખરડો (બિલ) તૈયાર કર્યો. પરંતુ બેરિસ્ટર જયકર આ બિલ કેટલાંક કારણોસર મધ્યસ્થ ધારાસભામાં મૂકી શક્યા નહિ. તે માટેનાં ઘણા બહાનાં પણ આપ્યાં. પરંતુ હકીકતમાં રૂઢિવાદી હિન્દુસમાજનો વિરોધ વહોરવા કોઈ તૈયાર નહોતા. અંતે વિધેયક બનાવવાનો ડૉ.આંબેડકરનો પુરુષાર્થ એળે ગયો.

છેક ૧૯૩૫માં મંદિર પ્રવેશ કાયદો થયો ત્યાં સુધી નાસિક કાળારામ મંદિરના દરવાજા દલિતો માટે બંધ રહ્યા, અને દલિતો તે માટે સતત સંઘર્ષ કરતા રહ્યા આઘાતજનક ઘટના એ હતી કે, નાસિક જિલ્લા કોંગ્રેસ કમિટીના ગાંધીવાદી પ્રમુખ આ સત્યાગ્રહમાં સનાતનીઓના સાથમાં રહ્યા હતા. એટલું જ નહિ પરંતુ કરાંચી કોંગ્રેસ અધિવેશનમાં એક પ્રસ્તાવ દ્વારા નક્કી કર્યું કે, રાષ્ટ્રીય કોંગ્રેસ ધાર્મિક બાબતે તટસ્થ વલણ અપનાવશે. આમ કોંગ્રેસ જેવી સંસ્થાએ હાથ ઉંચા કરી દીધા હતા.

ડૉ.આંબેડકરના જીવનમાં બે મહત્વના સત્યાગ્રહ : એક પાણી પીવા મહાડ ચવદાર તળાવ સત્યાગ્રહ અને બીજો એક હિન્દુ તરીકે દેવદર્શન માટે કાળારામ મંદિર પ્રવેશ સત્યાગ્રહ કર્યો.. પરંતુ સવર્ણોએ તેમને સીતમ સિવાય કશુંય આપ્યું નહિ. ડૉ.આંબેડકરે પ્રેમ માંગ્યો તો પથ્થર આપ્યા.. સન્માન માંગ્યું તો શાપ આપ્યો. આ બન્ને સત્યાગ્રહોની ફળશ્રુતિરૂપ- ફત્તેહ વર્ષોની કાનૂની લડત દ્વારા જ પ્રાપ્ત કરી શક્યા હતા, તે પણ એક નક્કર હકીકત હતી.

આંબેડકરના હૃદયને ભારે આઘાત લાગ્યો. હવે તેમણે પોતાના ચિંતનની દિશામાં પરિવર્તન આણ્યું. હવે તેઓ હિન્દુ ધર્મની પેલે પાર જઈને વિચારવા લાગ્યા હતા. હકીકતમાં તો સવર્ણોએ તેમને આ રીતે વિચારવા મજબૂર કર્યા હતા.

## ૪ : ૪ કાયદા મંડળમાં કાનૂની સંઘર્ષ મહારવતન બીલ

પોતે કાયદા-કાઉન્સિલનાં સરકારનિયુક્ત સભ્ય હોવાં છતાં સરકારની શેહ-શરમમાં સહેજ પણ તણાતા નહિ. બારામતી મુકામે રાવબહાદુર સી.કે.બોલેની અધ્યક્ષતામાં દલિત સમાજે ડૉ.આંબેડકરનું દબદબાભેર સન્માન કર્યું, ત્યારે તેમણે જાહેરમાં સરકારની ટીકા કરી દલિત વર્ગના લોકોને સરકારી નોકરીઓમાં અન્યાય થાય છે તેની ફરિયાદ કરી હતી. એના પરિણામે તે વખતના ગવર્નર સર લેલ્લી વિલ્સન સાથે ઝઘડો પણ ઉભો થયો હતો. અલબત્ત આ ઝઘડાને પરીણામે ઉપજિલ્લા અધિકારીની જગ્યા ઉપર મા.કા.જાદવ નામના દલિતવર્ગના યુવનાની ભરતી કરવામાં આવી હતી. દલિતવર્ગના લોકોને નોકરી આગવા બાબતે સરકારી વલણમાં ત્યારબાદ સારો એવો સહાનૂભૂતિ ભર્યો પ્રતિભાવ પેદા થયો હતો.

તેમના લોકકલ્યાણના કાર્યોમાં **"મહાર વતન બિલ"** એક ઐતિહાસિક ઘટના હતી. પોતાની તમામ શક્તિઓ ખર્ચી વર્ષો જૂની મહાર (જાગીરદાર) વતનદાર પ્રથા તથા કાયદામાં સુધારો કરવા તેમણે ૧૯ માર્ચ, ૧૯૨૭ના દિવસે "મહાર વતન બિલ" રજૂ કર્યું હતું. વર્ષો જૂના કાયદા અને પ્રથા પ્રમાણે મહારોને સરકારી કામકાજમાં વેઠિયા જેવું કાર્ય કરવું પડતું હતું. વળી વળતરમાં જમીનનો નાનકડો ટૂકડો, ગામલોકો પાસેથી **'બલૂત'** અનાજ, ભીખના ટુકડા સિવાય કશુંય નહોતું. બે આનાનું માસિક વેતન પણ ફારસરૂપ હતું. આ ગુલામીને કારણે મહારોના જીવનમાંથી ઉત્સાહ ઉડી ગયો હતો. જીવન ધ્યેયવિહોણું અને પ્રમાદવાળું બન્યું હતું. ગુલામી તેમને કોઠે પડી ગઈ હતી. વળી કેટલાક તો તે (ઘરાકવટી) છોડવા પણ તૈયાર ન હતા.

૫ નવેમ્બર,૧૯૨૭ના દિવસે રા.બ.સીતારામ કેશવ બોલેના પ્રમુખપદે પાંચ હજાર મહારોની સભા મુંબઈના કામાંઠીપુરમાં ભરી તેમણે તેમના સૂચિત બિલની વિગતો સમજાવી અને લાભાલાભ વર્ણવ્યા. બીજી એક જંગી પ્રચારસભા જળગાંવમાં પણ રાખવામા આવી હતી. આ ઉપરાંત અસંખ્ય સભાઓ કરી લોકમત ઉભો કર્યો હતો. આશરે ૬૦ હજાર મહારો આ પ્રથાથી રીબાતા હતા.

૩, ઓગષ્ટ, ૧૯૨૮ના દિવસે વિધેયકને રજૂ કરતી વખતે પોતાના ઐતિહાસિક પ્રવચનમાં તેમણે અમાનુષી પ્રથા નષ્ટ કરી, મહારોને સરકારી નોકરીઓ આપી, અન્ય ખેતીલાયક જમીનો આપી, પગભર કરવાની જોરદાર હિમાયત કરી હતી. જો વિધેયક મંજૂર નહિ થાય તો મહારો સામૂહિક હડતાળો કરશે અને પોતે રાજીનામું આશે ત્યાં સુધીની ધમકી તેમણે આપી હતી. આખરે વિધેયક પ્રવર સમિતિને સોંપવામા આવ્યું. પ્રવર સમિતિએ તેમાં અસંખ્ય સુધારા સૂચવ્યા. પરિણામે વિધેયકનું મૂળ સ્વરૂપ જ બદલાઈ ગયું. અંતે વિધેયકને સનાતનીઓએ ટેકો ન આપ્યો. **વળી સાઈમન કમિશન સમક્ષની જુબાનીમાં ડૉ.આંબેડકરે મુસલમાનોની રાષ્ટ્ર વિરોધી નીતિ-રીતિની આલોચના કરી હતી. પરિણામે મુસલમાન સભ્યોએ પણ ટેકો ન આપ્યો** અને અંતે ડૉ.આંબેડકરે ૧૯૨૯ના જુલાઈમાં વિધેયકને પાછું ખેંચી લીધું. મુંબઈ મ્યુનિસિપલ કાયદાના સુધાર બીલ વિષે પણ તેમના વિચારો ક્રાંતિકારી હતા. કામદારોના ચાર પ્રતિનિધિઓમાં બે પ્રતિનિધિઓ મ્યુનિસિપલ સફાઈ કામદારો માટે ફાળવવાનો તેમનો આગ્રહ હતો. ગુનેગારોને ફટકાની સજા થવી જોઈએ તેવી માંગણી મૂકી જેથી દલિતવર્ગ ઉપર જુલમો ઘટી શકે.

"મુંબઈ વિધાન પરિષદમાંની ડૉ.આંબેડકરની કાર્યવાહી ઘણી જ આક્રમક હતી. ભૂમિહીન ખેતમજૂરો, અસંગઠિત કામદારો, સ્ત્રીઓ, સર્વે નબળાં વર્ગોના તેઓ કટ્ટર ટેકેદાર રહેતા હતા." જ્યાં જ્યાં તેમને અન્યાય દેખાય ત્યાં કોઈને કોઈની પરવા કર્યા સિવાય જોરદાર રજૂઆત કરતા હતા. કોઈ પણ પ્રકારની સમજૂતી સ્વીકારતા નહિ. દલિતવર્ગો માટે આ પ્રથમ રાજકીય અવાજ હતો. તેમની ગીધદ્રષ્ટિ બારીક માહિતી પૂરી પાડતી હતી. અમદાવાદ જિલ્લાના કાવીઠા ગામે દલિતો પર થયેલા અત્યાચારોની વિગતો પણ ધારાસભામાં રજૂ કરી હતી. તે તેમની કાર્યદક્ષતા બતાવે છે. તેઓ જાતતપાસ કરી માહિતી રજુ કરતા હતા.

### ૪ : ૪ : ૧ સાયમન કમીશન સમક્ષ માંગણીઓ

આ અરસામાં ભારતને વધુ રાજકીય અધિકારોનો બીજો હપ્તો આપવા બાબતે વિચાર-વિનિમય કરવા ઈંગ્લેન્ડના સત્તારૂઢ કોઝરવેટિવ પક્ષના વડાપ્રધાન સ્ટેન્લે બોલ્ડવિને ૧૯૨૭ના નવેમ્બર માસના અંતમાં છ સભ્યોનું એક કમિશન નીમ્યું હતું. જેમાં બ્રિટીશ આમ સભાના ચાર અને હાઉસ ઑફ લોર્ડઝના બે સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કમિશનના અધ્યક્ષ સર જહોન સાઈમન હતા. એથી

ભારતમાં તે **"સાઈમન કમિશન"** તરીકે ઓળખાયું હતું. કમિશનના બધા જ સભ્યો અંગ્રેજ હોવાને કારણે સમગ્ર ભારતમાં તેનો બહિષ્કાર કર્યો હતો. Sioman Go Back **"સાઈમન પાછા જાઓ"**નાં સૂત્રો સાથે સમગ્ર ભારતમાં ઠેર-ઠેર તેમની વિરૂધ્ધ દેખાવો થયા, બહિષ્કાર પણ થયો.

આવા પ્રતિકૂળ વાતાવરણ વચ્ચે સાઈમન કમિશન પોતની કાર્યવાહી બરાબર કરી શકે એટલા માટે તેમને મદદરૂપ થવા કેન્દ્રીય એસેમ્બલીની એક સમિતિ રચવામાં આવી હતી, જેમાં દલિતવર્ગના એમ.સી.રાજાનો સમાવેશ થયો હતો. જયારે દરેક પ્રાંતિય કાયદા મંડળે (વિધાન પરિષદ) પણ સાત સભ્યોની એક સહાયકર્તા સમિતિ ચૂંટી કાઢી હતી, જે સાઈમન કમિશનની સાથે રાજ્યમાં ફરી આવશ્યક માહિતી પૂરી પાડે, સહયોગ કરે, વાઈસરોયનો આ પ્રકારનો સ્પષ્ટ આદેશ હતો.

મુંબઈ ઈલાકામાં તા. ૫-૮-૧૯૨૮ના દિવસે દશ ઉમેદવારો વચ્ચે ચૂંટણી થઈ. તેમાનાં સાત ઉમેદવારોમાં ડૉ.આંબેડકર મોખરે રહ્યા હતા. દલિતવર્ગોના રાજકીય હક-હિતો માટેની યોગ્ય રજૂઆત કરવાની, અછૂતોના રાજકીય અવાજને બુલંદ બનાવવાની સોનેરી તક તેમને સાંપડી હતી. દલિતવર્ગની ૧૮ સંસ્થાઓએ પોતાની માંગણીઓનાં આવેદન પત્ર રજૂ કર્યા હતા. ડૉ.પી.જી.સોલંકીએ પણ આવેદન પત્ર આપ્યુ હતું. તા.૨૩-૧૦-૧૯૨૮ના દિવસે પૂનામાં સાઈમન કમિશન સમક્ષ ડૉ.આંબેડકરે દલિતોની માંગણીઓનું આવેદનપત્ર રજૂ કર્યું જે બધાં આવેદનપત્રોથી જુદી ભાત રાખવાની રજૂઆત કરી હતી. ઉપરત નીચેની માંગણીઓ પણ રજૂ કરી હતી.

(૧) દલિતવર્ગના લોકો માટે શિક્ષણની મહત્તમ સુવિધાઓ કે શિક્ષણ જ વિકાસનો પાયો છે.

(૨) લશ્કર-પોલીસમાં દલિતવર્ગોની ભરતી.

(૩) સરકારી નોકરીઓમાં દલિતોના અગ્રહક ૩૦ વર્ષ સુધી ચાલુ રાખવા.

(૪) સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ-મ્યુનિસિપલ, લોકલબોર્ડ ઈત્યાદિમાં દલિતવર્ગોને પૂરતું પ્રતિનિધિત્વ.

(૫) પ્રાંતિક કાયદા કાઉન્સિલ (કાયદા મંડળ)માં ૧૪ થી ૨૨ બેઠકો દલિતવર્ગ માટે અનામત રાખવી.

(૬) દરેક જિલ્લામાં એક ખાસ પોલીસ અધિકારી દલિતવર્ગનો જ નીમવો.

(૭) દલિતો પરના સીતમો દૂર કરવા સક્ષમ ન્યાયતંત્ર

(૮) દેશના ભાવિ બંધારણમાં એવી જોગવાઈ કરવી કે પ્રાંતની આવક ઉપર દલિતવર્ગોનો અગ્રહક રહે.

(૯) મંત્રી મંડળમાં દલિત વર્ગોનું પ્રતિનિધિત્વ જળવાવું જોઈએ.

## ૪:૪:૨ સાયમન કમિશનની ભલામણોથી થયેલા અન્યાયનો વિરોધ:

જૂન, ૧૯૨૮માં મુંબઈની સરકારી લૉ કોલેજમાંની "લીવ વેકેન્સી" ઉપર ડૉ.આંબેડકરની પ્રોફેસર તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. તે જ કોલેજમાં તેઓ જૂન, ૧૯૩૫થી પ્રિન્સીપાલ-પદે પણ આવ્યા અને સમગ્ર કોલેજની ભારે પ્રગતિ થઈ હતી. તેમના આવ્યા બાદ તે પૂર્ણ સમયની કોલેજની નવી ઈમારત (ચર્ચગેટ પાસે) પણ ડૉ.આંબેડકર પુરુષાર્થને આભારી હતી. કારણ કે અત્યાર સુધી કોલેજ એલ્ફિન્સ્ટન કોલેજના મકાનમાં સવાર-સાંજ બેસતી હતી. આમ કાયદા મંડળની કાર્યવાહી સાથે કાયદાની કોલેજને પણ તેમણે સમૃદ્ધ કરી. તેઓ એક આદર્શ સક્ષમ વહીવટકર્તા તરીકે ઉપસી આવ્યા હતા.

મે, ૧૯૩૦માં સાઈમન કમિશનનો અહેવાલ પ્રસિદ્ધ થયો, એમાં પૃથક ચૂંટણીપ્રથા (અલગ મતાધિકાર)ના આધારે નવા સુધારાઓની ભલામણો કરવામાં આવી હતી. પરંતુ દલિતવર્ગોના માટે તો સંયુક્ત મતાધિકાર સાથે અનામત બેઠકોની જોગવાઈઓ કરવામાં આવી હતી. વળી તેમાં એવી શરત રાખવામાં આવી હતી કે, દલિતવર્ગના વ્યક્તિએ ઉમેદવારી કરવા પ્રાંતીય ગવર્નર પાસેથી યોગ્યતાનું પ્રમાણપત્ર પ્રાપ્ત કરવાનું અનિવાર્ય રહેશે. આ શરત જ દલિતવર્ગનું હડહડતું અપમાન હતું. ડૉ.આંબેડકર અકળાઈ ઉઠ્યા. તાત્કાલિક કાર્યકરોનો સંપર્ક કરી, ૮ અને ૯ ઓગસ્ટ, ૧૯૩૦ના દિવસે (કામઠી) નાગપુર મુકામે **"ઓલ ઈન્ડિયા ડિપ્રેસ્ડ કલાસીસ કોંગ્રેસનું"** પ્રથમ અધિવેશન ભરવામાં આવ્યું. દલિતવર્ગની આ પ્રથમ રાજકીય પરિષદ હતી. અધ્યક્ષીય પ્રવચનમાં ડૉ.આંબેડકરે સાઈમન કમિશનની ભલામણો ફગાવી દઈ દલિતોને સ્વમાનપૂર્વક લોકશાહીયુક્ત પ્રતિનિધિત્વ મળવું જોઈએ તેવી જોરદાર માંગણી કરી હતી. ગવર્નરની યોગ્યતાવાળી મેખ તેમને મંજૂર નહોતી. તેમણે કહ્યું કે, -

**"ગવર્નર દ્વારા યોગ્યતા રજૂ કરવાની શરત (દલિતવર્ગોનું) અપમાન કરનારી છે તે પરોક્ષ રીતે "નિમણૂંક" કરવાની પ્રથાનું સમર્થન કરે છે. અમારું ભલું શેમાં છે, તે બરાબર સમજીએ છીએ અને તેનો નિર્ણય કરવાનો અધિકાર અમારો પોતાનો જ હોવો જોઈએ.. તેમણે સ્વરાજ્યની હિમાયત કરતાં કહ્યું કે, જેનાથી અમારો ઉદ્ધાર થશે તે રાજકીય અધિકારો અને રાજકીય સત્તા સ્વરાજ્ય શાસન વિધાનમાં જ અમને પ્રાપ્ત થઈ શકશે એટલે અમારું ધ્યેય પણ સ્વરાજ્ય જ છે..**

અલબત્ત કોંગ્રેસ દ્વારા ચાલતા સ્વરાજ્ય આંદોલન સાથે તેઓ સંમત ન હતા. તે ચળવળથી દલિતોને દૂર રાખવા માંગતા હતા. તેનાં બે કારણો હતાં, એક તો ટૂંક સમયમાં ગોળમેજી પરિષદ મળવાની જ છે તે પહેલાં કોંગ્રેસ દ્વારા આવું આંદોલન ઉચિત નહોતું અને બીજું- આ ચળવળ દ્વારા એક પક્ષ (સવર્ણો) બીજા પક્ષ (અંગ્રેજ) પાસેથી સત્તા ખૂંચવી રહ્યો છે. તેમના મતે આ સ્વરાજ્ય કરતાં **'સત્તા-હસ્તાંતર'** સવિશેષ હતું. જેમાં દલિતોને કશુંય મળવાનું નથી, જે લોકો (સવર્ણો)ના હાથમાં રાજકીય સત્તા આવવાની છે તે લોકોનો દલિતવર્ગો સાથેનો અમાનુષી વ્યવહાર દલિતોને તેમની સાથે જતાં રોકે છે. લોકો માટે શરૂ થયેલી ૧૭૮૯ની ફ્રાંસ ક્રાંતિ સફળ તો થઈ પરંતુ તેનું કેવું કરુણ જુલમશાહીમાં રૂપાંતર થયું તે ઉદાહરણ અસ્પૃશ્ય વર્ગોએ આંખો સામે રાખવું જોઈએ." એવી દલિતોને તેમની સલાહ હતી. તેમના મુદ્રિત અધ્યક્ષીય પ્રવચનમાં તેમણે દલિતવર્ગનાં સર્વાંગી વિકાસની સઘળી બાબતો સમાવી હતી. લગભગ ૩૬ મુદ્દાઓનો સમાવેશ કર્યો હતો. આ તેમનું પ્રથમ મુદ્રિત અધ્યક્ષીય પ્રવચન હતું. ૧૯૩૦ પછીના તેમના આંદોલનનું એક પ્રકારે **"જાહેરનામું"** હતું. દલિતવર્ગો માટેનાં હિતોની સ્પષ્ટનીતિ હતી. સમગ્ર ભારતમાંથી આવેલા દલિતવર્ગના આગેવાનોએ એકી અવાજે ડૉ.આંબેડકરને પોતાના નેતા તરીકે હર્ષભેર વધાવી લીધા હતા. હવે ડૉ.આંબેડકર માત્ર મુંબઈ ઈલાકા પૂરતા ન રહ્યા હતા, સમગ્ર ભારતના દલિતો ઉપર છવાઈ ગયા હતા. વિચક્ષણ મુત્સદ્દી તેમજ ધુરંધર રાજપુરુષ તરીકે સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ થયા હતા. દૈનિક વર્તમાનપત્રોએ અગ્રલેખો લખી તેમના અધ્યક્ષીય પ્રવચન તેમજ અધિવેશનની નોંધ લીધી હતી. સવિશેષ તો તેમણે કરેલી સરકારની "આકરી ટીકા" ઘણાને ગમી હતી. બ્રિટિશ સત્તાનો ઉધડો લેતાં તેમણે કહ્યું હતું કે, -

**"બ્રિટિશ સત્તાધીશો સ્વીકારે કે ન સ્વીકારે પરંતુ સ્વરાજ્ય માંગવાનું મહત્વનું કારણ "ગરીબી" છે. હિન્દુસ્તાનની ગરીબીની જોટો તમને જગતમાં ક્યાંય જડશે નહિ. બ્રિટિશ શાસનને સ્થિર થયા પછીની એક સદીમાં એકત્રીસ દુષ્કાળ પડ્યા અને તેમાં આશરે ત્રણેક કરોડ માનવી ભૂખે મરી ગયાં. તેનું કારણ હિન્દુસ્તાનમાં બ્રિટિશ શાસકોની કૂટનીતિ છે. તેમણે હિન્દુસ્તાનના ઉદ્યોગ-ધંધા માત્ર બ્રિટિશરો માટે ખુલ્લું રહે તેવી નીતિ અપનાવી છે... અલબત્ત બ્રિટીશ શાસકોએ સુધરેલી કાર્યપદ્ધતિ-શાસન વ્યવસ્થાની ભેટ આપણને આપી, પરંતુ તેનાથી પેટ ન ભરાય. હિન્દુસ્તાનની ગરીબીનો અંત સ્વરાજ્યમાં આપણા પોતાના બંધારણ દ્વારા પ્રાપ્ત થતા રાજકીય, આર્થિક, અધિકારોથી જ આવશે. સ્વરાજ્યમાં જ લોકકલ્યાણ શક્ય બનશે. માટે તમારા હિતનો ખ્યાલ રાખી સ્વરાજ્યનું ધ્યેય નક્કી કરો."**

ડૉ.આંબેડકરની "સ્વરાજ્ય"ની મુક્તકંઠે પ્રશંસા કરવામાં આવી. દલિતોના હિત વિરૂધ્ધ આવતી અંગ્રેજ સત્તાને પણ ડૉ.આંબેડકરે વખોડી શકે છે એવી તેમની નિર્ભીકતા હતી. અત્યાર સુધી દલિતોની સમસ્યા દીનવાણીમાં. વિનવણી દ્વારા રજૂ કરવામાં આવતી હતી. ડૉ.આંબેડકર દ્વારા હવે એક આગવી **આક્રમક** નૂતન શૈલીનો પ્રાદુર્ભાવ થયો હતો. દલિતોના પ્રશ્નો સ્વાભિમાનથી, બૌદ્ધિક-માનસિક સામર્થ્ય સાથે વિશ્વ સમક્ષ મૂકી શકાય છે. મહાસત્તા હોય, મહાપક્ષ હોય, મોટા ચમરબંધી હોય, તેમની પણ લેશમાત્ર પરવા કરવાની હોતી નથી. વળી સમય આવ્યે આંખ પણ રાતી કરી શકાય છે. દલિતોમાં આવી શક્તિ છે. સમજ છે, તેની ડૉ.આંબેડકરે પ્રતીતિ કરાવી દીધી હતી. દલિતોના હજારો વર્ષના ઈતિહાસમાં આ પ્રથમ બુલંદ રાજકીય અવાજ હતો. મુંબઈ વિધાન પરિષદમાંની ડૉ.આંબેડકરની કાર્યવાહી-કારકીર્દી તેજસ્વી રહી હતી. રાષ્ટ્રની મહત્ત્વની સમસ્યાઓ જેમ કે, ખોતીપ્રથા, મહાડ વતનદારી, બંધારણ, જાતિવાદ, વસ્તીનિયંત્રણ, કુટુંબનિયોજન, ગરીબી અને અર્થતંત્ર, શિક્ષણ, કોમી કોયડો, ભાવાત્મક **એકતા**, કૃષિવિકાસ ઈત્યાદિ વિષે વેધક પ્રકાશ ફેંકતા મનનીય વિચારો વ્યક્ત કર્યા હતા. જેમાંથી રાષ્ટ્રને આજે પણ માર્ગદર્શન મળી શકે તેમ છે.

અતિ પરિશ્રમને કારણે ડૉ.આંબેડકર સખત માંદગીમાં પટકાઈ પડ્યા... તાવની બેભાન અવસ્થામાં પણ તેઓ સતત પોતાના સમાજની ઉન્નતિ વિશે જ બબડ્યા કરતા હતા. આવા કોઈથી ન ડરનારા લડવૈયા-યોદ્ધા આંબેડકર દલિતો ઉપરના અત્યાચારોથી બાળકની માફક ધ્રુસકે-ધ્રુસકે રડી પડતા

હતા. બાળકની જેમ બૂમો પાડતાં કહેતા - "મારા દુઃખી દલિતોનું શું થશે ?" ખરેખર મહાપુરુષો વ્રજથી કઠોર અને કુસમથી કોમળ - व्रजादपि कठोराणि मृदूणानि कुसुमादपि હોય છે. તેમના શ્વાસોચ્છવાસ માત્ર દલિત સમાજ સિવાય કશું નહોતું. અણુ એ અણુંમાં અછૂતો સમાયા હતા. સારી એવી સારવારના અંતે તેઓ સ્વસ્થ થયા અને પાછા પોતાના સમાજસેવાના મહાકાર્યમાં લાગી ગયા..

**'તમારી પ્રગતિ ચકાસો' -૨**

**નીચેના પ્રશ્નોના ઉત્તરો લખો :**

(૧) ડૉ.આંબેડકરનાં મંદિર પ્રવેશના કાર્યક્રમની વિગતો આપો.

---

---

---

(૨) નાસિક કાળારામ મંદિર પ્રવેશની ઘટના વર્ણવો.

---

---

---

(૩) ડૉ.આંબેડકરની કાયદા મંડળની કામગીરીનો સંક્ષિપ્ત અહેવાલ "મહાર વતન બીલ" સાથે આપો.

---

---

---

(૪) ડૉ.આંબેડકરે સાયમન કમિશન સમક્ષ કઈ માંગણીઓ મૂકી ?

---

---

---

(૫) સાયમન કમીશનની ભલામણોથી દલિતોને થયેલા અન્યાયની વિગતો સામે સમજાવો.

---

---

---

# એકમ : ૫ ગોળમેજી પરિષદથી પૂના કરાર સુધીની પેચીદી પ્રક્રિયા....

૫.૦ ઉદ્દેશ્ય
૫.૧ ગોળમેજી પરિષદના નિમંત્રણનું મહત્ત્વ
૫.૧.૨ ડો.આંબેડકરનો ભવ્ય વિદાય સમારંભ
૫.૧.૨ ગોળમેજી પરિષદમાં મૂકેલી માંગણીઓનું આવેદનપત્ર
૫.૧.૩ ડો.આંબેડકરનું ગોળમેજી પરિષદમાં પ્રવચન
૫.૨.૧ બીજી ગોળમેજી પરિષદ પૂર્વે ગાંધી આંબેડકર મુલાકાત
૫.૨.૨ આંબેડકરની અલગ મતાધિકારની માંગણી
૫.૨.૩ અલગ મતાધિકાર સ્વતંત્ર મતદાર મંડળનો સર્વત્ર સ્વીકાર
૫.૩ કોમ્યુનલ એવોર્ડની જાહેરાત સાથે (૨૦ ઓગષ્ટ.૩૨) ગાંધીજીની ઉપવાસની જાહેરાત
૫.૩.૧ ગાંધીજીના ઉપવાસ સામે ડો.આંબેડકરની સ્પષ્ટતા
૫.૪ પૂના કરાર માટેના હિન્દુ નેતાઓના પ્રયત્નો
ઠક્કર બાપા અને મહિલાઓ દ્વારા પ્રયત્ન... જયકર સપ્રુ અને માલવિયાજી મળ્યા.
૫.૪-૧ માલવિયાની અધ્યક્ષવાળી મીટીંગમાં ડો.આંબેડકર સ્પષ્ટ વાત

## ૫.૦ ઉદ્દેશ્ય

આ એકમમાં આપણે ૧૯૩૦ની ગોળમેજી પરિષદ વિષે વિચારીશું જેમાં ગોળમેજી પરિષદના નિમંત્રણનું દલિતો માટે મહત્ત્વ ડો.આંબેડકરનું સન્માન ડો.આંબેડકરે ગોળમેજીમાં કરેલી કાર્યવાહી અંતે દલિતો માટેના અલગ મતાધિકારનો બ્રિટીશ સરકાર દ્વારા સ્વીકાર જેની સામે ગાંધીજીએ પૂના પરવડા જેલમાં કરેલા ઉપવાસની વિગતો સાથે અંતે થયેલા પૂના કરાર અને તેના આનુષાંગિક પ્રસંગો તેમજ પ્રતિક્રિયા પરિણામોની ચર્ચા કરીશું.

## ૫.૧ ગોળમેજી પરિષદના નિમંત્રણનું મહત્ત્વ

ભારતીય ભાવિ સંવિધાનના સર્જન માટે સહિયારી સામૂહિક ચર્ચા વિચારણા કરવા સાયમન કમિશનની ભલામણોના સંદર્ભમાં બ્રિટિશ સરકારે લંડનમાં ગોળમેજી પરિષદનું આયોજન કર્યુ હતું. સાયમન કમિશન પછી ડો.આંબેડકરના જીવનની મહત્ત્વની ઘટના એટલે ગોળમેજી પરિષદ બન્ને અંતિમ છેડાની ઘટના હતી. સાયમન કમિશનમાં બધા જ સભ્યો અંગ્રેજ હતા. જ્યારે ગોળમેજી પરિષદમાં બધા જ ભારતીય નેતાઓને ભાવિ ભારતના માળખા વિશે નિર્ણય કરવાનો હતો. દલિતવર્ગનું પ્રતિનિધિત્વ કરવા ડો.બાબાસાહેબ આંબેડકર અને રાવબહાદુર શ્રીનિવાસન (મદ્રાસના ધારાસભ્ય) ને વાઈસરોય દ્વારા તા.૬,સપ્ટેમ્બર ૧૯૩૦ના દિવસે આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. ડો. આંબેડકરના મતે આ ઘટના દલિતો માટે ઐતિહાસિક હતી. એક યુગાન્તરકારી ઘટના હતી તેમના શબ્દો હતા.

'' ભારતીય જનતાની દૃષ્ટિએ નિહાળીએ તો પણ ગોળમેજી પરિષદ મહાન તેમજ તે અર્થપૂર્ણ છે. ભારતના લોકોને પૂછીને તેમની સાથે ચર્ચા વિચારણા કરીને ભારતનું ભાવિ બંધારણ બનવું જોઈએ તેવો ભારતીય લોકોનો અધિકાર બ્રિટિશ સરકારે માન્ય કર્યો છે, તેની આ ઐતિહાસિક પૂર્તતા છે. છેલ્લા હજાર દોઢ હજાર વર્ષના ઈતિહાસમાં આવી ઘટના બની નથી. ભારતમાં મોગલ, મુસલમાન, મરાઠા હિન્દુ ઈત્યાદિ શાસન છેલ્લા હજાર દોઢ હજાર વર્ષના ઈતિહાસમાં આવ્યાં અને ગયાં. તે શાસનોના અમલમાં પણ ભારતીય જનતાના આવા હકને કદાચ માન્યતા મળી નહોતી. તેવી જ રીતે ભારતના ભાવિ વિશે વિચારણા કરવા ભારતમાંથી તમામ નેતાઓને ગોળમેજી પરિષદમાં નિમંત્રિત કરવામાં આવ્યા હતા. આવું મોગલ, મુસલમાન કે મરાઠા (હિન્દુ) રાજ્યમાં સૈકાઓ સુધી બન્યું નહોતું. આ એક વિરલ ઘટના હતી.''

**"દલિતવર્ગની દૃષ્ટિએ નિહાળીએ તો પણ ગોળમેજી પરિષદ દલિતોદ્ધારના ઈતિહાસનું એક સોનેરી પુષ્ઠ હતું. કારણ કે દલિતોના પોતાના સ્વતંત્ર પ્રતિનિધિઓને ભાગ લેવાની સર્વપ્રથમ તક ગોળમેજી પરિષદમાં જ પ્રાપ્ત થઈ હતી. હજારો વર્ષોથી દલિતોને આ દેશમાં સમાજના ઘટક તરીકે સ્વીકારવામાં આવ્યા નથી. ગોળમેજી પરિષદમાં મને તથા રાવબહાદુર શ્રી નિવાસનને દલિતોના પ્રતિનિધિ તરીકે નિમંત્રણ મળ્યું તેથી ફલિત થાય છે કે દલિત સમાજ હિન્દુ સમાજથી અલગ સ્વતંત્ર છે. તે બાબતે માન્યતા મળી છે, અને બીજો અર્થ એ કે ભારતના ભાવિ રાજ્ય બંધારણના ઘડતર સમયે અન્ય લોકોની જેમ દલિતવર્ગના લોકોનાં સલાહ સૂચનો લેવાં આવશ્યક છે તેનો પણ સ્વીકાર થયો છે. આટલું બધું મહત્ત્વ દલિત સમાજને સાંપડયું છે. સદીઓથી દરવાજા બહાર ઊભા રાખેલા દલિતોને (હવે) અંદર બેસાડવાની હકીકત બની છે."**

સમગ્ર ભારતના શોષિતોમાં અપાર આનંદ હતો. ડો.આંબેડકરને પ્રાપ્ત થયેલું નિમંત્રણ એ દયાદાન નહોતું. તેમજ માત્ર તેમની વિદ્વતાને કારણે પણ નહોતું. છેલ્લાં ત્રણ વર્ષમાં મુંબઈ ઈલાકામાં દલિતો માટે તેમણે છેડેલા સંઘર્ષનું પ્રભાવક પરિણામ હતું. તેમની તપશ્ચર્યાનું ફળ હતું પરંતુ કેટલાક વાંકદેખા જાતિવાદી (કાંગ્રેસી) દલિત આગેવાનોને આ ગમ્યું નહોતું. તેમણે પત્રિકા-પોસ્ટરો તેમજ સભાઓ કરી આંબેડકરનો વિરોધ કર્યો હતો. જ્યારે અસંખ્ય દલિત સંસ્થાઓએ સ્વેચ્છાએ ડો.આંબેડકરના નેતૃત્વના નખશિખ સ્વીકાર કર્યો હતો.સમગ્ર મુંબઈ ઈલાકાના દલિતોએ તા.૨-૧૦-૧૯૩૦ના દિવસે દામોદર ઠાકરસી હોલ સામેના મેદાનમાં ડો.આંબેડકરના માનમાં એક ભવ્ય સન્માન સમારંભ ડો.પી.જી. સોલંકીની અધ્યક્ષતામાં યોજયો હતો. આશરે પંદર હજાર પદદલિત નર નારી એકઠાં થયાં હતાં. બહિષ્કૃત હિતકારિણી સભાના સેક્રેટરી શિવતરકરે તાળીઓના ગડગડાટ વચ્ચે માનપત્ર વાંચ્યું અને પાંચ હજાર રૂપિયાની થેલી અર્પણ કરવામાં આવી. સન્માનનો પ્રત્યુત્તર આપવા ઊભા થયેલા ડો.આંબેડકરનું ગળુ આનંદથી ભરાઈ ગયું. આંખોમાં હર્ષનાં આંસુ સાથે ગંભીર વદને બોલ્યા.....

"હવે આપણું મિલન પાંચ-છ મહિના પછી થશે, તે વિચારે મારૂં હૃદય ભરાઈ જાય છે. છેલ્લાં બે વર્ષથી મારાથી જે કંઈ થોડી કામગીરી થઈ છે તે આપ સૌ જાણો છો. હજારો કાર્યકરોએ જો મને સહકાર ન આપ્યો હોત તો મારાથી કશું જ થાત નહિ. કાયદા કાઉન્સિલમાં મારા મિત્ર ડો.પી.જી.સોલંકીએ ઘણી જ મદદ કરી છે. હું થોડો ઉદ્ધત તથા જિદ્દી હોવાને કારણે ડો. સોલંકીને તકલીફ પડી હશે, પરંતુ ડો.સોલંકીએ તેમાંનું કશુંય મનમાં ન લાવતાં વિશાળ હૃદયથી મને સહાય કરી છે. આમ મારા કાયદા કાઉન્સિલના સઘળા કાર્યનું શ્રેય ડો.સોલંકીને જ છે. કાઉન્સિલની બહાર સમતાસંઘ તથા દેવરાવ નાઈકે મને પુષ્કળ સહાય કરી છે. લોકમતના ઘડતર માટે કેટલાક યુરોપીય દેશો તથા અમેરિકાનો પ્રવાસ કરવાનો છું. રાષ્ટ્ર સંઘ (લીગ ઓફ નેશન્સ) સમક્ષ પણ આપણા પ્રશ્નો મૂકવાનો છું. વળી હાલ લશ્કર તથા પોલીસદળમાં દલિત વર્ગોની ભરતી બંધ છે તે દૂર કરવા પણ લડત આપવાનો છું.

અંતમાં મારી તમને સર્વને આગ્રહભરી વિનંતી છે કે, બધા એકતાથી સંપથી કાર્ય કરો. છેલ્લાં ત્રણ ચાર વર્ષના મારા અનુભવે એક જુદુંજ ચિત્ર સમાજમાં ઊભું થયું છે. દરેક માણસ પોતાને નેતા માની ચાલે છે, આ દુઃખદ છે. આ તાકીદે બંધ કરો તેવી વિનંતી છે. આપણી સમક્ષ એટલી બધી મુશ્કેલીઓ તથા દુઃખના ડુંગર ખડકાયા છે કે તેના નિકાલ માટે એક જિલ્લો તો શું એક ઈલાકો પણ ઓછો પડે તેમ છે. એટલે આપ સર્વે આપણા પરસ્પરના મતભેદો મિટાવી, વાડાઓને વિસારી ખભેખભો મિલાવી સમાજસેવા માટે મંડી પડો, તેમાં જ આપણું શ્રેય છે. મારા ગયા પછી ડો. સોલંકી તથા શ્રી નાઈકના માર્ગદર્શન અનુસાર કાર્ય કરી સમાજ જાગૃતિમાં વૃદ્ધિ કરશો તેવી વિનંતી છે.

દેવરાજ નાઈક મારા જમણા હાથ સમાન છે, તેવી જ રીતે શ્રીયુત પ્રધાન, કેન્દ્રેકર, કદળીએ પણ ઘણી જ મદદ કરી છે. શંકરરાવ પરશાની પૈસાની મદદ વગરનો હું કશું કરી શક્યો હોત કે કેમ ? આપ લોકોએ આપેલી થેલી અને માનપત્ર મારી શક્તિ છે. જે ગરીબ દલિતો દ્વારા થેલીના નાણાં એકઠા થયાં છે, તે ગરીબો માટે જ થેલીની રકમનો ઉપયોગ કરવો જોઈએ. મારા ખાનગી કામ માટે તેનો ઉપયોગ થઈ શકે જ નહિ. આ થેલીનો કેટલોક ભાગ હું ડો.સોલંકીને સોંપતો જાઉં છું, જેથી તેઓ અખિલ ભારતીય દલિત કોંગ્રેસના કાર્ય માટે તેનો ઉપયોગ કરી શકે. બાકીની રકમ આપણે બીજા કામમાં વાપરીશું.

આપણું બંધ પડેલું પાક્ષિક પુનઃ શરૂ કરવાની જરૂર છે, પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં તે પત્રનું નામ બદલવાનો મેં નિર્ણય ક્યો છે, જેથી તેનું નામ 'જનતા' 'The People' રાખવામાં આવ્યું છે અને તેના તંત્રી તરીકે શ્રી દેવરાવ નાઈક (ગોવર્ધન બ્રાહ્મણ) કાર્ય કરશે.



હું ગોળમેજી પરિષદમાં જઈ રહ્યો છું, તેથી દલિતવર્ગોને અવશ્ય લાભ થશે જ. વળી આ દેશને

સ્વરાજ્ય મળવું જોઈએ તેવો ઠરાવ આવશે તો હું તેને પણ અવશ્ય અનુમોદન આપીશ જ. આ દેશની સર્વાંગી ઉન્નતિ થાય, આ દેશ ઉચ્ચ શિખરે બિરાજે તેવું કોંગ્રેસની જેમ આપણે પણ માનીએ છીએ જ. નાક કપાવીને અપશુકન કરાવનારા વિરોધી લોકો આ સન્માન સમારંભમાં આવ્યા હતા. પરંતુ વિશાળ માનવ મહેરામણ ભાળી ભાગી ગયા જો કે કેટલાકને મેથીપાક પણ મળ્યો હતો. તા.૪-૧૦-૧૯૩૦ના શનિવારની સવારે 'વાઈસરોય ઓફ ઈન્ડિયા' નામના જહાજ દ્વારા તેમણે વિલાયત માટે વિદાય લીધી.

સતત અભ્યાસના વ્યસની ડો.આંબેડકરે સમુદ્ર પ્રવાસના પંદર દિવસના અભ્યાસના ખોરાક માટે ચાર પેટી પુસ્તકો સાથે લીધાં હતાં. પરંતુ કમનસીબે પેટીઓની ચાવી તેઓ મુંબઈ ભૂલી ગયા. જે પાછળથી શ્રી રા.બ.આર શ્રીનિવાસન સાથે મોકલવામાં આવી હતી. ચાવીઓના અભાવે તેમને ફરજિયાત વિશ્રાંતિ પ્રાપ્ત થઈ હતી એનો ઉપયોગ તેમણે જગપ્રસિદ્ધ ઈજિપ્તના પિરામિડ જોવામાં કર્યો હતો.

સમુદ્રના પંદરેક દિવસના પ્રવાસમાં પણ તેઓ સતત કાર્યકરોને પત્રો લખી માર્ગદર્શન આપી અહીંની ઘટનાઓ વિશે, દલિત ચળવળ વિશે ચિંતિત રહેતા હતા. નાસિકના ભાઉરાવ ગાયકવાડને પત્ર લખી નાસિકના હુલ્લડોમાં દલિતોની સ્થિતિ પણ પૃચ્છા કરી હતી. અમૃતરાવ રણખાંભે પત્રો લખ્યા હતા. વળી શિવતરકરને પત્રો લખી વિરોધી લોકોથી સાવધ રહેવાની સૂચના આપતા હતા. ડો.આંબેડકરની એ ખૂબી હતી કે પોતાના નાનામાં નાના કાર્યકરનું તેઓ ધ્યાન રાખતા હતા.

ગોળમેજી પરિષદમાં અન્ય ભારતીય મહારથીઓની તુલનામાં શિક્ષણમાં સૌથી આગળ હતા. ડી.એસસી.જેવી ડિગ્રીવાળા તેઓ એકલા જ હતા, આમ પદવીઓમાં ડૉ. આંબેડકર એલકઝેન્ડર હતા. વળી ઉંમરમાં તેઓ સૌથી નાના હતા. નવા આગંતુક હતા, એટલે પરિષદના પ્રતિનિધિઓ પરિહાસ કરતાં કહેતા "દલિતો તરફથી એક છોકરૂં આવ્યું છે, બિચારૂં શું કરશે ?" 'ડો.આંબેડકર તા.૧૮-૧૦-૧૯૩૦ના દિવસે વિલાયત પહોંચી ગયા અને દલિતોની મહત્તમ માગણીઓ સ્વીકારય તે માટેના પુરૂષાર્થમાં પરોવાઈ ગયા. લંડનમાં તેઓ ચેસ્ટર ફિલ્ડ ગાર્ડન્સ મેફેટમાં ઊતર્યા હતા. થોડા દિવસ તેમણે થોમસ કૂક એન્ડ સન્સ, બરકલે સ્ટ્રીટમાં નિવાસ કર્યો હતો. આ વખતે બ્રિટનમાં મજૂર પક્ષની સરકાર હતી મજૂર પક્ષના નેતા લેન્સબર્ગ ભોજનનું નિમંત્રણ પાઠવ્યું, ત્યારબાદ લશ્કરી સરસેનાપતિ કમાન્ડર ઈન ચીફ સર ફિલીપ ચેરવૂડને મળી ભારતમાં દલિતવર્ગોના લોકોની લશ્કરમાં ભરતી બંધી વિશે વિસ્તૃત રજૂઆત પણ કરી હતી. ડો આંબેડકર વિચક્ષણ મુત્સુદ્દી હતા. ગોળમેજી પરિષદ પ્રારંભના આ પખવાડિયાનો પૂરેપૂરો ઉપયોગ કરી ઈંગ્લેન્ડના આગેવાનોને મળી દલિતોના પ્રશ્નો સમજાવી તેમની સાહનુભૂતિ પ્રાપ્ત કરી રહ્યા હતા. વિદેશી પત્રકારોને મુલાકાત આપી, બ્રિટનનાં અખબારોમાં લેખો લખી, સભાઓમાં વ્યાખ્યાનો આપી ભિન્ન ભિન્ન જૂથના રાજકીય આગેવાનોને મળી દલિતવર્ગોના દુઃખોથી તેમને વાકેફ કરી દીધા હતા. ભારતીય મંત્રી, ઉપમંત્રીને મળ્યા, આંતરરાષ્ટ્રીય મજૂર નેતા લેન્સબરી તો ડો.આંબેડકરની પ્રવૃત્તિથી ઘણા જ પ્રભાવિત થયા હતા. તેમણે ડો. આંબેડકરના માનમાં ડીનર પાર્ટીનું આયોજન કર્યું હતું. આ ગોળમેજી પરિષદમાં હિન્દુ મહાસભાના પ્રતિનિધિ તરીકે ડો.બાલકૃષ્ણ શિવરામ મુજે, મુસ્લીમોના પ્રતિનિધિ આગાખાન, ફઝલ હક્ક અને મહંમદ શફી બેરિસ્ટર, મહમદ અલી ઝીણા, ઈન્ડિયન ખ્રિસ્તીઓના પ્રતિનિધિ ડો પાલ બ્રાહ્મણેતર પક્ષના ભાસ્કરરાવ પ્રગતિવાદી સર તેજબહાદુર સપ્રુ, બેરિસ્ટર મુકુંદરાય જયકર, શીખોના સરદાર ઉધયસિંહ ઈત્યાદિ મહાનુભાવો હતા.

આમ પ્રબળ પુરૂષાર્થ દ્વારા તેમણે બ્રિટનમાં દલિતોની તરફેણમાં જોરદાર જનમત ઊભો કર્યો હતો. આગામી સંઘર્ષની સંરક્ષણાત્મક પૂર્વભૂમિકાનું સર્જન કર્યું હતું. આ બધા કાર્યોમાં ઈંગ્લેંડમાંથી તેમની વિદ્યાર્થી અવસ્થાની મિત્ર કુ.એફ. તેમને સતત સહાયરૂપ બનતી હતી તેણી જાતે અહેવાલો આવેદનપત્રો, લેખો ટાઈપ કરતી, તથા આવેદનપત્ર છાપવા આપી તેનું પ્રૂફ રીડિંગ પણ જાતે કરતી હતી. તે આવેદનપત્રની બે હજાર નકલો છપાવી હતી. ડો.આંબેડકર રાત દિવસ જોયા વિના ઝઝૂમી રહ્યા હતા. રાત્રિના એક વાગ્યા પહેલાં તેઓ સૂઈ શકતા નહોતા, જ્યારે તેમની સાથે ગયેલા બીજા દલિત પ્રતિનિધિ રાવબહાદૂર આર શ્રીનિવાસન ખાઈ પીને આરામ કરતાં હતા. અલબત્ત તેઓ ડો.આંબેડકરના તમામ કાર્યોમાં સંપૂર્ણ વિશ્વાસ રાખતા હતા તે તેમનું ઊજળું પાસું ગણી શકાય. તેમણે બન્નેની સહીઓ સાથે એક મુદ્રિત પંદર પાનાનું આવેદનપત્ર ગોળમેજી પરિષદમાં રજૂ કર્યું હતું એનું અંગ્રેજીમાં શીર્ષક હતું.The Political Safeguard For Proection of Depressed Classes in the future constitution a self Government of india.

(૧) અસ્પૃશ્યતાની સંપૂર્ણ સમાપ્તિ તથા સમાન નાગરિક જીવનની સ્થાપના.

(૨) ભાવિ સ્વરાજ રાજ્ય બંધારણમાં દલિતો માટે પ્રાંતીય તેમજ મધ્યસ્થ એસેમ્બલીમાં રાજકીય સંરક્ષણ-અનામત

(૩) સમાન અધિકારોનો નાગરિક તરીકેનો મુક્ત રીતે ઉપયોગ.

(૪) સામાજિક બહિષ્કારો સામે સંરક્ષણ તથા બહિષ્કાર કરનારને સજા.

(૫) સાચા સક્ષમ પ્રતિનિધિત્વ માટે અલગ મતાધિકાર

(૬) અન્યાય સામે ઈલાજની સગવડ - અલગ વહીવટી વિભાગની જોગવાઈ

(૭) સરકારી નોકરીઓમાં સંરક્ષણ-અનામત

(૮) મંત્રીમંડળમાં સંતોષકારક સ્થાન તથા વિકાસ માટેનો ઘનિષ્ઠ કાર્યક્રમ

(૯) કેન્દ્ર તથા પ્રાંતીય સરકારના અધિકારક્ષેત્રમાં કાર્ય કરતાં સવર્ણ (પૂર્વગ્રહવાળા) અધિકારીઓ દ્વારા અવર્ણોને અન્યાય ન થાય તે માટે બંધારણમાં જ લઘુમતીના ધોરણે જોગવાઈઓ કરવી જોઈએ.

**તમારી પ્રગતિ ચકાસો -૧**

**નીચેની ખાલી જગ્યામાં તમારા જવાબ લખો.**

(૧) દલિતો માટે ગોળમેજી પરિષદના નિમંત્રણનું મહત્વ સમજાવો.

______________________________

______________________________

______________________________

(૨) ડો. આંબેડકરની લંડનમાંની કામગીરી વર્ણવો.

______________________________

______________________________

______________________________

(૩) ડો. આંબેડકરના આવેદનના મુદ્દા લખો.

______________________________

______________________________

______________________________

તેમણે દલિતવર્ગના લોકોને એક ‘લઘુમતી ’તરીકે સ્વીકારવા અથવા ‘અવર્ણ હિન્દુને પ્રોટેસ્ટ હિન્દુ તરીકે સ્વીકારવા આગ્રહ પણ કર્યો હતો.

ગોળમેજી પરિષદનાં કુલ્લે ત્રણ અધિવેશન મળ્યાં હતાં. તેના આ પ્રથમ અધિવેશનનો કોંગ્રેસે બહિષ્કાર કર્યો હતો. ૮૯ પ્રતિનિધિઓની પરિષદને ૧૨ નવેમ્બર, ૧૯૩૦ના દિવસે પંચમ જ્યોર્જના વરદ હસ્તે ખુલ્લી મૂકવામાં આવી. તેની પાંચમી પ્લેનરી બેઠકમાં તા.૨૦-૧૧-૧૯૩૦ના દિવસે વિદ્વાન

બેરિસ્ટરો વૈભવી રાજા- મહારાજાઓ, નવાબો, વિચક્ષણ રાજપુરૂષો, લોકપ્રિય આગેવાનો સશક્ત સંગઠનના સર સેનાપતિઓની પેચીદી પરિષદમાં ભારતના આ બહિષ્કૃત મૂંગા દુઃખી દલિતોના દુઃખને વાચા આપતાં ડો.આંબેડકરે પોતાના ક્રાંતિકારી પ્રવચનનો પ્રારંભ કરતાં કહ્યું.

## ૫ : ૧ : ૩ ગોળમેજી પરિષદમાં ડૉ. આંબેડકરનું પ્રવચન

*"ભારતના ભાવિ બંધારણ બાબતે અસ્પૃશ્યોના દૃષ્ટિકોણ અને તેમના અધિકારો અંગેની રજૂઆત કરવા હું આ પરિષદ સમક્ષ ઉપસ્થિત થયો છું. મારા સાથી કાર્યકરશ્રી રાવબહાદુર શ્રીનિવાસન અને મને અમને બંનેને અસ્પૃશ્યોની કેફિયત વ્યક્ત કરવા તક મળી છે. તે ઐતિહાસિક ઘટના છે.' અસ્પૃશ્યોની કેફિયત એટલે ચાર કરોડ ત્રીસ લાખ લોકોની વાત છે એટલે કે બ્રિટિશ ભારતના ૧/૫ પાંચમાં ભાગની જનસંખ્યાની જે ફ્રાંસ દેશની વસ્તી જેટલી છે તેની આ કરૂણ કથની છે. અસ્પૃશ્ય લોકો મુસલમાનોથી અલગ છે. વળી આ લોકોનો સમાવેશ હિન્દુમાં કરવામાં આવે છે. પરંતુ અસ્પૃશ્ય લોકો હિન્દુસમાજનું અવિભાજ્ય અંગ નથી જ. અસ્પૃશ્યોનું આગવું અસ્તિત્વ છે એટલું જ નહિ પરંતુ તેનો આગવો દરજ્જો પણ નક્કી કરેલો છે. વળી તે દરજ્જો હિન્દુ સવર્ણ સમાજના દરજ્જાથી તદ્દન હીન સ્વરૂપનો છે. કનિષ્ઠ અને બીજા વર્ગના દરજ્જાવાળા અનેક લોકો વિશ્વમાં છે, પરંતુ અસ્પૃશ્ય સમાજને આપેલો હીન દરજ્જો નિરાળો છે. ગુલામ અને ખેતદાસ મજૂરો **SERFDOM** કરતાં પણ જુદો વિચિત્ર જ છે. ગુલામો, ખેત મજૂરોનો સ્પર્શ થઈ શકે પરંતુ અસ્પૃશ્યના સ્પર્શની સંપૂર્ણ મનાઈ છે. અસ્પૃશ્યો ઉપર ઠોકી બેસાડવામાં આવેલી આ જબરજસ્ત ગુલામી અને અમાનુષી પ્રથા તેમને સંપૂર્ણ અન્યાય કરનારી પક્ષપાતી છે. સમાન તક અને નાગરિક જીવનનો સંપૂર્ણ ઈન્કાર કરનારી પ્રથા છે...*

*અસ્પૃશ્ય લોકો હિન્દુ, મુસલમાન, શીખ લોકો સામે બ્રિટિશરો તરફથી લડયા અને અંગ્રેજોને સામ્રાજ્ય જીતી આપ્યું. પરંતુ બ્રિટિશ સરકારે અમારે માટે શું કર્યું ? 'બ્રિટિશ રાજ્ય આવતાં પહેલાં અમારી જે દયાજનક સ્થિતિ હતી, તેમાં કશોય ફેરફાર થયો નથી. અંગ્રેજ શાસન પહેલાં ગામકૂવે પાણી ભરી શકતા નહોતા, મંદિરમાં પ્રવેશ નહોતો મળતો, પોલીસદળમાં પ્રવેશ નહોતો અને સૈન્યમાં પણ ભરતી નહોતી. આજે પણ એ જ હડધૂત કરનારી હાલત છે. શું અમે ગામકૂવે પાણી ભરી શકીએ છીએ ? શું અમને સૈન્યમાં કે પોલીસમાં ભરતી કરવામાં આવે છે ? બધાનો ઉત્તર નકારાત્મક છે. અંગ્રેજોના સવાસો વર્ષના શાસનમાં અમારાં દુઃખ દૂર થયાં નથી. અમારા પ્રશ્નો એમના એમ જ પડતર પડયા છે. હકીકતમાં તો અંગ્રેજ શાસને અમારા અન્યાયોના મૂળ સમી જે સમાજરચના હતી તેને તે જ સ્વરૂપમાં માન્યતા આપી, તેનું જતનકરી સાચવી રાખી છે. ચીની દરજીની જેમ જૂની પદ્ધતિના અમારા ડગલાને થાગડ થીગડ કરી નવો કર્યો તેવું છે. આવી સરકાર શા કામની ? ગોળમેજી પરિષદમાં જે રાજકીય ઉકેલ આપણે શોધવાનો છે તે ઉકેલમાં આટલા મોટા વિશાળ વર્ગની સમસ્યાનો ઉકેલ શોધ્યા સિવાય સાચું પરિણામ આવી શકશે નહિ...*

*અસ્પૃશ્ય લોકોનો દૃષ્ટિકોણ હું ટૂંકમાં કહું તો તે એવો છે કે, હાલ જે અંગ્રેજ નોકરશાહીથી ચાલતી સરકાર છે તે બદલી લોકોની લોકો દ્વારા રચાતી, લોકો માટેની સરકાર આવવી જ જોઈએ...*

ભારતના મૂડીદારો કામદારોને લઘુતમ વેતન આપતા નથી, વળી જમીનદારો ખેડૂતોનું શોષણ કરે છે તેની સરકારને પણ ખબર છે. સરકાર આ આર્થિક, સામાજિક શોષણ નષ્ટ કરી શકતી નથી. (આમાં દલિતવર્ગના લોકો જ સવિશેષ છે) કાયદામાં સુધારો કરી શોષણ નષ્ટ કરવાનો અધિકાર અને શક્તિ સરકારના હાથમાં હોવા છતાં આપણે આમાં દખલ કરીશું તો વિરોધ થશે.' આપણું રાજ્ય જશે એવા ભયથી સરકારે સુધારણા કરી નથી . આથી અમને એવી સરકાર ખપે જે નિષ્ઠાપૂર્વક રાષ્ટ્રનું સાચું હિત સાચવે, ન્યાય તથા અગત્યના સામાજિક આર્થિક પ્રશ્નો કોઈપણની શેહ શરમની પરવા કર્યા વગર હલ કરી શકે.

ભારતીય સમાજમાં માન અપમાનની ચઢતી ઊતરતી સીડીઓ-જાતિ પેટા જ્ઞાતિઓનાં ચડતાં પડ સમતા તેમજ બંધુતા માટે ભારે અવરોધક છે. વળી ઉપલા સવર્ણ વર્ગમાંથી રાજકીય આંદોલનમાં ભાગ લેનારા બુદ્ધિશાળી નેતાઓએ પોતાની જાતિગત સંકુચિત મનોવૃત્તિનો ત્યાગ કર્યો નથી. આથી અમારાં દુઃખોને અમારા સિવાય કોઈ મિટાવી શકે નહિ અને અમારા હાથમાં રાજકીય સતા ન આવે ત્યાં સુધી તે

શક્ય નથી. ચમત્કારી માર્ગની વાતોથી અસ્પૃશ્ય વર્ગ હવે થાકી ગયો છે. એટલે આ પરિષદે ભાવિ ભારતના સંવિધાનના સર્જન સમયે આ વાત ખાસ ધ્યાનમાં રાખવી પડશે તો જ અસ્પૃશ્ય વર્ગોનું હિત સાધી શકાશે. "ડો.આંબેડકરે પોતાના પ્રવચનમાં જવાબદાર સરકારની તથા સંપૂર્ણ સ્વાતંત્ર્યની જોરદાર હિમાયત કરી હતી. ડૉ. આંબેડકરના પ્રવચનમાં પ્રત્યેક શબ્દમાં તેમની સ્પષ્ટ ભૂમિકા તથા લક્ષ્યાંક સ્ફુટ થતાં હતાં, તેમની વાસ્તવિતક અને માનવતાવાદી ધાર્મિક ભૂમિકામાં એ સ્પષ્ટ થતું હતું કે હિન્દુસ્તાન સ્વાતંત્ર્ય તો જોઈએ જ પરંતુ તે સ્વાતંત્ર્યમાં પદદલિતોને પ્રતિષ્ઠા પ્રાપ્ત થવી જોઈએ. એકલા ઉચ્ચ વર્ણના હિન્દુઓનું સ્વાતંત્ર્ય તેમને સ્વીકાર્ય નહોતું. ભારતના સ્વાતંત્ર્યમાં સર્વની સામેલગીરી-ભાગીદારી હોવી જોઈએ તે તેમની મૂળ વાત હતી.

ગોળમેજી પરિષદમાં અછૂતો માટેની આંબેડકરની આ સિંહગર્જના હતી ડો.આંબેડકરનું પ્રવચન તે પદદલિતોના રાજકીય અધિકારોના પાયાની પહેલી ઈંટ હતી. ગોળમજી પરિષદમાં બેઠેલા તેમના ગુરૂ વી.એમ.જોષી તથા તેમના શિક્ષણમાં સહાય કરનારા મહારાજા સયાજીરાવ ગાયકવાડ ડો.આંબેડકરના પ્રવચનથી ઘણા જ પ્રભાવિત થયા હતા. મહારાજા સયાજીરાવે તેમને પોતાના ઉતારે (હેન્સ ક્રિસેટ નાઈટ બ્રીજ, લંડન) ચા પાર્ટીનું નિમંત્રણ આપી અભિનંદન પાઠવ્યાં. ચા પાર્ટીમાં ડો.આંબેડકરની જોડે રાજ્યના દીવાન મનુભાઈ નર્મદાશંકર મહેતા બેઠા હતા કે જેમણે અગાઉ ડો.આંબેડકરની શિષ્યવૃત્તિની સમય મર્યાદા વધારી આપી નહોતી.

ડો.આંબેડકરના પ્રવચનની મુકત કંઠે પ્રશંસા કરવામાં આવી. પરિષદના શ્રેષ્ટતમ પ્રવચનમાંનુ એક હતું. ૧૯ જાન્યુઆરી એ સ્વદેશ પરત આવ્યાં. મુંબઈના બંદરે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું પણ સ્વાગતના પ્રતિભાવમાં તેમણે કહ્યું

''આજે હિન્દુ ભારતમાં મને સૌથી વિરોધી વ્યક્તિ ગણવામાં આવે છે. પરંતુ મારી વાત ઉપર વિશ્વાસ રાખો કે થોડા દિવસ પછી આ વંટોળ વિલય પામશે પરિસ્થિતિ થાળે પડશે અને ભાવિ ઈતિહાસકારો ગોળમેજી પરિષદની કાર્યવાહીના તટસ્થતાથી અભ્યાસ કરશે, ત્યારે હિન્દુઓની આવનારી પેઢીમાં મારી રાષ્ટ્રભક્તિ -રાષ્ટ્ર સેવાઓની યશોગાથાનો જયઘોષ ગવાશે.''

ડો.આંબેડકરની આર્ષવાણી આજે અક્ષરશ સત્ય સાબિત થઈ ચૂકી છે. એન. શિવરાજના પ્રમુખસ્થાને મળેલી દલિતોની (પરેલની) ભવ્ય સભામાં તેમને સન્માનપત્ર સમર્પી દલિતોના **'મસીહા'** તરીકે સર્વ પ્રથમ વધાવી લેવામાં આવ્યા.

'સમતા સૈનિકદળ તે આંબેડકરી પ્રવૃત્તિનું મિલિટન્ટ સંગઠન હતું. તેની સંખ્યા અને શિસ્ત નિહાળી રેવા રાજ્યના મહારાજા, બેરિસ્ટર મુકુંદરાવ જયકર તથા ડો.મુંજે ઘણા જ પ્રભાવિત થયા હતા તેમણે સંગઠનની મુક્તકંઠે પ્રશંસા પણ કરી હતી.

ડો.આંબેડકર લંડનથી અસંખ્ય અપ્રાપ્ય પુસ્તકો લેતા આવ્યા હતા. ત્રણ પેટી તેમણે વી.એમ.પવાર જોડે મોકલી હતી ચોથી શ્રીનિવાસન સાથે અને પાંચમી પેટી પોતે લેતા આવ્યા હતા. તેમનો અનન્ય ગ્રંથપ્રેમ વિશ્વમાં વિરલ હતો.

મુંબઈ આવી થોડાં માનપાન મેળવી બાકીનાનો સાભાર અસ્વીકાર કરી ડો.આંબેડકર પોતાની દલિતોદ્ધારની પ્રવૃત્તિમાં પરોવાઈ ગયા હતા. આ અરસામાં નાસિક કાળારામ મંદિરપ્રવેશ સત્યાગ્રહ તેની ચરમ સીમાએ પહોંચ્યો હતો. તેઓ ૧૪મી માર્ચે નાસિક પહોંચ્યા. ડો.આંબેડકરના આગમનથી આંદોલનકારોનો જુસ્સો અનેકગણો વધ્યો હતો. એક જંગી સરઘસ કાઢવામાં આવ્યું. છંછેડાઈ ગયેલા સનાતનીઓએ સ્વમાન માંગતા સ્વધર્મી દલિતોના સરઘસ ઉપર પથ્થરોનો વરસાદ વરસાવ્યો. ગાંધીજીએ પણ કળારામ મંદિર પ્રવેશને અનુમોદન આપ્યું નહિ તેમણે કહ્યું, ' બે વસ્તુ હરિજનો ન કરે આ કપરી કસોટીની પળોમાં કોઈ પણ હરિજન કોઈ પણ (સવર્ણ)ની સામે ઉપવાસ ન કરે તેમ સત્યાગ્રહ પણ ન આદરે..' તેમને (મહાદેવ દેસાઈ ડાયરી ૨-૪૫૩) મંદિરપ્રવેશનું આંદોલન ગાંધીજીને અન્યાયી લાગતું હતું !!

નાસિકના નાકે પાકો બંદોબસ્ત કરી ડો.આંબેડકરે થાણામાં થાણું નાખ્યું. કારણ કે ત્યાં પ્રસિદ્ધ 'ચીરનેર ખટલો 'ચાલતો હતો જયાં મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ વકીલો સર્વશ્રી કરંદીકર, ધારપ અને રંગે સાથે ડો આંબેડકરે પણ આ ખટલામાં સરકાર વિરૂદ્ધ પેરવી કરી હતી. પોતાના પાંચેક અસીલોને ન્યાય પ્રાપ્ત

કરાવવાનો હતો. પનવેલના ચીરનેર ગામમાં જંગલ સત્યાગ્રહ થયો હતો જેમાં મામલતદાર સહિત કેટલાક સરકારી કર્મચારીઓનાં ખૂન થયાં હતાં. સમગ્ર ભારતમાં ચકચાર જગાવનાર આ સમગ્ર ખટલો સરકાર વિરૂદ્ધ જનતા જેવો હતો. ડો.આંબેડકરે જોરદાર દલીલો સાથેનો બચાવ કરતાં કહ્યું કે આ ખટલાને એક જુદું જ રૂપ પ્રાપ્ત થયું છે તે એ કે સરકાર વિરૂદ્ધ જનતા આ ખટલામાં સરકારની સ્થિરતા વિરૂદ્ધ લોકોના સ્વાતંત્ર્યનો સિધ્ધાંત સમાયેલો છે. આથી ન્યાયના આસને બિરાજેલા મહાનુભાવોને મારી લાગણીસભર વિનંતી છે કે તેમણે સરકારની સ્થિરતા કરતાં લોકોના ન્યાયી અધિકારો અને લોકોના સ્વાતંત્ર્યને સવિશેષ મહત્ત્વ આપવું જોઈએ. ડો.આંબેડકરની અસીલોનો નિર્દોષ છુટકારો થયો તેમની વકીલાતની વાહ વાહ થઈ ! અસ્પૃશ્ય એડવોકેટ શું કરી શકે ? તેવી ગ્રંથિથી એક સમયે પીડાતા મુંબઈ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સર જોન બુમાર્ટ પણ ડો. આંબેડકરથી ઘણા જ પ્રભાવિત થયા હતા તેમની રજૂઆતની પ્રશંસા કરવા લાગ્યા હતા. ડો.આંબેડકર ક્રિમિનલ એપેલેટ વકીલોમાં અગ્રસ્થાને હતા.

થાણાથી મુંબઈ આવ્યા. બીજી ગોળમેજી પરિષદના અણસાર આવવા લાગ્યા. સરકારે કોંગ્રેસી નેતાઓને જાન્યુઆરીમાં જેલમુક્ત કર્યા અને માર્ચ માસમાં ગાંધી-ઈરવિન કરાર થયા. પરિણામે સવિનય કાનૂનભંગ ચળવળ સ્થગિત કરવામાં આવી. દ્વિતીય ગોળમેજી પરિષદમાં ગમન કરવા ગાંધીજી સંમત થઈ ગયા. સમગ્ર રાષ્ટ્રના રાજકીય પ્રવાહોમાં ભારે પરિવર્તન આવવા માંડયું. સમયના એંધાણપારખુ આંબેડકરે એપ્રિલની ૧૯ તારીખે અખિલ ભારતીય અસ્પૃશ્ય આગેવાન પરિષદ બોલાવી. ગોખલે એજ્યુકેશન સોસાયટી મુંબઈની શાળાના (પેરોલ) હોલમાં મદ્રાસના રાવબહાદુર એન શિવરાજની અધ્યક્ષતામાં ગુજરાત, મદ્રાસ, મહારાષ્ટ્ર, સયુંક્ત, પ્રાંત, ઈત્યાદિ પ્રદેશના આગેવાનો મળેલી પરિષદે ગોળમેજી પરિષદમાંની ડો.આંબેડકરની કાર્યવાહીનાં ભાવથી ઓવારણાં લીધાં. આ અરસામાં મુંબઈ ઈલાકામાં પોલીસ ખાતાની ભરતીમાં દલિતોને પણ પ્રવેશ આપવાની જાહેરાત કરી હતી તેને પણ વધાવી લીધી. ડો.આંબેડકરે ગોળમેજી પરિષદમાં કરેલી રજૂઆતનું આ શુભ પરિણામ હતું. સરકારે પોતાના વલણ અને ધોરણમાં આમૂલ પરિવર્તન આણ્યું હતું જે ડો.આંબડકરે ચલાવેલી ચળવળની ફળશ્રુતિ હતી.

પ્રથમ ગોળમેજી પરિષદની ફલશ્રુતિ એટલે દલિતોના પ્રશ્નોનો રાષ્ટ્રીય સમસ્યા તરીકે થયેલો સ્વીકાર દલિતવર્ગના અલગ અસ્તિત્વનો સ્વીકાર અને સૈકાઓની બહાર ઊભા રાખેલા દલિતોનો અંદર પ્રવેશ..વળી અમેરિકન નિગ્રો કરતાં પણ ભારતમાં દલિતોની સ્થિતિ ખરાબ છે તેની જગતને જાણ થઈ. વિશ્વનો લોકમત કેળવાયો...ડો.આંબેડકરના પ્રચંડ પુરૂષાર્થ, ધારદાર વકતૃત્વ, લડાયક મોરચા, વિચક્ષણ વ્યૂહરચના સાથેની વિદ્વત્તાનો કારણે જ આ પરિણામ પ્રાપ્ત થયું હતું. વડાપ્રધાન રામ્સે મેકડોનલ્ડના પ્રમુખપણા હેઠળની ફેડરલ કમિટિમાં તેમણે જમીનદારો તથા રાજાઓના વિશેષ પ્રતિનિધત્વનો પણ વિરોધ કર્યો જેથી લોકો તેમને ક્રાંતિકારી ઉગ્રવાદી માનવા લાગ્યા હતા. જોકે રાજાઓ જમીનદાર બન્ને તેમનો વિરોધ કરવા લાગ્યા હતા. પરંતુ સમગ્ર ભારતમાં અસંખ્ય સંસ્થાઓએ અસંખ્ય સ્થળોએ તેમના સન્માનના કાર્યક્રમો યોજયા હતા. ડો.આંબેડકરને અછૂતોના અનઅભિષિક્ત સમ્રાટ તરીકે સંબોધવામાં આવ્યા હતા. ગોળમેજી પરિષદમાંથી પરત આવતા અસંખ્ય ગ્રંથોનું તેમજ પ્રિન્ટીંગ પ્રેસનું મશીન (કિંમત રૂા.૮૫૦૦/-) પણ ખરીદતા આવ્યા હતા, જેના દ્વારા તેઓ **જનતા THE PEOPLE** સામયિક છાપવા માંગતા હતા. સરકારે મુંબઈ કાયદા મંડળમાં (ધારાસભા) તેમની મુદત પૂરી થતાં પુનઃ નિયુક્તિ પણ કરી દીધી હતી. વળી બીજા પ્રતિનિધિ તરીકે કરાંચીના શ્રી વાઘેલાની પણ નિયુક્તિ કરવામાં આવી હતી.

## ૫:૨:૧ બીજી ગોળમેજી પરિષદમાં ગાંધી : આંબેડકરની મુલાકાત

ડૉ.આંબેડકરે બીજી બાજુ ગોળમેજી પરિષદ માટે સારી એવી તૈયારી કરી હતી. દલિતવર્ગોના કેસ સશક્ત રીતે રજૂ કરવા આંકડા તથા મહત્વની માહિતી વિપુલ પ્રમાણમાં સાથે લીધી હતી. જુદી જુદી ઐતિહાસિક નોંધો પણ તૈયાર કરી હતી. ભારતના ભાવિ બંધારણ વિશેની આછી રૂપરેખા પણ તેમણે તૈયાર કરી હતી. વિશ્વના બંધારણના મહત્વના બંધારણીય સંદર્ભ ગ્રંથો પણ સાથે લીધા હતા. દલિતવર્ગોની કેફિયત કુશળતાપૂર્વક રજૂ કરવાની તૈયારી સાથે બીજી ગોળમેજી પરિષદ માટે તા. ૧૫-૮-૧૯૩૧ "સુલતાન જહાજ" દ્વારા પ્રસ્થાન કર્યું. મુંબઈના બંદરે તેમને વિદાય આપવા શુભેચ્છાઓ પાઠવવા માનવ મહેરામણ ઉમટ્યો હતો. ડૉ.આંબેડકર "ઝિન્દાબાદ"ની બુલંદ ઘોષણાથી સમગ્ર બોમ્બે બિલાર્ડ પિયરનું બંદર ગુંજી ઉઠ્યું હતું.

આ અરસામા એક અદ્‌ભુત ઘટના ઘટી. ગાંધીજીએ (તેમના પુત્ર દેવદાસ દ્વારા) પત્ર લખી ડૉ.આંબેડકરની મુલાકાત માંગી, પૂર્વનો સૂરજ પશ્ચિમમાં ઉગ્યો ! જો કે ગાંધીજીનું આમાં સૌજન્ય હતું તો

ડૉ.આંબેડકરે મળવાની તત્પરતા બતાવી તે પણ તેમના નિરાભિમાનીપણાની નિશાની હતી. આમ બન્નેની મહાનતા હતી. મુંબઈના (ગિરગાંવ) મણીભવનમાં શુક્રવારે સાંજના ૧૪/૮/૧૯૩૧ એ ડૉ.આંબેડકરે પોતાના સાથીદારો-દેવરાવનાયક, દાદાસાહેબ ગાયકવાડ, ગણપત જાધવ (મટકેબુવા) પ્રધાન, કંદરેકર, શિવતરકર રણખાંભે ઈત્યાદિ સાથે ગાંધીજીને મળ્યા. જોકે આગલા દિવસથી જ ડૉ.આંબેડકરને સખત તાવ હતો તેમ છતાં નિખાલસ ભાવે, મુક્તમને બન્ને મહાનુભાવો મળ્યા. ઔપચારિક રીતે ઘણી ગંભીર ચર્ચાઓ થઈ. ડૉ.આંબેડકરની દલિતો માટેની અલગ મતાધિકારની બાબત ગાંધીજીને ગળે ન ઉતરી. જયારે કોંગ્રેસ કરેલી દલિતોદ્ધારની વાતોથી ડૉ.આંબેડકર પ્રભાવિત ન થયા. વિવાદ અને વિષાદયુક્ત વાતાવરણમાં બન્ને નેતાઓ વચ્ચેનું અંતર વધતું ગયું. તેમની આ પ્રથમ મુલાકાતે ભાવિ સંઘર્ષનો સંકેત આપ્યો, બીજી ગોળમેજી પરિષદની પૂર્વતૈયારીરૂપ આ મુલાકાતે નવાં પરિમાણો પેદા કર્યાં તેમની વચ્ચેના આ વાર્તાલાપ-વિચાર વિનિમયની થોડી ઝંખી કરીએ... ગાંધીજીના કોંગ્રેસ માટેના બચાવ સામે બાબાસાહેબ બોલ્યા.

ડૉ.આંબેડકર : આપના હેતુ બાબતે અમારે શંકાનું કોઈ કારણ નથી. તમો અસ્પૃશ્યોં માટે અત્યારસુધી જે કંઈ કરો છે તેની મને ખબર છે. પરંતુ અમારી તકરાર કોંગ્રેસ સામે છે. કોંગ્રેસે પોતાના કાર્યક્રમમાં "અસ્પૃશ્યતા નિવારણ"ને રચનાત્મક સ્થાન આપ્યું નથી. વળી અમલની બાબતમાં પરિસ્થિતિ નિરાશાજનક છે. ખાદી ચરખાને જેટલું મહત્વ છે તેટલું અસ્પૃશ્યતા નિવારણને નથી. મારી પ્રવૃતિ માટે એકાદ વખતે શેઠ જમનાદાસ બજાજે માત્ર અઢીસો રૂપિયા આપ્યા હતા. તે સિવાય કોંગ્રેસ દ્વારા અમારી અસ્પૃશ્યતા નિવારણની ચળવળ માટે ફદિયો પણ મળ્યો નથી.

મારી ભૂમિકા એવી છે કે દલિત વર્ગના લોકોએ તેમના પોતાના પગ ઉપર ઉભા રહેવું જોઈએ. બીજા પાસે યાચના કરવી જોઈએ નહિ પરંતુ કોંગ્રેસના લોકો જ અમારી ચળવળનો વિરોધ કરવામાં આગળ પડતો ભાગ ભજવે છે. મહાડના તળાવના સત્યાગ્રહ તેમજ નાસિક કાળારામ મંદિર પ્રવેશ સત્યાગ્રહ સમયે આ લોકોએ જ અમારો વિરોધ કર્યો હતો. મુંબઈમાં તો કોંગ્રેસી લોકો દલિત સમાજમાં ભાગલા પાડવાની પ્રવૃતિ કરે છે. કોંગ્રેસી લોકો મુસલમાન, શીખ, ખ્રિસ્તી જોડે તડજોડ કરવા ઉત્સુક હોય છે, જયારે અસ્પૃશ્યોની માંગણી બાબતે અવરોધો ઉભા કરે છે.

ગાંધીજી : તમે કોંગ્રેસમાં આવી જાવ. કોંગ્રેસવાળા તમારા કહેવા પ્રમાણે કરશે.

ડૉ.આંબેડકર : જો કોંગ્રેસ અમારા પ્રશ્નો ઉકેલશે, નેકદિલથી પ્રમાણિકપણે અસ્પૃશ્યતા નિવારણનું કાર્ય કરશે તો દલિત વર્ગના લોકો આપોઆપ કોંગ્રેસમાં જશે. આ બધું કોંગ્રેસના વર્તન ઉપર આધારિત છે. એમાં આપને કહેવાની કોઈ આવશ્યકતા નથી.

આમ હકીકત હોવા છતાં ગાંધીજીએ દલિતોને કશુંય આપવા તૈયાર ન હતા. એક અઠવાડિયા સુધી આ વાટા ઘાટો-સમાધાનનો દોર ચાલ્યો. એ જ બેઠકનો ઝઘડો અને એ જ વિશ્વાસે અંતે હતા ત્યાંના ત્યા... ગાંધીજી અકળાઈ ઉઠયા અને કહ્યું અછૂતોને રાજનૈતિક અધિકારો આપવામાં આવશે તો હું આકાશ પાતાળ એક કરીશ. જાતે બળીને ભસ્મ થઈ જઈશ અને ભસ્મ ઉડીને બધાની આંખો પર પડીશ અને બધાને અંધ કરી દઈશ. (શાસ્ત્રી પૂના પેકટ પૃ.૪)

ઓકટોબરની મિટીંગમાં તેમણે કહ્યું કે આ સંમેલન સાચા પ્રતિનિધિઓનું નથી. આમાં નકલી પ્રતિનિધિઓ છે. **બસ આટલું કહ્યું ને જાણે મધપૂડામા કાંકરો માર્યો... બધા પ્રતિનિધિઓ ગાંધીજી ઉપર તૂટી પડ્યા.. ડૉ.આંબેડકરે કહ્યું "મહાત્માજીને જુઠા દાવા કરવાની આદત પડી છે. છ કરોડ અસ્પૃશ્યો મને જ પ્રતિનિધિ માને છે. ગાંધીજીને કોઈ પૂછતું જ નથી." પ્રમુખ સ્થાને બેઠેલા વડાપ્રધાન રામસે મેકડોનલ્ડે પણ ગાંધીજીએ ખોટું ખરું સંભળાવ્યું.** (બિરલા પૃ. પર-પ૩)

ભારતમાંથી દલિતવર્ગો તરફથી અસંખ્ય તાર ગયા- '**ડૉ.આંબેડકર અમારા એક માત્ર નેતા છે, તેમનામાં અમારો સંપૂર્ણ વિશ્વાસ છે.** ચાર જેટલાં તાર આંબેડકરની તરફેણમાં હતા. બે-ત્રણ તાર વિરોધમા હતાં. જેમાં એક તાર મુંબઈના કોંગ્રેસી જાતિવાદી આગેવાન દેવરુખકર - કાજરોળકર એન્ડ કંપનીનો હતો અને બીજો અમદાવાદના મજૂર મહાજન સંઘ (કોંગ્રેસ) પ્રેરિત હરિજનો તરફથી હતો. અમદાવાદમાંથી 'નવયુવક'નાં તંત્રી લલ્લુભાઈ ડી. મકવાણા તથા સ્વામી સેવાનંદે અનેક તાર ડૉ.આંબેડકરની તરફેણમાં કરાવ્યા હતા. જયાં ડૉ.આંબેડકર કદાપિ ગયા નથી અને જેમણે ડૉ.આંબેડકરને

કદાપિ જોયા નથી એવા હિમાચલ પ્રદેશના કુમાઉ (અલમૌડા)માંથી તાર આવ્યા હતા. તે પણ નોંધપાત્ર હકીકત હતી. કેન્દ્રીય એસેબ્લીના સભ્ય એમ.સી.રાજાના પ્રમુખસ્થાને તા. ૩૧-૧૦-૧૯૩૧ના દિવસે ગુડગાંવ (પંજાબ) મુકામે મળેલ ઑલ ઈન્ડિયા ડિપ્રેસ્ડ ક્લાસીઝ પરિષદમાં પણ ડૉ.આંબેડકરની અલગ મતાધિકારની માંગણીને સમર્થન આપતા ઠરાવો થયા. ૧૪મી સપ્ટેમ્બરની બેઠકમાં ગાંધીજી હાજર રહ્યા, પરંતુ કંઈ બોલ્યા નહિ ત્યારબાદ ગોળમેજી પરિષદની જુદી જુદી સમિતિઓ સમક્ષ તેમણે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. કેટલીક વખત તો ગાંધીજીની વિનંતીથી મિટિંગના કામકાજને મુલતવી રાખવામાં આવ્યું હતું. કારણ કે, ગાંધીજી મિટિંગ બહાર બધાને મળી સમજૂતી કરવા માંગતા હતા. વડાપ્રધાન રામ્સે મેકડાલ્ડે બે ત્રણ વાર આ રીતે મિટીંગ મુલતવી રાખી, પરંતુ બધા પક્ષકારો કોઈ પણ પ્રકારની સમજૂતી પર આવી શક્યા નહિ. ડૉ.આંબેડકર અને ગાંધીજી વચ્ચે વિવાદ થયો. ગાંધીજી મુસલમાન, ખ્રિસ્તી, શીખ દરેકને અલગ પ્રતિનિધિત્ત્વ આપવા બાબતે સંમત હતા. પરંતુ દલિતોને અલગ મતાધિકાર તો શું વિશેષ પ્રતિનિધિત્ત્વ આપવા બાબતે પણ સ્પષ્ટ ઈન્કાર કરતા હતા. **આ સંત પુરુષ શોષિતોને સોયની અણી જેટલું પણ આપવા તૈયાર ન હતા.** ગાંધીજી-આંબેડકર વચ્ચે ધમાસણ વાકયુદ્ધ થયું. અનેક દાવપેચ થયા. ગાંધીજીએ પવિત્ર કુરાન સાથે નામદાર આગાખાન પાસે પનાહ લીધી.મુસલમાનોની ૧૪ સૂત્રીય માંગણીઓનો સહર્ષ સ્વીકાર કર્યો. મુસ્લિમ નેતાઓને કોરો ચેક આપી દીધો, પરંતુ શરત એટલી કે, તેમણે દલિતવર્ગોની ડૉ.આંબેડકરની 'અલગ મતાધિકાર'ની માંગણીને સમર્થન આપવું નહિ.

નામદાર આગાખાને આકરા થઈને કહ્યું કે, "એ કેમ બને ?" ઈન્ડિયન યુરોપિયન વેપારીઓના પ્રતિનિધિ સર હ્યુબર્ટ કારે કહ્યું કે, "ડૉ.આંબેડકરનો કેસ વિરોધ ન કરી શકાય તેવો છે." વળી ગાંધીજી જાતે પણ કહેતા કે,

**"મને ડૉ.આંબેડકર માટે ભારે આદર છે. કડવાં વેણ કહેવાનો તેમને પૂરેપૂરો અધિકાર છે. તે મારા ઉપર થૂંકે તો પણ સહન કરી લઉં.... તેઓ અમારા માથાં નથી ભાંગતા એટલો સંયમ રાખે છે."**

જેના ઘરે ગાંધીજીનો ઉતારો હતો તે ફ્રેંચ મહિલા કુ. મ્યુરિલ લિસ્ટર પણ ડૉ.આંબેડકરને મળ્યાં. જયારે તેમને ડૉ.આંબેડકરે સઘળી હકીકત સમજાવી ત્યારે તે પણ દલિતોના કેસને ન્યાયી કહેવા લાગ્યા. તેમણે ગાંધીજીને સાચી વાત કરી. ગાંધીજીએ તેમના ઉપર ગુસ્સે થયા હતા. કુ. મ્યુરિલે અન્ય ત્રીજા ગૃહસ્થને ઘરે ગાંધી-આંબેડકર મુલાકાત ગોઠવી પરંતુ પરિણામ શૂન્ય રહ્યું હતું. ગાંધીજી જરા જેટલું પણ કોઈ ભોગે સમજવા તૈયાર ન હતા.

દેવદાસ ગાંધી-સરોજિની નાયડુના કહેણથી સરોજિની નાયડુના ઉતારે, ગાંધીજી-આંબેડકરની બીજી મુલાકાત ગોઠવાઈ, રાતના ૮ થી ૧૧ ત્રણેક કલાકની મથામણને અંતે કશું જ પ્રાપ્ત કરી શકાયું નહિ. ગાંધીજીનો પ્રશ્ન હતો "બોલો, તમારે શું જોઈએ છે ? અને મારી ફરી ફરી એ જ સમજાવવાનું હતું, "ડૉ.આંબેડકરની મુલાકાતના થોડા કલાક પહેલાં તે જ સ્થળે ગાંધીજી-જિન્ના મુલાકાત ગોઠવાઈ હતી. જેની ડૉ.આંબેડકરને પાછળથી ખબર પડી હતી. ગાંધી-આંબેડકરની ચારેક વખત મુલાકાતો ગોઠવાઈ. જેમાં એક મહેસુર રાજયના દિવાન મિર્ઝા ઈસ્માઈલના પ્રયત્નોને પરિણામે ગોઠવાઈ હતી. પરિણામ શૂન્ય હતું. ગાંધીજી હઠ છોડવા તૈયાર ન હતા.

સર ચીમનલાલ સેતલવાડે તો ત્યાં સુધી કહ્યું, "મહાત્માજી, તમે હિન્દુસ્તાનના રાજકીય હક્કો સંબંધી જે વિચારો વ્યક્ત કરો છો તે સાંભળી મને એવું લાગે છે કે, ૧૯૧૯ના કાયદાથી આગળ વધવા માટે તમારી પાસે કોઈ સ્પષ્ટ કલ્પના નથી. અથવા ૧૯૧૯નો કાયદો તમે વાંચ્યો નથી." ગાંધીજીએ કહ્યુ, તમે મારા વડીલબંધુ સમાન છો, અને મારા ઉપર ગુસ્સો કરવાનો તેમજ મને સમજાવવાનો તમને અધિકાર છે અને મારે તમને સાંભળવા તે મારો ધર્મ છે.

(Recollection and Reflections p. 365 By Chimanlal H. Setalwad.)

વિઠ્ઠલભાઈ પટેલે પણ ટીકા કરતા કહ્યું કે, "સમવાય સમિતિમાં આપનું ભાષણ વાંચીને હું તો બેહોશ જેવો થઈ ગયો. એ આપે શું કરી નાખ્યું ? (બિરલા પૃ.૩૫) જો કે વિઠ્ઠલભાઈ પટેલે અને નેતાજી સુભાષે અસહકારની ચળવળ જયારે ગાંધીજીએ સ્થગિત કરી ત્યારે જ કહ્યું હતું કે **"મારું સ્પષ્ટપણે માનવું છે એક નેતા તરીકે ગાંધીજી સંપૂર્ણ નિષ્ફળ નીવડ્યા છે."** ત્યાં ગાંધીજી છેલ્લે પાટલે બેઠા હોય તેમ બોલ્યા -

"ઠીક, તમને લોકોને મારું ભાષણ પસંદ ન હોય તો તમે તમારું મુખત્યારનામું પાછું લઈ શકો છો."

સપ્રૂ-જયકર પણ એવા મતના હતા. તેમનું કહેવું હતું કે, "મહાત્મા ગાંધી ગોળમેજી પરિષદમાં અન્ય નેતાઓ સાથે સહકારી ભાવનાથી વર્તયા નહિ. પોતાની ધૂન અને અહંયુક્ત સ્વભાવને કારણે તે સર્વને સાથે લઈ શક્યા નહિ. (ગત ગોષ્ટી પૃ.૭૦૨)

**૫, નવેમ્બર બ્રિટન શહેનશાહ સાથે પ્રતિનિધિઓના મિલન સમારંભમાં ગાંધીજી તથા ડૉ.આંબેડકરના મિલનની વાત કરીએ - ગાંધીજીએ કહ્યું.**

સમ્રાટ : હું આપને સારી રીતે ઓળખું છું, હું જયારે યુવરાજ તરીકે દક્ષિણ આફ્રિકા ગયો હતો ત્યારે આપે હિંદી પ્રજા તરફથી મને માનપત્ર આપ્યું હતું. ઝુલુ યુદ્ધ (બોઅરાના સ્વાતંત્ર્ય સંગ્રામ) માં આપે મને (બ્રિટીશ સરકારને મદદ કરી હતી) (ગાંધીજીને આ મદદ-વફાદારી માટે "મેડલ" પણ આપવામાં આવ્યો હતો.) ત્યાર પછી વિશ્વયુદ્ધમાં આપે તથા આપનાં ધર્મપત્નીએ મને ઘણી જ મદદ કરી હતી. અફસોસની વાત એ છે કે, ત્યાર ણછી આપનું વલણ બદલાઈ ગયું અને આપે સત્યાગ્રહ અખત્યાર કર્યો. "વાતચીતનો મોટોભાગ સમ્રાટનો જ હતો. જો કે આ રીતે સમ્રાટે ગાંધીજીને ઉતારી પાડવાનો પ્રયત્નો કરેલો દેખાય છે. (બિરલા પૃ.૬૮)

જયારે ડૉ.આંબેડકરનો મળવાનો વારો આવ્યો ત્યારે તેમણે ભારપૂર્વક લાગણીસભર ભારતના દલિતોની દુઃખી સ્થિતિ વર્ણવી. થોડા પણ ચોક્કસ શબ્દોમાં બયાન કરેલી હકીકતોથી સમ્રાટ પોતે પ્રભાવિત થયા. તેમને ઘણું દુઃખ થયું તેમના હોઠ તથા હાથ કંપવા લાગ્યા. તેમના મનને ભારે આંચકો લાગ્યો. ત્યારબાદ ડૉ.આંબેડકરના શિક્ષણ-વડીલો વિષે થોડીક વાત થઈ. (૨૬-૧૧-૩૧ નો પત્ર ખેરમોડે ભાગ ૪-૧૫૯) આમ ડૉ.આંબેડકર અછૂતોના હિતની વાત ગમે ત્યારે ગમે તે પ્રસંગે કરતા. એક પણ તક જવા દેતા નહિ. કોઈ ચમરબંધીની શેહમાં આવતા નહિ.

બીજી ગોળમેજી પરિષદમાં તેમના માટે કપરાં-સીધાં ચઢાણ હતા. એક બાજુ એકલા અટૂલા આંબેડકર હતા, જયારે સામે પક્ષે ગાંધીજી કોંગ્રેસ પક્ષ, વિરાટ હિન્દુ સમાજ અને હિન્દુ માનસ ધરાવતાં અસંખ્ય અખબારો હતા. પરંતુ આ ધૈર્યનો મેરૂ ડગ્યો નહિ. મહાન વિભૂતિ, મહાન પક્ષો કે મહાન સંગઠનોનો સામનો કર્યો.... દલિતોની માંગણીઓ સામે સહેજ પણ મચક આપી નહિ... ગાંધીજીને પણ નહીં જ...

વળી ડૉ.આંબેડકરને ગાંધીજીના આવા કૃત્યોથી તો ઘણો જ આઘાત લાગ્યો. તેમના તા.૩૧-૧૦-૧૯૩૧ના પત્રમાં જનતા લખે છે કે, 'ગાંધીને મારો વિરોધ હતો, પરંતુ તેમ છતાં તેમની પ્રમાણિકતા તથા સરળ વૃતિને માટે મને અતિ આદર હતો. પરંતુ મુસ્લિમ પ્રતિનિધિ જોડે સાંઠગાંઠ કરી તેમને દલિતોની માંગણીઓનો વિરોધ કરવા સક્રિય કરવા માટે તેમણે જે કાવાદાવા કર્યા તે તેમના જેવા તો શું પરંતુ કોઈ પણ સજ્જન માટે શોભાસ્પદ નહોતું. મુસલમાનો પચાસ બેઠક માટે સંમત થયા. ગાંધીજીએ કહ્યું, એકાવન લો, પરંતુ બીજા કોઈને કશુંય નહિં મળે. દલિતવર્ગોની વાતને સમર્થન ન આપો. (બિરલા પૃ.૭૩) આ બાબતની જયારે મને પણ જાણ થઈ ત્યારે મારો ગાંધીજી માટેનો આદર ઓગળી ગયો અને અપાર દુઃખ થયું. ગાંધીજીએ મારો સીધો વિરોધ કર્યો હતો તો મને આટલું દુઃખ ન થાત, પરંતુ તેમની નિમ્નકક્ષાની ભેદનિતિ જોઈ મને ઘણો જ આઘાત થયો હતો. જો કે સદ્ભાગ્યે ગાંધીજીનું કારસ્તાન સફળ થયું નહિ. મુસ્લિમ પ્રતિનિધિઓએ દલિતોની માંગણીઓનો વિરોધ કરવાનો સાફ ઈન્કાર કર્યો. (ખેરમોડે ભાગ-૪ પૃ. ૨૧૩-૨૧૪) ગાંધીજી સાથેનાં વર્તન બાબતે ડૉ.આંબેડકરનું આ સ્પષ્ટીકરણ હતું.

"ગાંધીજી અને મારી વચ્ચેના મતભેદો આજે પણ તેટલા જ છે. ગાંધીજીના કેટલાક મિત્રોની મારી સામે ફરિયાદ છે કે, હું ગાંધીજી સાથે (ગોળમેજીમાં) આદર-અદબપૂર્વક વર્તયો નથી. મારો તેમને જવાબ છે કે, "હું ગાંધીજીનો ભકત કે અનુયાયી નથી. આથી શ્રદ્ધાયુક્ત ભક્તિની અપેક્ષા મારી પાસે રાખવાનો કશોય અર્થ નથી, પરંતુ ગાંધીજી સાથેનું મારું વર્તન શિષ્ટાચારયુક્ત હતું. પરિષદના સભાખંડની બહાર નીકળતાં મે તેમને મળવા પ્રયત્ન કર્યો પરંતુ આઘાતના દુઃખમાં ડુબેલા ગાંધીજીએ મોઢુ ફેરવી દીધું. તેમને કળ વળી નહોતી. મારા મળવાના પ્રયત્નો નિષ્ફળ ગયા. स्वभावो दूरतिक्रम : (યુગપ્રવર્તક પૃ.૧૦૪) તેમના જેવા પ્રતિસ્પર્ધી જોડે જે રીતે વર્તવું જોઈએ તે રીતે જ મેં વર્તન દાખવ્યું હતું. ગાંધીજીને નિહાળવાની

કેટલાક લોકોની વિશેષતઃ તેમના ભક્તોની દ્રષ્ટિ ભક્તિભાવવાળી હોવાથી મારો અનિવાર્ય અને સ્પષ્ટ વિરોધ તેમને ખટકતો હોય તેનો મારી પાસે કોઈ ઈલાજ નથી. અસ્પૃશ્ય સમાજની ભાવનાની કલ્પના મેં સ્પષ્ટ શબ્દોમાં ગાંધીજીને સમજવી તેમ છતાં તેમનો ભ્રમ-દુરાગ્રહ હજુ સુધી દૂર થયો નથી. હું જ અસ્પૃશ્યોનો સાચો પ્રતિનિધિ છું અને અસ્પૃશ્યોને સ્વતંત્ર પ્રતિનિધિત્ત્વની કોઈ આવશ્યકતા નથી. પ્રાણ જાય તો બહેત્તર પણ અસ્પૃશ્યોને સ્વતંત્ર-અલગ મતાધિકાર કોઈ કાળે આપીશ નહિ. તેવો તેમનો દુરાગ્રહ છેલ્લે સુધી છોડવા તૈયાર નહોતા. મુસલમાનો-શીખોને જે આપવા તૈયાર હોય તે અસ્પૃશ્ય જાતિને ન આપવાનું કયા મોઢે કહી શકાય ? આ પ્રશ્નો સાચો-સરળ તર્કબદ્ધ ઉત્તર ગાંધીજી તો શું પણ કોઈની પાસે નહોતો."

ગાંધીજીની બીજી ગોળમેજી પરિષદમાંની કાર્યવાહી પછી ડૉ.આંબેડકરે તેમની પસંદગી માટે પણ ટીકા કરતાં કહ્યું કે, "ગાંધીજી જયારે લંડન ગોળમેજી પરિષદમાં ગયા ત્યારે એ વસ્તુ વીસરી ગયા કે તેઓ ત્યાં તેમની સમક્ષ આવનારા લોકો તેમની સલાહ તેમજ આશિર્વાદ માટે આવ્યા નથી. એક વકીલ સાક્ષીઓ સાથે જે રીતે વર્તે તે રીતે બ્રિટીશ સત્તાવાળાઓ આપણી સાથે વર્તવાના છે તે પણ ગાંધીજી વીસરી ગયા. વળી પોતે રાજકીય પરિષદમાં જઈ રહ્યા છે તે પણ ભૂલી ગયા. ભક્ત નરસિંહ મહેતાના પ્રભાતિયા ગાતાં વૈષ્ણવ મંદિરમાં જતાં વણિક ભક્તની જેમ તેઓ ગોળમેજીમાં ગયાં."

વળી ગાંધીજીની દલિતો માટેની ભૂતદયાની ભાવના પણ તેમને સ્વીકાર્ય ન હતી. તેમને દલિતોના અધિકારો હક્કથી મેળવવા હતા. કોઈની કૃપા દ્વારા જ નહીં. આ ગાંધી-આંબેડકર વિવાદની કડવાશ વર્ષો સુધી ચાલી. જો કે ડૉ.આંબેડકર ભૂલી જાવ અને માફ કરો. (યુગપ્રવર્તક. પૃ. ૧૦૪) દૂરની નીતિથી ગાંધીજી જોડે નવેસરથી સંબંધો સુધારવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ ગાંધીજી તે ભૂલવા તૈયાર ન હતા તે સંદર્ભમાં તા. ૧૪-૧-૧૯૪૬ના ચૂંટણી અભિયાનપ્રચાર સભામાં પણ ડૉ.આંબેડકરે કહ્યું હતું કે,

"કૌરવ-પાંડવ યુદ્ધ સમયે શ્રીકૃષ્ણ વિષ્ટિકાર બન્યા, પરંતુ સોયની અણી જેટલી પણ જમીન આપવાનો ઈન્કાર કરતો અભિમાની દુર્યોધને જવાબ આપ્યો હતો. સમાજના શ્રેય ખાતર તેમજ ગોળમેજી પરિષદની પુનરાવૃતિ પુનઃ ન થાય તેટલા ખાતર મારી નેતાગીરીની પરવા કર્યા સિવાય,મારા માન-સન્માનને બાજુએ મૂકી ઉભપક્ષે સમજૂતી માટે મેં ગાંધીજીને પત્ર લખ્યો અને પ્રયત્નો કર્યા. પરંતુ ગાંધીજીએ કહ્યું કે, "તમારી અને અમારી વચ્ચે સમદ્રષ્ટિકોણ જ નથી" અને સમજૂતીના દ્વાર બંધ કર્યા. મને અપાર દુઃખ થયું. મારા પત્ર પૂર્વે આજ ગાંધીજી મી. મહંમદઅલી ઝીન્નાને ઘેર જઈ ગળે ભેટ્યા મને લાગ્યું કે, ગાંધીજી મને પણ મળશે, પરંતુ મળ્યા નહિ. ગાંધી-ઝીન્ના વચ્ચે કયા "સમદ્રષ્ટિકોણ" હશે તે રાજનીતિજ્ઞો જ નક્કી કરશે.(ડૉ.આંબેડકર પ્રાસંગિક વિચાર (મરાઠી) રઘુવંશ)

ભારતનાં વર્તમાનપત્રોએ ગાંધીજીને ઉજળા દૂધ જેવા ઉપસાવ્યા જયારે ડૉ.આંબેડકરને ઘણા દોષિત ઠેરવી બેફામ રીતે ટીકાઓ કરવામાં આવી. તેમને ભીમાસુર, બ્રહ્મદ્વેષ્ટા, બ્રિટિશરોના બગલબચ્ચા, રાષ્ટ્રદ્રોહી ઈત્યાદી શબ્દોની ભેટ આપી. જયારે હકીકત જુદી જ હતી. બીજી ગોળમેજી પરિષદ અનિર્ણાયક રહી, તેનો સઘળો અપયશ મહાત્મા ગાંધીજીને શિરે હતો. તેમના જિદ્દી, અહંયુક્ત વલણે મહત્વનો ભાગ ભજવ્યો હતો. વળી "કોમી ચુકાદા" બાબત વડાપ્રધાન રામ્સે મેકડોનાલ્ડને સર્વસત્તા સોંપી લવાદ તરીકે સ્વીકારી, ડિસેમ્બર, ૧૯૩૧માં પરિષદની પૂર્ણાહૂતિ કરી સર્વે વીખરાયા હતા. આ લવાદના સ્વીકારવામાં મહાત્મા ગાંધીજીએ સહી કરી હતી. બ્રિટિશ વેપારીઓના પ્રતિનિધિ સર એડવર્ડ બેન્થલ (કલકત્તાની બર્ડ કંપનીના બડા સાહેબ)ના શબ્દોમાં- "મહાત્માજીને ખાલી હાથે પાછા ફરવું પડ્યું.. વળી ગોળમેજી પરિષદની નિષ્ફળતાનો સઘળો દોષ પણ મહાત્મા ગાંધીજી ઉપર જ ઢોળવામાં આવ્યો હતો." "Gandhiji is good agitator but bad negotiator" ગાંધીજી લોકોની લાગણીઓને બહેકાવાવમાં કાબેલ છે, પરંતુ તેમનું હિત સાધવામાં ઉણા ઉતર્યા હતા. "ગાંધીજી એ સમજવામાં ગોથુ ખાઈ ગયા કે ડૉ.આંબેડકર દલિતોના પ્રાકૃતિક-વાસ્તવિક જન્મજાત નેતા હતા. જયારે ગાંધીજીનું નેતૃત્ત્વ ભાવાત્મક હતું." (રાજેન્દ્ર ભટનાગર કૃત ચરિત્ર : પૃ.૧૦૫)

ડૉ.આંબેડકર એકાદ મહિનો અમેરિકા રોકાયા. ચિરપરિચિત મિત્રોને ઘણા વર્ષે મળી પરત લંડન આવ્યા, નવાં ખરીદેલા પોતાના પ્રિય પુસ્તકોની ચોવીસ પેટીઓ સાથે એસ.એસ.મુલતાન જહાજ દ્વારા ૧૯૩૨ના જાન્યુઆરીની ૨૯મી તારીખના શુક્રવારની સવારે મુંબઈના બંદરે આવી પહોંચ્યા.. બ્રિટિશ સરકાર નિયુક્ત મતાધિકાર સમિતિના સભ્ય મુંબઈના મુસ્લીમ નેતા મૌલાના શૌક્તઅલી સંજોગોવશાત જહાજમાં તેમની સાથે હતા. મુંબઈના બંદરે હજારો મુસલમાનો-દલિતોએ આ બન્ને નેતાનું ભવ્ય સ્વાગત કર્યું. બંને સાથે હોવાથી સંયુક્ત સ્વાગત થયું.

ડૉ.બાબાસાહેબ આંબેડકર જિન્દાબાદ **"થોડે દિનમેં ભીમ રાજ"** "દલિત નેતા ડૉ.બાબાસાહેબ..."ના ગગનભેદી ઘોષથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું...બન્ને મહાનુભાવોએ એક જ મંચ ઉપરથી સંબોધન કરી ગોળમેજીની આંટીઘૂંટી સમજાવી. જ.શૌકતઅલીએ ડૉ.આંબેડકરની શાન-આન વધારતાં કહ્યું કે, "ડૉ.આંબેડકરે ગોળમેજી પરિષદમાં પદદલિતોના હિત માટે જે હિંમત બતાવી હતી તે અદ્દ્ભુત હતી. તેમણે ડૉ.આંબેડકરને પોતાના અઝીઝ ભાઈજાન તરીકે ઓળખાવી ઓવારણા લીધાં વિશાળ સરઘસ ખિલાફત કચેરીએ કૂચ કરી ગયું. જયારે ત્યાંથી દલિતોનું સરઘસ પરેલ સુધી પહોંચ્યું... અરમાનોનાં સ્વપ્નો સાથે આ વિરાટ માનવ મહેરામણ વિખરાયો... દલિતોને હવે કોઈ દબાવી શકશે નહિ. કોઈ રિબાવી શકશે નહિ. પીડિતોને હવે કોઈ પછાડી શકશે નહિ. તેવી ભવ્ય ભાવના પેદા કરવામાં ડૉ.આંબેડકરે શૂન્યમાંથી સર્જન કર્યું હતું. તેમણે શોષિતોમાં નવો ઉત્સાહ ભરી દીધો હતો. સંઘર્ષ માટેની ચેતના પ્રગટાવી હતી. દલિતોની રાજકીય હિસ્સેદારી હાંસલ કરી હતી."

એજ દિવસે સાંજે દામોદર હૉલ સામેના મેદાનમાં ડૉ.પી.જી.સોલંકીના પ્રમુખસ્થાને ૧૧૪ સંસ્થાઓ દ્વારા ડૉ.આંબેડકરને માનપત્ર આપવામાં આવ્યું. સાત કોટિ અસ્પૃશ્યોનું રાજકીય અસ્તિત્વ સિદ્ધ કરવા ગોળમેજી પરિષદમાં ગૌરવયુક્ત કાર્યવાહી કરી તેનો ઉલ્લેખ માનપત્રમાં કરવામાં આવ્યો હતો. સન્માનપત્રના શબ્દો હતા :-

"સમાનતાનો દરજ્જો અને વર્તણૂંક પરનો દલિતોનો અધિકાર આપે સંપૂર્ણપણે સિદ્ધ કરી દીધો છે. જો આપે પુરુષાર્થ ન કર્યો હોત તો અમારા અધિકારોની અગવણના થઈ હોત. દલિતોનાં હિતો અને હક્કોની હિફાજત માટે આપનો ભવ્ય પુરુષાર્થ વંદનીય છે. ગોળમેજી પરિષદમાંના આપના ભગીરથ પુરુષાર્થને પરિણામે હવે ઘણા નજીકના સમયમાં અમો દલિતો આ દેશના અન્ય લોકો સમાન દરજ્જો હાંસલ કરી શકીશું. વળી દલિતવર્ગોમાં જે જવાબદારી તથા જાગૃતિ જોવા મળે છે, પોતાન અધિકારો પ્રસ્થાપિત કરવા સમગ્ર રાષ્ટ્રમાં સમાજ પ્રવૃત્ત થયેલો જોવા મળે છે. તે આપના માર્ગદર્શન અને પુરુષાર્થનું પરિણામ છે તેવું કહીએ તો અતિશયોક્તિ નહિ ગણાય. આપે સાત કોટિ શોષિતોનું રાજકીય અસ્તિત્વ સિદ્ધ કરી દીધું. ખરેખર તો સન્માનપત્રોના શબ્દો તે દલિતોના અંતરના ઉમળકાનો પડઘો હતો.

જંગી માનવ મેદનીને સંબોધતાં તેમણે કહ્યું -

"ગોળમેજી પરિષદમાં મેં જે ભૂમિકા સ્વીકારી તે મારી વિવેક-બુદ્ધિ પર આધારિત હતી. ગાંધીજીએ તેનો જબરજસ્ત વિરોધ કર્યો છતાં તેમને નમતું મૂક્યું નહિ. અસ્પૃશ્યો "હિન્દુ" ભાઈ ભાઈ છે અને તેમનામાં સાચા દિલનો સ્નેહ આવે એવી તેમણે એક બાજુ વાતો કરી જયારે બીજી બાજુ મુસલમાનો સાથે ખાનગી મસલતો કરી કહ્યું કે, હું તમારી ૧૪ માંગણીઓ સ્વીકારું છું, પરંતુ મુસલમાનો દલિતોને અલ્પસંખ્યકોને ટેકો ન આપે તેવું વચન આપો. આના પુરાવા મારી પાસે છે. જેને જોવા હોય તે મારી ઓફિસે આવી જોઈ શકે છે. મુસલમાનોનું સમર્થન પ્રાપ્ત કરવા ગાંધીજી ના. આંગખાનના ઉતારે જાતે ગયા. વળી તેમને ભેટ આપવા પવિત્ર કુરાનની એક નકલ પણ બજારમાંથી સાથે લેતા ગયા તે આગાખાનને મનાવવા લાગ્યા પરંતુ આગાખાને "ગાંધીજીને સાફ કહ્યું કે, દલિત સમાજ ઘણો જ દુબળો છે, તેમણે બીજી જ તરફથી સહાય તથા અધિકારો આપવા જોઈએ. મુસલમાનો કરતાં તેમને આવી સહાયથી વધારે આવશ્યકતા છે, તેવું મારું માનવું છે. ગાંધીજી નિરાશ વદને પાછા ફર્યા... ગોળમેજી પરિષદના અનુભવે શીખવા મળ્યું કે, એકલો નેના કંઈ કરી શકે નહિં. નેતાને તેના સમાજનું સંપૂર્ણ સમર્થન હોવું જોઈએ. અને તે સમાજ સ્વતઃ પ્રેરણાથી હિંમતથી પ્રગતિ માટે પ્રયત્નો કરનારો હોવો જોઈએ. મને મહાત્મા પદવી આપી ગાંધીજી જેવી મારી દશા કરશો નહિ. ગાંધી જે કંઈ બોલે અને ગાંધીજી જે કંઈ કરતા તે પણ સર્વસ્વીકૃત એવી અંધભક્તિ ગાંધીજીના અનુયાયીઓમાં છે. આ તેમની મહાત્મા પદવી તેને લીધે પેદા થઈ છે. તમારી સ્થિતિ આવી થવી જોઈએ નહિ. તમે મારા અંધભક્ત બનશો નહિ. તમે માત્ર નેતા ઉપર જ આધારિત રહેશો નહિ. તમે તમારા હૃદયમાં જાગૃતિ, સ્વાભિમાન અને સ્વતંત્રતાની જયોતિ જલતી રાખો. તમે સ્વંયપ્રજ્ઞ બનો.

તેમણે કહ્યું કે... "હું માનવ છું. મારી પણ ક્યાંય ભૂલ થતી હશે. મારે પક્ષપાતી વલણ અખત્યાર કરવું પડ્યું હશે પરંતુ તેના પણ કારણો છે. મને મારા સમાજના હિતથી પ્રિય કશું જ નથી. પરિણામે મારે ગાંધીજીનો પણ વિરોધ કરવો પડ્યો. કૉંગ્રેસી લોકો મને દેશદ્રોહી કહે છે. આવા દ્વેષયુક્ત, નિરાધાર, ખોટા આક્ષેપોની હું સહેજપણ પરવા કરતો નથી. મારા કરોડો બાંધવોને ગુલામીમાંથી મુક્ત કરવાના

ઉદાત્ત ધ્યેયને પોતાને મહાત્મા તરીકે ઓળખાવનાર વ્યક્તિ જોરદાર વિરોધ કરે એ વાત મલકની દષ્ટિએ ચમત્કારી છે. ગોળમેજી પરિષદમાંથી મારી કાર્યવાહી વિશે ભાવિ હિન્દુપેઢી જ્યારે સ્વચ્છ મનથી વિચારશે ત્યારે તેમને અચૂક લાગશે કે મેં રાષ્ટ્રની અણિશુદ્ધ સેવા કરી છે." ડૉ. આંબેડકર માલતી માધવના કર્તા ભવભૂતિના આ વિધાનની અવારનવાર યાદ આપતા કે,

ये नाम केचिदिह न प्रथय : न्त्यवज्ञा
जानन्तु ते किम पि तान्प्रति नैषं यत्नः
उत्पस्यड.स्ति मम कोडपि समानधर्मा:
कालोह्य निरंवधि विर्पुला च पृथ्वी

જેઓ (આજે) મારી અવગણના ફેલાવે છે તે (દોષદર્શી વિચારકો) સમજી લે કે તેમના માટેનો મારો આ પુરુષાર્થ નથી. (કારણ કે) મારો સમાનધર્મી - (મારી વાતનો મર્મી) મર્મજ્ઞ સહૃદય રસિકજન જન્મશે અથવા (દુનિયામાં ક્યાંક) જન્મી ચૂક્યો પણ હશે. કારણ કે આ કાલ-સમય અનંત છે અને પૃથ્વી વિશાળ છે." તે જ મને સાચી રીતે મૂલવી શકશે... સમજી શકશે.

ગોળમેજી પરિષદ પછી ડૉ. આંબેડકર સમગ્ર રાષ્ટ્રના દલિતનેતા તરીકે જોરદાર રીતે ઊપસી આવ્યા હતા. ઠેરઠેર તેમનાં સન્માન થવા લાગ્યાં હતા. આમંત્રણોનો ગંજ ખડકાયો હતો. પરંતુ ડૉ. આંબેડકર પોતાના મિશનમાં જ મગ્ન હતા. હિંદની રાજનીતિના જ્ઞાતા લોર્ડ લોથિયનની અધ્યક્ષમાં સમિતિ નિમાયેલ હતી; જેનાં ૧૭ સભાસદોમાં ડૉ. આંબેડકરનો પણ સમાવેશ થયો હતો. વળી મુંબઈ પ્રાંતિક સમિતિ માટે ડૉ. પી.જી. સોલંકીની નિમણૂંક કરવામાં આવી હતી. ડૉ. આંબેડકરે લોથિયન સમિતિ સમક્ષ ફેબ્રુઆરી, ૧૯૩૧માં રજૂઆત કરી. મુંબઈમાંથી ડૉ. પી.જી. સોલંકીએ બહિષ્કૃત હિતકારિણી સભા અને ગુજરાત ડિપ્રેસ્ડ ક્લાસીઝ એસોસિએશનના ઉપક્રમે માર્ચ, ૧૯૩૨ના દિવસે રજૂઆત કરી હતી. અલગ રાજકીય અધિકારોની હિમાયત કરી હતી. વળી દલિતવર્ગના મતદારની યોગ્યતાઓ પણ હળવી રાખવાની માગણી કરી હતી. તેમજ દલિતોના સામાજિક બહિષ્કારને ફોજદારી ગુનો ગણવાની કલમનો ફોજદારી એક્ટમાં તથા ભાવિ બંધારણમાં સમાવેશ કરવાની માગણી પણ મંજૂર કરાવી હતી. તેમાં ડૉ. આંબેડકર સફળ થયા હતા. પટણા (બિહાર) ગયા ત્યાં પણ ડૉ. આંબેડકરનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું અને દરેક સ્થળે ડૉ. આંબેડકરની વિચારધારા પ્રમાણે "અલગ મતાધિકારી"ની માગણીને સમર્થન આપવામાં આવ્યું હતું. કારણ કે, બધાને ડર હતો કે, જો સંયુક્ત મતાધિકાર દ્વારા દલિતોનો પ્રતિનિધિ ચૂંટવામાં આવશે તો બોદો હશે, સવર્ણોનો બગલબચ્ચા જેવો હશે. સાચો નિષ્ઠાવાન, પ્રતિનિધિ ચૂંટાઈ શકશે નહિ. જો કે તે સમયનો ભય આજે સાચો પડ્યો છે. દલિતવર્ગોને તેમના પ્રતિનિધિઓથી ભારોભાર અસંતોષ છે. કોઈ વ્યક્તિનો જેમ ઉત્કર્ષ થાય મહાન બને તેમ તેના વિરોધી ઈર્ષાળુ લોકોમાં પણ વૃદ્ધિ થાય છે. ડૉ. આંબેડકરની બાબતે પણ આવું જ કંઈ બન્યું, જેમ જેમ તેમની કીર્તિ પ્રસરતી ગઈ તેમ તેમ તેમના વિરોધીઓમાં વૃદ્ધિ થતી ગઈ.

ડૉ. આંબેડકરનો વિરોધ કરવામાં એમ.સી.રાજા આગળ આવ્યા. પોતે કેન્દ્રીય એસેમ્બલીના સભ્ય હોવા છતાં બેમાંથી એક પણ ગોળમેજી પરિષદનું નિમંત્રણ તેમણે મળ્યું નહોતું. તેનો તેમને ભારે વસવસો હતો, દુઃખ હતું, પરંતુ સરકારે જ નીતિ નક્કી કરી હતી, કે જે કેન્દ્રીય એસેમ્બલીમાં સભ્ય હોય તેઓ ગોળમેજી પરિષદમાં પ્રતિનિધિ તરીકે જઈ શકશે નહિ." (રામચંદ્ર બનૌધા પૃ.૧૨) તેમને સેન્ટ્રલ એસેમ્બલીમાં રહેવું છે અને ગોળમેજીમાંપણ જવું છે, તે બે વાતો બની શકે નહિ. મનમાં ભારે અજંપા સાથે બેઠા હતા, પરંતુ ડૉ. આંબેડકર જ્યારે ગોળમેજી પરિષદમાંથી પરત આવ્યા અને રાષ્ટ્રીય સ્તરે તેમની જે મહત્તા વધી તે જોઈને તેમને ભારે પસ્તાવો થવા લાગ્યો. તેઓ રાષ્ટ્રીય નેતા થવાની કોઈ તકની પતિક્ષા કરી રહ્યા હતા. તેવામાં હિન્દુ મહાસભાના નેતા ડૉ. બા. શિ. મુજે મળ્યા. તેમણે બન્નેએ એક 'પેકેટ' કર્યા. જે '**રાજા-મુજે પેકટ**' તરીકે ઓળખાયો હતો. આ પેકેટમાં તેમણે ડૉ. 'આંબેડકરની' અલગ મતાધિકાર સ્વતંત્ર મતદાર સંઘની માગણીનો વિરોધ કરી સંયુક્ત મતાધિકારની માંગણીની હિમાયત કરી હતી. હવે તેઓ ડૉ. આંબેડકરનાં વિરોધ કરવા લાગ્યા હતા.

આ એમ.સી.રાજાએ માત્ર ચાર માસ પૂર્વે "ઓલ ઈન્ડિયા ડિપ્રેસ્ડ ક્લાસીઝ કોન્ફરન્સ" (ગુડગાંવ-પંજાબ)ના નવમાં અધિવેશનના પ્રમુખસ્થાનેથી તા. ૩૧-૧૦-૧૯૩૧ના દિવસે અલગ મતાધિકાર - સ્વતંત્ર મતદાર સંઘની જોરદાર માગણી કરતાં કહ્યું હતું કે, "**ગાંધીજી વિષે મને આદર હોવા છતાં કહું છું**

**કે, રાજકીય વ્યક્તિ તરીકે તેઓ દલિત વર્ગોના દોસ્ત બની શકે નહિ. ગોળમેજી પરિષદમાં ગાંધીજીએ રાજનીતિજ્ઞ તરીકે, રાજકીય પક્ષના વડા તરીકે કૉંગ્રેસ પક્ષની વકીલાત કરી છે, સમગ્ર રાષ્ટ્રની નહિ. કૉંગ્રેસ પક્ષની કારોબારીના કારણે તેમના હાથ બંધાઈ ગયેલા છે, તે તેની ઉપરવટ જવાની હિંમત દાખવી શકે નહિ. અસ્પૃશ્યતા નિવારણ બાબતે ગાંધીજી અને કૉંગ્રેસનું વલણ વખણાવા જેવું નથી. હું દલિતોને આ તબક્કે ગાંધીજીથી સાવધ રહેવાની ચેતવણી આપું છું. આ સંદર્ભમાં મારા મિત્ર ડૉ. આંબેડકરને "સ્વતંત્ર મતદાર સંઘ"ની માગણી કરવા બદલ હાર્દિક અભિનંદન આપું છું. તેમની હિંમત દાદ માંગી લ્યે તેવી છે, જો કે ડૉ.આંબેડકર વ્યક્તિગત રીતે સંયુક્ત મતદાન પદ્ધતિ સાથેની અનામત બેઠકોના હિમાયતી હતા, તેમ છતાં તેમણે અમારા આગ્રહથી આવી માંગણી મૂકી હતી."** ગુજરાતી દૈનિકે પોતાના તા. ૧૪-૧-૩૨ના અંકમાં અગ્રલેખ લખી. ડૉ. આંબેડકરના વિચારોનું સમર્થન કર્યું. તેમજ કરેલ આક્ષેપોને રદિયો આપ્યો.

## ૫ : ૨ : ૩ અલગ મતાધિકાર - સ્વતંત્ર મતદારો મંડળનો સર્વત્ર સ્વીકાર

રાવસાહેબ, બી.વાય. મુન્ના સ્વામી પિલ્લેની અધ્યક્ષતામાં તા. ૭ અને ૮ મે, ૧૯૩૨ના દિવસે ઓલ ઈન્ડિયા ડિપ્રેસ્ડ ક્લાસીઝ એસોસીએશનના કામઠી (નાગપુર) મુકામે મળેલા બીજા અધિવેશનમાં ડૉ. આંબેડકરે મુખ્ય મહેમાન તરીકે હાજરી આપી. નાગપુર સ્ટેશનથી ભવ્ય સરઘસ કાઢી ડૉ. આંબેડકર તથા રા.બ.શ્રી નિવાસનનું દસ કિલોમીટરના રસ્તામાં ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. સરઘસમાં પંદર હજાર લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેમાં પાંચ હજાર સ્ત્રીઓ હતી. ડૉ. આંબેડકરની આરતી ઉતારવામાં આવી. પરિષદના પ્રારંભમાં ડૉ. આંબેડકરે ગોળમેજી પરિષદની કાર્યવાહીનો વિસ્તૃત અહેવાલ પ્રસ્તુત કર્યો. તાળીઓના ગડગડાટ વચ્ચે તેને વધાવી લેવામાં આવ્યો.

સમગ્ર ભારતમાંથી આવેલા પ્રતિનિધિઓએ એકી અવાજે ડૉ. આંબેડકરની 'અલગ મતાધિકાર'ની માગણીને આવકારી હતી. ડૉ. આંબેડકરનો જયઘોષ કરવામાં આવ્યો હતો, તેવી જ રીતે અખિલ બંગાળ નામશૂદ્ર એસોશિયેશને તેનું ૧૪મું અધિવેશન તા. ૧૭ એપ્રિલ, ૧૯૩૨ના દિવસે કલકત્તા આલ્બર્ટ હૉલમાં ડૉ. કાલીચરણ મંડલની અધ્યક્ષતામાં ભર્યું. તેણે "રાજા-મુંજે કરાર"નો વિરોધ કરી ડૉ. આંબેડકરની સ્વતંત્ર મતદાર સંઘની માગણીને સંપૂર્ણ રીતે સમર્થન આપ્યું હતું. અલ્હાબાદમાં સ્વામી અછૂતાનંદના પ્રમુખસ્થાને મળેલી પરિષદે તેમજ ઉટાકામંડમાં મળેલી દલિતોની પરિષદે પણ ડૉ. આંબેડકરની અલગ મતાધિકારની માગણીને સમર્થન કર્યું તેમજ ગાંધીજી-કૉંગ્રેસની કાર્યવાહીની નિંદા કરી હતી. કામરુ દેશથી કરાંચી અને કાશ્મીરથી કન્યાકુમારી સુધીના જાગ્રત દલિતોએ ડૉ. આબેડકરને પોતાના નેતા તરીકે સ્વીકારી તેમની માગણીઓને સમર્થન આપ્યું હતું.

ડૉ. આંબેડકરને સમગ્ર રાષ્ટ્રમાંથી સમર્થન સાંપડી રહ્યું હતું. ઠેર ઠેર તેમનાં સન્માન માટે દલિત સમાજ પ્રતીક્ષા કરી રહ્યો હતો. પૂના પહોંચ્યા તો પૂનામાં પદદલિતોએ ચાંદીની ફ્રેમમાં મઢી સન્માનપત્ર આપ્યું. ત્યાંથી કોલ્હાપુર આવ્યા. કોલ્હાપુરના કર્ણાટકી સમાજે તા. ૨૩-૫-૧૯૩૨ના દિવસે દીવાન બહાદુર અણ્ણા બાબાજી લઠ્ઠેના પ્રમુખસ્થાને દશ હજાર દલિતોની જંગી મેદનીખે ડૉ. આંબેડકરનો જયઘોષ કર્યો અને બેતાજ બાદશાહ તરીકે સંબોધીને સન્માનપત્ર અર્પણ કર્યું. તેમને ઉદ્ધારક તરીકે નવાજ્યા હતા. ડૉ. આંબેડકરે સન્માનનો ઉત્તર આપતાં કહ્યું, **"આજે રાષ્ટ્રમાં મને દેશદ્રોહી-હિન્દુધર્મ વિઘાતક ઈત્યાદિ કહેવામાં આવે છે, પરંતુ આ વાદળો વિખરાઈ જશે, ગોળમેજી પરિષદની કાર્યવાહીની તટસ્થભાવે મૂલવણી જશે ત્યારે મારા વિરોધીઓને પણ એક વાત કબૂલ કરવી પડશે કે "ડૉ. આંબેડકરે રાષ્ટ્ર માટે ઘણું ઘણું કર્યું છે. જો કે મારે મન તો મારા દલિત સમાજનો મારા ઉપરનો વિશ્વાસ એ જ સૌથી મહાન બાબત માનું છું. જે સમાજમાં મારો જન્મ થયો, જેમની વચ્ચે હું જીવું છું અને જ્યાં હું મરવાનો પણ છું, તેમના માટે જ હું કાર્ય કરતો રહીશ... હું રાષ્ટ્રનું સેવાકાર્ય કરતો નથી, તેવી ટીકાઓની પરવા પણ કરતો નથી. સૈકાઓથી સુધારકો જહાલ, મવાળ લોકોએ મારા સમાજ માટે કશુંય કર્યું નથી. હવે તેઓ મારી પાસેથી રાષ્ટ્રીય સેવાકાર્યની અપેક્ષા શા માટે રાખે છે ? મારે મારા સમાજની જ સેવા કરવી જોઈએ. મહાડ, નાસિક, પૂના ઈત્યાદિના મારા સત્યાગ્રહોથી સાબિત થયું છે કે, રુઢિવાદી લોકોનાં હૃદય ઈંટ-પથ્થર જેવા નિર્જીવ-કઠોર છે. માણસને માનવતાના અધિકારો આપવા તથા અન્ય લોકોને સમાનતાનો દરજ્જો આપવો તે તેમના સ્વભાવમાં જ નથી. આ પથ્થરોની દિવાલ સાથે આપણું માથું ભટકાવીશું તો આપણું કપાળ લોહીલુહાણ થશે... પરંતુ તે દીવાલની કઠોરતા નષ્ટ થવાની નથી. તેવી જ રીતે હિન્દુઓના હૃદયની કઠોરતા પણ નષ્ટ થવાની નથી. હવે તે માટે અમે અમારી શક્તિ ખર્ચવા માંગતા નથી. હવે અમે સરકારી**

**અમલદારોની બેઠકમાં વખત કાઢવા માંગતા નથી. અન્ય લોકોની જેમ અમે પણ રાજકીય સત્તા મેળવીને જ જંપીશું. સામાજિક સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરીશું. હવે અમે કોઈના પણ ગુલામ રહેનાર નથી. આ અમારો દૃઢ સંકલ્પ છે."** કોલ્હાપુરથી નિપાણીના સમારંભમાં હાજરી આપી, તેમ છતાં ડૉ. આંબેડકરનું ચિત્ત ઈંગ્લેન્ડમાં હતું. તેમને ડર રહેતો કે, મારી ગેરહાજરીને કારણે કદાચ કાચું કપાઈ જાય તો... ?

વચ્ચે નાસિક સત્યાગ્રહ પણ જોશમાં આવ્યો હતો. ગોદાવરી ઘાટે રામકૂટમાં દલિતોનો પ્રવેશ હિન્દુઓને કોઈપણ સંજોગોમાં સ્વીકાર્ય નહોતો. ડૉ. આંબેડકરને હાઈકોર્ટમાં અપીલ કરવી પડી હતી. ત્યાં ૧૪ એપ્રિલે સમાચાર મળ્યા કે 'સત્યાગ્રહના બે સરસેનાપતિઓ - દાદાસાહેબ ગાયકવાડ અને રણખાંભેની ધરપકડ કરવામાં આવી છે. ડૉ. આંબેડકરે મુંબઈથી જ વ્યવસ્થા કરી જાતે ન જવા બદલ ક્ષમા માંગતા કહ્યું કે, **"કામના ભાર નીચે દબાઈ ગયો છું. સતત કાર્યને લીધે થાકી ગયો છું. એક જ સમયે ક્યાં ક્યાં પહોંચું... અને કેટલાં કાર્યો કરું. એક જ વ્યક્તિ માટે એક જ સમયે આટલાં કાર્યો કરવા અશક્ય છે. વળી મંદિર, મંદિર પ્રવેશ કરતાં રાજકીય અધિકારો મહત્ત્વનાં છે. આજ સુધી હિન્દુઓના મંદિરમાં જનારાં કૂતરાં બિલાડાં, વાંદરા કંઈ જાનવરમાંથી માણસ થયાં નથી. અને આજ સુધી હિન્દુઓના મંદિરોનાં દેવનાં દર્શન ન કર્યા તો આપણે કંઈ મરી ગયા નથી. આપણા રાજકીય અધિકારો જ આપણી ઉન્નતિ કરશે. તે કાર્યને અધવચ્ચે મૂકવું તે આપણા હિતમાં નથી. તેમાં શાણપણ પણ નથી...'**

૧૯૩૨ના મે માસના અંતમાં તેઓ ઈટાલિયન જહાજ દ્વારા ઈંગ્લેન્ડ માટે રવાના થયા. જો કે આ "ઈંગ્લેન્ડ ગમન" તેઓ ગુપ્ત રાખવા માંગતા હતા, તેમ છતાં પરદેશ પ્રવાસના સમાચાર છપાઈ જ ગયા.

ઈંગ્લેન્ડમાં તેમણે સતત સક્રીય કાર્યવાહી કરવા માંડી. દલિતો પ્રત્યે હમદર્દી રાખનારા ઈંગ્લેન્ડનાં રાજપુરુષોને મળી તેમણે પોતાનો કેસ મજબૂત કર્યો. તેમણે બાવીસ પાનાનું એક આવેદનપત્ર પણ સુપરત કરી પોતાની માગણીઓનો કેસ વધારે ચોકસાઈથી સમજાવ્યો. તબિયત લથડી રહી હતી. આરોગ્ય માટે તેઓ જર્મનીના ફેસડેન ખાતે ડૉ. મોલરના આરોગ્યધામમાં થોડો વખત રોકાયા. ત્યાં પણ તેમના જીવને જંપ નહોતો.

ઈંગ્લેન્ડમાં બરાબરીની ગોઠવણી કરી તેઓ ૧૭ ઓગસ્ટે ભારત પરત આવ્યા. સન્માન સમારંભની તેમણે અગાઉથી સાફ ના પાડી હતી. તે તેમને ગમતા પણ નહોતા.

## ૫.૩ - કોમ્યુનલ એવોર્ડની જાહેરાત સામે ગાંધીજીની ઉપવાસની જાહેરાત

વીસમી ઓગષ્ટે વિસ્ફોટ થયો. બ્રિટિશ વડાપ્રધાને સાંપ્રદાયિક ચુકાદા ( Communal-Award - કોમ્યુનલ એવોર્ડ)ની ઘોષણા કરી સ્વતંત્ર મતદાર સંઘ સાથે અનામત બેઠકોની દલિતોની માગણીઓનો સ્વીકાર થયો હતો. તેથી દલિતવર્ગોમાં સર્વત્ર આનંદ વ્યાપી ગયો ત્યારે ગાંધીજી ઉપર વ્રજપાત થયો હતો. હિન્દુઓમાં સર્વત્ર ક્ષુબ્ધતા છવાઈ ગઈ હતી. તેમને તેમાં હિન્દુઓના ભાગલાના ભણકારા સંભળાતા હતા.

ડો.આંબેડકરને પણ કોમી ચુકાદા (Communal Award )થી અસંતોષ હતો. કારણ કે, તેમાં દલિતવર્ગોને તેમની વસ્તીના પ્રમાણમાં ઘણી ઓછી બેઠકો ફાળવી હતી જયારે મુસલમાનોને વસ્તી કરતાં પ્રમાણમાં વધુ બેઠકો ફાળવી હતી. (Transfe of power pp.49) તરત તેમણે સર સેમ્યુલ હોરને રજૂઆત કરતો પત્ર લખ્યો. પરંતુ મહાત્મા ગાંધીજી દલિતોને અપાયેલ અલગ મતાધિકારથી કોપાયમાન થયા હતા. દલિતવર્ગોને તેમનો પોતાનો પ્રતિનિધિ અલગ રીતે ચૂંટવા ઉપરાંત સવર્ણોના પ્રતિનિધિ ચૂંટવાનો પણ અધિકાર આ એવોર્ડથી પ્રાપ્ત થતો હતો, તે ગાંધીજીને હરગિજ મંજૂર નહોતું. તેમણે ઘોષણા કરી કે, દલિતવર્ગોને અપાયેલ અલગ મતાધિકાર જો સરકાર પાછો નહિ ખેંચે તો હું આમરણાંત ઉપવાસ કરીશ અને ઉપવાસ સમયે માત્ર મીઠું નાંખેલું કે સોડાનું પાણી જ પીશ.

હકીકતમાં તો તેમણે બ્રિટિશ વડાપ્રધાનને આ બાબતે ચુકાદો આપવા લવાદ તરીકે સ્વીકૃત કરવાના કરાર ઉપર સહી કરી કાંડા કાપી આપ્યાં હતાં. આથી નૈતિક રીતે પણ તેઓ આ ચુકાદાનો વિરોધ કરી શકે નહિ. તેમને તે સંપૂર્ણ પણે બંધનકર્તા છે. હકીકતમાં તેમણે બ્રિટિશ વડાપ્રધાન સામે નહિ પરંતુ દલિત વર્ગો સામે-ડો.આંબેડકર સામે ઉપવાસ આદર્યા હતા. વળી તેમણે પોતાના ઉપવાસની ભૂમિકા સ્પષ્ટ કરતાં તા.૧૫-૯-૧૯૩૨ના દિવસે સરકારને લખ્યું કે,

"My fast has a narrow application. The depressed classes quation being predominently a religious mattev, I regared it is specially my own by reason of life long concetration on it a sacred personal trust. Which I may not shirke.' (Epic fast pp.117)

જેમાં તેમણે રાજકારણ સાથે ધર્મને પણ આમેજ કર્યો હતો. સાથે સાથે ઉપવાસની ધમકી પણ હતી લંડનના ન્યુઝ ક્રોનિકલમાં જે.એ.સ્પેન્ડરે ગાંધીજીની આ ધમકીને દલિતવર્ગો ઉપરના ખોટા અન્યાય તરીકે વર્ણવી કહ્યું કે અજબ આદમી દુનિયામાં અજબ વાતો કરે છે.' બીજા એક દૈનિકે સ્પષ્ટ લખ્યું કે કોઈપણ દ્રષ્ટિકોણથી નિહાળીએ પરંતુ ગાંધીજીના ઉપવાસનો નિર્ણય દુઃખદ છે. દલિતવર્ગો ઉપર ખુલ્લો અત્યાચાર છે.

ડૉ.આંબેડકર પણ ગાંજ્યા જાય તેમ ન હતા. તેમણે કહ્યું 'દલિત વર્ગોએ પ્રાપ્ત કરેલ નાનકડા અધિકારના કુમળાં છોડને ઉછેરવાની સહેજે પણ ચિંતા ન કરતાં, તેની સામે આમરણાંત ઉપવાસની ધમકી આપવી તે રાજનૈતિક અડંગો છે. ત્રાગું છે. તેમનું આ યુદ્ધ નૈતિક નથી જ. જો તેઓ આવી જ જિદ કર્યા કરશે તો કુદરતી મૃત્યુને બદલે અકુદરતી રીતે મરશે....હું આવાં ત્રાગાંથી વિચલિત થાઉં તેવો નથી. મારો નિર્ણય અકબંધ છે. જો ગાંધીજી હિન્દુઓના હિત ખાતર પોતાના પ્રાણની બાજી લગાવા ઈચ્છતા હોય તો દલિત વર્ગોને પણ ના છુટકે પોતાના હક્કોની હિફાઝત માટે જંગમાં ઝુંકાવવું પડશે.

સ્વામી અછૂતાનંદે પણ અલ્હાબાદની આમ સભામાં ગાંધીજીનો વિરોધ કર્યો.

ગાંધીજીનો મુસલમાને, શીખો, ખ્રિસ્તીઓ ઈત્યાદિ કોઈના પણ અલગ મતાધિકાર માટે વાંધો ન હતો. તેમને માત્ર દલિતવર્ગોને પ્રાપ્ત થયેલ અલગ મતાધિકાર સામેજ વાંધો હતો. જે આશ્ચર્યજનક હકીકત હતી.

ગાંધીજીએ તા.૧૮-૩-૧૯૩૨ના વડાપ્રધાનને લખેલ પત્રમાં પણ સ્પષ્ટ કર્યું હતું કે આને કારણે હિન્દુ સમાજનું ઘણું નુકસાન થશે. અસ્પૃશ્યોને અલગ મતાધિકાર આપવો તે તેમને અને હિન્દુધર્મને ઘાતક નીવડશે.' વડાપ્રધાને પ્રત્યુત્તર પાઠવી કહ્યું.

'સરકારે સઘળી બાજુનો વિચાર કરીને આ નિર્ણય લીધો (દલિતવર્ગોને હિન્દુઓથી અલગ કર્યો નથી.) તેઓને હિન્દુજાતિના એક ભાગ તરીકે તેમને હિન્દુમતદાર સંઘમાં સમાનતાની ભૂમિકા ઉપર મતનો અધિકાર આપ્યો જ છે. હિન્દુ જાતિમાં તેમનું સ્થાન અચળ રહે તે માટે અમે તેમને આ બીજો અધિકાર આપ્યો છે... પરિણામે સવર્ણ હિન્દુ ઉમેદવારો પણ દલિત મતદારો પાસે મતની યાચના કરવા જશે. તેમની વચ્ચે સમન્વય થશે અને આ રીતે હિન્દુ જાતિની એકતા કાયમ રહેશે. આથી હિન્દુ સમાજની એકતા તુટશે તેવી તમારી વાત ખોટી છે. નરકની યાતનામાં રીબાતા અસ્પૃશ્યોને સરકારી યોજનાના કારણે તેમના વતી બોલનારો તેમનો પ્રતિનિધિ ચૂંટવાનો જે હક્કનો લાભ તેમને મળે નહિ તે માટેના આપના ઉપવાસ ખરેખર ખતરનાક આચરણ છે.

## ૫.૩.૧ ગાંધીજીના ઉપવાસ બાબતે ડૉ.આંબેડકરની સ્પષ્ટતા

તા.૧૯-૯-૧૯૩૨ને સોમવારે ડૉ.આંબેડકરે નિવેદન કરી તપસીલવાર વિગતો સમજાવતાં કહ્યું કે, "બ્રિટિશ સત્તાએ જે કોમી ચુકાદો આપ્યો જેમાં દલિતવર્ગોને સર્વાંગી મતદાર સંઘના જે હક્કો આપવામાં આવ્યા છે તેની સામે ગાંધીજીએ આમરણાંત ઉપવાસની જાહેરાત કરી તે જાણી મને ગાંધીજીના આચરણ માટે આશ્ચર્ય થાય છે. હિન્દી, ખ્રિસ્તી, એગ્લો ઈન્ડિયન યુરોપીયન, મુસલમાનો, શીખ, મજૂરવર્ગ અને વેપારીવર્ગ તમામને સ્વતંત્ર મતદાર સંઘો આપવામાં આવ્યા છે. તેમના મતે જો આ સ્વતંત્ર મતદાર સંઘ ભારતની સ્વતંત્રતા માટે અવરોધ હોય તો તેમણે સઘળા સ્વતંત્ર મતદાર સંઘ સામે અથવા સ્વતંત્રતા માટે ઉપવાસ કરવા જોઈએ. તેમ ન કરતાં તેઓ માત્ર દલિતવર્ગોને પ્રાપ્ત થયેલ સ્વતંત્ર મતદાર સંઘની સામે ઉપવાસ કરવા તથા દલિતવર્ગને મળેલા આ અધિકારથી જ દેશને તેની એકતાને ખતરો પેદા થાય છે તેવા પ્રચાર કરવા મેદાને પડયા છે..

હિન્દુ સમાજમાં કેટલાય સુધારકો છે અને તેઓ અસ્પૃશ્યતાના નાશ માટે યોગ્ય લાગે તે કરશે. આવા દિલાસા હવે દલિતોને પોષાય નહિ. સવર્ણ હિન્દુઓ દ્વારા સહેજ દમ મારવામાં આવે તો બિચારા

સુધારકો સવર્ણોની જોડે બેસી જાય છે. તેના કડવા અનુભવો અમને મહાડ,નાસિક અને પૂનાના સત્યાગ્રહોમાં થયા જ છે. આવા ગભરૂ વિશ્વાસઘાતી સુધારકો દ્વારા દલિતોના હિતનું સંરક્ષણ કદાપિ થઈ શકે નહિ. હા કોમી ચુકાદામાં મળેલ રાજકીય અધિકારો કરતાં વધારે અધિકારો દલિતવર્ગોને મળે તેવી કોઈ નક્કર યોજના જો ગાંધીજી રજૂ કરશે તો અમે તેના વિષે વિચારીશું. બાકી ઉપવાસ કરી બધાને બીવડાવવું તેમજ મારો કક્કો જ ખરો તેવું મહાત્માજીનું આચરણ અરેરાટી ઉપજાવે તેવું છે. વળી આ રીતે દલિત વર્ગોને ચૂપ કરી પોતાની તરફ વાળવાનો પ્રયત્ને કદાપિ સફળ થશે નહિ. ગોળમેજી પરિષદમાં ગાંધીજીએ દલિતવર્ગોની માગણીઓનો વિરોધ કર્યો હતો, જયારે મે તેમની ભૂમિકાનો વિરોધ કર્યો ત્યારે ભારતનાં રાષ્ટ્રીય વર્તમાનપત્રોએ તેમજ નેતાઓએ મારા ઉપર ગાળોનો વરસાદ વરસાવ્યો. હું દેશદ્રોહી છું તેવું રટણ કરવા લાગ્યા. મારી વાત પણ તેઓ સાંભળવા તૈયાર ન હતા. વર્તમાનપત્રો મારો ખુલાસો પણ છાપતા નહોતા. ઊલટાનો મારી વિરૂદ્ધ ઝેરી પ્રચાર કર્યો. કોંગ્રેસના પગારદાર પ્રચારકોએ દલિતોમાં ટંટા બખેડા ઊભો કયો ભાગલા પાડયા. હવે જયારે હું ગાંધીજીના ઉપવાસનો વિરોધ કરૂં છું.ત્યારે આ જ રાષ્ટ્રીય વર્તમાનપત્રો અને નેતાઓ પ્રચાર કરે છે કે દલિતો અને હિન્દુ વચ્ચે ટંટા બખેડા થશે. હકીકતમાં તો ગાંધીજીના ઉપવાસથી જ આ બધું બનશે. ગાંધીજીના આ ઉપવાસ બિલકુલ અન્યાયી અયોગ્ય છે. તેમણે આ ઉપવાસનું અસ્ત્ર હિન્દુ મુસલમાન કે હિન્દુ અસ્પૃશ્ય એકતા માટે અથવા કોઈ મહત્ત્વના રાષ્ટ્રીય કાર્ય માટે વાપરવું જોઈતું હતું. અસ્પૃશ્યોના અલગ રાજકીય અધિકારોની માગણીથી અસ્પૃશ્યોને હિન્દુસમાજથી અલગ કરવાની કોઈ વાત જ નથી. ( તે તો ગાંધીજીનો પોતાનો 'ફોબિયા' - કાલ્પનિક ભય હતો ) હકીકતમાં તો હિન્દુઓની માલિકીમાંથી અસ્પૃશ્યોને મુક્ત કરવાની વાત છે. હું દલિતવર્ગોનું રાજકીય ભાવિ હિન્દુઓને યાવત્ચંદ્ર દિવાકરૌ આધીન કરી દઈશ તેવું ધ્યેય ગાંધીજીના ઉપવાસનું હોય તો તો હું તમામ શક્તિ લગાવી તે ઉપવાસનો વિરોધ કરીશ જ ...

'' કોમી ચુકાદામાંની યોજના જો તેમને સ્વીકાર્ય ન હોય તો તેમણે તેમની પોતાની યોજના વિકલ્પે રજૂ કરવી જોઈએ જેથી તેના ઉપર વિચાર વિનિમય કરી શકાય. માત્ર તેમના મહાત્માપણા ઉપર વિશ્વાસ મૂકી હું મારા લોકોના જીવન મરણનો પ્રશ્ન તેમને સોંપી શકું નહિ કારણ કે મહાત્મા કોઈ અમરપટ્ટો લઈને આવેલ વ્યક્તિ નથી અને કોંગ્રેસ કાંઈ અમર સંસ્થા નથી. અસ્પૃશ્યતા મિટાવવી અને હિન્દુસમાજમાં સમરસ કરવાના ધ્યેયવાળા અત્યાર સુધીમાં અનેક મહાત્મા આવ્યા અને ગયા, પરંતુ બધા જ તેમના મિશનમાં નિષ્ફળ ગયા છે. દલિતોની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો નથી. હજારો વર્ષોથી અસ્પૃશ્ય તરીકે જીવ્યા અને આજે પણ અસ્પૃશ્ય જ છીએ.''

હું મારા લોકો સાથે વિશ્વાસઘાત કદાપિ કરી શકું નહિ. એક બાજુ ગાંધીજીના પ્રાણ અને બીજી બાજુ મારા દુઃખી દરિદ્ર દલિતોના અધિકાર હોય ત્યારે મારે કઈ બાજુએ રહેવું તે નક્કી કરવાનો કઠોર પ્રસંગ ગાંધીજી મારા ઉપર લાદે નહિ તેવી આશા રાખું છું.''

## ૫.૪ - પૂના કરાર સમજૂતી માટેના પ્રયત્નો

આમ, ડો.આંબેડકર પોતાના વિચારોમાં સ્પષ્ટ અને મક્કમ હતા. હિન્દુનેતા પંડિત મદન મોહન માલવિયાએ મોરચો માંડવા સિમલાથી તાર કરી દિલ્હીમાં પરિષદ લેવાની જાહેરાત કરી પરંતુ મોડે મોડે મોરચો મુંબઈ આણ્યો. ૧૮મી તારીખે રવીવારે સવારે માલવિયાજી ડો.આંબેડકરને મળવા આવ્યા અને તેમણે આગ્રહ રાખ્યો કે, ડો.આંબેડકર ગાંધીજીને મળે. આંબેડકરે સાફ ઈન્કાર કરતાં કહ્યું કે, તમો મારા ઉપર જબરજસ્તી કરો તે ઠીક નહિ. માલવિયા નિરાશ વદને કોંગ્રેસ હાઉસ પહોંચ્યા સઘળી હકીકત કહી સાંજના ત્રણેક વાગે દાદાભાઈ નવરોજીની પૌત્રી, શ્રીમતી પેરીન કેપ્ટન, હંસા મહેતા, કમલા નહેરૂ, સ્વરૂપરાણી નહેરૂ ઈત્યાદી ૧૦-૧૫ કોંગ્રેસી મહિલા સેવિકાઓ સાથે અમૃતલાલ ઠક્કરે ડો.આંબેડકરની ઓફિસે અડંગો નાંખ્યો. સેવિકાઓએ કહ્યું કે આંબેડકર સાહેબ તમે મહાન પુરૂષ છો ગાંધીજીના પ્રાણ તમારા હાથમાં છે તેમના પ્રાણ બચાવો...' બાબાસાહેબ આ સમયે સાવંતવડીના મશહૂર ખૂનખટલાનાં કેસપેપરનો અભ્યાસ કરી રહ્યા હતા તેમણે કહ્યું કે, 'મારે મારા અસીલોના પ્રાણ બચાવવાના છે. ગાંધીજીના પ્રાણ બચાવવા બાબતે મારો સો સંબંધ ?' સાવંતવાડી ખટલામાં કેટલાકને ફાંસી અને કેટલાંકને જન્મટીપની સજા થઈ હતી. હાઈકોર્ટમાં તેની અપીલમાં એડવોકેટ તરીકે ડો. આંબેડકર હતા. આ ખટલો ઘણો જ ગંભીર હતો ૪૫ આરોપીના જીવન મરણનો સવાલ હતો. વળી બીજા દિવસે તેની મુદત પણ હતી એટલે ડો.આંબેડકરનું કથન તદ્દન સાચું જ હતું. પરંતુ માત્ર પોતાના સ્વાર્થમાં રાચનારા લોકોને આ સત્ય હકીકત ગળે ઊતરી નહિ તેમણે આ વાતને મીઠું મરચું ભેળવી મસાલેદાર બનાવી. સમગ્ર મુંબઈમાં

ફેલાવી...ગાંધીવાદી હિન્દુ લોકો ડો.આંબેડકરને ગાળો ભાંડવા લાગ્યા.

૧૯મીને સવારે બેરિસ્ટર જયકર તેમજ સર તેજબહાદુર સપ્રુએ ડો.આંબેડકરને ટેલિફોન કરી વિનંતી કરી કે, 'પંડિત માલવિયાની વિનંતીને સ્વીકારી હિન્દુઓની મિટિંગમાં પધારો..કંઈક રસ્તો કાઢીશું.' ડો. આંબેડકરને જયકર અને સપ્રુની ન્યાયબુદ્ધિ માટે ઘણો આદર હતો ગોળમેજીમાં તેઓ સાથે જ હતા. એટલે આ બે આગેવાનોની ટેલીફોન ઉપરની ભૂમિકા પછી પુનઃ પંડિત મદન માલવિયા ડો.આંબેડકરને મળવા ગયા અને મિટિંગમાં આવવા વિનંતી કરી જેનો ડો.આંબેડકરે સ્વીકાર કર્યો.

## ૫.૪.૧ માલવિયાની અધ્યક્ષતામાં મળેલ મિટીંગમાં ડો.આંબેડકરની સ્પષ્ટતા

દાદાભાઈ નવરોજીની પૌત્રી શ્રીમતી પેરીન કેપ્ટને ડો.બાબાસાહેબ આંબેડકરને પોતાની કારમાં બેસવા વિનંતી કરી. ડો.આંબેડકરે સાભાર અસ્વીકાર કર્યો અને પોતાની ગાડીમાં પોતાના સાથીઓ ગણપત જાદવ (મટકેબુવા) ડૉ પી.જી. સોલંકી, દેવરાય નાઈક, પ્રધાન, કવળી ઈત્યાદિ સાથે ગુજરાતી વિશાળ ફાર્બસ હોલમાં પંડિત માલવિયાની અધ્યક્ષતામાં મળેલી સભામાં પહોંચી ગયા.

સભામાં સમગ્ર ભારતના વિચક્ષણ હિન્દુ મુત્સદીઓ હતા જેવા કે પંડિત માલવિયાજી ડો.રાજેન્દ્રપ્રસાદ , ડો.મૂંજે, બેરિસ્ટર જયકર, બેરિસ્ટર તેજબહાદુર સપ્રુ,સર ચીમનલાલ સેતલવડ, શેઠ વાલચંદ હીરાચંદ, સર પુરૂષોતમદાસ, ટી પ્રકાશન, હૃદયનાથ કુંજરુ આવા અનેક કુશળ અને કસાયેલા નેતાઓએ ડો.આંબેડકરને જાણે કે ઘેરો ઘાલ્યો હોય તેવી પરિસ્થિતિ પેદા કરી હતી. સભામંચ ઉપર પ્રમુખની સમીપ બે અસ્પૃશ્ય નેતાઓ ડો.આંબેડકર અને ડો.પી.જી.સોલંકીએ સન્માનપૂર્વક બેસાડયા હતા.

પ્રારંભમાં મથુરદાસ ત્રિકમજી, બેરિસ્ટર જયકર ઈત્યાદિ હિન્દુ આગેવાનોએ ડો.આંબેડકરને હૃદયસ્પર્શી અપીલ કરતા કહ્યું કે, '' ડો આંબેડકર ગમે તે ભોગે મહાત્મા ગાંધીજીના પ્રાણ બચાવો..તે તમારા હાથમાં છે. અંતે ડો.આંબેડકરને બોલવાની વિનંતી કરવામાં આવી બધાના બોલ્યા પછી બાબાસાહેબ ઊભા થયા. દરેકના મનમાં ભારે અકળામણ હતી. ડો.આંબેડકર શું બોલશે તેની જિજ્ઞાસા હતી સમગ્ર વાતાવરણમાં સન્નાટો છવાઈ ગયો હતો ધીર, ગંભીર અને અભય આંબેડકરે પોતાના સ્પષ્ટ પ્રવચનમાં સાફ શબ્દોમાં કહ્યું.

'ગાંધીજી માત્ર દલિતોના જ અલગ મતાધિકારનો વિરોધ કરે છે અને તેને માટે આત્મદ્રોહ સુધી તૈયારી કરી રહ્યા છે, પરંતુ શીખ, મુસલમાનો, ખ્રિસ્તી વગેરેના અલગ મતાધિકારનો વિરોધ કરતા નથી. આ બાબતે મારે માથે ખલનાયકની ભૂમિકા આવી પડી છે, વળી જે મારા ઉપર લાદવામાં આવી છે...'

'વડાપ્રધાન કોમી ચુકાદા ( Communal Award ) થી દલિતવર્ગોની સમસ્યા મારા પૂરતી તો પૂરી થઈ છે, પરંતુ જો તમને કે ગાંધીજીને આ માન્ય ન હોય તો તમારે શું જોઈએ છે તે સૌ પ્રથમ ગાંધીજીએ કહેવું જોઈએ તેના ઉપર હું સંપૂર્ણ વિચાર કરીશ કે તેનાથી દલિતવર્ગોનું હિત કેટલે અંશે શક્ય બનશે. તે જોયા પછી હું તમને જવાબ આપીશ.' તમે કોરા સિધ્ધાંતવાદી પંડિતો દેશભક્તો જો અમને તમારા પોતીકા ન ગણતા હો તો અમારા ઉપર સંયુક્ત મતાધિકાર લાદવાનો તથા તમારા ધર્મ સાથે અમને ચીપકાવી રાખવાનો તમને કોઈ નૈતિક અધિકાર નથી.''

''પરંતુ જેને હું મારૂં પવિત્ર કર્તવ્ય માનું છું, તેમાંથી સહેજ પણ પાછી પાની કરીશ નહિ. હિન્દુસ્તાનની મહાન વિભૂતિ એવા મહાત્મા ગાંધીજીનો પ્રાણ મને પ્રિય હોય તો પણ મારા છ કરોડ દલિતોના અધિકારો મને તેનાથી સહેજ પણ ઓછા પ્રિય હોય એવું નથી જ. મારી પ્રથમ ફરજ એ છે કે, મારા દલિતવર્ગોના હક્કોની હિફાજત કરવી. માત્ર ગાંધીજીના પ્રાણ બચાવવા ખાતર હું દલિતવર્ગોના રાજકીય અધિકારોને તિલાંજલિ આપી શકુ નહિ. પછી ભલે તમે બધા ભેગા મળી મને મ્યુનિસિપાલિટીના પેલા વીજળીના થાંભલે ફાંસીએ લટકાવો...મને તેની સહેજ પણ પરવા નથી...''

આ વાક્યો ઉચ્ચારતાં ડો.આંબેડકરનું સમગ્ર શરીર ધ્રુજી ઊઠયું આંખોમાં રોષ ભભૂકી ઊઠયો હાથ

ઊંચા થયા...અવાજ એકદમ આકરો થઈ ગયો..સમગ્ર સભાગૃહ સ્તબ્ધ થઈ ગયું. મુત્સદીઓ મૂંઝાઈ ગયા. નેતાઓ હતપ્રભ થઈ ગયા કેટલાકને કાળજે ધ્રાસકો પડયો ધ્રુસકે ધ્રુસકે રડી પડયા.. પેની દૃષ્ટિના પત્રકારોએ તેમના પ્રકોપની નોંધ લીધી અને સ્ફૂર્તીલા ફોટોગ્રાફરોએ તસવીરો પણ ઝડપી લીધી. વળી અખબારોમાં આગવી પ્રસિદ્ધી આપી. આ સમાચારોથી બીજા દિવસે કાગારોળ મચી ગઈ. ડો.આંબેડકર સામે એક મોટું તોફાન, વંટોળ પેદા થયો હતો.



**'તમારી પ્રગતિ ચકાસો -૨'**

નીચેની ખાલી જગ્યામાં તમારા જવાબો લખો.

(૧) બીજી ગોળમેજી પરિષદ પૂર્વે ગાંધી-આંબેડકર મુલાકાતની ચર્ચાનો સારાંશ લખો.

______________________________

______________________________

______________________________

(૨) બ્રિટીશ સરકાર દ્વારા જાહેર કરેલ 'કમ્યુનલ એવોર્ડ' માંના અલગ મતાધિકારની માગણીના મુદ્દા સમજાવો.

______________________________

______________________________

______________________________

(૩) ગાંધીજીના ૨૦-૯-૧૯૩૨થી ૨૪-૯-૧૯૩૨ સુધીના ઉપવાસ સંદર્ભે ઘટેલી ઘટનાઓ વર્ણવો.

______________________________

______________________________

______________________________

(૪) પૂના કરાર પૂર્વે દલિતોના હિત માટેનો ડો.આંબેડકરનો અભિગમ સમજાવો.

______________________________

______________________________

______________________________

(૫) ડો.આંબેડકરને હિન્દુ સમાજમાંથી મળતી ધમકીઓ અને પ્રતિભાવ જણાવો.

______________________________

______________________________

______________________________

## ૫:૪:૨ હિન્દુ સમાજમાંથી ડૉ. આંબેડકરને મળતી ધમકીઓ

હિન્દુલોક તેમની વિરૂધ્ધ હતો વળી આજે ગાંધીજીના ઉપવાસનો પ્રારંભ થવાનો હતો. તેણે બળતામાં ઘી હોમ્યું હતું. જોકે, ડો.આંબેડકર ગાંધીજીના ઉપવાસ બાબતે-બેફિકર-બેપરવા હતા. કારણ કે, તેઓ અગમનાં એંધાણ પારખી ગયા હતા તેમના મનમાં આવનારી વિકટ પરિસ્થિતિની સ્પષ્ટ કલ્પના હતી જ એટલે જ ૧૯મીની સાંજે તેમણે દલિત કાર્યકરોની સભા ભરી આવનારા વાવાઝોડાથી સાવધ રહેવા હાકલ કરી. સભામાંના વાર્તાલાપમાં તેમણે કહ્યું ‘ મને ખતમ કરી આ લોકો તમારા નેતા થશે ’ આ સાંભળી સંભાજી ગાયકવાડ એકદમ રડવા લાગ્યા.અન્ય બીજા કાર્યકરો પણ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા ત્યાં તો બાબાસાહેબ બોલ્યા...

‘અરે ! આપણે તો સૈનિકોના સપૂતો છીએ. આપણા વંશજો લડવૈયા હતા. લડતાં લડતાં વીરગતિ પામીએ પરંતુ પાછા ન પડીએ એ જ આપણું એકમાત્ર ધ્યેય હોય છે. આમ રડવાથી કેમ ચાલશે ? ચાલો કાલે મુંબઈની ચાલીઓ ખુંદી નાંખો...ગામડે ગામડે પહોંચી જાઓ આપણે પણ આપણા લોકોમાં લોકજાગૃતિ આણવી પડશે જ. હતાશા થયેલા કાર્યકરોમાં ચેતના ચમકી. વિદ્યુત વહેતી થઈ અને એ રાતથી જ કાર્યકરો દલિત જાગૃતિ માટે જામી પડયા.’

પેલી બાજુ ૨૦મીને મંગળવારે બપોર ગાંધીજીએ યરવડા જેલમાંથી ઉપવાસની ઘોષણા કરી અસ્પૃશ્ય નેતા ડો.આંબેડકર ઉપર ઉપવાસનું અસ્ત્ર છોડયું. સમગ્ર રાષ્ટ્રમાં હલચલ મચી ગઈ.

ડો.આંબેડકરના ચાર મિનાર (દાદર) ના નિવાસસ્થાને રાજપુરૂષોનાં ચક્કર ચાલું થઈ ગયાં. તેઓ સાતંવાડી ખૂન ખટલા માટે નીકળતા હતા ત્યાં અમૃતલાલ ઠક્કર આગેવાનોના ઝુંડ સાથે આવ્યા. તેમણે હાલના તબક્કે ડો.આંબેડકરને સાવંતવાડી ન જવા વિનંતી કરી અને તેઓ ડો.આંબેડકરને સમજાવી શક્યા.

જોકે સામાન્ય હિન્દુ સમાજના લોકો ઘણા જ ઉશ્કેરાયેલા હતા તેઓ ડો.આંબેડકરને ટેલિફોનથી તેમજ પત્ર લખીને જાનથી મારી નાંખવાની ધમકીઓ પણ મોકલતા હતા કેટલાકે લોહીથી લખેલા ધમકીપત્રો પણ મોકલ્યા હતા જેનો એક નમૂનો ડો.આંબેડકરના ‘જનતા’ પત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો તે અક્ષરશ આ પ્રમાણે હતા.

**ડો.આંબેડકર,**

**જો તમે દિવસ ચારમાં મહાત્મા ગાંધીજીની માગણી મંજૂર કરશો નહિ તો તમારી જાન લેવામાં આવશે. માટે તમારો જીવન તમને વહાલો હોય તો મહાત્મા ગાંધીજીની માગણી મંજૂર કરીને તેઓને ઉપવાસમાંથી જલદી છોડાવો. આ ચેતવણી છેલ્લી છે. હવે જુદી તકરાર છોડી દેજો નહિ તો તમારૂં ખૂન કરવામાં આવશે.’’**

લિ. હરિભાઈ કે. ભટ્ટ,
બી.પીઈ.ઈ.ના એક મેમ્બર અને કાર્યકર

બોમ્બે સિટિજન્સ કમિટિ ( Bombay Citizen's Emergency Comittee ) નામક એક સંસ્થાની તાત્કાલિક સ્થાપના કરવામાં આવી અને એના ઉપક્રમે એક જાહેર સભા ભરવામાં આવી. જેમાં ડો.આંબેડકર અને તેમના સાથીઓને બેફામ રીતે ભાંડવામાં આવ્યા. અંતે ચેતવણી આપતો ઠરાવ કર્યો કે,

‘...આવા કપરા સંજોગોમાં તેમણે હિન્દુઓની સાથે જ પોતાના હિતનો વિચાર કરવો જોઈએ જેને કારણે બે અપ્રિય ઘટનાઓ ટાળી શકાય. એટલે કે ગાંધીજીનું મૃત્યુ અને તેનાથી સ્વાભાવિક પેદા થતી હિન્દુઓની પ્રતિશોધની ભાવના .’ (એટલે ધમકી )

ડો.આંબેડકરે કમિટિને કહેવડાવ્યું કે, તમારી કમિટિ અને તેનો ઠરાવ અમારા માટે પડકારરૂપ છે. એક બાજુ અમને બેફામ રીતે ભાંડવા-ધમકી આપવી અને બીજી બાજુ સમાધાનની વાત કરવી તે કેવી રીતે શક્ય બને ! અમારી વિરૂદ્ધ ગંદો પ્રચાર કરી તેમણે અમારી પાસેથી સમાધાનની આશા રાખવી જોઈએ નહિ. કાં તો તેમણે સમજૂતી કરી લેવી જોઈએ અથવા મન મૂકીને અમારી સાથે લડી લેવું જોઈએ...અમે તે માટે તૈયાર છીએ. બિચારી કમિટિ કવેળાએ જ કરમાઈ ગઈ.

રૂઢિવાદીઓના પિયર તરીકે પંકાયેલા પૂણેમાં, અંગ્રેજ ગવર્નરને ગોળીઓ વીંધનારા ગોગટે પંથના કેટલાક પૂણેરી યુવાનોએ ડો.આંબેડકરના ખૂન માટે એક ગુપ્ત કાવતરાનું આયોજન કર્યું. ડો.આંબેડકરને જ ખતમ કરીએ એટલે બધી જ મુશ્કેલીઓનો અંત આવે અને ગાંધીજીના પ્રાણ બચી જાય...કૂર્તકોટિના શંકરાચાર્ય પાસે સલાહ લેવા ગયા. **શંકરાચાર્ય તેમને સાફ સુણાવી દીધું કે, "તમારા આ એક અવિચારી દુષ્કૃત્યથી એક આંબેડકરના રક્તબિન્દુઓમાંથી અનેક આંબેડકર પેદા થશે. તેને તમે કે હું કોઈ રોકી શકીશું નહિ. બિચારા વીલે મોઢે પૂના પાછા ફર્યા...."**

ડો. આંબેડકરને આ વાતની ખબર પડી ત્યારે તેમણે ખડખડાટ હાસ્ય વચ્ચે કહ્યું'' હું મોતથી ડરતો નથી, મોત મારાથી ડરે છે...'આવી ઝંઝાવાતી પરિસ્થિતિ વચ્ચે પણ ડો.આંબેડકર સંપૂર્ણ સ્વસ્થતાથી પોતાનું કાર્ય કરતા હતા. ભય તેમનાથી દૂર જ ભાગતો હતો.

તે સમયના પ્રતિભાવો વ્યક્ત કરતી મહાદેવભાઈ દેસાઈની ડાયરીનાં કેટલાંક પાનાં જોવા જેવાં છે. આંબેડકરના ૨૦-૯ના નિવેદન અને પ્રવચન વિષે પ્રતિભાવ આપતાં ગાંધીજીએ કહ્યું, ' ગઈકાલે આંબેડકરનું સ્ટેટમેન્ટ વંચાતું હતું તે સાંભળી મને જરાય ક્રોધ નથી થતો એમને આ બધું કહેવાનો અધિકાર છે. આજે તે જે કરી રહ્યા છે, અંત્યજો ચીડાઈને જે કરી રહ્યા છે હું તે લાગનો છું. આપણે બધા જ એ લાગના છીએ.'' (મહાદેવ દેસાઈ ડાયરી -૨, પૃ-૬૪)

'ટાઈમ્સના એક લેખમાં લેખકે સ્પષ્ટ લખ્યું :

'કોમી ચુકાદાની ટીકા કરવાને બદલે સર્વસમંત નિરાકરણ કેમ રજૂ કરવામાં આવતું નથી દલિતવર્ગોને હિન્દુઓથી છુટા પાડવાથી હિન્દુધર્મના ભાગલા પડે છે તે વાત સાચી પરંતુ તેને માટે ગાંધીજી જવાબદાર છે. કારણ કે, (ગોળમેજીમાં) આ લોકો માટે અનામત બેઠકો પણ આપવાની તેમણે (ગાંધીજીઓ) ના કહી ત્યારે જ ડો.આંબેડકરને આ અલગ મતદારમંડળની માગણી કરવાની ફરજ પડી હતી. હજી પણ આંબેડકર અને બીજા સમજી જાય અને આ અનામત બેઠકો કબૂલ કરે તો અલગ મતદારમંડળો રદ થાય. દુઃખની વાત તો એ હતી કે દલિતવર્ગના જ કેટલાક આગેવાનો ગાંધીજીનું સમર્થન કરી ડો.આંબેડકરનો અલગ મતાધિકારનો વિરોધ કરતા હતા. જેમાં નારાયણરાવ કાજેરોળકર, બાલકૃષ્ણ જાનબા દેવરૂખકર, પાંડુરંગ રાજભોજ ક્રિકેટર બાલુ પાલવણકર આણિ કંપની મુખ્ય હતી. હિન્દુ આગેવાનો સમાધાન માટે શામ-દામ-દંડ અને ભેદના તમામ સાધનોનો ઉપયોગ કરી રહ્યા હતા.

ડો.આંબેડકરને લાલચો આપવામાં પણ કોઈ કસર બાકી નહોતી રાખી. હિન્દુ મહાસભાના અધ્યક્ષ ડો.મુંજે કહ્યું કે, ડો.આંબેડકર તમે અલગ મતધિકારની માગણી છોડી દો...તમે જે માંગશો તે આપીશું..'

ડો.આંબેડકર એકદમ ગુસ્સે થઈને બોલ્યા, '' હું કોઈપણ (સવર્ણ કે અવર્ણ) નેતા પાસેથી વ્યક્તિગત કોઈ વીમા ઈચ્છતો નથી, પછી ભલે તેમાં ગાંધીજીની સંમતિ હોય કે ના હોય.. મને તો માત્ર મારા લોકોના હિતની, ભવિષ્યની જ ચિંતા છે.'' આંબેડકરના આકરા ઉત્તરથી ડો.મુંજે ઝંખવાણા પડયા અને ચાલતી પકડી.

સમગ્ર રાષ્ટ્રમાં હાહાકાર મચી ગયો હતો. **'અનેકની સામે એક'** એવી પેચીદી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. એક બાજુ એકલા અટૂલા ડો.આંબેડકર ગણ્યા ગાંઠયાં પોતાના અર્ધ-અલ્પ શિક્ષિત આબેડકરી અસ્પૃશ્ય અકિંચન કાર્યકરો સાથે હતા. જયારે સામે પક્ષે રાષ્ટ્રનો મહાન પક્ષ કોંગ્રેસ, શક્તિશાળી સવર્ણ હિન્દુઓનાં ઝેર ઓકતાં અસંખ્ય હિન્દુ અખબારો અનેક રથી મહારથી મુત્સદીઓ પણ હતા. અલબત્ત સુરતી માયાવંશી સપૂત ડો પી.જી.સોલંકી આવા કપરાકાળામાં ડો.આંબેડકરની પડખે પડછાયાની જેમ અડીખમ ઉભા હતા. ડો.આંબેડકર અડગ હતા કોઈને મચક આપતા નહોતા એટલે હિન્દુ નેતાઓને પણ લાગ્યું કે, 'અલગ મતાધિકારના વિકલ્પે દલિતવર્ગો માટે કોઈ યોજના તો રજૂ કરવી જોઈએ '

બીજી બાજુ ગાંધીજીએ પણ અનુભવ્યું કે વાત જેટલી માનીએ તેટલી સરળ નથી, જે ગાંધીજી ગોળમેજી પરિષદમાં સોયની અણી જેટલું પણ અસ્પૃશ્યોને આપવા તૈયાર નહોતા તેમણે ૨૧મી તારીખે પત્રકારોને (ફેરવી તોળ્યુ) કહ્યું કે મારા ઉપવાસ મારો સંઘર્ષ માનવતા માટેનો છે. મારા ઉપવાસ અસ્પૃશ્યોના સ્વતંત્ર મતદારસંઘ સામે છે. અસ્પૃશ્યોને બંધારણીય અનામત બેઠકો મળે તેની વિરૂદ્ધ નહિ.

( My fast is only againsts seperate election and not against statutory Reservataion of seats." (Epic Fast p.119 )

હવે ગાડી કંઈક પાટા ઉપર આવવા લાગી. ગાંધીજીને ૨૧મીને બુધવારે મળેલ જયકર માલવિયા સપ્રુ, રાજાજી વગેરેએ એક દરખાસ્ત તૈયાર કરી ડો.આંબેડકર સમક્ષ પ્રસ્તુત કરતાં તેમાં તેમણે ઘણા સુધારા સુચવ્યા તે સુધારા સાથે તેઓ બધા જ એકવીસમીને સવારે પૂનાથી યરવડા જેલામાં પહોંચી ગયા. 'આંબાના ઝાડ નીચે ગાંધીજીનો ખાટલો હતો આજુબાજુ દશ પંદર ખુરશીઓ હતી. સામેના નાનકડા ટેબલ પર સોડા અને મીઠાવાળું પાણી હતું. સરોજિની નાયડુ, દેવદાસ, મહાદેવ દેસાઈ, વલ્લભભાઈ પટેલ તથા ( "Epic Fast ") ના લેખક અંતેવાસી પ્યારેલાલ તેમની સેવામાં ઉપસ્થિત હતા. દરખાસ્ત ગાંધીજી સામે મૂકી ગાંધીજીએ પહેલો પ્રશ્ન કર્યો, આંબેડકરનું શું કહેવું છે ? ગાંધીજીને જયકર અને તેજબહાદુર સપ્રુની કાંબેલિત ઉપર ઘણો જ વિશ્વાસ હતો વળી તેમને એવી શ્રદ્ધા હતી કે, આ બંને ડો.આંબેડકરની ઘણી નજીક છે અને ડો.આંબેડકરને સમજાવી શકે તેમ છે એટલે જ ગાંધીજીએ સર તેજબહાદુર સપ્રુને ઈલાહાબાદ તાર કર્યો હતો કે -

' આ શરીર અનશન પછી ત્યાં સુધી જ રહેશે જયાં સુધી ઈશ્વરની ઈચ્છા હશે અથવા કોઈ સમજૂતી સધાશે ત્યાં સુધી રહેશે અને તમારા જેવા મિત્રો જ બહાર રહી આવી સમજૂતી કરાવી શકશે.'

ધૂંધળા વાતાવરણમાં હવે કંઈક હળવાશ આવી રહી હતી. ગાંધીજીના આ વલણ પછી મુત્સદ્દીઓની મૂંઝવણમાં થોડો ઘટાડો થયો. ડો.આંબેડકરને તાત્કાલિક પૂના બોલાવ્યા. પંડિત મદનમોહન માલવિયા તો પૂનામાં ભંડારકર રોડ ઉપરના નિવાસસ્થાને હતા વળી બધી જ વાટાઘાટો ત્યાં થતી હતી. ૨૨મીને ગુરૂવારે ડો.આંબેડકર, ડો.પી.જી સોલંકી તેમના સાથીઓ સાથે પૂના આવ્યા અને નેશનલ હોટલમાં ઊતર્યા કારણ કે કોઈપણ હિન્દુનેતાએ ડો.આંબેડકરને પોતાને ઘેર આવવા વિવેક પણ કર્યો ન હતો , અસ્પૃશ્ય આંબેડકરને ઘેર લઈ જતાં બધું જ ભ્રષ્ટ થઈ જાય. પાછળથી ગાંધીજીએ પણ આ બાબતે હિન્દુ નેતાઓને ટપાર્યા હતા. બપોર સુધી કંઈ પરિણામ ન આવ્યું. હિન્દુ નેતાઓના અતિ આગ્રહને કારણે ડો.આંબેડકર સાંજે જયકર, બિરલા, ચુનીલાલ મહેતા, સાથે ગાંધીજીને મળવા સંમત થયા. રાજાજી અને ડો.પી.જી સોલંકી સાથે ગાંધીજીને મળવા યરવડા જેલમાં પહોંચ્યા.

ડો.આંબેડકર ચરિત્રના લેખક ધનંજય કીરના શબ્દોમાં ડો.આંબેડકર ગાંધીજીના ખાટલા તરફ વળ્યા ત્યારે સમગ્ર વાતાવરણમાં નીરવ શાંતિ પ્રસરેલી હતી. તેમના આગમનથી વાતાવરણ ઉત્તેજનાથી તરબતર થઈ ગયું. બેરિસ્ટર જયકરની ધારણા હતી કે, 'આવી આકર્ષક સ્તબ્ધતાથી આંબેડકર અંજાઈ જશે.. વળી ગાંધીજીને જોતાં જ ડો.આંબેડકરનો હઠાગ્રહ બરફના ચોસલાની જેમ ઓગળી જશે. મતિ મૂંઝાઈ જાય એવું એ સંધિપ્રકાશમાંનું ખિન્ન વાતાવરણ ડો.આંબેડકર પર ભૂરકી છાંટશે અને અંતે સમાધાન થઈ જશે. જયકરની શેખચલ્લી જેવી ધારણાઓ ધૂળમાં મળી...' ગાંધીજીનું અકળ અને વટવૃક્ષની છાયા જેવું વ્યક્તિત્ત્વ કેટલાક કર્તવ્યનિષ્ઠ પ્રભાવી રાજપુરૂષો ઉપર છવાઈ ગયું હતું. તેમની આધ્યાત્મિક શક્તિનાપ્રવાહમાં બધા વહી રહ્યા હતા. આવી અલૌકિક શક્તિ સામે ડો.આંબેડકર શાંત, ધીરગંભીર મુદ્રા સાથે સ્વસ્થ ચિત્તે ઊભા હતા. આવા ઝંઝાવાતી વાતાવરણમાં અન્ય કોઈ ઓછી ધીરજવાળી વ્યક્તિ જીવતી દટાઈ ગઈ હોય...પરંતુ આ તો ડો.આંબેડકર હતા."

ડો.આંબેડકરને દલિતો પોતાના જીવન કરતાં પણ વધારે વહાલા હતાં. પોતાના પ્રાણ કરતાં દલિતોના હિતોનું વધારે ધ્યાન આપતા, રક્ષણ કરતા તેઓ સ્વભાવે લાગણીશીલ હતા, તેથી ગાંધીજીની આસપાસનું કરૂણ દ્રશ્ય નિહાળી કદાચ રડી પડયા હોત પરંતુ દલિતવર્ગો ઉપર સૈકાઓથી થતા અમાનુષી અત્યાચારો દુઃખો, બેહાલીનાં દુઃખદ સંસ્મરણોને કારણે તેમનું મન હૃદય સહેજ પણ વિચલિત થયું નહિ..વાતાવરણના પ્રવાહમાં તણાયા પણ નહિ. રૂઢિભંજક, મૂર્તિભંજક, ક્રાંતિકારી ડો.આંબેડકરે વાણિયા વૈરાગી, એવા બેરિસ્ટર ગાંધીજીને ધીમે અવાજે પણ સ્પષ્ટ કહેતાં...એકદમ ઘા ઝીંકયો...

''મહાત્માજી, તમે અમને મોટો અન્યાય કરી રહ્યા છો.'' ગાંધીજીએ કહ્યું 'મારાં નસીબ જ એવાં છે કે, હું અન્યાયી હોઉં તેવું લાગે એવા પ્રસંગો મારે કાયમ આવે છે, જેનો કોઈ ઉપાય નથી... ડોકટર, તમારી વાત પ્રત્યે મને સંપૂર્ણ સહાનુભૂતિ છે. તમે જે કંઈ વાતો કરી તેમાંની ઘણી બધી વાતો મને યોગ્ય લાગી છે. વળી તમે કહ્યું કે, મારા જીવનની પણ તમારે જરૂરિયાત છે.''

ડો.આંબેડકરે કહ્યું : "હા મહાત્માજી તમે તમારૂં જીવન દલિતોનાં હિતો માટે ખર્ચો તો અમારા પૂજ્ય પુરૂષ - હીરો બનશો !!

ગાંધીજી બોલ્યા, 'ઘણી સારી વાત છે. તો પછી મારો જીવન કેવી રીતે બચાવવો તે તો તમો જાણો છો તે રીતે મારો જીવન બચાવો.. મારી જિંદગી તમારા ખીસ્સામાં છે મને આબરૂ ઉપર છોડો" ( ભાગ.૨ પૃ-૮૦)

કરારના પ્રાથમિક મુદ્દાઓની કેટલીક ચર્ચા પ્રશ્ચાત્ હળવા હૈયે સૌ વીખરાયા. મુઝાયેલા મુત્સદ્દીઓને આશાનું કિરણ સાંપડયું હતું, કારણ કે ગોળમેજીના ગર્વિષ્ઠ ગાંધીજી (યરવડામાં) કારાવાસમાં કૂણા પડયા હતા.

ગુરૂવારની રાતથી બધા રાજપુરૂષો કૂટપ્રશ્નના ઉકેલમાં-કરારના ઘડતરમાં ગૂંથાયા. જુદા જુદા પ્રાંતની કાયદા કાઉન્સિલો ૧૯૭ બેઠકો અને કેન્દ્રીય એસેમ્બલીમાં વસ્તીના ધોરણે બેઠકો મેળવવાનો ડો.આંબેડકરનો મક્કમ આગ્રહ હતો. જયારે સામે પક્ષે ૧૨૫ કરતાં વધારે આપવા તૈયારી ન હતી વળી પ્રાથમિક ચૂંટણીની પધ્ધતિ તેમજ અનામતપ્રથા વિશે પુનવિચારણા લોકમત ("Referendum" ) લેવાની સમયમર્યાદ વિશે પણ ભારે મતભેદ હતા. રાજાજીને રેફરન્ડમમાં ઔચિત્ય લાગતું નહોતું. જયારે માલવિયાને તે મંજૂર નહોતું. રેફરન્ડના મુદ્દા બાબતે ડો.આંબેડકરની પીછેહઠ કરવા બધાએ એકમતે એકજૂથે બળ વાપર્યુ. ડો.આંબેડકરની પૂરા પંદર વર્ષની સમયમર્યાદાની માગણી પાછળ તેમને ઘણાં બધા ભયસ્થાનો દેખાંતા હતા. જોકે તેઓ આંબેડકર રૂપી ખડકને ખસેડી શક્યા નહિ. ગળાકાપ લડાઈ હતી. એક તસુભાર પણ કોઈ જવા દેવા તૈયાર ન હતું. ડો.આંબેડકર, ડો પી.જી.સોલંકી તથા અન્ય દલિત આગેવાનો દરેક મોરચે મુદ્દે યોજનાબદ્ધ અને શિસ્તબદ્ધ આખરી ચઢાઈ આપતા હતા. દલિતવર્ગો માટે મહત્તમ મેળવવાની એક પણ તક તેઓ છોડવા તૈયાર ન હતા. ગાંધીજીના અંતેવાસી સચિવ પ્યારેલાલ લખે છે કે. "Discussion proceeded in a very businesslike manner. Dr.Ambedkar and his group acted in a concet and showed greatest descipline..the redoutable Doctor, Strongly Supported by his colleagues. Fought every inch of ground" (Epic Fast p.63 )

ગુરૂવારની મધરાત સુધી ગડમથલ ચાલી. મધરાત્રિએ માંડ બે-ત્રણ કલાક વિશ્રાંતિ કરી શુક્રવારની સવારે જ પાછા શરૂ થઈ ગયા. દશેક કલાકની ઉગ્ર ચર્ચાની અંતે પરિણામ ફળદાયી ન નીવડયું. ડોકટરોનાં બુલેટિન ગાંધીજીની સ્થિતિ ગંભીર ગણી તેમને વાતો કરવાની પણ બંધી ફરમાવી...બધાના ચહેરા ઉપર વિષાદના વાદળ છવાઈ ગયા. ગાંધીજીના મૃત્યુના ભણકારા વાગવા લાગ્યા. ત્યાં ગાંધીજીના પુત્ર દેવદાસે આવી આંખમાં આંસુ સાથે ડો. આંબેડકરને કહ્યું. -" બાપુની તબિયત ગંભીર બનતી જાય છે. ક્ષણે ક્ષણે તે સમાધાનની આતુરતાપૂર્વક પ્રતીક્ષા કરી રહ્યા છે..."

દેવદાસના સમાચારથી ઘણા બધાની આંખો આંસુથી છલકાઈ ગઈ. બાબાસાહેબ તરફ વિનમ્ર ભાવે દેવદાસ બોલ્યા, ડોકટર શું આપણે આપણી ઉઘાડીઆંખે મહાત્માજીને પ્રાણ ત્યાગતા નિહાળીશું ?"

ડો.આંબેડકરે કહ્યું, '' એ મારે નહિ તમારા લોકોએ વિચારવાનું છું.'

જો કે મારી પાકી ખાતરી છે કે ગાંધીજી મારી વાત માનશે મારી સાથે તમે લોકો મહાત્માજી પાસે ચાલો.

રાત્રે નવેક વાગ્યે પાછા યરવડા જેલમાં પહોંચ્યા. ડો.આંબેડકરે વાતનો પ્રારંભ કરતાં કહ્યું. "મહાત્માજી તમારે હવે અમારી વહારે ધાવું પડશે આ મિત્રોમાંના કેટલાક રેફરન્ડમની અમારી સમયમર્યાદા સાથે સમંત નથી."

ગાંધીજીને એકધારૂં વિસ્તૃત ઘણુંબધું કહ્યું. તેઓ ડો.આંબેડકરની લગભગ બધી જ માગણીઓ સાથે સંમત થયા. એક લોકમત રેફરન્ડમ વિષે સંમત નહોતા. વચ્ચે ડોકટરોએ તેમને બોલવાની બંધી કરી બધા મોડી રાત્રે પાછા ફર્યા.

શુક્રવારની રાત જેમતેમ પસાર કરી શનિવારે સવારે મરણિયા પ્રયાસો થયા જેમાં રાજ્યની કાયદા કાઉન્સિલમાં ૧૪૮ બેઠકો અને કેન્દ્રીય એસેમ્બલીમાં દશ બેઠકો આપવા સર્વે હિન્દુ નેતાઓ સંમત થયા,

પરંતુ રેફરન્ડમમાં બાબતે એકમતી નહોતી ડો.આંબેડકરની માગણી પૂરા પંદર વર્ષની હતી જ્યારે ગાંધીજી પાંચ વર્ષકે મારો જીવ એ સૂત્ર સ્વીકારી બેઠા હતા ડો.આંબેડકર ગાંધીજીને મળવાનું સૂચવ્યું. ડો.આંબેડકર, ડો.સોલંકી, સપ્રુ, જયકર, રાજાજી બધા સાથે યરવડા પહોંચ્યા.

ડો.આંબેડકરે સર્વ વિગતો સંક્ષેપમાં સમજાવી કહ્યું ' અમારી રેફરન્ડમની સમયમર્યાદાની માગણી બાબતે આ મિત્રો સંમત થતા નથી. ગાંધીજીએ ડો.આંબેડકરનો તર્ક સ્વીકાર્યો, પરંતુ આદ્રસ્વરે વિનવતાં કહ્યું ' આમાં હિન્દુઓની નિષ્ઠાનો સવાલ છે. હિન્દુઓને તેમના ભૂતકાળનાં પાપોના પ્રાયશ્ચિત માટે એક તક તો આપો. રેફરન્ડમ માટે પાંચ વર્ષ રાખો કે હાલ મારો જીવ લ્યો.'' ગાંધીજી થાકી ગયા હતા બોલી શકતા ન હતા અંતે બધા પાછા ફર્યા.

વાતો ચાલી... ડો.આંબેડકર અને તેમના સાથીઓ એક કલાક માટે અલગ ઓરડામાં ગયા અને કહ્યું કે અમને પાંચ વર્ષની સમય મર્યાદ મંજૂર નથી...' કિનારે આવેલ નાવ ડૂબતાં બધા નિરાશ થયા. અંતે સપ્રુ. જયકરે વચ્ચેનો તોડ કાઢવા ડો.આંબેડકરને પુનઃ વિનંતી કરી. રાજાજીએ એક ફોર્મ્યુલા રજૂ કરી કે આપણે સમમર્યાદા કરારમાં મૂકીએ જ નહિ. બન્ને પક્ષો (દલિતો અને સવર્ણ હિન્દુઓ) પોત પોતાને લાગે ત્યારે કરાર વિષે પુનઃ વિચાર કરી શકે. અંતે તે વાત સર્વેએ સ્વીકારી. રાજાજીએ ગાંધીજીએ મળી સમયમર્યાદા રદ કરી તેની વિગતો સમજાવી તેઓ ઘણા જ ખુશ થયા અને કહ્યું 'ઘણું જ ઉત્તમ (Excellent ") અંતે શનિવાર તા.૨૪-૯-૧૯૩૦ની સાંજે કરારનો મુસદ્દો તૈયાર થયો. આનંદભર્યો વાતાવરણમાં ચા પીતાં પીતાં સર્વેએ સહીઓ કરી. દલિતવર્ગો તરફથી ડો.આંબેડકરે અને સવર્ણ હિન્દુઓ વતી પંડિત મદન મોહન માલવિયાએ સહી કરી ચક્રવર્તી રાજગોપાલચાર્ય તો એટલા બધા ખુશ હતા કે તેમણે ડો.આંબેડકર સાથે પોતાની ફાઉન્ટન પેનની અદલાબદલી કરી, જેથી યાદ રહે કે આપણે વચન આપ્યું હતું. આ કરાર 'પૂના કરાર' POONA PACT તરીકે પ્રસિદ્ધ થયો, જેણે દલિતોની ઉન્નતિનો પાયો નાંખ્યો આ કરારની વિગતો આ પ્રમાણે હતી.

## પુનઃ કરાર (POONA PACT) ૧૯૩૨

(૧) સાધારણ મતદાર વિસ્તારોમાં દલિતવર્ગો માટે રાજ્ય વિધાનસભા (કૌંસિલ)માં નીચે પ્રમાણે બેઠકો અનામત રહેશે.

| | | |
|---|---|---|
| મદ્રાસ ૩૦ (૩૦) | આસામ ૦૭ (૧૧) | મુંબઈ (સિંધ સાથે ) ૧૫ (૧૬) |
| બંગાળ ૩૦ (૪૦) | પંજાબ ૦૮ (૫૦) | ઉત્તરપ્રદેશ ૨૦ (૪૦) |
| બિહાર ઓરિસ્સા ૧૮ (૨૦) | કેન્દ્રીય શાસિત પ્રદેશો ૨૦ (૨૦) | |

આમ કુલ્લે ૧૪૮ બેઠકો

(કૌંસમાં દર્શાવેલા આંકડા ડો.બાબાસાહેબ આંબેડકર દ્વારા માગવામાં આવેલી ૨૨૭ બેઠકોના દર્શાવે છે.)

(૨) આ બેઠકોની ચૂંટણી નીચે પ્રમાણેની પદ્ધતિમાં કરવામાં આવશે. કોઈપણ મતદાર વિસ્તારની યાદીમાં નોંધાયેલ દલિતવર્ગોના મતદારો પોતાનાં પ્રાથમિક મત દ્વારા ચાર દલિત ઉમેદવારોની એક પેનલ ચૂંટશે. આ ચાર વ્યક્તિમાં જે પ્રાથમિક ચૂંટણીમાં સૌથી વધારે મત પ્રાપ્ત કરશે તે મતદારક્ષેત્રના ઉમેદવાર થઈ શકશે.

(૩) કેન્દ્રીય એસેમ્બલી માટે દલિતવર્ગાના પ્રતિનિધિ સંયુક્ત મતદાર વિસ્તારના સિદ્ધાંત અન્વયે ઉપર મુદ્દા -૨માં દર્શાવ્યા પ્રમાણે રાજ્ય વિધાનસભા (કાઉન્સિલ) માટેની પદ્ધતિ પ્રમાણે ચૂંટાશે.

(૪) કેન્દ્રીય એસેમ્બલીમાં બ્રિટીશ ભારત માટે નિર્ધારીત બેઠકોમાંથી દલિતવર્ગો માટે ૧૮ ટકા બેઠકો અનામત રહેશે.

(૫) કેન્દ્રીય તેમજ પ્રાદેશિક (રાજ્ય) ચૂંટણીઓ માટે પ્રાથમિક ચૂંટણીની પધ્ધતિ પ્રથમ દસ વર્ષ સુધી ચાલુ રહેશે અને આ પધ્ધતિ નીચે મુદ્દા નં-૬માં દર્શાવ્યા પ્રમાણે અંદરોઅંદરની સમજૂતીથી તેનાં પહેલાં (દશ વર્ષ પહેલાં) પણ સમાપ્ત કરી શકાશે.

(૬) પ્રાદેશિક તથા કેન્દ્રીય એસેમ્બલીમાં દલિતવર્ગો માટેની અનામત બેઠકોની પદ્ધતિ-પ્રણાલી ઉપર મુદ્દા ૧ થી ૪માં વર્ણવ્યા પ્રમાણે છે તે જ્યાં સુધી બન્ને પક્ષો અંદરોઅંદર સમજી સમાપ્ત ન કરે ત્યાં

સુધી ચાલુ રહેશે.

(૭) કેન્દ્રીય પ્રાંતીય કાઉન્સિલમાં દલિતવર્ગો માટેના મતાધિકાર લોથિયન કમિટીના અહેવાલના આધારે રાખવામાં આવશે.

(૮) માત્ર દલિતવર્ગના હોવાને કારણે સ્થાનિક પ્રાંતીય કે કેન્દ્રીય સરકારી નોકરીઓમાં નિમણૂક કરતી વખતે તેમના પ્રત્યે કોઈપણ પ્રકારનો ભેદભાવ રાખવામાં આવશે નહિ.

વળી બધાં ખાતાંઓમાં નોકરીઓમાં અનિવાર્ય લાયકાતોને લક્ષમાં લઈ દલિતવર્ગોની ભરતી કરવા માટે પૂરા પ્રયત્નો કરવામાં આવશે.

(૯) દલિતવર્ગોના લોકો માટે તેમજ સહાય આપવા માટે દરેક પ્રાંતમાં યોગ્ય અને પૂરતું ભંડોળ નક્કી કરવામાં આવશે.

**પૂના તા.૨૪-૯-૧૯૩૨ - સહીઓ -**

(૧) મદન મોહન માલવલિયા (૨) તેજબહાદુર સપ્રુ (૩) મુકુંદરાવ જયકર (૪) ડો બી.આર.આંબેડકર (૫) રા.બ.આર શ્રીનિવાસન (૬) એમ.સી.રાજા (૭) જી.કે.દેવધર (૮) અમૃતલાલ વી ઠક્કર, (૯) આર.આર.ભાખલે (૧૦) ડો પી.જી.સોલંકી (૧૧) પી.બાલુ (૧૨) ગોવિંદ માલવિયા

| | | |
|---|---|---|
| (૧૩) સી. વી. મહેતા | (૧૪) સી. રાજગોપાલાચાર્ય | (૧૫) ડૉ. રાજેન્દ્રપ્રસાદ |
| (૧૬) ઘનશ્યામ ડી. બિરલા | (૧૭) રામેશ્વર ડી. બિરલા | (૧૮) બી. એસ. કામઠ |
| (૧૯) દેવદાસ ગાંધી | (૨૦) બી. આર. વિશ્વાસ | (૨૧) પી. એન. રાજભોજ |
| (૨૨) ગણેશ અક્કાજી ગવઇ | (૨૩) શંકરલાલ બેંકર | |

તા. ૨૫-૯-૧૯૩૨ના દિવસે મુંબઇમાં બીજા ૧૮ આગેવાનોની સહીઓ થઇ તે નીચે પ્રમાણે છે. પી. બાલુની સહી માટે વાંધો લેવામાં આવ્યો તેવી જ રીતે એમ.સી. રાજા માટે પણ મદ્રાસના પ્રતિનિધિયો વાંધો લીધો હતો. અંતે સમજૂતી થઈ એમ. સી. રાજાએ છેલ્લે સહી ન કરતા ઘુસણખોરી કરી માલવિયા-સપ્રુ સહી વચ્ચે કરી હતી.

| | | |
|---|---|---|
| ૧. લલ્લુભાઇ શામળદાસ | ૨. હંસા મહેતા | ૩. કે. નટરાજન |
| ૪. કામકોટ નટરાજન | ૫. સર પુરુષોત્તમ ઠાકુરદાસ | ૬. મથુરદાસ વસનજી |
| ૭. શેઠ વાલચંદ હીરાચંદ | ૮. હૃદયનાથ એન. કુંઝરુ | ૯. કે. જી. લિમયે |
| ૧૦. પી. કોદાનડાવ | ૧૧. એન. વી. ગાડગીલ | ૧૨. મનુ સૂબેદાર |
| ૧૩. અવંતિકા ગોખલે | ૧૪. સી. જે. ચિટણીસ | ૧૫. રાધાકાન્ત માલવિયા |
| ૧૬. એ. આર. ભટ્ટ | ૧૭. કોલમ | ૧૮. પ્રધાન |

કરારની પ્રક્રિયાની પ્રશંસા કરતાં પ્યારેલાલ ડૉ.આંબેડકર વિષે લખે છે કે,

The writer of these cahpters desies to place on record here is personal admiration for the courageous manner in which Dr. Ambedkar and his friends Caried on the negotiations.'

There could be no quarl with their claim that the interest of the Depressed Classes should be their only concerdn. They fought bravely and at times mercilessly." (Epic Fast pp. 73)

જે કોંગ્રેસે -હિન્દુ આગેવાનોએ અને અખબારોએ ડૉ. આંબેડકરને અવગણ્યા હતા દલિતવર્ગના નેતા તરીકે સ્વીકારવા તૈયાર ન હતા તે લોકોને દલિતવર્ગના નેતા તરીકે ડૉ. આંબેડકરને સાથે કરાર કરવા પડયા. ડૉ. આંબેડકર અછૂતોના એકમેવ નેતા છે, તે હકીકતને સ્વીકારવી જ પડી. ''પૂના કરાર''ની વિવૃત્તિ કરતાં કીર કહે છે, - ''પૂના કરારથી એક વાત સિદ્ધ થઇ તે ગાંધીજીનો અંદરનો મહાત્મા'' રાજકારણી ગાંધીજીને જયારે મહાત કરે છે ત્યારે સરળ પ્રશ્નો પણ ગૂંચવાડો - ડિંડવાણું થઇ જાય છે. બીજી

ગોળમેજી પરિષદ વખતે ગાંધીજીના ભીતરના મહાત્માએ ''રાજકારણી ગાંધીજી''ને મહાત કર્યા હતા. ત્યારે રાજકારણી ગાંધીજી પરાજિત થયા હતા,જ્યારે યેરવડા જેલમા રાજકારણી ગાંધીજી વિજયી બન્યા હતા. જો કે પ્રતિજ્ઞાભંગ થવાથી ''મહાત્માપદ'' પણ પરાજિત થયું હતું. ગાંધીજીનો વિજય અસરકારક તેમજ નિર્ણાયક પુરવાર થયો હતો. મહારથી કર્ણના કવચ-કુંડળ કપટથી પડાવી લઇ ઇન્દ્રે જે રીતે કર્ણને નિર્બળ બનાવ્યો હતો તેવી જ રીતે ગાંધીજીએ દલિતવર્ગોના સ્વતંત્ર મતદાર સંઘરૂપી કવચ-કુંડળ કાઢી લઇ ડૉ. આંબેડકર (અને દલિતવર્ગોને) નિર્બળ કર્યા. ગાંધીજી રાજકારણી પુરવાર થયા જ્યારે ગાંધીજીના પ્રાણ બચાવી ડૉ. આંબેડકર મહાત્મા બની ગયા. (ડૉ. આંબેડકરના કથન પ્રમાણે ''ગાંધીજીએ ગોળમેજી પરિષદ વખતે વિશાળ દિલથી જો સમાધાનવૃત્તિ દાખવી હોત તો દલિતોના અધિકારોની સમસ્યા ત્યાં જ હલ થઇ ગઇ હોત. ''ડૉ. આંબેડકરની આ વાત સાચી હતી. ઉપવાસની ઉપાધિ ગાંધીજીએ હાથે કરીને વહોરી હતી. પરિણામે ''પ્રતિજ્ઞાભંગ''નો યશ (?) પ્રાપ્ત કર્યો હતો. આ યુગના મહાન ચિંતક આચાર્ય રજનીશે પણ કહ્યું હતું કે, ''ગાંધીજીના ઉપવાસમાં ભારોભાર હિંસા હતી. આંબેડકરના આચરણમાં ભારોભાર અહિંસા હતી.''

## આપણે જોઇએ કે પૂના કરારને પરિણામે દલિતોએ શું ગુમાવ્યું ?

**કમ્યુનલ એવોર્ડને કારણે દલિતોને ચાર અધિકાર મળ્યા હતા.**

(૧) **પર્યાપ્ત પ્રતિનિધિત્વ** (Adequente Representation)

(૨) **અલગ (સ્વતંત્ર) મતદાર ક્ષેત્ર** (Seperate Electorate)

(૩) **બેવડો મતાધિકાર** (Dueling Voting) **દલિતો તથા સવર્ણો બંનેમાં મતનો અધિકાર**

(૪) **પુખ્ત મતાધિકાર** (Adult Franchise)

ગાંધીજીના ઉપવાસથી દલિતોના બે અધિકારો (૧) અલગ- સ્વતંત્ર મતાધિકાર (૨) બેવડો મતાધિકાર-ઝુંટવાઇ ગયા. આ બંને બુનિયાદી મહત્ત્વના મૂળભૂત અધિકારો હતા. ગાંધીજીના આ ઉપવાસને સૂક્ષ્મ રીતે નિહાળીએ તો તેમાં તે ઊંડે ઊંડે અનામત વિરોધની બૂ આવે છે. આમ ગાંધીજીના ઉપવાસથી અનામતના વિરોધ માટેની ઇંટ મૂકાઇ હતી. જે આગળ જતાં અનામત વિરોધી આંદોલન તરીકે ઉપસી આવ્યાં!! ગાંધીજીના ઉપવાસ એ અનામત વિરોધી આંદોલનને પ્રેરણા આપી હતી તેમ કહીએ તો અતિશયોક્તિ ન કહેવાય તેમ છતાં શ્રી એલ. આર. બાલીના શબ્દોમા આશ્વાસન લઇએ કે પૂના કરારથી દલિતોને કમ્યુનલ એવોર્ડ કરતાં ઓછી સુવિધાઓ પ્રાપ્ત થઇ. પરંતુ તેની સાથે સાથે દલિતવર્ગોના લોકોને કેન્દ્રિય તેમજ પ્રાંતીય (કાયદા મંડળો (ધારાસભાઓ)માં પોતાના પ્રતિનિધિ મોકલવાનો ઐતિહાસિક સુઅવસર પ્રાપ્ત થયો હતો. તેમને સરકારી નોકરીઓમાં વસ્તીના ધોરણે અનામત બેઠકો પ્રાપ્ત થઇ હતી. શૈક્ષણિક સવલતો પ્રાપ્ત થઇ હતી કે જ્યાં તેમનો પ્રવેશ નિષેધ હતો. ગઇકાલના અસ્પૃશ્યો - ગુલામો હવે બીજાઓની સાથે બેસી પોતાના દુઃખ દર્દ અને અધિકારોની વાતો જાતે કરી શકશે. આંબેડકરી આંદોલનનો આ મહાન વિજય હતો. (પૃ. ૧૪૧)

સર તેજબહાદુર સપ્રુએ જાહેરમાં ડૉ. આંબેડકરની પ્રશંસા કરતાં કહ્યું કે, "Dr. Ambedkear faught valianty for the cause which he represented and the promises to be a good faughted in futrure Life of country...

ગાંધીજી વિશે પોતાના જીવનચરિત્રમાં સપ્રુ લખે છે કે, પૂના કરારમાં ગાંધીજીનું વલણ ઉચિત નહોતું. બંદૂકની અણીએ આ કરાર કરવામાં આવ્યા હતા, જેમાં તેમના અનુયાયીઓએ જ કે જેમણે કરારમાં સહીઓ કરી હતી તેમણે જ પાછળથી વિરોધ કર્યો હતો. કવિવર રવીન્દ્રનાથ ઠાકુર તેના આગેવાન હતા.

"His (Mahatma Gandhi's) attitude at the Rountable Confence in England drove the minorities to adopt notorious minorities pact. He denied to the Depressed Classes even a single Seat by reservation except through midium

of the congress. Leter he fasted in india an against Prime Minister Mac Dounalld's Award (Communal Award) comparatively a more balanced arrangement than the later Poona pact which had to be accepted at the point of the bayonata's It leaders who had been Gandhiji's loyal follows before ( Story of my Life vol. I.p.361-62)

આ ઘટના પછી ૧૩ વર્ષે લખેલા પોતાના ઐતિહાસિક અંગ્રેજી ગ્રંથ what Congress and Gandhi have done for the untouchables. માં ડૉ. આંબેડકર લખે છે.

''મારા પૂરતી વાત કરૂં તો મારા કરતાં પણ ઘણા મોટા ગંભીર દાવપેચવાળા પ્રસંગમાં કોઈ વ્યક્તિ ભાગ્યે જ સપડાઈ હશે, તેવું લખું તો અતિશયોક્તિ ન કહેવાય...''

બે અલગ અલગ સમસ્યાઓ પૈકી એક સમસ્યા હલ કરવાની જવાબદારી મારા ઉપર આવી પડી હતી, લાદવામાં આવી હતી. એક સમસ્યા માનવતાના કર્તવ્યની હતી, જેમાં ગાંધીજીના પ્રાણ બચાવવાના હતા. બીજી સમસ્યા બ્રિટિશ વડાપ્રધાને દલિત સમાજને આપેલા રાજકીય અધિકારોને ટકાવી રાખવાની અને તેના સંરક્ષણની હતી. મેં માનવતાના સાદને સ્વીકાર્યો ગાંધીજીને સ્વીકાર્ય સમાધાનકારક લાગે તેવી રીતે બ્રિટિશ વડાપ્રધાનના ચુકાદાને બદલવા હું તૈયાર થયો અને ગાંધીજીના પ્રાણ બચાવ્યા હતા.

૧૯૩૨, ૨૫મી સપ્ટેમ્બર મુંબઈના વેપારી મહામંડળના હોલમાં પંડિત માલવિયાજીના પ્રમુખપદે હિન્દુઓની સભા મળી ડો.આંબેડકરને અભિનંદન આપી તેમનો આભાર માનવામાં આવ્યો અને ઠરાવ કર્યો કે,

''હિન્દુ સમાજમાં હવે પછી કોઈને પણ તેના જન્મના કારણે અસ્પૃશ્ય ગણવામાં આવશે નહિ. વળી જેમને અત્યાર સુધી અસ્પૃશ્ય ગણવામાં આવ્યા છે તેમને જાહેર સ્થળો જેવા કે કૂવા, તળાવ, શાળા, રસ્તાઓ અને અન્ય તમામ જાહેર સંસ્થાઓનો ઉપયોગ કરવાનો અન્ય હિન્દુઓ જેટલો જ અધિકાર રહેશે. આ અધિકારને વહેલી તકે કાયદાની મંજૂરી આપવામાં આવશે. સ્વરાજ્ય મળતાં સુધીમાં આવી મંજૂરી નહિ મળી હોય તો સ્વરાજ્યની સંસદના સૌથી પહેલા કાયદામાંનો આ એક હશે. વળી એમ પણ ઠરાવવામાં આવ્યું કે, અત્યારે અસ્પૃશ્ય ગણાતા વર્ગો ઉપર રૂઢિઓએ જે સામાજિક પ્રતિબંધો મૂકેલા છે તે બધા તેમજ મંદિરપ્રવેશ વિષેનો પ્રતિબંધ પણ વાજબી અને શાંતિમય એવાં તમામ સાધનોનો ઉપયોગ કરી તેને દૂર કરવાનો તમામ હિન્દુ આગેવાનોનો ધર્મ રહેશે.

સન્માનનો સમ્યક ઉત્તર આપતાં આખાબોલા ડો.આંબેડકરે કહ્યું,

''આમાં સહેજ પણ અતિશયોક્તિ નથી, પરંતુ એક નકકર હકીકત છે કે, છેલ્લા કેટલાક દિવસો હું જે વિકટ ધર્મસંકટ પરિસ્થિતિમાં પીસાતો હતો એવા ધર્મસંકટની પરિસ્થિતિમાં ભાગ્યે જ બીજી કોઈ વ્યક્તિ આવી હશે, મારા માટે બે વિકટ વિકલ્પોમાંથી કોઈ એકની પસંદગી કરવાની હતી.

એક બાજુ ભારતની મહાન વ્યક્તિ (ગાંધીજી) ના પ્રાણ બચાવવાના હતા અને બીજી બાજુ જે લોકોના હકક હિતોની હિફાઝત માટે મારી તમામ શક્તિ લગાવી ગોળમેજી પરિષદમાં સંઘર્ષ કર્યો હતો તેનું સંરક્ષણ કરવાનું મારૂં કર્તવ્ય છે તે છે ''

મને કહેતા આનંદ થાય છે કે, આપ સર્વના સહયોગથી આપણે એક એવો નીવેડો લાવી શક્યા કે જેમાં મહાત્માજીના પ્રાણ બચી ગયા અને દલિતવર્ગના હક્કો હિતોનું કેટલેક અંશે ભવિષ્ય માટેનું સંરક્ષણ પણ પ્રાપ્ત કરી શક્યા. જો કે હું તેનો મહત્તમ યશ મહાત્માજીને આપુ છું. વળી મારે સ્વીકાર કરવો જોઈએ કે, જ્યારે હું મહાત્મા ગાંધીજીને મળતો ત્યારે વાતચીતમાં મને લાગ્યું કે તેમની અને મારી ભાવનાઓમાં ઘણી બધી વાતોમાં સામ્ય છે, જો કે મને તેનું આશ્ચર્ય પણ થયું. જ્યારે પણ કોઈ ગુંચ તેમની સમક્ષ પ્રસ્તુત કરવામાં આવી અથવા સર તેજબહાદુર સપ્રુએ તેમને કહ્યું હોય કે અમારી સમક્ષ ઘણી જ વિકટ પરિસ્થિતિ પેદા થઈ છે ત્યારે મહાત્માજીએ સામેથી (મારા ) પક્ષનું સમર્થન કર્યું. જે વ્યક્તિએ ગોળમેજી પરિષદના પ્રસંગે અમારો (દલિતવર્ગોના અધિકારોનો) જોરદાર વિરોધ કર્યો હતો તે જ વ્યક્તિ પોતાના પક્ષનું સમર્થન ન કરતાં બીજા (મારા) પક્ષનું સમર્થન કરતા હતા, તે જોઈને મને ઘણું જ આશ્ચર્ય પણ થતું હતું. હું મહાત્મા ગાંધીજીનો પણ આભારી છું કારણ કે, તેમણે મને ભયંકર વિકટ પરિસ્થિતિમાંથી પાર ઉતાર્યો

છે. મને એકજ વાતનું દુઃખ છે કે, ગોળમેજી પરિષદમાં મહાત્માજીએ આવું વલણ કેમ ન અપનાવ્યું ? જો તે સમયે તેમણે મારા વિચારો સાથે આવો ઉદારતાભર્યો વ્યવહાર અપનાવ્યો હોત તો તેમને આવી મુશ્કેલીમાં પડવાની ઉપવાસની નોબત જ ન આવત. ખેર જે થઈ ગયું તે થઈ ગયું. આ તો વીતેલા વખતની વાતો છે, પરંતુ આજે હું આ પ્રસ્તાવને સમર્થન આપવા ઊભો થયો છું તે બદલ મને આનંદ થાય છે.

સમગ્ર દલિતવર્ગોનું આ પ્રસ્તાવને સમર્થન હશે કે કેમ તે બાબતની સમાચારપત્રોની કેટલીક આલોચનાના સંદર્ભમાં હું સ્પષ્ટ કરી દઉં છું કે, જ્યા સુધી મારો સંબંધ છે અને જે પક્ષકારોનો સંબંધ છે કે જેઓ મારી સાથે અત્રે હાજર છે, વળી અન્ય કેટલાક મિત્રો પણ જેઓ અત્રે ઉપસ્થિત છે તે બધા તરફથી બોલતાં હું છાતી ઠોકીને કહું છું કે અમે લોકો આ કરારનું સંપૂર્ણ પણે પાલન કરીશું જ. આ બાબતે કોઈએ પણ લેશ માત્ર શંકા પોતાના મનમાં રાખવી નહિ.

ડૉ.આંબેડકરે સભાગૃહમાં બેઠેલા હિન્દુ નેતાઓ માંધાતાઓ તરફ હાથ કરી પોતાના પ્રવચનમાં પ્રશ્ન કર્યો કે, પરંતુ મને જો કોઈ પણ વાતની ચિંતા હોય તો તે એ છે કે, શું હિન્દુ સમાજ આ કરારનું પાલન કરશે ખરો ? (સભાગૃહમાં બેઠેલા નેતાઓ હાથ ઊંચા કરી કરી બે બે વખત બોલ્યા, હા, અમે પાળીશું...હા, અમે પાળીશું જ )We will...We will...

''....મને કહેવા દો કે, કમનસીબે હિન્દુ સમાજ એક સંગઠન સ્વરૂપ નથી, હિન્દુ જાતિના નાનાં નાનાં વર્ગો-વર્ણો (જાતિઓ) નો એક સમૂહ છે...હું આશા રાખું છું કે, અને મને વિશ્વાસ છે કે, હિન્દુસમાજ આ કરારને એક પવિત્ર કરાર માનશે અને તેનું પાલન કરી પોતાની હિન્દુસમાજની આબરૂને બટ્ટો લાગવા દેશે નહિ...''

''એક નાનકડી વાત પણ આ સમયે કહી દઉં કે જે મિત્રોએ આ વાટાઘાટોમાં ભાગ લીધો તે બધાંનો હું ઘણો જ ઋણી છું. સર તેજબહાદુર સપ્રૂનો સવિશેષ કૃતજ્ઞ છું કે જેમની સહાયતા વિના અમારી ગાડી રસ્તામાં જ રોકાઈ ગઈ હોત. છેલ્લા બે વર્ષમાં ગોળમેજી પરિષદના પ્રસંગોએ મેં જાતે અનુભવ્યું છે અને મારે સ્વીકાર કરવો જોઈએ કે, ભારતમાં સાંપ્રદાયિકતાથી જે કોઈ વ્યક્તિ પર હોય તો તે તેજબહાદુર સપ્રુ છે. વળી ભારતના ભાવિ સંવિધાનોમાં પોતાના વર્ગો માટે સંરક્ષણની ખોજમાં જે અલ્પસંખ્યક વર્ગો પરેશાન હતા તેવા અલ્પસંખ્ય વર્ગોને તેજબહાદુર સપ્રુની નિખાલસતા ન્યાયપ્રિયતાથી સારો એવો સહારો સાંપડયો હતો. મારા મિત્ર રાજગોપાલાચાર્યનો ઉલ્લેખ કર્યા સિવાય કેમ ચાલે ? જેમણે તૂટી પડતી વાટાઘાટોને તેમની વિચક્ષણ બુદ્ધિનો સહારો આપી આગળ ધપતી કરી હતી. જો તેમની વિચક્ષણ બુદ્ધિનો સહારો સાંપડયો ન હોત તો કદાચ આ કરાર અસ્તિત્વમાં આવ્યો જ નહોત. પંડિત મદન મોહન માલવિયાજીનો પણ મારે આભાર માનવો જ રહ્યો કારણ કે જ્યારે વાટાઘાટોવાળા પક્ષકારોમાં ઉત્તેજના આવી એકબીજા સામે છાંછિયાં થવા લાગ્યા હતાં ત્યારે પણ તેમણે પોતાની સહનશીલતા-ઉદારતા ટકાવી રાખી હતી.

અલગ મતાધિકાર રાષ્ટ્રને હાનિકર્તા છે તેવી એક માત્ર જીદને કારણે જ આપણો કોમી ચુકાદો Communal Award માં આ કરાર દ્વારા સુધારો કરવો પડયો છે. પરંતુ હું સ્પષ્ટ રીતે કહું છું કે, અત્યારે પણ હું આ વાત માનવા તૈયાર નથી. બહુમતિ પ્રતિનિધિત્વને કદાચ અલગ મતાધિકાર અહિતકર હશે, પરંતુ અલ્પ સંખ્યના માટે તો અલગ મતાધિકાર કદાપિ નુકસાનકર્તા હોઈ શકે જ નહિ. (તે તેમના ઉત્થાન માટેની ઉત્તમ વ્યવસ્થા છે.) તેવું આજે પણ મારૂં દઢ પણે માનવું છે.

વળી આ વાત ઉપર હું સહેજ પણ વિશ્વાસ ધરાવતો નથી કે (કરાર દ્વારા આપણે લાદેલી) સંયુકત મતાધિકારની વ્યવસ્થા દલિતવર્ગોને હિન્દુસમાજમાં એકરૂપ કરી આપનારી આખરી અને અકસીર ઈલાજ છે. મારૂં દઢ પણે માનવું છે કે , કોઈપણ પ્રકારની ચૂંટણી પ્રથા કોઈ મહાન સામાજિક સમસ્યાનો ઉકેલ આણી શકતી નથી. તેના માટે તો આ રાજનૈતિક સમજૂતીથી પણ પરે જઈ કાંઈ એવી વાત રજૂ કરો કે, જેના દ્વારા દલિતવર્ગોને હિન્દુસમાજમાં સન્માન સાથે સામાજિક સમતાનો દરજ્જો પ્રાપ્ત થઈ શકે અને તેવા હિન્દુસમાજનો એક અંગ બની રહેવાની સંભાવના સાંપડે.''

...જ્યાં સુધી દલિતવર્ગો અજ્ઞાનના અંધકરમાં સબડે છે તેમજ તેનામાં આત્મસન્માનની ભાવના માટે જાગૃતિ નહિ આવે ત્યાં સુધી હિન્દુસમાજ વ્યવસ્થામાં તેમના માટે જે (હીન પ્રકારનું સ્થાન નિયત કર્યુ

છે તેને સ્વીકારી લેશે. પરંતુ જેમ જેમ આ દલિતવર્ગોમાં શિક્ષણની વૃદ્ધિ થશે. જાગૃતિ આવશે (આત્મસન્માનની ભાવના પેદા થતી જશે) તેમ તેમ તે માનવતા વિરૂદ્ધના તે બંધનો બરદાસ્ત કરશે નહિ. આથી હિન્દુસમાજથી દૂર જવાનો ખતરો પ્રતિદિન વધતો જશે.

આથી હું આપ સર્વને ખાસ વિનંતી કરૂં છું કે, મારી આ વાતને સામાન્ય વાત ગણવાની ભૂલ ન કરતાં તેને આપ ગંભીર ગણી આ બાબતે આપને જે કરવાનું અનિવાર્ય જણાય તે તાકીદે કરો તેમાં સહેજ પણ વિલંબ કરશો નહિ." વચન પાળવાની ખાત્રી સાથે સૌ વિખરાયાં.

પરંતુ ડો.આંબેડકરની અગમચેતી મહાત્મા ગાંધી સમજી ગયા હતા. સમયનાં એંધાણ પારખી તેમણે હિન્દુસમાજને સ્પષ્ટ કહ્યું કે..'એટલે જ કહું છું કે, મંદિર જેટલાં ખોલાય તેટલાં ખોલી નાંખો, કેળવણી માટે તેમના માટે જેટલું કામ કરવું જોઈએ એટલુ નહિ કરીએ તો તેમની અને આપણી વચ્ચે મુસલમાનો કરતાં ઘોર યુદ્ધ ચાલવાનું છે. આપણે કહીશું કે, પાયખાનાં સાફ કરીશું, ભલે કરીએ પણ આપણામાંથી ચોથા ભાગના લોકો મરી જાય તો કેવી હાની થાય ? વાત તો એ છે કે તે મરવાના નથી પણ દુશ્મન થવાના છે અને માણસ દુષ્ટ બને તો શું ન કરે ? કૂવામાં ઝેર નાંખશે તો તમે શું કરશો ? આ વસ્તુ હું શી રીતે સમજાવું ? એ કહું તો એ આગ સળગે છે. હમણાં મેં નાસિકના કલારામ મંદિર માટેના સત્યાગ્રહ કરતાં તો રોક્યા એ હજુ પણ રોકાયા રોકાય એવી દશામાં છે, પછી કામ હાથમાંથી ચાલ્યું જવાનું...." (મહાદેવભાઈ દેસાઈ ડાયરી ભાગ-૩ પૃ.૨૦૦)

"...એનામાં (ડો.આંબેડકરમાં) ત્યાગશક્તિ છે. યાહોમ કરવાની શક્તિ છે. એ (ડો.આંબેડકર) તો દાવાનળ સળગાવવાનો છે આપણે હિન્દુઓ જો સાચા થશું તો યરવડા (પૂના) કરારની સુવર્ણ ભસ્મ બનાવી શકીશું નહિ તો ચાર કરોડ અસ્પૃશ્યો આખા હિન્દુસ્તાનનું ભક્ષણ કરી જવાના છે. (૧૯૩૨માં દલિત વર્ગોની વસ્તી ચાર કરોડ હતી ) હિન્દુધર્મ જીવવાનો હશે તો અસ્પૃશ્યતાને મરવું જ પડશે." (પૃ.૪૧) (મહાદેવભાઈ દેસાઈ ડાયરી ભાગ-૨ પૃ.૩૦૧)

હિન્દુ મહાસભા, કોંગ્રેસ તથા દલિતવર્ગોના નેતાઓ અર્થાત કરારના તમામ પક્ષકારોએ તા.૨૪-૯-૧૯૩૨ના દિવસે તાર કરી કરાર માટે સંમતિ આપવા બ્રિટનના વડાપ્રધાન રામ્સેમેકડોન્લ્ડને તાર કર્યો. પરંતુ વડાપ્રધાનના માસી બા ગુજરી ગયા હોવાથી તેઓ કાંઈક બહારગામ હતા. એટલે એકાદ દિવસનો વિલંબ થયો અંતે બ્રિટિશ સરકારે કરાર સ્વીકાર કર્યો છે તેવો પ્રત્યુત્તર આવતાં (મૌનવાર) ૨૬મી સપ્ટેમ્બરના પ્રભાતે કવિ રવીન્દ્રનાથ ઠાકુરે પ્રાર્થનાગીત ગાયું. ગાંધીજીનું પ્રિય ભજન વૈષ્ણવજન ગવાયું. ત્યારબાદ ગાંધીજીને કસ્તુરબા દ્વારા મોસંબીના રસથી, પારણાં કરાવ્યાં પરંતુ આ પાંચ દિવસના ઉપવાસે પદલિતોના પાયાના અધિકારો ઝૂંટવી લીધા હતા. ૨૭ સપ્ટેમ્બરે, મંગળવારે ગાંધીજીને ૬૪મો જન્મ દિવસ (રેંટિયા બારસ) ઉજવવામાં આવ્યો. યુરોપ, અમેરિકા, આફ્રિકા, ઈત્યાદિ ખંડમાંથી ગાંધીજીના ચાહકોએ ઉપવાસ નિમિત્તે અભિનંદન પાઠવ્યા. પંડિત જવાહરલાલ નહેરૂએ પણ દહેરાદુન જેલમાંથી તાર પાઠવી અભિનંદન સાથે આનંદ વ્યક્ત કરતાં નિખાલસ અભિપ્રાય સાથે લખ્યું હતું કે I am unable to judge from religious point of veiw. There is danger of your method being exploted by others નહેરૂએ ગાંધીજીની ધર્મભાવના તથા પદ્ધતિ અંગે નારાજગી દર્શાવી હતી.

" પૂના કરાર"ની પ્રક્રિયા અને પૂર્ણાહિતના પરિપાકરૂપે એક વસ્તુ બની કે કાશ્મીરથી કન્યાકુમારી અને કલકત્તાથી કરાંચી સુધીમાં સમગ્ર રાષ્ટ્રમાં સવર્ણ હિન્દુઓ સભા ભરીને કહેવા લાગ્યા-અસ્પૃશ્યો અમારા ભાઈ છે વળી દલિતો માટે સંખ્યાબંધ દેવમંદિરના દરવાજા ખોલવામાં આવ્યા. કૂવા, તળાવ, ઘાટ, ધર્મશાળાઓ પણ ક્યાંક ખૂલવા લાગ્યા. વર્તમાનપત્રોમાં અતિશયોકિતભર્યા આંકડા આવવા માંડયા. પંડિત મદન મોહન માલવિયાએ પ્રયાગમાંનું પવિત્ર ત્રિવેણીસંગમ પરનું પોતાનું મંદિર હવે દલિતો માટે ખુલ્લું મૂકી દીધું ! તીર્થરાજ પ્રયાગનું ભારદ્વાજ મંદિરના દ્વાર દલિતો માટે ખુલ્લાં મૂકવા માટે પડાંઓને મહાપરાણે સમજાવ્યા મહામુસીબતે ભંગી ભાઈ બહેનોને મંદિરમાં ધકેલ્યા કેવી રીતે પ્રસાદ વહેચ્યો અને સંકોચ સાથે કેવી રીતે પોતે પ્રસાદ ગ્રહણ કર્યો તેની વીતકકથા વર્ણવતાં સ્વરૂપરાણી રડી પડયાં...(અને બોલ્યાં) તમારો (ગાંધીજીનો) જીવ બચાવવો હતો એટલે ભંગી તો શું પરંતુ કૂતરાના મોઢામાંથી પણ ખાઈ લેતી...(ભાગ.૨ :પૃ૮૦) જો કે ગાંધીજીના ગુજરાતમાં એકપણ મહત્ત્વનું નામાંકિત મંદિર ખુલ્લું મૂકી શકાયું નહોતું...

ડૉ. આંબેડકરે આ પ્રસંગે દલિતવર્ગો માટે રાજકારણથી શાસનકર્તા સમાજ બનવાની હિમાયત

કરતાં કહ્યું કે -

આપણા રાષ્ટ્રના અધ :પતનનું કોઈપણ કારણ હોય તો તે ઈશ્વર (દેવ-દેવી) ની કલ્પના જ છે. અન્ય રાષ્ટ્ર ઉપર આફત આવી પડે ત્યારે લોકો એક સંપ બની આફત સામે ઝઝૂમી તેને હટાવી શાંતિ તથા સમૃદ્ધિ પ્રાપ્ત કરતાં હોય છે. પરંતુ ધર્મે આપણા મનમાં એવું જ ઠસાવી દીધું છે કે માણસ કંઈ કરી શકતો જ નથી. સમાજ ઉપરના સંકટ સમયે ઈશ્વર અવતાર ધારણ કરી આપણી વચ્ચે આવી આપણને ઉગારે છે. પરિણામે સંપીને સંકટનો સામનો કરવાને બદલે આપણે અવતારની પ્રતીક્ષા કરીએ છીએ. પોતાના ઉદ્ધાર માટે ઈશ્વરની પ્રતીક્ષા કરીએ છીએ. પોતાના ઉદ્ધાર માટે ઈશ્વરની પ્રતીક્ષા કરી બેસી રહેવાની વાતને હું સમાજની રાષ્ટ્રની ગુલામીનું કારણ માનું છું..."

ઈશ્વરે આપણે અસ્પૃશ્ય બનાવ્યા તે ઈશ્વરેચ્છા છે. આપણે ગરીબ કે અસ્પૃશ્ય છીએ તે ગયા જન્મના કારણે છે." આ મૂર્ખામી છે તમારે અત્યારે ઈશ્વર વિશે વિચારવાની જરૂર નથી. આ બધી જ માન્યતાઓ ખોટી છે. આપણી ગરીબી તથા અપમાનો સહન કરવાં પડે છે. કારણ કે, તે ઉપલા વર્ગે આપણા ઉપર ઠોકી બેસાડી છે. તેમણે તેમનું હિત સાધ્યું અને આપણને નુકસાન પહોંચાડયું છે. દલિતો પાસે જમીન નથી, કારણ કે સવર્ણોએ છીનવી લીધી છે. દલિતો નોકરીઓ ઉપર નથી, કારણ કે બીજા (સવર્ણ) વર્ગોએ તેના ઉપર કબજો જમાવ્યો છે. હવે ઈશ્વરના ભરોંસે બેસી રહેવાય નહિ. આપણે જે કંઈ મેળવવાનું છે તે આપણી તાકાતના આધારે જ મેળવવાનું છે. સન્માન સાથે જીવતાં શીખો. ઊંચી મહત્વાકાંક્ષા રાખો, જે સંઘર્ષ કરે છે તેને જ પ્રાપ્ત થાય છે. નિરાશાનો યુગ આથમી ગયો છે. નૂતન યુગનો પ્રારંભ થયો છે."

"કોઈને ઈશ્વર બનાવી પોતાના ઉદ્ધારનો ભાર તેના ઉપર નાંખી કર્તવ્યથી વિમુખ થવાની પલાયનવાદી વૃત્તિ તમારા હિતને ઘાતક નીવડશે. ઈશ્વર જગતમાં છે કે નહિ તે વિષે વિચાર કરવાની તમારે કંઈ પણ જરૂર નથી. જગતમાં જે કઈ ઊથલપાથલ થયા છે તે માનવો દ્વારા જ થતી હોય છે. આ એક હકીકત છે. તમારો ઉદ્ધાર કરવા કોઈ આવવાનું નથી. તમારો ઉદ્ધાર તમારે જ કરવાનો છે..."

'હવે પછીનું તમારૂં ભાવિ રાજકારણ દ્વારા જ ઘડાશે. બીજી કોઈપણ રીતે નહિ. કાશી, દ્વારીકા, મથુરા, પંઢરપુરની યાત્રા, એકાદશી, સોમવાર, શનિવારના ઉપવાસ, શનિ, શિવ કે ગાયત્રીના જાપ કે પોથીઓનું પઠન-પારાયણ કરવાથી તમારો ઉદ્ધાર થવાનો નથી. હજારો વર્ષોથી આપણા વડીલો આ કરતા જ આવ્યા છે. પરંતુ આપણી દયાજનક સ્થિતિમાં તલમાત્ર ફરક પડયો નથી. આજે પણ એ જ ચીથરેહાલ સ્થિતિ, એંઠવાડ, ગંદાં રહેઠાણ, પશું જેવું જીવન છે. વ્રતો, ઉપવાસો, ઉપાસના કામમાં આવી નથી. ભક્તિએ ભૂખમરામાંથી કદાપિ મુક્તિ અપાવી નથી. તમારો ઉદ્ધાર કરવાનો એકમાત્ર માર્ગ રાજકારણથી કાયદા ઘડવાની સત્તા પ્રાપ્ત કરવાનો છે. જો તમે ભાવના - ભક્તિના પ્રવાહમાં તણાશો તો આ નવીન યુગમાં પ્રાપ્ત થયેલી રાજકીય તાકાત નિરર્થક નીવડશે તથા તમારા ઉદ્ધાર માટેનો સંઘર્ષ પણ અટકી જશે. અન્ન,વસ્ત્ર, વસવાટ અને વિદ્યા આપવાનું કર્તવ્ય આ દેશમાં શાસનકર્તાઓનું છે અને શાસન તમારી સંમતિ સહાય અને સામર્થ્ય દ્વારા જ ચાલવાનું છે. આ શાસનકર્તા શક્તિમાં તમારો સમાવેશ થયો છે. સર્વ દુન્યવી સુખોનું મૂળ સત્તા (કાયદા)માં છે. માટે જપ તપ ત્યાગી રાજકારણ તરફ લક્ષ આપો, જેથી તમારાં ભૂખમરા અને દુઃખોનો અંત લાવી શકશે. એક વાત પણ ખાસ યાદ રાખજો કે માત્ર સંખ્યાની દૃષ્ટિએ વિશાળ વસ્તી હોવું તે પૂરતું નથી. સફળતા હાંસલ કરવા અને તેને જાળવી રાખવા કોઈ પણ સમાજે સતત જાગૃત સામર્થ્યવાન સુશિક્ષિત અને સ્વાભિમાની બનવું અગત્યનું છે.

## હરિજન સેવકસંઘની સ્થાપના

શુકવાર ૩૦ સપ્ટેમ્બરના ૧૯૩૨ના દિવસે કાવસજી જહાંગીર હોલ (મુંબઈ)માં પંડિત મદન મોહન માલવિયાના પ્રમુખસ્થાને સભા મળી જેમાં All India anti untouchability League નામની સંસ્થાની સ્થાપના કરવામાં આવી ગતી. ગાંધીજીએ પાછળથી તેનું નામ બદલી Serverent Untouchables Society અસ્પૃશ્ય સેવક સમાજ અને છેલ્લે **હરિજન સેવક સંઘ** નામ રાખ્યું હતું. જેમાં શ્રી જી.ડી બિરલા (પ્રમુખ), અમૃતલાલ ઠક્કર (મંત્રી) ઉપરાંત પુરૂષોત્તમ ઠાકુર, લલ્લુભાઈ શામળદાસ ડો.આંબેડકર અંબાલાલ સારાભાઈ (અમદાવાદ) બી.સી.રોય (કલકતા) લીલા શ્રીરામ (દિલ્હી) રાવબહાદુર એમ.સી.રાજા (મદ્રાસ) રા.બ.શ્રીનિવાસ ટી.એસ.રાજન (ત્રિચનાપલ્લી)ઈત્યાદિ હતા. રાવબહાદુર શ્રીનિવાસન, ડો.આંબેડકર શ્રીરાજા ત્રિમૂર્તિ ત્રણ જ દલિતો હતા.

ડો.આંબેડકરે આ સંસ્થા દ્વારા દલિતોત્થાન માટે ઘણી અપેક્ષા રાખી હતી. મંત્રી ઠક્કરને સૂચનો કરતાં લાંબાં ઘણા પત્રો લખ્યા હતા. પરંતુ સંસ્થાની વિચારસરણી અને કાર્યપધ્ધતિ તેમને સંતોષકારક ન લાગતાં તેમણે ટુંક સમયમાં જ રાજીનામું આપી દીધું હતું. ક્રમશ : બાકીના બે પણ નીકળી ગયા હતા. વળી ગાંધીજીએ નવું ધોરણ અપનાવ્યું કે, અસ્પૃશ્યતાનું કલંક હિન્દુ સવર્ણોએ સવર્ણોના નાણાં દ્વારા જ દૂર કરવું જોઈએ. સવર્ણોએ પ્રાયશ્ચિત કરવું જોઈએ. પરિણામે ત્યાર બાદ દલિતવર્ગનો પ્રતિનિધિ સંસ્થાના બોર્ડમાં રાખવામાં આવતો નહોતો. આ સંસ્થાની કરૂણતા એ કે આ સંસ્થા દ્વારા પ્રલોભનો આપી અછૂત આગેવાનોને કોંગ્રેસી બનાવવાનું જ કાર્ય થતું હતું.

**તમારી પ્રગતિ ચકાસો-૩**

**નીચેની ખાલી જગ્યામાં તમારા જવાબો લખો.**

(૧) પૂના કરારમાં દલિતોએ શું મેળવ્યું - શું ગુમાવ્યુ ?

________________________________

________________________________

________________________________

(૨) પૂના કરાર સમયે ડો.આંબેડકરે દાખવેલ અડગતા વર્ણવો.

________________________________

________________________________

________________________________

(૩) પૂના કરારની બાબતે ડો.આંબેડકરના ગાંધીજી વિષેના વિચાર લખો.

________________________________

________________________________

________________________________

(૪) હરિજન સેવક સંઘને ઉદ્દામવાદી કાર્યક્રમ આપવા ડો.આંબેડકરે કરેલાં સૂચનો લખો.

________________________________

________________________________

________________________________

ડો.આંબેડકર અને ગાંધીજી વચ્ચેના મતભેદો પ્રતિદિન વધવા લાગ્યા. ડો.આંબેડકરની સૌથી મોટી ફરિયાદ એ હતી કે ''ગાંધીજીએ અસ્પૃશ્યતાના નાશ માટે કદાપિ ભાવનાત્મક ભૂમિકા સ્વીકારી ન હતી. ગાંધીજી જાતિભેદનો વિનાશ કરવાનું કહેતા પરંતુ વર્ણવ્યવસ્થા વિરૂદ્ધ કદાપિ કશું જ કરવા તૈયાર ન હતા. વર્ણવ્યવસ્થા અકબંધ જાળવી રાખવાનો તેમનો આગ્રહ જાણીતો હતો. જાતિપ્રથા ઉચ્ચ-નીચ ભાવ, કર્મફળસિધ્ધાંત, જન્મથી જાતિની પ્રતિષ્ઠા, ઈત્યાદિ હિન્દુધર્મનાં વિશિષ્ટ લક્ષણો છે. આ બધાંને કારણે આ ધર્મે આચરણમાં દલિતોને માનવ તરીકે સ્વીકારવાનો સાફ ઈન્કાર કર્યો છે. જેનો ગાંધીજીએ કદાપિ વિરોધ કર્યો ન હતો. ડો.આંબેડકર આ બધાંને હિન્દુ સમાજનાં દૂષણો તરીકે જ ઓળખતા હતા. વળી

સરકારે આવા ધર્મગ્રંથોને પણ જપ્ત કરવા જોઈએ તેવો તેમનો આગ્રહ પણ હતો. આમ અસ્પૃશ્યતાના રોગના નિદાન તથા ચિકિત્સા બાબતે ગાંધી આંબેડકર વિવાદનો આરંભ થયો હતો. આ બાબતે બન્ને વચ્ચે આસમાન જમીનનું અંતર હતું. શ્રી મધુ લિમયે ડો.આંબેડકર એક ચિંતન ગ્રંથમાં વિસ્તૃત છાણાવટ કરતાં લખ્યું છેકે, ગાંધીજીના નેતૃત્વવાળી કોંગ્રેસને મોટા મોટા મૂડીદારોની ઓથ હતી. ઘનશ્યામ બિરલા તો તેનું મહોરૂં હતા. સમતાવાદી સમાજવાદી ડો.આંબેડકરને આ અણગમતું હતું. ગાંધીજી આંબેડકર વચ્ચેનું અંતર વધારવાનું આ વિશેષ કારણ હતું.

વળી ગાંધીજી દલિતવર્ગો માટે તેમના પરંપરાગત ગંદા વ્યવસાયો સફાઈકામ, ચર્મકામ વગેરે ચાલુ રાખવામાં માનતા હતા. તેમના મતે કોઈપણ વ્યવસાય હલકો ગલીચ નહોતો તે જાતે પણ પાયખાનાં સાફ કરતાં હતા. આ વિચાર કે દલિતવર્ગના લોકો મેલું ઉપાડે, ચામડાં ચૂંથે ગંદા વ્યવસાયોમાં તથા ચપરાશી તરીકે ચાલુ રહે '' તે ડો.આંબેડકરને બિલકુલ પસંદ નહોતો. તેમને તો દલિતોને ડોકટર, એન્જિનીયર, પ્રોફેસર,.ઓફિસર, બેરિસ્ટર, બનાવવા હતા. ડો.આંબેડકર દલિતોની આર્થિક શૈક્ષણિક અને સામાજિક પ્રગતિ માટે જ પ્રવૃત્ત હતા. તેઓ આ શોષિતોને શાસનકર્તા સમાજ તરીકે નિહાળવા માંગતા હતા અને તેને માટે ગમે તેની સાથે ચર્ચા કરવા તત્પર હતા. પછી ભલે તે ગાંધીજી કેમ ન હોય. સત્તાની ભાગીદારી સિવાય દલિતોની સ્થિતિ સુધરશે નહિ તેવી તેમની સ્પષ્ટ માન્યતા હતી. ગાંધીજીનું ભંગીવાસમાં રહેવું તેમને માટે એક પ્રકારે આનંદ ઉદારતા હશે, પરંતુ આંબેડકરને મતે દલિતો માટે ભંગીવાસમાં રહેવું તે અપમાન અને અવહેલનાં હતાં. ડો.આંબેડકરને સવર્ણોની દલિતો પ્રત્યેની ભૂતદયાની ભાવના પણ સ્વીકાર્ય નહોતી જ. ગાંધીજીએ જ યંગ ઈન્ડિયાના તા.૨૦-૧૦-૧૯૨૦ના અંકમાં દલિતોને દાસોના દાસ તરીકે નવાજ્યા હતા અંગ્રેજોના દાસ હિન્દુ અને હિન્દુઓના દાસ હરિજનો એક વખતે તેમણે દલિતોનો ઉલ્લેખ ગરીબડી ગાય તરીકે કર્યો હતો.જેનો ગાંધીવાદી હરિજન આગેવાન જગજીવનરામે પત્ર લખીને વિરોધ કર્યો હતો. ડો.આંબેડકર આ ભૂતદયાની ભાવનાના વિરોધી હતા તેમની વૈચારિક ભૂમિકા એવી હતી કે, દલિતોએ પોતાનો ઉદ્ધાર પોતે જ કરવો પડશે પારકા ઉપર આધાર કે વિશ્વાસ રાખી બેસી શકાય નહિ. આ માટે દલિતોની પોતાની એકતા (સંગઠન) અનિવાર્ય છે. તેઓ દલિતોમાં આત્મસન્માન પેદા કરાવના પુરૂષાર્થમાં પ્રવૃત્ત હતા.

આ માટે તેમણે અછૂતોની અઢાર જાતિઓને એકઠી કરી સશકત સંગઠન બનાવ્યું હતું. ચીલાચાલુ રાજકારણને બદલે નૂતન શૈલીનો પ્રાદુર્ભાવ થયો હતો. ગુજરાતી દલિત આગેવાન ઝીણાભાઈ રાઠોડના નેતૃત્વ હેઠળ ઋષિ સમાજે (સફાઈ કામદાર સમાજે) ડો.આંબેડકરનું ભવ્ય સન્માન કર્યું. વળી ૪ નવેમ્બરના દિવસે મુંબઈમાં (વાલપખાડી) વસતા મેઘવાળ સમાજે માનપત્ર આપી સન્માન કર્યું. અત્યંજ આલમના મહાન ઉદ્ધારક માન્યવર ડો.આંબેડકર જુગજુગ જીવો આવું માનપત્ર મેળવી ત્રીજી ગોળમેજી પરિષદમાં હાજરી આપવા વિકટોરીયા જહાજ દ્વારા આંબેડકર વિલાયત ગયા અને જાન્યુઆરી ૧૯૩૩માં પરત આવ્યા ત્યાં ગાંધીજીની મુલાકાત માટેનો તાર મળ્યો. પૂનાની યરવડા જેલમાં બન્ને મહાપુરૂષોની મુલાકાતની ફલશ્રુતિના પરિણામે ગાંધી આંબેડકર વૈચારિક અંતર વિસ્તૃત થતું ગયું. હવે ડો.આંબેડકરનો હિન્દુ અને હિન્દુધર્મ ઉપરનો વિશ્વાસ પણ ડગી ગયો હતો તેમણે કહ્યું કે જાતિઓના સંગ્રહાલય સમા આ હિન્દુ સમાજમાં કે જેની પ્રત્યેક જાતિ અન્ય જાતિ જ્ઞાતિ કરતાં પોતાને સ્વતંત્ર મનાવવા પ્રયત્નશીલ હોય છે, અને અન્ય જ્ઞાતિઓ માટે તુચ્છતાનો ભાવ પ્રદર્શિત કરતી હોય છે ત્યાં દલિતોત્થાન કે સ્વાભિમાન શક્ય નથી જ. જાતિભેદ એક પછી એક મિનારો મજલા જેવો છે. પરંતુ તેમાં એકબીજામાં પ્રવેશ માટે સીડીઓ નથી. વળી વ્યક્તિના વિકાસ માટે સહાનુભૂતિ, સમતા અને સ્વાતંત્ર્યની અતિ આવશ્યકતા હોય છે પરંતુ હિન્દુધર્મમાં આ ત્રણ પૈકી એક પણ આશરો અછૂતો માટે નથી તો આ શા માટે તે ધર્મમાં અપમાનિત થઈને પડયા રહેવું ? (વિચારધન પૃ-૧૫)

તેમનું ચિંતન કંઈક જુદી જ દિશામાં વિચારતું હતું. અત્યાર સુધીમાં તેમણે હેમંડ કમિટી જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી તેમજ ઈન્ડિયન કોન્સિટયૂશન રિફોર્મ કમિટિમાં સક્રિય કામગીરી કરી અછૂતો માટેના અધિકારો તો પ્રસ્થાપિત કરી દીધા હતા. હવે અછૂતો મુક્ત રીતે તેનો ઉપયોગ કરી શકે તે માટે તે પ્રવૃત્ત હતા.

## ઉપયોગી પુસ્તકો

(૧) વિજય પૂજારી :- ડો.બાબાસાહેબ આંબેડકર (હિન્દી)

(૨) મહાદેવભાઈ દેસાઈની ડાયરી :-ભાગ-૨-૩

(૩) રામચંદ્ર બનૌધા :- ડો.આંબેડકર કા જીવનસંઘર્ષ (હિન્દી)

(૪) Tranfs of power II

(૫) Pyarelal : Epic Fast

(૬) ડૉ.ગાયકવાડ : પરિમલ (મરાઠી)

(૭) મ.શ્રી. દિક્ષીત : વિચારધન (મરાઠી)

(૮) Chimanlal Setatwad : Recollecion and Reflection

(૧૦) ગાંધીજી અક્ષરદેહ -ગ્રંથ : ૮૫-૮૬

(૧૧) ઘનશ્યામ બીરલા : ગોળમેજીમાં ગાંધીજી (નવજીવન પ્રકાશન)

(૧૨) Sardar Vallabhbhai Patel Correspondence -7-10

(૧૩) મધુલિમયે : ડૉ. આંબેડકર એક ચિંતન (મરાઠી)

(૧૪) રા.બ. તેજ બહાદુર સપ્રુ: The story of My Life

# એકમ: ૬ અસ્પૃશ્યોના અધિકારો માટે અજબનો પુરુષાર્થ

૬-૦ ઉદ્દેશ્ય

૬-૧ અસ્પૃશ્યતા નિવારક સંઘના કાર્યક્રમ વિષે તેમના વિચારો

૬-૨ રાષ્ટ્રભક્તિની ડૉ.આંબેડકરની વિશિષ્ટ વ્યાખ્યા.

૬-૨-૧ ઈન્ડીયન ફ્રેન્ચાઈઝ કમિટિમાં તેમજ વિલાયતમાંની કામગીરી

૬-૨-૨ મંદિર પ્રવેશ બીલ-ગાંધી આંબેડકર વિવાદ

૬-૩ ડૉ.આંબેડકરનો પુસ્તકપ્રેમ

૬-૩-૧ પુરંધ્રી વલ્લભાની વસમી વિદાયે વિતરાગી સંન્યસ્ત પ્રતિ...

૬-૪-૦ હિન્દુસમાજને સશક્ત કરવા હિન્દુધર્મની પુનઃ રચનાની હિમાયત

૬-૪-૧ ધર્માંતરની ઘોષણા (યેવલા) ૧૩-૧૦-૧૯૩૫

૬-૪-૨ ધર્માંતરની ઘોષણાના અંગે હિન્દુ પ્રત્યાઘાતો

૬-૪-૩ પોતાના મઝહબમાં લાવવા ઈસ્લામ-ઇસાઈના પ્રયત્નો

૬-૪-૪ શીખધર્મ પ્રતિ ઝુકાવ અને પાછા ફરવું.

૬-૪-૫ મુંજે-આંબેડકર પેકટ અને એમ.સી.રાજાનો અભિગમ

## ૬-૦ ઉદ્દેશ્ય

આ એકમમાં આપણે પૂના કરાર પશ્ચાત ડૉ.આંબેડકરે અસ્પૃશ્યોના અધિકારો માટે કરેલા અજબ પુરુષાર્થની વીગતોથી વાકેફ થઈશું જેમાં અસ્પૃશ્યતાના નિવારક સંઘ (હરિજન સેવક સંઘ)ના કાર્યક્રમ વિષેની તેમના વિચારો, ત્રીજી ગોળમેજી પરિષદ તેમજ ઈન્ડિયન ફ્રેન્ચાઈઝ કમિટિમાંની તેમની નોંધપાત્ર કામગીરી, તેમનો પુસ્તક પ્રેમની વિષેની વિગતો પણ જાણીશુ. વળી આઘાતજનક ઘટના પત્ની રમાબાંઈના અકાળે અવસાનથી આઘાત પામેલા ડૉ.આંબેડકરનો સંન્યાસ તરફનો ઝુકાવ. હિન્દુસમાજને સશકત કરવાના તેમના સુઝાવો સાથે સાથે હિન્દુસમાજને આંચકો આપવાની તેમની ધર્માંતરની ઘોષણાની પણ ચર્ચા કરીશું.

તેમની ધર્માંતર ઘોષણા પછી મૌલવીઓ, પાદરીઓ દ્વારા ડૉ.આંબેડકરને પોતાના ધર્મમાં લાવવાની પેરવી-લાલચો અને સઘળાનો આંબેડકરે કરેલો ઈન્કાર પણ જાણીશુ. શીખધર્મ તરફના તેમના ઝુકાવની વાતની પણ નોંધ લઈશું.

## એકમ-૬ અસ્પૃશ્યોના અધિકારો માટે અજબ પુરુષાર્થને અંતે ધર્માંતરની ઘોષણા :

પેચીદા પૂના કરારની પૂર્ણાહૂતિ કરી ત્રીજી ગોળમેજી પરિષદ માટે તા. ૭-૧૧-૧૯૩૨ના દિવસે સુંદર સગવડવાળા ઈટાલિયન વિકટોરિયા વહાણ દ્વારા વિલાયતની વાટ પકડી પરદેશ પ્રસ્થાન પૂર્વે તેમણે અસંખ્ય માનપત્રો મેળવ્યાં. હવે તેઓ દલિતોના દેવ બની ગયા. વાલપખાડીના ગુજરાતી દલિતો-માયાવંશીઓના માનપત્ર સમારંભમાં મંદિરપ્રવેશની નુક્તચેની કરતાં કહ્યું. "આપણો ઉદ્ધાર માત્ર મંદિરપ્રવેશની નથી. આપણો સામાજિક દરજ્જો સમતાની બુનિયાદ ઉપર પ્રાપ્ત કરવાનો છે. પ્રથમ આપણી આર્થિક ગુલામી નષ્ટ કરવી પડશે..

વળી "પૂના કરાર" વિગતો આપતાં તેમણે કહ્યું કે,

"ગાંધીજીના અનુયાયીઓની ખોટી માહિતીના કારણે ગાંધીજીની દિશાભૂલ થઈ હવે ગાંધીજી પણ કહે છે કે, જો ડૉ.આંબેડકરને દલિતવર્ગોના સમુદાયનું આવું પ્રચંડ સમર્થન પહેલેથી મેં જાણ્યું હોત તો હું તેમની માંગણીઓનો વિરોધ ન કરત. "ડૉ.આંબેડકર પોતાનો ભારે જયઘોષથી નારાજ થતા હતા. તેમણે જહાજમાંથી પત્ર લખી પોતાના ચાહકોને ચેતવતાં કહ્યું કે,

" આ જય જયકારના દર્શનો મને બેચેન બનાવી મૂકે છે. જયઘોષમાં વ્યક્ત થતી વિભૂતિ પૂજાની ભાવના મારા જેવા લોકશાહી માનસવાળાંને ઘણો જ વ્યથિત-વ્યગ્ર બનાવે છે. જય જયકારની મંગલ ઘોષણાઓ મારા ચિત્તને કષ્ટ પહોચાડે છે. આપણો સમાજ મારી પાસે જે અપેક્ષા રાખે છે તેની અને તેમના પ્રત્યેના મારા કર્તવ્યની સ્મૃતિ થતાં હું ભારે અકળામણ અનુભવું છું... ઘણી વખતે એકલા રહેવાના વિચારો આવે છે. દુ:ખ પછી સુખ... અથવા વેદના પછી વિશ્રાંતિનો પ્રાકૃતિક ક્રમ જો લાગુ પડતો હોય તો સર્વ પ્રથમ મારો અધિકાર છે. પરંતુ આ ક્રમ મારા કરમમાં લખાયો હોય તેમ લાગતું નથી. સતત સંઘર્ષમય પ્રવૃતિમય, ધમાલિયું જીવન મારા માટે છઠ્ઠીનો લેખ જેવું લાગે છે. જે મારા જીવનના અંત સુધી મારો પીછો છોડશે નહિ... !!

## ૬-૧ અસ્પૃશ્યતા નિવારક સંઘ વિષેના વિચારો :

ડૉ.આંબેડકરનું ચિંતન સતત દલિતવર્ગના શ્રેય સાથે જ સંકળાયેલું હતું. પૂના કરારના પરિપાક સ્વરૂપે જન્મેલ **"હરિજન સેવક સંઘ"** દ્વારા દલિતોત્થાન માટે કેવા કાર્યક્રમો કરી શકીએ તે દર્શાવતો એક પત્ર **"દલિત મેગ્નાકાર્ટા"** તેમણે જહાજમાંથી પોર્ટ સૈયદ બંદરેથી સંસ્થાના મંત્રી શ્રી અમૃતલાલ ઠક્કરને મોકલ્યો. જેમાં તેમણે દલિતવર્ગોના અભ્યુદ માટેનો સ્પષ્ટ સુરેખ આલેખ દોર્યો હતો. જે નીચે પ્રમાણે હતો. એન.એમ. વિકટોરિયા (જહાજ) પોર્ટ સૈયદ, ૧૪, નવે.૧૯૩૨.

પ્રિય ઠક્કર,

લંડન જવા માટે નીકળ્યો તે વખતે તમારો તાર મને મળ્યો. મારી સૂચના પ્રમાણે રા.બ.શ્રીનિવાસનને મધ્યવર્તી બોર્ડમાં સભાસદ તરીકે તથા શ્રી દેવરાવ નાયકને મુંબઈ પ્રાંતિક બોર્ડમાં લેવામાં આવ્યા છે એ હકીકત તમારા તાર પરથી મેં જાણી. મારી સૂચનાઓનો આ પ્રમાણે સ્વીકાર થયો અને આ પ્રશ્ન સમાધાનપૂર્વક ઉકેલવામાં આવ્યો એ સારું થયું. આપણા "અસ્પૃશ્યતા નિવારક સંઘ"નો કાર્યક્રમ હવે આપણે બધા મળીને હાથ પર લઈ શકીશું. આપણા સંઘનો મધ્યવર્તી મંડળના તત્ત્વાનુસાર ચલાવવો ઈષ્ટ અને પરિણામકારક થાય એ સંબંધે મધ્યવર્તી મંડળના સભાસદો સાથે ચર્ચા અને વિચારવિનિમય કરવાની મને તક મળી શકી નહિ. પરંતુ મારા હાથ નીચે જે બીજો સંઘ છે તેનો લાભ ઉઠાવવાનું મેં નક્કી કર્યું છે. આ પત્ર દ્વારા આ બાબતમાં મારા વિચારો તમને જણાવવા અને તે તમે મધ્યવર્તી મંડળના બીજા સભાસદો સમક્ષ વિચાર કરવા માટે મૂકો એ મારા સ્વાર્થની બીજી ઉત્તમ તક છે. જેનો હું ઉપયોગ કરવા માંગુ છું.

મારા મતે દલિતવર્ગની ઉન્નતિ-વિષયક પ્રશ્ન તરફ જોવાની અથવા તો તે સંબંધી સ્પષ્ટ વિચાર કરવાના બે દષ્ટિકોણ અથવા બે રીતો હોઈ શકે "અસ્પૃશ્ય સમાજની વ્યક્તિનું ભવિષ્ય તે વ્યક્તિના વર્તન પર આધાર રાખે છે." એવો સિદ્ધાંત પકડીને તે દષ્ટિથી અને તે વિચારસરણીને અનુસરીને આ પ્રશ્ન જોનારા કેટલાંક માણસો છે. દલિત સમાજની વ્યક્તિ દુ:ખ એ દારિદ્રયથી પીડાતી હોય તો તે વ્યક્તિ જ દુર્ગુણી અને દુષ્ટ હોવી જોઈએ. એવું આ વિચારસરણીમાં સમાજ સુધારકો દલિતવર્ગની વિશિષ્ટ વ્યક્તિના અથવા વ્યક્તિવિષયક સદ્‌ગુણોમાં સુધારો કરવાના કાર્યમાં મંડી પડે છે અને પોતાની પાસેના તમામ સાધનોનો ઉપયોગ આ વાત સાધ્ય કરવામાં કરે છે. આ વિચારસરણી ધરાવતા સામાજિક કાર્યકર્તાઓ વ્યક્તિમાં સદ્‌ગુણોનો વધારો કરવા દારૂબંધીનો, આરોગ્યવૃદ્ધિનો, સહકારી ચળવળોનો, વાંચનાલય અને નિશાળો ખોલવા વગેરે કાર્યક્રમ હાથ પર ધરે છે.

મારા મતે દલિતોની ઉન્નતિનો આ પ્રશ્ન હાથ પર લેવાની અથવા તો ઉકેલવાની બીજી પણ એક રીત છે. તે વ્યક્તિના ભવિષ્ય માટે તે જવાબદાર છે અને કોઈ વ્યક્તિ દુ:ખ અને દરિદ્રથી ત્રાસી ગઈ હોય તો તેનું કારણ તે વ્યકિતની એકંદરે પરિસ્થિતિ અથવા તેની આજુબાજુનું સાર્વત્રિક વાતાવરણ પ્રતિકૂળ અથવા વિકટ હોય છે. આ સિદ્ધાંત પર બીજી કાર્યપધ્ધતિ અને વિચારસરણી ઉભી કરવામાં આવી છે. મારી ખામી છે કે આ બે વિચાર-પદ્ધતિઓમાં બીજી પદ્ધતિની બરાબર અને વસ્તુસ્થિતિને વધુ પકડીને પહેલી પધ્ધતિની મદદથી કેટલીક પસંદ કરેલી રીતના અથવા ગણીગાંઠી વ્યક્તિઓનો દરજ્જો તેમના સમાજના સાર્વત્રિક દરજ્જો ઉંચો આવે નહિ. દલિત સમાજમાં વિશિષ્ટ અથવા કુદરતી રીતે વ્યક્તિઓનો દરજ્જો ઉપર લાવવા માટે અથવા જે હાથમાં આવે તેવી ઓછી વધતી વ્યક્તિઓને મદદ કરવા સારૂ આપણી સંસ્થાએ જન્મ લીધો નથી. પરંતુ એકંદરે દલિત સમાજનો સાર્વત્રિક દરજ્જો ઉપર લાવવાનો આપણી અસ્પૃશ્યતા નિવારક સંસ્થાનો (હરિજન સેવક સંઘ) ધ્યેય છે અને તે હોવું જોઈએ તેમ હું માનું છું.

આ ધ્યેય હોવાથી વ્યક્તિ વિશિષ્ઠના સદગુણો વધારવા પાછળ તેણે પોતાની સાધન-સામગ્રી અને કર્તૃત્વ ખર્ચી ન નાંખવા જોઈએ એમ મને લાગે છે. જેને લઈને અસ્પૃશ્ય સમાજની સાર્વત્રિક અને સામાજિક પરિસ્થિતિમાં ફેરફાર થઈને તે સુધરી શકે તેવા પ્રકારના પ્રયત્નો પર આપણી અસ્પૃશ્યતાના નિવારક મંડળે (હરિજન સેવક સંઘે) ભાર આપવો અને તે ધોરણ પર જ આપણો કાર્યક્રમ તૈયાર થવો જોઈએ એવો મારો સ્પષ્ટ મત છે.

આપણે આ સ્પષ્ટ પ્રશ્નોની બાબતમાં મારી સર્વ સાધારણ ધારણા વિચારસરણી કેવી છે તેનો આછો પરિચય આપ્યા બાદ હું કેટલીક નિશ્ચિત અને રચનાત્મક યોજના તમારી સમક્ષ રજૂ કરવાનું સાહસ કરું છું.

મારા મતે સંસ્થાએ સૌ પ્રથમ કોઈ કાર્યક્રમ હાથ પર ધરવાનો હોય તો તે દલિતવર્ગને નાગરિક તરીકેના સાદા હક્કો મેળવી આપવાનો હોવો જોઈએ. ગામડામાં કૂવામાંથી પાણી ભરવાની અસ્પૃશ્યોને સંપૂર્ણ છૂટ આપવાની, ગામડામાંની નિશાળોમાં તેમના બાળકોને બીજા સાથે અને બીજા પ્રમાણે બેસવાની, ઘોડા-ગાડીઓ, હોડીઓ, મોટરો વગેરે સાર્વજનિક વાહનોનો બીજાઓ પ્રમાણે અસ્પૃશ્યો કોઈ પણ જાતના બાધ વગર ઉપયોગ કરી શકે વગેરે કાર્યક્રમનો સમાવેશ થઈ શકે. આવા પ્રકારનો કાર્યક્રમ ગામડાંઓ સુધી લઈ જવાની વ્યવસ્થા થાય તો જ અસ્પૃશ્યોને સ્પૃશ્ય હિન્દુ જનતાની સમાજ ક્રાન્તિકારક મનઃસ્થિતિ તૈયાર થઈ શકે, અને જયાં સુધી સ્પૃશ્ય હિન્દુ જનતાના વિચારમાં જ આ પ્રકારની ક્રાન્તિ થાય નહિ ત્યાં સુધી તેઓ અસ્પૃશ્યોની સાથે સમાનતાના ધોરણે વર્તવા તૈયાર થાય નહિ પણ આ ઉપરોક્ત કાર્યક્રમનો ગામડાઓમાં અમલ કરવાનું નક્કી કરતાં પહેલાં આપણા આ અસ્પૃશ્યતા નિવારક બોર્ડને કયા પ્રકારની મુસીબતો અને વિરોધનો સામનો કરવો પડશે. તેનો આપણે સર્વને અગાઉથી ખ્યાલ હોવો અતિ જરૂરી છે. આ બાબતમા કેવા પ્રકારના વિઘ્નો અને મુસીબતો આવે છે તે હું આપને સ્વાનુભાવ પરથી કહી શકું તેમ છું. "ડિપ્રેસ્ડ કલાસીસ ઇન્સ્ટીટ્યૂટ" અને "સમાજ સમતા સંઘ"ના પ્રમુખ તરીકે ઉપરોક્ત કાર્યક્રમની ચળવળ મેં જયારે કોલાબા અને નાસિક જિલ્લાઓમાં શરુ કરી ત્યારે જે બન્યું તેનો મારો અનુભવ છે. પ્રથમ અસ્પૃશ્ય અને સ્પૃશ્ય હિન્દુઓ વચ્ચે મારામારીઅ થાય છે જેનો અંત એકબીજાનાં માથા ફોડવામાં અને કોર્ટમાં સામસામી ફરિયાદો કરવામાં થાય છે. આ ઝઘડાઓમાં અસ્પૃશ્યોની હાલત ઘણી ખરાબ થાય છે કારણ કે પોલીસ અને કોર્ટ આ બાબતમાં અસ્પૃશ્યોની વિરુદ્ધ હોય છે. નાસિક અને કોલાબા જિલ્લાઓમાં અસ્પૃશ્યોને સાદા નાગરિકત્વના હક્કો મેળવી આપવા કરવામાં આવેલ ચળવળમાં અસ્પૃશ્યોની બાજુ ન્યાયની હોવા છતાં એક પણ એવો પ્રસંગ બનેલો નહિ કે જેમાં પોલીસ અથવા ન્યાયધીશ તરફથી સહાયતા અથવા ન્યાય મળ્યો તેમ બતાવી શકાય. આવી બાબતમાં પોલીસ અને ન્યાયખાતું તો આશ્ચર્યજનક રીતે પોકળ અને તકલાદી હોય છે. આનાથી વધારે ખરાબ હકીકત એ છે કે આ ખાતું ન્યાયનું પાલન કરનાર ખાતાને બદલે કેવળ રાજકીય અથવા મુત્સદ્દી ધોરણે ચાલનારાં હોય છે. સ્પૃશ્ય હિન્દુઓના સ્વાર્થ ખાતર અસ્પૃશ્યોને જે ન્યાય મળવો જોઈએ તેનું બલિદાન આપવામાં આ બંને ખાતા અન્યાયી અને પક્ષપાતી હોય. એ વાત છે કે ગામડાઓમાં અસ્પૃશ્ય અને હિન્દુજાતિ તરફથી દલિતોનો બહિષ્કાર થાય છે. અને તેમના દાણાપાણી પણ બંધ કરવામાં આવે છે આ બહિષ્કારને લીધે ભૂખમરો અને બીજી કંપારી છૂટે એવી શારીરિક યાતનાઓ અસ્પૃશ્યોને ભોગવવી પડે છે.સ્ટાર્ટર કમિટિના સભાસદ તરીકે આ અંગેની કરૂણ કથની સાંભળવાની તક અમને મળી છે અને તેથી અસ્પૃશ્યોને ભોગવવી પડેલ યાતનાઓનું વિગતવાર વર્ણન કરવાનું હું અહિયાં ઈચ્છતો નથી.

દલિતોના નાગરિકત્વના ઉપરોક્ત સાદા હક્કો પ્રાપ્ત કરી આપવા માટે આપણી સંસ્થા તરફથી જો મારી સૂચના પ્રમાણે પગલાં ભરવામાં આવે તો તેથી માર્ગમાં જે વિઘ્નો આવશે તે પૈકીનો મેં ઉલ્લેખ કર્યો છે. આ બીજા વિઘ્નોનો પ્રતિકાર કરવા સારું સમાજસેવકોનું એક સૈન્ય આપણે ઉભું કરવું પડશે અને ગામડાઓમાં લોકજાગૃતિ સારું તેમજ જનતાની મદદ માટે આ સ્વંયસેવકો ઠેરઠેર ગોઠવવા પડશે. પોતાના હક્કો માટે લડી લેવા માટે દલિત જનતાએ આ સ્વંયસેવકો ઉત્તેજન આપી પ્રવૃત કરશે અને સરકારમાં દલિતોને ન્યાય મેળવી આપવા માટે પૈસાની તથા બીજી જરૂરી મદદ પણ આ સ્વંયસેવકો મારફતે દલિતોને મળે તેવી વ્યવસ્થા પણ થવી જોઈએ. આ કાર્યક્રમ ઘણો પરિણામકારક અને ફળદાયી થશે તેની મને પૂર્ણ ખાતરી હોવાથી આપણી છે સંસ્થામાં સૌ પ્રથમ આ કાર્યક્રમને હાથ પર ધરવો જોઈએ. બીજા બધા કાર્યક્રમો બીજી કક્ષાના સમજીને આ કાર્યક્રમ હાથ પર લેવા મારો આગ્રહ છે. આપણે આપણો હેતુ પાર પાડવા આના કરતાં વધુ પરિણામકારક બીજો કાર્યક્રમ નથી એવી મારી ખાતરી છે.

આ કાર્યક્રમથી સમાજમાં મોટી ગરબડ થશે અને લોહી પણ રેડાશે એ વાત ખરી છે. પણ મારા મત

મુજબ આવા બનાવો સંપૂર્ણપણે ટાળવા શક્ય નથી. આ લડાઈના કાર્યક્રમને બદલે ઓછામાં ઓછો પ્રતિકારના ધોરણે નક્કી કરેલ બીજો કાર્યક્રમ હોઈ શકે એ હું જાણું છું. પરંતુ એવા પ્રકારનો મોળો કાર્યક્રમ અસ્પૃશ્યતાને જડમૂળથી કાઢવા અસમર્થ થશે એ હું નિશ્ચિતપણે કહી શકું છું. મનદુઃખ ન થાય એવી રીતે દીનવાણીથી અજ્ઞાન રૂઢિચૂસ્ત-હિન્દુઓને સૈકાઓ સુધી સમજાવવા દલીલો કરતા રહેવાથી તેમનામાં હૃદય પરિવર્તન થશે અને તેઓ અસ્પૃશ્યો પ્રત્યે સ્નેહભાવ અને સમાનતાથી વર્તશે એવી આશા રાખવી વ્યર્થ છે. બીજા સર્વ સાધારણ માણસની જેમ સ્પૃશ્ય જાતિનો હિન્દુ પણ રોજ પાળવાનો રૂઢિચાર વિરૂદ્ધ બોલનારાઓ પ્રત્યે તેમણે તિરસ્કાર હોય છે. આવા લોકો પોતાનો ગુસ્સો પ્રત્યક્ષપણે વ્યક્ત કરે નહિ તો પણ તેઓ સમાજસુધારોકોની ટીકા તરફ લક્ષ ન આપતા પોતાનો રૂઢિચારતો પાળે છે. "હવે આપણે બદલાવું જ જોઈએ, જૂના વિચારનો અને રૂઢિચારના ત્યાગ કર્યા સિવાય હવે આપણા માટે બીજો માર્ગ નથી." આવા વિચાર કરવાની ફરજ પાડે એવી પરિસ્થિતિ પેદા થાય તો જ સ્પૃશ્ય હિન્દુ અને અસ્પૃશ્યોના ઉન્નતિનો માર્ગ ખુલ્લો થયો એમ સમજવું. આવી પરિસ્થતિ પેદા કરવા આપણે **"જલદ કાર્યક્રમ"** ઘડવો જોઈએ કે જેથી સ્પૃશ્ય હિન્દુના એ જૂના પુરાણા આંડા.આચાર વિચારોને જોરથી ધક્કો લાગે. કંઈક ખતમ થવા બેઠું છે એમ જયારે સ્પૃશ્ય હિન્દુને લાગશે ત્યારે તે વિચાર કરવાની શરૂઆત કરશે.અને તે એકવાર તે વિચારને માર્ગે પગલું માંડશે એટલે જૂનો માર્ગ છોડીને નવા માર્ગે વળવાની શક્યતા પહેલાં કરતાં અધિક રહેવાની. લોકોના મનને દુઃખ ન પહોંચાડતા ધીમે ધીમે દ્રશ્ય પરિવર્તન કરવાનો જે માર્ગ હોય છે. તેમાં એક મોટો દોષ એ હોય છે કે એ કાર્યક્રમ લોકોને કાર્ય કરવાની ફરજ પાડી શકતો નથી. કારણ કે તેમાં વિનાશનો અથવા કટોકટીનો પ્રસંગ નિર્માણ કરવાની શક્તિ હોતી નથી. અને જયાં સુધી વિનાશનો અથવા કટોકટીનો પ્રસંગ નિર્માણ કરવાની શક્તિ હોતી નથી અને જયાં સુધી વિનાશનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી ત્યાં સુધી અજ્ઞાની લોકો વિચાર કરવા તૈયાર થતા નથી. હજારો વર્ષ તત્ત્વજ્ઞાન કહીને અને સૌમ્યપણે ઉપદેશ આપીને લોકમતને એટલી ગતિ ક્યારેય મળી નથી જેટલી મહાડના તળાવ પર અથવા નાસિકના કાળારામ મંદિર અથવા મલબાર ગુરૂવાર મંદિર પર મોરચો લઈ જતાં જોત-જોતામાં મળી. તેથી દલિતોને કોઈક પ્રત્યક્ષ આક્રમક કાર્યક્રમ હાથમાં લેવો જોઈએ એવી મારી સર્વને આગ્રહભરી વિનંતી છે. આ માર્ગમાં આવતા વિઘ્નોનો મને સંપૂર્ણ ખ્યાલ છે. મને આ બાબતમાં જે અનુભવો થયા છે તે પરથી હું કહી શકું છું કે, આપણો કાર્યક્રમ યશસ્વીપણે પાર પાડવામાં આપણેને સરકારી કાયદાઓનો પ્રત્યક્ષ આધાર હોવો આવશ્યક છે. મંદિર પ્રવેશની વાત મેં બાજુ પર મૂકી છે. અને મારા કાર્યક્રમમાં મેં સાર્વજનિક હક્કોની વાતોનો સમાવેશ કર્યો છે. આ બાબતમાં અમારો પક્ષ લઈને અમને સાર્વજનિક હક્કો ઉપયોગ કરવા દેવા સારુ કાયદાનું સમર્થન આપવું સરકારની પહેલી ફરજ છે.

જીવનસંઘર્ષની દોડમાં અસ્પૃશ્યોને સમાન તક મેળવી આપવાનો બીજો કાર્યક્રમ આપણા અસ્પૃશ્યતા-નિવારક સંઘે હાથ ધરવો જોઈએ. અસ્પૃશ્ય સમાજની દરિદ્ર માટે જે મુશ્કેલીઓ મુખ્યત્વે કારણભૂત છે. તેમાં "સમાન તકનો અભાવ" મુખ્ય છે. અસ્પૃશ્યોને સમાન તક મળતી નથી તેનું કારણ સ્પૃશ્યોમા અસ્પૃશ્યો માટે જડ ઘાલીને બેઠેલી ભાવના છે. આ બાબત સ્પષ્ટતાથી સમજી લેવી જરૂરી છે. શાકભાજી, દૂધ, ઘી વગેરે ઉદરનિર્વાહની વસ્તુઓ વેચવાનો સામાન્ય ધંધો તમામ માનવજાત માટે ખૂલ્લો છે પરંતુ અસ્પૃશ્ય સમાજ માટે તે સદતંર બંધ છે. હિન્દુ નથી એવો બીજા ધર્મના માણસ પાસેથી સ્પૃશ્ય હિન્દુઓ આ ચીજો વેચાવશે પરંતુ... અસ્પૃશ્ય પાસેથી તે કોઈ દિવસ ખરીદી કરશે નહિ. નોકરી ધંધાની બાબતમાં અસ્પૃશ્યોની સ્થિતિ આના કરતાં વધુ શોચનીય અને દુઃખદ છે.

સ્પૃશ્ય હિન્દુઓએ ઠોકી બેસાડેલી આ અસ્પૃશ્યતા સરકારી નોકરી મેળવવા પણ આ દુર્ભાગી લોકોને ડગલે ને પગલે નડતી હોય છે. આ અસ્પૃશ્યતાને લઈને પોલીસ કે હવાલદારની અથવા ચપરાશીની નોકરી મેળવવાનું ઘણું મુશ્કેલી ભર્યું છે. મિલો અને ફેકટરીઓમાં પણ આ અસ્પૃશ્યતા તેમને પીછો છોડતી નથી. "માર ખાવામાં આગળ મેવો ખાવામાં પાછળ" એવો વ્યવહાર અસ્પૃશ્યો પ્રત્યે થઈ રહ્યો છે. આવી મુસીબતોમાંથી જો કોઈ અસ્પૃશ્યને કોઈ ખાતામાં કે કારખાનામાં નોકરી મળી જાય તો પણ ત્યાં તેને ભવિષ્યમાટે કેટલી તક ? મુંબઈ અને અમદાવાદની મિલમાં કામ કરનાર અસ્પૃશ્યોનો દાખલો લો. સૌથી ઓછા પગારવાળા ખાતાઓમાં જ એમને પેસવા દેવામાં આવે છે, શાળા ખાતા જેવા વધુ પગારના ખાતાઓ તેમને માટે બંધ હોય છે. તેમાં પણ નીચલી જગ્યાઓ પર તેમને રાખવામાં આવે છે. ગમે તેટલી લાયકી, અનુભવ તથા જૂની નોકરી થવા છતાં ઉપલા દરજ્જાની કે અધિકારીની જગ્યા તેમને મળી શકતી નથી. સ્પૃશ્ય જાતિનો હિન્દુ ગમે તેટલો "બિન-લાયક" હોવા છતાં એની નોકરીની મુદ્દત અને અનુભવ ઓછા હોવા છતાં લાયક અસ્પૃશ્યોને એના હાથ નીચે ગુલામની માફક મજૂરી કરવી પડે છે.

મિલો અને કારખાનાઓમાં આ હંમેશનો વ્યવહાર છે. ઉદ્ધડ મજૂરીવાળા ખાતાઓમાં પણ અસ્પૃશ્યતા આડે આવે છે. રીલીંગ અને વાઈન્ડીગ ખાતામાં કામની વહેંચણી કરતી વખતે સ્પૃશ્ય અને અસ્પૃશ્ય વચ્ચે ભેદભાવ રાખવામાં આવે છે. અસ્પૃશ્યોને જેમ બને તેમ ઓછો ખરાબ માલ આપવામાં આવે છે. પરિણામે તેમનો પગાર ઓછો ઉતરે છે. સ્પૃશ્ય હિન્દુઓ તરફથી આવી પક્ષપાતભરી અને અન્યાયી વર્ણૂક થાય છે. આમ સમાન તક મળતી નથી અને તેને લઈને અસ્પૃશ્ય વર્ગના લાયક માણસોને કેવી ગુંગળામણ થાય છે તેના આ થોડાંક ઉદાહરણ છે. આપણા અસ્પૃશ્યતા નિવારક સંઘે આ પ્રશ્ન ધ્યાનમાં લઈ આ વિષમતા વિરુદ્ધ લોકમત તૈયાર કરવાનો કાર્યક્રમ હાથ ધરવો જોઈએ. અને જ્યાં જ્યાં ખૂલ્લા પક્ષપાતનાં ઉદાહરણ નજરે ચઢે ત્યાં ત્યાં સંસ્થા સ્થાપવી જોઈએ. મારી માન્યતા મુજબ આ ઉચિત છે. આવશ્યક છે. ખાસ કરીને કાપડની મિલોમાં જો આપણો સંઘ અસ્પૃશ્યો માટે શાળખાતું ખૂલ્લું કરી આપે તો અસ્પૃશ્ય સમાજને તેથી ઘણો મોટો ફાયદો થાય એમ છે, તે જ પ્રમાણે જો હિન્દુઓની માલિકીની ભાગીદારી પેઢીઓમા તથા કંપનીઓમાં અસ્પૃશ્ય વર્ગના ઉમેદવારોને તેમની લાયકાત અનુસાર નોકરી આપવાની વ્યવસ્થા થાય તો તેથી પણ ઘણી મહત્વની મદદ થઈ શકે.

આપણા સંઘે બીજો પણ એક પ્રયત્ન કરવો જોઈએ અને તે એ કે સવર્ણ હિન્દુઓને અસ્પૃશ્યો માટે જ ધૃણા થાય છે તે નષ્ટ કરવી. સ્પૃશ્યોની આ ધૃણાને લઈને સ્પૃશ્ય અને અસ્પૃશ્યો એવા ખૂલ્લો ભેદ પાડીને બને વર્ગ ભિન્ન થયા છે. આ તિરસ્કારની ભાવના નષ્ટ કરવાનો ઉત્તમ ઉપાય છે એ કે આ બંને વર્ગના લોકોના સંબંધ અને સહવાસ જેનાથી ઉપસ્થિતિ કરી શકાય અને જેને લઈને બંને વર્ગ વચ્ચે વ્યવહારમાં વધારો થાય. બંને એક બીજા માટે આત્મીયતા લાગવા માંડે તેવા પ્રસંગો નિર્માણ કરવા એક ઉત્તમ ઉપાય છે એ કે એવો સામાન્ય કાર્યક્રમ ઘડવો કે જેમાં બંને વર્ગના લોકોને પરોવી શકાય. બીજું સ્પૃશ્યો, અસ્પૃશ્યોને પરોણા તરીકે બોલાવી થવા સ્પૃશ્યો પોતાના ઘરમાં અસ્પૃશ્યોને નોકરીમાં રાખે, સ્પૃશ્યોના મનમાંથી તિરસ્કાર કાઢવા માટે આનાથી બીજું ઉત્તમ સાધન ભાગ્યે જ હોઈ શકે. આવા કાર્યક્રમથી બંને વર્ગો વચ્ચે ઉઠવા બેસવાનું થશે અને પરિચય વધતાં બંને વચ્ચે એકતા સ્થપાશે. પરંતુ જે સ્પૃશ્ય હિંદુ સુધારકો અસ્પૃશ્યતા હોવી જોઈએ એમ કહે છે તે જ આવા પ્રકારના કૌટુંબિક સંબંધ અને સહવાસ ઉપસ્થિત કરવાનું ટાળે છે. મારા મતે આ અત્યંત ખેદની વાત છે. ગાંધીજીના દિવસના ઉપવાસમાં જ વિલેપાર્લે, મલાડ વગેરે સ્થળોએ એવી ઘટનાઓ બની કે જેનાથી સુધારકવાદીઓની કમજોરી અને અસહાયતા જોવા મળી. સુધારકવાદીઓ પૈકી કેટલાંકે અસ્પૃશ્યો માટે મંદિર પ્રવેશનો પ્રયત્ન કર્યો તેથી તેમના ઘરના સ્પૃશ્ય જાતિના નોકરોએ સંપ કર્યો અને નોકરીએ જવાનું બંધ કર્યું. એ વખતે મને એમ લાગેલું કે આ સુધારક કાર્યકર્તાઓ આવા પ્રસંગે અધિક મનોધૈર્ય બતાવીને સ્પૃશ્ય નોકરોને પાઠ ભણાવશે. સ્પૃશ્ય નોકરોની ધમકીને વશ ન થતાં તેમની જગ્યાએ અસ્પૃશ્ય વર્ગના માણસોને તાત્કાલિક નોકરીએ રાખી લેવા જોઈતા હતા. પરંતુ એમ ન કરતાં સુધારકવાદીઓ જીર્ણ અજ્ઞાની લોકમત આગળ ઘૂંટણીએ પડ્યા. આને લઈને જીર્ણમતવાદીઓ વધુ મજબૂત બન્યા. અણીના પ્રસંગે આવા સુધારકવાદીઓ અસ્પૃશ્યોને કેટલા ઉપયોગી થાય તે ઉઘાડું પડી ગયું !!"

પ્રત્યક્ષ દુઃખથી ત્રાસેલાં લોકોના દુઃખનું નિવારણ અન્ય લોકોની શાબ્દિક અને કોરી સહાનૂભિતિથી થઈ શકતું નથી. આપણા માટે સહાનૂભૂતિ રાખનારા લોકો છે પરંતુ તેમની સહાનુભૂતિની માત્ર શબ્દોનું પ્રદર્શન કરવા સુધીની છે આટલાથી દલિતોના દુઃખોનું નિવારણ થઈ શકે નહિ તેમજ તેમનામાં ધીરજ તથા વિશ્વાસ ઉત્પન્ન કરી શકાય નહિ. આ વાત હું આપણા અસ્પૃશ્યતાના નિવારક સંઘના ધ્યાન ઉપર ખાસ લાવવાં માંગુ છું. અમેરિકામા નિગ્રોની ગુલામગીરી ખતમ કરવા માટે ત્યાંના ગોરા લોકો જે રીતે પોતાની જાતિના ગોરાઓ સામે લઢ્યા તે રીતે આપણા "અસ્પૃશ્યતા નિવારક સંઘ" સવર્ણ સભાસદો અને કાર્યકર્તાઓ વખત આવે પોતાના સવર્ણ ભાઈબંધો સાથે લઢવા તૈયાર છે. એવી જ્યારે દલિત જનતાને સ્વાનુભાવે ખાતરી પડશે ત્યારે જ તેમનો વિશ્વાસ સંઘના સભાસદો પર અને તેમના કાર્ય પર બેસશે. તે સિવાય નહિ. આવી લડતની વાત બાજુ ઉપર મૂકવામાં આવે તો પણ આપણા સંઘે સવર્ણ હિન્દુ જનતાના મનમાં ઠસાવવું જોઈએ કે દલિતોની સાથે સમાનતા અને સ્નેહભાવથી વર્તવું કેટલું ઉત્તમ છે અને તે માટે તેમને પોતાને ત્યાં બોલાવવા અથવા તેમને પોતાને ત્યાં નોકરી વગેરેમાં રાખી એકબીજાના સંબંધો દૃઢ કરવા જરૂરી છે પણ તેમના મનમાં ઉતારવું જોઈએ.

આપણા કાર્યક્રમને અમલમાં લાવવા માટે "અસ્પૃશ્યતા નિવારક સંઘ"ને સમાજ સેવકોનું એક સૈન્ય ઉભું કરવું પડશે એ દેખીતું છે. કાર્યકર્તાઓની પસંદગીનો પ્રશ્ન એ ક્ષુલ્લક પ્રશ્ન છે એવી સમજ હોવાનો સંભવ છે. મારા મતે કાર્યકર્તાઓ માટે યોગ્ય માણસની પસંદગી થવી જોઈએ એ વાત ઘણી મહત્વની અને

જવાબદારીની છે. કોઈ પણ કામ કરવાનું થાય ત્યારે તે ભાડૂતી માણસો ગમે ત્યારે મળી શકે છે. પણ આવા માણસોથી કોઈ ફાયદો થશે નહિ. અસ્પૃશ્યોની ઉન્નતિના કામકાજ અને ચળવળ માટે એમાં આસ્થા હોપ એવા કાર્યકરો શોધી કાઢવા જોઈએ. દલિતોદ્ધારના બહાના હેઠળ પોતાના સ્વાર્થ સાધનારા હરામખોર માણસો સવર્ણ સમાજમાં છે અને આવા લોકો દલિત સમાજમાં પણ છે પણ સામાન્ય રીતે જોતાં અસ્પૃશ્યોદ્ધારનાં કાર્યો માટે અસ્પૃશ્યવર્ગના કાર્યકર્તાઓની અને સમાજ સેવકોની યોજના થાય, તો તે કામો તેમનાં હાથે સ્વાભાવિક રીતે આપણાપણાની અને પ્રેમની ભાવનાની અત્યંત જરૂરી છે. આ પ્રશ્નનો વિચાર કરતી વખતે આપણે બીજી પણ એક સાવધાની રાખવી જોઈએ. સમાજસેવા અને દલિતોદ્ધાર કરવા માટે ઉભી કરવામાં આવેલી ઘણી સંસ્થાઓ હાલમાં અસ્તિત્વમાં છે. કોઈ પણ નિશ્ચિત ધ્યેય અથવા ધોરણ સામે ન રાખતાં જે દિશામાં પવન ફુંકાય તે દિશામાં મોઢું ફેરવવું એવી વૃતિથી આ સંસ્થા અસ્પૃશ્યોદ્ધારનું કામ ચલાવતી હોય છે આવી કામચલાઉ સંસ્થાઓને થોડી ઘણી આર્થિક મદદ કરવામાં આવે તો તેઓ આપણે હાથ લીધેલાં કામમાં ટેકો આપવા તૈયાર થાય. પણ આવી ભાડુત પદ્ધતિથી કરેલું કામ સ્થાયી રહેશે નહિ. આવ કાર્ય માટે ખાસ હેતુથી કામ કરનારા નિશ્ચિત ધ્યેયવાળાં માણસો હોવા જોઈએ. જે આ એક જ ધ્યેય માટે પોતાની જાતને ઘસી નાંખવા તૈયાર હોય.

મારો કાગળ ઘણો લાંબો થયો છે. મારે બીજી ઘણી વાતો કહેવાની છે પણ તે વળી ક્યારેક જણાવીશ. પણ આ પત્ર પૂરો કરતાં પહેલાં મને એક વાત કહેવા જેવી લાગે છે. એમ કહેવાય છે કે મી.બાલાફોરે એમ કહેલું કે, બ્રિટીશ સામ્રાજ્ય જો સંગઠિત રહેવાનું હશે તો તે કાયદાનાં બંધનથી નહિ પણ પ્રેમના બંધનથી રહી શકશે.મને લાગે છે કે આ સિદ્ધાંત હિન્દુ સમાજની બાબતમાં અક્ષરશઃ લાગુ પડે છે. સ્પૃશ્ય અને અસ્પૃશ્ય એ બંને કાયદા-કાનૂનના બંધનથી બંનેને ભેગા રાખી શકશે. પરંતુ ન્યાય અને સમતા સ્વીકારવામાં એકત્ર અને એક જીવ પેદા થાય નહિ, તેથી હિન્દુઓ તરફથી દલિતો પ્રત્યેની ન્યાય અને સમાનતાથી વર્તવા તૈયાર ન થાય તો તેમને તે પ્રમાણે વર્તવાની ફરજ પડે એવા પ્રકારની પરિસ્થિતિ સર્જવાનું આ "અસ્પૃશ્યતા નિવારક સંઘનું" એક મુખ્ય કાર્ય છે એમ સમજીને ચાલવું જોઈએ, આ એક જ ધ્યેય માટે સંઘનું અસ્તિત્વ ઉચિત અને આવશયક બનવું જોઈએ.

આપનો સ્નેહાંકિત

ભીમરાવ રામજી આંબેડકર

('જ્યોતિ'માંથી સાભાર, જ્યોતિ : વર્ષ : ૧૭ : અંક ૬ તા. ૧૪-૯-૧૯૭૨)

જો કે, ડૉ.આંબેડકરના પત્રનો પ્રતિભાવ સાંપડ્યો નહિ. વળી ડૉ.આંબેડકરના ક્રાંતિકારી વિચારો પચાવવાની "હરિજન સેવક સંઘ"ની ક્ષમતાના અભાવે ડૉ.આંબેડકરે તેમાંથી રાજીનામું પણ આપી દીધું. અન્ય બે દલિત આગેવાનો એમ.સી.રાજા અને શ્રીનિવાસને પણ ડૉ.આંબેડકરને પગલે પગલે રાજીનામાં આપ્યા. હવે આ સંસ્થામાં કોઈ દલિતવર્ગનો પ્રતિનિધિ રહ્યો ન હતો.

## ૬ : ૨ રાષ્ટ્રભક્તિ વિષેની ડૉ. આંબેડકરની વિશિષ્ટ વ્યાખ્યા

૧૭, નવેમ્બર, ૧૯૩૨ થી ૪ ડિસેમ્બર, ૧૯૩૨ સુધી ત્રીજી ગોળમેજી પરિષદ ચાલી, પરંતુ આ વખતે પ્રતિનિધિઓ ઘણા જ ઓછા હતા. વળી પ્રતિનિધિઓમાં ખાસ ઉત્સાહ પણ દેખાતો નહોતો. ડૉ.આંબેડકરે ઘણી બધી સમિતિઓમાં કાર્ય કર્યું અને રાષ્ટ્રના હિતના અસંખ્ય ઠરાવો-સૂચનો પ્રસ્તુત કર્યા હતા. પુખ્તવયના લોકોને મતાધિકાર, મહિલાઓ તથા મજૂરોના મતાધિકારની જોરદાર હિમાયત કરી હતી. સાથે સાથે રાજવીઓના વિશિષ્ટ અધિકારોમાં કાપ મૂકવાની રજૂઆત કરી રાજવીઓનો ગુસ્સો પણ વહોરી લીધો હતો. ડૉ.આંબેડકરની ૧૯૩૨ની આ વાતનો છેડો સ્વ.વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ રાજવીઓનાં સાલિયાણાં નાબૂદ કર્યા ત્યારે આવ્યો હતો તેની નોંધ લેવી જ રહી. કાળાંતરે તેમના વિશિષ્ટ હક્ક ગયા જ. તેવી જ રીતે મુસલમાનોની રાષ્ટ્ર વિરોધી માંગણીઓનો વિરોધ કરી મુસલમાનોની પણ નારાજગીના ભોગ બન્યા હતા. ડૉ.આંબેડકરે ભારતને જોડવાની જોમવતી વાત કરી હતી, તેમની કાર્યવાહીમાં પ્રખર રાષ્ટ્રભક્તિનાં દર્શન કર્યા હતાં, પરંતુ આપણા દેશમાં આ સમયે રાષ્ટ્રભક્તિની ઘણી જ સંકુચિત વ્યાખ્યા હતી કે જે કોંગ્રેસી હોય.. ગાંધીવાદી હોય.. કારાવાસમાં ગયો હોય તે જ રાષ્ટ્રભક્ત. "ગાંધી-કોંગ્રેસ ભક્તિ એટલે રાષ્ટ્રીય ભક્તિ અને તેનો વિરોધ કરવો એટલે 'દેશદ્રોહ' કરવા બરાબર થાય એવું ખોટું સંકુચિત સમીકરણ ઉભું થયું હતું. તેમણે સરદાર પટેલને પણ એક વખત લખ્યું હતું કે, તમારા

મતે ગાંધીજી રાષ્ટ્ર કરતા મહાન હશે. પરંતુ મારો મત જુદો જ છે. મારો સ્પષ્ટ મત છે કે કોઈ પણ સર્વશ્રેષ્ઠ વ્યક્તિ કરતાં રાષ્ટ્ર મહાન છે, તમારા મતે કોંગ્રેસી થવું અને રાષ્ટ્રભક્ત બનવું એક જ છે. મારા મતે કોંગ્રેસી થયા સિવાય કોઈ પણ વ્યક્તિ દેશભક્ત હોઈ શકે છે અને કોઈ પણ કોંગ્રેસી કરતા હું વધું રાષ્ટ્રવાદી છું જ. (ડૉ.આંબેડકરનો સરદાર પટેલને લખેલો. તા. ૧૪-૧૦-૧૯૪૬નો પત્ર) હકીકતમાં દેશના પાંચમા ભાગની પદદલિત પ્રજાની ઉન્નતિનું કાર્ય રાષ્ટ્રનાં એક મહત્વના અંગની માવજતનું કાર્ય અદકી દેશભક્તિનું કાર્ય હતું જેની અવગણના જ કરવામાં આવતી હતી.

હકીકતમાં ડૉ.આંબેડકરનું આંદોલન એ મૂળભૂત રીતે ભારતની અખંડિતતાનું આંદોલન હતું. શાંતપૂર્ણ માર્ગે રાષ્ટ્રના પુનઃનિર્માણનું મહાન કાર્ય હતું. આપણે ગંભીર રીતે વિચારીએ તો તેમણે રુગ્ણ ભારતના મૂળભૂત રોગનો ઉપચાર આદર્યો હતો. પાયાના પ્રશ્નની વાત મૂકી હતી. બાકી તો સ્વાતંત્ર્ય સંગ્રામમાં સક્રિય થયું, બ્રિટિશરો સામે બૂમો પાડવી, કારાવાસ ભોગવી પ્રજાનો પ્રેમ સંપાદન કરી "હીરો" બનવું એટલું અઘરુ નહોતું. જયારે ડૉ.આંબેડકરે સમાજસુધારણાનો કંટકભર્યો માર્ગ પસંદ કર્યો હતો. સમાજસુધારણાના ક્ષેત્રમાં પોતાના લોકો પણ સાથ આપતા નથી. પોતાની પત્ની, માતા તથા બહેન પણ વિરોધમાં હોય છે. લોકોના પ્રેમને બદલે પથ્થર મળે છે. સન્માનને બદલે શાપ મળે છે. ગાંધીજીની લડતમાં બધાનો ટેકો હોય છે. વર્તમાનપત્રો પણ વહારે ધાય છે. સરકારમાં રહેલા કર્મચારીઓ પણ પ્રચ્છન્ન રીતે સમર્થન કરતા હોય છે. મૂડીદારો જમીનદારો-જાગીરદારો સાથે રહે છે. નાણાં આપે છે, જ્યારે આંબેડકરની કિંકરો માટેની લડાઈમાં કોઈનો પણ ટેકો નહિ. સમાચારપત્રો તો સામે હોય છે. વળી નાણાં આપવાનું નામ-નિશાન નહિ. જેમના માટે તેઓ લડતા હોય તેઓ પણ (અજ્ઞાનતાના કારણે) વિરોધ કરતા હોય છે. બધાં જ પરિબળો, પ્રેસ, પૈસા, શ્રેષ્ઠીઓ, વેપારીઓ, સત્તાવાળા અને સવર્ણો તદ્દન પ્રતિકૂળ હોય છે. આમ સમાજસુધારણાનું કાર્ય સીધાં ચઢાણવાળું કપરું હોય છે અને તે ડૉ.આંબેડકર કરી રહ્યા હતા. ડૉ.આંબેડકરની પ્રચંડ રાષ્ટ્રભક્તિને માપવા વામણા વિવેચકોનો માપદંડ ઘણો જ ટૂંકો હતો. આપણા રાષ્ટ્રના સ્વાતંત્ર્ય ચળવળના ઈતિહાસનું આલેખન પણ કેટલેક અંશે આવા એકાંગી દૃષ્ટિકોણના દોષથી મુક્ત નથી જ. હવે તેને ઈતિહાસના "પુર્નઃ લેખન" નો પોકાર સાંભળવો જ પડશે જો કે, ડૉ.આંબેડકરે આલોચકોની અવગણના કરી પોતાની આ અછૂતોદ્ધારની રાષ્ટ્રીય પ્રવૃત્તિ ચાલુ રાખી હતી. ઈન્ડિયન ફ્રેન્ચાઈઝ કમિટિ તથા Joint Committee on Indian Constitutional Reform માં તેમનું તેજસ્વી કાર્ય તેમની મહાન રાષ્ટ્રભક્તિ અને સમાજવાદી કાર્યોની સાક્ષી પૂરે છે.

## ૬ : ૨ : ૧ ઈન્ડિયન ફ્રેન્ચાઈ કમિટિ તેમજ વિલાયતમાંની કામગીરી

ડૉ.આંબેડકર વિલાયતમાં પણ ભારતના દલિતવર્ગોની બારીકમાં બારીક બાબતોથી વાકેફ રહેતા હતા. તેમના વિલાયતના રોકાણ દરમ્યાન "ડેલી હેરલ્ડ" નામના અંગ્રેજી દૈનિકમાં રત્નાગિરીના પટવર્ધન માટેનાં ગાંધીજીના ઉપવાસના સમાચાર વાંચી તેમણે પોતાના પત્રમાં પ્રતિભાવ આપતાં લખ્યું કે, "શ્રી પટવર્ધને (બ્રાહ્મણે) સ્વેચ્છાએ ભંગીનો વ્યવસાય સ્વીકાર્યો હતો. તેને મનાઈ કરવાનું સરકારનું કૃત્ય કોઈપણ સંજોગોમાં સ્વીકાર્ય નથી. જાતિભેદ તેમજ તેમાંથી ઉત્પન્ન થયેલી અસ્પૃશ્યતા નષ્ટ કરવી હશે તો વંશપરંપરાના વ્યવસાયોમાંથી વિમુક્ત થવું જ પડશે. ભંગીનુ કાર્ય ભંગી જાતિમાં જન્મેલો જ કરે તેવો સરકારનો આગ્રહ જાતિભેદનું રક્ષણ કરવા બરાબર છે. બંને ચિંતાજનક છે. સરકાર માટે લજ્જાસ્પદ છે."

ડૉ.આંબેડકરનો ૧૯૨૯-૩૦નો મંદિર પ્રવેશનો કાર્યક્રમ તે તેમની ભક્તિ માટેનો નહોતો. પરંતુ તેમના અધિકારો માટેનો હતો. મંદિર પ્રવેશ સત્યાગ્રહ એ મંઝીલ વચ્ચેનો મુકામ હતો. વિસામો હતો. વળી દલિતોને પણ તેની પ્રતીતિ થઈ ગઈ હતી. એટલે તેઓ આ કાર્ય માટે પોતાની શક્તિ વેડફવા માંગતા ન હતા. તેમણે વર્લીની જાહેરસભામાં ધર્મભોળા અંધશ્રદ્ધાવાળા અછૂતોને કડવી ભાષામાં કહ્યું. -

> ***"તમારા ગળામાંની તુલસીની માળા તમને શાહુકારના વ્યાજમાંથી મુક્ત નહિ કરે. પ્રભુ રામચંદ્રના નામનું રટણ તમારા ઘરનું ભાડું માફ નહિ કરાવે. વર્ષે પંઢરપુરની યાત્રા તમને કપડાંલત્તા મેળવી આપશે ? તમે આ નક્કામી ભ્રમણા-જાદુમંતર માતા-મેલડીમાં ગૂંચાયેલા રહો છો, જેથી બુદ્ધિમાન ચબરાક મનુષ્યો તમારા જેવા પ્રભુ ઘેલા ઉપર દબાણ લાવે છે, કચડે છે, માટે આંખો ખોલી જરા જુઓ." ('જનતા' ૨૪ -૧૨ -૧૯૩૨ - ફડકે પૃ. ૧૮૩)***

૨૪, ડિસેમ્બર ત્રીજી ગોળમેજી પરિષદની પૂર્ણાહૂતિ કરવામાં આવી. ૨૪ જાન્યુઆરીએ ડૉ.આંબેડકર સ્વદેશ પરત આવ્યા. સમાત સૈનિક દળે બંદર ઉપર ભવ્ય બહુમાન કર્યું.

બંદરે ઉતરતાં મહાત્મા ગાંધીજીનો તાર મળ્યો, જેમાં ગાંધીજી તેમને યરવડા જેલમાં મળવા માંગતા હતા ડૉ.આંબેડકરે દિલ્હીથી આવ્યા પછી જવાબી તાર કર્યો. આ ઘટના વચ્ચે બંધારણવિદ તરીકે ડૉ.આંબેડકરનું માર્ગદર્શન મેળવવા બર્માનું એક પ્રતિનિધિ મંડળ ડૉ.આંબેડકરને મળવા દિલ્હી આવ્યું હતું. સાચું જ કહ્યું કે, स्वदेशे पूजयते राजा विद्वान सर्वत्र पूजयेत ગાંધીજી સાથેની મુલાકાતની ગડમથલમાં બર્માના પ્રતિનિધિ મંડળને ડૉ.આંબેડકર મળી શક્યા નહિ. તાર કરી તા. ૪-૨-૧૯૩૩ મધ્યાન્હે મહાત્માજી જોડે યરવડા જેલમાં મુલાકાત ગોઠવી, નિર્ધારિત સમયે દેવાજી ડોળસ, શાંતારામ ઉપશામ, શિવરામ જાનબા કાંબળે, અક્કાજી ઘોરપડે, કેશવરાય જેધે, સીતારામ શિવતરકર સાથે ગાંધીજીને મળ્યા.

મહાદેવભાઈ દેસાઈ પોતાની ડાયરીમાં નોંધે છે કે -

આજે આંબેડકર પોતાના સાત-આઠ અનુયાયીને સાથે લઈને આવ્યા. તેમને જે કહેવાનું હતું તેની નોંધ પણ કરીને લાવ્યા હતા અને એક બેરિસ્ટરની અદાથી વિગતો રજૂ કરી રહ્યા હતા. રંગા અય્યરના મંદિર પ્રવેશ બીલની પણ ચર્ચા થઈ.

ડૉ.આંબેડકરે આ બાબતે ગાંધીજીને એક વેધક પ્રશ્ન પૂછ્યો - "મંદિર પ્રવેશનો પ્રશ્ન ઉકલી ગયા પછી દલિતો જાતિભેદ તથા ચતુર્વણ્યને નેસ્તાનાબૂદ કરવા આંદોલન કરવા આંદોલન ઉપાડશે ત્યારે તમે કોના પક્ષે રહેશો ? ત્યારે જો તમે રૂઢિવાદીઓ સનાતનીઓની સાથે રહેવાના હોય તો આજે અમે તમારે પક્ષે રહી શકીએ નહીં. આવતી કાલે શત્રુ થનારને આજે મિત્ર ગણવો તે વ્યર્થ છે. "જો કે ગાંધીજીએ પાછળથી જવાબ આપ્યો કે, "આંબેડકરનો ઝઘડો વર્ણાશ્રમ સામે હોવાથી હું તેમના પક્ષે રહી શકું નહિ, કારણ કે હું માનું છું કે, વર્ણાશ્રમધર્મ એ હિન્દુ ધર્મનો એક અભિન્ન ભાગ છે. "ગાંધીજીના સામયિક "હરિજન" વિષે સામયિક સંદેશમાં ડૉ.આંબેડકરે લખ્યું કે, "જ્ઞાતિ બહાર (બહિષ્કાર) અસ્પૃશ્યતાની પેદાશ છે અને જ્યાં સુધી જાતિઓ-જ્ઞાતિઓ હશે ત્યાં સુધી અસ્પૃશ્યતા અને અસ્પૃશ્યો રહેશે ? અને અસ્પૃશ્યો રહેશે. જાતિ-જ્ઞાતિની સમાપ્તિ સિવાય અસ્પૃશ્યોદ્ધાર શક્ય નથી. હિન્દુ લોકો આ ધૃણાજનક દૂષિત સિદ્ધાંતોને હિન્દુ ધર્મમાંથી કાઢ્યા સિવાય ભાવિ સંઘર્ષમાં જીવીત રહી શકાશે નહિ અને ન તો કોઈ તેમને મદદ કરશે." (જો કે, ગાંધીજીએ આ સંદેશના જવાબ રૂપે "હરિજન"માં વર્ણવ્યવસ્થાનું સમર્થન કરતો એક લેખ લખ્યો હતો.) ડૉ. આંબેડકર વધુમાં કહ્યું કે -

"સવર્ણ હિન્દુઓને આ તબક્કે મારે એટલું જ કહેવાનું છે કે, અસ્પૃશ્યો માટે મંદિર ખૂલ્લાં મૂકવા કે ન મૂકવાં તે સવાલ વિષે તમારે વિચારવાનું છે. એ માટે અમારે આંદોલન કરી અમારી શક્તિ શા માટે વેડફાવી ? દરેક માનવમાં રહેલા પવિત્ર વ્યક્તિત્ત્વને સન્માન આપવું તે દરેક સભ્યતા-સંસ્કૃતિનું વિશિષ્ટ લક્ષણ છે. એમ જો તમને લાગતું હોય તો તમે મંદિરો ખૂલ્લાં મૂકો અને સજ્જનો શોભે તેવું આચરણ કરો. પરંતુ સજ્જનો થવાં કરતા (રૂઢિવાદી) હિન્દુ રહેવું જ જો તમને વધું પસંદ હોય તો બંધ રાખો મંદિરના દરવાજા અને કરો આત્મનાશ. અમારે ત્યાં... પણ આવવું નથી "તમારો ભગવાન અને તમારાં મંદિર તમને મુબારક."

ડૉ.આંબેડકરે સવર્ણ દ્વારા ચાલનારાં મંદિર પ્રવેશથી દલિતોને દૂર રાખ્યાં.કારણ કે, તેમના મતે તે દલિતોને અવળે માર્ગે લઈ જવાની પેરવી હતી. આર્થિક-સામાજિક સમાનતા પ્રાપ્ત કરવાના મહામાર્ગથી વિચલિત કરનારી પ્રવૃતિ હતી.

વહેલી સવારથી જ કાર્યકરોની મુલાકાતો ગોઠવાતી. દુઃખી દલિતો દાદ-ફરિયાદ સાથે આવતા. કોર્ટના કેસ લડવાના હતા અને કોલેજમાં વ્યાખ્યાન રહેતાં, 'જનતા' પત્રનું સંપાદન, સમગ્ર રાષ્ટ્રના ખૂણેખૂણેથી આવેલા થોકબંધ પત્રોના પ્રત્યુત્તર, વળી સભાઓ પરિષદો તો ખરી. ધારાસભામાં ધારદાર રજૂઆત, નવા નવા ગ્રંથોના લેખન-વાંચન ઈત્યાદિ ભરચક નિત્યક્રમમાં ડૉ.આંબેડકરની પત્ની-બાળકો માટે સમય ફાળવી શકતા ન હતા. એકમાત્ર પુત્ર યશવંત સંધિવાના રોગથી પીડાતો હતો. સાધવી પત્ની રમાબાઈ બિમાર રહેતા હતાં.

## ૯:૨:૧ મંદિર પ્રવેશ બીલ-ગાંધી આંબેડકર વિવાદ

આ અરસમાં ગાંધીજીનો સંદેશ મળ્યો અને તેઓ તા. ૨૩-૪-૧૯૩૩ના દિવસે પૂનાની યરવડા જેલમાં મળવા ગયા. ડૉ.આંબેડકરની યરવડા જેલમાં ગાંધીજી જોડે આ ચોથી મુલાકાત હતી. ડૉ.આંબેડકર

સાથે શિંદે, અનંત ચિત્રે, ગાયકવાડ, ચૌહાણ ઈત્યાદિ કાર્યકરો હતા.

ગાંધીજીએ ડૉ.આંબેડકરને મદ્રાસથી આવેલો તાર વાંચી સંભળાવ્યો. જેમાં પૂના કરારની ટીકા કરવામાં આવી હતી. (મહાદેવ દેસાઈ ડાયરી ભાગ-૩ પૃ.૨૪૧ તા.૨૩-૪-૧૯૩૩)

ડૉ.આંબેડકરે કહ્યું હતું કે, ગાંધીજીએ વાતવાતમાં ફરિયાદ કરી કે, સનાતની હિન્દુઓ મને "અસુર" તરીકે ઓળખાવે છે.

ડૉ.આંબેડકરે કહ્યું : આવા લોકો પાસેથી આપણે બીજી અપેક્ષા પણ શું રાખી શકીએ ? ગાંધીજીએ તુરંત ઉમેર્યું કે, "પણ દલિતવર્ગના નેતા ડૉ.આંબેડકર પોતે પણ મારા કામથી ક્યાં ખુશ છે ? હળવા વાતાવરણમાં મુલાકાત પૂર્ણ થઈ.

ગાંધીજીએ ફૂલની છડી આપી તેમની લંડન યાત્રા માટે શુભેચ્છા પાઠવી તેમજ ક્યારે પરત આવવાના છે તેની પણ પૃચ્છા કરી. આંબેડકરે ઓગષ્ટનો વાયદો કર્યો અને વીખરાયા.

દલિતો દ્વારા દામોદર હોલમાં જંગી સભા ભરી સન્માન-પત્ર આપવામાં આવ્યું. સન્માન-પત્રનો ઉત્તર આપતુ કહ્યું.

"બીજી ગોળમેજી પરિષદના સમયે મારે બેધારી મુશ્કેલીઓ હતી. અંગ્રેજોની વિરૂધ્ધમાં મેદાને પડું પણ ગાંધીજી તરફથી દલિતવર્ગોને કંઈ પ્રાપ્ત થાય તેની શક્યતા હતી જ નહિ. ગાંધીજીને સહકાર આપવા જાઉં તો અંગ્રેજો પાસેથી જે સવલતો પ્રાપ્ત કરવાની હતી તે મળી શકે નહિ, હું તેવી વિકટ પરિસ્થિતિ વચ્ચે હતો. પરંતુ હવે પરિસ્થિતિએ પલટો ખાધો છે. દલિતવર્ગોને હજુ પણ લાભો પ્રાપ્ત થાય તે માટે હું સતત પ્રયત્નશીલ રહીશ. વળી, અંગ્રેજો પાસેથી આપણા રાષ્ટ્રને અધિકારો પ્રાપ્ત થાય તે માટે પણ હું મારી તમામ શક્તિ કામે લગાડીશ." વળી પોતાના અનુયાયીઓને બિલાર્ડ પિયરના બંદરે આવવાની પણ મના ફરમાવી. કારણ કે પોતાના ગરીબ લોકો એક દિવસની રોજી ગુમાવે તે તેમને પસંદ નહોતું.

લંડનમાં સંયુક્ત સમિતિની કાર્યવાહીમાં ડૉ.આંબેડકર ઘણા જ વ્યસ્ત રહેતા હોવા છતાં ત્યાંની ઈન્ડિયા લાયબ્રેરીમા જઈ પુસ્તકો વાંચતા, નોંધ ઉતારતા કારણ કે તેઓ "ભારતીય સૈન્ય" વિષે એક પુસ્તક લખવા માંગતા હતા. વળી સાથે સાથે હિન્દુસ્તાનમાંની નાનામાં નાની હિલચાલની નોંધ રાખવા કાર્યકરોના સતત સંપર્કમાં પણ રહેતા હતા.

જયારે લંડનમાં હતા ત્યારે "પૂના કરાર" નો વિરોધ વધતો ગયો હતો. જે લોકોએ કરારમાં સહીઓ કરી, જેના ઘડતરમાં જેમનો ફાળો હતો. તેમાનાં કવિવર રવિન્દ્રનાથ ટાગોર, ઘનશ્યામ બિરલા, અમૃતલાલ ઠક્કર વિરોધ કરવામાં મુખ્ય હતા. ઘણા અલ્પ સમયમાં વચનો વિસરી રહ્યા હતા. ડૉ.આંબેડકરે "પૂના કરાર" પછીની સભામાં વ્યક્ત કરેલી દહેશત દ્રશ્યમાન થઈ રહી હતી.

**'તમારી પ્રગતિ ચકાસો.' - ૧**

તમારા જવાબો માટે નીચે આપેલ જગ્યાનો ઉપયોગ કરો.

(૧) અસ્પૃશ્યતા નિવારક સંઘના કાર્યક્રમના મુદ્દા લખો.

___

___

___

(૨) ત્રીજી ગોળમેજી પરિષદ-ફ્રેન્ચાઈઝ કમિટિ માની. ડૉ.આંબેડકરની કામગીરી લખો.

___

___

___

(૩) રાષ્ટ્રભક્તિ વિષેના ડૉ.આંબેડકરના વિચારો સમજાવો.

___

___

___

(૪) મંદિર પ્રવેશ બીલ અંગે આંબેડકરની ભૂમિકા સ્પષ્ટ કરો.

___

___

___

તેઓ લંડનથી પત્રો લખી કાર્યકરોને હિંમત આપતા હતા. **"જનતા"** સાપ્તાહિકના તંત્રી ભાસ્કરરાવ કદ્રેકરની કામગીરીની પ્રસંશા કરતા લખ્યું કે, **"ફક્ત પ્રશંસા કરવા ખાતર લખતો નથી. પરંતુ** આ એક નક્કર હકીકત છે તે તમો અપાર મુશ્કેલીઓથી **'જનતા'** ચલાવો છો. તમો એક ગુલામની જેમ ઘસરડો કરો છો. આ વસ્તુ મારા ધ્યાનમાં છે જ. હું વ્યક્તિગત રીતે તેમજ આપણા બધા જ કાર્યકરો તમારા કૃતજ્ઞ છીએ. દુર્બળ-દલિતોધ્ધાર માટેની સઘળી ચળવળો તેના પ્રારંભમાં ઘણા નાના પાયા ઉપર હોય છે. વળી તેનો માર્ગ કંટકભર્યો હોય છે તેમાં ચઢાવ ઉતરાવ પણ આવવાના જ પરંતુ એટલું યાદ રાખજો કે અંતે આપણી ચળવળને સફળતા સાંપળશે જ તેનો મને પાકો વિશ્વાસ છે." (ભાસ્કરરાવ કદ્રેકર સવર્ણ -ભંડારી જાતિના હતા. આજીવન અવિવાહીત રહી આંબેડકરી મિશનમાં કાર્ય કર્યું હતું.)

જનતા સામયિકના "ડૉ.આંબેડકર વિશેષાંક"માં ફક્ત પોતાના વિષે વિસ્તૃત માહિતી આપવા બાબતે તેમણે ટકોર કરતાં લખ્યું કે, **"કોઈપણ એક જ વ્યક્તિનું ગૌરવ કરવામાં આવે તે ઉચિત નથી. પરંતુ તે વ્યક્તિએ જે સમસ્યાઓ હલ કરવા પોતાનું જીવન ઘસી નાંખ્યું હોય તે સમસ્યાના વિવિધ પાસાંઓની છણાવટ થવી વધારે આવકારદાયક ગણાશે."**

કામના ભારે બોજના કારણે શરીર પણ લથડ્યું હતું. વળી, તેમની આંખો પણ નબળી પડતી હતી. આંખો જતાં પોતાના પ્રિય સ્વજનસમાં પુસ્તકોનો સંપર્ક ગુમાવવાની કલ્પનાથી તેઓ ઘણી વખત રડી પડતા હતા, તેમનું માનવું હતું કે, "વાંચન એ જ જીવન છે. વાંચન વગરનું જીવન-જીવન જ નથી."

લંડનમાં સંયુક્ત સમિતિમાં ડૉ.આંબેડકરે ભારતના ભવિષ્ય વિષે ઘણી બધી કામગીરી કરી હતી. તેઓ તદ્દન તટસ્થ ભાવે વસ્તુલક્ષી રીતે વિચારતા હતા. અંગત ગમા-અગમાકે પૂર્વગ્રહોથી પોતાની જાતને કે પોતાના વિચારોને દૂષિત કરતા નહિ. તેમણે સંયુક્ત સમિતિમાં પોતાના અલગ મતાધિકારની માંગણી માટે કેમ મજબૂર થવું પડ્યું તેની વિગતો આપી. હિન્દુસમાજને એકરૂપ થવા હાકલ કરી અને પોતાનો ફાળો આપવાનું વચન પણ આપ્યું. સાથે સાથે મુસ્લિમોની ભાગલાવાદી નીતિથી પણ તેમને ઝાટકણી કાઢી હતી. હિન્દુ મહાસભાના નેતા ડો. મંજે ડૉ.આંબેડકરના પ્રવચનથી ઘણા જ પ્રભાવિત થયા હતા. તેમણે ડૉ.આંબેડકરને હિન્દુ મહાસભાના અધ્યક્ષપદની પણ ઓફર કરી હતી. જેનો ડૉ.આંબેડકરે સાભાર અસ્વીકાર કરી પોતાની "અડગતા" પુરવાર કરી હતી.

સંયુક્ત સમિતિની કાર્યવાહી સમયે ડૉ.આંબેડકર વિન્સન્ટ ચર્ચીલ જેવા મુત્સદ્દીઓની પણ ઉલટ તપાસ લેતા હતા અને તેમની વિદ્વતાની સર્વત્ર પ્રશંસા પણ થતી હતી. નવેમ્બરમાં સમિતિની કાર્યવાહી પૂરી થઈ. ડૉ.આંબેડકર થોડો સમય રોકાઈ ગયા. ૮ જાન્યુઆરી, ૧૯૩૪ના દિવસે ભારત આવ્યા. બિલાર્ડ પિયરના બંદરે ઉતર્યા ત્યારે પાછું એ જ રીતે સ્વાગત કરવામાં આવ્યું. તેઓ ઘણા જ ખુશ મિજાજ દેખાતા હતા. સંયુક્ત સમિતિ વિષેની વાત કરતા કહ્યું કે, "તે સ્વીકારે તો ઠીક છે. બાકી આપણે થોડા કંઈ હાથ જોડીને બેસી રહીશું ? થોડો સમય બોરડી, મહાબળેશ્વર આરામ માટે ગયા. કારણ કે, તેમનું શરીર અથાગ પુરુષાર્થને કારણે હવે આરામ માંગતું હતું.

## ૯ : ૩ ડૉ.આંબેડકરનો પુસ્તકપ્રેમ

૧૯૩૦માં તેમણે દાદર કોલોનીમાં આશરે સાડા પાંચસો ચો.વારના જમીનના બે પ્લોટ નં.૧૨૯ અને ૯૯ ખરીદ કર્યા હતા. ૧૯૩૦ના સપ્ટેમ્બર મહિનામાં તેનું ભૂમિપૂજન પણ કરવામાં આવ્યું હતું. ચાલીના બાબાસાહેબના પાડોશી ઉપરાંત સહકાર્યકરો સર્વશ્રી દેવરાવ નાઈક, મટકે બુવા, ગાયકવાડ, સહસ્રબુદ્ધે ઈત્યાદિ હાજર હતા. હિન્દુ કોલોનીમાં હિન્દુ વિધિ પ્રમાણે થયેલા ભૂમિપૂજનની ટીકા કરતાં સાથીઓએ કહ્યું - બાબાસાહેબ તમે તો બુદ્ધિવાદી-રેશનાલિસ્ટ છો, તો પછી આવી પૂજા શું કામ ? સરળ હૃદયના આંબેડકરે સાથીઓને સરળતાથી ઉત્તર આપ્યો કે, "રેશનાલિસ્ટ માણસની પત્ની, બાળકો, સગા-સંબંધી રેશનાલિસ્ટ નથી હોતાં, તેથી આ ભાંજગડ છે ? બધી જગ્યાએ રેશનાલિસ્ટ બનવા જઈશ તો મારા હાથમાં કશું નહિ રહે."કાર્યકરો ખડખડાટ હસી પડ્યા !!

પાંચમી સ્ટ્રીટના પ્લોટ નં.૧૨૯માં પોતાને રહેવા માટે નીચે ત્રણ ઓરડા અને પહેલા માળે પોતાની લાઈબ્રેરી અને ઓફિસ માટેના બે ખંડવાળું મકાન ૧૯૩૧માં તૈયાર થયું. "ચાર મિનાર" નામ આપવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્લોટ નં.૯૯માં(ત્રીજી સ્ટ્રીટ)માં ૧૯૩૩ના જુલાઈમાં એક બીજું મકાન બનાવ્યું. જેને **"રાજગૃહ"** નામ આપવામાં આવ્યું હતું. આ મકાનનો નકશો ડૉ.આંબેડકરે જાતે તૈયાર કરાવ્યો અને તેમાંય તેમના પ્રિય ગ્રંથ માટે જ જાણે મકાન બનાવ્યું હોય તે રીતે ગોઠવણ કરી હતી. અવાર-નવાર ફેરફાર, તોડફોડને કારણે ખર્ચ પણ ઘણું થયું હતું. અને મકાન તૈયાર થવામાં વિલંબ થયો હતો. સમગ્ર એશિયામાં પુસ્તકો માટે મકાન બનાવનાર ડૉ.આંબેડકર પ્રથમ હતા. પરિવાર સાથે રાજગૃહ રહેવા આવ્યા છતાં તેઓ ચાલીમાં અચૂક જતાં, જૂના પાડોશીને પ્રેમપૂર્વક મળતાં અને પોતાનું ઘર દેખાડવા સાથે તેડી લાવતા. 'ઘરનું ઘર' રમાબાઈનું સ્વપ્ન સાકાર થવાથી તેમના આનંદનો પાર નહોતો. "ચાર મિનાર" વાળા મકાનના ભાડાની આવકમાંથી બાબાસાહેબ પુસ્તકો ખરીદતા અને જે પૈસા વધે તે રમાબાઈને આપતા ગળાબૂડ પ્રવૃતિને પરિણામે વકીલાતના વ્યવસાય તરફ પૂરતું ધ્યાન અપાયું નહિ. અંતે રમાબાઈના તે દાગીના બાબાસાહેબે ૧૯૩૪-૩૫મા વેંચી દીધાં અને ૧૯૪૧માં "ચાર મિનાર"નું મકાન પણ વેંચી દેવું પડ્યું હતું. કારણ કે, "ચાર મિનાર" બાંધવા માટે તેમને સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી નાણાં લીધા હતાં, તે પણ ભરપાઈ કરી શક્યા ન હતા. પરિણામે મકાનનો કબજો બેંકને સોંપવો પડ્યો હતો. અંતે આર.એસ. રાણે નામના એક નિવૃત પોલીસ અધિકારીને ૧૯૪૧માં તે મકાન વેંચી દીધું અને ઋણ મુક્ત બન્યા હતા. વિદ્યા અને વસુ ભાગ્યે જ ભેગાં હોય છે !! થાણા જિલ્લામાંની ખેતી માટે ખરીદેલી જમીન પણ તેમને વેંચી દેવી પડી હતી. સમાજસેવાની પ્રવૃતિ માટે તેમને ભારે ભોગ આપવો પડ્યો હતો.

ડૉ.આંબેડકરને ગ્રંથના વાંચન, લેખન અને ખરીદીનો ભારેશોખ હતો.વૉકર એન્ડ કંપનીના પુસ્તકોની દુકાનનાં મેનેજર યુ.આર.રાવ પોતાના સંસ્મરણોમાં લખે છે કે, ડૉ.આંબેડકરનો **"ગ્રંથ પ્રેમ"**, તેમની સર્વ વિષયની વિદ્વતા અને તેમનો ત્યાગ તથા લગન કે જેના દ્વારા તેમણે સમગ્ર રાષ્ટ્રમાં સૌથી સમૃદ્ધ અંગત પુસ્તકાલય ઉભુ કર્યુ છે. તેનાથી સહજ સમજાય છે. ડૉ.આંબેડકર પોતાના લખેલા પુસ્તકોની રોયલ્ટી ખર્ચાય, ઉપરાંત તેમને વધારાનાં નાણા આપવા પડતાં હતા. દુકાનમાં જઈ એક બે કલાકમાં તે એટલાં બધાં પુસ્તકો ખરીદતાં કે બે ત્રણ માણસોને ઉંચકવામાં પણ મુશ્કેલી પડતી."

પ્રસિદ્ધ શિક્ષણશાસ્ત્રી, ડી.એ.તેલંગની લાઈબ્રેરીનાં બધાં જ પુસ્તકો તેમણે નંગ દીઠ બે રૂપિયાની કિંમતે ખરીદી લીધાં હતાં. તેમનું અંગત પુસ્તકાલય સમગ્ર એશિયાખડમાં વ્યક્તિગત લાઈબ્રેરી તરીકે અજોડ હતું. તે વિભિન્ન વિષયનાં બાવીસ હજારની અધિક વિષયોના "ગ્રંથ સંગ્રહ" હતો. તેમના ગ્રંથભંડારમાં ઈતિહાસ, ભૂગોળ, નૃવંશશાસ્ત્ર, રાજયશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, વિજ્ઞાન ઈત્યાદિ વિષયો ઉપરના બાવીશ હજારથી અધિક ગ્રંથ હતા. ઘણા બધા ગ્રંથો પર તેમના સ્વહસ્તે લખેલી નોંધ પણ રહેતી હતી. પોતાના પ્રાણથી પ્રિય એવા વિશાળ ગ્રંથાલયની બનારસ હિન્દુ યુનિવર્સિટી માટે એક વખત મદનમોહન માલવિયાએ રૂપિયા બે લાખમાં માંગણી કરી હતી અને પિલાની વિદ્યાપીઠ માટે ઘનશ્યામ બિરલાએ છ લાખમાં માંગણી કરી હતી. જેનો ઈન્કાર કર્યો હતો. તે ગ્રંથભંડાર તેમણે પીપલ્સ એજ્યુકેશન સોસાયટીને-શૈક્ષણિક સંસ્થા બિરલાની માંગણીથી નજીવી કિંમતે આપી દીધો હતો. કારણ એટલું કે, તે ગ્રંથો લોકઉપયોગી બને અને 'ગ્રંથઘેલા આંબેડકર' તેનું સાનિધ્ય માણી શકે !

આ ગ્રંથાગારમાં-ઈતિહાસનાં-૨૩૦૦,મહાપુરુષોનાં જીવનચરિત્રો ૧૨૦૦, સાહિત્યના ૧૧૦૦, અર્થશાસ્ત્ર, અસંખ્ય, રાજકારણ-૩૦૦, જુદાં જુદાં ધર્મોના ધર્મશાસ્ત્રો-૨૦૦૦, અસંખ્ય સમિતિઓના

અધિકૃત અહેવાલો ૧૦૦૦, ભાષાવિજ્ઞાન-૬૩૦ , મરાઠી સાહિત્ય-૮૦૦, દર્શન શાસ્ત્ર-૬૦૦, બૌદ્ધધર્મ તથા પાલિસાહિત્ય-૨૦૦૦, સંસ્કૃત-૨૦૦૦, યુદ્ધવિષયક-૩૦૦, સંદર્ભ ગ્રંથો ૨૫ ભાગ, સર્વસંગ્રહ-એન્સાયક્લોપિડીયાના લગભગ બધા જ ગ્રંથો ૨૫ ભાગ, હિન્દી ભાષાના ૫૦૦ કેળવણી વિષયક તથા વિજ્ઞાન વિષયક સેંકડો ગ્રંથો હતા. અસંખ્ય વિભાગો હતા. રાજગૃહની આ વિશાળ લાઈબ્રેરીના ગ્રંથભંડાર વચ્ચે સુવાક્યોનાં પાટિયાં રહેતા જેમાં ભગવાન બુદ્ધ વચન મોખરે હતું. **"સત્યને સત્ય તરીકે, અસત્યને અસત્ય તરીકે જ ઓળખાવો.."**

ગ્રંથાગારના સિંહદ્વારે મોટા અક્ષરોમાં અંકિત હતું. - **"શબ્દોમાં શાણપણ, વિચારોમાં નિષ્ઠા અને કર્તવ્યમાં અડગતા..."**

આ તેમના જીવન મુદ્રાલેખ હતો. વળી મુખ્ય હૉલમાં એક વિભાગમાં પાટિયા ઉપર લખ્યું હતુ કે -

"જો તમારે 'માનવ' બનવું હશે તો પોતાની જાતને કઠોર શિસ્તમાં સીઝવી પડશે. ધર્મ મનુષ્ય માટે છે મનુષ્ય ધર્મ માટે નહિ.."

એડીનબરોની આંગ્લવિદૂષી કુ.એમ.આર્કની જ્ઞાનમહર્ષિ ડૉ.આંબેડકરના આ ગ્રંથાગારને નિહાળી ભાવવિભોર થઈ બોલ્યાં..

" O God I can't dream. I Cannot Imagine, I saw a wonderful man. What a great ! What a splandid thing in the world. A noble gift to India is 'RAJGRIHA...' palace of books and Dr. Ambedkar Highest the temple of knolwdge and nobeist worshiper

જોન ગ્રંથરે "Inside India" માં ડૉ.આંબેડકરને તેમનું પુસ્તકાલય ઈજિપ્તના પીરામીડ, લંડનના બિકિંગહામ પેલેસ, રશિયાના ક્રેમલિન અને આગ્રના તાજમહલ કરતાં વિશેષ, મહત્વનું હતું. રાજગૃહ માનવ સંસ્કૃતિનું કેન્દ્ર તેમજ જ્ઞાન, શક્તિ અને પ્રવૃતિના પ્રવાહનું મૂળશાસ્ત્રોત સમાન હતું.

એન.વી.ગાડગીલાન શબ્દોમાં-

"રાજગૃહના પુસ્તકાલયમાં આખા વિશ્વના મહત્ત્વનાં ગ્રંથોનો 'સંગ્રહમેળો' છે. ત્યાં આખું જગત ભર્યું છે અને આવા સ્થળે આધુનિક દેવતા ડૉ.આંબેડકર જોડે વાતચીત કરવી તે જીવનનું પરમ સૌભાગ્ય છે."

ડૉ.આંબેડકરે 'રાજગૃહ' બાંધકામ વખતે અનેક ફેરફાર-તોડફોડ કરાવ્યાં હતાં. લંડનના મ્યુઝિયમની ભવ્ય ઈમારતી બારી કે ન્યુયોર્કની રેડકલી લાઈબ્રેરી જેવું પ્રવેશદ્વાર કે કોક રાજાના મહેલ જેવાં ગુંબજ, રોમન ગોથિક શૈલીનાં થાંભલા મૂકવાનો તેમનો આગ્રહ રેહતો હતો.

'ઘરનું ઘર' સ્વપ્ન સાકાર થયું. વિશાળ ગ્રંથાલય ગોઠવાયું. શરીરને પણ થોડો આરામ મળતો. વળી, રાજકીય રીત પણ હવે તેમને રાહત લાગતી હતી. કારણ કે બંધારણીય મુસદ્દાને લગતો ખરડો બ્રિટિશ સંસદ સમક્ષ મૂકવાની તૈયારીમાં હતો અને તેમાં દલિતોને મતાધિકાર મળવાનો જ હતો. "પરિણામે તેમને વિશ્વાસ બેઠો હતો કે, સૈકાઓથી સંતાપાયેલા-કચડાયેલા લોકો હવે બેઠા થશે અને બોલશે. કાયદાના ઘડતરમાં તથા વ્યક્ત તેમજ રાષ્ટ્રના સ્વાતંત્ર્યની વ્યાખ્યા કરવામાં પોતાના વિચારો વ્યક્ત કરવા તેમનો ટૂંપાયેલો અવાજ મુક્ત બનશે. જે લોકો તેમને આવી જગ્યાએ સ્પર્શ સુદ્ધાં કરવા પણ દેતા નહોતા તેવી જગ્યાએ એમની સાથે ધારાસભામાં દલિતો બેસી શકશે અને પોતાની સ્થિતિમાં સુધારણા આણવાની તકો પ્રાપ્ત કરશે. કચડાયેલ કિંકરોને મતાધિકાર મળવાનો હતો જે તેમના માટે સૌથી મોટો સંતોષ હતો. હજારો વર્ષના ઈતિહાસમાં પહેલી વખત તેમની રાજકીય રીતે ગણના કરવામાં આવ છે." (કીર : મિશન : પૃ.૨૮૬)

આમ આ રીતે તેમને સંતોષ થયો હતો. એટલે તેઓ પોતાના વકીલાતના વ્યવસાયમાં ધ્યાન આપવા વ્યસ્ત થવા લાગ્યા. માથે દેવું પણ ચઢ્યું હતું. વળી, વ્યવસાયમાં આર્થિક સ્થિતિ પણ થોડી કથળી હતી. ૧૯૩૪માં તેમણે ગવર્નમેન્ટ લૉ કોલેજના જ્યુરીસપ્રુડન્સ વિષયમાં ખંડ સમયના વ્યાખ્યાતાની નોકરી પણ સ્વીકારી લીધી. ૧૯૩૫ની ૧૯ એપ્રિલ ને ગુરુવારે તેઓ આ જ કૉલેજના આચાર્યપદે આરુઢ થયા અને ૧૯૩૬ સુધી આ પદને તેમણે શોભાવ્યું હતું.

જો કે ૧૯૩૨-૩૩ થી તેઓ આ જગ્યા માટે પ્રયત્ન કરતા હતા, પરંતુ ડૉ.આંબેડકર રાજકીય પુરુષ હોવાથી હાઈકોર્ટના ન્યાયમૂર્તિ આ પદ માટે નિમણૂંકનો "નન્નો" ભણાવતા હતા. મોડે મોડે પણ સરકારને

ડૉ.આંબેડકરની કાર્યશક્તિની જાણ થઈ તે આનંદની બાબત હતી. "મહાન પુરુષોનું એ દુર્ભાગ્ય હોય છે કે તેમની યોગ્યતાની કદર અપાર કસોટી કે સંઘર્ષમાંથી પસાર થયા બાદ ઘણા લાંબા ગાળે થાય છે, ત્યાં સુધી તો કંઈ નહિ. ઘણી વખતે તો "જીવતે જાણ્યા નહિ પછી મૂવે વખાણ્યા". જેવી કરૂણ સ્થિતિ સર્જાઈ છે.

ડૉ.આંબેડકરના આચાર્યપદના સ્વીકાર પછી સમગ્ર લૉ કોલેજની રોનક જ બદલાઈ ગઈ હતી. પ્રથમ તો તેમણે કોલેજનું "ગ્રંથાલય" ગૌરવશાળી-સમૃદ્ધ અને વ્યવસ્થિત કરાવી દીધું. વેરવિખેર ગ્રંથોને વિષયવાર વ્યવસ્થિત ગોઠવાવી દીધાં. કોલેજને વર્ષોથી રજિસ્ટર નહોતો તે મેળવી આપ્યા. કોલેજનું સ્વતંત્ર મકાન થયું અને કોલેજ પણ પૂર્ણ સમયની થઈ. ડૉ.આંબેડકર જયાં ગયા ત્યાં ઝળકી ઉઠ્યા. જે કથીરનો તેમણે સ્પર્શ કર્યો તે કંચન બન્યું. જેનો તેમને પાલવ ઝાલ્યો તેમને પાર ઉતર્યા તે પારસ હતા.

આ અરસામાં સમાચાર છપાયા કે, ડૉ.આંબેડકરને સરકાર "સર"નો ખિતાબ આપવાનું વિચારે છે આંબેડકરને આવા કોઈ પણ "ખિતાબ"ની ખેવના નહોતી. તેઓ 'સરથી' પણ 'સુપર' હતા અને રતનોમાં કૌસ્તુભ મણિથી પણ મોંઘા હતા. તેમણે સાફ ઈન્કાર કરી દીધો. (બનોધા : પૃ. ૧૧૫) ત્યાં પાછા બીજા સમાચાર વહેતા થયા કે સરકાર ડૉ.આંબેડકરને "હાઈકોર્ટ"માં ન્યાયધીશ તરીકે નીમવા માંગે છે. આ તો વ્યોમે વિહરનાર વિહંગને પાંજરે પૂરવાજેવી વાત હતી. પત્રકારોના પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં તેમણે કહ્યું.

"મુંબઈ હાઈકોર્ટના ન્યાયધીશ તો શું પણ મને હિંદના વાઈસરાય બનાવવાનું પ્રલોભન આપવામાં આવ્યું હોત તો પણ હું તેને ઠોકર મારત... મારી દષ્ટિ સમક્ષ, મારું નહિ પરંતુ એકમાત્ર મારી દલિત જનતાનું જ ભાવિ છે અને રહેશે.. આમ સર સ્ટેફર્ડ ક્રિપ્સ સમક્ષ દલિતોના દુઃખોની દાસ્તાન-કેફિયત રજૂ કરતાં પણ તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે, "હું માત્ર દલિત નેતા" હોવાનું પ્રથમ પસંદ કરું છું."

આમ ડૉ.આંબેડકરને દલિતો સિવાય બીજું કશું જ દેખાતુ નહોતું દલિતોત્થા સિવાય તેમને મન બીજું કોઈ ધ્યેય જ નહોતું. તેમ કેટલાય વિવરણકારો કહે છે.

## ૬ઃ૩ઃ૧ પુરંધ્રી વલ્લભાની વસમી વિદાય-વિતરાગી સંન્યસ્ત તરફ !!

ડૉ.આંબેડકરની ગૃહસ્થની ગાડી માંડ પાટા ઉપર આવી હતી, ત્યાં મોટો વ્રજપાત થયો. પુરંધ્રી પત્ની રમાબાઈનું સોમવાર તા. ૨૭-૫-૧૯૩૫ના દિવસે અકાળ અવસાન થયું. દલિતોના લાડકાં "આઈ સાહેબ" સદાને માટે અલવિદા કરી ગયાં. સમગ્ર મુંબઈનો દલિતવર્ગ શોકસાગરમાં ડૂબી ગયો, વાયુવેગે વાત પ્રસરી, હજારો દલિતો પહોંચી ગયા, ડૉ.આંબેડકર પોક મૂકીને રડવા લાગ્યા.

"રામુ તું મને એકલો મૂકીને ચાલી નીકળી ?"

મેં તને જીવનમાં કંઈ પણ સુખ આપ્યું નહિ. જયારે તે મારામાટે સર્વસ્વનો ત્યાગ કર્યો હતો. ડૉ.પી.જી.સોલંકી તથા દેવરાવ નાઈક તેમને આશ્વાસન આપતાં તેમ તેમ તેઓ વધુ રડતા હતા. રામૂને સુખ ન આપી શક્યા તેનો તેમને ભારે વસવસો રહ્યો હતો. તેઓ કહેતા, "ભલે લોકો મને દેવ જેવો માને, પરંતુ મારા જેવો દુર્ભાગી માણસ કોઈ નહિ હોય. હું મારા પરિવારને સહેજ પણ સુખ આપી શક્યો નહિ.. જોકે મહાન માનવોની મહાનતા પ્રથમ તેના પરિવાર સુખનો જ ભોગ લેતી હોય છે.

રાજગૃહથી નીકળી વરલીની સ્મશાનગૃહમાં એક માત્ર પુત્ર યશવંતના હાથે અંતિમ ક્રિયા કરવામાં આવી હતી. આશરે ૪૦ થી ૫૦ હજાર લોકોએ સ્મશાનયાત્રામાં ભાગ લીધો હતો.

રમાબાઈ છેલ્લા ત્રણેક વર્ષથી ઘણાં બિમાર હતાં. ગાંધીજીના ઉપવાસ અને "પૂના કરાર"ના સમયગાળામાં ડૉ.આંબેડકરને સતત મળતી ધમકીઓને કારણે તેમણે સતત ચિંતા રહેતી અને આ ચિંતા તેમના કાળજાને કોરતી રહી... તેઓ સતત ડૉ.આંબેડકરની "જિંદગી"ની જ ચિંતા કરતા હતાં જયાં સુધી "સાહેબ" ન આવે ત્યાં સુધી મોડી રાત સુધી સૂઈ શકતાં ન હતા. અવાર-નવાર યશવંતને ઓફિસે તેમની ખબર કાઢવા મોકલતાં હતાં.

ડૉ.આંબેડકર વારંવાર કહેતા કે, "મારો હાથ જરા છૂટો થાય એટલે હું રામૂ અને યશવંતને

ઉપચાર માટે વિલાયત મોકલીશ." રોગી સમાજના ઉપચાર માટે ડૉ.આંબેડકર આઠ વાર ઈંગ્લેન્ડ જઈ આવ્યા, પરંતુ રોગી પત્ની-પુત્રને એક પણ વખત ઇંગ્લેંડ મોકલી શક્યા નહિ !

બહિષ્કૃત ભારતના સંપાદન સમયે તેમણે પોતાની વેદના વ્યક્ત કરતાં લખ્યું હતું કે, "એક રાતી પાઈનો ફાયદો લીધા સિવાય એક વર્ષ સુધી "બહિષ્કૃત ભારત"નું પ્રકાશન ચાલુ રાખ્યું. જનજાગૃતિની જયોતિ પ્રગટાવી હતી. આમ કરતાં તેણે તેના તંત્રીએ પોતાની તંદુરસ્તીનો, પોતાના મોજશોખનો, પોતાના સુખનો સહેજ પણ વિચાર કર્યો નથી. આંખના ડોળાની દીવેટ બનાવી એટલું જ નહિ, પરંતુ સંપાદક જયારે પરદેશ હતા ત્યારે રાત-દિવસ પોતાના નામનું રટણ કરનારી, કાળજી રાખનારી, પરિવારને પોષનારી, પોતાની વિકટ પરિસ્થિતિમાં ખડેપગે રહેનારી, મારા ઘા પોતાના શરીરે ઝીલંતા તેણે પાછું વળને જોયું નથી. એવી અન્નપૂર્ણા, મમતાળું, સુશીલ, પૂજનીય સાધ્વી પત્નીના સહવાસ માટે અડધો કલાક પણ હું ફાળવી શક્યો નથી. મમતાના બે શબ્દો બોલી શક્યો નથી. ખરેખર મહાન વિભૂતિના જીવનની આવી કરુણતા હોય છે જ.

પત્નીના અકાળ અવસાનનો કારમો આઘાત તેમને નિવૃતિ તરફ ઘસડી ગયો. તેમણે જાહેર જીવનમાંથી નિવૃત થવાનો નિર્ણય કર્યો ! વળી દલિતોત્થાન માટેના જંગમાં પારકાં તો ઠીક પરંતુ પોતીકાઓએ પણ વિરોધ કરી વીતાડવામાં કશી કચાશ રાખી નહોતી, તેથી પણ તેમનુ હૃદય આળું થયું હતું. સતત સક્રિય રીતે સમાજ સેવામાં સમર્પિત હોવાને કારણે વકીલાતના વ્યવસાયમાં પણ ધ્યાન આપી શક્યા નહોતા. પરિણામે આર્થિક વિકટ વિટંબણાઓ પણ હતી જ. સઘળાં પરિબળો તેમને સંન્યસ્ત તરફ લઈ ગયા અને તેમણે સંન્યાસ સ્વીકારવાના વિચારો વ્યક્ત કર્યા. જુલાઈ ૧૯૩૫માં તેમણે જાહેર કર્યું કે,

"મે દલિતોદ્ધાર માટે ઘણું કર્યું છે. હવે હું જાહેર જીવનમાં નિવૃતિ લેવાં માગું છું. મારા પછી ડૉ.પી.જી.સોલંકીના નેતૃત્વમાં દલિતોએ પોતાની ચળવળ ચાલુ રાખવી." (ખોરમોડે : ચરિત્ર : પૃ. ૬/૮૧)

સમગ્ર સમાજમાં ખળભળી ઉઠ્યો. કાર્યકરો કાંપી ઉઠ્યા. ડૉ.સોલંકી, દેવરાય નાઈક, શિવતરકર, પ્રધાન ઈત્યાદિ આગેવાનોની અપાર મથામણને અંતે ડૉ.આંબેડકરે હતાશા ખંખેરી પુનઃસ્વસ્થતા પ્રાપ્ત કરી.. સાર્વજનિક જીવનમાં પાછા પ્રવૃત થયા.. મરીચિ મેદાનમાં આવ્યા અને કાર્યકરોમાં જોમ આવ્યું.

ડૉ.આંબેડકરને દલિતોનું દારિદ્રય દૂર કરી તેમને માનસિક ગુલામીમાંથી મુક્ત કરાવતા હતા. હિન્દુધર્મની માયાવી મરીચિકા માટે મથતા મજલૂમોને મૂક્તિના સાચા માર્ગે પટોળવા હતા. તેમને અજ્ઞાનના અંધકારમાંથી પ્રકાશમાં આણવા હતા. "પૂના કરાર" તે તેમના પ્રથમ મુદ્દાનું વિજયપર્વ હતું. પરંતુ તેનાથી તેમને સંપૂર્ણ સંતોષ નહોતો જ. તે સમય-સંજોગોએ લાદેલી પરિસ્થિતિ હતી. તેમના મતે પૂના કરાર એ દલિતો સાથે થયેલી પ્રતારણા હતી.

તેઓ નૂતન સમતાવાદી સંસ્કૃતિના પુરસ્કર્તા-સર્જક હતા. તેમને નૂતન ઈતિહાસનું નિર્માણ કરવુ હતું. હૃદયમાં અપાર અજંપો હતો. નૂતન દ્રષ્ટિએ તે કંઈક એવું કરવા માંગતા હતા કે, જેથી દલિતોનો મુક્તિમાર્ગ સરળ બને. જો કે ૧૯૩૫ના કાયદા અન્વયે ચૂંટણીઓ થાય અને મવાળ પક્ષ બહુમતીમાં આવે તો ડૉ.આંબેડકરનો સમાવેશ મંત્રીમંડળમાં થાય તેમ હતું. પરંતુ આર્ષદૃષ્ટા ડૉ.આંબેડકરનું મન કોઈ જુદી જ દિશામાં વિચારતું હતું.

## ૬:૪:૦ હિન્દુસમાજને સશક્ત કરવા હિન્દુધર્મની પુનઃ રચનાની હિમાયત :

અત્યંત ઉદ્દાત-ધાર્મિક વાતાવરણમાં ઉછરેલા ડૉ.આંબેડકરને પ્રારંભમાં હિન્દુધર્મ માટે અપાર આદર અને અનુરાગ હતો. તેમણે હિન્દુધર્મની મર્યાદામા રહી સમતા, સ્વાભિમાન મેળવવા ભારે પુરુષાર્થ કર્યો હતો. ૧૯૨૭માં સમાજ સમતા સંઘ દ્વારા મહાર,માંગ, માતંગ સમાજમાં વૈદિક વિવાહ પદ્ધતિ પ્રચલિત કરી. આ લોકોને યજ્ઞોપવીત આવાના અસંખ્ય કાર્યક્રમો કર્યા હતા. ઑકટોબર ૧૯૨૯માં મુંબઈ જેવા કોસ્મોપોલીટન શહેરમાં મંદિર પ્રવેશ (ભૂલેશ્વર મંદિર)નો કાર્યક્રમ પણ ડૉ.પી.જી.સોલંકીની સાથે આપ્યો, પરંતુ મહંતોએ મંદિરના દ્વાર ભીડાવી દીધાં અને બહાર બોર્ડ લટકાવી દીધાં. "આ મંદિર ફક્ત ઉચ્ચવર્ણના હિન્દુઓ માટે જ છે." શારદાપીઠના શંકરાચાર્યે પણ આદેશ ફરમાવ્યો. "અત્યજોનો મંદિર પ્રવેશ એટલે ધર્મશાસ્ત્રો પ્રમાણે "મહાપાતક" ગણાય.

"લોર્ડ લિનલિથગોના શાસનકાળમાં (૧૯૩૬-૪૧) હજારોને ગોળીએ વીંધવામાં આવ્યા હતા. બંગાળમાં લાખો લોકો દુષ્કાળને કારણે કીડીમંકોડાની જેમ મરણ પામ્યા હતા. મહાત્મા ગાંધીજીના આમરણાંત ઉપવાસ પણ થયા હતા પણ જેનાથી લોર્ડ લિનલિયોથને સહેજ પણ સંકોચ ન હતો. શરમાતા પણ ન હતા. ઉલટાના તેમને તે સારું લાગતું હતું. મહાત્મા ગાંધીજીની ચિતા માટે ચંદનનો ઓર્ડર આપી દીધો હતો. ત્રણ દિવસ સુધી દેશમાં આ બાતમી બહાર ન આવે તેની તકેદારી રાખી હતી અને એ બાતમી બહાર પડી જાય તો તાત્કાલિક તેને દમન દ્વારા કાબૂમાં લેવાનો પૂરતો બંદોબસ્ત પણ કર્યો હતો. એવા અંગ્રેજ-વિધર્મી-ખ્રિસ્તી લોર્ડ લિનલિથગોને વિખ્યાત વૈષ્ણ મંદિરમાં ચાંદીને બાજઠે બેસાડી તેમને અક્ષત-કંકુથી વધાવવામાં આવ્યા. દેવમૂર્તિ સાથેની તેમની તસ્વીરો લેવામાં આવી.. પરંતુ અપાર ભક્તિભાવથી હિન્દુ રહેનારા, હિન્દુ દેવ-દેવી પૂજનારા પદદલિતો માટે મંદિર પ્રવેશનો સદંતર નિષધ હતો. આ તે કેવા ધર્મ અને આ તે કેવાં ધર્મશાસ્ત્રો ? અમદાવાદના સ્વામિનારાયણ (કાલુપુર) મંદિરના દ્વાર પણ આઝાદી આવ્યા (જાન્યુ. ૧૯૪૮) બાદ દલિતો માટે બંધ રાખ્યાં હતાં. જે સુપ્રિમ કોર્ટના ચૂકાદા (તા. ૧૪-૧-૬૬) પછી માંડ માંડ ખૂલ્યાં હતાં.

ડૉ.આંબેડકરને હિન્દુઓના અમાનવીય વ્યવહારથી ઘણો જ આઘાત લાગ્યો. તેમણે કહ્યું કે, "હિન્દુત્ત્વ એકલા સવર્ણોનો ઈજારો નથી, સવર્ણો દલિતોને હિન્દુ માને છે, તો તેમને હિન્દુ તરીકેનો અધિકાર (મંદિર પ્રવેશ) મળવો જ જોઈએ."

હિન્દુ ધર્મને શુદ્ધ કરી પોતાના રક્ત દ્વારા હિન્દુધર્મ ઉપરની આ કાલિમા દૂર કરવા તેમણે સંઘર્ષ કર્યો. ગોળમેજી પરિષદમાં અલગ મતાધિકાર માંગ્યો. પરંતુ આગ્રહ રાખ્યો કે દલિતોને **"પ્રોટેસ્ટન્ટ હિન્દુ"** ગણવા જોઈએ. 'પૂના કરાર' એ પણ હિન્દુ બચાવવા દલિતોએ અર્પેલી આહૂતિ જ હતી. ગોવામાં દશ હજાર ખ્રિસ્તીઓને હિન્દુ બનાવનાર મસૂરકર તેમજ હિન્દુ આગેવાનોની અટકાયત કરનાર પોર્ટુગીઝ સરકારનો સખ્ત વિરોધ કરી ડૉ.આંબેડકરે હિન્દુ અને હિન્દુત્વની રક્ષા માટે પંદર વર્ષ (૧૯૨૦-૧૯૩૫) પ્રબળ પુરુષાર્થ કર્યો હતો. હિન્દુધર્મની સુધારણા અને હિન્દુઓના હૃદય-પરિવર્તન માટે તેમણે અસંખ્ય કાર્યક્રમો આપ્યા અને ચળવળો પણ ચલાવી હતી. લાહોર જાતિ પંતિ તોડકે મંડળના (૧૯૩૬) અધિવેશનના અધ્યક્ષ તરીકે આપવા તૈયાર કરેલું તેમનું અભિભાષણ 'Annihilation of caste' (૧૯૩૬) હિન્દુધર્મ સુધારણાનું સાચું નિદાન અને અક્સીર ઈલાજ છે. આંબેડકર આ ગ્રંથમાં એવા તારણો ઉપર આવ્યા હતા કે,

(૧) હિન્દુધર્મમાં આચરણની આઝાદી તેમજ સહજતા નથી. પરંતુ અન્ય લોકો દ્વારા લાદવામાં આવેલા નિયમોના પાલનનાં વિધાનો છે.

(૨) હિન્દુધર્મમાં વિચારો પ્રત્યે નિષ્ઠા નથી, પરંતુ માત્ર આદેશોના પાલનનો ઉપદેશ છે.

(૩) જુદા જુદા વર્ગો -જાતિઓ વચ્ચે અલગ-અલગ વ્યવસ્થા છે. કારણ કે, કાયદામાં પણ વિષમતા છે. વળી સઘળી પેઢીઓ માટે એક જ કાનૂનનું વિધાન છે.

(૪) કાયદા પેગમ્બરો કે વિધિકર્તાઓએ બનાવ્યા નથી, વળી જે સહિંતાઓ બનાવી છે તે "પથ્થરની લકીર" જેમ અપરિવર્તનીય છે.

(૫) ચાર્તુર્વણ્ય વ્યવસ્થા તેમના મતે પાખંડ હતી. તે માનવતાના વિનાશની વ્યવસ્થા છે, જે શાસ્ત્રોમાં જાતિ- વિભાજનની વાતો હોય તેનો પણ નાશ કરવો જોઈએ એમ તેઓ માનતા.

(૬) આવા ધાર્મિક વર્ગ (પુરોહિત)ની નૈતિકતા, વિશ્વાસ અને પૂજાવિધિ ઉપર સરકારી નિરીક્ષણ હોવું જોઈએ. વળી આ વર્ગની ઉપર મર્યાદા લાદવી જોઈએ.

(૭) હિન્દુ સમાજને સશક્ત બનાવવા માટે તેઓ સ્વતંત્રતા-સમતા અને બંધુતાની બુનિયાદ ઉપર હિન્દુત્ત્વની પુનઃરચના કરવા ઈચ્છતા હતા.

## ૬:૪:૨ ધર્માંતરની ઘોષણા અને હિન્દુ પ્રત્યાઘાત :

આ બધું ખતમ કરવું જોઈએ અને તેને ખતમ કરવું તે અધર્મ નથી જ. (ડૉ.ભીમરાવ આંબેડકર : કુબેરઃ પૃ. ૮૬-૧૦૨) તેમણે એક જ સર્વમાન્ય ધર્મગ્રંથ, એક જ દેવની હિમાયત કરી, સાથે સાથે જન્મજાત બ્રાહ્મણ-પુરોહિત વર્ગની નાબૂદી કરી સમગ્રી હિન્દુ સમાજમાંથી પસંદગી પામેલા લોકો તાલીમ આપી પરીક્ષા લઈ તૈયાર કરેલા ધાર્મિક (પુરોહિત) માણસોની હિમાયત કરી હતી. તેમણે હિન્દુધર્મને

જડમૂળથી સુધારવાનો અક્સીર ઈલાજ સૂચવ્યો હતો. તે અભિભાષણ તૈયાર કરી મંડળના માંધાતાઓને મોકલ્યું ત્યારે જાતિ-પાંતિ તોડવા નીકળેલા જાત-પાંત તોડક મંડળના પદાધિકારીઓને આ અભિભાષણ આકરું લાગ્યું. તેમના વિચારો પચવામાં ભારે લાગ્યાં અને તેમણે તેમાં સુધારા સૂચવ્યા હતા. ડૉ.આંબેડકર વિસર્ગનું ચિહ્ન પણ બદલવા તૈયાર નહોતા પરિણામે આયોજકો એ અધિવેશન જ માંડી વાળ્યુ. ન રહે વાંસ ન બજે બાંસરી... અપાર પુરુષાર્થ કરી તૈયાર કરેલા અભિભાષણને ડૉ.આંબેડકરે મે,૧૯૩૬માં ગ્રંથ સ્વરૂપે પ્રસિદ્ધ કર્યું હતું. ભારતની અસંખ્ય ભાષાઓમાં તેના અનુવાદો ઘણા જ લોકપ્રિય બનતા હતા. આ ગ્રંથની કાર્લમાર્કસના Communist Manifesto **સામ્યવાદી જાહેરનામા** સાથેતુલના કરવામાં આવી હતી. જેનું પ્રથમ શીર્ષક હતું " Tracts of the Times" આમ હિન્દુધર્મની પરિસીમામાં રહીને કરેલા ડૉ.બાબાસાહેબ આંબેડકરનો આ સઘળો પુરુષાર્થ એળે ગયો. સહકારનો પ્રતિસાદ સાંપડ્યો જ નહિ. હિન્દુઓનું પાષાણ હૃદય પીગળ્યું જ નહિ. ડૉ.આંબેડકરે પ્રેમ માંગ્યો તો પથ્થર માર્યા, સ્વમાન માંગ્યું તો અપમાન મળ્યું અને દોસ્તી ચાહી તો ડામ દીધાં. ડૉ.આંબેડકરને પ્રતીતિ થઈ ગઈ કે હિન્દુધર્મ સુધારણા માટે પોતે નાહકની શક્તિ વેડફી રહ્યા છે. સુધારણા શક્ય જ નથી. તેમનું માનવું હતું કે, વ્યક્તિના વિકાસમાં ત્રણ બાબતો "સહાનુભૂતિ, સમતા અને સ્વાતંત્ર્ય" આવશ્યક છે. હિન્દુધર્મમાં દલિતો માટે આ ત્રણેયમાંની એક પણ બાબત ઉપલબ્ધ નથી. પછી તેમનો ત્યાં વિકાસ થઈ જ કેમ શકે ? વળી ત્યાં સુધારણાની પણ શક્યતા નથી જ. તેમણે કહ્યું :-

*"કોઈપણ પ્રાણઘાતક રોગનો અંતિમ ઈલાજ આકરો-જોખમી હોય છે. એ પ્રમાણે હિન્દુઓના હાડમાં ઘર કરી ગયેલા અસ્પૃશ્યતાના પ્રાણઘાતક રોગને નિર્મૂળ કરવા માટે વીજળીના આંચકા જેવા આઘાતની જ આવશ્યકતા હતી અને ડૉ.બાબાસાહેબ આંબેડકરે છેવટેના ઉપાય તરીકે તા. ૧૩-૧૦-૧૯૩૫ના દિવસે (આ મહાભારતના યુધ્ધની તારીખ-ગીતાના જન્મદિવસ હતો) યેવલા (નાસિક) પરિષદમાં હિન્દુધર્મથી છૂટકારો મેળવવા "ધર્માન્તરની ઘોષણા કરી. એક સમયે કેટલીક ચમાર સ્ત્રીઓ દ્વારા મુસ્લિમ ધર્મ અંગીકાર કર્યાના સમાચારથી અપાર વ્યથા અનુભવનાર સંવેદનશીલ ડૉ.આંબેડકરને હવે પોતાને ના-ઈલાજ કહેવું પડ્યું કે- "હિન્દુ તરીકે હું જન્મ્યો તે મારા હાથની વાત નહોતી, પરંતુ એક હિન્દુ તરીકે કદાપિ મરીશ નહિ."*

ડૉ. આંબેડકરને હિન્દુ ધર્મનાં સંતોથી પણ સંતોષ નહોતો. પોતાના (૧૯૩૬ના લાહોર) પ્રવચનમાં તેઓ સંતો વિષે સ્પષ્ટ શબ્દોમાં લખે છે કે : -

*"(હવે) સંતો વિષે વ્યક્તિએ તે કબૂલ કરવું જ પડશે કે તેમના સઘળા ઉપદેશ ગમે તેટલા જુદા અને ઉન્નત્તગામી હોય તો પણ માત્ર વિદ્વાનનાં ઉપદેશ સાથે સરખાવતા તે દુઃખદ રીતે બિન અસરકારક રહ્યા છે. તે બે કારણો સર બિનઅસરકારક રહ્યા છે. પ્રથમ તો, કોઈ સંતે જ્ઞાતિ પ્રથા પણ ક્યારેય પ્રહાર કર્યો નથી. ઉલટુ તેઓ તો જ્ઞાતિઓની પ્રથાના ચુસ્ત હિમાયતી હતા. તેમાંના મોટાભાગના સંતોતો તે જ્ઞાતિના હતા જે જ્ઞાતિના સભ્ય તરીકે જીવ્યા અને મર્યા ! જ્ઞાનદેવને બ્રાહ્મણ તરીકેના પોતાના મોભા માટે એટલો મમતાપૂર્વકનો મોહ હતો કે પૈઠણના બ્રાહ્મણો તેમના પંથકમાં સ્વીકારવા તૈયાર ન થયા ત્યારે બ્રાહ્મણ બંધુઓ દ્વારા સ્વીકૃત બ્રાહ્મણોનો મોભો મેળવવા તેમણે આકાશ-પાતળ એક કર્યા. વળી અત્યારે તો ધર્માત્મા ચિત્રમાં નાયક તરીકે રજૂ થતાં સંત એકનાથે અસ્પૃશ્યોને સ્પર્શ કરવાની તથા તેમની સાથે જમવાની હિંમત દર્શાવતા પણ, તેઓ પોતે જ્ઞાતિ અને અસ્પૃશ્યતાના વિરોધી હોવાને કારણે તેમ કર્યું નહોતું. પરંતુ તેમને લાગ્યું કે તેમના આ કૃત્યો દ્વારા ઉભી થતી ભ્રષ્ટતા (આભડછેટ) ગંગા નદીમાં પવિત્ર જળમાં સ્નાન કરવાથી ધોવાઈ જાય છે....* ( अंत्याजाचा विटाळ ज्यासी । गंगास्नाने शुद्धत्व त्यासी - एकनाथी भागवत् अ - २८, ओ - १९१ ) *મારા અભ્યાસ મુજબ તો હિન્દુ સંતોએ ક્યારેય જ્ઞાતિ તથા અસ્પૃશ્યતા સામે ઝુંબેશ ચલાવી નથી. માણસો વચ્ચેના સંઘર્ષ સાથે તેમને કોઈ નિસ્બત નહોતી. તેમને તો માણસો અને ઈશ્વર વચ્ચેના સંબંધો સાથે નિસ્તબ હતી. સઘળા માણસો સમાન છે તેવો ઉપદેશ તેમણે ત્યારે આપ્યો નહોતો (પરંતુ) તેમણે એવો ઉપદેશ આપ્યો કે ઈશ્વરની સમક્ષ (ઈશ્વરની નજરમાં, હરીકેરા દેશમાં) બધા માણસો સરખા છે. આ ઉપદેશ એવું તો ભિન્ન તથા નિરૂપદ્રવી - બિનજોખમી વિધાન હતું કે તે ઉપદેશ કરતાં કોઈને કપરું લાગે નહીં અને સ્વીકાર કરતાં ભયાવહ પણ લાગે નહિં. સંતોનો ઉપદેશ બીન અસરકારક કહેવાનું બીજું કારણ એ હતું કે લોકોને એમ કહેવાયું કે સંત જ્ઞાતિ તોડી શકે પરંતુ સામાન્ય માણસે તે (જ્ઞાતિ) તોડવી જોઈએ નહિ. એટલે સંત*

*'અનુકરણીય આદર્શ' ક્યારેય ન બન્યા. તે હંમેશા 'આદરણીય' ધર્મિષ્ઠ વ્યક્તિ રહ્યાં. લોકો તો જ્ઞાતિ અને અસ્પૃશ્યતામાં ચુસ્તપણે માનનારા હતા તે જ પુરવાર કરે છે કે સંતોના પવિત્ર જીવન તથા ઉદાત્ત ઉપદેશોનો પ્રભાવ તેમના જીવન અને આચરણ પણ ધર્મ શાસ્ત્રના બોધ જેટલો ફળ્યો નહિ... હિન્દમાં સંતો અને મહાત્માઓ પ્રત્યે લોકોનું જે વલણ-તેમને આદર આપવો - પણ અનુકરણ ન કરવું એ જોતાં કોઈ ઝાઝો ફાયદો થાય નહિ..." "સંતો આવ્યા ને ગયા અસ્પૃશ્યો અસ્પૃશ્યો જ રહ્યા."*

આમ સઘળા ચિંતનને અંતે ડૉ.બાબાસાહેબ આંબેડકરનો આ ધર્માન્તરનો નિર્ણય એ "પદદલિતોએ નાંખેલી છેલ્લી ચીસ હતી." રવિવાર તા. ૧૩-૧૦-૧૯૩૫ના દિવસે તેમણે આ રીતે કરેલી ધર્માંતરની ઘોષણા દ્વારા હિન્દુઓના અભેધ કિલ્લામાં અગ્ન્યાસ્ત્ર છોડ્યું. જોકે ડિસેમ્બર, ૧૯૨૭માં મહાડ મુકામે જાતિવાદી ધાર્મિક ગ્રંથ "મનુસ્મૃતિ"ની હોળી કરી તેમણે પ્રથમ આંચકો તો આપ્યો જ હતો. દલિતોના આ માર્ટિન લ્યૂથરનું 'મહાડ' વિટેનબર્ગ બની ગયું હતુ. પરંતુ તેની ધારી અસર થઈ નહોતી. આ વખતે તો સમગ્ર રાષ્ટ્ર ખળભળી ઉઠ્યો. "ધર્માંતર"ની ઘોષણા એ ડૉ.બાબાસાહેબની હિન્દુઓને લલકાર છે." કોંગ્રેસ પ્રેરિત મજૂર મહાજનસંઘ અમદાવાદના દલિત મિલ-કામદારોની એક સભા શ્રી મૂળદાસ વૈશ્યના પ્રમુખસ્થાને મળી અને ઠરાવ કર્યો કે "આ સવર્ણોના અમાનુષી અત્યાચારો અમારા ઉપર થાય છે તે સત્ય છે, પરંતુ અમે તો હિન્દુધર્મમાં જ રહીશું. ડૉ.આંબેડકરને ધર્માંતર બાબતે પુનઃવિચારણા કરવા વિનંતી છે." આ લોકોને કેવી રીતે સમજાવવું કે બાપના કૂવામાં ડૂબી ન મરાય ?

ધર્માંતરની ઘોષણાની ગાંધીવાદી હિન્દુ આગેવાનોને ભારે આંચકો લાગ્યો હતો. લક્ષાધિપતિ શેઠ વાલચંદ હીરાચંદે ડૉ.આંબેડકર-ગાંધીજીના મિલન માટે મન મૂકીને પ્રયત્નો આદર્યા... આખરે વર્ધા-સેવાગ્રામ મુકામે મુલાકાત ગોઠવાઈ. પરંતુ તેનું કોઈ પરિણામ આવ્યું નહિ. વળતાં વર્ધા સ્ટેશને દલિતોએ ડૉ.આંબેડકરનું ઉમળકાભેર સ્વાગત કર્યું. જે જોઈ શેઠ જમનાલાલ બજાજ વિચારમાં પડી ગયા. તેમણે કહ્યું કે, "અમે હરિજનો માટે આટલા નાણાં ખર્ચીએ છીએ. છતાં અમારા માટે આવાં માન-સન્માન નથી. જયારે તમારે માટે લોકો ગાંડાતુર થઈ જાય છે. ડૉ.આંબેડકરે કહ્યું "માતા અને આયામાં જેટલો તફાવત છે, તેટલો મારી અને તમારી વચ્ચે છે. તે જ તેનું કારણ છે." આ બંને મહાનુભાવો ડૉ.આંબેડકરને ગાંધીના જૂથમાં ભેળવવા પ્રયત્નો કરી રહ્યા હતા. તેનું એવું માનવું હતું કે, જો ડૉ.આંબેડકર ગાંધીજીની સાથે મળે તો દલિતવર્ગના અભ્યુદય માટે અઢળક ધન-સામગ્રી પ્રાપ્ત થાય અને ડૉ.આંબેડકર વધુ સારી રીતે કાર્ય કરી શકે. ધાર્યું પરિણામ પણ ઝડપથી આવી શકે. ડૉ.આંબેડકર ઘણા જ આદર સાથે તેમની દરખાસ્તનો અસ્વીકાર કર્યો અને કહ્યું કે, મારા અને ગાંધીજીના વિચારો વચ્ચે ઘણી બાબતે મતભેદો પ્રવર્તે છે. લક્ષાધિપતિઓએ કહ્યું કે, "નહેરુનું પણ મતભેદો છે, છતાં સાથે છે... તમે નહેરુને અનુસરીને શકો છો." અટંકી આંબેડકરે આક્રોશથી કહ્યું "નહેરુનું ઉદાહરણ જેને લાગુ પાડી શકાય તેવો હું નથી. ટૂંકા લાભો, તાત્કાલિક સફળતા કે કીર્તિ માટે મારી વિવેકબુદ્ધિને મૂકી દેનારા હું નહિ."

આર્ય સમાજના (પ્રયાગ) વિદ્વાન ગંગાપ્રસાદ ઉપાધ્યાય દ્વારા લિખિત પુસ્તિકાની ૧૯૩૬ સુધીમાં ૧૩ લાખ ૬૮ હજાર નકલો દલિતોમાં વહેંચવામાં આવી જેમાં દલિતોને ધર્માંતર ન કરવા વિનંતી કરવામાં આવી હતી. તેમજ વચનો પણ આપ્યાં હતાં.

હિન્દુ-હિન્દુધર્મ ઉપરનો ડૉ.આંબેડકરનો વિશ્વાસ ડગી ગયો હતો અને આક્રોશ વધી ગયો હતો. જો કે માનવતાહીન (શંકરાચાર્યવાદી) સનાતની હિન્દુઓ પર આ નિર્ણયની કશી જ અસર થઈ નહિ. ઉલટાનું આનંદમાં મદહોશ બની ગયેલા સનાતનીઓએ છૂટકારાનો શ્વાસ લીધો. દલિતોના નાસિક કાલારામ મંદિર પ્રવેશના સત્યાગ્રહથી (પાંચ વર્ષથી) સંતપ્ત સનાતની હિન્દુઓ હવે "હિન્દુ ધર્મમાંથી અસ્પૃશ્યોનું નિર્મૂલન થશે." એવી કલ્પનાથી આનંદથી નાચવા લાગ્યા અને તેમણે રથયાત્રા પરનો પ્રતિબંધ હવે ઉઠાવી લેવા સરકારને વિનંતી પણ કરી હતી. જો કે વેરાન રણમાં મીઠી વીરડી સમા શ્રુતબંધુ નામના આર્ય સમાજના આગેવાને (અમદાવાદ) તા. ૨૧-૧૦-૧૯૩૫ના દિવસે ડૉ.આંબેડકરને લખ્યું કે, "હું જન્મથી બ્રાહ્મણ હોવા છતાં મારી દીકરીનાં લગ્ન તમારા પુત્ર સાથે કરાવવા તૈયાર છું. પરંતુ હિન્દુધર્મનો ત્યાગ કરશો નહિ." પરંતુ ડૉ.આંબેડકરે સ્વીકાર્યું નહિ. તેમણે કહ્યું -

"હિન્દુધર્મનાં બે અંગ છે, એક "તત્ત્વજ્ઞાન" અને બીજું "આચાર" તત્ત્વજ્ઞાનની દ્રષ્ટિએ કદાચ અસ્પૃશ્યો-સ્પૃશ્યો સમાન હશે, પરંતુ આચરણમાં (અસ્પૃશ્યો) અસમાન જ નહિ પરંતુ અપવિત્ર છે.

તેમના જોડે વ્યવહાર કરવો તે "અધર્મ" છે. કોઈપણ ધર્મનું આચારાત્મક અંગ જ મહતવનું છે અને તે ધર્મના તત્ત્વજ્ઞાન પર જ અધિષ્ઠીત હોય છે. વાણીમાં સર્વત્ર ઈશ્વર માનનારા અને આચારમાં માનવને પશુ ગણનારાં આ દંભી (માયાવી) લોકોનો સંગ કરશે નહિ. કીડી-મંકોડાને ખાંડ નાંખનારા અને પછી માનવીને પાણી વગર મારનાર લોકો દંભી છે. તેનો સંગ કરશો નહિ. ધર્માંતર માટે લોકમત તૈયાર કરવા તા. ૩૦-૫-૧૯૩૬ના દિવસે મુંબઈના નાયગાંવના મેદાનમાં (જયાં હાલ શીખ ગુરુદ્વારો છે.) મહાર પરિષદનુ આયોજન કર્યું અને મંડપને "રમાબાઈ નગર" નામ આપ્યું હતું.

પરિષદના પ્રમુખ સ્થાને હૈદ્રાબાદના દલિત નેતા બી.એસ.વ્યકટરાવ હતા. ઉપરાંત ડૉ.પી.જી.સોલંકી, ભાસ્કરરાવ જાધવ, દેવરાવ નાઈક, વી.ડી.પ્રધાન,દાદાસાહેબ ગાયકવાડ, અમૃતરાવ રણખાંભે ઈત્યાદિ નેતાઓ પણ મોટી સંખ્યામાં હાજર હતા. સભામાં "ધર્માંતર"નો પ્રસ્તાવ પ્રસ્તુત કર્યો. અમૃતરાવ રણખાંભેએ ટેકો આપ્યો. જનતા જનાર્દને તાળીઓના ગડગડાટ સાથે પ્રસ્તાવે વધાવી લીધો. મહારોનો ધર્માંતર કરવાનો મક્કમ નિર્ધા મજૂકર પ્રસ્તાવમાં વ્યક્ત જ કરવામાં આવ્યો હતો. તેમજ તેનો નિર્ણય ડૉ.આંબેડકર ઉપર છોડવામાં આવ્યો હતો.

૫૦ હજારની જનમેદની સમક્ષ ડૉ.આંબેડકરે **"મુક્તિનો માર્ગ"** દર્શાવતાં ધર્માંતરનાં તમામ પાસાની તલસ્પર્શી છણાવટ કરતું દીર્ઘ પ્રચલન કરતા કહ્યું કે,

***"જે ધર્મમાં માણસોની કિંમત ન હોય તે ધર્મમાં કેમ રહીએ ? જે આપણને મંદિરમાં જવા ન દે તે ધર્મમાં કેમ રહીએ ? જે આપણને કેળવણીથી વંચિત રાખે તે ધર્મમાં કેમ રહીએ ? જે આપણી નોકરીની આડે આવે તે ધર્મમાં કેમ રહીએ ? જે ધર્મ આપણું ડગલે ડગલે અપમાન કરે તેમાં કેમ રહીએ ? હું તમને સ્પષ્ટ કહેવા માંગું છું કે, મનુષ્ય ધર્મ માટે નથી, પરંતુ ધર્મ જ માણસ માટે છે...."***

***આ પ્રસંગે ભગવાન બુદ્ધે પરિનિર્વાણ પહેલાં ભિક્ષુઓને કરેલો ઉપદેશ યાદ આવે છે. તેમણે ઉપદેશ કર્યો હતો કે, "તમે દીવાની માફક સ્વયંપ્રકાશિત થાવ, પૃથ્વી પ્રમાણે પરપ્રકાશિત થતા નહિ. પોતાના પર વિશ્વાસ રાખો. બીજાનાથી દોરવાવ નહિ. સત્યને વળગીને રહો, સત્યનો જ આશ્રય લો અને બીજા કોઈને શરણે જશો નહીં"***

મુંબઈના જન્મભૂમિ દૈનિક તા. ૧-૬-૧૯૩૭ના પોતાના તંત્રીલેખ "ડૉ. આંબેડકર કે ગાંધી"માં દલિતોને આંબેડકરના માર્ગે ન જતાં ગાંધીજીમાં વિશ્વાસ રાખવાની વિનંતી કરી. મુંબઈ સમાચારે પણ **"વળી પાછા ધર્મપલટાની વાતો"** તંત્રીલેખ લખી "ધર્માંતર"ની આલોચન કરવામાં આવી હતી, તેવી જ રીતે **"હિન્દુસ્તાન"** અને **"પ્રજામિત્રે"** પણ ટીકાની ઝડી વરસાવી હતી.

હિન્દુતત્ત્વજ્ઞાની (અને સમાજ)ના પૃથ્થકરણનો ડૉ. આંબેડકરનો હેતુ માત્ર બૌદ્ધિક વ્યાયામનો ન હતો. પરંતુ હિન્દુસમાજને માનવમૂલ્યો - સમતા, સ્વતંત્રતા, બંધુતાની બુનિયાદ પર બેઠો કરી તેમને સશક્ત સમાજ બનાવવાનો તેમનો ચોક્કસ અભિગમ હતો. સમગ્ર પૃથ્થકરણ અંતે તો કચડાયેલો કિંકરોના ઉદ્ધાર પ્રતિ અંગુલિનિર્દેશ કરી તેમને રાષ્ટ્રના પ્રમુખ પ્રવાહમાં **'સમરસ'** કરવાની દિશા જ ચીંધે છે. (BWS અંગ્રેજી વોલ્યુમ ૧ : ૨ : ની સમિતિની પ્રસ્તાવના) હિન્દુસમાજ આ આર્ષદષ્ટાને સમયસર ન ઓળખી શક્યો. પોતાનામાં સમાવી શક્યો નહિ તે હિન્દુસમાજની કરુણતા હતી. ડૉ. આંબેડકરની નહિ.

"જામે જમશેદ" જેવા પારસી દૈનિકે પણ તા. ૨-૫-૧૯૩૬ના અંકમાં "શું ધર્મ બદલવાથી હરિજનોને સમાન દરજ્જો મળી શકશે ?" તેવો તંત્રીલેખ લખી દલિતવર્ગોને શિખામણ આપી કે, તેમની એકતા તૂટી જશે. બીજા અસંખ્ય મરાઠા-હિન્દી, અંગ્રેજી સામયિકોનો સૂર પણ આ જ પ્રકારનો હતો. તેમણે એવી સલાહ આપી કે, ધર્માંતર કરવાની તેમની સંખ્યા ઘટશે. ડૉ. આંબેડકરનું જૂથ નબળું પડશે. હિન્દુઓનો સાથ પણ સાંપડશે નહિં.

પરંતુ આ લોકોને ક્યાં ખબર હતી કે, ડૉ. આંબેડકરને કોઈ જૂથ જોઈતું નહોતું. તેમને નેતાગીરી પણ જોઈતી ન હતી. તેમને તો આ ભારતભૂમિમાંથી અસ્પૃશ્ય ઓળખાતી ગણાતી જાતિઓ જ મિટાવી દેવી હતી. તેમના મતે આલમમાં ક્યાંય કોઈ અસ્પૃશ્ય હોવો નક જોઈએ પછી તે ગમે ત્યાં જાય.

## ૬ : ૪ : ૩ પોતાના મઝહબમાં લાવવા ઈસ્લામ-ઈસાઈના પ્રયત્નો

બીજી બાજુ ડૉ. બાબાસાહેબની "ધર્માંતર"ની ઘોષણાથી અન્ય ધર્મોના આગેવાનો તેમને પોતાના ધર્મમાં લાવવા આકાશ-પાતાળ એક કરવા લાગ્યા. ધર્મના બજારમાં "તેજી" આવી સેન્સેક્સ ઊંચે ગયો અને તેમની વચ્ચે ગળાકાપ સ્પર્ધાઓ થવા માંડી હતી. મુસ્લિમ નેતા મણિયારે તો મુસ્લિમો સાથે આ ધર્માંતર પરિષદના મંડપમાં કલાકો ગાળ્યા હતા. સર્વેને "જમણ-દાવત" આપવાની ખૈરાતની ખ્વાહિશ પ્રગટ કરી, જેનો બાબાસાહેબે બાઈજ્જત ઈન્કાર કર્યો. જો કે લાહોરના અકાલી દળના જથેદાર ઈશ્વરસિંહ તથા માટુંગા શીખો માનવા લાગ્યા કે ડૉ. આંબેડકર શીખ બનશે. પરિષદના આગલા દિવસે તા. ૨૯-૫-૧૯૩૬ શુક્રવારે ગાંધીજીના મોટા પુત્ર હરિલાલે નાગપુર મુકામે ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યો હતો. તે બનાવને પરિષદમાં બિરદાવવામાં આવ્યો હોવાથી મુસ્લિમો માની બેઠા કે દલિતો ઈસ્લામ ગ્રહણ કરશે.

આર્ય સમાજના વિદ્વાન ઉત્કૃષ્ટ અંગ્રેજી લેખક બૅરિસ્ટર-મિસ મેયોના ગ્રંથ 'મધરઈન્ડિયા'ને રદિયો આપવા 'અંકલ સેમ' લખનાર તથા સતત પરિવર્તનશીલ એવા ધારાસભ્ય કનૈયાલાલ (આદિલ) ગોબા પણ મુસ્લિમ પીર જમિયતઅલી સાથે તા. ૨૧-૧૦-૧૯૩૫ના દિવસે મુંબઈ આવી ડૉ. આંબેડકરને ઈસ્લામ માટે રાજી કરવા માટે રીયાઝ-પ્રયત્નો કરવા લાગ્યા હતા. તેમણે હરિજનોના હકોની હિફાઝતની હૈયા-ધારણા પણ આપી હતી. ઢાકાના નવાબના પ્રમુખસ્થાને મળેલી કલકત્તાની મુસ્લિમ પરિષદે પોતાની જિંદગીના ૨૦ વર્ષની કુરબાની આપી શકે એવા દશ હજાર કાર્યકરોની કેડર (મૌલવી) તબલીગ (ધર્માંતર) માટે તૈયારી કરી અસ્પૃશ્યોને પોતાની બિરાદરીમાં બેસાડી સબાબ કમાવવા કમર કસી હતી. તેમણે એક પત્રિકા છપાવી પ્રચાર કર્યો કે, અરબસ્તાનનો બિલાલ અસ્પૃશ્ય હતો. પરંતુ મુસ્લિમ થયો એટલે પેગંમ્બર સાહેબની સાથે જ એક જ પંગતે જમતો હતો. 'જેદ' પણ અસ્પૃશ્ય હતો. તેનું પણ સન્માન થતું. ઈસ્લામમાં હઝરત અબૂબકર, ઉંમર, ઉસ્માન અને અલી સાથે એક જ પંગતે એક જ ભાણે જમતા હતા. એક જ પ્યાલે પાણી પીતા હતા.

'યુદ્ધ અને પ્રેમમાં બધું જ ગનીમત ગણી' આલમના અબજોપતિ હૈદ્રાબાદના નિઝામે પાંચ કરોડનું પ્રલોભન સર અકબર હૈદરી દ્વારા 'મજલૂમોના મસીહા આંબેડકરને પહોંચતું કર્યું. પત્ર ફોડી નાંખતાં અક્કડ આંબેડકરે ફક્કડ જવાબ આપ્યો અને મગરુબી સાથે સાફ સાફ સુણાવી દીધું.' **કોઈ ઈન્સાન બીજા ઈન્સાનનો મજહબ ખરીદી શકે નહિ. મજહબ એ રુહાની બાબત છે.** ઈસ્લામિયા ખોજા પંથના મુસલમાનોની મુંબઈની તા. ૪-૩-૧૯૩૬ની સભામાંના આગાખાને પણ પોતાના પંથમાં પધારવાનું ઈજન આપ્યું. સાથે દલિતોની સર્વાંગી ઉન્નતિ કરવાનો 'કૉલ' પણ આપ્યો તેમજ પોતાના સંપ્રદાયના તરુણોને તબલીંગનું સબાબ કમાવવા તૈયાર કર્યા. આ ઈસ્લામીય (ખોજા) મુસ્લિમ મઝહબી અબજોપતિ આગેવાન ના. આગાખાને (૧૮૬૧-૧૯૫૭) ઈસ્લામ અંગીકાર કરવા ડૉ. આંબેડકરને વીસ લાખ રૂપિયાની 'ઓફર' સાથેનું કહેણ મોકલ્યુ હતું. વળી તેમણે બ્રિટિશરો સાથે મળી તુર્કસ્તાન, પશ્ચિમ એશિયા, ઈરાન, અફઘાનીસ્તાન અને ભારતના પૂર્વ વિભાગનો સમાવેશ કરતું. **"ઍંગ્લો ઈસ્લામીક સામ્રાજ્ય"** સર્જન કરવાનું કાવત્રુ પણ કર્યું હતું. દેશભક્ત ડૉ. આંબેડકરે આ ચોંકાવનારી સઘળી હકીકતો (કાવત્રા)થી તે સમયના હિન્દુ મહાસભાના અધ્યક્ષ ડૉ. બાલકૃષ્ણ શિવરામ મુંજે (૧૮૭૨-૧૯૪૮)ને વાકેફ કર્યા !!

## ૬ : ૪ : ૫ મુંજે આંબેડકર પેક્ટ અને એમ.સી.રાજા

ડૉ. મુજે તા. ૧૮-૩-૧૯૩૬થી ત્રણ દિવસ સુધી અન્ય સાથીઓ સાથે ડૉ. આંબેડકરને 'રાજગૃહ' (મુંબઈ)માં મળ્યા. ત્રણ દિવસ પરસ્પર વિચાર-વિનિમય થયો અંતે હિન્દુધર્મ અને હિન્દુ સમાજને ઓછી હાનિ થાય તે હેતુસર રાષ્ટ્રીય ભાવના સભર ડૉ. આંબેડકરને શીખધર્મ સ્વીકારવા સમજાવ્યા. તેમની વચ્ચે એક કાચા કરાર થયા **'ડૉ. આંબેડકર-મુંજે પેકટ'** તરીકે ઓળખાય છે. જોકે શીખને માસ્ટર તારાસીંગની ઓફર અગાઉ આવેલી જ હતી. મુંબઈની 'અંજુમન તબીલીગુલ ઈસ્લામ' સંસ્થાના ઉપક્રમે તા. ૨-૬-૧૯૩૬ના દિવસે ડૉ. આંબેડકરના સન્માનમાં દાવત આપવામાં આવી અને ગાંધીજીના મુસ્લિમ બનેલા પુત્ર શ્રી અબદુલ્લા (હરિલાલ ગાંધી) સાથે એક સમૂહ તસ્વીર લેવામાં આવી હતી. તેને વર્તમાનપત્રો છપાવવામાં આવી. જેથી લોકોમાં કહી શકાય કે કદાચ ડૉ. આંબેડકર ઈસ્લામ ધર્મ સ્વીકારશે (ખૈરમોડે કૃત જીવનચરિત્ર ખંડ : ૬ : પૃ. ૨૪૦) પરંતુ ડૉ. બાબાસાહેબ પોતાના વિચારોમાં ઘણા જ સ્પષ્ટ અને મક્કમ હતા, તેમણે તેમના ધર્મપરિવર્તન પ્રવચનમાં કહ્યું હતું કે,

*"ધર્મ-પરિવર્તન એ છોકરાંની રમત કે મોજશોખનો વિષય નથી. માત્ર વર્તમાનપત્રોમાં નિવેદન કરવાનો મસાલો નથી. માનવજીવનની સફળતાની ગહન બાબત છે. દલિતો માટે જીવન-મરણનો સવાલ છે. મારી દૃષ્ટિએ દલિતોનું હવે પછીનું ભાવિ જીવન તેના ઉપર આધારિત છે. જહાજને એક બંદરેથી લઈ જતા કપ્તાનને-ટંડેલને જેટલી તૈયારી કરવી પડે છે તેથી વિશેષ તૈયારી મારે કરવાની છે."*

ગિરિજન-હરિજનો વચ્ચે વસી સેવાની સુવાસ પ્રસરાવી તેમને પ્રભુ ઈસુના પ્રેમમય માર્ગે લઈ જઈ આ દેશમાં સૈકાઓથી બેપ્ટીઝીમનું પુણ્ય કાર્ય કરનારા ખ્રિસ્તી ધર્મગુરુઓએ પણ પોતાની વિશિષ્ટ ઢબે પ્રયત્નો કર્યા હતા. મેથોડિસ્ટ ઈસીસ કોયસ ચર્ચાના વડા બિશપ બેન્ટોન બંડલે બાબાસાહેબ સાથે કલોકોની બેઠકો યોજી હતી. ૪૦ વર્ષમાં તમામ દલિતોના દરજ્જો સુધારી આપવાનું આયોજન ના. પોપની સંમતિથી સાદર કર્યું હતું. સ્ટેન્લી જોયનના નેતૃત્વવાળું યુરોપીય ખ્રિસ્તી મિશનરી પ્રતિનિધિ-મંડળ પણ આવ્યું અને ગયું. છેલ્લે મુંબઈ પ્રાંત ખ્રિસ્તી પરિષદમાં એક પ્રમુખ વક્તા તરીકે ડૉ. આંબેડકરને નિમંત્રણ આપ્યું. ડૉ. આંબેડકરની મૈત્રણી કુ. ફ્રેસરના આગ્રહ હોવા છતાં સમયના અભાવ તેઓને ત્યાં જઈ શક્યા નહીં. કું. ફ્રેસર ખ્રિસ્તી મિશનરી સાથે સંકળાયેલાં હતાં.

લંડનના ગૉડહે નામના ધર્મપ્રચારકે પહેલાં જ અઠવાડિયામાં હજારો પાઉન્ડનો ફાળો આ માટે એકત્ર કર્યો. દલિતોમાં ખ્રિસ્તી ધર્મપ્રચાર માટે તેણે "The untouchable's Quset" નામનું પુસ્તક પણ લખી નાંખ્યું. સુપ્રસિદ્ધિ આંગલ સમાજશાસ્ત્રી લથ્રાપ સ્ટોડર્ડ પોતાના પુસ્તક Closing Tides of colourમાં ડૉ. આંબેડકરની ધર્માંતરની ચળવળને બિરદાવી સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ આ ઘટના "ન ભૂતો ન ભવિષ્યતિ" તરીકે ઓળખાવી હતી. વળી ખ્રિસ્તી ધર્મીઓએ આનો લાભ પણ લેવો જોઈએ તેવો ઈશારો પણ લેખકે કર્યો હતો.

મુંબઈના આગ્રીપાડા ચર્ચમાં રહેતાં. કું. ફ્રેસર નામનાં એક અમેરિકને વિદુષી જોડે ડૉ. આંબેડકરનો ઘનિષ્ઠ સંપર્ક હતો. બૌદ્ધિક મૈત્રી હતી. અવારનવાર ડૉ. આંબેડકર તેમને મળતા હતા. આંબેડકરની વિદ્વતાથી ઘણાં જ પ્રભાવિત હતાં. તેમનું ઘણું લખાણ તે ટાઈપ કરી આપતાં તેમને ત્યાં અમેરિકાથી ડૉ. હેનરી હિકેન નામના ખ્રિસ્તી નેતા "ધર્માંતરની ચળવળ"ના અભ્યાસ માટે આવ્યા હતા. કુ. ફ્રેસરે ડૉ. આંબેડકર સાથે તેમની મુલાકાત ગોઠવી. આ અગાઉ શ્રી હિકેન ગાંધીજીને પણ વર્ધા મુકામે મળ્યા અને ગાંધીજીનો આ કાર્યમાં સહકાર માંગ્યો હતો. ડૉ. આંબેડકરની જોડે કલાકોની ચર્ચાને અંતે ડૉ.હેનરી બાબાસાહેબની વિદ્વતાથી ઘણા જ પ્રભાવિત થયા હતા. ચર્ચાને અંતે ડૉ. હિકેનને લાગ્યું કે, ડૉ. આંબેડકરની ખ્રિસ્તીધર્મ સ્વીકારે તે શક્ય નથી. તેમને તેમનો ફેરો ફોગટ લાગ્યો હતો. જો કે કુ. ફ્રેસરને આ ચર્ચાથી અને આંબેડકરની વિદ્વતાથી અપાર આનંદ થયો. વળી તેણી ડૉ. આંબેડકરની ખ્રિસ્તી ધર્મ તરફ વાળી લેશે તેવી અફવાઓનો અહીંથી અંત આવ્યો હતો. ડૉ. આંબેડકર સંબંધો સાથે આદર્શોને જોડતા ન હતા. તેમનું ધ્યેય એ ઉચ્ચ સ્થાને જ રહેતું. ના પોપ જોડે બાબાસાહેબની મુલાકાત ગોઠવવાની પણ વ્યર્થ વેતરણ થઈ પરંતુ આ વિરલ વિભૂતિએ એવી સ્પષ્ટતા કરી જેથી ખ્રિસ્તી-ઇસ્લામ યોજનાના કાર્ય ઉપર પાણી ફરી વળ્યું તેમણે કહ્યું :

## ૬:૪:૩ ઈસાઈ ઈસ્લામનો ઈન્કાર - ધમાંન્તર વિષેના સ્પષ્ટ વિચારો

*"અમે ઈસ્લામ અંગીકાર કરીશું તો અમારામાંથી દરેક નવાબ બની જશે. અને ખ્રિસ્તી બનીશું તો દરેક પોપ બની જશે. શીખ બની શું તો સરદાર બની જઈશું એવું માનવું તે નરી મૂર્ખતા છે... અમો સઘળી હકીકતોથી સંપૂર્ણ વાકેફ છીએ કે, અમારા કલ્યાણ માટે અમારે જ સંઘર્ષ કરવાનો છે."*

*વળી અમે ભારતના મૂળ નિવાસી છીએ. એટલે એવા ધર્મને ન અપનાવીએ કે જે અમારા રાષ્ટ્રપ્રેમથી અમને વંચિત કરે. ગમે તેવા ધર્મને ન અપનાવી શકીએ જે અમારી વફાદારીને વિદેશમાં ઘસડી જાય. અમે ઈસ્લામને અંગીકાર કરીશું તો ભારતમાં મુસ્લિમોની સંખ્યા વધશે પરિણામે ભારતમાં વિદેશી સત્તા (હિતો)ની દખલગીરી દાખલ થશે જો અમે ખ્રિસ્તી બનીશું તો બ્રિટીશ ચાહકો-ભક્તોની-ભીડમાં વધારો થશે. પરિણામે બ્રિટિશ સંસ્થા ભારતમાં મજબૂત બનશે. વળી 'ઈસ્લામ સ્વીકારી દલિતો અરાષ્ટ્રીય DENATIOHALISE ' બને તે તેમને કદાપિ સ્વીકાર્ય નહોતું. (કીર : ર૭૮)*

ડૉ. બાબાસાહેબના આ ખતરનાક ખુલાસાથી ખ્રિસ્તી ખત્તા ખાઈ ગયા અને મુસ્લિમો મુંઝાયા પરંતુ સમજુ હિન્દુઓને 'હાશ' થઈ. કારુણ્યમૂર્તિ ડૉ. બાબાસાહેબમાં બદલાની ભાવના બિલકુલ ન હતી. વેરની વસુલાતથી તેઓ હંમેશાં વેગળા રહેતા. જાતિવાદ સામે જેહાદ જગાવનાર, **ગાંધીજી સામે ગર્જના કરનાર,** બ્રિટીશરોસામે બગાવત કરનાર બંડખોર બાબાસાહેબને આ દેશ શિરસાવંદ્ય જ હતો. આ મહાન રાષ્ટ્ર-ભક્તને ભારતીય સંસ્કૃતિની પરિસીમાં ઓળંગવી નહોતી અને સાથે સાથે જાતિવાદી બ્રાહ્મણશાહીને પણ બરદાસ્ત કરવી નહોતી. તેમને ભારતીય સંસ્કૃતિની પરિસીમામાં જ આ સમસ્યાનો ઉકેલ આણવો હતો.

## ૬:૪:૪ શીખધર્મ પ્રતિ ઝુકાવ અને પાછા ફરવું.

ડૉ. આંબેડકરની રાષ્ટ્રભક્તિથી પ્રભાવિત એવા અસંખ્ય હિન્દુનેતાઓ - બેરિસ્ટર જયકર, શેઠ જુગલ કિશોર બિરલા, પંડિત મદનમોહન માલલિયા, ડૉ. મુંજે વગેરેએ તેમના પ્રતિનિધિ દ્વારા તથા પત્રવ્યવહાર દ્વારા આંબેડકરનો સંપર્ક સાધી ધર્માંતર મોકૂફ રાખવા કે રદ કરવા વિનંતી કરી. તા. ૧૯-૧૦-૩૫ના પૂનાના હિન્દુ મહાસભાના અધ્યક્ષીય પ્રવચનમાં પંડિત મદનમોહન માલવિયાએ કહ્યું કે, "દલિતો હિન્દુ ધર્મ ન છોડે અમે તેમના પગની રજ માથે ચઢાવીશું." રાષ્ટ્રીય સ્વયં સંઘના સર સંચાલક માધવરાવ સદશીવ ગોલવેલકરજી અને ડૉ. મુંજે તો ઘણા જ સક્રિય હતા. તા. ૨૫-૧૦-૩૫ના દિવસે શંકરાચાર્ય (ડૉ. કુર્તકોટી) દ્વારા હિન્દુસભાનું એક વિશિષ્ટ મંડળ ડૉ. એચ.બી. કેલકરના નેતૃત્વ હેઠળ રાજગૃહ (મુંબઈમાં) ડૉ. આંબેડકરે ધર્માંતર ન કરવા સમજાવવા માટે મળ્યું. ડૉ. આંબેડકરે શરત મૂકી.

**"મહારાષ્ટ્રના બ્રાહ્મણો-માતંગ હરિજન નેતા કે. કે. સકટને શંકરાચાર્યની ગાદી ઉપર એક વર્ષ માટે બેસાડે અને એક હજાર ચિત્તપાવન બ્રાહ્મણો સપરિવાર નવા (શુદ્ર) શંકરાચાર્યને સાષ્ટાંગ દંડવત્ પાદપૂજા સાથે પ્રણામ કરે તો હું માનું કે હિન્દુઓનું હૃદયપરિવર્તન થયું છે."**

જો કે વડોદરાના હિન્દુ મહાસભાના મંત્રી પંડિતઆનંદ પ્રિયે ડૉ. આંબેડકર જોડે ચર્ચા કરી દિલ્હી મહાસભાના મંત્રીને પત્ર પાઠવી સ્પષ્ટ રીતે કહું છું કે ડૉ. આંબેડકર ખ્રિસ્તી કે મુસલમાન થશે જ નહિ. તેઓ બુદ્ધ બનશે. (સકાળ મરાઠી દૈનિક ૨૭-૧૦-૩૬) પત્ર 'સકાળ'માં પ્રસિદ્ધ થયો હતો.

વળી ૧૯૩૬ના મે ની ૨૨મી તારીખે નાગપુરના (કેશવ નારાયણ દેવ) પતિ પાવનદાસના પ્રમુખસ્થાને લખનૌમાં દલિતોનું સર્વધર્મ સંમેલન પણ ધમાંતર વિષે વિચારણા કરવા માટે જ બોલાવ્યું હતું. જો કે અનિવાર્ય કારણોસર ડૉ. આંબેડકર ઉપસ્થિત રહી શક્યા નહોતા.

હિન્દુ નેતાઓ મૂંઝાયા. એક ખમીરવંતી દલિત પ્રજા અને વિશ્વભૂષણ સમ નેતા ડૉ. આંબેડકરને આ તકે ગુમાવવા હરગિજ તૈયાર નહોતા. પરંતુ તેમણે વચલો રસ્તો કાઢ્યો કે, ડૉ. આંબેડકર શીખ બને તો... આ બાબતે સુપ્રસિદ્ધ નેત્રચિકિત્સક, હિન્દુ મહાસભાના નેતા ડૉ. બાલકૃષ્ણ શિવરામ મુંજે સાથે પત્રવ્યવહાર થયો હતો. જેમાં બેરિસ્ટર જયકર, જેઠ જુગલકિશોર બિરલા ઈત્યાદિ હિતેચ્છુઓ સંમત હતા. વળી ડૉ. આંબેડકરને શીખધર્મ પ્રત્યે થોડી લાગણી પણ હતી જ... શીખોએ 'ધી સરબ-હિન્દુ શીખ મિશન' નામની સંસ્થાની સ્થાપના કરી માસ્ટર તારાસીંગ તેના પ્રમુખ થયા અને આ કાર્ય માટે તથા મુંબઈમાં ખાલસા કૉલેજ બનાવવા માટે સાત લાખનું ભંડોળ પણ ભેગું કરી દીધું હતું.

અમૃતસરના ગુરુદ્વાર મંદિરમાં (તા. ૧૬ એપ્રિલ, ૧૯૩૭) હિન્દુ શૂદ્ર - ડૉ. આંબેડકરને પાઘડી પહેરાવી, ભવ્ય સન્માન કર્યું ત્યાં શીખ ધર્મ પ્રચારકોની પરિષદમાં તેમણે કહ્યું કે, 'ભવિષ્યમાં હું શું કરીશ તે અત્યારે કહેવું, કવેળાનું છે, પરંતુ મને શીખ ધર્મ ગમે છે. એટલું જ હું કહી શકું.' શીખો રુઆબમાં આવી ગયા. માની બેઠાકે બાબાસાહેબ શીખ બનશે. વળી આ અરસામાં મહંત શંકરદાર બર્વેની આગેવાની હેઠળ ૧૬ દલિત સાધુ-સંતોની એક ટૂકડી શીખ ધર્મના અભ્યાસ માટે અમૃતસર મોકલવામાં આવી હતી ! બે મહિના ત્યાં રહ્યા બાદ આ અતિ ઉત્સાહી લોકો ચાર ડગલાં આગળ નીકળ્યા. શંકરદાસ બર્વે શીખ બની અમરસીંગ નામ ધારણ કર્યું હતું. શીખ બની ગયા !! "સગપણની માત્ર વાત કરવા મોકલેલા લોકો લગ્ન કરી બેઠા !! બાબા સાહેબના ભત્રીજા મુકુંદરાય અને પુત્ર યશવંતરાય પણ બે મહિના હવાફેર કરવા અમૃતસર રહ્યા. શીખો તો રાજીને રેડ થયા." શીખ બનેલા દલિતોને પૂના કરારમાં દલિત તરીકેનો અધિકારો મળી શકે કે નહિ તે બાબતે ઈંગ્લેન્ડના નેતાઓ તથા કાનૂનવિદ લોકો સાથે

વિચાર-વિનિમય કરવા ૧૯૩૭ના જાન્યુઆરીમાં ડૉ. આંબેડકર વિલાયત પણ જઈ તા. ૧૪-૧-૧૯૩૭ ગુરુવારના દિવસે પરત આવ્યા હતા. ડૉ. આંબેડકરના આ પરદેશ પ્રવાસના ખર્ચના નાણાં પેટે સાત હજાર રૂપિયા શીખ - સંસ્થા દ્વારા આપવામાં આવ્યા હતાં. આ નોંધ ઑગસ્ટ, ૧૯૩૯ના ગુરુદ્વાર ગેઝેટમાં પૃ.૩૮ ઉપર કરવામાં આવી છે. મુંબઈ માટુંગાની ખાલસા કૉલેજનું ભવ્ય સ્થાપત્ય રોમન શૈલીમાં થયું. તે પણ ડૉ. આંબેડકરના પ્રયાસનું પરિણામ છે. આ બાજુ હિન્દુઓના હર્ષનો પાર નહોતો. પરંતુ ડૉ. આંબેડકર દલિતોના ઉજ્જવળ ભાવિને કેન્દ્રમાં રાખી સાત ગળણે ગાળી પાણી પીવા માંગતા હતા. તેમને ભારતીય બંધારણના ઘડતર સમયે જાણવા મળ્યું કે, શીખો પણ જાતિભેદમાં ઝકડાયેલા છે અને તેમાં પણ ચોથા વર્ગના શીખ છે. જેને 'હરિજન' હલકા ગણવામાં આવે છે. મજહબી શીખ, રોહિદાસિયા શીખ, રામદાસિયા શીખ, અરોડા શીખ, ખતરી શીખ, જાટ શીખ, જાતિભેદના જવરમાં સપડાયેલ શીખોને ડૉ. આંબેડકરે કહ્યું કે, શીખોના પાંચવ્રત કેશ, કચ્છ, કંગન, કડું અને કિરપાણ અમને અનુકૂળ નથી. અમે માત્ર એક જ વ્રત-કિરપાણ રાખવાનું પાળી શકીએ. બુદ્ધિનિષ્ઠ બાબાસાહેબની આ વાતે શીખ આગેવાનોને આંચકો આપ્યો, શીખોને સાફ ના પાડી દીધી. વળી અગાઉ ખ્રિસ્તી બનેલા, ખોજામાં પણ જઈ આવેલો ગોલ્ડમેડાલસ્ટ સુરતી માયાવંશી દલિત તેના ડૉ. પી. જી. સોલંકી (ધારાસભ્ય) એ તો પૂનામાં દલિત યુવાનોની પરિષદમાં કહ્યું કે :

**"અમને ગીતા ગમતી નથી. સંતો-મહંતો-જોગીઓ પણ અમારે જોઈતા નથી. વેદ કે શંકરાચાર્ય પણ અમને ખપતા નથી. અમારે તો એક માત્ર ડૉ. બાબાસાહેબને વિનંતી છે કે, હવે તેઓ એક ક્ષણ માટે પણ દલિતોને આ દુબળા હિન્દુઓમાં રહેવા દો નહિ. અમને મર્દાનગીવાળો સ્વતંત્ર ધર્મ આપો. અર્થાત્ નૂતન ધર્મની રચના કરો." પૂર્વે તા. ૨૪-૧૦-૩૫એ કારવી પીઠના શંકરાચાર્યે પણ તેમને નવો સંપ્રદાય સ્થાપવાની વિનંતી કરે હતી. જેનો આંબેડકરે સાફ ઈન્કાર કર્યો હતો.**

ડૉ. બાબાસાહેબે "નવો ધર્મ સ્થાપવા" નન્નો ભણાવી દીધો. કારણ કે તેઓ "દેવતા" કે ભગવાન બનવા માંગતા નહોતા. વ્યક્તિપૂજાના વિરોધી આંબેડકર માત્ર "માર્ગદર્શક" જ બનવા માગતા હતા. ડૉ. આંબેડકર સ્પષ્ટપણે કહેતા કે, **"મહાત્માઓના દિવસો હવે પૂરા થઈ ગયા. વિશ્વમાં હવે કોઈ નવા ધર્મની સંભાવના નથી. માટે હાલના ધર્મોમાંથી ગમે તે એક ને જ પસંદ કરવો પડશે."** આ વિશ્વવિભૂતિને એવો ધર્મ જોઈતો હતો કે, જેમાં જાતિ-પાંતિ ના હોય, ઈશ્વર, આત્મા, પરમાત્મા, સ્વર્ગ, નરકની જંજાળ ન હોય, વિજ્ઞાન સાથે જેનો વિનિમય હોય અને બુદ્ધિગમ્ય તર્ક તેની બુનિયાદ હોય. તેમના સમગ્ર ચિંતનમાં "માનવ" જે કેન્દ્રમાં હતો. પ્રસિદ્ધ ચિંતક પ્રો. જોન ડ્યૂવીનો તેમના પણ ઘણો પ્રભાવ હતો. જોન ડ્યૂવીનું દર્શન યથાર્થવાદ ઉપર આધારિત છે. તેઓ પ્રથમ પરિણામને મહત્વ આપતા. સિદ્ધાંતોને પછી... વાસ્તવિકતા અનુભવોથી જ પ્રકાશમાં આવે છે. આ જ આશાવાદી દર્શન-ચિંતન છે.

"માનવ-અનુભવ જ સંસારના "ચિંતન"નો વિષય તથા સમસ્ત મૂલ્યોનો માપદંડ અને સર્વ વસ્તુઓનો નિર્માતા છે. અતઃ "માનવવાદ" જ આધુનિક યુગનું સર્વોત્તમ દર્શન છે." માનવ કલ્યાણ એ સર્વ ચિંતનની પારાશીશી છે. આ પ્રાજ્ઞ-પુરુષને માનવ-દલિત હિત સિવાય કશું જ ખપતું નહોતું. આ માર્ગે તેમનું સંશોધન-ચિંતન ચાલુ જ રહ્યું.

"એક મહાન પ્રોટેસ્ટંટ હિન્દુનેતા" તરીકે વર્ણવી ધનંજય કીર લખે છે કે, "ડૉ. આંબેડકરના આંદોલનથી પાંચમીવાર હિન્દુધર્મનો પુનર્જીવનનો - પરિવર્તનનો પ્રારંભ થયો. હિન્દુધર્મ અને સમાજ સામે આંબેડકર પોકારેલું બંડ એ ધરતીકંપના આંચકા સમાન હતું. વળી અત્યારે સુધીના ક્રાંતિકારીઓથી તદ્દન વિશિષ્ટ હતું. છેલ્લા અઢી હજાર વર્ષના ઈતિહાસમાં બુદ્ધ પછી પદદલિત સમાજમાં જન્મેલા આ પ્રથમ મહાન ક્રાંતિકારી હતા. હિન્દુધર્મને શુદ્ધ કરી તેમાં ક્રાંતિ આણી, હિન્દુ સમાજની વૈજ્ઞાનિક પુનઃરચના કરી તેના અપમાન તથા પતનને રોકવાનું તેમનું પવિત્ર ધ્યેય હતું. પરંતુ રૂઢિવાદી હિન્દુ સમાજને ડૉ. આંબેડકરની ક્રાંતિકારી ઔષધિ સ્વીકાર્ય નહોતી. તેને તેના જાતિવાદી કોચલામાંથી બહાર આવવું નહોતું. તે ડૉ. આંબેડકરના વિચારોને પચાવવા તૈયાર નહોતો. પરિણામે ડૉ. આંબેડકરને અન્ય માર્ગો અર્થાત્ ધર્માન્તરના માર્ગો અખત્યાર કરવા પડ્યા. આનો સઘળો દોષ હિન્દુ સમાજને શિરે છે. ડૉ. આંબેડકરને દોષિત ગણી શકાય નહીં. ડૉ. આંબેડકરની ધર્માંતરની ઘોષણાના ઘણા જ વ્યાપક પ્રત્યાઘાતો પડ્યા હતા. હિન્દુસમાજ હચમચી ગયો હતો. નેતાઓ નવેસરથી વિચારવા માંડ્યા હતા. ત્રાવણકોરના

રાજાને હિંમતભર્યું કદમ ઉઠાવ્યું. પોતાના રાજ્યનાં સોળ હજાર મંદિરોમાં દલિતનાં પ્રવેશને પ્રાથમિકતા આપી. જ્યારે મહેસુરરાજ્યે વિજયાદશમી ઉત્સવમાં દલિતોને આવકાર્યા હતા."

**તમારી પ્રગતિ ચકાસો - ૩**

નીચે આપેલ જગ્યામાં તમારા જવાબો લખો.

(૧) પોતાના મઝહબમાં લાવવા ઈસ્લામ-ઈસાઈ આગેવાનોના પ્રયત્નોની વિગતો આપો.

______________________________

______________________________

______________________________

(૨) ......... ડૉ. આંબેડકરે ઈસ્લામનો ઇન્કાર કેમ કર્યો ? કારણો જણાવો.

______________________________

______________________________

______________________________

(૩) ડૉ. મુજે-આંબેડકર 'પેકટ'ની વિગતો આપો.

______________________________

______________________________

______________________________

(૪) ડૉ. આંબેડકરનો શીખધર્મ તરફના ઝુકાવની વિગતો આપી સમજાવો તે કેમ પાછા ફર્યા.

______________________________

______________________________

______________________________

**કેટલાક ઉપયોગી પુસ્તકો**

(૧) મહાદેવભાઈ દેસાઈની ડાયરી ભાગ-૩
(૨) ડૉ. આંબેડકર કા જીવન સંઘર્ષ - રામચંદ્ર બનૌધા
(૩) ડૉ. પી.જી. જ્યોતિકર : આર્ષદૃષ્ટા ડૉ. બાબાસાહેબ આંબેડકર
(૪) Dr. D. R. Jatav : The Political Philosophy Of Dr. B. R. Ambedkar
(૫) N. G. Kamble M. L. Kasale
K. M. Kamble Essential : Dr. Babasaheb Ambedkar
(૬) મધુ લિયમે : ડૉ. આંબેડકર એક ચિંતન (મરાઠી)
Prime Movers : Role of the Individial in History
(૭) Jonar Ganthar : Inside India
(૮) રાજેન્દ્ર ભટનાકર : ડૉ. બાબાસાહેબ આંબેડકર (હિન્દી)
(૯) Dr. W. H. Kuber : Thoughts of Dr. Ambedkar
(૧૦) Vijaya Surwade : Dr. Ambedker Through correspondence-II

# એકમ : ૭ શ્રમજીવીઓના સરદાર ડૉ. આંબેડકર

૭. ૦ ઉદ્દેશ

૭.૧ સ્વતંત્ર મજૂર પક્ષની સ્થાપનાના સંજોગો ડૉ. આંબેડકર મજૂર નેતા તરીકે

૭.૧.૧ ડો.આંબેડકરની કલ્પનાનો આદર્શ સમાજ

૭.૧.૨ સ્વતંત્ર મજૂર પક્ષના ધ્યેય અને કાર્યક્રમ

૭.૧.૩ સ્વતંત્ર મજૂર પક્ષની ચુંટણી ઝુબેશ અને પરિણામો

૭.૨ - વિધાનસભામાં ડો.આંબેડકરની કામગીરી

૭.૨.૨ મુંબઈની ૭-૧૨-૧૯૩૮ની હડતાળમાં ડો.આંબેડકરની ભૂમિકા

૭.૨.૨ ડો.આંબેડકરનું અમદાવાદ પુનઃ આગમન

૭.૩ સમવાય તંત્રની સમીક્ષા વ્યાખ્યાન

૭.૩.૧ દ્વિતીય વિશ્વવિગ્રહ સમયે ભારતીય રાજકારણ અને ડો.આંબેડકરની સ્પષ્ટ ભૂમિકા

૭.૩.૨ ડો.આંબેડકરને ખત્મ કરવાનાં કાવત્રાં

## ૭-૦ - ઉદ્દેશ્ય

આ એકમમાં આપણે ડો.આંબેડકરની સ્વતંત્ર મજૂર પક્ષની સ્થાપના .....તેના ધ્યેય મજૂર કલ્યાણની ચળવળ, વિધાનસભામાં કિસાનો કામદારો માટેની રજુઆતો જાણીશું. વળી આ સમયગાળામાં દલિતોમાં જાગૃતિ આણવા ડો.આંબેડકરના જુદા જુદા સ્થળોના પ્રવાસ પ્રવચન સવિશેષ અમદાવાદ રાજકોટ આગમનની વિગતો પણ રહેશે. દ્વિતીય વિશ્વવિગ્રહ સમયે ભારતીય રાજકારણની તાસીર સાથે ડો.આંબેડકરની સ્પષ્ટ ભૂમિકા સમજીશું સાથે સાથે સમવાયતંત્રની સમીક્ષા પણ સમજીને છેલ્લે ડો.આંબેડકરની કાંતિકારી પ્રવૃતિના પ્રત્યાઘાત રૂપે રૂઢિવાદી દ્વારા ડો.આંબેડકરનુ ખૂન કરવાના પ્રયત્નો પણ જાણીશું. આ સમગ્ર એકમમાં એક મજૂર તેના તરીકે ડો.આંબેડકર કેવા અગ્રેસર થાય છે તેમજ અપાર ઝંઝાવાતો વચ્ચે પણ તેઓ દલિતોત્થાના ક્રાંતિરથને કેવી રીતે આગળ ધપાવે છે તેની વિગતો પણ જાણીશું.

## ૭.૧ સ્વતંત્ર શ્રમજીવી સંગઠનના સંસ્થાપક : મજૂરનેતા

ભારતીય રાજકારણના પ્રવાહો પ્રબળ પ્રવેગથી ધૂમરાઈ રહ્યા હતા. The Joint Parliamentary Committee -'' સંયુક્ત સમિતિના અહેવાલે કોંગ્રેસ, બીન કોંગ્રેસ, મુસ્લિમ તથા નરેન્દ્રોને પણ નારાજ કર્યા હતા. વળી તા.૫-૯-૧૯૩૫ની કોંગ્રેસ કાર્યકારિણીએ પૂર્ણ સ્વરાજયનો પ્રસ્તાવ પુનઃ પસાર કર્યો હતો. ડો.આંબેડકરે પણ આ અહેવાલને રાષ્ટ્રની એકતા તથા બંધારણીય પ્રગતિ સામેના અવરોધ તરીકે વર્ણવ્યો હતો. સમગ્ર રાષ્ટ્રમાં આંદોલનોનો પ્રારંભ થયો હતો. જયારે બ્રિટિશ શાસન પોતાની ધૂન અને ઢબ પ્રમાણે જ કાર્ય કરતું હતું. ૧૯૩૫ની આઠમી ઓગષ્ટે ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા એકટ, ૧૯૩૫ને બ્રિટીશ શાસને માન્યતા આપી દીધી અને નવા બંધારણ અન્યયે ચૂંટણી નક્કી કરી દીધી. ગર્વમેન્ટ લો કોલેજના પ્રાચાર્ય ડો.આંબેડકર ઘણી જ ગંભીરતાથી નિહાળતા રહ્યા હતા. તેમની વિચક્ષણ દષ્ટિએ વિચાર્યું હતું કે, 'દલિત વર્ગોનાં હિતો હકો માટે જો આ સમયે જાગૃતિ નહીં દાખવીએ તો ગાડી ચુકી જઈશું. દલિત વર્ગોનો વિશાળ વર્ગ કિસાન કામદાર જ છે. આથી કિસાનો-કામદારોને પણ સાથે સાંકળવા જ પડશે આ સર્વેની એકતા અનિવાર્ય છે.' વળી આ સમયે સમાજવાદનો પવન ફુંકાયો હતો લોકોને રશિયાની બોલ્શેવિક સામ્યવાદી ક્રાંતિનું ઘેલું લાગ્યું આમ તો ૧૯૩૪થી તેઓ આ બાબતે ગંભીરતાથી વિચારતા જ હતા. તા.૧૬-૧૨-૧૯૩૪ના દિવસે ચારી (અલીબાગ તાલુકા)માં મળેલી કોલાબા જિલ્લા કિસાન પરિષદના અધ્યક્ષપદેથી પ્રવચન કરતાં તેમણે કિસાન એકતા તથા સંગઠન ઉપર ભાર મૂકતાં ડો.આંબેડકરે કહ્યું કે, ખેડૂત (શેતકરી) શબ્દ આજે વિકૃત અર્થમાં પ્રયોજવામાં આવે છે જેની પાસે સારી એવી જમીન છે વળી જેને પરિશ્રમ પણ કરવો પડતો નથી તેને ખેંડૂત કેવી રીતે કહેવો ?..હકીકતમાં તો જેની પાસે જમીનનો ટુકડો પણ નથી અને જે પોતાની આજીવિકા માટે બીજાની જમીન ઉપર સખ્ત વૈતરૂં કરે છે તે સાચો ખેડૂત છે. વળી આ બે વર્ગો વચ્ચે મેળ પણ નથી. તેમના હિતો

પરસ્પર વિરોધી છે. તેમણે કિસાનોના પ્રશ્નોના ઉકેલ માટે સરકાર દ્વારા લવાદ નીમવામાં માંગણી કરતાં કિસાનો સાવધ રહેવા અને હડતાલના શસ્ત્રનો ઉપયોગ કરતાં ચેતવતાં કહ્યું કે, કિસાનોની સમસ્યાઓનો ઉકેલ વિધાનસભામાં કિસાન પ્રતિનિધિઓ મોકલીને જ કરી શકાય. અન્ય ખોટા પ્રચારથી ન દોરવાતા, કોંગ્રેસની વાતોથી ન ભરમાતા. કિસાનોને પોતાના સાચા પ્રતિનિધિને પીછાની તેને વિધાનસભામાં મોકલવો જોઈએ. કોંગ્રેસી સંગઠનના પ્રતિનિધિઓ તો માત્ર બ્રિટિશ શાસનના વિરોધ સિવાય બીજું કશુંય કરતા નથી. કિસાનોની સમસ્યાઓના નિરાકરણ માટે લવાદ ન નીમવાની વૃત્તિ દાખવવા બદલ તેમણે બ્રિટિશ શાસને દોષિત ગણી તેની સખ્ત શબ્દોમાં ઝાટકણી કાઢી હતી વળી **'ખેતીપ્રથા'**ની પણ વિગતો આપી તેનો વિરોધ કર્યો હતો. (Source Material Vol. I pp. 124-126)

આમ ડો.આંબેડકરને કિસાનો કામદારો એટલે કે શ્રમજીવીઓના સંગઠનની ઊણપ ખટકતી હતી વળી મુંબઈનાં ગગનચુંબી હર્મ્યો વચ્ચેની મજૂર વિસ્તારની ગંદી ગોબરી ચાલીઓમાં તેમણે શિશુજીવન ગુજાર્યું હતું. તેમના અસંખ્ય સગા સંબંધીઓ પણ મિલમજૂર હતાં. તેઓ પોતે પણ અવારનવાર મિલમાં ભાત-ટિફીન આપવા જતા હતા પરિણામે તેઓ મજૂરોની વેદનાથી સંપૂર્ણ રીતે વાકેફ હતા. તેઓ કહેતા મુંબઈની ડી.ડી.ચાલીની ૧૦-૧૦ની ઓરડીમાં મા બાપ ભાઈ બહેનો બધાંની સાથે રહી એક કાવડિયાના કેરોસીન ઉપર મેં અભ્યાસ કર્યો છે.'

'હું ગરીબને ત્યાં જન્મ્યો છું અને ગરીબીમાં ઉછેરેલો છું, તેમજ તેમની વચ્ચે રહ્યો છું. તેમની સાથે ભેજવાળી જગ્યામાં કંતાનના ટુકડા ઉપર રાતો વિતાવી છે, અને તેમના દુઃખ મુશ્કેલીઓનો ભાગીદાર પણ રહ્યો છું. મને ગરીબીનો સંપૂર્ણ ખ્યાલ છે તેથી મજૂરોનાં હિતોનું રક્ષણ તથા તેમની સ્થિતિ સુધારવાનું કાર્ય કદાપિ છોડીશ નહિ.'

## ૭.૧.૧ ડો.આંબેડકરનો આદર્શ સમાજ

'....ગરીબોને કેવી ભયંકર યાતનાઓ સહન કરવી પડે છે તેનો મને જાત અનુભવ છે. આર્થિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને આપણા સંઘર્ષનું આયોજન કરવું પડશે. આપણે આર્થિક દષ્ટિએ પ્રગતિ કરવી જોઈએ અને સ્વતંત્ર થવાના પ્રયત્નો પણ કરવા જોઈએ. આ વિચારોનું હું સમર્થન કરૂં છું. મે જાતે પણ આ ધ્યેયની પ્રાપ્તિ માટે જીવનભર પ્રયત્નો કર્યા જ છે. મારી સૌથી મોટી મહત્વાકાંક્ષા છે કે બધા માનવ પ્રાણી આર્થિક દષ્ટિએ સુદઢ થાય.'

આમ કિસાનો-કામદારોની કરૂણ સ્થિતિથી વાકેફ એવા ડો.આંબેડકર એક **'સામાજિક સમાનતાવાળા આદર્શ સમાજ'**નું નિર્માણ કરવા પ્રયત્નશીલ હતા કે જે સમાજમાં...

(૧) પોતાની સરકાર અને ઉત્તમ રાજ્યવ્યવસ્થા હોય.

(૨) સામાજિક, આર્થિક અને રાજનૈતિક વિષમતાનો સંપૂર્ણ અભાવ હોય તેમજ સર્વેને ન્યાયોચિત તક સાથે સુવિધાઓ ઉપલબ્ધ હોય, સલામતીના અભાવથી કોઈપણ બેચેન ન હોય.

(૩) કોઈપણ વ્યક્તિ ભૂખી ન હોય, ભયપીડાને જ્યાં સ્થાન ન હોય. તેમજ ઉત્તરદાયીત્ત્વથી લોકો ભાગતા પણ ન હોય..

વળી ડો.આંબેડકર કોઈ મહેલાતી ક્રાંતિ પણ નહોતા ચાહતા કે જેમાં માત્ર ટોચની જ વ્યક્તિઓ બદલાય પરંતુ તેઓ એક એવી સામાજિક ક્રાંતિના પ્રણેતા હતા, કે જેનું કેન્દ્ર સત્તાધીશોની ભૂમિકામાં આમૂલ પરિવર્તન આણવાનું હતું. વળી સમાજમાં સમતા બંધુતા પર આધારિત માનવ સંબંધો અને વ્યવહારો સ્થાપી શકાય. સમતા સ્વતંત્રતા બંધુતા દ્વારા માનવ વિકાસની ક્ષિતિજોને વિસ્તારી શકાય. સમાજનું કલેવર બદલી તેને ઊર્ધ્વગામી બનાવી શકાય, તેવી ક્રાંતિના તે ઉદ્‌ગાતા હતા વળી તેઓ લોકમતની ગતિવિધિ તથા કાયદા કાનૂનના પરિવર્તનના માધ્યમ દ્વારા જ ભારતમાં (ક્રાંતિ) લાવવા માંગતા હતા તેઓ માત્ર કોરા આદર્શવાદી ન હોતા. પરંતુ યથાર્થવાદી હતા. આ દેશની વાસ્તિવકતાથી પૂર્ણપણે વાકેફ હતા જ.

ભારતમાં જાતિભેદ ઊંચનીચ અને શોષણની સર્વત્ર બોલબાલા હતી. આ દુઃખપૂર્ણ સામાજિક સ્થિતિ બદલવી જ હતી. જીવનના તમામ ક્ષેત્રોમાં મૌલિક તેમજ ક્રાંતિકારી પરિવર્તનની આવશ્યકતા

હતી. સામાજિક સમતા સાથે આર્થિક સમાનતા આણવી હતી. પરંતુ તેના પરિવર્તન માટેની પધ્ધતિ તેમની પોતાની આગવી હતી. શાંત અહિંસક હતી. વળી આજીજી વિનંતીઓમાં પણ તેમને વિશ્વાસ નહોતો. સાથે સાથે કાનૂનભંગ પણ તેમને કઠતો હતા. ઉદ્દંડતા આતંકવાદ સામે તેમને સખત નફરત હતી. તેઓ માનતા કે માનવીય સમસ્યાઓનો આ સાચો ઉકેલ નથી. તેથી તેમણે નૈતિક તથા બંધારણીય વિધિઓને સામાજિક પરિવર્તન માટેના સાધનો સ્વીકાર્ય હતાં. લોકમત કેળવી કાયદા દ્વારા જ મૂલગત સ્થાયી તેમજ સારા પરિવર્તનો લાવી શકાય છે. લોકશક્તિ અને લોકસ્વીકૃતિ જ સમાજમાં મૂળભૂત પરિવર્તનને સ્થિરતા અર્પી શકે છે. તેમાં જ તેમની અતૂટ શ્રદ્ધા હતી. રક્તપાત હિંસમાં સહેજ પણ નહિ...આથી તેમણે સામ્યવાદનો સ્વીકાર કર્યો નહોતો. વળી કોંગ્રેસ તેમને ખપતી નહોતી. કોંગ્રેસ માટે તેમનું સ્પષ્ટ માનવું હતું કે, '' કોંગ્રેસનું મહોરું ગમે તે હોય પરંતુ આ હકીકત છે કે કોંગ્રેસ મધ્યમવર્ગી હિન્દુઓનું સંગઠન છે. વળી કોંગ્રેસ એ મૂડીદારો દ્વારા સમર્થિત છે કે જેમનું ધ્યેય ભારતને સ્વતંત્ર કરવાનું નથી, પરંતુ બ્રિટિશ નિયંત્રણોમાંથી મુક્ત થવાનું છે, જેથી તેઓ શક્તિ દ્વારા તે સાધનોનો કબજો મેળવી શકે જે બ્રિટિશ શાસકોના હાથમાં છે.''

આમ કોંગ્રેસ કઠતી હતી, સામ્યવાદ સાનુકુલ નથી અને અન્ય જાતિવાદી પક્ષો જંચતા નથી. ભારતના એક યોગ્યત્તમ સંવિધાન વેત્તાઓમાં અગ્રણી રાજનીતિ પારંગત રાજતિજ્ઞ, પ્રતિભા સંપન્ન લોકશાહી પ્રેમી પુરૂષને એક નૂતન પક્ષના સ્વતંત્ર શ્રમજીવી સંગઠનના નિર્માણની આવશ્યકતા જણાતી હતી. તેમનું અદલ અન્વીક્ષણ અલગ પક્ષની હિમાયત કરતું હતું.

વળી તેઓ પોતે સ્વતંત્ર રાજકારણને બદલે પક્ષીય રાજકારણના હિમાયતી હતા તેઓ રેલ્વે યુનિયનના અધિવેશનમાં (૧૨, ૧૩ ફેબ્રુઆરી ૧૯૩૮ મનમાડ) પોતાના પ્રવચનમાં કહે છે...

*'રાજકારણમાં જવું એટલે રાજકીય પક્ષની સ્થાપના કરવી. રાજકીય પક્ષ સિવાય રાજકારણ બિનઉપયોગી છે. કેટલાક રાજકારણીઓ એવા છે જે પોતાનું કામ સ્વતંત્રપણે કરવા ઈચ્છતા હોય છે. (આવા) સ્વતંત્ર રીતે રહેવા માંગતા રાજકારણીઓ વિષે મને સંશય થાય છે. એકાદ રાજકારણી વ્યક્તિ જો એટલો સ્વતંત્ર થઈ જાય કે તે અન્ય રાજકારણીઓ સાથે ભળી ન શકે તો તેનો કોઈ અર્થ નથી... તેનો વ્યવહારમાં પણ કોઈ ઉપયોગ નથી. આવી વ્યક્તિ કાંઈ પ્રાપ્ત કરી શકતી નથી. આ ચાસ-ક્યારામાં ઘાસનું તણખલું પણ ઉગી શકતું નથી. આમ છતાં ઘણા રાજકારણીઓ એવા છે કે તેઓ પોતાની વૈચારિક બુદ્ધિમત્તાની સ્વતંત્રા ખાતર સ્વતંત્ર રહે છે. પરંતુ હકીકતે એવું નથી તેઓ એટલા માટે સ્વતંત્ર રહેવા માંગતા હોય છે કે (સમય આવ્યે) રાજકારણમાં તેઓ પોતાની (હરાજીથી) ઉંચી બોલીએ મહત્તમ કિંમત ઉપજાવી શકે !! આવા સમયે તેમને પક્ષની શિસ્તનાં બંધનો અવરોધરૂપ બની શકે નહિ. રાજકારણમાં સ્વતંત્ર રહેવાની નીતિ અખત્યાર કરતાં ઘણાં બધા લોકો વિશેનો મારો આવો અનુભવ છે.'*

વળી ભારતીય સાંપ્રત રાજકારણના પ્રવાહો પણ જુદી જ દિશામાં વહી રહ્યા હતા ૧૯૩૫ના કાયદા અન્વયે નવીન કાયદા મંડળો (વિધાનસભા) માટેની ૧૯૩૭ના પ્રારંભમાં થનારી ચૂંટણીના પડઘમ વાગી રહ્યાં હતાં. અકિંચનોના કર્ણધાર સમા કુશાગ્ર બુધ્ધિવાળા ડો.બાબાસાહેબ આંબેડકર આ ચૂંટણીજંગ દલિતો દ્વારા કેવી રીતે લડવો તેનું પણ મનોમંથન કરી રહ્યા હતા, વળી પ્રવર્તમાન ભારતીય રાજકારણમાં દલિતો નિર્ણાયક ભૂમિકા અદા કરે તેવી તેમની પ્રબળ આકાંશા પણ હતી. અત્યાર સુધીનો તેમનો સફળ સામાજિક સંઘર્ષ બહિસ્કૃત હિતકારણી સભા જેવી સામાજિક સંસ્થાઓના ઉપક્રમે ચાલ્યો હતો. જેના દ્વારા દલિતોમાં આક્રમક આત્મવિશ્વાસ પ્રખર સ્વભિમાન અને અપૂર્વ અસ્મિતા તથા જાગૃતિ પ્રગટી હતી. ડો.આંબેડકરનું પોતાનું રાજકારણ માત્ર અનામત બેઠકો અનામત નોકરીઓ, અધિકારો પૂરતું સીમિત રાખવા નહોતા માંગતા આ તો તેમના વિરોધી લોકોએ તથા રૂઢિવાદી હિન્દુઓએ તેમજ પ્રતિકુળ સમય સંજોગોમાં તેમના ઉપર લાદેલી પરિસ્થિતિનું પરિણામ હતું ઉદારચિત્ત આંબેડકરને તો વસુધૈવ કુટુંબની વિશાળ ભાવના હતી उदार चरितानांम तुं वसुधैव कुटुंबकम.....

યુગપુરૂષ આંબેડકર અનોખા જ હતા. તેમના જીવનની અંતિમ ક્ષણો સુધીનો ધનિષ્ઠ અભ્યાસ કરવામાં આવે તો સમજાશે કે તેઓ સંકુચિત પરિધિનો પરિત્યાગ કરી પોતાને સમિષ્ટમાં સમર્પિત કરનાર બોધિસત્ત્વ હતા. ડો. આંબેડકર સમગ્રતયા કરૂણામૈત્રીથી ઓતપ્રોત હતા. સમસ્ત ત્રસ્ત, પ્રાણીઓ માટે તેમના હૃદયમાં અપાર કરૂણા, સહાનુભૂતિ તથા પતિત દલિત પીડીત માનવીનાં દુઃખોને દૂર કરવાની પ્રબળ પારમિતા હતી. તેમણે સમગ્ર જીવન માનવોત્થાન માટે સમર્પિત કર્યુ હતું. તેમનું ઉદારવાદી દર્શન એક ઉદાર આદર્શ સમાજના નિર્માણ માટે જ હતું.

ડૉ.આંબેડકર માનવતાવાદી સમાજની સ્થાપનાના પ્રખર પક્ષપાતી હતા. શોષણના ચક્રાવામાંથી માનવને મુક્ત કરવા માંગતા હતા. અત્યાર સુધીના તેમના આંદોલન દ્વારા તેમણે દલિત સમાજના અધિકારો અને પોતાના નેતૃત્ત્વનો સંપૂર્ણ સ્વીકાર તો કરાવી જ દીધો હતો. પરંતુ તે બધાની પાછળ કોઈ સંસ્થા નહોતી કોઈ પક્ષ નહોતો, કોઈ પરંપરા નહોતી, એક માત્ર ડો.આંબેડકરનું પ્રચંડ ક્રાન્તિકારી વ્યક્તિત્ત્વ હતું અને તેમનું મહાન કતૃત્વ હતું. મહાન ત્યાગ હતો !!

ડો.આંબેડકરનું સમગ્ર ચિંતન અને આચરણ નવમાનવ મૂલ્યવાદી નૈતિકતાની સંસ્થાપના માટે હતું. શોષણનો સામનો કરવા માટે હતું. સમાજમાં મહત્તમ સુસંસ્કૃતતા આણવા માટે હતું . જે દરેક યુગમાં દરેક સમાજ માટે ઉપયોગી હતું. વિચારોને વફાદાર એવા સિધ્ધાંતનિષ્ઠ ડો.આંબેડકર સત્તાને પ્રાપ્ત કરવામાં નહિ, પરંતુ સમાજના શ્રેયની કૃતિમાં માનતા હતા તે માટે એક સશકત સંગઠન આવશ્યતા હતી આ સમાજ શ્રેયની ભાવનાંથી **સ્વતંત્ર મજૂર પક્ષનો** Independent Lobour Party પ્રાર્દુભાવ થયો. સ્વતંત્ર મજૂરપક્ષ એ એક રીતે ડો.આંબેડકરના જાહેર જીવન અને તેમનાં આંદોલનમાં નૂતન અભિગમ હતો. વળાંક હતો. એક નવીન દિશા પ્રતિ ગમન કરતું ડગલું હતું. નવીન ગુણાત્મક પરિવર્તન આણનારી ઐતિહાસિક ધડી હતી. સ્વતંત્ર મજૂર પક્ષ જૂનો પુરાણો પક્ષ નહોતો. નવો પક્ષ હતો. નૂતન ક્ષિતિજ નૂતન દિશા હતી. પક્ષને મૂડીવાદીઓના ધનનું પીઠબળ નહોતું. પરંતુ પદદલિતોની હૂક હતી. કોઈના પણ વર્ચસ્વનો વિરોધક પક્ષ હતો. કોઈ ગટબાજીમાં ગયો નહતો. કોઈ ભાડૂતી હિતસાધક લોકોનો હાથો નહતો. પરંતુ હિન્દુસ્તાન માટે સેવા વ્રતધારી ઉત્સાહી પક્ષ હતો. ડો.આંબેડકરની દેશસેવાની મહાન લગની પ્રચંડ પ્રજ્ઞા અને અડગ ધૈર્યની શક્તિ એ પક્ષની શક્તિ હતી.

પક્ષની નીતિ સ્પષ્ટ કરતાં ડો.આંબેડકરે કહ્યું કે, ' આ પક્ષ દલિતો પૂરતો સીમિત નથી. આ પક્ષનો કાર્યક્રમ જેને સ્વીકાર્ય હોય તેવી કોઈ પણ પુખ્તવયની વ્યક્તિ કોઈ પણ જાતિ કે ધર્મના બાદ સિવાય સ્વતંત્ર પક્ષમાં પ્રવેશ પ્રાપ્ત કરી શકે છે. આ પક્ષનો કાર્યક્રમ કિસાનો-કામદારો તેમજ મધ્યમવર્ગનાં હિતોને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવ્યો છે.'

કિસાનો-કામદારો મધ્યવર્ગના પરિશ્રમ ઉપર નભતા જમીનદારો શાહુકારો, શોષણખોરોના વર્ગની સામે આર્થિક લડાઈ લડવા કિસાનો કામદારો મધ્યમવર્ગના લોકોએ એકત્ર થવું પડશે. વળી સ્વતંત્ર મજૂર પક્ષનું કાર્ય માત્ર કાયદા મંડળો વિધાન પરિષદો પૂરતું મર્યાદિત ન રાખતા ભારતની સ્વતંત્રતા માટેનું ધ્યેય- જે નવા કાયદામાં અધુરૂં રાખવામાં આવ્યું છે તે પૂર્ણ કરવાનું હતું. વળી બ્રિટિશ સરકારે સેકન્ડ ચેમ્બર (ઉપલી ધારાસભા) નું નિર્માણ કરી શ્રમજીવી જનતાને એક હાથે આપેલી સત્તા બીજા હાથે ખૂંચવી લીધી છે. તેનો પણ મુકાબલો કરવાનો પણ ધ્યેય હતો.

બીજા (કોંગ્રેસ) રાજકીય પક્ષોનો ધ્યેય વિધાનસભામાં જઈ આ બંધારણ તોડવાનો છે. જયારે સ્વતંત્ર મજૂર પક્ષનો ધ્યેય આ બંધારણનો મહત્તમ ઉપયોગ કરી મહત્તમ લોકકલ્યાણ સવિશેષ શ્રમજીવીઓનું શ્રેય સાધવાનો છે.

ભારતીય રાજકીય સાર્વજનિક જીવનમાં સ્વતંત્ર મજૂર પક્ષ એક નૂતન કદમ હતો. દલિતો શોષિતો પીડિતો માટે નૂતન વ્યાસપીઠ પણ હતી. ભારતની ૮૦ ટકા વંચિત ઉપેક્ષિત જનતા દલિતો, આદિવાસી અધર બેકવર્ડ કલાસ, (વર્તમાન માંડલ પંચમાં સમાવિષ્ટ સમાજ) કિસાનો કામદારો ભૂમિહીન ખેતમજૂરો ઈત્યાદિ જેને તરીકે પિછનવામાં આવે છે તેમના માટે નૂતન આશાકિરણ હતું. ૧૯૩૬ ઓગષ્ટની અગિયારમી તારીખે સ્વતંત્ર મજૂર પક્ષના અધ્યક્ષ તરીકે તેમણે પક્ષનું બંધારણ, ધ્યેય તથા કાર્યક્રમ જાહેર કર્યો હતો. કાર્લમાકર્સ જેમ યુરોપના ભાષ્યકાર હતા તેમ ડો.આંબેડકર ભારતના ભાષ્યકાર હતા અને તેઓ આમ બહિષ્કૃત ઉપેક્ષિત ભારતના કાર્લમાકર્સ બન્યા હતા. આમ તેમણે દલિત એકતાની પ્રક્રિયાનો પ્રારંભ કર્યો હતો. પ્રથમ તો તેના નામ 'સ્વતંત્ર મજૂર પક્ષની વાત કરીએ તો સમય સંજોગોનેકારણે તથા પરિસ્થિના પરિણામે સ્થાપેલ શીડયુલ્ડ કોસ્ટ ફેડરેશનને અપવાદ ગણતાં ડો.આંબેડકરે પોતાની કોઈપણ સંસ્થા કે સામયિકને જાતિવાદી નામ આપ્યું નથી. મૂકનાયક, બહિષ્કૃત ભારત, સમતા, જનતા, પ્રબુદ્ધ ભારતા જે નામો તેમના સામયિકોનાં રાખવામાં આવ્યા હતાં. જયારે બહિષ્કૃત હિતકારીણી સભા સમતા સૈનિકદળ, સમાજ સમતા સંઘ, પીપલ્સ એજ્યુકેશન સોસાયટી અને રિપબ્લિકન પક્ષ જેવાં નામો તેમની સંસ્થાઓનાં હતાં. વળી બહષ્કૃત હિતકારીણીની સભા જેવી સંસ્થામાં સર્વજાતિકોમના આગેવાનો પદાધિકારી હતા, જેમ કે, સર ચીમનલાલ સેતલવાડ (અધ્યક્ષ) મેયર નિસ્સીમ રૂસ્તમજી જીનવાલા, જી.કે. નરીમાન, ડો.આર.પી.પ્રાંજપે, ડો.વી.પી.ચૌહાણ, બી.જી.ખેર, (સર્વ-ઉપાધ્યક્ષ) વળી તેમણે પોતે

ઈંગ્લેંડ અમેરિકામાં શિક્ષણ મેળવ્યું હતું. પરિણામે તેના રાજકીય પિંડ પર ઉદારમત-સંસદીય લોકશાહી રાજ્યવ્યવસ્થા તથા કાયદાના શાસનના રાજકારણનો ભારે પ્રભાવ હતો. આ તેમના રાજકારણની આધારશીલા હતી. મતાધિકાર સાર્વત્રિક ચૂંટણીઓ રાજકીય પક્ષોની ચૂંટણી પ્રક્રિયા ચૂંટણીના નિયમો નિયંત્રક કાનૂનો ઈત્યાદિમાં ડો.આંબેડકરને ઘણો રસ અને આદર હતો. આ બધું તેમણે ત્યાં ઈંગ્લેંડ અમેરિકામાં પ્રત્યક્ષ નિહાળ્યુ હતું.

ગોળમેજી પરિષદ સમયે ઈંગ્લેંડના પાંચવારના પ્રવાસ દરમ્યાન ત્યાંના લાંબા રોકાણ દરમિયાન ઈંગ્લેંડના મજૂર પક્ષના આગેવાનો સાથેનો ઘનિષ્ઠ સંપર્ક, જોઈન્ટ સિલેકટ કમિટિના સભ્ય તરીકેની સક્રિય કામગીરી તેમજ ભારતમાં કામદાર ચળવળો ચલાવી અને મુંબઈ કાયદા મંડળ (કાઉન્સિલ) માં દાયકાની જલવંત કારકિર્દીથી તેમનો રાજકીય પિંડ પરિપુષ્ટ થયો હતો. ડો.આંબેડકર પોતે મજૂર સંતાન હતા અને તેમના લાખો અનુયાયીઓ પણ ભૂમીહીન ગ્રામ્ય મજુર કે શહેરમાં મીલમજૂરો જ હતા. આમ મજૂરો માટે ઝઝુમતા ડો.આંબેડકરે પોતાના પક્ષનું નામ અભિમાનપૂર્વક સ્વતંત્ર મજૂર પક્ષ રાખ્યું હતું. અલબત્ત કેટલેક અંશે ઈંગ્લેંડના મજૂર પક્ષનો પ્રભાવ પણ હતો તે સ્વીકારવું જ રહ્યું. ઈંગ્લેંડની મજૂર પાર્ટીનો જનક જેમ્સ કીર હાર્ડી કોલસાની ખાણમાં જન્મેલો અને ગલિચ્છ વાતાવરણમાં ઉછરેલો મજૂર નેતા હતો. તેને સાત વર્ષની વયે ભઠિયારાને ત્યાં ખાણમાં મજૂરી કરવી પડી હતી. મજૂર જીવના જાત અનુભવ લીધા હતા જેમ્સ હાર્ડી પ્રથમ પાર્લમેન્ટનો મેમ્બર થયો હતો. ઈંગ્લેંડ મજૂર પક્ષના મોટાભાગના આગેવાનો ખાણમાં કામ કરનારા શ્રમજીવી હતા. ભારતમાં પણ સ્વતંત્ર મજૂર પક્ષના પ્રણેતા ડો.આંબેડકર હતા અને તેમા લગભગ બધા જ કાર્યકરો શ્રમજીવી સમાજમાંથી-દલિત સમાજમાંથી આવતા હતા. કેવો સુંદર સંજોગ સમન્વય હતો ! વળી અરસામાં ઈંગ્લેંડનો મજૂર પક્ષ ભારતીય સ્વાતંત્ર્ય માટે સમર્પિત હતો. તેમજ ભારતમાંની ઉદયોન્મુખ મજૂર સમાજવાદી ચળવળને તેના સાથ સહાનુભૂતિ હતાં જ.

## ૭.૧.૨ સ્વતંત્ર મજૂર પક્ષના ધ્યેય અને કાર્યક્રમ

ડો.આંબેડકર દીર્ઘ દૃષ્ટિથી મજૂર પક્ષના પ્રચાર, પ્રસાર અને સંગઠન માટે સુંદર વ્યવસ્થા માટે સુનિયોજિત કાર્યક્રમ તેમજ હેતુઓ પક્ષના જાહેરનામામાં આપ્યાં હતા.

(૧) કૃષિ વિકાસાર્થે તથા ખેડૂતોના શોષણના અંત માટે લેન્ડ મોર્ટગેજ બેન્ક, ઉત્પાદક કિસાન વર્ગ માટે ખરીદી વિક્રય માટેની સહકારી મંડળીઓ ઈત્યાદિની સ્થાપના

(૨) ખેતીની સુધારણા, આધુનિકકરણતા ઉપર ભાર તથા જમીનના ટુકડાઓ પર અંકુશ અને ગરીબીમાં ઘટાડો કરવાની ભારપૂર્વક રજૂઆત.

(૩) ઉત્પાદ વૃદ્ધિ માટે ટેકનિકલ શિક્ષણ - આધુનિકરણ

(૪) આર્થિક સમાનતા માટે અતિઆગ્રહ તથા લોક કલ્યાણર્થે કેટલાંક ઉધોગ ધંધાનું રાષ્ટ્રીયકરણ.

(૫) કારખાનના કામદારોના કલ્યાણ માટે નોકરીની સલામતી, વેતનવૃદ્ધિ, કામના કલાકો પર નિયંત્રણ ઈત્યાદિ સાથે સાથે બોનસ, વૃદ્ધાવસ્થામાં પેન્શન, બીમારીમાં સારવાર અને અકસ્માત સમયે વળતરની વ્યવસ્થા રજૂ કરી હતી.

(૬) કામદારોને રહેવા માટે સુઘડ આરોગ્યપ્રદ રહેઠાણો તેમજ તેમના બાળકોના શિક્ષણ તથા સારા ઉછેર અંગે આનુષંગિક સગવડોનો આગ્રહ રાખવામાં આવ્યો હતો.

(૭) કિસાનો, કામદારોનું શોષણ કરતાં વ્યાજખોર, શાહુકારોના પંજામાંથી કિસાનો કામદારોની ઋણમુક્તિ માટે સંરક્ષણ માટે કાર્યક્રમ આ ઉપરાંત મફત પ્રાથમિક શિક્ષણ, પૌઢ શિક્ષણ ઔદ્યોગિક શિક્ષણ તથા દલિતવર્ગના શિક્ષિત યુવાનોને વધુ શિક્ષણ માટે વિદેશ મોકલવાની માંગણીઓ હતી.

''સામાજિક સુધારણા'' માટે પ્રગતિશીલ પગલાં ભરવાની ખાતરી સાથે સામાજિક બહિષ્કાર કરનાર રૂઢિવાદીઓને સજા કરવાની તેમજ દરેક નાગરિકને સ્વંતંત્ર નિર્ભય જીવનની ખાતરી આપવામાં આવી હતી. ધાર્મિક દેવ સ્થાનોનાં નાણાંનો દુર્વ્યય ન થાય તેની તકેદારી રાખવી તથા તેના ઉપર સરકારી નિયંત્રણની વાત પણ મૂકવામાં આવી હતી.

આ ઉપરાંત ગ્રામોદ્ધાર માટેના કાર્યક્રમો જેવા કે આયોજિત ગ્રામ, નગર, વાંચનાલય, સાર્વજનિક હોલ, રેડિયો તેમજ ફરતી સિનેમાની યોજના રજૂ કરવામાં આવી હતી. તેવી જ રીતે મફત પ્રાથમિક શિક્ષણ, પ્રૌઢ શિક્ષણ, સાક્ષરતા, ઔદ્યોગિક શિક્ષણ, યુનિવર્સિટી શિક્ષણ દલિતવર્ગોના વિદ્યાર્થીઓ માટે શિક્ષણની સવિશેષ સુવિધાઓની બાંયધરી આપવામાં આવી હતી.

કરવેરાની પ્રચલિત પધ્ધતિમાં સુધારા સૂચવી કરવેરામાં રાહતની ખાતરી સાથે કરઆવકનો પ્રજાના શ્રેય માટે ઉચિત ઉપયોગ પણ સૂચવ્યો હતો. વહીવટીતંત્ર માટે પણ આમૂલ પરિવર્તનની હિમાયત કરી તેને પ્રજાલક્ષી બનાવવાની તેમજ તમામ લોકોની સામેલગીરીની ખાતરી આપવામાં આવી હતી.

આમ ડો.આંબેડકરે સ્વતંત્ર મજૂરપક્ષના જાહેરનામામાં શોષિત, પીડિત, દલિત, કિસાન-કામદાર, અસંગઠિત મજૂરો અને બેકાર યુવાનોના અભ્યુદયનો ધ્યેયપૂર્ણ તથા સંપૂર્ણપણે લોકશાહી સમાજવાદી મૂલ્ય આધારિત નક્કર વ્યવહારુ કાર્યક્રમ આપ્યો હતો.

'આ કાર્યક્રમ દ્વારા ડો.આંબેડકરે તત્કાલીન કોંગ્રેસ પક્ષ તથા ડાબેરી ચળવળને પણ પાછળ પાડી દીધી હતી. સમર્થ મરાઠી સાહિત્યકાર બાબુરાવ બાગુલના શબ્દોમાં આ એક એવો કાર્યક્રમ હતો જે સામ્યવાદી ચળવળના કાર્યક્રમ કરતાં મૂળભુત રીતે જીવંત તથા સર્વવ્યાપી બની શકે તેમ હતો. જેના દ્વારા દેશની ૮૦-૮૫ ટકા ઉપેક્ષિત જનતાને સહેલાઈથી સાંકળી શકાય તેમ હતું.' (આંબેડકરી ભારત (મરાઠી) પૃ.૬૫)

**તમારી પ્રગતિ ચકાસો -૧**

**નીચેની ખાલી જગ્યામાં તમારા જવાબ લખો.**

(૧) ડો.આંબેડકર કેવો આદર્શ સમાજ ઈચ્છતા હતા ?

______________________________

______________________________

______________________________

(૨) ડો.આંબેડકરે કેવી દારુણ ગરીબીમાં જીવન વીતાવ્યું હતું ?

______________________________

______________________________

______________________________

(૩) સ્વતંત્ર મજૂર પક્ષના ઉદેશ્ય લખો.

______________________________

______________________________

______________________________

(૪) કિસાનો - કામદારો માટેના ડો.આંબેડકરના વિચારો જણાવો.

______________________________

______________________________

______________________________

પક્ષના પ્રમુખ તરીકે ડો.આંબેડકર તથા મહામંત્રી તરીકે આચાર્ય મોરેશ્વર વાસુદેવ દોંદે, જાદવ તેમજ અન્ય આગેવાનો પદાધિકારીઓ સર્વશ્રી અનંતરાવ ચિત્રે, સુરેન્દ્રનાથ ટિપણીસ, દૌલતરાવ ગુલાબરાવ પ્રધાન, દાદા સાહેબ ગાયકવાડ, શામરાવ પરૂળકર, બેરિસ્ટર સમર્થ ઈત્યાદિ પક્ષના સંગઠન અને પ્રચારમાં લાગી ગયા હતા. ગાયકવાડને બાદ કરતાં તમામ પદાધિકારી સવર્ણ હિન્દુ હતા પણ બ્રાહ્મણો હતા. ડો.આંબેડકર સમન્વયકારી હતા.

મુંબઈની અખબારી આલમે સ્વતંત્ર મજૂર પક્ષને આવકારતાં લખ્યું કે, ''આજે દેશમાં જે સ્વરાજ્ય સ્વાતંત્ર્યની ભયગીરીનો ધોધ કોંગ્રેસ પાર્લામેન્ટરી બોર્ડ વહેવડાવ્યો છે તેને રોકવાનો પ્રયત્ન દરેક દેશપ્રેમીએ કરવો જોઈએ. લોકોનાં હિતોની અવગણના કરી મનમાં આવે તે રીતે ધડોફોડૂ, કપડાં ફાડૂ, ગધેડા પર બેસુ પણ ગમે તે રીતે લોકોના ધ્યાનમાં આવવું એ ઢબે કોંગ્રેસ જે કીમીયો કરે છે તેને હવે નાથવાનો સમય પાકી ગયો છે. ડો.આંબેડકરે સ્થાપેલા સ્વતંત્ર મજૂર પક્ષના કાર્યક્રમ નિહાળતાં લાગે છે કે જો આ પક્ષને જનતાનું પીઠબળ પ્રાપ્ત થશે તો તે જનતાનું ભલું કરી શકશે જ. સ્વતંત્ર મજૂર પક્ષનો કાર્યક્રમ માત્ર લુખ્ખાં આશ્વાસનનો નથી. તેમાં કોઈ અવ્યવહારુતા નથી. તે જાતિવાદ પર આધારિત પક્ષ નથી રાષ્ટ્રીયતાનો પુષ્ટ કરનારો પક્ષ છે. વળી તેનો કાર્યક્રમ પણ રાષ્ટ્રીયતાનો પોષક છે. કિસાનો કામદારોની પરિસ્થિતિ સુધારવાની આ પક્ષની નેમ છે. આ પક્ષને જનતાનો સાથ સાંપડશે એવી અમને ખાતરી છે. અમે પક્ષના સંસ્થાપક ડો.આંબેડકર અને પક્ષને અભિનંદન પાઠવીએ છીએ (પરીક્ષક તા.૨૦-૮-૧૯૩૬)

...માત્ર દલિતો પૂરતો સીમિત ન કરતાં વ્યાપક વિશાળ પાયા ઉપર સ્વતંત્ર મજૂર પક્ષની રચના કરી પક્ષના રાજકીય કાર્યક્રમ પાર પાડવાની ડો.આંબેડકરની નેમ છે. ડો.આંબેડકરનું આ મહાનકાર્ય ખરેખર પ્રશંશનીય છે.'' (બલવંત ૧૯-૮-૧૯૩૬)

સ્વતંત્ર મજૂર પક્ષે એક નવીન ચેતના આણી હતી. જો કે તેનું મુખ્ય કેન્દ્ર મુંબઈ ઈલાકા પૂરતું મર્યાદિત હોવા છતાં સમગ્ર રાષ્ટ્રમાં તેના પ્રત્યાઘાતો પડ્યા હતા. જે ડો. આંબેડકરના પ્રખર વ્યક્તિત્ત્વની અસર હતી સ્વતંત્ર મજૂર પક્ષએ એક આધુનિક ઔદ્યોગિક યુગમાં ડાબેરી સમાજવાદી વિચારોનાં કામદારોનો પક્ષ હતો. આંતરરાષ્ટ્રીય સમાજવાદી આંદોલનને સહાયકારી પક્ષ હતો.

વળી આ અરસામાં અપાર વ્યવસ્તા વચ્ચે પણ શિક્ષણ માટે સમય ફાળવી એક નવીન શિક્ષણ સંસ્થાના (કોલેજ) નિર્માણ કરવાનો યશ ડો.આંબેડકરને ફાળે જાય છે. તેમણે શીખદાતાઓ દ્વારા મુંબઈમાં દાદર સમીપ સંપૂર્ણે રીતે સુસજ્જ સંપૂર્ણ સગવડવાળી એક નવીન કોલેજનું સફળ આયોજન કર્યું હતું.

સમગ્ર મુંબઈ ઈલાકાની અને સમગ્ર રાષ્ટ્રની પ્રથમ નગરી મુંબઈમાં ભારતીયો દ્વારા ચાલતી એક પણ કોલેજ નહોતી એક સ્કોટ મિશન અને એક રોમન કેથોલિક મિશનથી ચાલતી એમ બે કોલેજ ઉપરાંત એક સરકારી કોલેજ હતી. એક જોગેશ્વરીમાં કોલેજ હતી. શીખદાતાઓ દ્વારા સૂચિત (દાદર) કોલેજ સર્વજાતિ ધર્મોના વિદ્યાર્થીઓ માટે હતી. તેને સઘળો યશ ડો.આંબેડકરને ફાળે છે.

આમ સતત અને ગજાબહારના પરિશ્રમને પરિણામે ડો.આંબેડકરનું આરોગ્ય પણ કથળ્યું હતું. કાયા હવે આરામ માંગતી હતી. વળી ભારતમાં તેમને આરામ મળવાની શક્યતા ન હતી એટલે તેમણે યુરોપ જવાનું નક્કી કર્યું.

૧૧, નવેમ્બર ૧૯૩૬ ની મધ્યરાત્રીએ અદ્યતન ઈટાલિયન સ્ટીમર લાયડ ટિસ્ટીનો બોટકાડેવ્હેડે દ્વારા યુરોપના પ્રવાસ માટે પ્રસ્થાન કર્યું. વિદાયની વેળાએ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના પ્રતિનિધિ સાથેની મુલાકાતમાં પોતાના પક્ષની પ્રશંસા કરી કોંગ્રેસની ટીકા કરતાં તેમણે કહ્યું કે, કોંગ્રેસ શોષણકર્તા અને શોષિતો વચ્ચેના જોડાણમાંથી ઉદ્ભવેલો પક્ષ છે. રાજકીય સ્વાતંત્ર્ય સિદ્ધ કરવા આ જોડાણ કદાચ આવશ્યક હશે પરંતુ રાષ્ટ્રની સામાજિક પુનઃરચના માટે બિલકુલ નકામું જોડાણ છે. આ આલોચના સાથે તેમણે ચૂંટણી પ્રચાર તો આરંભી જ દીધો... જો કે તેમના પ્રવાસનો મુખ્ય હેતું હવા ફેર હોવા છતાં એ પણ એક હકીકત હતી કે ડો.આંબેડકર ઈંગ્લેંડના કાનૂનવિદો તથા રાજકીય માંધાતાઓને મળવા ગયા હતા જેમાં તેઓ દલિતો નવા શીખધર્મ સ્વીકાર પછી પૂના કરારામાં મળેલ સવલતો ચાલુ રહી શકે કે નહિ તેની સ્પષ્ટતા ઈચ્છતા હતા. આ દરમિયાન તા.૧૫-૧૨-૧૯૩૬ના દિવસે સંયુક્ત પ્રાંતના (હાપુડ) ના પાંચસો દલિતોએ પગપાળા દિલ્હી (ગાઝિયાબાદ) આવી શીખ ધર્મ અંગીકાર કર્યો હતો. સ્થાનિક શીખોએ જમના કિનારે તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું.

આરોગ્ય સુધારવા ડો.આંબેડકરે થોડો સમય જીનીવામાં ગાળ્યો...થોડો સમય રોમમાં રોકાયા જો કે મોટાભાગનો સમય બર્લિન અને વિયેનામાં વિતાવ્યો હતો. લંડનમાં તો માત્ર એક સપ્તાહ માંડ રોકાયા હતા. રોમમાં રોકાઈ તેમણે મુંબઈની ખાલસા કોલેજ માટે રોમન શૈલીનો નકશો તૈયાર કરાવ્યો હતો. આજની ખાલસા કોલેજની ઈમારતની ભવ્યતાનો યશ ડો.આંબેડકરને ફાળે જાય છે. બે મહિનાના ભરચક પ્રવાસ પછી તા.૧૪-૧-૧૯૩૭ બપોરે ગુરૂવારે વિકટોરીયા જહાજ દ્વારા સ્વદેશ આવ્યા. પચાસ હજાર જનમેદાનીએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. સમગ્ર બિલાર્ડ પિયર માનવ મહેરાણથી ઊભરાતું હતું.

ડો. આંબેડકરના સ્વદેશ આગમન પૂર્વે વિધિવૃત નામના મરાઠી સાપ્તાહિકે તેના તા.૧૦-૧-૧૯૩૭ના અંકમાં ડો.આંબેડકરનો ફોટો છાપી સનસનાટીભર્યો સમાચાર આપ્યા કે.

''અછૂતોના એકમેવ નેતા ડો.આંબેડકરે એક યુરોપીય ગૌરંગ વિધવા સાથે ખાનગી રીતે પુર્નલગ્ન કર્યા છે અને પોતાની ગૌરાંગ પત્ની સાથે ૧૪ જાન્યુઆરી એ ભારત આવી રહ્યા છે.''

''વિધિવૃત્ત સપ્તાહિકના સંપાદક રામચંદ્ર કાશીનાથ તટણીસ ડો.આંબેડકરના જિગરજાન દોસ્ત હતા. પરિણામે આ સમાચારની વિશ્વનીયતા વધી ગઈ હતી.

આંબેડકર ચાહકોના કુતુહલનો પાર નહોતો એલેકઝાન્ડ્રિયા ડેક ઉપર માનવમહેરામણ પોતાના મસીહાને સજોડે નિહાળવા આતુર નયને ઊભો હતો. પરંતુ પોતાના મસીહાને એકલા ઉતરતા જોતાં તેમને આશ્ચર્ય થતું. પોંખવા આરતી ઉતારવા આવેલા સ્ત્રીવર્ગને સવિશેષ આશ્ચર્ય થયું.

ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના પ્રતિનિધિને બંદર ઉપર જ આપેલી મુલાકાતમાં જ તેમણે પુર્નલગ્નનો સદંતર ઈન્કાર કરતાં કહ્યું કે મારે વળી ચોરી છુપીથી લગ્ન કરવાની શી જરૂર ? મારા વિશે લોકોનો ગપગોળા ચલાવવાની આદત પડી ગઈ છે. આ સમાચાર સદંતર જૂઠા છે. આગામી ચૂંટણીમાં મને તકલીફમાં મૂકવા આવા ગપગોળા વિરોધી લોકો ચલાવે છે.

## ૭.૧.૩ સ્વતંત્ર મજૂર પક્ષની ચુંટણી ઝુંબેશ અને પરિણામો

ડો.આંબેડકરે સ્વદેશ આવતાની સાથે ચુંટણીના પ્રચાર ઝુબેશ જોરદાર ચલાવી કાર્યકરોમાં ચેતના લાવી દીધી. ૨૪ વર્ષ જુના જનતામાં જામીગયેલા વિપુલ સાધન સંપત્તિવાળા કોંગ્રેસ પક્ષનો તેમને મુકાબલો કરવાનો હતો. ૧૫ અનામત બેઠકો ઉપર અને બેસામાન્ય બેઠો ઉપર સ્વતંત્ર મજૂર પક્ષના માતંગ, હોલાર, કાયસ્થ અને મહાર, બ્રાહ્મણ ઈત્યાદિ બધી જ જાતિના ઉમેદવારો ખડા કરી દીધા હતા.

ડો.આંબેડકરની માણસપારખુ સુઝ વિલક્ષણ હતી. કઈ વ્યક્તિને ક્યા સ્થળે નીમવી તે બાબતે તેમની ભાગ્યેજ ભૂલ થતી. પરિણામે તેમનું સંગઠન પ્રતિદિન બળત્તર બનતું ગયું હતું. કેટલેક સ્થળે તેઓ જાણી વિચારીને કેટલીક વ્યક્તિઓને નીમતા હતા. વળી તેના ખોટાં પરિણામોની પણ તેમને ખાતરી રહેતી. પોતાની વિચક્ષણ સૂઝથી ડો.આંબેડકરે સ્વતંત્ર મજૂર પક્ષ તરફથી તેમના ઉપરાંત બીજા ૧૫ ઉમેદવારો જુદા જુદા મત વિસ્તારોમાંથી ઊભા રાખ્યા હતા. આમ અનામત બેઠકો માટે ૧૫ અને સામાન્ય બેઠકો માટે બે કુલ્લે ૧૭ ઉમેદવારો ઊભા રહ્યા હતા પક્ષમાં ૧૫ ઉમેદવારોના પ્રચાર માટે તેમણે ઝંઝાવાતી પ્રચાર ઝુંબેશ આદરી હતી. ઠેરઠેરથી તેમને સુંદર આવકાર મળતો હતો જંગી માનવ મેદની તેમને એકચિત્ત સાંભળતી અને સમજતી. મેલાં ઘેલાં ગરીબ દલિતો અપાર ભક્તિભાવથી દૂર ગામડેથી તેમના દર્શને આવતાં તેઓ લોક જવાબમાં તળપદી ભાષામાં પોતાના ઉમેદવારને મત આપવાની અપીલ કરતા હતા. લોકો ભારે હર્ષનાદો વચ્ચે તેમને વધાવી લેતા હતા.

ડો.આંબેડકર પ્રચાર સભામાં કહેતા આપણે લોકો પથ્થરના દેવોની પૂજા કરીએ છીએ. આ ભટ્ટ બ્રાહ્મણોએ આપણને પથ્થરના દેવો પણ પધરાવ્યા છે. આ પથ્થરના દેવોને સિંદૂર લગાવી આપણે પૂજા કરીએ છીએ. તે બધાના ઉત્સવો પણ ઊજવીએ છીએ. અમે પણ આવા ૧૭ દેવ ઊભા કર્યા છે હવે આ દેવોના ઉત્સવ ઉજવવો-ચૂંટી મોકલવા તે તમારા લોકોનું કાર્ય છે અને આ તમારૂં કર્તવ્ય તમે પાર પાડો તે કહેવા હું અહીં આવ્યો છું.''

અંતે સ્વતંત્ર મજૂર પક્ષથી ૧૩ અનામત અને બે સમર્થિત ઉમેદવારોને વિજય બનાવી શક્યો. ડો.આંબેડકરનો મુંબઈમાં જવલંત વિજય થયો હતો. મહાડના જાણીતા આગેવાન સુરેન્દ્રનાથ ટીપણીસ

કોલાબા મત વિસ્તારમાંથી અને ડો.બાબાસાહેબના સંનિષ્ઠ ગુજરાતી સાથીદાર ડો.પી.જી.સોલંકી સુરત મતવિસ્તારમાંથી પરાજિત થયા હતા આ બંન્નેના પરાજયથી બાબાસાહેબને ઘણું દુઃખ થયુ હતું, ગર્વનર લોર્ડ બ્રેબોર્ને જુલાઈ ૧૯૩૭માં ડૉ. સોલંકીની નિમણૂંક... Upper chamber વરિષ્ઠ ધારાસભામાં કરી હતી. જ્યાં તેમણે લગભગ દશ વર્ષ (૧૯૩૭-૧૯૪૬) સુધી સેવાઓ આપી હતી. વિજેતા ઉમેદવારોનો ભવ્ય સત્કાર સમારંભ તા.૩૦-૫-૧૯૩૭ના દિવસે ડો.પી.જી.સોલંકીના પ્રમુખસ્થાને પરેલ પોયબાવાડી કામદાર મેદાનમાં રાખવામાં આવ્યો હતો.

મુંબઈમાં વસતા ખેડા જિલ્લાના માયાવંશી લોકો તરફથી એક બીજો સત્કાર સમારંભ તા.૫-૩-૧૯૩૮ શનિવારે સાંજે આઠ વાગ્યે જી નોર્થ વોર્ડ, કાસરવાડી વુલન મિલ પાસે, મ્યુનિસિપલ ચાલના કંપાઉન્ડમાં રાખવામાં આવ્યો હતો. જેનું પ્રમુખસ્થાન જાણીતા કામદાર આગેવાન ઈન્દુલાલ યાજ્ઞિકે શોભાવ્યું હતું. આવાં અસંખ્ય સમારંભ થયા હતા. ચિપળૂણમાં (૧૬-૫-૧૯૩૮) કોળીઓના સમારંભમાં ડો.બાબાસાહેબ સ્વતંત્ર મજૂર પક્ષની ભૂમિકા તથા કાર્યવાહી સમજાવતાં કહ્યું :

''ખરેખર તમારા જેવા ખેડૂતોની સેવા કરતાં મને અપાર આનંદ થાય છે. મને દુઃખ છે કે તમારા જેવો મારો વ્યવસાય નથી, મારે પેટના ખાતર મારો વ્યવસાય કરવો પડે છે. કારણ કે, મારે જન્મ ગરીબ કુટુંબમાં થયો હતો. મારા વડીલો ઉપર ત્રણ ચાર હજાર રૂપિયાનું કરજ હતું. મારો કહેવાનો અર્થ એટલો જ કે હું કોઈ ગર્ભશ્રીમંતનો નબીરો નથી. તેમ છતાં મારૂં અત્યાર સુધીનું જાહેર જીવન અત્યંત નિર્મળ છે. મારી દષ્ટિએ જેમાં તમારું હિત સમાયેલું હે તે કાર્ય હું અચૂક કરીશ જ. ચૂંટણીમાં કોંગ્રેસે આપેલા વચનોમાં ક્યું પાક્યું ? કોગ્રેંસે અત્યાર સુધી જે કાયદાઓ કર્યા તેમાં ખેડૂતોના હિતના કાયદા કેટલા ? ઊલટાનું ખોતીબીલ જેવા મહત્ત્વના મારા બીલને કોંગ્રેસ દસ મહિનાથી અભરાઈએ ચઢાવી દીધું છે અને ચૂંટણી ટાણે આપેલા વચનોનો દ્રોહ કર્યો છે.

જો હું કોંગ્રેસમાં જોડાઉ તો મારી બુદ્ધિ બળે ત્યાં પણ મારી છાપ અચૂક પડવાની અને મને માન પણ મળવાનું તેની મને પાકી ખાતરી છે. મેં ગાંધીજીના પ્રાણ બચાવ્યા, પરંતુ ગાંધીજીની આ કોંગ્રેસ ગરીબોના કલ્યાણ માટે કશુંય કર્યું નથી. તેની મને પાકી પ્રતીતિ થઈ ગઈ છે એટલે હું કોંગ્રેસથી હંમેશા દૂર રહું છું. ગાંધીજીના વ્યક્તિત્ત્વના પ્રભાવમાં સુભાષચંદ્ર બોઝ અને પંડિત જવાહરલાલ નહેરૂ વગેરેએ પોતાનું સ્વમાન મૂકી દીધું. પરંતુ મારા ઉપર ગાંધીજીનો કોઈપણ પ્રભાવ પડયો નથી. અત્યાર સુધી કોંગ્રેસ વાણીયા બ્રાહ્મણ ભટ્ટજી શેઠજીના પૈસાથી પોષાય છે. પરિણામે તે લોકોની જ થઈને રહી છે. જેનું અન્ન ખાય તેનાં ગુણ ગાય. શાહુકાર શેઠિયાઓના પૈસાથી પોષાતી કોંગ્રેસ તેમના વિરૂદ્ધ કેવી રીતે જઈ શકે તે તમે જ વિચારો. આજ સુધી તમે લોકોએ આ વર્ગની જ સેવા કરી છે. તેમનાં ઘરનાં વાસણો માંજયાં...સ્ત્રીઓનાં લૂગડાં ધોયાં તે સિવાય શું કર્યું ? આજે સરકારી નોકરીઓમાં કોણ છે ? તમે ગમે ત્યાં જાઓ મામલતદાર, મુનસુફ, કલેક્ટર બધાં ઊંચી નોકરીઓમાં તે વર્ગ લોકોનો જ છે. આજે તમારી સંખ્યા ૮૦ ટકા કરતાં વધુ હોવા છતાં સરકારી નોકરીઓ તમારા માણસો કેટલા ? મારી ઈચ્છા તમારામાંના કોઈને વડાપ્રધાન જોવાની છે. આ મૂઠીભર બ્રાહ્મણ, વાણિયાઓનું રાજ્ય અમને ન ખપે. તમારા એંશી ટકા લોકોનું રાજ્ય મારે જોઈએ...તમારે સંઘર્ષ કરવો પડશે...તમારા લોકોના હિત ખાતર હું સૌ પહેલાં જેલમાં જવા તૈયાર છું...આપણા સ્વતંત્ર મજુર પક્ષનું પણ એ જ ધ્યેય છે કે કિસાનો કામદારો હાથમાં સર્વસત્તા આવે તેમની જ સરકાર બને. આવાં તો અસંખ્ય પ્રેરણાદાયી પ્રવચનો ડો.આંબેડકર આપતા હતા. તેમનાં પ્રવચનો પદદલિતોમાં પરમાણુશક્તિ પેદા કરતાં હતાં.

વાઈસરોયની અંગત મહેમાનગતી માણનાર આંગ્લ લેખક બેવરલી નિકોલસ દંપતીએ ભારતનો પ્રવાસ કરી દેશનેતાઓની મુલાકાતો લઈ ઈંગ્લેંડના આ વિદ્વાન પત્રકાર નવકથા લેખક બેર્વલી નિકોલસે Verdict on India નામનો એક વિવાદાસ્પદ ગ્રંથ લખ્યો હતો જેમાં તેમણે ડો.આંબેડકરને ભારતના છ મેધાવી પુરૂષોમાંના એક વર્ણવી નાગપુરની તેમની પ્રચંડ સભાનો સંદર્ભ આપી ડો.આંબેડકરના વકતૃત્વ વિશે લખ્યું કે...

"ડો.આંબેડકર જયારે જનતા સમક્ષ પ્રવચન કરે છે ત્યારે જનતાનો સમુદાય ખળભળી ઉઠે છે. લોકો તેમને એકાગ્ર ચિત્તે સાંભળે છે. તેમનું પ્રવચન જનતામાં ચેતનાનું નિર્માણ કરે છે અને એ એવી રીતે મુદ્દાસર બોલે છે કે ના પુછો વાત..."

અમેરિકન ખ્રિસ્તી ધર્મગુરુ બિશપ કલાર્ક બ્લૈકનાં શબ્દોમાં ડો.આંબેડકર એક ધારદાર વક્તા સાથે

સાવચેત શ્રોતા પણ છે. તેમની તીક્ષ્ણ મેધા અને વેધક આંખો ક્ષણે ક્ષણે સવાલો પૂછવામાં અને પ્રત્યત્તર પાઠવવામાં સતત જાગૃત રહેતી હોય છે. એવા જ એક સુપ્રસિધ્ધ અમેરિકન વિદ્વાન સી.એન.વિન્સેટ આ મંતવ્યને સમર્થન આપતાં લખે છે કે, ‘બરછટ છતાં ભવ્ય...આક્રમક મિજાજી છતાં આકર્ષક વ્યક્તિત્ત્વ ધરાવતા ડો.આંબેડકર જેટલા સહિષ્ણુતાવાદી સખા છે તેટલા જ ભારતીય જાતિવાદી સમાજ રચનાના ઉગ્ર આલોચક પણ છે. ડો.આંબેડકર કડવા ટીકાકાર હોવા છતાં પણ આપણને તેમની પ્રભાવી ઓજસ્વી વાણીમાં પ્રજ્ઞાજન્ય ક્ષમતા તથા પ્રાણવાન પ્રતિભાવનાં દર્શન થાય છે.

ડો.આંબેડકર ૧૯૨૭ થી ૧૯૩૨ અને ૧૯૩૨ થી ૧૯૩૭ (પુનઃનિયુક્તિથી) કાયદા મંડળના સક્રિય પ્રબુદ્ધ પ્રતિનિધિ હતા જ. આ તેમનું જાણીતું મેદાન હતું કે જ્યાં તેમણે વર્ષો સુધી વિક્રમ કર્યો હતો.

૧૯-૭-૧૯૩૭ને સોમવારે સોગંદવિધિ થઈ કોંગ્રેસ પક્ષ દ્વારા વિધાનસભાનો બહિષ્કાર કાર્યક્રમ હોવાને કારણે ગવર્નરે ૧૯૩૫ના નવા કાયદા અન્વયે સત્તારાના ખાન બહાદુર ધનજીશા, બી કપૂર અને જમનાદાસ મહેતાના નેતૃત્વના હંગામી ધોરણે મંત્રીમંડળની નિમણૂક કરી દીધી હતી.

ડો.આંબેડકરને પોતાને મંત્રીમંડળ સમાવેશ કરવાની વાતનો તેમણે અસ્વીકાર કર્યો. તેમણે પત્રકારોને ખુલાસામાં કહ્યું કે વિધાનસભામાં બહુમતી ધરાવતી ન હોય તેમાં જોડાઈ પ્રધાન બનવાનો કોઈ અર્થ નથી. વળી આ પ્રધાનમંડળનું આયુષ્ય પણ કેટલું હશે તે પણ સંદિગ્ધ છે. આવા લઘુમતી પ્રધાનમંડળમાં પ્રવેશ કરવો એટલે ચૂંટણીમાં જનતા એ આપેલ ચુકાદાની વિરૂદ્ધનું વર્તન. પ્રખર લોકશાહી ભક્ત ડો.આંબેડકર લોકચુકાદા વિરૂદ્ધ કેવી રીતે જઈ શકે ? અંગત મહત્ત્વાકાંક્ષા કે ટૂંકા લાભો તેમના સ્વભાવમાં જ નહોતા.

ના...ના..કરતાં કોંગ્રેસના નેતાઓએ સત્તાસ્થાને આવવાનું સ્વીકારી લીધું. ડો.આંબેડકર અને જયકર જેવા આગેવાનોની વિચારસરણી કે બ્રિટિશ શાસનનો વિરોધ વિધાનસભાઓની અંદરથી તથા બહારથી કરવો જોઈએ. તે મોડે મોડે પણ કોંગ્રેસે પરોક્ષ રીતે સ્વીકારી લીધી.

બી.જી ખેરના મુખ્યમંત્રી પદે મંત્રીમંડળની રચના પણ કરી જ દીધી. પરંતુ તેમના મંત્રીમંડળમાં લગભગ બધા જ મંત્રીઓ બ્રાહ્મણ હતા. દલિતવર્ગનો એક પણ મંત્રી લેવામાં આવ્યો ન હતો. ડો.આંબેડકરે તેની સખ્ત ટીકા કરી સાથે સાથે પ્રધાન મંડળમાં પણ દલિતવર્ગોનું પ્રતિનિધિત્વ (અનામત સ્થાન) હોવા જોઈએ તેવી માંગણી પોતે ગોળમેજીમાં કરી શક્યા નહિ. આ બાબત તેમની ધ્યાન બહાર રહી ગઈ તેનો અફસોસ પણ વ્યક્ત કર્યો.

## ૭.૨ વિધાનસભામાં ડો.આંબેડકરની કામગીરી

વિરોધપક્ષે ડો.આંબેડકર અને જમનાદાસ મહેતાની સમર્થ જોડી સમગ્ર ભારતમાં અનુપમ હતી વિધાનસભામાં ડો.આંબેડકરની ભૂમિકા આક્રમક અને આહ્વાનત્મક રહેતી હતી.

૧૯૩૭ની સપ્ટેમ્બરની ૧૭મી તારીખે મુંબઈ ઈલાકા વિધાનસભા પૂનાના પ્રથમ અધિવેશનના પ્રથમ દિવસે ડો.આંબેડકર **ખોતી પ્રથાનો** ખાત્મો કરવાનું ‘A Bill to abolish KHOTI SYSTEM ’ વિધેયક રજૂ કર્યું હતું જેના માટે તેઓ છેક ૧૯૨૮ થી ઝઝુમતા હતા.

આ **‘ખોતી પધ્ધતિ’** વિશેષતઃ રત્નાગીરી કુલાબા થાણા વિસ્તારમાં પ્રચલિત હતી. જેમાં બળજબરીએ કિસાનો પાસેથી કર વસૂલ કરવામાં આવતો હતો ત્યાર બાદ વતનદારીને વિદાય કરવાનું બિલ પણ લાવ્યા હતા. આ વતનદારી એક પ્રકારની વેઠ ગુલામી હતી. આ હજારો વેઠિયા મજૂરોની મુક્તિ માટે બીલ લાવનાર તેઓ સમગ્ર ભારતની વિધાનસભામાં પ્રથમ સભ્ય હતા. વિધેયકની ચર્ચા સમયે કેટલાક ધારાસભ્યોએ ડો.આંબેડકરને બુકરી ટી વોશિંગ્ટન કહ્યા હતા. પોતાના બિલના સમર્થન માટે તેઓ ધારાસભા સમક્ષ મોરચા પણ લઈ ગયા હતા. મ્યુનિસિપલ સફાઈ કામદારોના પ્રતિનિધિઓને મ્યુનિસિપાલિટી તથા વિધાનસભામાં લેવા જોઈએ તે તેમની જૂની લડત પણ જારી રાખી હતી. ધારાસભામાંની તેમની ભરચક અને આક્રમક કાર્યવાહીને કારણે તેમનું નામ વંચિતો - ઉપેક્ષિતોમાં વ્યાપક બની ગયું હતું. રાષ્ટ્રના વંચિત - ઉપેક્ષિતો શોષિત સમુદાયમાં ડો.આંબેડકરનું નામ અને કામ ગાજવા લાગ્યું હતું. તેમનું સત્ત્વશીલ પ્રબળ અને પ્રભાવક નેતૃત્વે એવી પ્રતીતિ પેદા કરી હતી કે તેઓ કિસાનો કામદારો દલિતોને એકત્ર કરી શકશે-એકત્ર રાખી શકશે.

કોંગ્રેસ પક્ષનું મંત્રીમંડળ પણ ડો.આંબેડકરની ધારાસભાની કાર્યવાહીથી ઘણું જ પ્રભાવિત હતું. મુખ્યમંત્રી બી.જી.ખેર તેમના ઘણા પ્રશંસક હતા પરિણામે કેટલાક તેમને કોંગ્રેસમાં આવકારવા આતુર હતા. ડો.આંબેડકર એક ગતિશીલ મજૂરનેતા તરીકે છવાઈ ગયા હતા અસંખ્ય શ્રમિક સંગઠનો તરફથી તેમને નિમંત્રણ મળી રહ્યાં હતાં. આવું કિસાનો કામદારોનું એક સંમેલન અહમદનગરમાં ડો.આંબેડકરની અધ્યક્ષતામાં તા.૨૩-૧-૧૯૩૮ના દિવસે મળ્યું હતું. આઠેક દિવસ પછી અકોલામાંની મજૂર પરિષદના પ્રમુખ પણ તેઓ રહ્યા હતા. ૧૨-૧૩ ફેબ્રુઆરી ૧૯૩૮ ના દિવસે મનમાડમાં મેળેલા દલિતવર્ગના રેલ્વે ટ્રેઈડ યુનિયન RAILWAY DEPRESSED CLASS WORKMEN"S CONFERENCE પ્રમુખસ્થાનેથી સંબોધન કરતાં કહ્યું કે....

''સામાજિક અન્યાયો સામે આપણે સંઘર્ષ ચાલે છે. પરંતુ આજે આપણએ આર્થિક અસમાનતા સામે સંઘર્ષ કરવા એકઠા થયા છીએ. આ દેશના શ્રમજીવી વર્ગના બે શત્રુ છે એક બ્રાહ્મણવાદ (જાતિવાદ) અને બીજો મૂડીવાદ' 'બ્રાહ્મણવાદ એટલે સ્વાતંત્ર્ય સમતા અને બંધુતાના અભાવ...વળી બ્રાહ્મણશાહી એટલી વ્યાપક છે તે આર્થિક ક્ષેત્રે પ્રાપ્ત થતી તકોને પણ બંધ કરી છે.''

y t y hËt{ tkrf mxp Ëhfthu« th, { txu **'ફેડરેશન'** (સમવાયતંત્ર) ની યોજના રજૂ કરી હતી. રાષ્ટ્રહિતોને ધ્યાનમાં રાખી ડો.આંબેડકરે તેનો પણ વિરોધ કર્યો અને કહ્યું....

આપણા પરસ્પરના પક્ષીય મતભેદો બાજુએ મૂકી આપણે રાષ્ટ્રીય દૃષ્ટિથી ફેડરેશન વિષે ગંભીરતાથી વિચારવું જોઈએ. અમારા પક્ષે આ યોજનાના વિરોધ કર્યો જ છે. તુચ્છ લાભ માટે રાષ્ટ્રના સ્વાતંત્ર્ય અને એકતાને જોખમમાં મૂકી શકાય નહીં. સુભાષચંદ્ર બોઝ જેવા લોકો જો આ ફેડરેશનનો વિરોધ કરશે તો અમે તેની પડખે ઊભા રહીશું બાકી કોંગ્રેસમાં વિરોધ કરવાની ત્રેવડ નથી.''

આમ ડો.આંબેડકર રાષ્ટ્રના પ્રશ્નો વિશે પણ સતત જાગૃત રહેતા હતા. આ અરસામાં કોંગ્રેસ સરકારે ધારાસભામાં INDUSTRIAL DISPUTE BILL રજૂ કર્યું હતું. ડો.આંબેડકરે તેનો સખત વિરોધ કર્યો હતો કારણ કે તેમાં મજૂરોના હડતાલના હકને હણવામાં આવ્યો હતો. ડો.આંબેડકરે આ કાળા કાયદાને 'The Workers Civil Liberties Suspansion Act કામદારોના નાગરિક અધિકારોને અવરોધક કાયદા તરીકે ઓળખાવી સખત વિરોધ કર્યો હતો. તેમણે કહ્યું છે કે, **''હડતાલ એ કામદારોનો હક છે આ વિધેયકમાં ઉદ્યોગના માલીકોને તેમનું બજેટ ખુલ્લું કરવાની ફરજ પાડવામાં આવી નથી. પરંતુ માલિકોને કામદારો સામે પોલીસનો ઉપયોગ કરવાની સત્તા આપવામાં આવી છે - તે નીંદનીય છે. કામદારો પોતે કંઈ શરતે નોકરીએ જવા તૈયાર છે તે તેનું સ્વાતંત્ર્ય આપતો અધિકાર એટલે હડતાળ. કોંગ્રેસી સત્તાવાળા જો એમ માનતા હોય કે સ્વાતંત્ર્ય એ પવિત્ર છે. તો કામદારો માટે હડતાલ પાડવાના અધિકારો પણ એટલાં જ પવિત્ર છે અને આ વિધેયકથી મજૂરોના હકો હણાઈ જાય છે. તે કારણસર તે લોહી પિપાસુ ખૂનથી ખરડાયેલું બીલ છે.''** હડતાળના અધિકારને મર્યાદિત કરતું આ બીલ પ્રતિગામિ પ્રત્યાઘાતી અને પ્રગતિ વિરોધી બીલ છે. હડતાળથી કામદારોને કેટલી કનડગત થાય છે. હડતાળ ચાલુ હોય ત્યારે કેવી પરેશાની હોય છે અને હડતાળને અંતે કેવી કિન્નાખોરી કામદારો પ્રત્યે રાખવામાં આવે છે તેની ડો.આંબેડકરને સંપૂર્ણ જાણ હતી જ. આથી તેઓ હડતાળનો આશ્રય લેવામાં હંમેશા ખચકાતા હતા. જ્યારે કોઈ વિકલ્પ ન મળે અને હડતાળ અનિવાર્ય બને તો જ ના છૂટકે તેઓ હડતાળની હિમાયત કરતા હતા. બંધારણવાદી બાબાસાહેબ બંધારણીય પગલાંને જ આવકારતા હતા. છાશવારે હડતાળ કરનારા કામદાર નેતાઓ પ્રત્યે તેમને નફરત હતી પરંતુ હવે અહીં ના છુટકે સામ્યવાદી પક્ષ અને સ્વતંત્ર મજૂર પક્ષના સંયુક્ત ઉપક્રમે તા.૬ નવેમ્બર, ૧૯૩૮ના દિવસે એક ઐતિહાસિક જંગી રેલી યોજવામાં આવી હતી, જેમાં આશરે એક લાખ કામદારોએ ભાગ લીધો હતો અન્ય કોઈ વિકલ્પ ન રહેતાં તા.૭-૧૨-૧૯૩૮ના દિવસે પ્રતીક હડતાળનું એલાન આપ્યું હતું. મુંબઈની મિલો અને મ્યુનિસિપાલિટી બંધ રહી હતી. પોલીસે ગોળીબારનો આશરો લીધો હતો ગૃહ પ્રધાન કનૈયાલાલ મુન્શી, સરદાર પટેલ, મથુરદાસ તથા ભવાનજી ખીમજી ઈત્યાદિત કોંગ્રેસી નેતાઓના હડતાળ રોકવાના સઘન પ્રયત્નો નિષ્ફળ ગયા હતા. એસ.કે.પાટીલ જેવા પણ પાછા પડયા હતા. કામદાર મેદાનમાં મળેલી જંગી સભાને ડો.આંબેડકર, બિરદાર ડાંગે, મિરજકર

નિહાલકર તથા ગુજરાતી સપુતો સર જમનાદાસ મહેતા અને ઈન્દુલાલ યાજ્ઞિકે સંબોધન કર્યું હતું. આ હડતાળમાં ભાગ લેનારા ૯૦ ટકા લોકો ડો.આંબેડકરના અનુયાયી હતા. આમ એક સફળ અને લડાયક મજૂરનેતા તરીકે ડો.આંબેડકર શ્રમજીવી જગત ઉપર છવાઈ ગયા હતા. આગળ જતાં તેમણે ૧૯૪૨માં વાઈસરોયની કારોબારીમાં મજૂર મંત્રી તરીકે કલ્યાણના ૪૦ થી વધારે કાયદા પણ કરાવ્યા હતા, જેનાં મીઠાં ફળ મજૂરો આજે ચાખી રહ્યા છે.

**'તમારી પ્રગતિ ચકાસો -૨'**

**નીચેની ખાલી જગ્યામાં તમારા જવાબો લખો.**

(૧) સ્વતંત્ર મજૂર પક્ષની ચુટણી ઝુબેશ અને પરિણામો લખો.

___

___

___

(૨) ડો.આંબેડકરની વિધાનસભામાંની કામગીરીનો અહેવાલ આપો.

___

___

___

(૩) ૭-૧૨-૧૯૩૮ની મજૂર હડતાલમાં ડો.આંબેડકરનું પ્રદાન વર્ણવો.

___

___

___

## ૭:૨:૨:ડૉ.આંબેડકરનું અમદાવાદ પુનઃ આગમન (૧૯૩૧)

કિસાનો-કામદારોના ઉત્થાન માટે ડૉ.આંબેડકર વિધાનસભામાં જોરદાર લડત આપી હતી. **"ખેતી પ્રથા"** અને **"મહાર વતન"** રદ કરવા તેમજ શાહુકારો ઉપર નિયંત્રણ લાદવા વિધાનસભામાં બીલ પણ લાવ્યા હતા. વિધાનસભાની બહાર પણ તેમણે કિસાનો-કામદારોના મોરચા કાઢી, પરિષદો ભરી જાગૃતિ આણી હતી. તેમનું નામ અને કામ સમગ્ર રાષ્ટ્રમાં ગુંજવા લાગ્યુ હતું. તેઓ સમગ્ર ભારતના પદદલિતોના પ્રહરી તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા. ભારતમાં ખૂણે ખૂણેથી લોકો પોતાનાં દુઃખ દૂર કરવા ડૉ.આંબેડકરને નિમંત્રણ પાઠવતા હતા. સર્વ જગ્યાએ પહોંચવું અને લૉ કોલેજના આચાર્ય તરીકે કામગીરી કરવી મુશ્કેલી હતી. આથી જ ૧૯૩૮માં તેમણે લૉ કોલેજના આચાર્યપદેથી રાજીનામું આપ્યું અને દલિતોની સેવામાં પોતાની જાતને સંપૂર્ણ રીતે સમર્પિત કરી દીધી.

૧૯૩૮ના ઓકટોબરની બાવીસમી તારીખે બાવળા (જિ.અમદાવાદ)ના દલિતો પરના જુલમોની તપાસ માટે પધાર્યા. ગુજરાત અંત્યજ નવયુવક મંડળ શાખા-૧ ના મંત્રી ગોવિંદલાલ હીરાલાલ ચૌહાણે સત્કાર કર્યો. સન્માનપત્ર અર્પણ કર્યું. પોતાની કાલી ઘેલી પરંતુ હૃદયસ્પર્શી ભાવના વ્યક્ત કરતી ભાષામાં લખ્યું હતું કે -

*"ભારત માતાના સાચા સપૂત, દલિતોના તારણહાર સ્વતંત્રાની સાચી કૂચ બતાવનાર મજૂરોના મણી, ગરીબોની બેલી સાચા સરતાજનાં દર્શન એ અમારું અહોભાગ્ય સમજીએ છીએ. અમો ગામડાવાસી દલિતો આપ શ્રીમાન સાહેબનું સહર્ષ ભાવભીનું સ્વાગત કરીએ છીએ. અમારા દીન સત્કાર તરફ ન જોતાં અમારા અંતરના ભાવ તરફ દ્રષ્ટિ કરશો..."*

વળતાં ગુજરાતના પાટનગર-અમદાવાદમાં પ્રેમા ભાઈ હૉલમાં ચીક્કાર મેદની વચ્ચે અસંખ્ય સંસ્થાનો દ્વારા તેમનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું. ગંગારામ પરમાર અને કરશન લેઉઆ કાર્યક્રમના આયોજકો હતા. એલ.જે.પ્રવાસી સ્વતંત્ર મજૂર પક્ષના પ્રચારક હતા. સ્વામી ચેતાનંદે 'દલિતોના બેતાજ બાદશાહ' તરીકે સંબોધતું એક સ્વાગત ગીત રજૂ કર્યું. ડૉ.આંબેડકરે પોતાના પ્રવચનમાં ગાંધીજીની આલોચના કરતાં કહ્યું કે,

"રાજકારણમાં હું ગાંધીજીનો વિરોધ કરું છું. કારણ કે મને તેમના ઉપર વિશ્વાસ નથી. ગાંધીજી દલિતવર્ગોનું કલ્યાણ કરશે તેવો સહેજ પણ વિશ્વાસ મને મનમાં બેસતો નથી. ગાંધીજી જો ખરેખર પ્રમાણિક હોય તો મુંબઈ અને સંયુક્ત પ્રાંત (યુ.પી.) ના કોંગ્રેસી મંત્રીમંડળમાં દલિતવર્ગોના પ્રતિનિધિઓને સમાવવાનો આદેશ કેમ આપતા નથી ? અંતમાં તેમણ દલિતોને પોતાના સંગઠન-સ્વતંત્ર મજૂર પક્ષમાં સક્રિય રીતે કાર્ય કરવા અને મહારાષ્ટ્રના દલિતોની જેમ લડાયક ખમીરથી આગળ ધપવાની હાકલ કરી હતી."

૧૯૩૯ને એપ્રિલમાં રાજકોટ દેશી રાજ્યની ધારાસભામાં દલિતવર્ગોના પ્રતિનિધિત્વ બાબતે ગાંધીજીને ટેલિગ્રામ કર્યો તથા રાજકોટના દીવાન વીરાવાળાને પણ ટેલીગ્રામ કર્યો. પરંતુ પરિણામ ધાર્યું ન આવતાં જાતે ૧૮ એપ્રિલે, રાજકોટ પધાર્યા હતા. આ માટે રાજકોટના દલિતો તરફથી તેમને વાલાભાઈ સરવૈયાએ ડૉ.આંબેડકરને તાર કર્યો હતો. તેમની સાથે ગોવિંદજી પરમાર પણ હતા. ઉછરંગરાય ઢેબરના નિવાસ સાથે "ગાંધી-આંબેડકર" મુલાકાત ૪૫ મિનિટ ચાલી પરંતુ કોઈ જ પરિણામ આવ્યું નહોતું. કારણ કે ગાંધીજીને સખત તાવ આવ્યો હોવાથી વધુ વાતો કરી શક્યા ન હતા. છેવટે રાજા અને કારભારીને પણ મળ્યા અને રાત્રે કેનાલ રોડ, જિલ્લા ગાર્ડન પાસેના (સોરઠિયા પ્લોટ) દલિતવાસના સામે દલિતોની સભાને સંબોધતા કહ્યું કે -

"અધિકારો માટે જાગૃત રહેવા, લડત આપવા આપણે તૈયાર રહેવું પડશે."

આ સમગ્ર કાર્યાવાહીનું સંચાલન કરવા અમદાવાદથી ગંગારામ પરમાર, મણીલાલ પરમાર, મોહનલાલ આંબેડકરવાદી, રણછોડભાઈ પરમાર ઈત્યાદિ કાર્યકરો રાજકોટ અગાઉથી ગયા હતા. પરંતુ સવર્ણોના ભયના કારણે રાજકોટમાં તેમને આશ્રય આપતાં પણ દલિતો ડરતા હતા. પરંતુ સ્વર્ગીય રાણાભાઈ માંડભાઈ પરમાર તથા કોન્ટ્રાકટર વાલાભાઈ સરવૈયાએ સવર્ણ હિન્દુઓના ભયને ગણકાર્યા સિવાય જાનના જોખમે તમામ કાર્યકરોને પોતાને ત્યાં રાખ્યા હતા, અને દલિતોના પ્રતિનિધિત્વ અંગેની લડત આગળ ધપાવી હતી. લડતના ચોથે દિવસે ન્યાયમૂર્તિ સર મોરિસનો ચૂકાદો ગાંધીજીની વિરૂધ્ધમાં આવતાં રેસિડેન્ટ ગીબસન અને દીવાન વીરાવાળાની ક્ષમા માંગતા ગાંધીજીએ સૌરાષ્ટ્રને કાયમ માટે અલવિદા કરી દીધી. ત્યાર પછી તેમણે કદાપિ સૌરાષ્ટ્રની ધરતી ઉપર પગ મૂક્યો નહોતો. પરંતુ ડૉ.આંબેડકરના આગમનથી સમગ્ર સૌરાષ્ટ્રની દલિતોત્થાનની પ્રવૃતિમાં ચેતનાનો સંચાર થયો હતો. વર્ષો તરસી ધરતી ઉપર વર્ષા થઈ !

મુસ્લિમ રાજ્ય હૈદરાબાદમાં દલિતોની હેરાનગતિનો પાર નહોતો. મુસ્લિમો દલિતવર્ગના લોકોને મુસ્લિમ બનાવે છે. જયારે બ્રાહ્મણો પણ મુસ્લિમો સાથે ભળી દલિતવર્ગોના લોકોને પરેશાન કરતા હતા. ૧૯૩૮ના અંતમા દલિત વર્ગોની પ્રથમ પરિષદમાં ડૉ.આંબેડકરના પ્રમુખસ્થાને ઔરંગાબાદમાં મળી. દલિતવર્ગના આગેવાનોએ પોતાની વ્યથા વર્ણવી જે ભાવનાશીલ ડૉ.આંબેડકરની આંખો ભીંજવી ગઈ. ગદગદિત ડૉ.આંબેડકર પોતાના પ્રેરણાદાયી પ્રવચનથી પદદલિતોને સ્વાભિમાન માટે સજ્જ કરી દીધાં. સમાજ-સેવાની પ્રવૃતિનો શૈવલિની પ્રવાહ વહેવડાવી દીધો. પ્રતિકૂળ પરિસ્થિતમાં આત્મસન્માન માટે લડવા પ્રેરણા આપી.

૧૯૩૮ના જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં મહાડના ખેડૂતોના વિશાળ સંમેલનને સંબોધતાં તેમણે કિસાનોની કરુણ સ્થિતિનો ચિતાર આપતાં ચચરે તેવી ભાષામાં કહ્યું કે, -

"કિસાનોના કલ્યાણના કાર્યો કરવામાં સરકાર સદંતર નિષ્ફળ નીવડી છે. મુખ્યમંત્રી બી.જી.ખેર શોભાના ગાંઠિયા જેવા છે અને અન્ય મંત્રીઓ પણ સરદાર પટેલના પાળેલા કૂતરા જેવા છે."

## ૭:૩ સમવાયતંત્રની સમીક્ષા :-

વાઈસરોય વિલાયતથી **"સમવાયતંત્ર"**ના સમાચારો લાવ્યા હતા. જેને કારણ દેશના રાજકીય વાતાવરણ ભારે ઉત્તેજના પ્રવર્તતી હતી. કોંગ્રેસનું મવાળજૂથ સમવાયતંત્રને કેટલેક અંશે માનતું નથી. જહાલજૂથ સુભાષચંદ્ર બોઝની આગેવાનીમાં જોરદાર વિરોધ કરતું હતું. મુસલમાનોને પણ ભારે વાંધો હતો. જયારે હિન્દી મહાસભાને ભાવતું હતું. પરંતુ ડૉ.આંબેડકર આવા કોઈ અંતિમવાદી નહોતા. તેઓ ન તો તેમના વિરોધી હતા કે ન તો તેના ટેકેદાર હતા. તે એક અભ્યાસી હતા, અને તલસ્પર્શી અભ્યાસ કરી કેટલીક ખામીઓ દૂર કરવાના હિમાયતી હતા. તેમણે પૂનાની ગોખલે એજ્યુકેશન સોસાયટીના સ્કૂલ ઓફ પોલિટીક્સ એન્ડ ઈકોનોમિક્સ સંસ્થાના ઉપક્રમે એક વ્યાખ્યાનમા સંઘ રાજયના વિશે વિસ્તૃત છણાવટ કરતાં ૨૯ જાન્યુઆરી, ૧૯૩૯ના દિવસે "Federation Versus Freedom" વિષય પર પ્રવચન આપતાં કહ્યું કે, -

"સમવાયતંત્રનું બંધારણ દોષયુક્ત છે. દેશી રાજ્યોને આપવામાં આવેલું વધુ પડતું પ્રતિનિધિત્વ, વિધાનસભાઓની પરોક્ષ ચૂંટણીપ્રથા, ગવર્નરને બક્ષેલા વિશેષાધિકારો વગેરે ઉચિત નથી.. સમવાયતંત્રની પ્રસ્થાપનાથી રાષ્ટ્ર સ્વાતંત્ર્ય સમીપ તો આવશે નહિ ઉલ્ટાનું કાયમ માટે કેટલાક અવરોધો ઉભા થશે. સૂચિત સમવાયતંત્રના આ સંવિધાન અન્વયે બ્રિટિશ હકૂમત હેઠળની ભારતીય પ્રજા કોઈ પણ નિર્ણય કરવા સ્વતંત્ર હશે પરંતુ દેશી રાજ્યોમાં જવાબદાર પ્રતિનિધિત્વ પદ્ધતિનું શાસન ન હોવાથી બ્રિટિશ મુત્સદ્દીઓ દેશી રાજ્યોમાંથી પોતાના ટેકેદારો કેન્દ્રીય ધારાસભામાં સરળતાથી મોકલી શકશે. આ એક મોટી મુશ્કેલી હશે.

વળી, સૂચિત સમવાયતંત્રમાં તમામ નાગરિકોના સમાન અધિકારો પણ હશે નહિ કારણ કે, દેશી રજવાડાના લોકો એ રાજ્યના નાગરિક રહેશે. સમવાયતંત્રનો સીધો અધિકાર તેમના પર ચલાવી શકાશે નહિ. જો કે સમવાયતંત્રના ભલે પોતે વિરોધી ન હોય પરંતુ સમવાયતંત્ર રાજ્યની કલ્પના મને ઘણી જ પસંદ છે. કારણ કે "સંઘ રાજ્ય"ની આ પદ્ધતિ આપણા રાષ્ટ્રને અનુકૂળ છે, અનુરૂપ છે. જો કે તે ભારતીયોની એકતા માટે બહુ ઉપયોગી બની શકાશે નહિ. કારણ કે બધાં દેશીરાજ્યો માટે આવા સમવાયતંત્રમાં સામેલ થવું શક્ય નથી. વળી સંરક્ષણ, વિદેશખાતા જેવા મહત્વના ખાતાં તેના અધિકાર હેઠળ ન હોવાથી સાચા અર્થમાં જવાબદાર પદ્ધતિનું શાસન થશે નહિ."

ડૉ.આંબેડકર હંમેશા રાષ્ટ્રની કોઈ પણ સમસ્યા ઉપર પોતાના મૌલિક તથા ચિંતનીય વિચારો વ્યક્ત કરતા હતા, જે રાષ્ટ્ર માટે ઘણા જ ઉપકારક હતા. વળી તેમાં તેમની "આર્ષદ્રષ્ટિ"ની આભા ઝળહળતી હતી. તેઓ આવા વિચારો હંમેશા "વસ્તુલક્ષી" રાખતા અને ગમે તેવા ચમરબંધીની ટીકા કરતાં પણ અચકાતાં નહોતા.

પોતાના પૂનાના આ પ્રવચનમાં તેમણે ગાંધીજીની પણ સખત ટીકા કરતાં કહ્યું હતું કે, -

"અગાઉનો રાનડેયુગ ચરિત્ર્યશીલતા, પ્રમાણિકતા અને પ્રજ્ઞાસંપન્ન તિમિરનાશક યુગ હતો. તેમાં બિન-અભ્યાસી આગેવાનોનું સ્થાન જ નહોતું. તે હિન્દુસ્તાનના પુનરુત્થાન-આધુનિકીકરણનો યુગ હતો. જયારે અત્યારે ગાંધીયુગમાં રાજકીય આગેવાનો માટે અભ્યાસ-વિદ્વતાની કોઈ આવશ્યકતા ગણાતી નથી. પોતાના જીવન અને દેશના ભાવિ વિશે સ્વતંત્રપણે બુદ્ધિગમ્ય રીતે અભ્યાસ-ચિંતન કરવાની પ્રવૃતિ લગભગ નષ્ટ થઈ ગઈ છે. આમ ગાંધીયુગ તે રાષ્ટ્ર માટે 'તમસ યુગ' બન્યો છે."

## ૭:૩:૧ દ્વિતીય વિશ્વવિગ્રહ - ભારતીય રાજકારણ અને ડૉ.આંબેડકર

૧૯૩૯ના સપ્ટેમ્બરમાં સમગ્ર વિશ્વ યુદ્ધની જવાળાઓમાં લપેટાઈ ગયું. ધારાસભાઓ ધીમી પડી ગઈ. ચર્ચાઓ ચૂપ થઈ ગઈ. युध्धस्य कथाः रम्याः યુદ્ધની જ વાતો વધતી ગઈ. સમગ્ર પરિસ્થિતિએ નવો વળાંક લીધો. નેતાઓ પણ નવી પરિસ્થિતિમાં નવેસરથી વિચારવા માંડયા, બ્રિટિશરોએ ભારતને પણ યુદ્ધમાં સામેલ કરી દીધું. ઉદાર મતના નેતાઓએ બિન-શરતી સહાય કરવાની વાત કરી. મુસલમાનોના નેતા મહંમદઅલી જિન્નાએ પણ મુસ્લિમ સુરક્ષા અને મુક્તિની વાતો સાથે સહકારની જ વાત કરી. કોંગ્રેસી નેતાઓ-નહેરું અને સરદાર પટેલે પણ બીનશરતી સહકારનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. વિશ્વવિગ્રહની વિકટ પળોમાં બધા જ નેતાઓ-પક્ષો બ્રિટિશરો સાથે સોદો કરવા તત્પર હતા.

ડૉ.આંબેડકર જુદા મતના હતા. તેમને જર્મનની નાઝીવાદ-સરમુખત્યારવાદ સાથે સખત વાંધો હતો. કારણ કે તેઓ લોકશાહીના પ્રખર પુરસ્કર્તા હતા. એટલે તેમણે જર્મની સાથે સિદ્ધાંત ખાતર બ્રિટિશરોને સહાય કરવાની વાતનું સમર્થન કર્યું પરંતુ સાથે શરત મુકી કે -

"ભૂતકાળમાં ગોળમેજી પરિષદમાં બ્રિટિશરોએ એ વાત સ્વીકારી હતી કે, હિન્દુસ્તાનનાં હિતોનું રક્ષણ હિન્દુસ્તાનના લોકોએ જ કરવું જોઈએ તે સંદર્ભમાં બ્રિટિશરોએ વિચારવું જોઈએ વળી યુદ્ધની પૂર્ણાહૂતિ પછી બ્રિટિશ સામ્રાજયમાં હિન્દુસ્તાનનો કેવો દરજ્જો હશે તે વિશે પણ સરકારે સ્પષ્ટતા કરવી જોઈએ."

આ અરસામાં હિન્દુસ્તાનના વાઈસરૉયે ઘોષણા કરી કે, "સમવાયતંત્રવાળી સરકારની રચના" એ સરકારનું સાચું ધ્યેય હોવા છતાં પ્રવર્તમાન પરિસ્થિતિમાં તેને સ્થગિત કર્યા સિવાય છૂટકો નથી."

સપ્ટેમ્બરના અધવચ્ચે કોંગ્રેસે પોતાની યુધ્ધવિષયક નીતિ બાબતે ગુલાંટ મારી.વળી ગાંધીજીએ કોંગ્રેસને જ સમગ્ર ભારતની એકમાત્ર પ્રતિનિધિ સંસ્થા ગણાવી. કોંગ્રેસી આ ડામાડોળ દ્વિધાભરી નીતિની ડૉ.આંબેડકરે કડક આલોચના કરી હતી.

ડૉ.આંબેડકર, સ્વાતંત્ર્યવીર સાવરકર, બેરિસ્ટર જમનાદાસ મહેતા, ચીમનલાલ સેતલવાડ. કાવસજી જહાગીર, વિઠ્ઠલ ચંદાવરકર, નરસિંહ કેલકર આ સાત નેતાઓએ એક સંયુક્ત નિવેદન કરતાં કહ્યું કે, "યુદ્ધ બાબતે કોંગ્રેસની દ્વિધાયુક્ત નીતિ "બુદ્ધિહીનતા" સૂચવે છે. વળી કોંગ્રેસ જ સમગ્ર ભારતનું પ્રતિનિધિત્ત્વ ધરાવે છે. તેવો તેમનો પોકળ દાવો તેમની ફાસીવાદી મનોવૃતિનું પ્રતિબિંબ છે. જે ભારતીય લોકશાહી માટે ઘાતક નીવડશે."

વિશ્વવિગ્રહના પ્રથમ તબક્કામાં જર્મનીનો જય જયકાર થતાં બ્રિટિશરો ગમે તે ભોગે ભારતના લોકોના સહકાર માટે ઘાંઘા થયા હતા. વાઈસરૉય લોર્ડ લિનલિથગો તમામ વર્ગો અને પક્ષોના પ્રતિનિધિઓને મળ્યા. ડૉ.આંબેડકર ત્યારે પણ તેમણે દલિતવર્ગોની દુઃખી સ્થિતિનો ચિતાર રજૂ કર્યો. "પૂના કરાર"થી થયેલા દગાની વાત કરવાનું વીસરે તો આંબેડકર કેવા ?

સમગ્ર ભારતના લોકોના એક માત્ર પ્રતિનિધિત્ત્વનો દાવો કરતી કોંગ્રેસી નેતાઓની અકળામણોનો પાર નહોતો. કારણ કે તેમની સામે જબરો વિરોધ થયો હતો. મુંબઈ ઈલાકાના મુખ્યમંત્રી બાળાસાહેબ ખેરના પ્રયત્નોને પરિણામે કોંગ્રેસી યુદ્ધ સમિતિના પ્રમુખ પંડિત જવાહરલાલ નેહરુ અને ડૉ.આંબેડકર વચ્ચે ૨૯-૩૦, ઓકટોબર બે દિવસની વાટઘાટો થઈ. પંડિત નહેરું દલિતોની સમસ્યા સમજવા માંગતા હતા. ડૉ.આંબેડકર સાથે તેમની આ પ્રથમ મુલાકાત હતી. ત્યાર પછી મુંબઈ પ્રાંતિક કોંગ્રેસી સમિતિના પ્રમુખ સાથે ભુલાભાઈ દેસાઈના બંગલે કોંગ્રેસી નેતાઓએ ડૉ.આંબેડકર સાથે ચારેક દિવસ વિસ્તૃત ચર્ચા કરી. આ ચર્ચામાં ભાગ લેવા ગાંધીજીએ પોતાના રહસ્યમંત્રી મહાદેવભાઈ દેસાઈને ખાસ વર્ધાથી મોકલ્યા હતા. જો કે ચર્ચાનો મુખ્ય મુદ્દો દલિતોના સહયોગ તથા મુંબઈ પ્રાંતના કોંગ્રેસી મંત્રીમંડળના રાજીનામા પુરતો જ મર્યાદિત રાખવામાં આવ્યો હતો. તેમ છતાં તેમની વચ્ચે કોઈ મનમેળ રહ્યો નહિ. ચર્ચા પણ ફળદાયી નીવડી નહીં. અંતે કોંગ્રેસે વિધાનસભામાંથી રાજીનામાં આપવાની પ્રક્રિયાના એક ભાગરૂપે યુદ્ધવિષયક પ્રસ્તાવ વિધાન સભામાં છેવટે મૂકી તો દીધો.

ડૉ.આંબેડકર કોંગ્રેસી પ્રસ્તાવના અંતિમ વિધાન અંગે અસંમતિ દર્શાવતાં વિધાનસભામાં કહ્યું કે, "કોંગ્રેસે દેશના તમામ વર્ગોના લોકોની માંગણીઓનો સમાવેશ કર્યો નથી. સવિશેષ તો દલિતવર્ગોનો હિતની હિમાયત કરવામાં આવી નથી. હવે દલિતવર્ગોના લોકો હલકા સ્થાને સડતા રહેવાના રાજકીય દરજ્જાનો સ્વીકાર કરશે નહિ." પોતાના યુદ્ધ વિષયક નીતિથી સ્પષ્ટતા સાથે તેમણે દલિતવર્ગોના હક્ક-હીતની હીતોની હિમાયત કરતાં વિધાન સભામાં જ કહ્યું કે, -

"દલિતવર્ગોના ઉત્થાન માટે અતિઆવશ્યક એવા સમતા, સ્વતંત્રતા, બંધુતાના સિદ્ધાંતોનો ઘણા બધા લોકો સ્વીકાર કરતા નથી. આજે સો મામલતદારોમાં દલિતવર્ગનો એક મામલતદાર માંડ છે. જયારે ચોત્રીસ મહાલકારીઓમાં એક પણ મહાલકારી અમારો નથી. ૨૪૬ હેડકલાર્કમાં એક હેડકલાર્ક અમારા વર્ગનો નથી અને ૨,૪૪૪ કારકુનોમાં માત્ર ૩૦ વ્યક્તિ દલિતવર્ગની છે. બાંધકામ ખાતામાં ૮૨૯ કારકુનોમાં માત્ર સાત દલિતવર્ગના છે એવી જ રીતે આબકારી ખાતામાં ૧૮૯માં ત્રણ, ૫૩૮ પોલીસ ઈન્સપેકટરોમાં માત્ર એક જ દલિત વર્ગનો હોય સ્થિતિ કેમ ચલાવી લેવાય ?"

દલિતવર્ગોના હકો-હિતોની જોરદાર રજુઆત કરતાં વધુમાં તેમણે કહ્યું કે, -

**"મારી ભૂમિકા વિશે આ દેશમાં સાચી સમજ નથી. મારી ભૂમિકા વિશે ઘણી ભ્રમણાઓ ફેલાવી ગેરસમજ કરવામાં આવી છે. હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે, જયારે મારા વ્યક્તિગત હિત અને રાષ્ટ્રીય હિત વચ્ચે સંઘર્ષ થયો ત્યારે મેં હંમેશા રાષ્ટ્રહિતને પ્રાધાન્ય આપ્યુ છે વ્યક્તિગત હિતને ગૌણ ગણ્યું છે... દેશના લોકોના મનમાં આ બાબતે હું કોઈ શંકા રહેવા દઈશ નહિ. પરંતુ હું એક બીજી નિષ્ઠાથી પણ બંધાયેલો છું. તેનો કદાપિ ત્યાગ કરી શકીશ નહિ. એ નિષ્ઠા એટલે મારો દલિતવર્ગ કે જેમનામાં મારો જન્મ થયો છે અને હું તેમનો છું. જયાં સુધી મારા દેહમાં પ્રાણ રહેશે ત્યાં સુધી હું તેમને છોડીશ નહિ.. આથી વિધાનસભાને હું દ્રઢતાપૂર્વક દર્શાવુ છું કે, દલિતોના હિતોને જ પ્રાધાન્ય આપીશ. જુલમો કરનારી જમાત જે બહુમતીમાં છે તે દેશના નામે વાતો કરતી હોય તો પણ હું તેમને ટેકો આપીશ નહિ. આ મારી સ્પષ્ટ ભૂમિકા દરેક જણે દરેક સ્થળે સમજી લેવી જોઈએ. તે તમારા ઠરાવ ઉપર જે બે સુધારા પ્રસ્તુત કર્યા છે તે અંગે મારે આટલી જ ચોખવટ કરવી હતી."**

પોતાના ૯૦ મિનિટના પ્રવચનમાં પોતાની વિચારસરણી અસંદિગ્ધ રીતે સમજાવતા અંતે ડૉ.આંબેડકરે કહ્યું, "તમારે સત્તા છોડવી હોય તો તેમાં અમારી સંમતિની શું જરૂર ? તે તો તમારા પક્ષે નક્કી કરવાનું છે."

પ્રસિદ્ધ અંગ્રેજ પત્રકાર-નવલકથાકાર (વાઈસરોયના અતિથિ) બર્વેલી નિકોલસ સાથેની મુલાકાતમાં પણ ડૉ.આંબેડકરે પોતાની રાષ્ટ્રભક્તિ સાથે સ્પષ્ટ કહ્યું હતું કે ("VERDICT ON INDIA" -ગ્રંથમાં બર્વેલી નોંધે છે ૧૯૪૪)

"અમે (દલિતો) હિન્દુઓનું એક ઘટક નથી. પરંતુ રાષ્ટ્રીય સ્વતંત્ર જીવનનુ એકમ છીએ." આજ મારા વિચારોની ગુરુકિલ્લી" માસ્ટર કી છે. ગાંધીજી અમને કહ્યા કરે છે કે, અમારા ઉપર વિશ્વાસ રાખો. સવર્ણ હિન્દુઓ ઉપર વિશ્વાસ મૂકો..." મે તેમને સાફ કહ્યું હતુ કે, "અમે તમારા ઉપર વિશ્વાસ રાખી શકીએ જ નહિ. કોઈપણ કોંગ્રેસી જેટલા અમે કટ્ટર રાષ્ટ્રભક્ત છીએ. પરંતુ જયાં સુધી અમારા હક-હિતો સલામત ન થાય ત્યાં સુધી અંગ્રેજો જાય તે અમે ઈચ્છતા નથી. જો તેઓ ચાલ્યા જાય તો સાથે યુરોપીય પદદલિતો કરતાં પણ ભયંકર ખતરો અમારા ભવિષ્ય સામે ખડો થશે."

કોંગ્રેસ પક્ષના આદેશાનુસાર આખરે સાત રાજયોના મંત્રી મંડળોએ રાજીનામાં ધરી દીધાં. ત્રીજી નવેમ્બર મુંબઈ ઈલાકાની વિધાનસભાનું વિસર્જન કરવામાં આવ્યું. મુસ્લિમ નેતા બેરિસ્ટર જિન્નાએ આ ઘટના બાબતે કોંગ્રેસના અન્યાયી-પક્ષપાત શાસનથી મુસલમાનોને તા. ૨૨-૧૨-૧૯૩૯ના ગુરુવારના (જુમ્મેરાત) દિવસે "મુક્તિ દિવસ" નિજાત (યામે નિજાત) "National Deliverance Day" તરીકે ઉજવ્યો હતો.

## ૭:૩:૨ ડૉ.આંબેડકરને ખતમ કરવાનાં કાવતરાં:

ડૉ.આંબેડકર એક મહત્વના ખટલા અંગે ૩ ડિસેમ્બર, ૧૯૩૯ કોલ્હાપુર ગયા ત્યાંથી તેમણે મહાડ જવા નીકળ્યા. કારણ કે, કરાડ મ્યુનિસિપાલિટીએ તેમને સન્માનપ્રત્ર આપવાનો કાર્યક્રમ આયોજિત કર્યો હતો. કરાડ જતાં રસ્તામાં તેમની કારને અકસ્માત થયો ડ્રાઈવર અને તેમનાં માથામાં ઈજાઓ થઈ, તુરંત હોસ્પિટલમાં સારવાર લઈ બે-ત્રણ કલાક આરામ કરી તેમના અનુયાયીઓના વિરોધને અવગણીને તેઓ કરાડ (જિ.સતારા) મ્યુનિસિપાલિટી સમારંભમાં પહોંચી ગયા. ત્યાંથી પૂના આવ્યા ત્યારે તેમને સખત તાવ આવ્યો હતો. અસંખ્ય ચાહકો તેમની ખબર અંતર પૂછવા આવ્યા. રાત્રે બાપુસાહેબ રાજભોજના નિવાસસ્થાને સભા કરી. ડૉ.આંબેડકરના સ્વાસ્થ્ય તથા દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરવામાં આવી. ડૉ.આંબેડકરે પોતાના સંક્ષિપ્ત પ્રવચનમાં કહ્યું કે, "હું આ ત્રીજી વખતના અકસ્માતમાંથી ઉગરી ગયો છું કોઈ કુદરતી સંકેત લાગે છે, મારા હાથે મારા સમાજની વધુ સેવા થશે."

ડૉ.આંબેડકરની વાત ખોટી પણ નહોતી. ભારતીય પદદલિતોના ઉત્થાનની સક્રિય કાર્યવાહીનો ૧૯૨૪ થી તેમણે આરંભ કર્યો ત્યારથી સતત તેમની જિંદગી જોખમમાં જ રહી છે. ૧૯૨૫ના અમરાવતી અંબાદેવી મંદિર પ્રવેશ આંદોલનથી કારણે રુઢિવાદીઓ ઉપર વજ્રઘાત થયો. તેમણે ડૉ.આંબેડકરને ખત્મ કરવા કેટલાક નિષ્ફળ કાવત્રાં કર્યા પણ હતાં.

૧૯૨૪ના માર્ચમા મહાડ ચળવળ તળાવ સત્યાગ્રહનો પ્રારંભ કર્યો ત્યારે કેટલાક સવર્ણ ભાડુતી ગુંડાઓ ધારિયાં-કુહાડી સાથે ડૉ.આંબેડકરના દેહના ટુકડા-ટુકડા કરવા માંગતા હતા, પરંતુ દલિત સ્વંય સેવકોની સમયસુચકતાના પરિણામે બાબાસાહેબ બાલ-બાલ બચી ગયા !!

૧૯૩૦થી પ્રારંભાયેલી નાસિક કાલારામ મંદિર પ્રવેશ સત્યાગ્રહમાં ૧૯૩૨માં ડૉ.આંબેડકરને પથ્થરોથી મારી નાંખવા હુમલો કર્યો હતો. પરંતુ બાબાસાહેબના વફાદાર અનુયાયીઓ તેમની ચારેબાજુ પોતાના "દેહની દીવાલ" કરી અને માથા ઉપર છત્રીઓ રાખી હતી જો કે તેમાં તેઓ ઘાયલ થયા. તેમના પગનું હાડકું ભાંગી ગયું. તેમ છતાં બચી ગયા હતા.

૧૯૩૨ ગાંધીજીના ઉપવાસ અને પૂના કરાર સમયે પણ લોહીથી લખેલા અસંખ્ય ધમકીપત્રો તેમને મળતાં હતા. તેમના નિવાસ સ્થાન "રાજગૃહ"માં સમતા સૈનિક દળનો સતત ચોકી પહેરો રાખવો પડતો હતો. કેટલાંક પૂનાના બ્રાહ્મણો એક કાવત્રાની યોજના સાથે શંકરાચાર્ય ડૉ. કૂતકોટિ પાસે આશીર્વાદ માટે ગયા હતા. ડૉ.કૂર્તકોટિએ કહ્યું કે, "તમે એક આંબેડકરને હણશો, તો તેના રક્ત બિન્દુમાંથી લાખો આંબેડકર પેદા થશે. બોલો કેટલાને મારશો" બિચારા પૂણેરી બ્રાહ્મણ યુવાનો વીલે મોઢે પાછા ફર્યા હતા.

ડૉ.આંબેડકરની ૧૯૩૫ "ધર્માંતર" ઘોષણાથી અકળાયેલા રૂઢિવાદી સવર્ણોએ તેમને વિષપ્રયોગ કરી મારી નાંખવાનું કાવત્રુ કર્યું હતું. સ્વાતંત્ર્ય વીર સાવરકરના મોટાભાઈ બાબા સાવરકર આ ષડયંત્રના આગેવાન હતા. નાગપુરમાં રહેતા બોરકરના હાથે અનાજમાં ઝેર ભેળવી મારી નાખવાની તેમની યોજના નિષ્ફળ નીવડી. કારણ કે, "રૂપિયા પાંચસોમાં નક્કી થયેલા આ સોદા પ્રમાણે સમયસર નાણાં પહોંચડાવમાં આવ્યા ન હતાં. ત્યારબાદ મટકે બુઆ (ગણપત જાદવ) બાબાસાહેબના ભોજન માટે ઘણી જ સાવચેતી રાખતા હતા. રમાબાઈના અવસાન પછી તો શંકર મામા સઘળી જવાબદારીઓ સંભાળતા હતા."

મુંબઈની દલિતો-હિન્દુઓ વચ્ચે ત્રણેક વખત હુલ્લડો થયાં, જેમાં બે વખત તો ડૉ.આંબેડકરના ભારત ભૂષણ પ્રીન્ટીંગ પ્રેસને તોડી નાંખવામાં આવ્યું હતું. આવા સમયે પણ ડૉ.આંબેડકરને ખત્મ કરી નાંખવાના નિષ્ફળ કાવતરાં થતાં જ રહેતા હતાં. ૧૯૪૨-૧૯૪૬ના કપરા કાળમાં દિલ્હીમાં કેટલાક કોંગ્રેસી કાર્યકરો દ્વારા પણ હીચકારા હુમલા થયા હતા. પરંતુ દલિતોના સદ્ભાગ્યે દરેક સમયે બાબાસાહેબ "નખશિખ" બચી ગયા હતા. તેમના હાથ દલિતોની અપાર સેવાઓ પણ થઈ હતી. વળી તેઓ આવાં કાવતરાંથી કદાપિ ડરતાં નહિ. કેટલાક વખતે તો કાવતરાખોરોનો ભેટો થતાં તેમની કરૂણામયી વાણી સાંભળતા કાવતરાખોરો તેમનાં ચરણોમાં પોતાન શસ્ત્રો મૂકી સદાને માટે તેમના શિષ્ય બની જતાં હતા. જાણે કે ભગવાન બુદ્ધને અંગુલિમાલ ભેટયા હોય તેવું દ્રશ્ય સર્જાતું હતું.

આ વિપ્લવવાદી દિવસો હતા. પંજાબમાં માર્શલ લૉ દાખલ કરી. પંજાબને પરેશાન કરનાર તથા જેમના સમયમાં "જલિયાવાલાં બાગનો હત્યાકાંડ" થયો હતો. તે ભૂતપૂર્વ અંગ્રેજ ગર્વનર માયકલ એડવાયરને ઉધમસિંહે ગોળીથી ઉડાવી દીધો. ડૉ.આંબેડકરનું જીવન પણ ખતરાથી ખાલી નહોતું. તેમના જીવન સલામતની કોઈ વ્યવસ્થા પણ વિચારવાની હતી. દિન-પ્રતિદિન પદદલિતો ઉપરના જુલમોથી દલિત યુવાનોનો આક્રોશ પણ વધી રહ્યો હતો. આ બધાને પરિણામે માર્ચ, ૧૯૪૦ ડી.જી.જાદવમાં અધ્યક્ષતામાં મુંબઈમાં દલિત યુવાનોએ **'પ્રાણયજ્ઞદળ'**ની સ્થાના કરી હતી. જેનો એક માત્ર ધ્યેય ડૉ.બાબાસાહેબ આંબેડકરના મહામુલા પ્રાણોની રક્ષા કરવી.

આ અરસામાં ડૉ.બાબાસાહેબ આંતરરાષ્ટ્રીય પ્રતિભા સંપન્ન પુરુષ તરીકે પ્રસિધ્ધિ પામ્યા હોવાથી લેતા હતા. જેમાં ઓક્સફોર્ડ યુનિવર્સિટીના પ્રાધ્યાપક એડવર્ડ અસંખ્ય વિદેશી પત્રકારો વિધાનો તેમની મુલાકાત ૧૯૩૮ના અંતમાં ડૉ.આંબેડકરની થોમસે મુલાકાત લીધી અને અભિભૂત થયા. તેમણે "સ્વતંત્રતાર્થે" ભારત યુદ્ધમાં ઝુકામે નામનો ગ્રંથ લખ્યો જેમાં તેમણે ડૉ.આંબેડકરને ભારતના બાર મહાપુરુષોમાંના એક ગણાવી લખ્યું કે, -

તેઓ અછૂતોના અનાભિષિકત- સમ્રાટ બેતાજ બાદશાહ છે. તેમની વિદ્વતા એટલી પ્રચંડ છે કે તેઓ સહજ રીતે કંઈ પણ લખે છે. જ્ઞાનપિપાસુ માટે ધ્યાનપૂર્વક વાંચવું પડે તેવું હોય છે. તેમાં જ્ઞાન જયોતિનો દિવ્ય પ્રકાશ હોય છે. (Enlist India for freedom by Edward Thompson, 1940. Pg.No. 64-74)

## તમારી પ્રગતિ ચકાસો

**નીચેની ખાલી જગ્યામાં તમારા જવાબો લખો.**

(૧) ડૉ.આંબેડકરના અમદાવાદ-રાજકોટ આગમનની વિગતો આપો.

(૨) **'સમવાય તંત્ર'** વિષેના ડૉ.આંબેડકરના વિચારો સમજાવો.

(૩) દ્વિતીય વિશ્વવિગ્રહને ભારતીય રાજકારણની તાસીર સમજાવી ડૉ.આંબેડકરની સ્પષ્ટ ભૂમિકા સ્પષ્ટ કરો.

(૪) ડૉ.આંબેડકરને મારી નાંખવાની કાવતરાંની વિગતો આપો.

## ઉપયોગી પુસ્તકો

૧ Source Meterial on Dr. Babbasaheb Ambedkar and the Movement of untouchebles : Vol (1982) Maharatra Government

૨ બાબુરાવ બાગલ : આંબેડકરી ભારત (મરાઠી)

૩ બેવેલી નિકોલસ : Verdict on India

૪ શંકરાનંદ શાસ્ત્રી : યુગપુરુષ બાબાસાહેબ આંબેડકર

૫ Source Meterial Dr. Babasaheb Ambedkar Vol. I

૬ Edwardd Thompson : Enlist India For Freedon PP. 64-76 (1940)

૭ રાવ સાહેબ કસબે : આંબેડકરવાદ તત્ત્વજ્ઞાન આણિ વ્યવહારવાદ (મરાઠી)

૮ જગદીશચંદ્ર માંડલ : મહાપ્રાણ જોગેન્દ્રનાથ માંડલ ભાગ-૧ થી ૭ (બંગાળી)

૯ ડૉ. રાવસાહેબ કસવે : આંબેડકરવાદ તત્ત્વ આણિ વ્યવહાર (મરાઠી)

# એકમ : ૮ ડૉ. બાબાસાહેબ આંબેડકર... ધુરંધર રાજપુરુષ


૮-૦ ઉદ્દેશ્ય

૮-૧ ડૉ.આંબેડકરનો ગ્રંથ "પાકિસ્તાન વિષે વિચારો"

૮-૧-૨ તેમના ગ્રંથ વિશે અભિપ્રાયો અને મહત્ત્વ

૮-૨ ડૉ.આંબેડકરનું અમદાવાદમાં આગમન અને અસરો.

૮-૩ આગવા દલિત રાજકીય પક્ષની પૂર્વભૂમિકા.

૮-૩-૧ ડૉ.આંબેડકર વાઈસરોયની કાર્યકારીના સદસ્ય : ડૉ.આંબેડકર વિષેની પ્રતિકિયા

૮-૩-૨ મજૂર કલ્યાણ અંગેની ડૉ.આંબેડકરની કામગીરી

૮-૩-૩ વાયઈરોયની કારોબારીમાં દલિતોની સમસ્યા અંગે સશક્ત રજુઆત

૮-૩-૪ દ્વિતીય વિશ્વવિગ્રહ સમયની ભારતની રાજકીય પરિસ્થિતિ અને ડૉ.આંબેડકર

૮-૩-૫ રાનડે-ગાંધી-જિન્ના અંગે ડૉ.આંબેડકરના વિચારો તેમજ શુદ્રોની શોધ, ગાંધી કોંગ્રેસે શું કર્યું- ગ્રંથનો પરિચય.

૮-૩-૬ ડૉ.આંબેડકરની સેવા તત્પરતા અને 'જયભીમ' સ્લોગન

૮-૩-૭ ડૉ.આંબેડકરનું અમદાવાદમાં પુનઃ આગમન.


## ૮-૦૦ ઉદ્દેશ્ય

આ એકમમાં આપણે દ્વિતીય વિશ્વવિગ્રહ આસપાસની રાજકીય પરિસ્થિતિ જાણી સાથે ડૉ.આંબેડકરના ગ્રંથ **પાકિસ્તાન વિષે વિચારો**, ડૉ.આંબેડકરનું અમદાવાદમાં આગમન તેમજ ડૉ.આંબેડકરના દલિતો માટેના અલગ રાજકીય પક્ષ-ઓલ ઈન્ડિયા શીડયુલ્ડ કાસ્ટ ફેડરેશન વિષે જાણીયું

ડૉ.આંબેડકરની વાઈસરોયની કાર્યકારણી માટે થયેલી પસંદગી સાથે સાથે તેમની મજૂર કલ્યાણ માટેની કાર્યવાહી પણ જાણીશું. વળી ડૉ.આંબેડકરના રાજકીય વિચારો પણ તેમના પ્રવચન 'ગાંધી-રાનડે-જિન્ના' ઉપરથી સમજાયું. ઉપરાંત તેમના બીજા ગ્રંથ 'ગાંધી અને કોંગ્રેસે દલિતો માટે શું કર્યું છે ? તે વિષે માહિતી પ્રાપ્ત કરીશું.

## ૮ : ૧ ડૉ. આંબેડકરનો ગ્રંથ - પાકિસ્તાન વિષેના વિચારો

મુસલમાનોએ (યામેનિજાત) **'મુક્તિ દિવસ'** ઉજવ્યો. કૉંગ્રેસે તો ૨૬મી જાન્યુઆરીને સ્વતંત્ર દિવસ તરીકે ઘોષિત કર્યો. ડૉ. બાબાસાહેબ આંબેડકરે પણ ૧૯ માર્ચ-મહાડ તળાવ પ્રવેશ સત્યાગ્રહ - **મહાડ ક્રાંતિ દિવસો દલિતોના સ્વાતંત્ર્ય દિવસ** તરીકે ઉજવ્યો હતો. હકીકતમાં ૧૯મી માર્ચ દલિતોનો અધિકાર દિવસ હતો. આજ મહાડ મ્યુનિસિપાલિટીએ ડૉ. આંબેડકરનું સન્માન કરી સન્માનપત્ર અર્પણ કર્યું હતું. સમજ વધી હતી કે સંજોગો બદલાયા હતા તે કહેવું મુશ્કેલ હતું.

ભારતીય રાજકારણમાં ૧૯૪૦નું વર્ષ ઘણું તોફાની વર્ષ હતું. ૨૬ માર્ચના દિવસે લાહોર મુકામે મળેલા મુસ્લિમલીગના ૨૭ મા અધિવેશનમાં ભારતના ભાવિ બંધારણ વિષે પ્રસ્તાવો પસાર થયા. જેનાથી સમગ્ર રાષ્ટ્રમાં ખળભળાટ મચી ગયો હતો, તેમાં પાકિસ્તાન માટેની પગદંડી પાડવામાં આવી હતી. મુસ્લિમલીગના આ પ્રસ્તાવ વિષયમાં સ્વતંત્ર મજૂર પક્ષનો અભિગમ સ્પષ્ટ કરવા ડૉ. આંબેડકરની અધ્યક્ષતામાં એક સમિતિ રચવામાં આવી હતી. અંતે ડૉ. આંબેડકરે જે અહેવાલ તૈયાર કર્યો હતો જેના કારણે પ્રવર્તમાન રાજપુરુષોને પ્રજ્ઞાવંત ગ્રંથ ડિસેમ્બર ૧૯૪૦માં પ્રાપ્ત થયો હતો. તે હતો. "Thoughts on Pakistan..." ભારત ભૂષણ પ્રિન્ટિંગ પ્રેસ, ૫૭, વિન્સેન્ટ રોડ, દાદર, મુંબઈમાં મુદ્રિત થયેલા, ગ્રંથને ઠાકર સ્પીક એન્ડ કંપનીએ પ્રસિદ્ધ કર્યો. દશ રૂપિયાની કિંમતના ૩૮૦ પાનાના ગ્રંથમાં ૧૫ પરિશિષ્ટ અને ત્રણ મહત્ત્વના નકશાનો સમાવેશ થતો હતો. આ ગ્રંથ તેમની પ્રિય પત્ની રમાબાઈ - લાડલી રામુને અર્પણ કરતાં તેમણે લખ્યું હતું કે,

INSCRIBED TO THE MEMORY OF RAMU

As a token of my appreciation of her goodness of heart, her nobility of mind and her purity of Character and also for the cool fortitude and readiness to suffer along with me which she showed in those friendless days of want and worries which fell to our lot.

**રામુની સ્મૃતિને સમર્પણ...**

**તેના અંતકરણની મહાનતા, તેના મનની ઉદારતા તેના ચારિત્ર્યની પવિત્રતા... તેવી જ રીતે...**

**મારી મિત્ર વિહોણી પરિસ્થિતિમાં એક એક ચીજ માટે મોહતાજ હતા તેવા કપરાકાળમાં મારી સાથે મૂંગે મોઢે અપાર દુઃખ સહન કર્યા. આફતો સામે અડગ રહી મારી સાથે દુઃખના દહાડા વિતાવ્યા... પ્રિય રામુના આવા સદ્‌ગુણોની સ્મૃતિમાં આ ગ્રંથ સસ્નેહ સમર્પણ કરું છું...**

## ૮ : ૧ : ૨ ડૉ. આંબેડકરના ગ્રંથ વિષેના અભિપ્રાયો અને તેનું મહત્વ

ટાઈમ્સ ઑફ ઈન્ડિયા જેવા પ્રસિદ્ધ અંગ્રેજી દૈનિકે ગ્રંથની સમીક્ષામાં લખ્યું કે, : ભારતના છેલ્લા ૨૦ વર્ષના સામાજિક - રાજકીય જીવનનું સાચું ઐતિહાસિક નગ્ન ચિત્ર મનઃ ચક્ષુ સમક્ષ ખડું કરનાર આ ગ્રંથ જેને ભારતના ભાવિની કાળજી લેવી હોય તેણે અને વિશેષતઃ બ્રિટિશ મુત્સુદ્દીઓએ તથા રાજકારણીઓ કાળજીપૂર્વક અભ્યાસ કરવો પડશે જ. આ બધાને આ ગ્રંથમાં ભારતની સર્વ સમસ્યાનો ઉકેલનું જ્ઞાન પ્રાપ્ત થશે.

**બોમ્બે ક્રોનિકલ** "દૈનિકે પણ લખ્યું કે, "સાંપ્રત રાજકારણના અભ્યાસીને આ ગ્રંથનું અધ્યયન અવગણવું પોષાય નહિ તેવો આ પ્રથમ શ્રેણીનો સંદર્ભગ્રંથ છે." બેવરલી નિકોલસે લખ્યું છે કે હું આ ગ્રંથનો ઘણો જ ઋણી છું. આધુનિક ભારતના અભ્યાસી માટે ગ્રંથનું અધ્યન અનિવાર્ય છે.

પંડિત મદનમોહન માલવિયાએ લખ્યું હતું કે, "ડૉ. આંબેડકરનું જ્ઞાન અગાધ છે, અપરિમિત છે, તેઓ સરસ્વતી પુત્ર છે."

આ ગ્રંથમાં ભારતીય રાજકારણ અને જાતિવાદ પાસાંઓનું પૃથ્થકરણીય પ્રદાન હતું, જેના કારણે પાકિસ્તાનનો કક્કો ઘૂંટાયો. આ ગ્રંથથી હિન્દુઓ ખિજાયા અને મુસ્લિમો પણ મુંઝાયા. આ ગ્રંથ વાંચ્યા પછી મહમદઅલી જિન્ના 'પાકિસ્તાન'ની માંગણી વિશે પાછા પણ પડ્યા. જો કે હવે તેમના માટે પાછા વળવું તે મુશ્કેલ હતું. "Thought on Pakistan" એ કોઈ એક પક્ષના સમર્થન માટેની ઉપજ નહોતી પરંતુ એક ન્યાયાધીશની ન્યાયી બુદ્ધિની નીપજ હતી.

૧૯૪૬ સુધી ગ્રંથની ત્રણ આવૃત્તિઓ પ્રસિદ્ધ થઈ ચૂકી હતી. ૪૭૮ પાનાની સંવર્ધિત આવૃત્તિમાં ૨૫ પરિશિષ્ટ અને ત્રણ નકશા મૂકી અદ્યતન માહિતી, આંકડા ઈત્યાદિ રજૂ કરી ગ્રંથને અતિસમૃદ્ધ બનાવ્યો હતો. ગ્રંથનું નવું નામ : "Pakistan or the partition of India" રાખવામાં આવ્યું હતું. ડૉ. આંબેડકર પોતાના ગ્રંથ બાબતે લખે છે કે, "આ ગ્રંથે સમયની માંગને સંતોષી છે. લેખકો, રાજનીતિજ્ઞ લોકો તેમજ વર્તમાનપત્રોના તંત્રીઓએ પોતાના પક્ષના સમર્થનમાં આ ગ્રંથમાં આવેલા વિચારો તથા તર્કોની ઉઠાંતરી કરી છે. તેની ભાષા સુદ્ધાંતી સાહિત્યિક ચોરી કરી છે, પરંતુ પુસ્તકના "સૌજન્ય"નો નિર્દેશ કરવાનો વિવેક પણ દાખવ્યો નથી. તાજેતરમાં (સપ્ટેમ્બર) ગાંધી-જિન્ના વાર્તાલાપમાં બંનેએ આ ગ્રંથનો સંદર્ભ આપી તેની ઉપયગિતા સિદ્ધ કરી છે. આ ગ્રંથ ભારતીય લોકોના ઉપયોગમાં આવ્યો તેથી મને ઘણો આનંદય થયો છે."

તેમા છતાં કેટલાંક જાતિવાદી પરિબળોએ ડૉ. આંબેડકર વિશે ભારે ગેરસમજ પેદા કરી હતી તે દુઃખદ ઘટના હતી. જો કે સ્વતંત્ર વિચારકોનો હંમેશા વિરોધ જ થતો હોય છે. સ્વતંત્ર વિચારકોને હંમેશા સહન કરવાનું રહેતું હોય છે. ભારતીય જાહેર જીવનમાં ડૉ. આંબેડકર તેનું જવલંત ઉદાહરણ હતા. તેમ છતાં આજના આપણાં અશાંત સમયે તેમના દષ્ટિવંત વિચારો તરોતાજા-પ્રેરણાદાયી, તેમજ માર્ગદર્શક હતા, જે ભારતના હિતમાં હતા. આમ ચિંતક આંબેડકર આજના યુગમાં પણ ઘણા જ પ્રસ્તુત છે. તેમાંના કેટલા બિન્દુઓ...

(૧) મુસલમાન એ રાષ્ટ્ર છે તેને મિથ્યા વિવાદ ટાળી તેને માન્ય કરવો.

(૨) પાકીસ્તાનની રચનાથી ભારતીય સંરક્ષણને ભય આવશે તેવી શંકા અસ્થાને છે. આધુનિક યંત્રયુગમાં ભૌગોલિક કારણો બહુ નિર્ણાયક રહેશે નહિ.

(૩) જેઓની ભારત માટેની નિષ્ઠા સંશયાત્મક છે તેવો મુસલમાનો ભારતમાં રહી દુશ્મનાવટ પેદા કરે તેનાં કરતાં ભારત બહાર રહી દુશ્મનાવટ કરે તે ચાલશે. મુસ્લિમ વર્ચસ્વ વિહીન સૈન્ય સમીપ રાખવું તે સુરક્ષિત સરહદો કરતાં પણ ઉત્તમ છે.

(૪) અંદરોઅંદર યાદવાસ્થળી નષ્ટ કરવા જેવી રીતે તુર્કસ્તાન, ગ્રીસ, બલ્ગેરિયા ઈત્યાદિ દેશોમાં અન્યોન્ય વિધર્મી લોકોની અદલાબદલી કરી તેવી રીતે ભારતમાં મુસલમાનો તથા સંભવિત પાકિસ્તાનમાંથી હિન્દુઓની અદલાબદલી કરવી. (ઉભય પક્ષે વસ્તી સંપૂર્ણ સ્થાળંતર) તે શાંતિ પ્રસ્થાપિત કરવાનો એકનિષ્ઠ રાષ્ટ્રનિર્મિતીનો એક જ સાચો ઉપાય છે.

(૫) મુસલમાનોના મન ઉપર લોકશાહીનો પ્રભાવ પડતો નથી. મુસલમાનો જો કોઈ વિશે પ્રબળ આસ્થા રાખતા હો તો તે મજહબ છે. તેમનું રાજકારણ મુખ્યતઃ ધર્મનિષ્ઠ છે. મહદઅંશે મુસલમાનો સમાજ-સુધારણાના વિરોધક છે અને વિશ્વમાં (મોટે ભાગે) તેઓ પ્રતિગામી (પ્રતિક્રિયાવાદી) વૃત્તિની જ વળગી રહે છે.

(૬) મુસલમાનોનો ઈસ્લામ મજહબ "આંતરરાષ્ટ્રીય" ધર્મ છે. વળી, તેમની માન્યતા છે તે સદા - સર્વદા ઉપયુક્ત જ છે.

(૭) મુસલમાનોની નિષ્ઠા મુસ્લિમ રાજ્યો-રાષ્ટ્રો પુરતી જ છે. મર્યાદિત હોય છે. જે દેશોમાં મુસ્લિમ રાજ્ય ના હોય તે તેમને માટે શત્રુભૂમિ છે. આથી ઈસ્લામ મજહબના ખરા મુસલમાને "હિન્દુસ્તાન તેની માતૃભૂમિ છે અને હિન્દુ તે ઈષ્ટ મિત્રો છે." તેવા વિચારો તેના માનસમાં ઉતારશે નહિ.

(૮) તેઓ આક્રમકવૃત્તિ અને ટોળાશાહીનો હંમેશા આશરો લે છે.

(૯) પાકિસ્તાન જ તેમના નૂતન ભાવિ, નવીન-દશ્ય અને પૂર્ણપ્રકાશ પાથરનાર તેમનો ભાવનાનો સૂર્ય છે. જેના માટે આપણે લઢીએ છે તે "અખંડ ભારત" તે શું ધ્યેય છે ? શક્તિનો સાચો ઉપયોગ નથી. જો પાકિસ્તાન સ્વીકાર કરવામાં આવે તો એકબીજાના અધિકારો ઉપર આક્રમણ કરવાના તથા ગુલામગીરીના ભયથી કાયમી મુક્તિ મળશે. આપસના ઝેરનું આ મારણ છે.

(૧૦) પ્રબળ કેન્દ્રીય સરકાર હોય તો પણ ભારતના ભાગલા અટલ છે.

(૧૧) અખંડ ભારત એકજીવ થઈ શકશે નહિ, વળી બ્રિટિશ સરકાર પણ આ કોયડો ઉકેલી શકે તેમ નથી. અલગતાની ભાવનાથી વેરઝેર વધશે. વળી ભારત એક ફીક્કુ ક્ષયરોગી રોગીષ્ટ રાજ્ય બનશે.

(૧૨) કોંગ્રેસની મુસ્લિમ તૃષ્ટિકરણની નીતિ રાષ્ટ્રને અપાર નુકસાન કરશે. (કીર - પૃ. ૩૩૨, ફડકે મરાઠી પૃ. ૨૧૩)

મુંબઈના વાગલે હોલમાં આચાર્ય મોરેશ્વર દોંદેની અધ્યક્ષતામાં ૧૯૪૨ના ફેબ્રેઆરીમાં આ ગ્રંથ વિષે ત્રણ દિવસ (૧૭, ૧૮, ૧૯) સંગોષ્ઠિ - સેમિનાર થયો. ડૉ. આંબેડકર પોતે ઉપસ્થિત રહ્યા અને ગેરસમજના વાદળો વિખેરતાં સમાપન પ્રવચન તેમણે ગર્જના કરી કે :

**"પાકિસ્તાન એ ચર્ચાનો વિષય નથી તેવું માનનારા લોકો સાથે વિવાદ કરવો નિરર્થક છે. પાકિસ્તાનનું સર્જન એ અન્યાયી છે એવું જેમને લાગતું હોય તો તે (હવે) આકાર લઈ રહે છે, તે પાકિસ્તાન તેમને ખતરનાક લાગશે. લોકોને ઈતિહાસ ભૂલી જવાનું કરવાનું કહેવું તે ભૂલ છે. જેઓ ઈતિહાસને ભૂલી જાય છે તેઓ ઇતિહાસનું સર્જન કરી શકતા નથી જ. ભારતીય લશ્કરમાં મુસ્લીમોનું વર્ચસ્વ ઘટાડી લશ્કરને એકરસ અને નિષ્ઠાવાન બનાવવુ તે બુદ્ધિમત્તાનું કાર્ય છે. આપણી માતૃભૂમિનું**

**રક્ષણ આપણે કરીને જ જંપીશું. પાકિસ્તાન મેળવ્યા પછી પછી મુસલમાનો સંપૂર્ણ ભારત ઉપર પોતાનું મુસ્લીમ સામ્રાજ્ય ફેલાવી દેશે એવી મૂર્ખતાભરી વાતોમાં આવશો નહિ. હિંદુઓ તેમને ધૂળ ફાકતા કરી દેશે. (જાતિવાદ જેવી) કેટલીક બાબતો વિષે સવર્ણ હિંદુઓ જોડે મારે મતભેદ છે તે હું સ્વીકારું છું. પરંતુ હું આપ લોકો સમક્ષ પ્રતિજ્ઞા લઉ છું કે આપણા રાષ્ટ્રના સ્વતંત્ર્યના રક્ષણ માટે હું મારુ બલિદાન આપીશ.** (આંબેડકરને જયજયકાર કરી લોકોએ વધાવી લીધા. ધનજય કીર : પૃ. ૩૩૯)

૧૯૪૨ની શી.કા.ફે.ના અધિવેશન (નાગપુર)માં પણ તેમણે દલિતોને મુસ્લિમ તથા જિન્નાથી સાવધાન રહેવા ચેતવણી આપી હતી.

હૈદ્રાબાદ નીઝામની ઝાટકણી કાઢી તેને ભારતમાં ભળી જવાની સલાહ આપતાં ડૉ. આંબેડકરે દલિતોને કહ્યું કે "નિઝામ ભારતનો શત્રુ છે. અને દલિતો મુસલમાનો અથવા મુસ્લિમ લીગ ઉપર વિશ્વાસ મૂકશે તો દલિતો સાથે ભયંકર છેતરપીડી થશે. સવર્ણ (રૂઢિવાદી) હિન્દુઓ આપણને ગમતા નથી. (કારણ કે તેઓ દલિતોને ત્રાસ આપે છે.) એટલા જ કારણોસર મુસલમાનોને પોતાના મિત્રો માનવાની દલિતોને (ખરાબ) આદત પડી ગઈ છે. આ એક ભૂલ ભરેલો અભિગમ છે." (કીર : પૃ.૩૯૭)

૧૯૪૨ થી ૧૯૪૭ સુધી ડૉ. આંબેડકર અને મહમદ અલી ઝીન્નાના નિવાસ સ્થાન (પૃથ્વીરાજ રોડ, ઔરંગઝેબ રોડ) દીલ્હીમાં જોડે હોવા છતાં ડૉ. આંબેડકરે કદાપિ ઝીન્નાને મળવાનો પ્રયત્ન કર્યો નહોતો... હા, ઝીન્ના મળવા આતુર હતા અને સમાચાર પણ મોકલતા હતા. (જ્યારે ગાંધીજી સામે ચાલીને ૧૮ દિવસ સુધી ઝીન્નાને મળતા રહ્યા હતા. સમજાવતા રહ્યા... અંતે નિષ્ફળ રહ્યા !!)

(ડૉ. આંબેડકર : લાઈફ એન્ડ મિશન - કીર પૃ. ૩૩૧ તથા) ડૉ. બાબાસાહેબ આંબેડકર (મરાઠી) ભાલચંદ્ર ફડકે પૃ. ૨૧૩ સાભાર)

૧૯૪૫ના મે મહિનામાં મળેલ શીડ્યુલ્ડ કાસ્ટ ફેડરેશનના વાર્ષિક અધિવેશન પ્રસંગે પણ તેમને "કોમવાદી કોયડો અને તેનો ઉકેલ" (Communal Deadlock and Way to Solve it) વિષય ઉપર પ્રવચન આપ્યું હતું. જે પાછળથી પુસ્તકકારે પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. આટલા વ્યસ્ત જીવનક્રમ વચ્ચે પણ તેઓ મુંબઈમાં દલિતો માટે એક "ઈમારત" બાંધવા માંગતા હતા. તે માટે તેમણે "ઈમારત ફંડ"નો પ્રારંભ કર્યો હતો. દલિતો માટે ભવ્ય ભવનનું નિર્માણ કરનાર ડૉ. આંબેડકરને પોતાનું ચાર મિનારનું મકાન માર્ચ, ૧૯૪૧માં વેચવું પડ્યું હતું.

ડૉ. આંબેડકરે ધૈર્યપૂર્વક મક્કમતાથી સમતા માટેનો સંઘર્ષ અવિરતપણે ચાલુ રાખ્યો. ભારતીય રાજકીય સમસ્યા વિશે વિચાર વિનિમય કરી "National Democretic Union" સ્થાપવાની વિચારણા સાથે ડૉ. માનવેન્દ્રનાથ રૉય પ્રચ્છન્ન સ્વરૂપે ડૉ. આંબેડકરને મળ્યા. પરંતુ કોઈ નક્કર પરિણામ આવ્યું નહિ. રાષ્ટ્રના ગૌરવના પ્રતીકસમાં સુભાષચંદ્ર બોઝે પણ ઝીણા-સાવરકર સાથે સાથે ડૉ. આંબેડકરની મુલાકાત લઈ સહકાર માંગ્યો. પરંતુ અછૂતોના પ્રશ્નો અંગે તેમની સ્પષ્ટ ભૂમિકા ડૉ. આંબેડકરને સમજાવી શક્યા નહિ. પરિણામે ડૉ. આંબેડકરે સહકાર માટે 'નન્નો' ભણાવી દીધો. ડૉ. આંબેડકરને તો માત્ર દલિતોના હિતની ચિંતા હતી.

## ૮ : ૨ ડૉ. આંબેડકરનું અમદાવાદમાં આગમન અને અસરો

મહાગુજરાત દલિત રાજકીય પ્રથમ પરિષદ ઉપક્રમે ૧૯૪૧ની ૧૫-૧૬ માર્ચે ડૉ. બાબાસાહેબ આંબેડકર અમદાવાદ પધાર્યા ! ટાઉનહૉલમાં મળેલી સમગ્ર ગુજરાતના પ્રતિનિધિઓની હેકડેઠઠ પરિષદમાં ઠરાવ થયો કે, 'પ્રવર્તમાન સંયુક્ત મતાધિકારી ચૂંટણી પ્રથાને કારણે દલિતવર્ગના સાચા પ્રતિનિધિઓ ચૂંટાઈ શકતા નથી. બહુમતિ હિન્દુ સમાજની દરમિયાનગીરીને કારણે દલિતવર્ગના પૂતળા જેવા પ્રતિનિધિઓ ચૂંટાઈ આવે છે જે દલિતવર્ગોની મુશ્કેલીઓની સાચી કૈફીયત સ્વતંત્ર રીતે રજૂ કરી શકતા નથી. પરિણામે વસ્તીના ધોરણે દલિતવર્ગોને મેળલા રાજકીય અધિકારો માર્યા જાય છે. આથી વસ્તીના ધોરણે દલિતવર્ગોને અનામત બેઠકો ફાળવી તે બેઠકો ઉપર અલગ મતાધિકાર દ્વારા અને કોમ્યુલેટિવ Commulative ચૂંટણી પદ્ધતિ દ્વારા પ્રતિનિધિઓ ચૂંટાવવા જોઈએ. "આ ઉપરાંત હિન્દુ સવર્ણ સમાજની કનડગતથી બચવા કમિશનરોના ખાસ બોર્ડ હસ્તકની **"અલગ વસાહતો"**ની માગણી મૂકી હતી તેમજ ભાવિ નવા બંધારણમાં, પ્રધાનમંડળમાં ઓછામાં ઓછા બે પ્રતિનિધિઓ, તમામ સરકારી ખાતાની

નોકરીઓમાં ૧૫% અનામત ભરતી તથા પબ્લિક સર્વિસ કમિશનમાં પણ દલિતવર્ગોનું હોવું જોઈએ તે મતલબની માંગણીના ઠરાવો થયા હતા. પરિષદના પ્રમુખ આગેવાનો ગંગારામ પરમાર, કરસન લેઉવા તથા મંત્રી વી.ટી. પરમારે કોગ્રેસી હરિજનોના વિરોધ વચ્ચે પણ સફળ બનાવી હતી. સ્વાગત પ્રમુખ પુરુષોત્તમ મકનજી પટણીનું પ્રવચન પણ નોંધપાત્ર રહ્યું હતું. ડૉ. આંબેડકરનો અમદાવાદનો આ બે દિવસનો ઐતિહાસિક પ્રવાસ પ્રેરણાદાયી રહ્યો. અસંખ્ય સ્થળે તેમનું ભવ્ય સ્વાગત થયું. ગુજરાતના દલિતોમાં જાગૃતિના જુસ્સો આણ્યો હતો. અત્યાચારોના મુકાબલો કરવાની હામ આવી હતી. ડૉ. આંબેડકર શક્તિનો ધોધ વહેવડાવી ગયા હતા. દ્વિતીય વિશ્વ વિગ્રહમાં અંગ્રેજોની પરેશાનીનો પાર નહોતો. વિચક્ષણ આંબેડકરે આ પરિસ્થિતિનો સાચો ઉપયોગ કરી ઉપેક્ષિત અછૂતોને લશ્કરમાં લેવડાદી દીધા. ૧૮૯૨માં લોર્ડ કિચનર લડાયક જાતિઓ તથા બીનલડાયક જાતિઓ એવી જાતિઓમાં કૃત્રિમ ભાગ પાડી ખમીરવંતી દલિતવર્ગોની જાતિઓને બીન-લડાયક ઘોષિત કરી દલિતવર્ગો માટે લશ્કરના દરવાજા બંધ કર્યા હતા. બિચારા કિચનેર ક્યાંથી ખબર હોય કે એ વ્યંઢળો બધી જાતિમાં હોય છે. તેમ શૂરવીરો પણ બધી જાતિઓમાં હોય છે. શૂરવીરતા - ખમીરપણું કોઈ વિશેષ જાતિનો ઇજારો નથી જ. કિચનરના આ કૃત્યથી ફલિત થાય છે કે... ઈસ્ટ ઈન્ડિયા કંપની માટે દલિતોએ આપેલી કુરબાની નગુણી સરકાર વિસરી ગઈ હતી."

ડૉ. આંબેડકરે ગવર્નર સમક્ષ સઘળી કૈફિયત રજૂ કરી પરિણામે ખમીરવંતી દલિત જાતિઓ સવિશેષ 'મહાર-ચમાર' જાતિને લશ્કરમાં પ્રવેશ પ્રાપ્ત થયો. અલગ "મહાર બેટેલિયન"ની સ્થાપના થઈ. દલિત વર્ગોના ઉત્સાહનો પાર ન રહ્યો. હજારો યુવાનો લશ્કરમાં ભરતી થઈ ગયા. 'બીન લડાયક જાતિ'નુ કિચનરે લગાવેલું કાળું કલંક મિટાવીને જ ઝંપ્યા. અંગ્રેજોની પરેશાની ઓછી થઈ સાથે સાથે દલિતવર્ગોની સમગ્ર રાષ્ટ્રના રાજકીય ફલક ઉપર ડૉ. બાબાસાહેબ આંબેડકરનું નામ અને કામ ગાંજતાં હતા. અતિ નિર્ધન પરિવારમાં પેદા થયેલ, અપમાની દશામાં ઉછેર પામેલ આત્મબળે આગળ ધપેલ અપાર જ્ઞાન પ્રાપ્ત કરી- એક અછૂત બાળકે મહારાષ્ટ્રનાં પંચરત્નોની હારમાળામાં શિવાજી, ફૂલે, ટિકળ, સાવરકર, આંબેડકર પોતાનું નામ પ્રસ્થાપિત કરી દીધું હતું. રાષ્ટ્રના રાજકારણમાં **ધૂરંધર રાજપુરુષ** તરીકે પંકાઈ રહ્યા હતા. એટલું જ નહિ પરંતુ ધાર્મિક રીતે બહિષ્કૃત, સામાજિક રીતે તિરસ્કૃત, રાજકીય રીતે વિસ્મૃત અને આર્થિક રીતે અપહૃત અછૂતોના 'અનાભિષિકત સમ્રાટ બન્યા હતા. ભારતીય પદદલિતો "મહાન પર્વ'ની જેમ અતિ ઉલ્લાસથી તેમનો જન્મદિવસ પણ ઉજવી રહ્યા હતા. જન્મ દિવસના જલ્સાઓમાં ડૉ. આંબેડકને અપંગોના આધાર, દીનદુખિયાંના પીડભંજક, ઉપેક્ષિતોના ઉદ્ધારક, જુલમી લોકો ઉપરના ગદાપ્રહાર, ઢોંગીઓનો શિરચ્છેદ કરનાર સુદર્શન ચક્ર, દંભીધર્મ માર્તંડના દંભને ચીરનાર નરસિંહ તેમજ માનવતા માટે આજીવન ઝઝુમનાર મહાન યોધ્ધા તરીકે પ્રશંશવામાં આવતા હતા. દલિત કવિઓએ "ભીમભારત" અને 'ભીમાયણ'ની ભવ્યકૃતિઓનું સર્જન કર્યું હતું. ઘેર ઘેર ડૉ. આંબેડકરનાં ગીતો અને રાસડા રચાતા - ગવાતા હતા ! આંબેડકર દલિતોના દેવ બન્યા હતા અને ૧૪મી એપ્રિલ 'દલિતોની દીવાળી' બની હતી.

### તમારી પ્રગતિ ચકાસો - ૧

પ્રશ્નોના ઉત્તરો નીચેની ખાલી જગ્યામાં લખવા.

(૧) ડૉ. આંબેડકરના ગ્રંથ **'પાકિસ્તાન વિષે વિચારો'** અંગે જુદા જુદા દૈનિકપત્રોના અભિપ્રાયો લખો.

_______________________________________________________________________

_______________________________________________________________________

_______________________________________________________________________

(૨) મુસ્લીમ માનસિકતા વિષે ડૉ. આંબેડકરના વિચારો સમજાવો.

_______________________________________________________________________

_______________________________________________________________________

_______________________________________________________________________

(૩) ડૉ. આંબેડકરની અમદાવાદની મુલાકાતની વિગતો આપો.

______________________________________________

______________________________________________

______________________________________________

વાઈસરૉયની કાર્યકારિણીના શ્રમમંત્રી ડૉ.આંબેડકરે પોતાના પ્રચંડ પુરુષાર્થ દ્વારા ગોળમેજીના "સમુદ્ર મંથન"થી અછૂતો માટે "અલગ મતાધિકાર"નું અમૃત આણ્યું હતું. પરંતુ હોઠે આવે તે પહેલાં પૂના કરારે તે અમૃત પ્યાલો આંચકી દીધો. દલિતવર્ગોના પ્રતિનિધિઓની ચૂંટણીમાં કોંગ્રેસ કે સવર્ણો દરમ્યાનગીરી કરશે નહિ. તેવાં ગાંધીજી તથા હિન્દુ આગેવાનોના આશ્વાસન ઉપર ભરોસો રાખી ડૉ.આંબેડકરે "પૂના કરાર" સ્વીકાર્યા હતા. પૂના કરાર એ દલિતો સાથે થયેલી પ્રતારણા હતી. "પૂના કરાર"ની ફલશ્રુતિમાંથી "હરિજન સેવક સંઘ"નું સર્જન થયું. પરંતુ ડૉ.આંબેડકરને તે માફક ન આવ્યું. ડૉ.આંબેડકર અનુભવના અંતે એવા તરણ પર આવ્યા હતા કે આગવો દલિત રાજકીય પક્ષ પૂના કરારથી પદદલિતોને પારાવાર નુકસાન પણ થયું.

ડૉ.આંબેડકર તો દલિતવર્ગોને માનસિક ગુલામીમાંથી મુક્ત કરવા માંગતા હતા. ગરીબીની ગર્તામાંથી બહાર કાઢવા માંગતા હતા. દારિદ્રય દૂર કરવું હતું. અજ્ઞાનતાના અંધકારમાંથી પ્રકાશમાં આણવા હતા. વળી નૂતન સમતાવાદી સંસ્કૃતિનાં પુરસ્કર્તા ડૉ.આંબેડકરને નૂતન ઈતિહાસનું સર્જન કરવું હતું.

ડૉ.આંબેડકરે શોષિત વર્ગને શાસનકર્તા સમાજ બનાવવા તેમજ રાજકારણમાં જાતિભેદ ન લાવવા સ્વતંત્ર મજૂર પક્ષ દ્વારા ભારે પુરુષાર્થ કર્યો હતો. પરંતુ ભારતના રાજકારણની તાસીર જ જુદી હતી. તેમાં જાતિવાદી પ્રવાહો પરાકાષ્ટાએ પહોંચ્યા હતા. જેમાં અછૂતોના અસ્તિત્વ સામે ખતરો પેદા થયો હતો.

બીજી બાજુ, ૧૯૩૯ના દ્વિતીય વિશ્વવિગ્રહે સમગ્ર વાતાવરણમાં વંટોળ પેદા કર્યો હતો. સાત રાજ્યોનાં કોંગ્રેસી મંત્રીમંડળોએ રાજીનામાં આપી અંગ્રેજો સાથે અસહયોગ જાહેર કર્યો હતો. વળી જે સામ્યવદીઓ આ યુદ્ધને "શાહીવાદીઓનું યુદ્ધ" કહી નિંદતાં થાકતાં નહોતા. તેમણે હિટલરના રશિયા ઉપરના આક્રમણ પછી ૧૯૪૨માં એકદમ પલ્ટો લીધો અને (હવે) "શાહીવાદી યુદ્ધ"ને "લોકયુદ્ધ" "The People's War" કહી બ્રિટિશ સરકારને સહયોગ કરવા લાગ્યા હતા. ૧૯૪૨ના પ્રારંભે જાપાની ઝંઝાવાતી આક્રમણે બ્રહ્મદેશ ભાંગી, મલાયા મેળવી. સિંગાપુર સાંસરા નીકળી હિન્દુસ્તાનના સીમાડા સળગાવ્યા હતા. વળી સુભાષચંદ્ર બોઝના "જયહિંદ" તથા "ચલો દિલ્હી"ના નારા સાથેની "આઝાદ હિંદ ફોજ"ની આગે કૂચથી અંગ્રેજો એકદમ અકળાઈ ગયા હતા. બ્રિટિશતાજના "કોહિનૂર હીરા" જેવું હિન્દુસ્તાન ગુમાવવું પડે તે અંગ્રેજોને હરગીજ પરવડે તેમ નહોતું. જેના સામ્રાજ્યમાં સૂર્યાસ્ત ન થાય તેવા અંગ્રેજ સલ્તનતના સરતાજ વડાપ્રધાન ચર્ચીલ પણ ચેતી ગયા અને નાછૂટકે નમતું મૂકી, માર્ચ ૧૯૪૨માં ઘોષણા કરી કે યુદ્ધની પળોજળમાંથી પરવાર્યા પછી હિન્દુસ્તાનની આઝાદી માટે અચૂક વિચારીશું. નહેરું દંપતિના મિત્ર જેવા શ્રી/શ્રીમતિ(ચીનના) ચાંગ-કાઈ-શેક ભારત આવી નહેરુ અને ગાંધીને મળી બ્રિટિશ સત્તાનો ગુપ્ત સંદેશો પણ આપી ગયા અને સહયોગની શિખામણ પણ દેતા ગયા. વળી આ કોકડાનો ઉકેલ આણવા વડાપ્રધાન ચર્ચીલે રશિયન રાજદૂત તરીકે સફળ નીવડેલા તેમજ બ્રિટિશ રાજકારણમાં તેમને કઠતા રાજકીય સ્પર્ધક કુશાગ્ર બુદ્ધિમાન ક્રિપ્સને હિન્દુસ્તાન રવાના કરી દીધા હતા. પેચીદી-પ્રવાહી પરિસ્થિતિમાં દલિતોના હિતો માટે અડીખમ ઉભા હતા. મુંબઈ રાજયની વિધાનસભામાં અંતિમ સત્રમાં સાફ કહી દીધું કે, "મારી પ્રથમ નિષ્ઠા મારા દલિતો પ્રત્યે છે." અને બ્રિટિશ મુત્સદ્દી સ્ટેફર્ડ ક્રિપ્સને પણ કહ્યું કે, "હું દલિતોના નેતા હોવાનું પ્રથમ પસંદ કરું છું."

## ૮:૩ આગવા દલિત રાજકીય પક્ષની પૂર્વભૂમિકા

સ્વતંત્ર મજૂર પક્ષના પ્રમુખ-પ્રવક્તા તરીકે દલિતોની કેફિયત કહેવી તે ક્રિપ્સને કહી. ડૉ.આંબેડકરને તેમણે સામો પ્રશ્ન કર્યો, "તમે સ્વતંત્ર મજૂર પક્ષના ઉપક્રમે દલિતોની કેફિયત કેવી રીતે રજૂ કરી શકો ? તે માટે દલિતવર્ગોની કોઈ સંસ્થા ઉચિત લેખાશે."

આર્ષદ્રષ્ટા ડૉ.આંબેડકર સમયનાં એંધાણ પારખી ગયા. વળી ખોરા ટોપરાં જેવી ક્રિપ્સનની દાનતને પણ કળી ગયા. તુરંત તાર કરી બ્રિટિશ સત્તાને લખ્યું કે, "ક્રિપ્સ યોજના દલિતોને દગો કરનારી છે. છ કરોડ દલિતોના પ્રતિનિધિને સત્તામાં સામેલ ન કરી દલિતોની ક્રૂર મજાક કરવામાં આવી છે."

બીજી બાજુ તાત્કાલિક તાર દ્વારા માર્ચ, ૧૯૪૨માં સમગ્ર ભારતના દલિત આગેવાનોને બોલાવી પોતાના નિવાસ સ્થાને દિલ્હીમાં મિટીંગ લીધી. દલિતવર્ગોનાં હિતો સામે આવી રહેલા જોખમનો સંપૂર્ણ ચિતાર આપ્યો, "દલિતવર્ગોનાં આગવા રાજકીય મંચ"ની આવશ્યકતા પણ બધાને ગળે ઉતરાવી દીધી. વિચક્ષણ આંબેડકરે નવીન "દલિત દળ"નું નામ, બંધારણ, કાર્યક્રમ બધું જ તૈયાર કરી દીધું હતું. ફક્ત ઔપચારિક રીતે આગેવાનોની સંમતિ મેળવવાની હતી.તે વિધિ તેમણ પૂર્ણ કરી દીધી. ૧૮,૧૯ જુલાઈ નાગપુરમાં અખિલ ભારતીય દલિતવર્ગ અધિવેશન ભરી આ સંસ્થાનો જન્મ આપવાનો કાર્યક્રમ પણ નક્કી કરી દીધો. અલગ દલિત રાજકીય મંચના મંડળની જોરદાર પૂર્વ તૈયારીઓ ચાલી રહી હતી. તે દરમ્યાન એક આનંદ અને ગૌરવની ઐતિહાસીક ઘટના ઘટી.

## ૮:૩:૧ ડૉ.આંબેડકર વાઈસરોયની કાર્યકારિણી સદસ્ય અને તેની પ્રતિક્રિયાઓ :

તા. ૨-૭-૧૯૪૨ના દિવસે ગર્વનરે જનરલે વાઈસરૉયની કાર્યકારિણીના સન્માનીય સદસ્ય તરીકે ડૉ.આંબેડકરની નિમણૂંકની સત્તાવાર ઘોષણા કરી. મજૂર મંત્રી તથા બાંધકામ ખાતાનો હવાલો તેમને હસ્તક સોંપવામાં આવ્યો. સમગ્ર શોષિતવર્ગના ઉલ્લાસનો પાર નહોતો. શુભેચ્છાઓનો ગંજ ખડકાયો. અસંખ્ય સામયિકોએ સંપાદકીય લેખો લખી શુભેચ્છાઓ પાઠવી. "ટાઈમ્સ ઑફ ઈન્ડિયા" જેવા રાષ્ટ્રના અગ્રગણ્ય અખબારે લખ્યું કે- "એક અસ્પૃશ્યની હિન્દી સરકારની કાર્યકારિણી (કેબિનેટ)માં થયેલી નિમણૂંક આ દેશના ઈતિહાસનું પ્રથમ ઉદાહરણ છે." વાત તદ્દન સાચી હતી. સૈકાઓથી જેમને છેટા રાખેલા લોકોને વળી "વહીવટ"માં સ્થાન ક્યાંથી હોય ? ડૉ.આંબેડકર પોતાની સાચી દિશાના સંઘર્ષ દ્વારા દલિતવર્ગોને શાસનકર્તા સમાજ બનાવવા પોતાના સ્વપ્નને સાકાર થતું નિહાળી રહ્યા હતા. આ અગાઉ નેશનલ ડિફેન્સ કાઉન્સિલમાં ડૉ.આંબેડકર અને એમ.સી.રાજાની નિમંણૂક થઈ હતી, પરંતુ ડૉ.આંબેડકરને તેનાથી સંતોષ ન હતો. તેમણે સંઘર્ષ ચાલુ રાખ્યો અને વાઈસરૉયની કેબિનેટમાં પણ દલિતવર્ગોને સ્થાન મળવું જોઈએ તેવી જોરદાર માંગણી મૂકી અને અંતે તેમને જ્વલંત સફળતા મળી હતી. શુભેચ્છકોનો આભાર માનતાં તેમણે કહ્યું કે,

***"હિન્દુધર્મના કટ્ટર ટીકાકાર જાણી મારો ઉપયોગ હિન્દના સ્વાતંત્ર્ય વિરુદ્ધ કરવા માટે (કદાચ) બ્રિટીશ શાસને મારી નિમણૂંક કરી હશે તો પણ હું હિન્દુ સમાજ તેમજ તેનાં અસંખ્ય સામાજિક દૂષણો વિરૂધ્ધ જે કંઈ આલોચના કરતો હતો તેનાં કરતાં પણ સેંકડો ગણી બ્રિટીશ શાસનની કરીશ જ. વળી બ્રિટિશ શાસનકર્તાઓ મારો (દૂર) ઉપયોગ તેમના સામ્રાજ્યને સ્થિર કરવા માટે કરવાના હશે તો તે હું થવા દઈશ નહિ. દલિતોને હું બ્રિટિશરોના પાશવી પંજામાંથી મુક્ત કરી બહાર કાઢીશ તેની ખાત્રી આપું છું."***

(The Years of Freedom P. 58-59) દેશભક્ત ડૉ.આંબેડકરની નિર્ભય વાણી ઉપર લોકો વારી ગયા. સન્માન સમારંભનો તો પાર ન રહ્યો હતો.

મુંબઈના **"સન્ડે સ્ટાન્ડર્ડ"** નામના અંગ્રેજી દૈનિકે લખ્યું કે, "ડૉ.આંબેડકરને સંપૂર્ણ યોગ્ય એવું મંત્રીપદ પ્રાપ્ત થયું છે. કારણ કે, તેમનું સમગ્ર જીવન શ્રમજીવીઓના શ્રેયાર્થી તરીકે જ વીત્યું છે. સ્વતંત્ર પ્રતિભાવાળા આંબેડકર કદાપિ હજુરિયાનું કામ કરશે જ નહિ, ભલે સરકારની આંખમાં ખૂંચે..." આ સન્માનનીય પદ પ્રાપ્ત કરનાર તે પ્રથમ દલિત અને પ્રથમ લોકનેતા હતા !!

વચ્ચે ૧૯૪૨માં તેમનો ૫૦મો સુવર્ણ જન્મજયંતી ઉત્સવ જનતાએ ભારે ધામધૂમથી ઉજવ્યો. ૪૯ સાર્વજનિક સંસ્થાઓએ નવ દિવસ સુધી કાર્યક્રમોનું આયોજન કર્યું. તેમના દીર્ઘાયું માટે પ્રાર્થનાઓ પણ થઈ. વળી મહારાષ્ટ્રના 'કાશી' કહેવાતાં પુરાણમતવાદી નગરી પૂના લોકલ બોર્ડમાં તેમનું તૈલચિત્ર પણ મૂકવામાં આવ્યું. ૪૯ વર્ષની નાની ઉંમર અને તેમની પોતાની હયાતીમાં તેમનુ તૈલિચત્ર મૂકાય તે દ્રષ્ટિએ તેઓ ભારે ભાગ્યશાળી હતા. વક્તાઓએ -નેતાઓએ પોતાના પ્રવચનમાં તેમની મહાન સેવાઓને બિરદાવી સમગ્ર ભારતના મહાન નેતા તરીકે તેમની પ્રસંશા કરી. અલબત્ત આ કાર્યક્રમમાં સિંહફાળો સવર્ણ હિન્દુઓનો હતો તે પણ નોધવું જ રહ્યું.

મુંબઈની ચોપાટી પરની વિરાટ સભામાં પ્રમુખ બેરિસ્ટર મુકુંદરાવ જયકરે ભારે જયઘોષ વચ્ચે કહ્યું કે, "ડૉ.આંબેડકરની કામ કરવાની આગવી શૈલી તથા સ્વતંત્ર વિચારધારાને કારણે દલિતવર્ગોમાં કલ્પનાતીત જાગૃતિ આવી છે."

સુવર્ણ જયંતિ મહોત્સવ સમિતિના પ્રમુખ તથા ડૉ.આંબેડકરના અનન્ય સાથીદાર આચાર્ય મોરેશ્વર વા.દોંદે એ કહ્યું હતું કે, ભારતના શકવર્તી મહાપુરુષોમાંના એક એવા બાબાસાહેબ આંબેડકર મહાન રાષ્ટ્રભક્ત છે.

રાષ્ટ્રના માતબર અખબારો 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા', 'બોમ્બે ક્રોનિકલ', 'મહારાષ્ટ્ર' ઈત્યાદિ દૈનિકોએ ડૉ.આંબેડકરની ભવ્ય સેવાઓને બિરદાવી હતી. વળી એ પણ સ્વીકાર્યું હતુ કે, દલિતવર્ગોને જે રાજકીય દરજ્જો પ્રાપ્ત થયો છે તે ડૉ.આંબેડકરના ભગીરથ પુરુષાર્થનું પરિણામ છે. પૂનાના 'જ્ઞાનપ્રકાશ' દૈનિકે પ્રકાશ પાથરતાં લખ્યું કે, 'નિર્ભિક-નિઃસ્વાર્થ ડૉ.આંબેડકરનું જીવન હિન્દી જનતા માટે ધ્રુવ તારા સમાન છે. કારણ કે ડૉ.આંબેડકર સસ્તી લોકપ્રિયતા કે સફળતા માટે પોતાના આત્માનો સોદો ન કર્યો હતો. "દૈનિક પ્રભાતે" તેમને આધુનિક ભારતના ક્રાંતિકારી યુગપુરૂષ કહ્યા.

હિન્દુ મહાસભાના નેતા સ્વાતંત્ર્ય વીર સાવરકરે લખ્યું કે, ડો.આંબેડકરનું ઉત્તુંગ વ્યક્તિત્ત્વ, પ્રચંડ વિદ્વતા, અમાપ સંગઠન ક્ષમતા અને અભિજાત નેતૃત્વના કારણે પદદલિતોમાં આત્મવિશ્વાસ જાગૃત થયો. ચેતના આવી. જેને કારણે ડો.આંબેડકર રાષ્ટ્રના એક આધારસ્તંભ તરીકે સ્વીકારાયા છે. તેમનું માનતવતાવાદી સ્વદેશાભિમાની કાર્ય યુગાંતર ચિરસ્થાયી રહેશે. (તેમણે રત્નાગીરીમાં નિર્માણ કરેલા પતિતપાવન હિન્દુ મંદિરનું ઉદઘાટન ડો.આંબેડકરના વરદ્ હસ્તે કરાવવા માંગતા હતા.)

બોમ્બે સેન્ટ્રીનલના તંત્રી હોર્નમને લખ્યું કે, "ડો.આંબેડકરે તેમની પ્રખર, મેઘા, મહાન રાષ્ટ્ર સેવા, તેમજ દલિતવર્ગોની સેવા દ્વારા દેશનું પ્રથમ શ્રેણીનું નેતૃત્ત્વ પ્રાપ્ત કર્યું છે. સમગ્ર વિશ્વમાં માનવ સ્વાતંત્ર્ય માટે ઝઝૂમતા લોકો માટે ડો.આંબેડકરનું મહાનકાર્ય પ્રેરણાદાયી-સન્માનીય રહેશે. "ડો.આંબેડકરને સન્માન સાથે 'થેલી' અર્પણ કરવામાં આવી.

વીરપૂજાના વિરોધી ડો.આંબેડકરે જન્મજયંતિ ઉત્સવો અંગે નાપસંદગી વ્યક્ત કરતા કહ્યું કે, -

**"મારી જયંતિ ઉજવવાની આ ટેવ તમે લોકો છોડી દો. જે સમાજ કોઈપણ વ્યક્તિને ઈશ્વર તુલ્ય માની તેની પ્રશંસા-પૂજામાં પડી જાય છે.તે સમાજ વિનાશના પંથે જાય છે તેવું મારું માનવું છે. કોઈપણ વ્યક્તિત્વમાં મહામાનવના દૈવીગુણો હોઈ શકે નહિ. પ્રત્યેક માનવ પોતાના પુરુષાર્થ દ્વારા જ પ્રગતિ કરી શકે છે કે પાછળ રહી જાય છે."**

હવે પાછા ડો.આંબેડકર પોતાન નિર્ધારિત કાર્યક્રમ મુજબ દલિતવર્ગો માટે સ્વતંત્ર રાજકીય મંચ માટે મંડી પડ્યા. નિર્ધારિત કાર્યક્રમ અનુસાર ૧૮-૧૯ જુલાઈ, ૧૯૪૨ના દિવસે નાગપુરના મોહનપાર્કના મેદાનમાં ભારતના દલિતો ભેગા થયા. દલિતવર્ગોની આ ત્રીજી અખિલ ભારતીય સ્તરની પરિષદ હતી. એક લાખની જનમેદનીમાં જયઘોષ સાથે **'ઓલ ઈન્ડિયા શીડયુલ કાસ્ટ ફેડરેશન (ભારતીય દલિત મહામંડળ)"**ની સ્થાપના કરવામાં આવી.' જેના પ્રમુખ તરીકે તેમજ આ પરિષદના પ્રમુખ તરીકે ડો.આંબેડકર જ નક્કી થયા હતા. પરંતુ સરકારે તેમની નિમણૂંક વાઈસરૉયની કાર્યકારિણીમાં કરી હોવાથી શીડયુલ કાસ્ટ ફેડરેશનના પ્રમુખનું બહુમાન ડો.આંબેડકરના અનન્ય સાથીદાર મદ્રાસ લૉ કોલેજના પ્રોફેસર અને કીંગ્સ મિશન કમિટિના સદસ્ય (મદ્રાસના ધારાસભ્ય) શ્રી એન. શિવરાજને પ્રાપ્ત થયું હતું. પરિષદના મુખ્ય મહેમાન તરીકે ડો.આંબેડકર જ હાજર રહ્યા હતા. ડો.આંબેડકરને શોષિતો તરફથી સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું.સન્માનપત્રનો ઉત્તર આપતાં તેમણે પ્રેરણાદાયી સંદેશો આપ્યો. - ભણો-ભેગા થાવ અને ભૂચાલ પેદા કરો.**"શિક્ષિત બનો, સંઘર્ષ કરો - સંગઠિત થાવ"**

આમ શીડયુલ કાસ્ટ ફેડરેશન એ દલિતોનો પ્રથમ અલગ સ્વતંત્ર રાજકીય મંચ હતો. આ પ્રસંગે ૨૦મી જુલાઈએ અખિલ ભારતીય દલિતવર્ગ મહિલા પરિષદ શ્રીમતિ સુલોચના બહેન ડાંગરેની (અમરાવતી) અધ્યક્ષતામાં મળી હતી. ડો.આંબેડકરની ચળવળમાં મહિલાઓની સંખ્યા હંમેશા વધારે વિશાળ રહેતી હતી. સમતા સૈનિકદળની પરિષદની પંજાબના ગોપાળસિંહ (ધારાસભ્ય)ની અધ્યક્ષતામાં ભરવામાં આવી હતી. સમગ્ર ભારતમાંથી પ્રતિનિધિઓ પધાર્યા હતા. જે ડો.આંબેડકરના રાષ્ટ્રીય સંગઠનની સિદ્ધિ હતી પરિષદમાં મુખ્ય પાંચ પ્રસ્તાવ પારિત કરવામાં આવ્યા હતા.

(૧) ક્રિપ્સ યોજના દલિતોને દગો દેનારી છે તેથી તેનો વિરોધ કરવો.

(૨) સંવિધાન સમિતિની ત્વરિત રચના કરવાની માંગણી.

(૩) દલિતોના સંરક્ષણની ભાવિ સંવિધાનમાં જોગવાઈ કરવાની માંગણીઓ.

(૪) અછૂતોની અલગ મતાધિકાર અને અલગ વસાહતો Seperate Settlement તથા સેટલમેન્ટ કમિશ્નરની માંગણી, પાંચ કરોડ રૂપિયાનું ભંડોળ, ગ્રામ્ય વ્યવસ્થાની પુનઃ રચના, ધારાસભા, લોકલ બોર્ડમાં પુરતું પ્રતિનિધિત્વ ઈત્યાદિ મહત્વની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સેપરેટ સેટલમેન્ટ (અલગ વસાહતો)ની તેમની મૌલિક માંગણી બાબતે ભારે ગેરસમજ પેદા કરી છે. કેટલાક લોકોએ તેને તોડીમરોડી 'દલિતસ્તાન' સુધી ઘસડી જવાની ધૃષ્ટતા પણ કરી છે. હકીકત તદ્દન જુદી છે. દલિતવર્ગોના લોકોને વિશાળ સમુહમાં જિલ્લા કે તાલુકા સ્થળએ વસાવવાની આ વાત છે.(૧૯૮૧-૮૫ના અનામત સામેના હુલ્લડો પછી શહેરોમાં આ જ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. તે હકીકત છે.)

(૫) દલિતોના હિતો-હક્કોની હિફાઝત માટે 'ઓલ ઈન્ડિયા શિડયુલ કાસ્ટ ફેડરેશન'ની સ્થાપનાનો પ્રસ્તાવ પાંચ દ્વારા કરવામાં આવ્યો હતો, જેનો ઉદ્દેશ પણ પ્રસ્તાવમાં સ્પષ્ટ કરવામાં આવ્યો હતો. જે ઉદ્દેશ હતો.

હિન્દુસ્તાનના રાજકીય જીવનમાં દલિતવર્ગોને, સ્વતંત્ર, સ્વાયત્ત દરજ્જો અને મોભાનું સ્થાન પ્રાપ્ત કરાવવું તેમજ તેમની સંખ્યા તથા મહત્ત્વને ધ્યાનમાં રાખી તેમને મળવા જોઈએ તે બધા રાજકીય, સામાજિક, આર્થિક અધિકારો અપાવવા.

**તમારી પ્રગતિ ચકાસો -૨**

**નીચેની જગ્યામાં તમારાં જવાબો લખો.**

(૧) ડૉ.આંબેડકરે દલિતો માટે અલગ રાજકીય પક્ષની રચના કેમ કરી ?

(૨) ડૉ.આંબેડકરની વાઈસરોયની કાર્યકારિણીમાં થયેલી નિમણૂંકનું મહત્ત્વ સમજાવો.

(૩) ક્રિપ્સ યોજના વિષેના ડૉ.આંબેડકરના વિચારો લખો.

(૪) ડૉ.આંબેડકરની જન્મજયંતિની ઉજવણીની વિગતો આપી તેમના વ્યક્તિપૂજા વિરોધી વિચારો સમજાવી તેમનાં સંદેશાના સૂત્રો લખો.

શિડયુલ કાસ્ટ ફેડરેશનની સ્થાપનાના ઐતિહાસિક કાર્યક્રમમાં ગુજરાતના પ્રતિનિધિ તરીકે અમદાવાદના દિગવંત પી.એમ.પટ્ટણીએ (પુરુષોત્તમ મકનજી પટ્ટણી) ઉપસ્થિત રહી પ્રવચન કર્યું હતું. ભારતના રાજકીય ઈતિહાસમાં શિડયુલ કાસ્ટ ફેડરેશન એ દલિતવર્ગોનો પ્રથમ રાજકીય પક્ષ હતો. શિડયુલ કાસ્ટ ફેડરેશનની સફળતાનું સઘળું શ્રેય ડૉ.આંબેડકરના ઉત્તમ વિચારો તેમનો પ્રચંડ પુરુષાર્થ અને ઉત્તુંગ વ્યક્તિને આપી શકાય.

## ૮:૩:૨ મજૂર કલ્યાણ અંગેની ડૉ.આંબેડકરની કામગીરી

વળી વાઈસરૉયની કારોબારીમાં સર્વ પ્રથમ નિમાયેલા પ્રથમ જનનેતા ડૉ.આંબેડકર પણ પોતાના કામોથી ઝળકી ઉઠ્યા હતા. સવિશેષ મજૂર કલ્યાણના કાર્યો માટે તેઓ કાયમ યાદ રહેશે. અગાઉ આપણે જોયું હતું કે, તેમણે ૧૯૩૬-૪૨ 'સ્વતંત્ર મજૂર પક્ષ'ના નેજા નીચે કિસાનો-કામદારો માટે સતત લડતો આપી. આક્રમક ભૂમિકા અદા કરી મજૂરોના કલ્યાણના કેટલાય કાયદા કરાવ્યા હતા. પરંતુ હવે તેઓ પોતે જ મજૂર મંત્રી હતા. વળી 'મજૂર બાળક' તરીકેના 'કષ્ટદાયક જીવન'નો તેમને જાત અનુભવ હતો. રેલવે સ્ટેશન ઉપર કૂલી તરીકે પણ તેમણે કામ કર્યું હતું એટલે હવે તેમણે મજૂરોના હિત માટે કમર કસી, મહત્તમ માંગણીઓના કાયદાઓનો અમલ કરાવ્યો હતો. તેમણે મજૂર કલ્યાણના ૪૦ જેટલા કાયદા કરાવ્યા હતા. જેનાં મીઠા ફળો મજૂરો આજે ચાખી રહ્યા છે. કામના કલાકોમાં ઘટાડો, (કામના આઠ કલાક) ડૉ.આંબેડકર દ્વારા આઠ કલાક થયા. ગ્રેજયુએટી, હક્કરજા, પ્રોવિડંડ ફંડ, કેજયુઅલ રજા, અકસ્માતમાં વળતર, સોના-તાંબાની તથા કોલસાની ખાણના ખાણિયા કામદારોની સલામતી તેમજ ભૂગર્ભમાં સ્ત્રી કામદારો ઉપર પ્રતિબંધ, સ્ત્રીઓને હળવું કાર્ય, સ્ત્રીઓ માટે પ્રસૂતિ પૂર્વ-પછીની રજાઓ, ગ્રામ વિસ્તારમાં ખેત-કામદાર સ્ત્રીને પણ રજાઓ આપવી જોઈએ. તેવી રજૂઆત છેક તા. ૨૮-૭-૧૯૨૮માં ધારાસભામાં તેમણે કરી જ હતી. કારખાનામાં સ્ત્રી કામદારોના બાળકો માટે 'ઘોડિયા ઘર' બાળકોને મફત શિક્ષણ નિયમો-યોજનાઓ તેમજ કલ્યાણ કાર્યક્રમો કરાવવાનો મહત્તમ શ્રેય ડૉ.આંબેડકરને ફાળે જાય છે. 'મજુર મુક્તિ' આંદોલનમાં તેમણે દેશી રાજયોના મજૂરોને પણ સામેલ કર્યા હતા. જેની ભોપાલના નવાબે ઘણી જ પ્રશંસા કરતા કહ્યું હતું કે, આ એક શ્રેષ્ઠ નિર્ણય છે કે જેના કારણે દેશી રાજયોના પ્રતિનિધિ પેરિસની આંતરરાષ્ટ્રીય પરિષદમાં (ઓકટોબર, ૧૯૪૫) પ્રથમવાર ભાગ લઈ શકે છે. મજૂરો અને માલિકો વચ્ચેના સુમેળ-સમાધાન માટે તેમણે કેન્દ્ર સરકારમાં ખાસ Chief Labour Commisioner ની જગ્યા ઉભી કરાવી હતી અને તે જગ્યાએ મુંબઈ હાઈકોર્ટના વિદ્વાન વકીલ એસ.સી.જોષીની નિમણૂંક પણ તેમણે જ કરાવી હતી. સમગ્ર ભારતમાંથી દલિતવર્ગના ગ્રેજયુએટ યુવાનોને વીણી-વીણીને તેમણે સારી જગ્યાઓ ઉપર ગોઠવી ગેઝેટેડ ઓફિસર બનાવ્યા હતા. એક સમયના કોંગ્રેસ પ્રમુખ તથા આંધ્રના મુખ્યમંત્રી પદે પહોંચેલા દામોદર સંજીવયાને ૧૯૪૩માં મદ્રાસમાં સિવિલ સપ્લાય ઈન્સપેકટર તરીકે ડૉ.આંબેડકરે જ મૂકાવ્યા હતા. (શંકરાનંદ શાસ્ત્રી : યુગપુરુષ બાબાસાહેબ પૃ.૩૨૧)

કોંગ્રેસી હરિજન આગેવાન જે સ્વતંત્ર ભારતમાં ૩૨ વર્ષ સુધી પ્રધાન રહ્યા હતા તે બિહારી બાબુ જગજીવનરામે પણ લેબર ઓફિસરની જગ્યા માટે ડૉ.આંબેડકરને અરજી કરી હતી. પૂરણચંદ મિસ્ત્રી-કડિયાને પહેલાં ઓવરસિયર અને અંતે ઈજનેર પદે પહોચાડ્યાં હતો. જેણે 'તાજમહલ'ની મરમ્મત કરી હતી. (My Momeries and Experiences S.N.Shastri PP.100) ટ્રેડ યુનિયનનોને માન્યતા આપવામાં મહત્ત્વની કામગીરી કરી હતી. આ ઈન્ડસ્ટ્રીઝરીલેશન ઓફિસર (મજૂર ખાતાના લેબર ઓફિસર)ની પરિષદમાં મજૂરોનાં હિતોની હિફાઝત કરવાની મક્કમ ભલામણ કરતા કહ્યું છે કે,-

**'મજૂરોને ગમે તેવી કિંમતે ખરીદીને ગમે તેમ વાપરી નંખાય તેવી માલિકોની માન્યતા તદ્દન વાહીયાત છે. તેમણે તાકીદે આવી માન્યતા છોડી દેવી જોઈએ. માલિકો લીંબુની જેમ મજરોને ચૂસી ફેંકી છે. મજૂરોના આવા ઉપયોગ થઈ શકે જ નહી. માલિકોને મજૂરોને વ્યાજબી પગાર આપવો પડશે. બીજી ભાષામાં કહીએ તો મજૂરોના શોષણોનો અંત લાવવો જ પડશે. સરકાર અને પ્રજાની ફરજ છે કે તેઓ સમજે કે મજૂરોનો પ્રશ્ન સામાજિક જાહેર પ્રશ્ન છે, તે માત્ર માલિક અને મજૂરો પૂરતો મર્યાદિત નથી જ."**

૧૯૪૨ની અમદાવાદના મિલ કામદારોની મીલ માલિક તથા કોંગ્રેસ દ્વારા આરોપિત હડતાળ સમયે પણ તેઓ સતત સંપર્કમાં રહેતા. કલેકટરોને હુકમ આપતા રેડિકલ હ્યુમિનિસ્ટ અને સામ્યવાદી ટ્રેડ યુનિયનોને મહત્તમ સહયોગ કરતા અને મીલ કામદારોને પરેશાની ન થાય તેનું ખાસ ધ્યાન રાખતા હતા.

## વાલ્મિકી સમાજ માટેની કામગીરી.........

સમાજના સૌથી છેવાડાના સફાઈ કામદારો (વાલ્મિકી સમાજ) તરફ તેમનું ધ્યાન વાલ્મિકી સમાજ માટેની ડૉ.આંબેડકરની કામગીરી સવિશેષ હતું. સફાઈ કામદારોની હાલત ઘણી જ દયાજનક હતી. દેશના મુખ્ય શહેરની સુધરાઈના સફાઈ કામદારો માત્ર એકાદ અઠવાડિયું ગેરહાજર રહેતો પણ તેમને એક મહિનાથી માંડી બે મહિના સુધીની સજા અને દંડની જોગવાઈ સુધરાઈના કાયદાઓમાં હતી અને કેટલેક સ્થળે આવી સજા કરવામાં પણ આવી હોવાના કિસ્સા પણ નોંધાયા છે. આ પરિસ્થિતિમાં બિચારા સફાઈ કામદારો હડતાળની તો કલ્પના જ કયાંથી કરી શકે? ગાંધીજી ગંદુ સાફ કરાવાનો તેમજ ચર્મકામ ઈત્યાદિ કાર્યને પુણ્ય કાર્ય ગણી સફાઈ કામદારોને તે ચાલુ રાખવા ઉપદેશ આપતા જયારે ડૉ.આંબેડકર ગંદા વ્યવસાય છોડી ભારતના અન્ય નાગરિકો જેવું જીવન જીવવાની પ્રેરણા આપા હતા. એક ભંગી યુવકેને શૈક્ષણિક લાયકાત 'કન્ડોન' કરી વધુ અભ્યાસ માટે ઈંગ્લેન્ડ મોકલ્યો હતો. આ માટે ૧૯૪૦માં તેમણે મુંબઈ સફાઈકામદારોનું સંગઠન કર્યું હતું. જેનું મૂળ નામ મ્યુનિસિપલ કામદાર યુનિયન હતું.જે આગળ જતાં **મુંબઈ મ્યુનિસપલ કામદાર સંઘ**ના નામે પ્રસિદ્ધ થયું હતું. ડૉ.બાબાસાહેબ આંબેડકર વર્ષો સુધી તેના સ્થાપક-પ્રમુખ હતા. દિલ્હીનું સર્વપ્રથમ સફાઈ કામદાર સંગઠન મ્યુનિસિપલ કામદાર યુનિયન પણ ડૉ.બાબાસાહેબની પ્રેરણા અને નેતૃતવ હેઠળ સ્થપાયું હતું. ડૉ.આંબેડકરના આદેશથી ગુજરાતના દલિત કામદાર નેતા શ્રી કરશનદાસ માનસિંહ લેઉવાના અથાગ પ્રયત્નોને પરિણામે ૧૯૪૩માં અમદાવાદમાં પણ મ્યુનિસિપલ કામદાર સંઘની સ્થાપના કરવામાં આવી હતી. દિવંગત ગંગારામ પરમાર, નારણભાઈ ચૌહાણ, મગનલાલ ટી. દવે ઈત્યાદિ કામદાર આગેવાનોના પ્રયત્નોને પરિણામે કામદારોના હકો માટે કામદાર સંઘે અસંખ્ય લડતો પણ આપી હતી. 'માથેમેલું, સાંજે વાળું આલજો મા-બાપ, પોકારવાળી' પ્રજાના ન્યાયી અધિકારો માટે પ્રથમ યુનિયન-પ્રથમ લડત આપી હતી. જેમાં તા. ૧૨-૬-૧૯૪૬ની અમદાવાદ સફાઈ કામદારોને ૧૮ દિવસની ઐતિહાસિક હડતાળથી અમદાવાદ મ્યુનિસિપાલિટીનું સમગ્ર તંત્ર ખોરવાઈ ગયું હતું. અમદાવાદ મ્યુનિસિપલ સુધરાઈના પ્રમુખ શ્રી મણિભાઈ ચતુરભાઈ શાહ ઘેર ઘેર ફરતા હતા. ગરીબ સફાઈ કામદારોને કંઈક આપવાને બદલે તેમની હડતાળ તોડવા રૂપિયા ૪૪૦૦ વેડફી નાંખ્યા હતા. મુંબઈના આંબેડકરી કામદાર નેતા બેરિસ્ટર સમર્થે તેની કાનૂની કાર્યવાહી કરી હતી. કાનૂની નોટિસમાં વી.ટી.પરમારે સહી કરી હતી.મટકે બુવા (ગણપત.એમ.જાદવ) અને પી.ટી.બોરાલે જાતે (અમદાવાદમાં) હાજર રહી જેનું માર્ગદર્શન કર્યું હતું. તે હડતાળ અંતે સફળ થઈ સમાધાન થયું અને સફાઈ કામદારોને અસંખ્ય લાભો અપાવ્યા હતા.ઓગષ્ટ ૧૯૪૬ના અરસામાં નવી દિલ્હીના ભંગીભાઈઓએ પોતાની ન્યાયિક માંગણીઓ માટે માત્ર બે દિવસની હડતાળ કરી. તેમની સામે "ભારતીય ડિફેન્સ એક્ટ અન્વયે કાર્યવાહી કરવામાં આવી. નિરાશ હતાશ હડતાલિયા કામદારો એ ન્યાય પ્રાપ્તિ અર્થે સંકટની સાંકળસમા મહાત્મા ગાંધીજીનાં દ્વાર પણ ખખડાવ્યાં. ૫ સપ્ટેમ્બરે દિલ્હી ભંગી કોલોનીમાં તાર કર્યો. મહાત્માજીએ કહ્યું કે પહેલાં તો તમો તમારા અપકૃત્ય માટે માફી માંગો પછી જ નહેરુ સરકારને ભલામણ કરીશ. ભયભીત ભંગી કામદારોએ કહ્યું, "ન તો અમે ચોરી કરી છે ન તો ખૂન લૂંટ.. અમે અમારા પેટ (પગાર) માટે નાછૂટકે હડતાળ કરી છે."ગાંધીજી પાસેથી નિરાશ થઈ ચાલી નીકળેલા કામદારો ડૉ.આંબેડકર પાસે પહોચ્યા... ડૉ.આંબેડકરની દરમ્યાનગીરીને કારણે તેમને બધાને કામે લેવામાં આવ્યા. (શંકરાનંદ શાસ્ત્રી : પૂના કરાર પૃ. ૧૯૩)

અમદાવાદ મિલ માલિકોના આમંત્રણ ને માન આપી ગાંધીજીએ ૧૯૨૦માં મજૂર મહાજન સંઘની સ્થાપના કરી હતી. વળી સ્થાપનાથી તે સ્વર્ગવાસ થયો ત્યાં સુધી (તા.૧૬-૯-૧૯૭૨ સુધી) મિલમાલિકના બહેન સ્વ. અંનસૂયાબહેન સારાભાઈ તેના પ્રમુખ રહ્યાં હતાં અને સ્વ.શંકરલાલ બેંકર તેના કર્તા હતા. મિલમાલિકો પોતે જ મજૂર સંગઠનો સ્થાપે તેવો જગતના ઈતિહાસમાં આ પહેલો અને (કદાચ) છેલ્લો પ્રસંગ છે. તે અનસૂયાબહેનના શબ્દોમાં "મહાજન એટલો મોટા મનના સજ્જન માણસો કે જેનું મંડળ "કોંગ્રેસ સમર્થિત સજ્જન માણસોનું મંડળ-આ મજૂર મહાજન સંઘ પણ ગરીબ સફમઈ કામદારોની હડતાળ તોડવા મેદાને પડયું હતું !!

અમદાવાદના દલિતવર્ગની ૧૩૭ જેટલી હોટલો હતી. આ હોટલ માલિકને ખાંડનો "અલગ કવોટા" ફાળવી તેમની આજીવિકા-હોટલ ચાલે તેવો પ્રબંધ તેમણે તે સમયે કર્યો હતો. રેશનિંગ સુપરવાઈઝર તરીકે સ્વ.ગોવિંદ સાધુની નિંમણૂંક પણ ડૉ.આંબેડકરને આભારી હતી, આગળ જતાં તેઓ ઈન્કમટેક્ષ કમિશ્નર તરીકે નિવૃતિ પામ્યા હતા.

૧૯૪૮માં ડૉ.બાબાસાહેબ આંબેડકર બંધારણની મુસદ્દા સમિતિના કાર્યમાં ગળાબૂડ હતા. ત્યારે

મુંબઈના સફાઈ કામદારો પોતાની ન્યાયી માંગણીઓ માટે હડતાળ ઉપર ઉતર્યા હતા. ડૉ.આંબેડકર આ કામદાર સંઘના પ્રમુખ હતા. "કાનૂની મંત્રી પછી પીડિતોના નેતા પહેલાં.." એવા ડૉ.આંબેડકરે નિવેદન કરી મુંબઈના સફાઈ કામદારોની માંગણીઓ મંજૂર કરવાન અનુરોધ કર્યો હતો. એટલું જ નહી. પરંતુ પોતાના કેન્દ્ર સરકાર મંત્રીશ્રી મોભાને બાજુએ મૂકી મુંબઈ આવી પહોંચ્યા અને પોતાની વગ વાપરી, વાટાઘાટો કરી, સમાધાન કરાવી કામદારોને ન્યાય આપવીને જંપ્યા હતા. પ્રધાનપદુ આજ છે ને કાલ નથી, પરંતુ જનતાની સેવા તો કાયમની છે જ. મિશન મહત્વનું છે. -મંત્રીપદ નહિ. સેવાના પુણ્યપ્રતાપે જ પ્રધાન થયા છીએ તેની સાચી સમજ ડૉ.આંબેડકરમાં પહેલેથી જ હતી.

જુલાઈ ૧૯૪૨થી મે ૧૯૪૬ સુધી વાઈસરૉયની કાર્યકારિણીમાં મજૂરમંત્રી તરીકે ડૉ.આંબેડકરની કામગીરી તેમના જીવનનો ઉત્કૃષ્ટ અધ્યાય હતો. વાઈસરૉય લોર્ડ લીનલિથગોએ તેમની યોગ્યતમ અને પરાક્રમી પુરુષ તરીકે પ્રશંસા કરી તથા લોર્ડ વેવલે તેમને પરિશુદ્ધ હૃદયના પ્રામાણિક અને શૌર્યવાન પ્રતિભાસંપન્ન પુરુષ તરીકે આલેખ્યા હતા.

"India from Curzon to Nehru & after....નામના ગ્રંથમાં (પૃ.૨૩૬)માં સુપ્રસિદ્ધ ગાંધીવાદી પત્રકાર શ્રી દુર્ગાદાસ લખે છે કે -

"વાઈસરૉયની કાર્યકારિણી કમિટિમાં ડૉ.આંબેડકર સર્વ સદસ્યોમાં સર્વેથી યોગ્યતમ વ્યક્તિ હતા. તે ઘણા જ પ્રભાવશાળી પ્રવક્તા હતા. મને તેમણે એવા કેટલાય પ્રસંગો કહ્યા જેમાં નવી દિલ્હીના અંગ્રેજ શાસકો સામે તેમને ટક્કર લેવી પડી હતી અને તેમાં તેમણે વિજય પ્રાપ્ત કર્યો હતો. દક્ષિણ અમેરિકામાંના ભારતીય નાગરિકોની મુક્તિની બાબત હોય કે દામોદર વેલી યોજના માટે બ્રિટિશ ઈજનેરને બદલે અમેરિકન ઈજનેર નીમવાની વાત હોય.. રાષ્ટ્રના સ્વાભિમાન અને રાષ્ટ્રહિત માટેની ગમે તે બાબતે તેઓ હંકેશા અંગ્રેજો સામે સંઘર્ષ કરતા હતા. વાઈસરાયને તેમની વાત માનવી પડતી. વાઈસરૉયએ પણ આંબેડકરી જંગ સામે ઝુકવું પડયું હતું. ૬-૮ ઓગસ્ટ, ૧૯૪૨માં અખિલ ભારતીય કોંગ્રેસ કારોબારીની મુંબઈમાં મળેલી બેઠકે "ભારત છોડો" અંગ્રેજો ચાલ્યા જાવ નો ઐતિહાસિક પ્રસ્તાવ પારિત કર્યો. નવમી ઓગસ્ટની રાત્રિએ આગેવાનોની ધરપકડ કરવામા આવી. સમગ્ર રાષ્ટ્રમાં ખળભળાટ મચી ગયો. બ્રિટિશ સરકારે નેતાઓને કાળાપાણીએ મોકલવાનો-દેશ નિકાલ કરવાનો નિર્ણય કર્યો. વાઈરૉયની કેબિનેટમાં દેશભક્ત ડૉ.આંબેડકરે આક્રોશ સાથે કહ્યું કે,

"કોઈ પણ પ્રજાને સ્વતંત્ર રહેવાનો- થવાનો પ્રકૃતિદત્ત અધિકાર છે. અંગ્રેજ સલ્તનત પોતે લોકશાહી માટે ગૌરવ લે છે તે બીજી પ્રજાને સ્વતંત્રતા માટે સંઘર્ષ કરતાં લોકોની અવી સજા કેવી રીતે કરી શકે ? આ અંગ્રેજ સલ્તનતની ગરિમાને લાંછનરૂપ છે. તેમ છતા તમે તમારો નિર્ણય નહિ બદલો તો હું તમારી કેબિનેટમાંથી રાજીનામું આપીશ. "If you don't Change your decision.I will resigne from your cabinet."

અંતે સરકારે પોતાનો નિર્ણય બદલ્યો અને રાષ્ટ્રીય સંગ્રામના નેતાઓને અલગ મહેલોમાં-બંગલામાં નજરકેદ રાખ્યા. આવી હતી ડૉ.આંબેડકરની રાષ્ટ્ર ભક્તિ !!

## ૮:૩:૨ વાઈસરૉયની કાર્યકારિણી દલિતોની સમસ્યાઓ અંગ રજુઆત :

૨૩ ઓગસ્ટે પાટનગરના પદદલિતોએ વેન્જર્સ હોટલમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરનું સન્માન કરી માનપત્ર અર્પણ કર્યું. તેમની મહાન સેવાઓ બિરદાવવામાં આવી.

ડૉ.આંબેડકરને મળેલી આ અમૂલ્ય તકનો તેઓ દલિતોના કલ્યાણ માટે મહત્તમ ઉપયોગ કરવા માંગતા હતા. ૨૯ ઓકટોબરે, છપ્પન પાનાનું એક આવેદનપત્ર "Grievanes of Scheduled Cates" ગવર્નર જનરલને સુપ્રત કરી વસ્તીની તે વિસ્તૃત આંકડાકીય માહિતી આપી, કેન્દ્રિય ધારાસભામાં દલિતોના અપૂરતા પ્રતિનિધિત્વ બાબતે જોરદાર રજૂઆત કરી. તેમણે એ સાબિત કર્યું હતું કે, ૨૩.૬ ટકા વસ્તી ધરાવતા મુસ્લિમોને ૩૭ ટકા બેઠકો અને ૫૦ ટકા વસ્તી ધરાવતા હિન્દુઓને ૪૮.૫ ટકા બેઠકો મળી છે, જયારે ૧૩.૫ ટકા વસ્તી ધરાવતા દલિતવર્ગોને ઓછામાં ઓછી દસ બેઠકો મળવી જઈએ તેને બદલે માત્ર એક જ બેઠક (એક ટકો પણ પૂરો નહિ) મળે અને તે પણ નિમણૂંક દ્વારા પૂરવામાં આવે છે. દલિતવર્ગોને પોતાનો પ્રતિનિધિ ચૂંટવા એક પણ બેઠક મળી નથી. જે ભારે અન્યાયી બાબત છે.

તેવી જ રીતે સરકારી નોકરીઓમાં ૧૦૫૬ I.C.S માં માત્ર એક જ વ્યક્તિ દલિતવર્ગોની છે. ફેડરલ રીપબ્લીકન સર્વિસ કમીશનમાં પણ દલિતવર્ગોનું પ્રતિનિધિત્વ નથી. તેમણે સરકારી નોકરીઓ, યુનિવર્સિટીનું ઉચ્ચ શિક્ષણ ટેકનીકલ શિક્ષણ ઈત્યાદિમાં સુવિધાઓ વધારવાની માંગણી મૂકી હતી. વળી કોન્ટ્રાકટરો-ઈજારા પણ દલિતવર્ગોના લોકોને આપવાની રજૂઆત કરી હતી. તેમણે સવર્ણ હિન્દુઓ કરતાં સરકારને વધારે દોષિત ઠરાવતા તેમને "દલિતોનો દુશ્મન" તરીકે નવાજી હતી. તેમની નિર્ભયતા અદ્ભુત હતી. તેમની સશક્ત રજૂઆત સામે સરકારની કોઈ પ્રત્યુત્તર નહોતો.

દર વર્ષે ૨૫ દલિત વિદ્યાર્થીઓને વેવેલ યોજના અન્વયે વિદેશ અભ્યાસ માટે મોકલવાની શિષ્યવૃતિઓ આપવાની એક યોજના સરકારે મંજૂર કરી અને તેના ચેરમેન તરીકે શીડયુલ્ડ કાસ્ટ ફેડરેશનના પ્રમુખ એન શિવરાજની નિમણૂંક કરાવી હતી. ડૉ.આંબેડકરની રજૂઆતની આ ફલશ્રુતિ હતી. જો કે પાછળથી કોંગ્રેસી કેળવણી પ્રધાન રાજાજી આ સમગ્ર યોજનાને ૧૯૪૯મા રદ કરી હતી.

ડૉ.બાબાસાહેબ આંબેડકરે આંતરરાષ્ટ્રીય દાયરામાં દલિત સમસ્યાને મૂકવા ગ્રંથ સ્વરૂપે એક સંશોધન પેપર Mr.Gandhi and the Emancipation of Untouchables (ગાંધી અને અછૂતોદ્ધાર) લખ્યું અને પેસિફિક રીલેશન ઈન્સટીટયુટના ઉપક્રમે કેનેડાના કવીબેક રાજયના ટ્રામ્બલેટ શહેરમાં મળેલી પરિષદમાં ડીસેમ્બર, ૧૯૪૨માં પ્રસ્તુત કર્યું.

અલબત્ત ડૉ.આંબેડકર જાતે જઈ શકે તેમ ન હોવાથી તેમણે તૈયાર કરેલ સંશોધન પેપર શીડયુલ્ડ કાસ્ટ ફેડરેશનના પ્રમુખ રાવબહાદુર એન.શીવરાજે હાજર રહી રજૂ કર્યું હતું. દશ મહિના પછી તેને ગ્રંથ સ્વરૂપ Mr.Gandhi and the Emancipation of Untouchables (ગાંધીજી અને અછૂતોદ્ધાર) નામે ઠક્કર એન્ડ કંપની દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત ગ્રંથમા ડૉ.આંબેડકર દલિતોના પ્રશ્નો જગતની જયુરી સમક્ષ પ્રસ્તુત કરતાં લખે છે કે,

"સમગ્ર સંસારના માનવતાવાદી લોકોનું કર્તવ્ય છે કે અન્ય શોષિતોની જેમ જંજીરોમાં જકડાયેલા ભારતીય દલિતોને મુક્તિ અપાવે. ભારતીય દલિતોની સમસ્યા ઘણી જ વિકટ છે. જેની સામે ગુલામો, નીગ્રો અને યહૂદીઓની સમસ્યા તો કશું જ નથી." જો કે તેને કેટલાંક લોકોએ વિકૃત કરી અલગ દલિસ્તાનના જુઠાણામાં ખપાવી હતી. ડૉ.આંબેડકર વિષે ભારે ગેરસમજ ફેલાવી હતી. ડૉ.આંબેડકરે પોતાની યોગ્યતાના આધારે મહાનતા મેળવી હતી. તે કૃત્રિમ ન હતી. તેમની મહાનતા સર્વસ્વીકૃત, સ્વંયસ્ફુરિત હતી. નેતાનો જન્મ જેલમાં થતો નથી. પરંતુ જનમાનસમાં જન્મે છે. જનતાના સુખ દુઃખમાં જે જનતાની સાથે હોય છે. ડૉ.બાબાસાહેબ આંબેડકરે પોતાના ત્યાગમય અને સંઘર્ષમય જીવન દ્વારા પોતાની આગવી આર્ષદ્રષ્ટિ વિલક્ષણ બુધ્ધિ પ્રતિભા અને ગહન ચિંતન દ્વારા દલિતોના દિમાગ ઉપર કરીશ્મો કર્યો હતો. ડૉ.આંબેડકર જનતા દ્વારા વધાવી લીધેલાં સાચા સહૃદયી અનુપમ અભિન્ન નેતા હતા મજલૂમોના 'મસીહા' હતા.સંસ્કૃતમાં સાચું જ કહ્યું છે तपसा प्राप्यत यश.......

## ૮:૩:૪ દ્વિતીય વિશ્વવિગ્રહ સમયે ભારતની રાજકીય પરિસ્થિતિ....

ડૉ.આંબેડકર દ્વિતીય વિશ્વવિગ્રહ વખતે લોકશાહી માટે સરમુખત્યારશાહીથી બચવા સરકારને સહાય કરવા-કરાવવા ઘણા જ સક્રિય હતા. મજૂરમંત્રી તરીકે મજૂરોને હાક કરી અને શોષિતોને પણ સામેલ કર્યા હતા. નવેમ્બર, ૧૯૪૨ના દિવસે મજૂરમંત્રી તરીકે તેમણે આકાશવાણી ઉપરથી વાયુ પ્રવચનમાં ભારતીય મજૂરવર્ગને યુદ્ધમાં સહયોગ કરવાની હાકલ કરી હતી, તે જોતાં પ્રવચનો વિષય હતો Why Indian Labour is determined to win this war ? જો કે હિન્દુ મહાસભાના નેતા વીર સાવરકર પણ આ સમયે સરકારને સહાય કરવા મેદાનમાં હતા. તેવી જ રીતે રેડિકલ હ્યુમનિસ્ટ નેતા-ચિંતક એમ.એન.રોય અને તેમનું સંગઠન પણ યુદ્ધ સહાય પ્રચારમાં પ્રવૃત હતું. વળી આ માટે એમ.એન.રોયને દર મહિને તેર હજાર રૂપિયાની સહાય સરકાર આપતી હતી. તે સમયે રકમ ઘણી મોટી હતી. રેડિયકલ હ્યુમનિસ્ટો દ્વારા આ સમય દરમ્યાન મુખ્યત્વે યુદ્ધ પ્રચાર માટે અમદાવાદમાં ચંદ્રકાન્ત દરુ અને કાલીદાસ જાદવના તંત્રી પદે "સ્વતંત્ર ભારત" નામનું (અલ્પ સમય માટે દૈનિક) સાપ્તાહિક સામયિક પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. તેમ છતાં રાષ્ટ્રીય અખબારો એકમાત્ર ડૉ.આંબેડકરનો જ વિરોધ કરતાં તેમને સ્વતંત્રતા વિરોધી-રાષ્ટ્ર વિરોધી તરીકે નવાજતાં હતા. ૧૯૧૨ના દક્ષિણ આફ્રિકાના બોઅરોના સ્વાતંત્ર વિગ્રહ સમયે યુદ્ધમાં ગાંધીજીએ અંગ્રેજોને કરેલ સહાય તેમને મળેલ મેડલ તેમજ પ્રથમ વિશ્વવિગ્રહ સમયે ગાંધીજીની રંગરૂટની ભરતી કરવાની હકીકતો કોણ જાણે ટીકા કરનારા લોકો ભૂલી ગયા હતા.

આ સમયે મુસ્લિમલીગ અને તેના સરતાજ મહંમદઅલી ઝીન્ના પણ જુદી જ દિશામાં કાર્ય કરતા હતાં. "પાકિસ્તાન" માટેનો તેમને પ્રચંડ પડકાર રાષ્ટ્ર માટે ભયંકર ખતરો હતો. મુસ્લિમોની "જિન્ના ભક્તિ" તો હિન્દુઓ "ગાંધી ભક્તિ" અતિ ઓળંગી રહી હતી. ન્યાયમૂર્તિ રાનડેની શતાબ્દિ નિમિતે, ભારત સેવક સમાજના (ડેકનસભા) ના ઉપક્રમે પૂનાના ગોખલે મેમોરિયલ હોલમાં યોજાયેલ વ્યાખ્યાન **'રાનડે-ગાંધી-જિન્ના'** વિષે તા.૧૮-૧-૧૯૪૩ના દિવસે પ્રવચન કરતાં ડૉ.આંબેડકરે રાષ્ટ્રને ચેતવતાં કહ્યું-

***"વ્યક્તિ કરતાં રાષ્ટ્ર મહાન છે અને રાષ્ટ્ર સેવા તે ગાંધી કે જિન્ના ભક્તિથી તદ્દન જુદી બાબત છે. ક્યારેક તો તે એકબીજાથી વિરોધાભાષી પણ હોઈ શકે. મારા દેશ બાંધવોએ આ શીખી લેવું જોઈએ.-સમજવું જોઈએ."***

'રાનડે-ગાંધી-જિન્ના' વ્યાખ્યાન પાછળથી ગ્રંથ સ્વરૂપે પ્રસિદ્ધ થયું હતું. ડૉ.આંબેડકરનું આ આઠમું પ્રકાશન હતું. તેમણે રાનડેની સેવાને ભવ્ય શ્રદ્ધાંજલિ અર્પતા કહ્યું કે, -

"હિન્દુ સમાજને રાજકીય સ્વતંત્ર્ય આપતાં પહેલાં સામાજિક સુધાર -સામાજિક સમાનતા આપવી અનિવાર્ય છે. જે સમાજના વિશાળવર્ગને સ્વાતંત્ર્ય ન હોય તેના રાજકીય સ્વાતંત્ર્યનો શો અર્થ ? તે રાજકીય સ્વતંત્ર્યનો ઉપયોગ મુઠીભર લોકો પોતાના સ્વાર્થ માટે જ કરશે. ધાર્મિક સત્તાના જોરે બ્રાહ્મણવર્ગ બહુજન સમાજને પીડા આપે છે. હિન્દુસ્તાનમાં આવું થશે અને પરિણામે હુકમશાહીનું રાજ્ય થશે. હિન્દુસ્તાનના સમાજમાં સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક સમતા નથી તે જાતિવાદની જાળમાં જકડાયેલો છે, તે પહેલાં આ સ્થિતિમાં સુધારો કરવો જોઈએ. એવી તર્કબદ્ધ બુદ્ધિગમ્ય વિચારસરણી રાનડેની હતી."

"અમેરિકામાં પ્રથમ સામાજિક સુધારણા થઈ ત્યારબાદ તેઓ સંગઠિત થઈ સ્વાતંત્ર્ય પ્રિય બન્યા હતા. અમેરિકાના અધ્યક્ષ અબ્રાહમ લિંકને કહ્યું હતું કે યુરોપ એશિયાનું સઘળુ સૈન્ય એકઠું કરી તેનું સેનાપતિપદે નેપોલિયન બોનોપાર્ટ જેવાને આપો તો પણ તે સૈન્ય અમેરિકાની ભૂમિ પર એક ડગલું આગળ વધી શકે નહિ. એક ક્ષણ પણ ટકી શકશે નહિ. કારણ કે અમેરીકાના લોકો સ્વાતંત્ર્યને વરેલા છે અને તેના સ્વાતંત્ર્ય ઉપર હલ્લો કરનારને ધૂળ ચાટતા કરી શકે છે. આવી સંગઠન શક્તિ-સંકલ્પ અને સ્વાતંત્ર્ય અબ્રાહમ લિંકને અમેરિકનોને આપ્યાં હતાં. રાનડે એ પણ હિન્દીઓને સ્વાતંત્ર્યનો સાચો સંકલ્પ આપ્યો હતો. પરંતુ હિન્દી લોકોએ તેના પર આચરણ કર્યું ન હતું. પરંતુ રાનડેના વિચારો કદાપિ મરશે નહિ. તે અમર છે.

૧૯૪૨-૪૬ વચ્ચે ક્રિપ્સ યોજના, કેબીનેટ મિશન, સિમલા પરિષદ, ભૂલાભાઈને લિયાકત કરાર, વેવેલ યોજના, એવાં અનેક રાજકીય સમજૂતી સાંધવાના સફળ-નિષ્ફળ પ્રયત્નો થયા હતા. આ બધામાં પોતાનું યોગદાન આપવા ઉપરાંત અધ્યયનશીલ આંબેડકરે વાઈસરોયની કાર્યકારિણીના મજુરમંત્રી તરીકેના કાર્યભાર વચ્ચે Who were the Shudras ? (શુદ્રો પૂર્વો કોણ હતા ?) તેમજ What Congress and Gandhi have done for the Untouchables ? (ગાંધી અને કોંગ્રેસ દલિતો માટે શું કર્યું ?) નામના ગરિમાયુક્ત ગ્રંથો પ્રસિદ્ધ કર્યા હતા. જેમાં શબ્દે શબ્દે તેમનું ચિંતન ટપકતું હતું. પ્રથમ ગ્રંથમાં તેમણે શુદ્રોની શોધ કરી નૂતન ઐતિહાસિક સિંદ્ધાંતોનો આવિષ્કાર કર્યો કે તે ક્ષત્રિય જ હતા. દાસ દશ્યુ હતા. બ્રાહ્મણ ક્ષત્રિય વર્ણ-વર્ગ સંઘર્ષોને કારણે બ્રાહ્મણોએ તેમને યજ્ઞોપવીત આપવાનો ઈન્કાર કર્યો તેમને "હલકા" વર્ણના અને ચોથી વર્ણના બનાવી દીધાં. આ ગ્રંથમાં તેમણે જયોતિબા ફુલેને અર્પણ કરતાં લખ્યું હતું કે, "જેમણે હિન્દુઓના હલકાં વર્ણના લોકોને તેમની સવર્ણ હિન્દુઓની ગુલામી અંગે સભાન કર્યા. તથા તેમણે ભારતની સામાજિક લોકશાહી માટેનો મહાન સંદેશ આપ્યો કે, જે વિદેશી ધૂસરીમાંથી સ્વતંત્ર થવા કરતાં વિશેષ મહત્વનો છે તે આધુનિક ભારતના મહાન શુદ્ર જયોતિબાને અર્પણ..." બીજા ગ્રંથમાં (૧૯૪૫) દલિતોને કોંગ્રેસ તથા ગાંધીવાદથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી હતી. તેમજ કોંગ્રેસ કે ગાંધીજીએ દલિતોનું કેટલું અહિત કર્યું હતું તે હકીકતો તથા આંકડાઓ આપી પુરવાર કર્યું હતું. આ ગ્રંથ ગાંધીજીના તથા કોંગ્રેસ ઉપર બોમ્બ ફોડવા બરાબર હતો. ગાંધીજીએ કહ્યું, "ડૉ.આંબેડકર નિર્ભય છે અને તેમનાં તર્ક અકાટ્ય છે જે બર્છીની જેમ ધા કરે છે. (શાસ્ત્રી. પૃ.૪૦) ગ્રંથના પ્રારંભમાં સુપ્રસિદ્ધ ઈતિહાસકાર યુથિડાઈસનાં સારગર્ભિત વાક્યો મૂકવામાં આવ્યાં હતાં. It may be your interest to be our masters But How can be ours to be yours slaves.

"તમારો હેતુ ભલે અમારા માલિક થવાનો હોય પરંતુ અમારો હેતુ તમારા ગુલામ થવાનો કેમ

હોય? ૧૯૪૬માં ગ્રંથની દ્વિતીય સંવર્ધિત આવૃતિ પ્રસિદ્ધ કરવામાં આવી જેમાં પ્રકરણ નવમાં કેટલાક અદ્યતન સુધારા કરવામાં આવ્યા હતા.



## ૮:૩:૬ ડૉ.આંબેડકરની સેવા તત્પરતા અને 'જય ભીમ' સ્લોગનનો જન્મ :

પ્રસ્તુત વિચાર ગ્રંથ સાંપ્રત સમયને સંપૂર્ણ રીતે સુસંગત હતો. ડૉ.આંબેડકરને પોતાના પુસ્તકના પ્રકાશનથી આનંદ થતો. તેઓ કહેતા કે, પોતાને ત્યાં પુત્ર જન્મવાથી પણ વિશેષ આનંદ મારા પુસ્તક પ્રકાશનથી મને થયો હતો. બીજો ગ્રંથ તેમની ઈંગ્લેન્ડની મૈત્રણી **"એફ"** ને અર્પણ કર્યો હતો.

મહામાનવ તથાગત બુદ્ધ માત્ર બે ત્રણ કલાક જ વિરામ કરતા હતા. ચારિકા, ભોજન સિવાયનો સઘળો સમય પોતાના શ્રાવકોને સદધર્મની દેશના આપવા તથા સાધનામાં ગાળતા હતા. મહાથેરો આનંદ મહાથેરો ઉપાલિ દ્વારા તેમના ઉપદેશોનું બૌદ્ધ આગમ-ત્રિપિટિના નિકાયોમાં સંગાયન કરવામાં આવ્યું. મહાકારુણિક બુદ્ધના મહાન ઉપાસક ડૉ.બાબાસાહેબ આંબેડકર પણ દિવસના અઢાર અઢાર કલાક અધ્યયન અને લેખનમાં ગાળતાં હતા. લખતાં-વાંચતા શ્રમતિ થતાં વિશ્રામ માટે આંખો બંધ કરી થોડો સમય આરામ કરી લેતા પાછા નોળવેલ સૂંઘી આવેલા નોળિયાની જેમ અધ્યયનમાં એકચિત્ત બની જતાં. પોતાના ગ્રંથાગારના હજારો ગ્રંથોની સંભાળ જાતે લેતા. નોકરોને સાથે લઈ જંતુનાશક દવા છંટાવતા. જાતે સાફ-સફાઈ કરતાં. રોમન ચિંતક સીસરો કહેતાં કે, પુસ્તકોના સાનિધ્યમાં રહેવા માટે તે પોતાનું સર્વસ્વ કુરબાન કરવા તૈયાર છે. ડૉ.આંબેડકરનો પુસ્તક પ્રેમ પણ કંઈ આવો જ હતો.

કૃષ્ણમેનના નેતૃત્વ હેઠળ કોંગ્રેસનું એક પ્રચાર મિશન લંડનમાં કામ કરતું હતું. તેના દ્વારા દલિતવર્ગોની કૈફિયતને કોંગ્રેસી-ગાંધીવાદી રંગ આપી વિદેશોમાં દર્શાવતી હતી. ૧૯૪૪માં ડૉ.આંબેડકર પોતાના સાથીદાર એન.શિવરાજ અને આર.આર.ભોળેને લંડન તથા અમેરિકા મોકલ્યા હતા. તેઓ તે દેશોના પ્રમુખ રાજકીય આગેવાનોને મળ્યા અને દલિતવર્ગના દુઃખોની સાચી કૈફિયત પ્રસ્તુત કરી. તેઓ ઈંગ્લેન્ડના વડાપ્રધાન ચર્ચીલ તથા અમેરિકાના પ્રમુખ રુઝવેલ્ટને પણ મળ્યા હતા. "શિવરાજ-ભોળે" મિશને વિદેશી મુત્સદ્દીઓને ગળે એ વાત ઉતારી દીધી કે, હિન્દુસ્તાનને આઝાદી આપતાં પહેલાં અછૂતોનો ખ્યાલ રાખવો પડશે.હિન્દુ-મુસ્લિમ બે સિવાય આ દેશમાં ત્રીજો એક વિશાળ અને દુઃખી વર્ગ છે. તેની ગણના કરવી જ પડશે. તેને હિન્દુ કે મુસલમાનોની દયા પર છોડી શકાય નહિ. અપાર કાર્યો વચ્ચે પણ તે નાનામાં નાની બાબતો ધ્યાનમાં રાખતા. રેલ્વેમાં કારકુનોની ભરતી થવાની હતી. વળી, આ જગ્યાઓ ભવિષ્યમાં રેલ્વે ઈન્સપેકટરની મહત્ત્વની જગ્યાઓમાં પરિવર્તિત થવાની હતી. ડૉ.આંબેડકર દલિતવર્ગોના યુવાનોને રેલ્વે ભરતી કરવા માંગતા હતા. પરંતુ ડી.જી.જાદવ દ્વારા જાણવા મળ્યું કે, કોઈએ અરજી કરી નહોતી. અરજી ન આવવાથી તેમને ભારે દુઃખ થયું.

તા. ૨૪-૩-૧૯૪૩ના ગાયકવાડ ઉપર લખેલાં પત્રમાં સઘળી વિગતો લખી પોતાની વેદના વ્યક્ત કરતાં લખ્યું કે, "આપણાં છોકરાંઓને શું થયું છે ?"This considerably annoy me, What has happend to our boys and why are so indifferent ? can you help Jadhav ? આ હતી ડૉ.આંબેડકરની દીર્ઘ દ્રષ્ટિ, વંચિતો માટેની વેદના...

ડૉ.આંબેડકરના સેવારથનાં બે ચક્રો હતાં. એક તે શીડયુલ્ડ કાસ્ટ ફેડરેશન અને બીજું વાઈસરોયની કારોબારીનું મજૂરમંત્રી પદ ! તેઓ દલિતોમાં જાગૃતિ આણતાં સ્વાભિમાન જગાવતા. બીજા દ્વારા તેમની સેવા થતી, દલિતવર્ગોને મહત્તમ લાભ સુવિધાઓ ઉપલબ્ધ કરાવતા હતા.

શીડયુલ્ડ કાસ્ટ ફેડરેશનની કારોબારી કમિટિની સભામાં દિલ્હી (ડીસેમ્બર, ૧૯૪૩) કાનપુર (૨૮ જાન્યુઆરી, ૧૯૪૪) મદ્રાસ (૨૩ સપ્ટેમ્બર, ૧૯૪૪) લખનૌ (૧૨ માર્ચ, ૧૯૪૫) મુંબઈ (૬ મે, ૧૯૪૫) અમદાવાદ (૨૯, નવેમ્બર, ૧૯૪૫) ઈત્યાદિ શહેરોમાં મળી, વળી તે શહેરોમાં તેના અધિવેશનો પણ લેવામાં આવતાં હતાં. ડૉ. બાબાસાહેબના સ્વાગત માટે તથા તેમને સાંભળવા માટે હજારો દલિતો એકઠા થતા હતા. પોતાના માનવીય અધિકારો માટે જાગૃત થતા હતા. સંઘર્ષ માટે સજ્જ થતા હતા. ડૉ. બાબાસાહેબના ગતિશીલ નેતૃત્વ તથા પ્રચંડ પુરુષાર્થને પરિણામે ફેડરેશનના નેજા નીચે દલિત સંઘર્ષ ઘણો જ વ્યાપક - વ્યવસ્થિત અને સુદઢ બનતો ગયો હતો.

૧૯૪૫ની ડિસેમ્બરની કડકડતી ઠંડીમાં નાગપુરમાં સમતા દૈનિક દળના હજારો સૈનિકોએ "બાબાસાહેબને" Guard of Honour' 'ગાર્ડ ઓફ આર્નર' આપ્યું. વળી દલિત વર્ગોના લોકો કોંગ્રેસ

કે ગાંધીજીથી જુદા છે, સામાપક્ષને છે તે દર્શાવા સભામાં બેઠેલા સેંકડો કાર્યકરોએ પોતાની ખાદીની-ગાંધીટોપીઓની હોળી કરી અને આજથી એક નતૂન "નાદ" 'સ્લોગન' **'જયભીમ'**નો સૂત્રપાત થયો. (સોસર્મ. પૃ. ૩૦૬) અલબત્ત અગાઉ એકાદ વર્ષથી તે પ્રચારમાં વ્યવહારમાં આવ્યું હતું. પરંતુ નાગપુરની આ સભાએ અધિકૃત રીતે તેનો સ્વીકાર કર્યો.

કાશ્મીરથી કન્યાકુમારી અને કામરૂથી કરાંચી સુધી સમગ્ર ભારતમાં 'જયભીમ'નો નાદ ઝીલાયો. ગુજતો થયો.

**<u>જયભીમનો નાદ એટલે.........</u>**

**જયભીમ એટલે સ્વાતંત્ર્યનો અરુણોદય.**

**જયભીમ એટલે સુધા તથા સ્વાભિમાન, સ્ફૂર્તિસ્થાન.**

**જયભીમ એટલે જાગૃતિ, જીવનક્રાંતિ, જ્યોતિ,**

**જયભીમ એટલે સમતા, મમતા, કર્તવ્યની કઠોરતા.**

**જયભીમ એટલે દાસ્ય વિમોચન, સ્નેહવર્ધન, દલિત હૃદયસિંહાસન.**

**જયભીમ એટલે સાધના, ધ્યેયધારણા, સ્વયંપ્રેરણા.**

**જયભીમ એટલે આદેશ, દિવ્ય સંદેશ.....**

દક્ષિણ ભારતના ઝંઝાવતી પ્રચાર પ્રવાસમાં ઠેર ઠેર તેમનાં ભવ્ય સન્માન થયાં. ૧૯-૯-૧૯૪૪ એ હૈદ્રાબાદ શીડ્યુલ કાસ્ટ ફેડરેશન મહિલા તથા વિદ્યાર્થી ફેડરેશનના ઉપક્રમે જે.એસ.સુબૈયાં, શ્રીમતિ રાજ્યાણિ દેવીએ સ્વાગત કર્યું. હૈદ્રાબાદ રાજ્યના પ્રતિનિધિઓ પણ પુષ્પમાળા સાથે પધાર્યા હતા. રેલ્વે સ્ટેશનથી સભા સ્થાન સુધીના વિશાળ સરઘસ શહેરના રાજ્યમાર્ગો પર ફેરવી સભામાં ફેરવાયું. ડૉ.આંબેડકરને સન્માનપત્ર અર્પણ કરતાં કહ્યું, "ડૉ. આંબેડકર જ અમારા એક માત્ર સાચા-સન્માનીય નેતા છે." ત્યાંથી તેઓ મદ્રાસ ગયા મદ્રાસ ચેમ્બર્સ ઓફ કોમર્સ દ્વારા સન્માન થયું. તેમજ કુમારરાજ સર મુથિયા ચિટ્ટીમાર દ્વારા તેમના માનમાં એક ભવ્ય "મિજબાની-ડીનર પાર્ટી" રાજ્યપ્રસાદના ઉદ્યાનમાં આપવામાં આવી હતી  ડૉ. આંબેડકરે રાજમહેલની મિજબાનીમાં મજૂરોની વાત કરતાં કહ્યું.

"કામદારોના કલ્યાણવિષયક કાયદા કરવાનું કાર્ય પ્રાંતિક સરકારનું સવિશેષ છે. કેન્દ્ર સરકાર તો નીતિ નક્કી કરે છે. કામદારોને વ્યાજબી વેતન અપાવવું તે સરકારનું ધ્યેય હોવું જોઈએ. વળી માલિકોના બેફામ નફાને પણ નાથ નાખવી પડશે. ખાનગી માલિકીને કારણે મજૂરોને પીસી માલિકો બધો નફો હોઈયાં કરી જાય તે ચલાવી શકાય નહિ. કામદારોના કલ્યાણ માટે નફાનો કેટલોક ભાગ ખર્ચવો જ જોઈએ."

તા. ૨૨-૯-૧૯૪૪ને શુક્રવારની સાંજે રીપન બિલ્ડિંગમાં મદ્રાસ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉપક્રમે ચાંદીના કાસ્કેટમાં ડૉ. આંબેડકરને માનપત્ર આપવામાં આવ્યું. જો કે કૉંગ્રેસી કોર્પોરેટરોએ માનપત્રનો વિરોધ કરી સમારંભમાં ન આવી અપશુકન કરવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો હતો. સન્માનનો ઉત્તર આપતાં ડૉ. આંબેડકરે સરકારમાં વિચારણા માટે ચાલતી લોકકલ્યાણની કેટલીક યોજનાઓનો ખ્યાલ આપી આભાર વ્યક્ત કર્યો હતો. સાથે સાથે સરકારમાં, સરકારી નોકરીઓમાં બ્રાહ્મણવર્ગ, ઉચ્ચ વર્ગોની ઈજારાશાહીની સખ્ત શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. મદ્રાસ રેશનલ સોસાયટીના ઉપક્રમે તેમણે રેશનાલિઝમ ઈન ઈન્ડિયા "(ભારતમાં બુદ્ધિવાદ) વિષે માનનીય પ્રવચન  કર્યું. તેમાં તેમણે ગીતા, મનુસ્મૃતિની કટુ આલોચના કરી. બૌદ્ધધર્મની મહત્તા સમજાવી હતી."

દક્ષિણ ભારત બુદ્ધિષ્ટ એસોસિયેશને પણ ડૉ. આંબેડકરનું સ્વાગત કર્યું. માનપત્ર પણ અર્પણ કર્યું. "જસ્ટિસ પાર્ટી"એ પણ ભવ્ય રીતે સન્માન કર્યું હતું. દ્રવિડનેતા પેરિયાર રામસ્વામી નાયકર સાથે લંબાણ વિચાર વિનિમય થયો. રાષ્ટ્રભક્ત ડૉ. આંબેડકરને નાયકરના (દ્રવિડસ્તાન)ના વિચારો પસંદ નહોતા... તેમજ તેમની ખંડનાત્મક પ્રવૃતિ પણ પસંદ નહોતી.

જાન્યુઆરી, ૧૯૪૫માં ડૉ. આંબેડકર કલકત્તાના પ્રવાસે ગયા દલિતવર્ગોના સામયિક 'પીપલ્સ હેરલ્ડ' સામયિકનું વિમોચન કર્યું. તેમણે પોતાના પ્રવચનમાં કહ્યું કે, -

**"ગાંધીજીના મૃત્યુ પછી કોગ્રેસ અનેક ઘટકોમાં વહેંચાઈ જશે. ભાગલા થશે. જ્યારે પોતાનું સંગઠન શીડ્યુલ્ડ કાસ્ટ ફેડરેશન રાજકીય નૈતિક દૃષ્ટિએ ચિરંતર રહેશે. વળી દુનિયામાં દલિતોત્થાન જેવું કોઈ ઉમદા કાર્ય નથી."**

બંગાળના શીડયુલ્ડ કાસ્ટ ફેડરેશનના કાર્યકરોમાં અનેરો ઉત્સાહ આવ્યો હતો. હજારોની જનમેદની તેમને શાંતચિત્તે એક ધ્યાનથી સાંભળતી હતી. પ્રેરણા પામતી હતી.

આ અરસામાં ભારતીય રાજકારણ વિભાજન અને સ્વાતંત્ર્ય એમ બન્ને સાથે લઈને ચાલતું હતું. આઝાદી અને ભાગલાં ભેગાં આવી રહ્યાના ભણકારા વાગતા હતા, ત્યારે ડૉ. બાબાસાહેબનો 'PAKISTAN OR THE PARTITION OF INDIA' ગ્રંથ તમામ પક્ષકારોનો બેલી બન્યો હતો. તે ઉપરાંત ૬ મે ના દિવસે શીડયુલ્ડ કાસ્ટ ફેડરેશનના મુંબઈ અધિવેશન માટે તેમણે "Communaldeadlock and way to solve it" ઉપર વિદ્વતાપ્રર્ચુર વ્યાખ્યાન આપ્યું અને કોમી મડાગાંઠનો ઉકેલ સૂચવ્યો હતો. આ વ્યાખ્યા પાછળથી ગ્રંથ સ્વરૂપે પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. દંભ કે સ્વપ્નોમાં રાચતા લોકોને આર્ષદષ્ટા ડૉ. બાબાસાહેબ આંબેડકરના વાસ્તવિકતાનું દર્શન કરાવતા વિચારો ન ગમે તે સ્વાભાવિક છે, પરંતુ તેમની આ ગ્રંથિને કારણે અંતે તો રાષ્ટ્રની હાની હતી. આ "કોમી કોયડા"ના ઉકેલ માટે માર્ગદર્શન મેળવવા ઈંગ્લેન્ડ ગયા. વાઈસરોય લોર્ડ વેવેલ લગભગ સવા એક મહિના પછી જૂન, ૧૯૪૫માં **"વેવલ યોજના"** લઈને પાછા ફર્યા. **"સિમલા પરિષદ"**નું આયોજન કરવામાં આવ્યું. કૉંગ્રેસ તરફથી મૌલાના અબ્દુલકલામ આઝાદ, મુસ્લિમલિગ તરફથી મહમદ અલી જિન્ના અને રાજાઓના પ્રતિનિધિ તરીકે ભોપાલના નવાબે (ત્રણેય મુસલમાનોએ) રજૂઆત કરી. હિન્દુ મહાસભાને બોલાવવામાં આવી નહોતી. જ્યારે દલિત વર્ગો તરફથી એન. શિવરાજે રજૂઆત કરી હતી. ડૉ. આંબેડકર મજૂરમંત્રી હોવાને નાતે પ્રત્યક્ષ હાજર રહી શકતા નહોતા, પરંતુ શીડ્યુલ્ડ કાસ્ટ ફેડરેશનના એન. શિવરાજ દ્વારા રજુ કરવામાં આવેલ આવેદનપત્ર તેમણે જ તૈયાર કર્યું હતું. કેન્દ્રીય વિધાનસભામાં દલિતોની વસ્તીના ધોરણે તેમના ત્રણ પ્રતિનિધિઓ હોવા જોઈએ તેવી જોરદાર રજૂઆત કરવામાં આવી હતી. મુસ્લિમ લોકાએ વસ્તીથી પણ વધુ પ્રતિનિધિઓ આગ્રહ રાખ્યો. અંતે સિમલા પરિષદમાં પણ ભંગાણ પડ્યું !!

દ્વિતીય વિશ્વવિગ્રહનો અંત આવ્યો. ઈંગ્લેન્ડની ચૂંટણીમાં સત્તા પલટો થયો. યુદ્ધ વિજેતા ચર્ચીલનો રૂઢિચુસ્ત પક્ષ પરાજય પામ્યો. મજૂર પક્ષના વડાપ્રધાન લોર્ડ એટલીએ સત્તાનાં સૂત્રો ગ્રહણ કર્યા. વાઈસરોય લોર્ડ વેવેલ વિલાયત જઈ આવ્યા અને ભારતમાં ચૂંટણીઓ યોજવાનો કાર્યક્રમ લેતા આવ્યા. ડૉ. આંબેડકરે પોતાના શીડ્યુલ્ડ કાસ્ટ ફેડરેશનને ચૂંટણીટાણે સજ્જ કરવા માંડ્યો. ૧૯૪૫ ૨૯-૩૦ નવેમ્બર તેઓ અમદાવાદના પ્રવાસે પધાર્યા... 'સ્વતંત્ર' ભારતના તા. ૧-૧૨-૧૯૪૫ શનિવારના અંકમાં આ ઐતિહાસિક મુલાકાતની વિગતો આ પ્રમાણે આપવામાં આવી હતી.

૧૯૪૫ના નવેમ્બરની ૩૦ તારીખે, ભારતના મજૂર પ્રધાનનું ગુજરાત મેઈલના સ્પેશ્યલ સલુન દ્વારા રેલ્વે સ્ટેશન આગમન થયું. હજારો દલિતો સ્વાગત માટે સલુન પાસે ધસી ગયાં. ડૉ. બાબાસાહેબ આંબેડકર અમદાવાદમાં આવ્યા અને ગયા પરંતુ દલિત જનતા ઉપર એક ચીર-સ્મરણીય ન ભુંસાય તેવી છાપ મૂકતા ગયા. તેઓ એક મહાન વિદ્વાન તરીકે જાણીતા હતા તેમ છતાં જનતા સમજી શકે તેવી ગુજરાતી ભાષામાં તેમના માનસને ઉત્તેજિત કરી શકે તેવા ભાષણો કરી શકનાર પ્રખર વક્તા હશે તે તો આજે જ જાણવા મળ્યું હતું.

સવારે સ્પેશિયલ સલુનમાં આવ્યા ત્યારે સ્વાગત કરવા રેલ્વે સ્ટેશન ઉપર દશ હજારથી પણ વધારે માનવો જોઈને હું ચોંકી ગયો. આવતાં જ તેમણે માત્ર "દલિત પરિષદ" સિવાય બીજે ક્યાંય જવાની ના પાડી. કોમર્સ કોલેજ અને લો કોલેજના આમંત્રણનો સ્વીકાર કરી શક્યા નહિ. (અલબત્ત હિન્દુ મહાસભા નેતાઓને તેમણે રેલ્વે સ્ટેશન ઉપર જ મુલાકાત આપી હતી. કીર : પૃ. ૩૭૨)

તેમના દર્શન માટે જનસમુદાય સલુન ઉપર ધસી ગયો. બાબાસાહેબ બારણા પાસે આવ્યા અર્ધી મિનિટમાં બે હાથ જોડી નમસ્કાર કર્યા અને પાછાં અંદર જતાં રહ્યાં. તેમને માનવ મેદની દેવ બનાવવા માંગતી હશે પરંતુ તેઓ માનવ જ રહેવા માંગતા હોય તેવું લાગ્યું. સલુનમાં રેડીકલ પાર્ટીના આગેવાનો સાથે વાતો કરી, જમવાનો સમય થયો હતો. તેમણે કહ્યું, મને મજૂર લત્તાઓની ચાલીઓમાં લઈ જાવ મારે ચાલીઓ જોવી છે અને ત્યાં દાળભાત અને રોટલીનું જમણ આપો. સ્થાનિક અનુયાયીઓ ચોંકી ઉઠયા પરંતુ તેમણે આગ્રહ પકડી જ રાખ્યો છેવટે તે કાર્યક્રમ ગોઠવાયો શ્રી કરશનદાસ લેઉવાએ ડૉ.બાબાસાહેબ આંબેડકરની પધરામણી ઓમનગર સોસાયટીમાં પણ કરવી હતી. તે સમયે સોસાયટીની સજાવટ અનેરી હતી બપોરે ૩.૩૦ કલાકે મ્યુનિસિપાલીટીમાં અંગ્રેજીમાં છપાયેલું માનપત્ર આપાયું. આ માનપત્રમાં તેમને દલિતોના મસીહા તરીકે બિરદાવવામાં આવ્યા હતા. ગાંધી હોલની રોનક અનેરી હતી તે વખતે તેમના ભાષણમાં ઉડું દર્દ હતું. કેટલીક ચોંકાવનારી વિગતો ઉપર વેધકત પ્રકાશ ફેંક્યો. કોંગ્રેસ અને સ્વરાજયની વાતોનો ભેદ ખોલ્યો અને જણાવ્યું કે ૧૯૪૨ વખતે બ્રિટિશ રાજય કે સ્વરાજય એ પ્રશ્ન ન હોતો પરંતુ બ્રિટિશ રાજય કે જર્મન રાજય એ સવાલ હતો. તેમણે અને તેમના જેવા બીજા આગેવાનોએ જર્મનીઓ, જાપાનીઓ (ફાસીવાદીઓ) ને દૂર રાખવામાં સહકાર ન આપ્યો હોત તો આજે અમારે સ્વરાજય જોઈએ છે. એવી માંગણી કોંગ્રેસ મૂકી શકી હોત ખરી ? એ દલિત શ્રોતાઓના ગળામાં સોંસરી ઉતરી ગઈ હતી. ગાંધીજી, સરદાર પટેલ, જવાહરલાલ વગેરે બ્રિટિશરોએ ચાલ્યા જવું એમ કહેવા માટે જીવતા છે. એનું કારણ પણ એ જ છે કે અમે (ડૉ.આંબેડકર) હિન્દને બચાવવામાં બ્રિટિશ સરકારને મદદ કરી અને તેને પરિણામે હિંદ બચી ગયું. ૩૦ મિનિટ સુધી અસ્ખલિત વાણી પ્રવાહનો દોર રહ્યો...અંગ્રેજીમાં કરેલા આ પ્રવચન સાંભળી શ્રોતાઓ કહેવા લાગ્યા કે, વર્તમાનપત્રોમાં ડૉ.આંબેડકવિષે જે વાંચેલું તેના કરતાં આ તદ્દન જુદા જ પ્રકારના મહાપુરૂષ છે. એક પત્રકારે તો કહ્યું કે, તે ભારતના બુકર્ટિ વોશિંગ્ટન છે અને તેના કરતાંય તેમની મહત્તા ચઢિયાતી છે. કારણ કે તે મહાવિકટ પરિસ્થિતિમાંથી બહાર આવ્યા છે.

સાંજે લાલ દરવાજાના મેદાન (બુદ્ધનગર) માં તો કમાલ જ કરી. તદ્દન સાદી ગુજરાતી ભાષામાં વાકધારા વહેતી જ રહી અને વધુમાં વધુ પછાત તેમજ નિરક્ષર દલિતો સમજી શકે તેવી રીતે તેમણે વાતો કરી. પરિષદ પુરી થયા બાદ રાત્રે ગુજરાત મેલ દ્વારા તેઓ મુંબઈ ઉપડી ગયા જેમાં ભોજનખંડ, શયનખંડ, મુકાત ખંડ વગેરે બધી જ જોગવાઈઓ હતી.

ડૉ.આંબેડકર ગયા અને દલિત જનતા ઉપર અમીટ છાપ મૂકતા ગયા જેને દલિત જનતા કાયમને માટે યાદ કરશે. કોંગ્રેસ અને તેની આશ્રિત સંસ્થાઓ મજૂર મહાજન સંઘ, હરિજન સેવક સંઘ ઉપર આકરા પ્રહારો કરી તેનાં પ્રલોભનોથી દૂર રહી સાચી સેવા કરવા આગામી ચૂંટણીમાં શીડયુલ્ડ કાસ્ટ ફેડરેશનના ઉમેદવારોને ચુંટવાની અપીલ કરતાં તેમના ઐતિહાસિક ભાષણમાં કહ્યું કે, -

૧૯૨૮માં હું પહેલો વહેલો આવેલો તે વખતે હું જરા નિરાશ થયેલો, પરંતુ આજે જ્યારે આ વિશાળ જનમેદનીને જોઉ છું. ત્યારે મને પેલું સનાતન સત્ય યાદ આવે કે સત્ય કદી છુપાવી શકાતું નથી. છેવટે સત્યનો જય છે. અત્યારનો પ્રસંગ એવો છે કે મારે કોંગ્રેસ અને ગાંધીજીના છેલ્લાં ૨૦ વર્ષના રાજકારણ વિષે કંઈક કહેવું પડશે.

"બારડોલી સત્યાગ્રહ વખતે જ ગાંધીજીએ એક કરોડ અને પાંત્રીસ લાખ રૂપિયા ભેગા કર્યા અને તેનાથી અંગ્રેજોને કાઢીમૂકી સ્વરાજયને લાવવા વાતો કરી પણ તેમાંથી માત્ર દશ હજાર રૂપિયા પણ જેને તેઓ અછૂતોદ્ધાર ગણે છે તેને માટે ખર્ચ્યા નહિ. ગુજરાતના દલિતોની તમામ અનામત બેઠકો ઉપર શીડયુલ્ડ કાસ્ટ ફેડરેશનના ઉમેદવારો ઉભા રહેશે પછીથી ભલે તેની સામે કોંગ્રેસીઓ માથાં પટકીને મરી જાય. પૈસા કે અન્ય લાલચોથી અમે ચલિત થઈશું નહિ મેદાનમાં ઝંપલાવીશું તે નક્કીજ લડતાં મરી જઈશું પરંતુ પગે લાગીશું નહિ. અમદાવાદની મજુર મહાજન સંસ્થામાં દલિત સભ્યોની બહુમતિ છે. પરંતુ દલિતોનો પ્રતિનિધિ મજૂર બેઠક ઉપર ચુંટાતો નથી...."

## તમારી પ્રગતિ ચકાસો -૩

(૧) ડો.આંબેડકરે મજૂર કલ્યાણ અર્થે કરેલી કામગીરી જણાવો.

(૨) દ્વિતીય વિશ્વવિગ્રહ વિષે તેમજ રાષ્ટ્રભકિત વિષેના ડો.આંબેડકરના વિચારો સમજાવો.

(૩) રાનડે અને ગાંધીજીના વિષે આંબેડકર શું માનતા હતા.

(૪) "શૂદ્રોની શોધ" ગ્રંથનો પરિચય લખો.

(૫) 'જય ભીમ' સ્લોગનનો જન્મ અને તેના જુદા જુદા અર્થ સમજાવો.

## ઉપયોગી પુસ્તકો

(૧) શ્રી ભાલચંદ્ર ફડકે : ડો.બાબાસાહેબ (મરાઠી)

(૨) શંકરાનંદ શાસ્ત્રી : યુગપુરૂષ ડો.બાબાસાહેબ આંબેડકર

(૩) દુર્ગાદાસ : India from Curzon to Naheru

(૪) ડો.આંબેડકર : Who were the shudra

(૫) ડો.આંબેડકર : What Gandhi and Congress have done for the untouchables

(૬) Dr. Babasaheb Ambedrka Writings and speeches vol.I

(૭) Source Material on Dr. Babasaheb Ambedrkar and the Movemeut of the unfouchable

(૮) Kamble, Dr. Damble, Dr. Kasare : Essential Dr. Babasaheb Ambedkar

# એકમ : ૯ : ભારતીય સંવિધાન શિલ્પી ડૉ.આંબેડકર

૯ -૦ ઉદ્દેશ્ય
૯.૧-૧ આઝાદીની પૂર્વ સંધ્યાએ અછૂતોના હિતો માટેનો જંગ
૯-૧-૨ - દલિતોના હિતો માટે "બ્લ્યુ પ્રીન્ટ" 'BLUE PRINT' ની માંગણી
૯.૧.૩ - ડો.આંબેડકર અને સરદાર પટેલ વચ્ચે પત્ર વ્યવહાર
૯.૨.૧ - પીપલ્સ એજયુકેશન સોસાયટી - શિક્ષણનું મહત્ત્વ
૯.૨ -૨ - મરાઠાવાડના વિકાસમાં ડો.આંબેડકરનું પ્રદાન
૯.૨.૩ - ડો.આંબેડકરના ગ્રંથ "શૂદ્રોની શોધ" અને ગાંધીજી દલિતો માટે શું કર્યું તે.
૯.૩ - ડો.આંબેડકરનો દલિતો માટેનો સંઘર્ષ અને સંદેશ
૯.૩.૧ ડો. બાબાસાહેબનો બંધારણ સભામાં પ્રવેશ
૯.૩.૨ ડો.બાબાસાહેબનું બંધારણ સભામાં ઐતિહાસિક પ્રવચનની મહત્તા
૯.૩.૩ ડો.આંબેડકરનો બંધારણ સભામાં પુનઃ પ્રવેશ તેમજ પ્રધાન મંડળમાં સ્થાન
૯.૩.૪ ભારતીય બંધારણની મુસદા સમિતિના અધ્યક્ષ સ્થાને
૯.૩.૫ ભારતીય સંવિધાન શિલ્પી ડો.આંબેડકર

## ૯.૦૦ ઉદ્દેશ્ય

આ એકમમાં ડો.આંબેડ કર દ્વારા અછૂતોના હિત માટે કરાયેલા જંગના ઈતિહાસની વિગતો સાથે તેમણી માંગણીની 'બ્લ્યુ પ્રીન્ટ' નો અભ્યાસ કરીશું સાથે સાથે શિક્ષણ માટે તેમણે કરેલા પ્રયત્નો અને પીપલ્સ એજયકેશન સોસાયટી સંસ્થાની કાર્યવાહીની વિગતો જોઈશું. લેખન કાર્યમાં ડો.આંબેડકરના બે ગ્રંથ (૧) શુદ્રોની શોધ (૨) ગાંધીજી મને કોંગ્રેસ દલિતો માટે શું કર્યુ તેની આછી ઝાંકી પણ કરી આ પ્રવૃતિની સમાંતરે રાજકીય રીતે તેમનો બંધારણ સભામાં પ્રવેશ..પુનઃ પ્રવેશ અને અંતે સ્વતંત્ર ભારતના પ્રથમ પ્રધાન મંડળમાં તેમના સ્થાનની ઐતિહાસિક હકીકત સાથે બંધારણની અધ્યક્ષ તરીકે વરણી મુસદ્દા સમિતિના તેમજ ભારતીય સંવિધાન શિલ્પી તરીકે નવાજીશું.

## ૯.૧ આઝાદીની પૂર્વ સંધ્યાએ અછૂતોના હિતો માટે સહ સંઘર્ષ

૧૯૪૨ના ઓગષ્ટથી હિન્દુસ્તાનના રાજકીય પર્યાવરણમાં ઘણાં બધાં પ્રદૂષણો પેદા થયા હતા. અસંખ્ય સૂત્રો રાજકીય વાતાવરણમાં ગૂંજી રહ્યાં હતા. જેમાં કોંગ્રેસનું (અંગ્રેજો) ભારત છોડો, મુસ્લિમ લીગનું ભારત છોડો ભારતના ભાગલા પાડો, અને હિન્દુ મહાસભાનું સ્વતંત્રતા અને ભારતની ભાવત્મક એકતા આણો જેવાં સુત્રો મોખરે હતાં. હિન્દુઓને ગમે તે ભોગે સ્વરાજ્ય હાંસલ કરવું હતું. મુસલમાનોને કારસ્તાન કરીને પણ પાકિસ્તાન મેળવવું હતું. શાણા શીખોનો વિચાર પણ પ્રશંસનીય તો નહોતો. પરંતુ પદદલિતોનું શું ? ઉપેક્ષિત લોકોના રાજકીયમંચ શીડયુલ્ડ કાસ્ટ ફેડરેશન દ્વારા ડો.બાબાસાહેબ આંબેડકરને દલિતો માટે સ્વંત્ર ભારતના ભાવિ બંધારણમાં બાંયધરીઓ મેળવવી હતી. કેટલીક ખાત્રીઓ ખપતી હતી દરેક પોત પોતાના હિતમાં રચ્યાપચ્યા હતા, કોઈની કોઈને પડી નહોતી, એકબીજા પક્ષકારો સામે દાવપેચ થતા હતા. યુધ્ધભેરીના નાદ વચ્ચે શુદ્રોની શરણાઈનો સૂર કોણ સાંભળે ડો.બાબાસાહેબ આંબેડકરે પુષ્કળ પરિશ્રમ કરી એક આવેદનપત્ર તૈયાર કર્યું અને "The Cabinet Mission and the untouchables" નામેક આવેદનપત્ર દ્વારા જોરદાર રીતે દલિતવર્ગોની કેફિયત રજૂ કરી કે કેબીનેટ મિશને દલિતોના રાજકીય અધિકારની અવણના કરી ઘોર અન્યાય કર્યો હતો દલિતવર્ગોના માટે માત્ર એક બેઠક કેન્દ્રમાં આપી હતી તે તા.૧૭-૬-૧૯૪૬ના દિવસે વડાપ્રધાન એટલી ને તાર કર્યો કે છે. શીખો અને ખ્રિસ્તીઓની ઓછી વસ્તી હોવા છતાં તેમને પુરૂ પ્રતિનિધિત્વ મળ્યુ છે. શી. કાસ્ટની વધુ વસ્તી હોવા છતા માત્ર એક જ સીટ આમ કેબીનેટ મિશનને દલિતોને ભારે અન્યાય કર્યો છે. કેબીનેટ મિશનની ગેરસમજ દૂર કરી. દલિતોને બે સીટો આપવા વિનંતી કરી હતી.

ડો.બાબાસાહેબ આંબેડકર અને એન.શિવરાજ સાથે ઈંગ્લેન્ડનો આંટો પણ મારી આવ્યા. બ્રિટિશ મુત્સદીઓને મળી દલિતવર્ગોની પરિસ્થિતિથી વાકેફ કર્યા. મિ.ચર્ચીલે તો ડીનર પાર્ટી આપી પરંતુ બ્રિટિશરોએ હાથ અધ્ધર કરી દીધા અને ફોગટ ફેરો થયો. હવે દલિતોનું ભાવિ ભારતમાં જ નક્કી થશે તેની તેમને પ્રતીતિ થઈ ગઈ.

આઝાદ હિંદ ફોજનો ઐતિહાસિક મુકદમો લાલકિલ્લામાં ચાલતો હતો વળી મુંબઈમાં રોયલ ઈન્ડિયા નેવી નૌકાદળમાંની વ્યાપક હડતાળથી રાષ્ટ્રીય આંદોલનમાં ભરતી આવી હતી તેનો મહત્તમ લાભ કોંગ્રેસનો મળ્યો હતો. પરિણામે ૧૯૪૫ની ચૂંટણીમાં તેને જ્વલંત વિજય થયો હોવાથી હવે તે કોઈને કશી જ વિસાતમાં ગણવા તૈયાર ન હતા. આઝાદી હિન્દુસ્તાનના બારણે દસ્તક દઈ રહી હતી. આવી જબરજસ્ત તનાવભરી વિકટ પરિસ્થિતિમાં મહાબાહુ મહારથી ડો.આંબેડકર સ્હેજ પણ મુંઝાયા નહિ.

## ૯.૧.૨ દલિતોના હિતો માટે બ્લ્યુપ્રીન્ટની માંગણી

ડો.આંબેડકર ધૈર્યના મેરૂની જેમ પોતાના કર્તવ્ય માટે અડગ રહ્યા. તેમને સ્વતંત્ર ભારતના ભાવિ સંવિધાનમાં દલિત વર્ગો માટે જોગવાઈઓની ખાત્રીવાળું શ્વેતપત્ર મેળવવું હતું. વળી તેઓ કહેતા કે - ભીખ માંગવાથી કે માલિકને અંતઃકરણપૂર્વક આજીજી કરવાથી અધિકારો હાંસલ કરી શકાય નહિ. અર્થાત અબાધગતિથી નિરંતર સંઘર્ષ દ્વારાજ અધિકારો મેળવી શકાય છે. આત્મવિશ્વાસ અને આત્મસન્માનના અધિકારો માટે સદૈવ સંઘર્ષની પ્રેરણા આપનાર ડો.આંબેડકરને છેવટે લાગ્યું કે હવે તો યુદ્ધ એ જ કલ્યાણ અને તેમણે એ સત્યાગ્રહનું શસ્ત્ર છેડયું....શીડયુલ્ડ કાસ્ટ ફેડરેશનના ઉપક્રમે તેના મહામંત્રી બાપુસાહેબ પી.એન.રાજભોજના નેતૃત્વમાં સત્યાગ્રહનો પ્રારંભ થયો...કોંગ્રેસ માટે આ સત્યાગ્રહ શિરોવેદના સમો નીવડયો આ પૂર્વે ૧૬ મેં ૧૯૪૬માં બ્રિટિશ પ્રતિનિધિ મંડળનો નિર્ણય વાઈસરોય લોર્ડ વેવેલ દ્વારા ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલ હોવાથી પોતાની કેબીનેટનું વિસર્જન કર્યું હતું. જૂન,૧૯૪૬થી ડો.આંબેડકરે મુંબઈમાં ડેરા તંબુ તાણ્યા હતા.

બાપુસાહેબ રાજભોજે પૂનામાં ગાંધીજીની મુલાકાતમાં સ્પષ્ટ રીતે સમજાવ્યુ કે, કોંગ્રેસી હરિજન નેતાઓ દલિતવર્ગના સાચા પ્રતિનિધિ નથી. કાગડો હંસોનો આગેવાન કેવી રીતે હોઈ શકે ? ૧૫ જુલાઈ ૧૯૪૬ મુંબઈ વિધાનસભાની પૂનાની ઠકના આરંભે જ આંદોલન ઉગ્ર બનાવવામાં આવ્યું. સરકારને વિધાનસભાની બેઠક મુલતવી રાખવાની ફરજ પડી. રાવબહાદુર એન.શિવરાજે પોતાનો રાવ બહાદુરનો સરકારી ખિતાબ પરત કર્યો. પ્રારંભમાં મહારાષ્ટ્રમાં ત્યારબાદ ક્રમશ લખનૌ, દિલ્હી, મદ્રાસ ઈત્યાદિ સ્થળોએ સત્યાગ્રહ વેગ પકડતો ગયો. આંદોલન જલદ બનતું ગયું. અમદાવાદથી દિવંગત મણીલાલ ગંગારામ પરમાર અને જયશંકર કૃષ્ણદેવ શર્માના નેતૃત્વ હેઠળ આંબેડકરવાદી સત્યાગ્રહીઓ પૂના પહોંચી ગયા હતા તેમણે કારાવાસ સ્વીકાર્યો હતો એક યુવાન સત્યાગ્રહીનું મુંબઈમાં ટ્રામ અકસ્માતમાં મૃત્યુ થયું હતું. શીડયુલ્ડ કાસ્ટ ફેડરેશનના સિપહસાલાર દિવંગત દાદાસાહેબ ગાયકવાડના નેતૃત્વ હેઠળ વર્ધા કોંગ્રેસ અધિવેશન સમક્ષ ત્રણ કિલોમીટર લાંબા વિરાટ સરઘસ દ્વારા જંગી દેખાવો યોજવામાં આવ્યા હતા. જંગી દેખાવો જોઈ કોંગ્રેસી શેઠ જમનાદાસ બજાજ અને શેઠ વાલચંદ હીરાચંદને કહેવું પડયું કે, અમે દલિતોની આટલીબધી સેવા કરીએ છીએ લાખો રૂપિયા ખર્ચ કરી છીએ છતાં અમારે ત્યાં દલિતોની આટલી વિશાળ સંખ્ય હોતી નથી તે આશ્ચર્ય છે. સત્યાગ્રહનું આંદોલન સમગ્ર મહારાષ્ટ્રમાં પ્રસરી રહ્યું હતું. નાગપુરમાં તો હજારો લોકોએ કારાવાસ સ્વીકાર્યો હતો.

એકબાજુ આંબેડકરી જનતા પોતાના અધિકારો માટે સંઘર્ષ કરી રહી હતી ત્યારે બીજી બાજુ કોંગ્રેસી ક્રીતદાસ બિહારી બાબુ જગજીવનરામ અને પૃથ્વીસિંહ આઝાદની આગેવાની હેઠળ હરિજનો આ આત્મસન્માનના આંદોલનનો વિરોધ પણ કરી રહ્યા હતા. કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્રપ્રસાદ દ્વારા કોંગ્રેસ ફંડમાંથી નાણાકીય સખાવત મેળવી બાબુ જગજીવનરામ અને પૃથ્વીસિંહ આઝાદે દિલ્હીના દીવાનહોલ (ચાંદની ચોક)માં ડો.આંબેડકર વિરોધી સંમેલન ભરી ઠરાવ કર્યો કે, ડો.આંબેડકર અમારા દલિતવર્ગના નેતા નથી મહાત્મા ગાંધીજી જ દલિતવર્ગના સાચા નેતા છે અને કોંગ્રેસ જ દલિતવર્ગોની હિતૈષી સંસ્થા છે. (શંકરાનંદ શાસ્ત્રી : યુગપુરૂષ આંબેડકર : પુ.૪૪૮) આ વહેણમાં નાહી પવિત્ર થવાની પ્રવૃતિ હતી.

જ્યારે કાબેલ રાજપુરૂષ ડો.આંબેડકર ઈંગ્લેન્ડની પાર્લામેન્ટ તથા બ્રિટીશ માંધાતાઓને મળી

દલિતવર્ગોની માંગણીઓ મક્કમ રીતે મૂકી રહ્યા હતા ત્યારે આ કોંગ્રેસી ક્રીતદાસ લોકોએ નાગપુરમાં પણ બાબુ જગજીવનરામ અને ગણપતરાવ તપાસે, કાજરોલાકરે તા.૧૭-૧૧-૧૯૪૬ના દિવસે બીજુ હરિજન સંમેલન ભરી દલિતવર્ગોની માંગણીઓ પડતી મૂકવાનો દેખાવ કરી કોંગ્રેસ અને ગાંધીજીમાં પુનઃ પુનઃ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને એ જ જૂની રેકર્ડ વગાડી "ડો.આંબેડકર અમારા નેતા નથી."

આ સૂર્ય સામે ધૂળ ઉડાડવા જેવી હાસ્યાસ્પદ વાત હતી. ધનંજયકીરના શબ્દોમાં પોતાના મસીહા સામે ભસવા જેવી વાત હતી. બે પાંચના કહેવાથી કે ના કહેવાથી કોઈ નેતા બની શકતો નથી. નેતા કોઈના માતાના ગર્ભમાં કે નેતા કોઈ જેલમાં જન્મતો નથી નેતા તો જનમાનસમાં જન્મ છે. જનમાનસ જ નેતાની જન્મભૂમિ છે અને ડો.બાબાસાહેબ આંબેડકર પોતાના ત્યાગ તપશ્ચર્યા દ્વારા દલિતવર્ગોના દિમાગ ઉપર છવાઈ ગયા હતા દલિતોના બેતાજબાદશાહ બની ગયા હતા. હકીકતમાં દલિતવર્ગોને ડો.આંબેડકર જેવા નીતિજ્ઞ માનવતાવાદી સમર્થ નેતા સાંપડયા ન હોત તો ગાંધીજીના પ્રયત્નોથી કશો જ શક્કરવાર વળત નહિ. દલિતો હરિજનો તરીકે ખોટા કુટાઈ મરત. ડો.આંબેડકરે માત્ર દલિતોમાં જ નહિ પરંતુ સમગ્ર શોષિત વર્ગમાં આત્મવિશ્વાસ, આત્મપ્રત્યય અને આત્મસન્માનની ભાવના ભરી દીધી હતી તેમાં કોઈ શંકાને સ્થાન નથી. (ડો.આંબેડકર જીવન દર્શન : ભટનાગર :પૃ ૬૬)

તેમની અભિજાત નેતાગીરીનો દુનિયામાં ડંકો વાગતો હતો. આમ કોંગ્રેસી ક્રીતદાસોનો વિરોધ વાંઝીયો પુરવાર થયો. શોષિતોના સબળ સત્યાગ્રહથી કોંગ્રેસી આકાઓ અકળાઈ ઉઠયા. મુંબઈ કોંગ્રેસના નેતા સ.કા.પાટીલ સામે ચાલીને મુંબઈ સિધ્ધાર્થ કોલેજમાં ડો.બાબાસાહેબ આંબેડકરને મળ્યા અંતે કામદારા નેતા એન.એમ.જોષીના પ્રયત્નોને પરિણામે સરદાર વલ્લભભાઈ પટેલ અને ડો.આંબેડકર વચ્ચે તા.૧૮-૭-૧૯૪૬એ એકાદ કલાક મુંબઈમાં મુલાકાત ગોઠવાઈ પરંતુ વાટાઘાટોનું કોઈ સુખદ પરિણામ આવ્યું નહિ.

## ૯.૧.૩ - ડો.આંબેડકર અને સરદાર પટેલ વચ્ચે પત્ર વ્યવહાર

ડો.આંબેડકરની સરદાર વલ્લભભાઈ સાથે સ્પષ્ટ વાત હતી કે તેમને અંગ્રેજોની ગુલામી ન ખપે તેમ અમને દલિતોને તમારી (સવર્ણોની) ગુલામી ન ખપે. અમને ભાવિ સ્વતંત્ર ભારતના બંધારણમાં બાંયધરીઓની બ્લ્યુ પ્રીન્ટ જોઈએ જ.

બીજી બાજુ કોંગ્રેસ અને તે નેતાઓને મુસ્લીમોનું - મહમદઅલી ઝીન્નાનું ગ્રહણ લાગ્યું હતું તેમના માટે અત્યારે મહમદઅલી ઝીન્ના જ મહત્ત્વના હતા. દલિતવર્ગો માટે સ્વતંત્ર મતદાર સંઘના વિરોધી કોંગ્રેસી હવે મહમદઅલી ઝીન્ના જ્યારે સ્વતંત્ર મતદાર સંઘ દ્વારા ચુંટાયા ત્યારે જિન્નાની યશગાથા ગાવામાં તલ્લીન થઈ ગયા હતા. તેમના પ્રેમના પ્રતીક તરીકે મુંબઈમાં 'જિન્ના હોલ' બંધાવા માંડયા હતાં. વફાદાર વર્ગીકૃત વર્ગો તેમની દષ્ટિએ કોઈ વીસાતમાં ન હતા. સરદારે મોડો મોડો તા.૧-૯-૧૯૪૬ના દિવસે ડો.આંબેડકરને પત્ર પાઠવ્યો. દમ વગરના પત્રનો પ્રત્યુતર પાઠવવો ડો.આંબેડકરને ઉચિત લાગ્યો નહિ કારણ કે તેમાં સમાધાનની શક્યતાનો સદંતર ઈન્કાર કરવામાં આવ્યો હતો. આ અરસામાં દલિતવર્ગોના મિશન માટે તેમણે વિલાયત જવાનું વિચાર્યુ એટલે દલિતવર્ગોના મિશનની કેફિયત કહેવાની દષ્ટિએ અને વળી પોતે વિલાયતથી કયારે પાછા આવે તે નિશ્ચિત ન હોવાને કારણે પણ મોડે મોડે તેમણે તા.૧૪-૧૦-૧૯૪૬ના દિવસે સરદાર પટેલને પ્રત્યુત્તર પાઠવતાં લખ્યું કે,

''આપના તા.૧-૯-૧૯૪૬ના પત્રને જોવાની કૃપા કરશો. તે પત્ર વાંચતાં તેનો પ્રત્યુત્તર પાઠવવા જેવું મને લાગ્યું નહિ. પરંતુ તે પત્રમાં તમે કેટલાક ઉપસ્થિત કરેલા મુદ્દા કદાચ અપવાદ ગણી શકાય જેનો ત્વરિત ઉત્તર આપવો મને જરૂરી લાગ્યો નહોતો. આથી તુરંત ઉત્તર લખ્યો નહોતો. પરંતુ હું પરદેશ જઈ રહ્યો છું અને ક્યારે પાછો ફરીશ તે નક્કી નથી. આવી પરિસ્થિતિમાં પરદેશ જવા પૂર્વે તમને (તમારા મુદ્દા બાબતે) પ્રત્યુત્તર પાઠવવો જોઈએ એવું મને લાગ્યું આથી આ પત્ર લખી રહ્યો છું.

તમારા પત્રમાં લખો છો કે હું કોંગ્રેસ જોડે જોડાણ કરવા અત્યંત ઉત્સુક છું અને આ વાત તમને શ્રી વી.એમ.જોષી એ કહી એવું તો તમે લખો છો. શ્રી જોષીએ તમને શું કહ્યું તેની મને જાણ નથી. પરંતુ મે શ્રી જોષીને ક્યારે પણ કહ્યું નથી કે હું કોંગ્રેસ જોડે જોડાણ કરવા ઉત્સુક છું અને તે માટે તમારી મારી મુલાકાત ગોઠવો તો પછી આ બાબતે સત્ય શું ?

સાચી હકીકત જુદી જ છે. તેનો એક આગવો ઈતિહાસ છે જેની તમને પણ જાણ હોય તેમ લાગતું નથી, તેથી તમારી જાણ ખાતર ઈતિહાસનો ઉલ્લેખ કરૂં છું. રવિવાર ૭મી જુલાઈનો તે દિવસ હતો અખિલ ભારતીય કોંગ્રેસનું અધિવેશન મુંબઈમાં સર કાવસજી જહાંગીર હોલમાં ભરાયું હતું. તે અધિવેશન સામે શીડયુલ્ડ કાસ્ટ ફેડરેશનની જનતાઓ શ્રી બી.કે.ગાયકવાની આગેવાની હેઠળ દેખાવો શરૂ કર્યા હતા. તે દેખાવકારો ગાંધીજીને રૂબરૂ કેટલી સમસ્યાઓ કહેવા માંગતા હતા. આથી ગાંધીજીને મળ્યા સિવાય દેખાવકારો ત્યાંથી હટી શકે તેમ ન હતા. આથી એસ.કે.પાટીલ અધિવેશનમાંથી બહાર આવ્યા અને બી.કે.ગાયકવાડને કહ્યું કે, આજે ગાંધીજીનો મૌનવાર છે, પરંતુ પોતે (એસ.કે.પાટીલ) ગાંધીજી અને શિડયુલ્ડ કાસ્ટ ફેડરેશનના આગેવાનોની મુલાકાત એકાદ દિવસામાં ગોઠવી આપશે. શ્રી પાટીલના આ આશ્વાસન બાદ દેખાવો મોકૂફ રાખવામાં આવ્યા હતા (આ ઘટનાના પરિપપાક સ્વરૂપે) તા.૧૨ જુલાઈ શુક્રવારે એસ.કે.પાટીલ મને મળ્યા શ્રી પાટીલે ૭મી જુલાઈના દિવસે તેમની અને દેખાવકારો વચ્ચે થયેલી વાટાઘાટોની વિગતો આપી કહ્યું કે, ગાંધીજીને મળવાની કોની ઈચ્છાઓ છે તે કહો. મે એસ.કે.પાટીલને કહ્યું કે આ બાબતે તમો બી.કે.ગાયકવાડ સાથે વાટાઘાટો કરો તે વધારે ઉચિત ગણાશે કારણ કે તે વખતે દેખાવકારોનું નેતૃત્ત્વ શ્રી બી.કે ગાયકવાડનું હતું. આ વખતે શ્રી એસ.કે.પાટીલે મને (બાબાસાહેબને) કહ્યું કે, આવી મુલાકાત ગોઠવાય તો તમે ગાંધીજી અથવા કોંગ્રેસ હાઈકમાન્ડના ક્યા આગેવાનને મલવાનું પસંદ કરશો મેં કહ્યું મારો એવો કોઈ આગ્રહ નથી. (ત્યાર પછી) ચાર પાંચ દિવસે જોષી મને (ડો.આંબેડકરને) મળ્યા હતાં. તેમણે કહ્યું નૈસર્ગિક રીતે કોઈ ઘટનાને નિહાળીએ તો કોણ કોને મળ્યું તેમજ કોણ કોના કહેવાથી મળ્યા તેની ચર્ચા નિરર્થક છે (કોંગ્રેસી લોકો અને કોંગ્રેસી વર્તમાનપત્રોએ વહેતી કરેલી વાતોને ધ્યાનમાં રાખી ડો.આંબેડકર આગળ લખે છે કે )

...કોઈ કોંગ્રેસીઓ સાથે કોઈ બીન કોંગ્રીસીજને એકાદવાર જોડાણ કર્યું તેને કોંગ્રેસી લોકો શરણાગતિ કહેતા હોય છે અને આવો પ્રચાર સતત ચાલુ હોવાથી (આપણી) મુલાકાત બાબતે કોણ કોના દ્વારા પ્રયત્નો થયા તે બાબતે જે તેને થતા પોતને પણ ન્યાય આપવાની દષ્ટિએ ખુલાસો કરવો આવશ્યક હોઈ આટલો ખુલાસો કરવો પડે છે.'

તમારા પત્રમાં તમે મારા દ્વારા ગાંધીજીની કરેલી ટીકાઓ બાબતે ઉલ્લેખ કર્યો છે. તે બાબતે ઓછામાં ઓછું કહું તો તે મુદ્દો સંપૂર્ણપણે અસ્થાને છે. હું ગાંધીજીની બેફામ રીતે ટીકાઓ કરૂં છું. તે તમે પ્રથમ વખત જાણો છો એવું નથી. તમને ગમે કે ન ગમે પરંતુ ગાંધીજી ઉપર ગુસ્સો કરવા માટે મારી પાસે ઘણાં કારણો છે આ બાબતે મેં એક પરિપૂર્ણ ગ્રંથ લખ્યો છે. what Gandhi and Congress have done for the untouchables ) દલિતવર્ગોના હિતને ધ્યાનમાં રાખી હું તેમનો વિરોધ ક્યા કારણોસર કરૂં છું તે સઘળી બાબતો આ ગ્રંથમાં વિસ્તૃત રીતે સમજાવેલી જ છે. જો ગાંધીજી એ પુરાવર કરે કે આ ગ્રંથમાં મારા દ્વારા જ રજૂ કરવામાં આવેલી હકીકતો ઘટનાઓ તેમજ મારી રજૂઆત ભૂલભરેલી છે તો ગાંધીજી ઉપર મૂકેલા આરોપ હું પાછા ખેંચવા તૈયાર છું. મારા ગ્રંથમાં મારા દ્વારા મૂકવામાં આવેલા આરોપને મિથ્યા પુરવાર કરવા (ગાંધીજી દ્વારા) અનેક દલાલોની નિમણૂંક કરવામાં આવી છે, પરંતુ ગાંધીજીનું દુર્ભાગ્ય કહેવાય કે તે બધાં જ દલાલો માત્ર નિષ્ફળ નીવડયા છે એટલું જ નહિ પરંતુ ઘણી જ શરમજનક રીતે નિષ્ફળ નિવડ્યા છે.'

વળી તમને એવો વિચાર આવતો હોય તેમ લાગે છે કે ગાંધીજીની ટીકા કરનારો હું એક જ માણસ છું. આ તમારી ભૂલ છે, મને ખબર છે ત્યાં સુધી ગાંધીજીની ટીકા કરનારા સેંકડો લોકો છે. તેમાંના કેટલાક તો ગાંધીજીના અંતરંગ વર્તળમાંના લોકો છે અને તેમાંના કેટલાક તો વર્તમાન સરકારમાં પ્રધાનપદુ ભોગવે છે. ગાંધીજીના આવા ટીકાકારો અને મારી વચ્ચે મૂળભૂત ફરક છે. તે લોકો ખાનગીમાં ગાંધીજીની ટીકા કરે છે. અને જાહેરમાં પ્રશંસા કરે છે સ્તુતિ કરે છે આવી બાબતમાં મારૂં દુર્ભાગ્ય છે કે હું ડબલ ઢોંલકીની કળા શીખ્યો નથી. બે મોઢાની વાતો મને સ્વીકાર્ય નથી જાહેરમાં જુદું બોલવું અને ખાનગીમાં બીજું બોલવું આવું મને આવડતું જ નથી.''

ગાંધીજી ઉપરનો મારો ટીકાનો હુમલો તમને અંતઃકરણમાં સોંસરો ઉતરી ગયો છે તેવું તમારા પત્ર ઉપરથી લાગે છે હવે આ રીતે હું તમારા અંતઃકરણમાં આ વાત ઉતારવા માંગું છું કે જો ગાંધીજી ઉપર આવો ટીકાત્મક હુમલો કર્યો ન હોત તો દલિતવર્ગોની સમસ્યાઓ બાબતે તડજોડ કરવાની આ ઘડી પણ (તમારા મનમાં) આવી ન હોત. આ તડજોડ (જોડાણ) ની તક કોઈપણ કારણે પેદા થાત નહિ, જે ગાંધીજી ઉપરના હુમલાના કારણે જ પેદા થઈ છે. આ તમારે સમજી લેવું જોઈએ.

તમારો વિચાર એવો છે કે મારે દેશ કરતાં ગાંધીજી મહાન છે એવું માનવું જોઈએ... બોલવું જોઈએ. પરંતુ મારો મત નિરાલો છે મને લાગે છે કે, કોઈપણ મહાન શ્રેષ્ઠ વ્યક્તિ કરતાં ભારત દેશ અધિક મહાન છે. વળી તમે એવું વિચારો છો કે કોંગ્રેસી બનવું અને રાષ્ટ્ર ભક્ત બનવું આ બન્ને બાબતો એક જ છે, મારા મતે કોઈપણ વ્યક્તિ કોંગ્રેસી થયા સિવાય રાષ્ટ્રભક્ત બની શકે છે. હું મારું પોતાનું ઉદાહરણ આપું તો મને ક્ષમા કરશો કે કોઈપણ કોંગ્રેસી કરતાં હું અનેકગણો રાષ્ટ્રવાદી રાષ્ટ્રભક્ત છું. કવચિત એકાદ પ્રસંગોપાત રાષ્ટ્રવાદની મારી પૂર્ણભૂમિકા મે કદાચ વ્યક્ત કરી ન હોય તો તેનાં પણ કારણો છે કે પદદલિતોના વિશેષ રાજકીય અધિકારો સંરક્ષણ પ્રાપ્ત કરવાની માંગણીનો વિરોધ કરી, ગાંધીજી જેવી વ્યક્તિએ મારી પીઠમાં ખંજર ભોક્યું હતું આ બાબત સર્વવિદિત છે.

૧૮ જુલાઈની આપણી બેઠકમાં જે ભૂમિકા મે સ્વીકારી હતી તેની ઉપરવટ જઈને પણ મારા નિવેદનમાં કેટલીક નક્કર માંગણીઓ મેં પ્રસ્તુત કરી હતી. મેં કહ્યું હતું કે, દલિતવર્ગોના અલગ સ્વતંત્ર મતદાર સંઘના વિકલ્પે પ્રાદેશિક સ્વતંત્ર મતદાર સંઘ સ્વીકારવા હું તૈયાર થયો હતો. તેનાથી આગળ વધી મેં ત્રીજો વિકલ્પ પણ સૂચવ્યો હતો. આ ત્રીજો વિકલ્પ સૂચવવાનું કારણ એવું હતું કે આપણી મુલાકાત થઈ તે પૂર્વે તમારી અને જોષીની વચ્ચે થયેલી વાતચીત પ્રમાણે ત્રીજા વિકલ્પની ભૂમિકા ઉપર જોડાણ સફળ થવાની તક સવિશેષ છે તેવું તમે શ્રીજોષીને જણાવ્યું હતું. જોડાણ માટે કોઈ આધાર નથી અને આ બાબતે હું કંઈ મદદરૂપ થઈ શકું તેમ નથી. તેવો ભય તમને ન દેખાય એટલા ખાતર જ મે ત્રીજો વિકલ્પ પ્રસ્તુત કર્યો હતો. વળી તમારા પત્રમાં જોડાણ બાબતે મારા વિચારો સાથે સહમત નથી તેમ છતાં મુલાકાત માટે નિમંત્રણ પાઠવો છો આ બાબત તમારા અંતઃકરણની ચાડી ખાય છે.

મને ખાત્રી થઈ છે કે આ પરિસ્થિતિમાં તમારા નિમંત્રણથી કાંઈ નીપજે તેમ મને લાગતું નથી. આથી તમારા નિમંત્રણનો મારે અસ્વીકાર જ કરવો જોઈએ. તે તદ્દન સ્પષ્ટ વાત છે તેમ છતાં તમારે મને કંઈ લખવા જેવું લાગે તો પત્રના અંતે મારૂં સરનામું આપ્યું જ છે, તમારી તબિયત સારી રહે તેવી કામના કરતાં પત્રનું સમાપન કરૂં છું. સરદાર વલ્લભભાઈ પટેલને પાઠવેલા આ પત્રમાં આપણે ડો.આંબેડકરની વૈચારિક વિશુદ્ધતા સ્વાભિમાનની ખુમારી અને દલિતહિત પ્રત્યેક ચીવટનાં દર્શન થાય છે.

ડો.આંબેડકરે લડતનું રણસીંગું ફુંક્યું હતું. સત્યાગ્રહીઓએ જેલો ભરી દીધી હતી. અરસામાં તેઓ બંગાળમાંથી બંધારણ સભા માટે વિજય થયા હોવાથી તેમના સન્માન માટે સભા મળી તેમાં તેમણેએ શીડયુલ્ડ કસ્ટ ફેડરેશનના સત્યાગ્રહની સમીક્ષા કરતા કહ્યું કે -

> ગાંધીજીના અનુયાયીઓ દ્વારા થતો સત્યાગ્રહ અને આપણા સત્યાગ્રહ વચ્ચે આકાશ પાતળનું અંતર છે. પત્રકારોને પણ આપણા સત્યાગ્રહ માટે આદર હોતો નથી જયારે ગાંધીજીવાળા સત્યાગ્રહ માટે તેઓ પ્રશંસા કરતા હોય છે. આપણા સત્યાગ્રહમાં આપણા ભાગે માત્ર છળ કપટ અને પરેશાની આવી છે જયારે ગાંધીજીના અનુયાયીના કપાળમાં કુમકુમ તિલક આખા શરીરે અબીલ ગુલાલ અને ગળામાં ફુલોના હાર હોય છે. તેમના ઉપર ફૂલોની વર્ષા થઈ છે, જયારે આપણા ઉપર પથ્થર અને વિષ્ટાનો વરસાદ વરસાવ્યો છે. તેમ છતાં આપણે ધ્યેયથી વિચલિત થયા વિના આપણો ધ્યેય પાર પાડયો છે. પોતાના વિજય વિષે બોલતા કહ્યું કે, હું (ડો.આંબેડકર) માત્ર મહારાષ્ટ્રના મહારનેતા છું. સમગ્ર ભારતના દલિતોનો નેતા નથી.'' એવા કેટલાક લોકોના આવા જૂઠા પ્રચારનો પડદો ચીરાઈ ગયો છે. હું બંધારણસભામાં બંગાળમાંથી ચૂંટાયો છું કે જયાં મહારજાતિનું અસ્તિત્વ જ નથી.

## ૯.૨.૧ : પીપલ્સ એજ્યુકેશન સોસાયટી ..... શિક્ષણનું મહત્વ

અપાર તનાવભર્યા રાજકીય સંઘર્ષો તથા આટલી બધી વ્યસ્ત જીવનચર્ચા વચ્ચે પણ ડો.બાબાસાહેબ આંબેડકર શિક્ષણની મહત્તાને વિસર્યા ન હતા. તેઓ પોતે જ શિક્ષણનું જીવતું જાગતું આદર્શ ઉદાહરણ હતા. સમાજના છેવાડે રહેતો અછૂતનો દીકરો-વ્યક્તિ શિક્ષણના સહારે ક્યાંથી ક્યાં પહોંચી શકે છે ? ૧૯૨૫માં બહિષ્કૃત હિતકારિણી સભા દ્વારા પણ તેમણે શિક્ષણને પ્રાધાન્ય આપ્યું હતું. અમદાવાદ (ખાનપુર) માં પ્રથમ દલિત છાત્રાલય પ્રારંભ કરવામાં પણ તેમનું તથા ડૉ.પી.જી.સોલંકીનું અનન્ય પ્રદાન હતું. જાહેર જીવનના ત્રણ સૂત્રો ભણો - ભેગા થાઓ અને ભૂચાલ પેદા કરો- માં શિક્ષણ ને જ પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. દલિતવર્ગના ઉત્થાનનો પાયો શિક્ષણ છે અને તેથી તેમણે કહ્યું હતું

કે શિક્ષણ એ પવિત્ર કાર્ય છે. શાળા-મહાશાળામાં માનવ સુસંસ્કૃત બને છે. શાળા એટલે ઉત્તમ નાગરિકોના ઘડતરનું પવિત્ર સ્થળ. આમ શિક્ષણ વિષેના તેમના ખ્યાલો ઘણા જ સ્પષ્ટ હતા તે કહેતા -

માનવને શરીરની સાથે સાથે મન પણ છે. આપણે મન અને શરીર બન્નેનો વિચાર કરવો જોઈએ મનનો પણ વિકાસ થવો જોઈએ. માનવ માત્ર ભાખરી ઉપર જીવે નહિ. તેને સુસંસ્કૃતિની પણ એટલીજ આવશ્યકતા હોય છે તે શિક્ષણથી જ પ્રાપ્ત થઈ શકે. એકલું રોટલીનું તત્વજ્ઞાન ખાવો પીવો મજા કરો તેમને સ્વીકાર્ય નહોતું જ. તેને તેઓ Pig philosophy કહી નિંદતા હતા તેમને તો મહામાનવ બુદ્ધના તત્વજ્ઞાનમાં સંપૂર્ણ શ્રદ્ધા હતી. શિક્ષણએ પવિત્ર સંસ્થા છે. શિક્ષણ એટલે રાષ્ટ્રીયતા માનવતા નિર્માણ કરવાનું તથા અજ્ઞાનતાદૂર કરવાનું ઉદાત્ત કાર્ય. શિક્ષકગણ રાષ્ટ્રના સારથિ સમા છે. કારણ કે તેમના હાથમાં શિક્ષણની લગામ હોય છે. વળી સૈકાઓથી જેમને શાસ્ત્ર અને શસ્ત્રોથી વંચિત રાખવામાં આવ્યા છે તેમના માટે ઉચ્ચ શિક્ષણ તો ઘણું જ મહત્ત્વનું છે.

ભારતમાં પછાતવર્ગોને ઉત્કર્ષ કે મુક્તિના માર્ગે આણવા એટલે પ્રાચીનકાળ પ્રમાણે તેમના અન્ન વસ્ત્રોની થોડી ઘણી વ્યવસ્થા કરવી, માનવ માનવ વચ્ચેના શ્રેષ્ઠ-કનિષ્ઠનાના ભેદભાવ નષ્ટ કરવા તથા તેમને ગુલામ રાખનારી ઉંચ નીચને ભેદભાવવાળી વિષકારી વિચારસરણીનો વિનાશ કરી તેમાંથી તેમને મુક્ત કરવા તે છે. આ માટે પછાતવર્ગોને જાગૃત કરવા પડશે. તેમનામાં આત્મસન્માન આણવું પડશે અને આ કાર્ય દેશમાં ઉચ્ચશિક્ષણ સિવાય શક્ય નથી જ. સેંકડો વર્ષોથી શિક્ષણથી વંચિત રાખેલા લોકોને જ્ઞાનનો-સંસ્કૃતિનો લાભ આપવો પડશે તે માટે આ લોકોને શાળા મહાશાળાની સૌથી વધારે આવશ્યકતા છે. વળી હરિજન સેવા સંઘની ગાંધીજી પ્રેરિત હરિજન સેવાની પધ્ધતિ એટલે કે તેમને પોતાના વારસાગત (ગંદા) વ્યવસાયોમાં જ રચ્યાપચ્યા રાખવા તે તેમને હરગીઝ મંજૂર નહોતું. કાર્યપધ્ધતિના પરના વિવાદના હતાં. પોતાના વિચારને આચારમાં મુકવા તેમણે મંજૂર મંત્રી હતા, ત્યારે ૧૯૪૪માં લોર્ડ લિનથિગોને મળી દલિત વિદ્યાર્થીઓના ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ મોકલવાની યોજના કરી અને શિક્ષણ વિભાગ દ્વારા શીડયુલ્ડ કાસ્ટ સ્કોલરશીપ બોર્ડની રચના કરાવી હતી. જેના પ્રથમ સેક્રેટરી એન.શિવરાજ હતા. જેના કારણે અસંખ્ય વિદ્યાર્થીઓ પરદેશ જઈ ઉચ્ચ શિક્ષણ મેળવી રાજ્ય તથા કેન્દ્ર સરકારમાં ઉંચા હોદ્દા ઉપર બિરાજમાન થયા હતા. રાજાજી જ્યારે કેળવણી પ્રધાન થયા ત્યારે સપ્ટેમ્બર ૧૯૪૬માં તેમણે આ યોજના રદ કરી હતી. ડો.આંબેડકરે સીમલા ખાતેના પોતાના કાર્યાલયમાં ૨૧ કર્મચારી કલાર્કમાં ૧૯ ભંગી કલાર્કોની નિમણુક કરાવી હતી તેમજ એક ભંગી વિદ્યાર્થીને તે પરદેશ જવાની સંપૂર્ણ યોગ્યતા ધરાવતો ન હતો છતાં સ્પેશિયલ કેસ તરીકે ગણી તેને લંડન વિદ્યાભ્યાસ માટે મોકલ્યોહતો. શિક્ષણના મહાન કાર્ય માટે ૨૦ જુલાઈ ૧૯૪૫ના દિવસે તેમણે મુંબઈમાં પીપલ્સ એજ્યુકેશન સોસાયટીની સ્થાપના કરી અને તેના દ્વારા મરીન લાઈન્સની મીલીટરી બોરોકમાં ક્યુલ રોડ ઉપર પતરાના શેડમાં સિદ્ધાર્થ કોલેજનો જૂન ૧૯૪૬માં શુભ પ્રારંભ કર્યો હતો. ત્યારબાદ ૧૯૫૧માં ફોર્ટ વિસ્તારમાં મેકબા બિલ્ડીંગ અને અલ્બર્ટ બિલ્ડીંગ ખરીદી કોલેજને ત્યાં ખસેડવામાં આવી અને બંન્ને બિલ્ડીંગનાં નામો અનુક્રમે બુદ્ધભવન, આનંદભવન આપવામાં આવ્યાં હતાં. ભારત સરકાર પાસેથી રૂપિયા ત્રણ લાખની ગ્રાન્ટ તથા ત્રણ લાખ લોન તરીકે તેમણે મેળવ્યા હતા. આ શિક્ષણ સંસ્થા તથા સમાજ સેવા સેન્ટરનાં સંકુલ માટેની ૩ લાખ ૨૫ હજારની આવશ્યકતા માટે તેમણે અપીલ બહાર પાડી હતી. મુંબઈના શેઠ હુસેનજીભાઈ લાલજીએ પચાસ હજારનું દાન કર્યું હતું. રિયાસતી બાબતોના ચિવ શ્રી વી.પી.મેનન દ્વારા ડો.આંબેડકરે બે પત્રો સહાયની વિનંતી બાબતે વડોદરા મહારાજા પ્રતાપસિંહ ગાયકવાડને મે,૧૯૪૬માં લખ્યા હતા, પરંતુ મહારાજાએ ઉત્તર આપવાનો વિવેક દાખવ્યો નહોતો. વડોદરા રાજ્યના દિવાનસર બી.એલ મિત્ર રેઆઈ.સી.એસ દ્વારા તા.૧૬-૧-૧૯૪૬ના દિવસે મેનના વિનંતી પત્ર ઉપર એવી નોંધ કરવામાં આવી કે, Take no notice (રાજય દફતર ફાઈલ નં.૫૧૭ ખેરમાર્ડ ભાગ-૮ પૃ.૧૨) આમ વડોદરા રાજ્ય પ્રત્યુત્તર પાઠવવાનો વિવેક પણ વિસરી ગયું હતું. મદન મોહનમાલવીજીએ ગંગાઘાટ પર બેસી હિન્દુ યુનિવર્સિટી (બનારસ) ઊભી કરવાના લાખો રૂપિયાનું ભંડોળ ભેગું કર્યું હતું તે માલવિયાજીના સુપુત્ર ગોંવિંદ માલવિયાએ જ વિરોધ કર્યો. તેમના પોતાના જ નિવાસસ્થાન પાસેથી (પ્રયાગ) કાયસ્થ પાઠશાળા ઈન્ટર મીડીયેટ કોલેજમાં દલિતોને દાખલ કરવામાં આવતા ન હતા તેનો સંદર્ભ ટાંકી તા.૨૯-૩-૧૯૪૬ના દિવસે કેન્દ્રીય ધારાસભામાં જડબાતોડ જવાબ આપતા કહ્યું કે, "જે માલવિયા હિન્દુના હાથનું પાણી પીતા નથી. (તે ઠીક) પરંતુ બ્રાહ્મણનુ ક્ષેત્ર ગૌત્ર જાણ્યા સિવાય બ્રાહ્મણના હાથનું પણ પાણી પીતા નથી તે આ સભામાં રાષ્ટ્રીય એકતાની ખંજરી વગાડે છે. મુંબઈની સિદ્ધાર્થ કોલેજના દ્વાર સર્વલોકો માટે સદાય ખુલ્લા છે અને હું મારા હિન્દુ મિત્રોને સાફ કહેવા માંગું છું કે હું તેમની ઉદારતા ઉપર આધારિત નથી મને ખેરાત

ખપતી નથી. હું આ દેશનો નાગરિક છું સરકાર પાસેથી લાભો મેળવવાનો મને અન્ય મિત્રો જેટલા જ અધિકાર છે, હું માત્ર મારો અધિકાર જ માંગું છું અને તેના માટે સંઘર્ષ પણ કરૂં છું. જો કોઈ અમારા રસ્તામાં રોડા બનશે તો અમે અમારી મંઝીલે પહોંચવા અમારૂં ખૂન પણ વહેવડાવીશું. શિક્ષણના ક્ષેત્રમાં જ્ઞાતિવાદ લાવવાના આક્ષેપોનો રદિયો આપતાં તેમણે કહ્યું કે,

બનારસ હિન્દુ યુનિવર્સિટીનું નામ જ જાતિવાદી છે. તેનાં બધાં જ અધ્યાપક બ્રાહ્મણો છો. (જે સિદ્ધાર્થ કોલેજનું નથી) તેમણે કાચના ઘરમાં રહી બીજાના ઘર ઉપર પથ્થર ફેંકવા જોઈએ નહિ. આ દેશમાં બધા જોરજોરથી રાષ્ટ્રવાદની વાતો કરે છે પરંતુ વ્યવહારમાં જાતિવાદી જણાય છે. પ્રયાગની કાયસ્થ કોલેજની કૂપમંડૂકતા સામે સિદ્ધાર્થ કોલેજની વિશાળતા પ્રશંસનીય હતી. આ કોલેજના પ્રથમ આચાર્ય એલ્ફીસ્ટન કોલેજના સંસ્કૃતના સુપ્રસિદ્ધ પ્રાધ્યાપક એ.બી ગજેન્દ્રગડકરની (બ્રાહ્મણ) નિમણૂક કરવામાં આવી હતી. તેવીજ રીતે ખાલસા કોલેજના પ્રાધ્યાપક વૃંદ ડો કર્ણીક, ડો.અનંત કાણેકર, ડો.પાટણકરની (બધા જ બ્રાહ્મણો) સેવાઓ સિધ્ધાર્થ કોલેજને સાંપડી હતી. સમગ્ર ભારતભરમાં ગુજરાતી, મારવાડી, કર્ણાટકી, કેરાલી, પારસી, મુસલમાન તથા તમામ જાતિના પ્રાધ્યાપકો તથા વિદ્યાર્થીઓ સિદ્ધાર્થ કોલેજમાં હતા તે તેમના સમતાવાદી રાષ્ટ્રીય વિચારોને પ્રતિબિંબત કરે છે. બાબાસાહેબને કોઈ જાતિ વિષે વાંધો ન હતો. તેમને જાતિવાદી વિચારસરણી સામે વાંધો હતો. મુંબઈની કોલેજોમાં તેનું સન્માનીય સ્થાન હતું. હવે પીપલ્સ એજ્યુકેશન સોસાયટીના ઉપક્રમે અસંખ્ય કોલેજો છાત્રાલયોનું સંચાલન થતું હતું. સંસ્થા વિશાળ વટવૃક્ષ બની હતી. ૧૯૪૬માં ૧,૩૬૩ વિદ્યાર્થીની સંખ્યા સામે આજે દર વર્ષે પાંચ હજારથી વધારે વિદ્યાર્થી હોય છે.

## ૯.૨.૨ : મરાઠાવાડના વિકાસમાં ડો.આંબેડકરનું પ્રદાન.

હૈદરાબાદ નિઝામ પાસેથી ઔરંગાબાદમાં નજીવી કિંમતે આશરે ૧૬૨ એકર જમીન પ્રાપ્ત કરી જેનું નામ તેમણે બૌદ્ધભિક્ષુ નાગસેન ઉપરથી **'નાગસેનવન'** રાખ્યું હતું. કોઈ દાનવીરના નામ ઉપરથી તો નહિજ. જૂન ૧૯૫૦ રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદના વરદહસ્તે મિલિંદ મહાવિદ્યાલયનો પાયો નાંખ્યો હતો, અને ૧૨ લાખના ખર્ચે ભવ્ય ઈમારતનું નિર્માણ કર્યું હતું. આમ મરાઠાવાડ જેવા તદ્દન પછાત વિસ્તારના ગરીબ લોકોમાં સર્વપ્રથમ વિદ્યાનું વાવેતર કરી શિક્ષણની સગવડો ઉપલબ્ધ કરી હતી. સમય જતા ત્યાં એક વિશાળ (બધી જ ફેકલ્ટીવાળું) શૈક્ષણિક સંકુલ સર્જાયું હતું. ડો.આંબેડકરની નિર્માણ શક્તિ તથા શિક્ષણ પ્રેમનું પ્રતીક હતું. જેને ગામમાં ઘર નહોતું એવા માનવીએ એક વિશાળ શિક્ષણનગરીનું નિર્માણ કર્યું હતું. આ સંસ્થાના પ્રતાપે જ મરાઠાવાડના વિદ્યાર્થીઓ આજે મોટા પદધિકારીઓ બન્યા હતા. વળી સરકારમાં મરાઠાવાડ યુનિવર્સિટીનું સૂચન પણ તેમણે જ ક્યું હતું.

૧૯૭૪માં મહારાષ્ટ્રની વિધાનસભા વિધાન પરિષદ વિદ્યાર્થી સમિતિ અને મરાઠાવાડ યુનિવર્સિટી સેનેટ આ સર્વે સંસ્થાઓ એ સર્વાનુમતે પ્રસ્તાવ પારિત કર્યો કે મરાઠાવાડ યુનિવર્સિટીને ડો.બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી નામ આપવું.

લોકશાસન ટોળાંશાહીને તાબે થયું. ત્રણ સ્થળે સર્વાનુમતે થયેલો પ્રસ્તાવ પડતો મુકાયો. આ દેશની લોકશાહીની પણ કેવીકરૂણતા લોકો દ્વારા ચૂંટાયેલી વિધાનસભા કે સંસદ સર્વાનુમતે કે બહુમતે કરેલા નિર્ણયો શેરીઓનાં ટોળાને તાબે થઈ બદલવા પડે છે. મોકૂક રાખવામાં બુદ્ધિજીવીઓ બહેકાવે છે અને અખબારો પણ તેને આંદોલન તરીકે ખપાવી આગળ ધપાવે છે. આંદોલનકારોના આગેવાન કોંગ્રેસી અને સમાજવાદી હતા તે પણ દુઃખદ હકીકત હતી.

મહારાષ્ટ્રીયન સંસ્કૃતિના પિયર સમા સંતભૂમિ મરાઠાવાડના વિકાસમાં ડો.આંબેડકરનો અનન્ય ફાળો હતો. નિઝામના શાસનમાં બધી રીતે પીડાતા મરાઠાવાડને મરાઠા યુનિવર્સિટી સુધી આણનાર ડો.આંબેડકર હતા. મરાઠાવાડને નિઝામની પકડમાંથી મુક્ત કરાવવા ચંદ્રપુર પાસેની પર્વતમાળામાંથી પસાર થઈ રાતોરાત આંધ્રપ્રદેશમાં ભારતીય સૈન્યને પહોંચતું કરવાની બાબાસાહેબની સલાહનો તે વખતના ગૃહપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલે અમલ કર્યો હતો. પરિણામે ભારતની આઝાદી પછી છેક ૧૯૪૮માં મરાઠાવાડ મુક્ત થયું હતું. ડો.આંબેડકરના પ્રતાપે આકાશવાણી કેન્દ્ર, વિમાનઘર, અદ્યતન હોસ્પિટલ અસ્તિત્વમાં આવ્યાં હતાં. ડો.આંબેડકર ઔરંગાબાદ નામ બદલીને પુષ્પનગરી રાખવા માંગતા હતા. મરાઠી સાહિત્યકાર સમ્રાટ પુ.લ.દેશપાંડેના શબ્દોમાં અહલ્યાનો ઉદ્ધાર જે રીતે રામચંદ્રજીએ કર્યો તેવી રીતે ડો.આંબેડકરે પોતાના પુનિત પદસ્પર્શથી ચેતનહીન પડેલા મરાઠાવાડનો ઉધ્ધાર કર્યો.

પીપલ્સ એજ્યુકેશન સોસાયટી આજે વિશાળ વટવૃક્ષ બન્યુ છે. તેના દ્વારા આજે અસંખ્ય કોલેજ, શાળાઓ, મહાશાળાઓ, છાત્રાલયો ચલાવવામાં આવે છે. હજારો વિદ્યાર્થીઓ શિક્ષણ શલાકાના પારસ સ્પર્શથી અજ્ઞાનાંધકારમાંથી નીકળી ઉજ્જવલ જ્ઞાન પ્રકાશ પ્રાપ્ત કરે છે. ડો.બાબાસાહેબ આંબેડકરે જે ભીમ પ્રયત્નો કર્યા ભીમ યજ્ઞ કર્યો તેનું આ પુનિત પરિણામ છે. ડો.બાબાસાહેબ નિર્મિત આ શિક્ષણ સંકુલ તે તેમના જાતિવિહિન વર્ગવિહિન એવા સમતાપ્રધાન સમાજ રચનાનું યુગપ્રવર્તક કાર્ય છે. આંબેડકરનું અદભૂત સ્મારક છે... આ સંસ્થાઓ એટલે ભગવાન બુદ્ધના પ્રજ્ઞા શીલ અને કરૂણા જેવાં મહાન તત્ત્વોને જીવનમાં આચારી બતાવવા માન હિતકારી જીવનમાર્ગની જ્ઞાનપીઠ જેને પ્રદેશનાં કે અન્ય કોઈબંધન ન હતાં. ગુજરાતી સયાજીરાવ છાત્રાલય (પાટણ) અને સિદ્ધાર્થ એયુકેશન સોસાયટી (ધોળકા) ને આ સંસ્થા દ્વારા પ્રતીક આર્થિક સહાય પ્રાપ્ત થાય છે, તે નોંધપાત્ર બાબત છે. જોકે ડો.આંબેડકર એક બુદ્ધિષ્ટ યુનિવર્સિટીનું નિર્માણ કરવા માંગતા હતા. મૈસુરના મહારાજની કેટલીક જમીન તેમણે બેંગલોરમાં મેળવી પણ હતી.

શિક્ષણની સાથે સાથે સાહિત્ય સર્જન લેખન એ ડો.બાબાસાહેબ આંબેડકરનો અદકો વિષયહતો. વાંચન મનન લેખન તેમની પ્રકૃત્તિ સાથે વણાઈ ગયું હતું. આંધળો એ દેશ જ્યાં આદિત્ય નથી, મડદું એ સમાજ (દેશ) જ્યાં સાહિત્ય નથી. આ સાહિત્ય માટે સાચેજ કહેવાયું છે. કે हितेन हित साहित्य ડો.બાબાસાહેબ આંબેડકર રાષ્ટ્ર અને દલિતોના હિતના સંવર્ધન માટે સાહિત્યનું સર્જન કરતા હતા.

૧૯૨૦-૧૯૩૫ના અરસામાં અછૂતોદ્ધારના કંટકછાયા પંથમાં તેમને પડેલી વિપદાઓને વણી લઈ તેઓ એક ગ્રંથ લખવા માંગતા હતાં. તેઓ દલિતવર્ગોની દુઃખદ સ્થિતિ માટે વિશ્વલોકમતની સહાનુભૂતિ મેળવવા માંગતા હતા આ માટે ગ્રંથનું અંગ્રેજી નામ - THE PEOPLE AT BAY' (ખીડકીએ ખોડાયેલા લોકો) નક્કી કર્યા હતું. ૧૯૩૭ સુધીમાં ગ્રંથના ઘણાં બધાં પ્રકરણો પૂરાં થયાં હતાં. છગનલાલ મોદીએ ટાઈપ કાર્ય કર્યુ અને કુ.ડ્રેસરબાઈએ કંમ્પર કાર્ય પરિપૂર્ણ કર્યું હતું. આ અરસામાં અમેરિકન વિદ્વાન ખ્રિસ્તી ઉપદેશક ધર્મગુરુ, ગાંધીજીના પ્રશંશક ભક્ત ડો.સ્ટેનલે જોન્સ ભારત ભ્રમણાર્થે ૧૯૩૭માં મુંબઈ પધાર્યા. કુ.ડ્રેસરના મહેમાન થયા ત્યારે તેણીએ ડો.આંબેડકરના ગ્રંથની હસ્તપ્રત વાંચવા આપી. તેમને ગ્રંથ ગમી ગયો તેના પ્રકાશન માટે અમેરિકન સંસ્થા જોડે પત્રવ્યવહારનો પ્રારંભ પણ કર્યો આ અરસામાં પોલેંડ જર્મનીના યહૂદી લોકોની વેદનાને વાચા આપતો એક ગ્રંથ PEOPLE AT BAY પ્રસિદ્ધ થયો...મૌલિકતાના આગ્રહી ડો.આંબેડકરને પેલું બોટેલું નામ બીલકુલ સ્વીકાર્ય નહોતું. તેમણે ગ્રંથના નામ અને વિગતો પણ ફેરફાર કરવાનો નિર્ણય કર્યો. ગ્રંથને છેલ્લામાં છેલ્લી વિપૂલ માહિતીસભર કરી પ્રસિદ્ધ કરવાનો નિર્ણય કર્યો અને આ માહિતી એકઠી કરવામાં ગ્રંથના પુનઃ લેખનમાં વર્ષો વીતતાં ગયાં.. અંતે જૂન, ૧૯૪૫માં તે ગરિમાયુક્ત ગ્રંથનું પ્રકાશન થયું અને તેનું નામ રાખવામાં આવ્યું What Gandhi and congrees have done to the untouchables. (ગાંધી અને કોંગ્રેસ દલિતો માટે શું કર્યું ) ઠાકર એન્ડ કું. (મુંબઈ) દ્વારા પ્રસિદ્ધ થયેલા ૩૮૫ પૃષ્ઠના ગ્રંથમાં ૧૧ પ્રકરણ અને ૧૬ પરિશિષ્ટનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ૧૯૪૬ માં દ્વિતીય આવૃતિમાં પ્રકરણ નવ નવેસરથી લખાવ્યુ હતુ.

પ્રસ્તુત ગ્રંથ લંડન નિવાસ તેમની મૈત્રીણી **'એફ'** ને In Thy Presence is the Fulness of joy ... તારૂં સાનિધ્ય એટલે આનંદની પરિતૃપ્તિ શબ્દો સાથે સમર્પણ કરવામાં આવ્યોહતો. ડો.આંબેડકર પોતાની ચાહકને વિસર્યા નહોતા...

ગાંધીજી તેમજ કોંગ્રેસની આર્થિક, સામાજિક, રાજકીય, ધાર્મિક, વિચારસરણી તથા કાર્યપધ્ધતિની સંશોધનાત્મક સમીક્ષા કરી, વિપુલ આંકડાકીય માહિતી અન્ય અસંખ્ય પુરાવા પ્રસ્તુત કરી તેમણે પુરવાર કર્યું કે, ગાંધીજી તથા કોંગ્રેસ દલિતવર્ગોના આર્થિક સામાજિક, રાજકીય વિકાસમાં અવરોધો ઉભા કર્યો છે. વિકાસની ગતિ મંદ પાડી છે. આ ગ્રંથમાં વિપુલ પુરાવા પ્રસ્તુત કરી ડો.આંબેડકર કોંગ્રેસ, ગાંધીજી તથા સવર્ણોના અસ્પૃશ્યતા નિવારણનાં ઢોંગને નિરાભરણ કર્યો છે. દલિતવર્ગના લોકો કોંગ્રેસ ગાંધીજીથી સાવચેત રહેવાની સલાહ આપવામાં આવી હતી. ટાઈમ્સ ઓફ ઈન્ડીયાએ લખ્યું કે ડો.આંબેડકરનો ગ્રંથ હિન્દુ સમાજની જાતિવ્યવસ્થા ઉપર પ્રચંડ પ્રકાશપુંજ રેલાવનાર સૂર્ય છે. ભારત જયોતિ અંગ્રેજી સામાહિકના સમીક્ષકે પણ સુંદર આવકાર આપ્યો હતો. એન.જી.જોગે લખ્યું કે - ડો.આંબેડકર જેને સ્પર્શે તે સુવર્ણ બની જાય છે. અસંખ્ય સામયિકો એ ગ્રંથની પ્રશંસા કરી હતી. આ ગ્રંથ ગાંધીજી-કોંગ્રેસ ઉપર બોમ્બ પાડવા બરાબર હતો. ગ્રંથના પ્રારંભમાં સુપ્રસિદ્ધ ઈતિહાસવિદ્ થુસિડાઈડના સાર ગર્ભિત શબ્દો મૂકવામાં આવ્યા હતા.

I may be your interest to be our master, but how can it be ours to be yours slaves ?..

"તમારો હેતુ ભલે અમારા માલિક થવાનો હતો પરંતુ અમારો હેતુ તમારા ગુલામ બનવાનો કેમ હોય ?"

આગળ આપણે જોઈ ગયા કે, ડૉ.આંબેડકર તા.૧-૯-૧૯૪૬ના પોતાના પત્રમાં સરદાર વલ્લભભાઈ પટેલને પોતાના ગ્રંથની હકીકતો અને સત્યતા માટે ગાંધીજીને એક પડકાર પણ કર્યો હતો. રાજાજી તથા સંથને આ ગ્રંથને રદિયો આપવાનો પ્રયત્ન કર્યો તે સદંતર નિષ્ફળ ગયો હતો.

**'તમારી પ્રગતિ ચકાસો'-૧**

**નીચેની ખાલી જગ્યામાં તમારા જવાબો લખો.**

(૧) ડૉ.આંબેડકરના સત્યાગ્રહ અંગેનાં કારણો સમજાવો.

________________________________________________________________________________________________

________________________________________________________________________________________________

________________________________________________________________________________________________

(૨) ડૉ.આંબેડકર-સરદાર પટેલના પત્રમાં ગાંધીજી વિષે આંબેડકરના વિચારો લખો.

________________________________________________________________________________________________

________________________________________________________________________________________________

________________________________________________________________________________________________

(૩) ડૉ.આંબેડકરના શિક્ષણ વિષેના વિચારો લખો.

________________________________________________________________________________________________

________________________________________________________________________________________________

________________________________________________________________________________________________

(૪) પીપલ્સ એજ્યુકેશનની શૈક્ષણિક પ્રવૃતિ સાથે તેની પ્રગતિ વર્ણવો.

________________________________________________________________________________________________

________________________________________________________________________________________________

ડૉ.આંબેડકરને પોતાની આત્મકથા લખવાનો અવકાશ ન મળ્યો, પરંતુ અછૂતોના અધિકારો માટેના સંઘર્ષનો ઈતિહાસ આ ગ્રંથ દ્વારા આલેખવાનો સમય મળ્યો. તેઓ આ ઈતિહાસ લેખનમાં (પ્રસ્તાવનામાં) સુપ્રસિદ્ધ ક્રાંતિદૂત ચિંતક વોલ્ટરેના વિચારો ઉદધૃત કરે છે. જે કોઈ પ્રવર્તમાન ઈતિહાસ લેખન કરે છે ત્યારે તેના પર બન્ને બાજુથી હુમલા થાય છે જ. એક તો તેણે જે બાબત લખી હશે તે બાબતે હુમલો થશે. તે જ પ્રમાણે જે બાબત નહિ લખી હોય તે સંદર્ભમાં પણ હુમલો થશે. પરંતુ આ બધુ મામૂલી છે, જે કોઈ સત્ય અને સ્વાતંત્ર્યની હિમાયત કરે તે કશાયની અપેક્ષા રાખતો નથી. કશાનો ભય પણ રાખતો નથી. કશું માંગતો પણ નથી, જે માત્ર લેખનને જ મહત્ત્વાકાંક્ષા માને છે તેણે આવી બાબતોથી ડરવાનું કોઈ કારણ નથી.વળી ઈતિહાસ લેખન લાગણીના ક્ષેત્રથી પર છે તેમ તેઓ કહેતા " "Sentiment be outlawed from domain of science and things the Should be judged from an objective standpoint" (Writings. Speeches vol.I pp.22)

ચારેક મહીના પછી ૧૦ ઓકટોબર, ૧૯૪૬ માં તેમનો બીજો ગ્રંથ પ્રસિદ્ધ થયો નામ હતું. Who were the shudras ? How they came to be fourth verns in the indo - aryan Society... શુદ્રો કોણ હતા ભારતીય આર્યની ચોથી વર્ણ કેવી રીતે બન્યા ? મુંબઈની ઠાકર એન્ડ કું... દ્વારા પ્રસિદ્ધ થયેલ ૨૭૫ બાર પ્રકરણ ચાર નકશા, છ પરિશિષ્ટવાળા આ ગ્રંથમાં ઐતિહાસિક દષ્ટિએ શુદ્રોની શોધ કરવામાં આવી છે, વળી આ ગ્રંથ મહાત્મા જ્યોતિબા ફૂલેને અર્પણ કરવામાં આવ્યો હતો કે જેમણે બ્રાહ્મણેત્તર લોકોને સંગઠિત કરી તેમને બ્રાહ્મણોની બૌદ્ધિક આ ધાર્મિક, સામાજિક અને રાજકીય ગુલામગીરીમાંથી મુક્ત કરવાં સંઘર્ષ કર્યો હતો. શુદ્રોની શોધ કરી તેમણે અવિષ્કૃત કર્યું કે, શુદ્રો ક્ષત્રિય શાસનકર્તા વર્ગ હતો. બ્રાહ્મણોનાં ષડયંત્રને કારણે તેમને ચોથા વર્ણ તરફ ધકેલાવું પડયું હતું. બુદ્ધિગમ્ય તર્ક તેમજ સક્ષમ પુરાવા સાથે તેમણે પોતાનો સિદ્ધાંતો પ્રસ્થાપિત કર્યો છે. શબ્દે શબ્દે તેમનું ચિંતન ટપકે છે જેમાં તેમણે નૂતન ઐતિહાસિક સિદ્ધાંતનો આવિષ્કાર કર્યો કે :-

(૧) જે આર્ય લોકો સૂર્યવંશી હતા તે લોકોમાં શૂદ્ર લોકો નો સમાવેશ થયેલો હતો.

(૨) એક કાળે આર્યલોકમાં માત્ર ત્રણ જ વર્ણ - બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય જ હતાં.

(૩) શૂદ્રો નામની સ્વતંત્ર વર્ણ નહોતી પરંતુ ભારતીય આર્યોમાં ક્ષત્રિય વર્ગના એકભાગ તરીકે શુદ્રોનો દરજ્જો હતો.

(૪) શૂદ્ર રાજા અને બ્રાહ્મણો વચ્ચે સતત સંઘર્ષો થતા રહ્યા. આ સંઘર્ષોના કારણે બ્રાહ્મણો ઉપર ઘણા અત્યાચારો તથા અપમાનજનક દુરાચાર પણ થયા.

(૫) પોતાના (બ્રાહ્મણો ) ઉપર શુદ્રોએ કરેલા અત્યાચારો બ્રાહ્મણો ભૂલ્યા નહિ પરિણામે બ્રાહ્મણ શૂદ્ર સંઘર્ષ ચાલુ રહ્યો. અંતે બ્રાહ્મણોએ શૂદ્રોની ઉપનયન ક્રિયા કરવાનો ઈન્કાર કર્યો.

(૬) શૂદ્રોને ઉપનયન-ઉપવીત ક્રિયા પ્રાપ્ત ન થતાં તેઓ ક્ષત્રિય વર્ણમાંથી દૂર થતા ગયા. અધોગતિના અંતે તેમને વૈશ્યથી પણ હલકો દરજ્જો પ્રાપ્ત થયો અને તેઓ ચોથી વર્ણ થયા.

(૭) આર્યો બહારથી આવ્યા. (મૂળ નિવાસીને પરાજિત કરી સત્તાધીશ બન્યા) તે સિધ્ધાંતને તેમણે સમૂળગો નકાર્યો. મૂળ નિવાસીની ભ્રમણા ભાંગી નાંખી.

(ખેરમોડે ડો.આંબેડકર ચરિત્ર ખંડ-૮ : પૃ ૧૪૬)

પ્રસ્તુત ગ્રંથમાં તેમની સંશોધક વૃત્તિ, બુદ્ધિગમ્ય અભિગમ, તર્કબદ્ધતાનાં દર્શન થાય છે. સમાજશાસ્ત્રના અભ્યાસીઓ માટે તેમની આ અણમોલ ભેટ હતી વળી, **જે દલીલ કરતો નથી તે દુરાગ્રહી છે... દલીલો કરી શકતો નથી તે મૂર્ખ છે. જે દલીલ કરતાં ડરે છે, જેનામાં દલીલ કરવા માટે ધૈર્ય નથી તે કાયર ગુલામ છે.** એચ ડ્રમ્મોન્ડની આ ચિંતનકણિકાઓ ડો.આંબેડકરે પોતાના લેખનમાં ચરિતાર્થ કરી દીધી હતી.

એક બાજું ગ્રંથ લેખન પ્રકાશનની ગહન ગંભીર પ્રક્રિયા ચાલતી હતી જ્યારે બીજી બાજું અછૂતોના અધિકારોના શ્વેતપત્રની માંગણી માટેનું આંદોલન પણ સમાંતરે ચાલુ જ હતું. ડો.આંબેડકરના વ્યક્તિત્ત્વની આ જ વિશેષતા હતી. બન્ને વિરોધાભાષી પ્રક્રિયામાં એક સાથે સક્રિય રહી શકતા હતા. જો કે આ ગ્રંથલેખન એ પણ દલિતોદ્ધારના તેમના સ્વીકૃત ધ્યેયની પ્રતિબદ્ધતાની પૂર્તિ જ હતી.

## ૯.૩ :- ડો.આંબેડકરનો દલિતોને માટેનાં સંઘર્ષ અને સંદેશ

જેમ જેમ આંદોલનનો વ્યાપ વધતો ગયો, ગતિમાં વધારો થતો ગયો તેમ તેમ ઉભયપક્ષે ઘર્ષણની માત્રામાં વૃદ્ધિ થતી ગઈ. પ્રતિપક્ષે હતાશા વધતી ગઈ, પરિણામે હુલ્લડો થયાં હતાં. નાગપુરમાં દલિત યુવાન સમતા સૈનિક દળના ગજભિયે અને વાસનિકે શહીદી વહોરી હતી, જ્યારે મુંબઈમાં ગાંગુડિ અને કાંબળે શહીદ થયા. ગાંગુડિ ઉપર તીક્ષણ હથિયારથી હુમલો કરી હુમલાખોરોએ ૩૧ ઘા કર્યાહતા. બાકી હતું તે પોલીસે પુરૂં કર્યું. ગાંગુડિની સ્મશાનયાત્રાના અફાટ માનવમહેરામણ ઉપર પોલીસે નિર્દયી લાઠીચાર્જ કર્યો...રામચંદ્ર કાંબળે નામના સમતા સૈનિકદળના સૈનિકે સામી છાતીએ ગોળી ઝીલી અને

શહીદી સ્વીકારી, સેંકડો દલિતો ઘાયલ થયા. બાલકૃષ્ણ જાનોજી દેવરૂખકરનું દગાથી ખૂન કરવામાં આવ્યું વર્લીમાંની હરિજન વસ્તીમાં ગાંધીજીના રહેવા બાબતે અહીં હુલ્લડો થયાં હતાં.સત્તારામાં સ્વયં બાબાસાહેબ આંબેડકર ઉપર પણ પથ્થરમારો થયો. હવે આંદોલન પ્રસરતું ગયું. લખનૌમાં વિરાટ સભા સરઘસ થયાં સત્યાગ્રહનો પ્રારંભ થયો. પાટનગર દિલ્હીમાં પણ દેખાવો યોજવામાં આવ્યાહતા. ગુજરાતના પાટનગર અમદાવાદમાં પણ આ અરસામાં ચૂંટણી પ્રચારમાં જેઠા કાકા અને હરિભાઈનાં ખૂન થયાં બન્ને શહિદો ઉપર ચૂંટણી પ્રચાર સરઘસમાં ગીતામંદિર પાસે ૨૪-૨-૧૯૪૬ના દિવસે હુમલો કરવામાં આવ્યોહતો. આસામ પ્રાંત શીડયુલ્ડ કાસ્ટ ફેડરેશનની કારોબારી કરીમગંજમાં હિન્દુસ્તનાના કાયદા પ્રધાન જોગેન્દ્રનાથના માંડલના પ્રમુખસ્થાને જાન્યુઆરી ૧૯૪૭ દિવસે મળી. આસામમાં આંદોલન જગવવાનો નિર્ણય કરવામાં આવ્યો. (વધુ વિગતો માટે જુઓ આ લેખકનો ગ્રંથ :- ગુજરાતની આંબેડકરી ચળવળનો ઈતિહાસ -૧૯૨૦ થી ૧૯૭૦)

ઓલ ઈન્ડિયા શીડયુલ્ડ કાસ્ટ ફેડરેશનની કારોબારી બેઠક જાન્યુઆરી, ૧૯૪૭માં મુંબઈમાં ડો.આંબેડકરના નિવાસ્થાન રાજગૃહમાં મળી. ગંભીર ચર્ચા વિચારણાને અંતે આંદોલન ઉગ્ર બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો. દલિતો ઉપરનાં જુલ્મોને વખોડી કાઢવાનાં ઠરાવો થયા. આ બેઠકમાં કાયદા પ્રધાન જોગેન્દ્રનાથ માંડલ પણ હાજર રહ્યા હતા.

બીજી બાજુ રાષ્ટ્રીય રાજકીય પ્રવાહો સતત પરિવર્તન પામી રહ્યા હતા, સંવિધાન સભાના સર્જનની તૈયારીઓ થઈ રહી હતી વળી બ્રિટિશ મુત્સદીઓની મુલાકાત બાદ સમય સંજોગો પ્રમાણે વ્યુહરચના ગોઠવનારા બાબાસાહેબે નક્કી કર્યું હતું કે, ઉપેક્ષિતોના ઉજ્જવળ ભાવિનો પાયો નાંખવાનો યોગ્યત્તમ સ્થળ બંધારણ સભા જ અને યોગ્યત્તમ સમય પણ આજ છે. આથી તેમણે પોતાની સઘળી શક્તિ સંવિધાનસભા માટે કેન્દ્રિત કરવાને કૃત નિશ્ચિય કર્યો.

આ અરસામાં તેમનો ૫૫મો જન્મોત્સવ તા.૧૪-૪-૧૯૪૭ના દિવસે ભવ્ય રીતે સમગ્ર રાષ્ટ્રમાં ઉજવવામાં આવ્યો. મહારાષ્ટ્ર, પીઢ પત્રકાર આચાર્ય પ્રહલાદ કેશવ અત્રેના નવયુગ સાપ્તાહિકે વિશેષ ગૌરવ અંક પ્રસિદ્ધ કર્યો હતો.

પંચાવનમાં જન્મોત્સવ નિમિત્તે દલિતોને સંદેશો આપવાના નવયુગના સંપાદકના અતિઆગ્રહને વશ ડો.બાબાસાહેબે સંદેશામાં કહ્યું કે....

**"વિદેશોમાં કેવળ મહાપુરૂષોનો જન્મ દિવસ ઉજવાય છે જ્યારે આપણા દેશમાં રાજકીય નેતાઓને અવતારી પુરૂષોની જેમ સન્માનવામાં આવે છે તે દુઃખદ બાબત છે. વ્યક્તિગત રીતે મારો જન્મ દિવસ ઉજવાય તે મને પસંદ નથી. હું લોકશાહીનો પુરૂસ્કર્તા છું. મને વિભૂતિ પૂજા કેમ ગમે ? વિભૂતિ પૂજાએ લોકશાહીનો વિપર્યાસ છે.કોઈ પણ નેતા યોગ્ય હોય તો તેને પ્રેમ આદર આપવામાં આવે તે તેમાં વાંધો ન હોઈ શકે, પરંતુ તે નેતાઓને દેવતા તરીકે માની પૂજા કરવી છે બાબત મને સહેજ પણ સ્વીકાર્ય નથી. આવી પ્રથાથી તે નેતા અને તેના અંધભક્તો બધાનું અધઃપતન થાય છે.....**

''દલિતોને હું શું સંદેશ આપું ? સંદેશો આપવાના સમયે મને હોમરે લખેલી એક ગ્રીક દેવતાની પૌરાણિક કથા યાદ આવે છે. ડેમેટર નામની દેવી ગુપ્તવેશે પોતાના બાળકની શોધમાં ફરતી ફરતી કેલીઓસ નામના રાજયમાં પહોંચી ગઈ. રાજ્યની રાણી મેહોરનૈરાએ પોતાના નવજાત પુત્ર ડીમોકુન ની સારસંભાળ રાખવા ડેમેટરની નિમણુક કરી. રોજ રાત્રે જ્યારે બધાં રાજમહેલમાં ઊંઘતાં હોય ત્યારે ડેમેટર દેવી દરવાજા બંધ કરી પેલા નવજાતું શિશુને પારણિયામાંથી બહાર કાઢી તેના કપડાં ઉતારી તેને સળગતી સગડી ઉપર તપાવતી. આમ આપણને કદાચ આ ક્રૂર લાગે પરંતુ તે નાનકડા શિશુને દેવ બનાવવાની ઉત્કંઠ ઈચ્છાથી પ્રેમથી તે આ ક્રિયા કરતી હતી. તે બાળકમાં ધગધગતા અંગારાની અગ્નિ સહન કરવાનું સામર્થ્ય ઉત્પન્ન થયું હતું. પરિણામે તેનામાં તેજસ્વીતા દિવ્યતા તથા અતિમાનુષ (દેવત્ત્વ)નો અંશ પ્રવેશ પામી રહ્યો હતો એક રાત્રિએ બાળકની માતા (રાણી)એ અચાનક તે ઓરડામાં પ્રવેશ ક્રયો અને આ અગ્નિ પ્રક્રિયાનું દ્રશ્ય નિહાળી સ્તબ્ધ થઈ ગઈ અને બાળકને એકદમ આંચકી દીધો. બાળકને છાતી સરસો ચાંપી દીધો. આમ તેને તેનો બાળકતો મળી ગયો, પરંતુ દેવત્ત્વનું સામર્થ્ય પ્રાપ્ત થયું નહિ. તેની શક્તિમાં વૃદ્ધિ થઈ નહિ....'

પદદલિતોએ પણ પોતાના ઉજળી ભાવિ માટે વર્તમાન સુખ - સાહ્યબી એશો આરામનો ત્યાગ કરવો પડશે. ત્યાગના દિવ્ય અગ્નિ ઉપર તપ્યા સિવાય તેઓ મોટાઈ મેળવી શકે નહિ. આ ગ્રીક પૌરાણિક કથા કરતાં અધિક મહાન સંદેશ શું હોઈ શકે ? દલિતોના દુઃખો તકલીફોની મને ખબર જ છે. સ્વાતંત્ર્ય મેળવવા માટે તેમણે મારા કરતાં પણ હજુ ઘણું ઘણું સહન કરવાનું છે એટલે જ હું તેમને સંદેશો આપું છું. સંઘર્ષ કરો...વધુ સંઘર્ષ કરો...ત્યાગ કરો, ત્યાગની તેમજ વર્તમાન પરિસ્થિતિની સહેજ પણ પરવા કર્યા સિવાય અવિરત સંઘર્ષ ચાલુ રાખશો તો જ તમને મુક્તિ મળશે. જાગૃતિના કારણે પદદલિતોની પ્રતિકાર શક્તિ અને સામુદાયિક ઈચ્છામાં વૃદ્ધિ થવી જોઈએ. આપણું કાર્ય પવિત્ર છે અને તેમાં આપણે દ્રઢ વિશ્વાસ હોવો જોઈએ. આપણે ધ્યેય પ્રાપ્ત કરવા આપણે સંગઠિત થઈ ચોક્કસ નિર્ધાર કરવો જોઈએ. દલિતોત્થાનનું કાર્ય એટલું મહાન છે તેમજ તેનું ધ્યેય એટલું ઉદાત્ત છે કે આપણે બધાએ એકસાથે પ્રાર્થના કરવી જોઈએ કે **"જે લોકો પોતાના જન્મગત સમાજનો ઉદ્ધાર કરવા સંકલ્પ કરી તે સમાજને ઉંચે લાવવાના કાર્યને પોતાનું પ્રથમ કર્તવ્ય માને છે તેમને ધન્ય છે. જે લોકો આ ગુલામીના નાશ માટે પોતાનું તન-મન-ધન અને યુવાની સર્વસ્વ નિચ્છાવર કરે છે તેમને ધન્ય છે અને વળી ધન્ય છે એવા વીરોને કે જે દલિતોને માનવ તરીકેના જન્મ સિદ્ધ અધિકારો પૂર્ણ પણે પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સુખ દુઃખ, માન-અપમાન, આંધી-તોફાન અને આફતોની પરવા કર્યા સિવાય સતત સંઘર્ષરત છે એમને બધાને ધન્ય છે...ધન્ય છે...."**

## ૯.૩ : ૧ :- ડો.બાબાસાહેબના બંધારણસભામાં પ્રવેશ

૧૯૪૬-૪૭માં સમગ્ર રાષ્ટ્રમાં એક એક પળ ઉત્તેજનાપૂર્વક પસાર થતી હતી. આઝાદી ઈન્ડિયાગેટના દરવાજે દસ્તક દઈ રહી હતી. મુસલમાનો, શીખો, હિન્દુઓ દરેક પોતપોતાની ધૂનમાં મસ્ત હતી. આઠ કરોડ અછૂતોની સંપૂર્ણ અવગણના કરવામાં આવી હતી. ડો. બાબાસાહેબની માંગણી હતી કે બ્રિટિશરો હિન્દુસ્તાન છોડે તે પહેલાં અધિકારોની વહેંચણી અનિવાર્ય છે. દરેકને પોતાની સ્વતંત્રતા જોઈએ છે. તેમ દલિતોને પણ તેમના અધિકારો જોઈએ. ૧૦ માર્ચ ૧૯૪૬ના આગરાના અધિવેશનમાં કહ્યું કે "આઝાદીનો અર્થ એટલે લઘુમતીઓના સાથ સહકારથી બહુમતી દ્વારા સરકારનું સંચાલન કરવું એવો થાય તો અમે તેનું સ્વાગત કરીશું." પરંતુ ૧૯૪૬ની ચૂંટણી વિજયના મદદમાં કોંગ્રેસી નેતાઓ ડો.આંબેડકરને નમતું જોખવા તૈયાર નહોતા આવા કપરા કાળમાં ડો.આંબેડકર ઘણી જ સાવધાની પૂર્વક આગળ વધતા હતા ડો.આંબેડકરે સામે ચાલીને ગાંધીજીને સમન્વય માટે પત્ર લખ્યો. રાજાજીની યોજનાના સંદર્ભમાં મુસ્લિમ નેતા મહમદઅલી જિન્ના જોડે લગભગ એકવીસ દિવસ સુધી (૯-૯-૪૪ થી ૨૭-૯-૪૪) નિષ્ફળ વાટાઘાટો કરનારા મહાત્માજીએ ડો.આંબેડકરને સાફ નન્નો ભણ્યો અને કહ્યું કે તમારી અમારી વચ્ચે સમદ્રષ્ટિકોણ નથી. જેની વિગતો આપણે આગળ જોઈ ગયા છીએ.

વળી સરદાર પટેલે પણ પોતાના તા.૧-૯-૧૯૪૬ના પત્રમાં જણાવ્યું હતું કે, આપણી વચ્ચે સમજૂતી માટે કોઈ સમાન ભૂમિકા નથી. હવે ડો.આંબેડકરને એક માત્ર બંધારણ સભા જ દેખાતી હતી. તેમણે નક્કી કર્યું કે દલિતોના ભાવિ માટે બંધારણ સભા સિવાય અન્ય કોઈ ઉગારો નથી. પરંતુ બંધારણ સભામાં જવું કેવી રીતે ? તેમને માટે એક મોટો કોયડો હતો. સરદાર વલ્લભભાઈ પટેલે તો સાફ કહ્યું હતું કે મેં બંધારણસભાના બારી બારણાં વેલ્ટેશન સુદ્ધાં બંધ કરી મણ મણનાં તાળાં માર્યા છે. 'જોઈએ ડો.આંબેડકર બંધારણ સભામાં ક્યાંથી આવે છે ?' ડો.આંબેડકર બંધારણ સભામાં પ્રવેશ ન કરે તે માટે કોંગ્રેસ કડક બંદોબસ્ત કર્યો હતો. ચારે બાજુ ઘોર નિરાશા હતી. પરંતુ કાળાવાદળની રૂપેરી કોર સમા બંગાળ શીડયુલ્ડ કાસ્ટ ફેડરેશન અધ્યક્ષ બંગાળ પ્રાંતિક કાયદાપ્રધાન જોગેન્દ્રનાથ માંડલે બાબાસાહેબ આંબેડકરને બંધારણસભામાં મોકલવાનું બીડું ઝડપ્યું. વિમાન દ્વારા માણસ મોકલી તા.૨૭-૬-૧૯૪૬ના દિવસે ઉમેદવારી પત્ર ભરી દીધું. યુરોપીય મતદારો ઉપર મોટો આધાર હતો. પરંતુ ગાંધીજીએ અપીલ બહાર પાડી કે અંગ્રેજોને જ્યારે આ દેશ છોડી જવાનું છે ત્યારે અહીંની બંધારણ સભાની ચૂંટણીમાં તેમણે ભાગ લેવો જોઈએ નહીં પરિણામે યુરોપીયન લોકો મતદાનથી અળગા થઈ ગયા. ડો.આંબેડકર ભારે મુંઝવણભરી પરિસ્થિતિમાં મુકાયા પરંતુ જોગેન્દ્રનાથ માંડલે કુનેહથી કાર્ય હાથ ધર્યું હતું.

ડો.આંબેડકરને પાંચ ધારાસભ્યોએ પોતાની પ્રથમ પસંદગીના મત આપ્યો જેમાંના બે કોંગ્રેસી ધારાસભ્યએ તો પોતાના પક્ષના આદેશને અવગણી આંબેડકરને મત આપ્યા હતા ડો.આંબેડકરને માત્ર મહારાષ્ટ્રના મહારોના નેતા તરીકે નિંદનાર લોકોના મોઢા ઉપર આ વિજયથી ભારે થપ્પડ પડી હતી. ડો.આંબેડકર ભારતીય દલિતોના સર્વમાન્ય રાષ્ટ્રીય નેતા પુરવાર થયા હતા. હવે એક નિર્ભય સક્ષમ પ્રજ્ઞાવાન પ્રગલ્લભ પુરૂષ આપણું પ્રતિનિધિત્ત્વ કરશે એ સમાચારથી અછુતોની નિરાશા આશામાં પલટાઈ ગઈ હતી. ડો.આંબેડકરના જીવનના જ્વલંત પ્રકરણનો પ્રારંભ થયો હતો.

ઓગષ્ટ ૧૯૪૬ માં મુસ્લિમ લીગના વિરોધ વચ્ચે અંતરીમ સરકારના નામોની ઘોષણા કરવામાં આવી. નહેરુ, સરદાર, આઝાદ, રાજાજી સાથે જગજીવનરામનું પણ નામ હતું. પૂનામાં મળેલ શીડયુલ કાસ્ટ ફેડરેશનની કારોબારીએ દલિત વર્ગોના પૂરતા પ્રતિનિધિત્ત્વ માટે તથા અધિકારોના શ્વેતપત્ર માટે છોડેલા આંદોલનના સંદર્ભમાં તમામ સરકારી માન ઈલ્કાબો સરકારને પાછાં સોંપવા ઠરાવ કર્યો. બાબુ જગજીવનરામને પણ વિનંતી કરવામાં આવી કે તેઓ આ પદનો અસ્વીકાર કરે પરંતુ બાબુ જગજીવનરામ ગાંધીજી તથા રાજેન્દ્રબાબુ જેવા નેતાઓના હાથમાં રમતા હતા. તે સમયે તેમનું કોઈ પોતાનું સ્વતંત્ર રાજનૈતિક વ્યક્તિત્ત્વ તેમજ સ્તર હતું નહિ... વળી જગજીવનરામની રાજનૈતિક પદોન્નતિ હકીકતમાં ડો.આંબેડકરને આભારી હતી. કારણ કે રાષ્ટ્રીય આંદોલન દરમ્યાન ભારતીય રાજનીતિમાં દલિત વર્ગોની રાજનૈતિક માન્યતાનો પાયો ડો.આંબેડકરે જ નાંખ્યો હતો. જગજીવનરામ પોતાના કોંગ્રેસી આકાઓ સક્ષમ ઝુકી ગયા. સમાજ કરતાં સંસ્થાને વધારે વફાદાર રહ્યાં.

મુસ્લિમ લીગના અસહકારને અવગણ્યો હોવાથી તેણે રઘવાયા થઈ ૧૬મી ઓગષ્ટે Direct Action સીધાં પગલાંનો નારો બુલંદ કર્યો, માનવ દાનવ બન્યો. કલકત્તામાં ત્રણ દિવસ સુધી કાળો કેર વરતાયો. હિન્દુઓની માલ મિલકતને જલાવી દીધી. સ્ત્રી બાળકોની નિર્દયતાપૂર્વક કત્લ કરવામાં આવી. હજારો હિન્દુ સ્ત્રીઓની ઈજ્જત લૂંટવામાં આવી. જંગાલિયતનું આ વાવાઝોડું નાઓખલીથી નીકળી બિહાર પહોંચ્યું. બિહારના હિન્દુઓએ મુસ્લિમો ઉપર અત્યાચારો ગુજારી બદલો લીધો. આ સમગ્ર હુલ્લડોના હુતાશનમાં ૬ લાખ લોકોને કત્લ કરવામાં આવ્યા હતા એક કરોડ ચાલીસ લાખ લોકો બેઘર બન્યા. તેમના ભર્યાભાદર્યા ઘરસંસારમાં આગ ચંપાઈ હતી એક લાખ ઉપરાંત કોડભરી કન્યાઓને ભગાડી લઈ જવામાં આવી અથવા તેમનું ધર્મ ઈસ્લામા પરિવર્તન કર્યું કે તેમની જાહેરમાં નીલામી કરી વેચવામાં આવી હતી.'' (History of the Freedoms Movement Vol.III. p.820)

વાઈસરોય હાઉસમાં ૧૯૪૬ની બીજી સપ્ટેમ્બરે, નહેરૂ અંતરીમ સરકારની સોગંદ વિધિ થતી હતી. બહાર પાકિસ્તાન જિન્દાબાદના નારાથી આકાશ ગુંજી રહ્યું હતું. આવી તનાવયુક્ત પરિસ્થિતિમાં ડો.આંબેડકર પદદલિતોના પ્રશ્નો માટે ગંભીરતાથી કાર્ય કરતા હતા.

બર્વેલી નિકોલસના શબ્દોમાં ડો.આંબેડકર ઈટાલીના રાષ્ટ્રીય એકીકરણના સ્વપ્નદ્રષ્ટા સર્જક કાવૂર જેવા વ્યહારનિષ્ઠ રાજકારણી પુરૂષ હતા અને આ સાંપ્રતે સમયે આપણા અભિગમને પરિવર્તન આણવાની તેમજ વ્યવહારુ બનાવવાની પણ આવશ્યકતા છે. સંવિધાનનું સર્જનાત્મક કાર્યકરવા તેમણે કોંગ્રેસ અને સર્વણ હિન્દુઓ સાથે સહકાર - સમન્વયની નીતિ અપનાવી હતી. આવી રચનાત્મક ભૂમિકા સ્વીકારી તેઓ અછૂતોની એષણાના પ્રતીક બન્યા હતા.

ઉત્તેજના પૂર્ણ વાતાવરણ વચ્ચે મુસ્લિમ લીગના બહિષ્કારને બેકાર બનાવી સોમવાર ૯મી ડિસેમ્બરે સેન્ટ્રલ લેજીસ્લેટિવ એસેમ્બલીના વયોવૃદ્ધ સભ્ય ડો.સચ્ચિદાનંદ સિન્હાના પ્રમુખસ્થાને બંધારણસભાની પ્રથમ બેઠક મળી. ડો.સિંહાની દરખાસ્ત આચાર્ય કૃપલાણી દ્વારા મૂકવામાં આવી હતી. આવેલા સંદેશાનું વાંચન કર્યા બાદ ત્રીજા દિવસ ૧૧-૧૨-૪૬ ડો.રાજેન્દ્રપ્રસાદને કાયમી અધ્યક્ષ તરીકે સર્વાનુમત્તે ચૂંટવામાં આવ્યા અને તા.૧૩-૧૨-૪૬નેશુક્રવારે પંડિત જવાહરલાલ નહેરૂએ બંધારણીય આદર્શોની ઘોષણા વ્યક્ત કરતો આઠ સૂત્રીય પ્રસ્તાવ રજૂ કર્યો. જેમાં તેમણે પોતાના પ્રવચનમાં ભારતને એક સ્વતંત્ર સત્તા સંપન્ન ગણરાજ્ય ઘોષિત કરવામાં આવ્યું હતું. જેમાં સત્તાના અંતિમ સ્ત્રોત તરીકે પ્રજાનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. પ્રજાના સાર્વભોમત્ત્વનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. પંડિત જવાહરલાલ નહેરૂ પોતાની પ્રભાવક વાણીથી સમગ્ર સભાગૃહ ઉપર છવાઈ ગયા હતા. રાજર્ષિ પુરૂષોતમ દાસ ટંડને ટેકો આપ્યો તેમજ મીનું મસાણી, ફ્રેક એન્થની ઈત્યાદિ આગેવાનોએ સમર્થન કરતાં પ્રવચનો કર્યા હતાં.

પોતાના શાંત સ્વભાવ અને મધ્યમમાર્ગીય વિચારસરણી માટે જાણીતા બેરિસ્ટર મુકુંદરાવ જયકરે જુદી વાત કરી. તેઓ કોંગ્રેસી ન હતા પરંતુ મુંબઈ ઈલાકામાં કોંગ્રેસની ટીકિટ ઉપર બંધારણસભામાં ખાસ ચૂંટાયા હતા. તેમને કોંગ્રેસ સામેથી નિમંત્રણ પાઠવ્યું હતું. કારણ કે, તેઓ બ્રિટીશ પ્રીવિકાઉન્સીલના સભાસદ હતા. કાનૂનવિદ હતા. ૧૫મીએ તેમણે નહેરુના પ્રસ્તાવમાં એવો સુધારો સૂચવ્યો કે જ્યાં સુધી મુસ્લિમ લીગ અને દેશીરાજ્યોના પ્રતિનિધિઓ સંવિધાન સભાની કાર્યવાહીમાં ભાગ ન લે ત્યાં સુધી આપણે થોભવું જોઈએ. તેઓની પ્રતીક્ષા કરવી જોઈએ.

## ૯.૩.૨ :- ડો.આંબેડકરનું બંધારણસભામાં ઐતિહાસિક પ્રવચન

સંવિધાન સભાના કોંગ્રેસી સભ્યોનો સંયમનો બંધ તૂટી ગયો. સરદાર પટેલ સહિત બધાએ કાગારોળ કરી મૂકી. નિરાશ વદને બેરિસ્ટર જયકરને બેસવું પડયું. આગળ જતાં આ નિરાશાના કારણે તેમણે પાછળથી રાજીનામું પણ આપ્યું હતું. ત્રણેક દિવસની ચર્ચામાં અસંખ્ય સભ્યોએ પોતાના વિચારો વ્યક્ત કર્યા. ૧૭ ડિસેમ્બરે શ્યામપ્રસાદ મુખરજીનું ભાષણ પુરૂં થયું ન થયું ત્યાં અધ્યક્ષે ડો.આંબેડકર (બંગાળ) નામ પોકાર્યું. સમગ્ર સભાગૃહમાં સન્નાટો છવાઈ ગયો હતો. અત્યાર સુધી સંથનમ (મદ્રાસ) ડો.પટ્ટભિસીતારામયા (મદ્રાસ) ગોંવિંદ વલ્લભ પંત (ઉત્તરપ્રદેશ), મીનું મસાણી (મુંબઈ) હરિસિંહ ગૌડ (વરાડ) સામ્યવાદી સોમનાથ લહેરી (બંગાળ) ઈત્યાદિ સમર્થ મહાનુભાવોના પ્રવચનો થયાં હતાં. જેમાંના મોટાભાગના લોકોએ બેરિસ્ટર જયકરના સુધારાનાં છોતરાં કાઢી નાંખ્યાં હતાં. સભાગૃહમાં એકતરફી વાતાવરણનું મોજું ફરી વળ્યું હતું. તેવામાં બેરિસ્ટર જયકરના સુધારાને સમર્થન આપવું એટલે સામે ચાલીને આફત સ્વીકારવા જેવું હતું. બધાને ડર હતો કે આવો ખતરનાક ખેલ ખેલવા જતાં ડૉ.આંબેડકરની દશા જયકર જેવી થશે. ઉત્તમ અંગ્રેજી પોશાકમાં સજ્જ પ્રતિભાશાળી વ્યક્તિ ઉભી થઈ. ડૉ.બી.આર.આંબેડકર !! જેને કોંગ્રેસ પોતાના કટ્ટર વિરોધી વર્ષોથી માનતી હતી. તેમણે સમગ્ર ગૃહ ઉપર વેધક દ્રષ્ટિ ફેરવી, તાગ મેળવી પોતાની તેજસ્વી વાણીમાં વિચારવાળા ધીર ગંભીર પ્રવચનનો પ્રારંભ કર્યો.

"આદરણીય અધ્યક્ષ મહોદય"

**મારી આગળ ૨૦-૨૨ વકતાની નામાવલિ હોવાથી મારી ધારણા હતી કે મારો વારો આવતી કાલે આવશે અને તે મારા માટે ઉચિત પણ હતું. કારણ કે આજે મારી કોઈ પણ તૈયારી નથી. આવા મહત્ત્વના વિષય ઉપર વિસ્તૃત વિશદ પ્રવચન મારે કરવું જોઈએ તે માટે તૈયારી કરવાનો મારો પણ ઈરાદો હતો. પરંતુ જયારે આપે આજે મને તક આપી છે તો બોલું છું.**

**પંડિત નહેરુ પ્રસ્તાવનો પ્રથમ ભાગ નિર્વિવાદ છે. બંધારણના ધ્યેય-સાધ્ય સ્પષ્ટ રીતે પ્રગટ કરનારો તે ભાગ જો કે પાંડિત્યપ્રચુર છે. પરંતુ પોતાના અધિકારો પ્રતિપાદન કરવામાં આજે પણ જે લોકોને અન્યાય થાય છે તેમને (દલિતો) તેનું નિવારણ કેવી રીતે કરવું તે તેમાં દર્શાવ્યું નથી. પ્રસ્તાવકારો સિદ્ધાંતવાદી છે તેમ છતાં વિશેષ આશાસ્પદ પણ નથી.**

**આજે આપણે, રાજકીય, આર્થિક અને સામાજિક રીતે અલગ અલગ ખેમામાં વહેંચાયેલા છે તેની મને ખબર છે. વળી આપણે પરસ્પર વિરોધી છાવણીઓમાંથી આવીએ છીએ. હું પણ કદાચિત યુદ્ધની છાવણીમાં ઝઝુમનારો એક સમાજનો નેતા છું. આ બધું હોવા છતાં પણ મને સંપૂર્ણ ખાતરી છે કે સંજોગો અને સમય આવ્યે આપણને એક થતાં સંસારની કોઈ પણ સત્તા રોકી શકશે નહિ. અને જાતિ,.....**

....પંથ, સંપ્રદાયના વાડામાં રહેલા આપણે કોઈને કોઈ સ્વરૂપે અચૂક સંગઠિત થઈશું તેની મને સંપૂર્ણ ખાતરી છે.(તાળીઓ) જે મુસ્લિમ લીગ હિન્દુસ્તાનના ભાગલાની ચળવળ કરે છે તેના હૃદયમાં એક દિવસ પ્રકાશ થશે કે અખંડ હિન્દુસ્તાન સર્વને માટે અધિકતર હિતકર છે. એક દિવસે ચોકકસ એવો આવશે જ (સભાગૃહે તાળીઓથી તેમને વધાવ્યા..) કોંગ્રેસી સદસ્યોને સંબોધતાં એકવાર સમજૂતીનો આગ્રહ કરતાં તેમણે કહ્યું કે.'શક્તિ એક વસ્તુ છે જયારે દૂરદર્શિતા કે બુદ્ધિમત્તા અલગ બાબત છે. રાષ્ટ્રહિતના ભાવિનો ભવ્ય નિર્ણય કરવાની આ ઘડીએ મહાપુરૂષો નેતાઓ તથા પક્ષોની પ્રતિષ્ઠાની પણ પરવાહ કરવી જોઈએ નહિ....''બર્ક એક ઠેકાણે કહે છે "સત્તા શક્તિ આપવી સહેલી છે પરંતુ બુદ્ધિ શાણપણ આપવું અઘરૂં છે." આપણી બંધારણસભાએ આપણા અભગમ દ્વારા એ સિદ્ધિ કરવાનું છે કે, આ બંધારણસભાને જે તમામ સત્તાઓ છે તે બધી જ બુદ્ધિમત્તા દ્વારા જ ઉપયોગમાં લેવામાં લાવશે. આપણા દેશના તમામ વર્ગોની સહમતીથી તમામ વર્ગોને સાથમાં લઈને આગળ ધપશે. આ એક જ (સાચો) ઉપાય છે કે, જે ભારતીય એકતાને મજબૂત કરી શકશે. તે સિવાય અન્ય કોઈ ઉપાય નથી. આ પ્રવચન ડો.આંબેડકરના જાહેર જીવનનું 'ટર્નીંગ પોઈન્ટ' 'Turning Point of his Public Life' હતું તેમ કહી શકાય.

જે હાથ ડો.આંબેડકરને અપમાનિત કરવા ઊંચા થયા હતા તે હાથોએ તાળીઓનો ગડગડાટ કર્યો.ડો.આંબેડકરના પ્રભાવી મનનીય પ્રવચનથી સમગ્ર બંધારણસભા મંત્રમુગ્ધ થઈ ગઈ. અખબારોએ

ડૉ.આંબેડકરના એવારણાં લેતાં શીર્ષકો સાથેના સમાચારો પ્રસિદ્ધ કર્યા... "બંધારણસભામાં ડૉ.આબેડકર **અખંડ ભારતની હિમાયત !!"** અભિનંદનની વર્ષા થઈ. ડો.આંબેડકરના રોમહર્ષક સાર્વજનિક જીવનનું ચિરસ્મરણીય સંસ્મરણ બની રહ્યું. આલોચક આંબેડકર સલાહકાર બન્યા જ્યારે પરિહાસ કરનારા પ્રશંસક બન્યા હતા શ્રીમતી દક્ષાયની વેલાયુધને (શિડયુલ્ડ કાસ્ટ મદ્રાસ) ડો.આંબેડકરની વિદ્વતાની પ્રશંસા કરતાં ક્યું કે, તે અમારા દલિતોના સાચા નેતા છે. પરંતુ તેઓ રાષ્ટ્રીય પક્ષ કોંગ્રેસ જોડે અસહકાર કરતા હોવાથી દલિતોના કલ્યાણના મહત્ત્મ કાર્યા થતાં નથી. મારી તેમને વિનંતી છે કે, તેઓ રાષ્ટ્રીય પક્ષ (કોંગ્રેસ) સાથે સહયોગ કરે અને પોતાની બૌદ્ધિક શક્તિનો ઉપયોગ રાષ્ટ્રના કાર્યો માટે કરે...છેવટે નહેરૂને પ્રસ્તાવ પરની ચર્ચા પાછી ઠેલાણી અને ૨૦મી જાન્યુઆરીએ પ્રસ્તાવ પારિત થયો હતો. ડો.આંબેડકરના પ્રાચુર્ય - પાંડિત્યપૂર્ણ ચિંતનથી કોંગ્રેસી નેતાઓ પ્રભાવિત થયા હતા. નૂતન પરિપ્રેક્ષ્યમાં નવેસરથી વિચારતા હતાં.

**તમારી પ્રગતિ ચકાસો -૨**

(૧) મરાઠાવાડના વિકાસમાં ડો.આંબેડકરનું પ્રદાન વર્ણવો.

______________________________

______________________________

______________________________

(૨) ડો.આંબેડકરના ગ્રંથ 'શૂદ્રોની શોધ' માં સિધ્ધ કરેલા સિધ્ધાંતો લખો.

______________________________

______________________________

______________________________

(૩) ડો.આંબેડકરે દલિતજનોને શું સંદેશો આપ્યો ?

______________________________

______________________________

______________________________

(૪) ડૉ.આંબેડકરના બંધારણ સભામાં પ્રવેશની વિગતો લખો.

______________________________

______________________________

______________________________

(૫) ડો.આંબેડકરના બંધારણ સભામાંના પ્રથમ પ્રવચનની મહત્તા સમજાવી.

______________________________

______________________________

લોર્ડ માઉન્ટ બેટને વાઈસરૉયનો હોદ્દો ધારણ કર્યો ત્યારે સમગ્ર દેશ ગૃહયુદ્ધની જવાળાઓમા લપેટાઈ ગયો હતો. પછીનાં ટૂંકા ગાળામાં તેઓએ પાંચ વાર ગાંધીજીની મુલાકાત લીધી. બ્રિટિશ વડાપ્રધાન લોર્ડ એટલીની જાહેરાત કે જૂન, ૧૯૪૮ સુધીમાં ભારતનાં લોકોની સ્વતંત્રતાની કાર્યવાહી પૂર્ણ કરવી. "જૂન યોજના" ગાંધીજીને ગળે ઉતારી દીધી. ભાંગી પડેલા નહેરુ પણ ભાગલા માટે માની ગયા

હતા. તેમણે પોતાના જીવન-ચરિત્ર લેખક માયકલ બ્લીચરને પાછળથી કહ્યું હતુ કે - "સાચી વાત એ છે કે અમે થાકેલા હારેલા લોકો હતા. વળી અમે વૃદ્ધ થયા હતા. જો અમે અખંડ ભારત માટે અડગ રહેત તો જેલમાં જવા તૈયાર ન હતા. ભાગલાની યોજના એ અમને માર્ગ ચીંધ્યો. અમે તેનો સ્વીકાર કરી લીધો. હા,જો ગાંધીજીએ લઢાઈ ચાલુ રાખવાનું કહ્યું હોત તો અમે સંઘર્ષ ચાલુ રાખત." (Michacal Bletcher : Nehru P.130)

મહાત્મા ગાંધીજીએ મૌલાના અબ્દુલ કલામ આઝાદને ૩૧ માર્ચ, ૧૯૪૭ના દિવસે આશ્વાસન આપ્યું હતું કે, "કોંગ્રેસ દેશના ભાગલા સ્વીકારશે તો મારી છાતી ઉપર જ. હું ભારતના હરગિજ ભાગલા થવા દઈશ નહી. There cannot be Pakistan expect on my dead body.....તેઓ ભાગલાને 'પાપ' કહેતા હતા.

-પરંતુ જૂન ૧૪-૧૫ની ઓલ ઈંડિયા કોંગ્રેસ વર્કિંગ કમિટિમાં જ પંડિત ગોવિંદ વલ્લભ પંતે મૂકેલ ભાગલાની યોજનાનો પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો. ચોઈથરામ ગીડવાણી, પુરુષોત્તમ ટંડન, અબ્દુલ ગફારખાં અને ડૉ. કિચલૂનો વિરોધ વાંઝિયો પુરવાર થયો .વળી ગાંધીજીનું ચાલીસ મિનિટનું પ્રવચન અસહ્ય જેવું રહ્યું ! ગાંધીજીએ જ જેને પાપ કહ્યું હતું તેની તરફદારી કરી !! ૧૯૪૦માં આર્ષદૃષ્ટા ડૉ.આંબેડકરે પોતાના ગ્રંથ **"પાકિસ્તાન વિશે વિચાર"**માં લખેલી ભવિષ્યવાણી હકીકત પુરવા થઈ.ડૉ.આંબેડકરની વાતો તે સમયે સ્વીકારી હોત તો રક્તપાત ન થયો હોત. રાષ્ટ્રની પરિસ્થિતિ બેકાબૂ અને ભયંકર બનતી જતી હતી. એકલા કોંગ્રેસ પક્ષ માટે સરકાર ચલાવવી આસાન નહોતી. વળી બીજા પણ કેટલાંક પરિબળો હતાં જ. સરવાળે બિન-કોંગ્રેસી નેતાઓની સહયોગ લેવાનો નિર્ણય થયો, જેમાં ડૉ.આંબેડકરનો પણ સ્વતંત્ર ભારતના પ્રથમ મંત્રીમંડળમાં સમાવેશ કરવાની ઘનિષ્ઠ વિચારણા થવા લાગી.

## ૯:૩:૩ ડૉ.આંબેડકરને બંધારણસભામાં પુનઃપ્રવેશ :

ડૉ.આંબેડકરને મંત્રીમંડળમાં નિમંત્રણ મળવા માટેની આમ આ પણ એક હકીકત હતી. એક પ્રેરક પરિબળ હતું. જો કે અન્ય અસંખ્ય પરિબળો પણ હતાં જ. બ્રિટિશ કેબીનેટ મિશનની ૧૬, મે, ૧૯૪૬ની ભલામણો (મુદ્દા:૨૦) અન્વયે બંધારણ સભાએ ૨૪-૧-૪૭ના દિવસે સરદાર વલ્લભભાઈ પટેલના પ્રમુખપણા હેઠળ મૂળભૂત અધિકારો, લઘુમતિઓ ઈત્યાદિ બાબતે પચાસ સભ્યોની એક મહત્વની સલાહકાર સમિતિની રચના કરી હતી. જેમાં ડૉ.આંબેડકર પણ સભ્ય હતા.

આ સલાહકાર સમિતિએ - (૧) મૂળભૂત અધિકાર સમિતિ (૨) લઘુમતિ સમિતિ (૩) ઉત્તરપૂર્વ સીમા આદિવાસી વિસ્તાર સમિતિ (૪) આસામ સિવાના અન્ય વિસ્તારો વિષયક સમિતિ -આવી ચાર પેટા સમિતિઓનું સર્જન કર્યું હતું. જેમાંની પ્રથમ બે સમિતિઓમાં ડૉ.આંબેડકર સભ્ય હતા. આ મહત્વની સમિતિઓમાં પંડિત જવાહરલાલ નહેરૂ, ડૉ.રાજેન્દ્રપ્રસાદ, ડૉ.આંબેડકર અને મુન્શી વડપણ હેઠળ પણ આવી એક સમિતિમાં ડૉ.આંબેડકર હતા. જેમાં લઘુમતિઓ, અનુસૂચિત જાતિ, જનજાતિ, મુસ્લિમ, પારસી, ખ્રિસ્તી, એંગ્લોઈન્ડિયન પ્રતિનિધિઓ હતા. આ ઉપરોક્ત સ્ટીયરીંગ કમિટિ તથા ધ્વજ સમિતિના પણ તે સભ્ય હતા. બંધારણ સભાએ (૩૦-૪-૧૯૪૭) પંડિત નહેરૂની અધ્યક્ષતામાં (૧) કેન્દ્રિય સત્તા સમિતિ (૨) કેન્દ્રીય બંધારણ સમિતિ અને સરદાર પટેલની અધ્યક્ષતામાં કામચલાઉ બંધારણ સમિતિ, સમિતિઓનું સર્જન બંધારણસભામાં તેનો અહેવાલ પણ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

આ સર્વ મહત્ત્વની સમિતિઓમાં ડૉ.આંબેડકરે તેમના સર્વગ્રાહી બુધ્ધિકૌશલ્યથી અનન્ય પ્રદાન કર્યું હતું. તેમની તીક્ષ્ણ બુદ્ધિ પ્રતિભાની કોંગ્રેસી નેતાઓની પ્રતીતિ થઈ ગઈ હતી. ભાવિ સંવિધાન સર્જનની ઐતિહાસિક પ્રક્રિયામાં આ મેધાવી માનવની અનિવાર્યતા હતી.

આ અરસામાં સંભવીત ભારત (બંગાળના ભાગલા)ની પળોજળમાં ડૉ.આંબેડકરને પુનઃ ચુંટાઈ આપવાની નોબત આવી.. જે કોંગ્રેસ પક્ષ ડૉ.આંબેડકરને બંધારણ સભામાં કોઈપણ ભોગે પ્રવેશ આપવા તૈયાર નહોતો. તે હવે સામેથી ઓવારણાં લેવા કટિબદ્ધ થયો હતો. સમય ઝડપી પરિવર્તન પામ્યો હતો. સંજોગો પલટાયા હતા. પરિણામે મુકુંદરાવ જયકરના રાજીનામાંથી ખાલી પડેલી જગ્યાએ મુંબઈમાંથી તેમને પુનઃ ચુંટી લાવવાનું સર્વાનુમતે નક્કી થયું. બંધારણ સભાના અધ્યક્ષ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે ૩૦-૬-૧૯૪૭ના પોતાના પત્રમાં મુંબઈ ઈલાકાના મુખ્ય મંત્રી બાળ ગંગાધર ખેરને તાકીદે ડૉ.આંબેડકરને ચુંટીને મોકલવાનો આદેશ કર્યા.

કેટલાક વિઘ્નસંતોષી કોંગ્રેસીઓએ લંગર નાખ્યું. નીજલિંગપ્પા ડૉ.વી.કે.આર.વી.રાવને લાવવા દાવપેચ કરતા હતા. પરંતુ આ ગાંધીજી સરદારનો સંયુક્ત નિર્ણય હતો.(સરદાર પટેલ કોરસપોન્ડસ વોલ.૧ પૃ.૧૪૪-૪૯) અને તા. ૨૩-૭-૪૭ એ.બાબાસાહેબ બીનહરીફ ચુંટાઈ પુનઃ બંધારણ સભામાં આવ્યા....સ્મરણ રહે... આ સમયે આંબેડકર મંત્રી નહોતા.

**અંગ્રેજી દૈનિક 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'**એ ૨૩-૭-૪૭ના અંકમાં લખ્યું કે જો કે ડૉ.આંબેડકર પં.બંગાળમાંથી પણ ચુંટાઈ આવતા પરંતુ કોંગ્રેસ પક્ષે ડૉ.આંબેડકરની ઉચ્ચતમ બુદ્ધિશક્તિ અને કર્તવ્યતા પીછાણી તેમને તેમની કર્મભૂમિ મુંબઈમાંથી જ ચુંટવાનો નિર્ણય કર્યો તે પક્ષ માટે ગૌરવરૂપ છે.

આમ મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ તથા કોંગ્રેસપક્ષના ડૉ.આંબેડકર પ્રત્યેના અભિગમમાં પાયાનું પરિવર્તન આવ્યું હતું. સમગ્ર રાજકીય માહોલ બદલાઈ ગયો હતો. ડૉ.આંબેડકરે પોતે પણ સંઘર્ષને બદલે સમન્વયની નીતિ અખત્યાર કરી હતી.અને તે સમયની માંગ પણ હતી. આંબેડકર જેવી અસામાન્ય લોકપ્રિયતા પ્રાપ્ત કરેલ હસ્તીની અવગણના ઉચિત નહોતી જ સત્યાગ્રહ પણ હતો. વળી તેમના જેવી અદ્વિતીય વિદ્વાન વ્યક્તિની અત્યારે રાષ્ટ્રને ખૂબ જ આવશ્યકતા પણ હતી. બીજી બાજુ રાષ્ટ્રની પરિસ્થિતિ પણ એટલી બેકાબૂ અને ભયંકર બની હતી કે, એકલા કોંગ્રેસ પક્ષને શાસન ચલાવવું સહેલું નહોતું જ. વળી બીજા ઘણાં બધાં પરિબળોનો પ્રભાવ તો હતો. સરવાળે બિન-કોંગ્રેસી નેતાઓનો સહકાર લેવાનુ નક્કી થયું. અત્યારે દિલ્હી ભંગી કોલોનીમાં નિવાસ કરતાં ગાંધીજીએ પણ સંમતિની મહોર મારી. પરિણામે રાજકુમારી અમૃત કૌર દ્વારા ડૉ.આંબેડકરને સ્વતંત્ર ભારતના પ્રથમ કાનૂન મંત્રીનું સ્થાન શોભાવવા નિમંત્રણ નહેરુએ તા ૨-૮-૧૯૪૭ના શુભ દિવસે પાઠવ્યું. જેનો ડૉ.આંબેડકર સહર્ષ સ્વીકાર કર્યો. આમાં નિમંત્રણ આપનારની ઉદારતા તથા સ્વીકારતાના સૌમ્ય સૌજન્યતાનો સુંદર કલ્યાણકારી સંગમ થયો હતો. જેમાંથી આગળ જતાં સર્વોત્તમ સંવિધાનનું સર્જન થયું. જો કે પંડિત નહેરુએ પોતાની પ્રથમ યાદીમાં ડૉ.આંબેડકરનું નામ મૂકયું નહોતું !!

પોતાની મંત્રીમંડળમાંની નિમણૂંકને એક કોયડો ગણાવતાં આંબેડકરને પાછળથી ૨૬-૧૧-૧૯૫૧ની કાવસજી હોલની મુંબઈની ચૂંટણીસભાને સંબોધતાં કહ્યું હતુ કે કેબિનેટમાં મારો પ્રવેશ એ મારા જીવનનું મોટું આશ્ચર્ય હતું. કારણ કે જયારે કોંગ્રેસ મક્કમ નિર્ધાર કર્યો હતો કે મને બંધારણસભામાં પણ પ્રવેશવા દેવો નહિ. મારા માટે બંધારણસભાના દરવાજા પણ બંધ કરી દીધાં હતા. ત્યારે...

જહોન મથાઈ, ષણમુખ, ડૉ.શ્યામાપ્રસાદ મુખરજી, ડૉ.ભાભા, કે.સી.નિયોગી, સરદાર બલદેવસીંગ વગેરે બિન-કોંગ્રેસી રાષ્ટ્રીય નેતાઓ સ્વતંત્ર ભારતના પ્રથમ મંત્રીમંડળમાં સ્થાન શોભાવતા હતા.

૩, ઓગષ્ટના વર્માનપત્રોમાં તેમના નામની જાહેરાત થઈ ત્યારે તેઓ મુંબઈમાં હતા. તેઓ મુંબઈમાં શિડયુલ્ડ કાસ્ટ ઈમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટના ઉપક્રમે એક "દલિત ઈમારત" બનાવી રહ્યા હતા. તેનો ફાળો એકત્ર કરવા મુંબઈ મ્યુનિસિપલ કામદાર સંઘની સભાઓને સંબોધી રહ્યા હતા. સમગ્ર રાષ્ટ્રના અછૂતોના આનંદનો પાર નહોતો. કારણ કે, શિડયુલ્ડ કાસ્ટ ફેડરેશનના સંઘર્ષનો વિજય હતો. મુંબઈ વકીલ મંડળે સૌ પ્રથમ ૬ઠ્ઠી ઓગસ્ટે તેમના "બારના સભ્ય"નો ભવ્ય સત્કાર કર્યો. "ડૉ.આંબેડકર ધૂળમાંથી ધૂરંધર રાજપુરુષપદે પહોંચ્યા હતા. જો કે ડૉ.આંબેડકરે તો માત્ર જ્ઞાનપિપાસુ વિદ્યાર્થી જ રહેવા માંગતા હતા. તેમના જન્મદિવસની એક સભામાં પોતાના મનોગત વ્યકત કરતાં તેમણે કહ્યું કે,

**"મારા સમગ્ર જીવન દરમિયાન હું વિદ્યાર્થી જ રહેવા ઈચ્છતો હતો. જ્ઞાનસુધાના પરિતોષ માટે પેટની સુધાને દબાવીને પણ મેં અનેક ગ્રંથો ખરીદ્યા હતા. પ્રાધ્યાપક તરીકેની નાનકડી નોકરી સ્વીકારી સુખેથી જીવન વિતાવવાની મારી મનીષા હતી. પરંતુ સદભાગ્યે કહો કે દુઃભાગ્યે કહો - હું અછૂતોનાં આંદોલનમાં આવી ચઢયો.. પછી તેમાં ખૂંપી જ ગયો.. માણસો નહિ, નાણાં નહિ અને બુદ્ધિમત્તાની પણ ભારે ઉણપ એવા અછૂત સમાજની આ સ્થિતિમાં આ સમાજનું કાર્ય કરવું અતિ કઠીન છે. પરંતુ હું અવિરતપણે કરતો જ રહ્યો.... કરતો જ રહ્યો....."અનેઆમ ડૉ.આંબેડકરે ધૂળમાંથી ધુરંધર રાજપુરુષ થયા.**

સમગ્ર રાષ્ટ્રના રાજકીય પ્રવાહો ઝડપી પરિવર્તન પામી રહ્યા હતા. ભાગલાને કારણે સમગ્ર ભારત ઉપર શોકનાં વાદળ છાયાં હતા. વિભાજનની કપરી પળોમાં પણ ડૉ.બાબાસાહેબ આંબેડકર પાકિસ્તાનથી હિજરત કરીને આવનાર દલિતોની ચિંતા કરતા હતા. આ દલિત નિરાશ્રીતોની દેખભાળ

માટે તેમણે શિડયુલ્ડ કાસ્ટ ફેડરેશનના દાદાસાહેબ ગાયકવાડની ખાસ અધિકારી તરીકે નિમણૂંક કરાવી હતી. પાકિસ્તાનમાં દલિતોને એક ખાસ પ્રકારનો પીળા રંગનો પટ્ટો પહેરવો પડતો, જેથી તેમને ઓળખી શકાય. વળી તેમને ભારત આવવાની મનાઈ ફરમાવતો ખાસ કાયદો જાહેર કર્યો હતો.ડૉ.આંબેડકર, પંડિત નેહરુને અંગત મળી અને તા.૧૮-૧૨-૪૭એ પત્ર લખી પાકિસ્તાનમાંના પદદલિતોની સારસંભાળ લેવાની તજવીજ કરી હતી. તા. ૨૫-૧૨-૪૭ના પ્રત્યુત્તરમાં પંડિત નહેરૂ એ તાકીદે યોગ્ય કરવાની ખાતરી પણ આપી. મહંમદઅલી જિન્ના તથા લિયાકતઅલીને પણ તાત્કાલિક તાર કર્યા હતા. રાહત-નિર્વાસિત-પુનર્વ વસવાટ પ્રધાન કે.સી.નિયોગીને પણ તા. ૨૩-૮-૪૮ એ લખ્યું હતું તાર કર્યો હતો. પંજાબમાંથી પાકિસ્તાન હિઝરત કરી ગયેલા મુસલમાનની લાખો એકર ફળદ્રુપ જમીનમાંથી ચાર લાખ એકર જમીન પાકિસ્તાનથી ભારત આવેલા અછૂત નિર્વાસિતોમાં વહેંચવાની દરખાસ્ત તેમણે પત્રમાં રજૂ કરી હતી. જેથી દલિતો(નિર્વાસિતો) પોતાના પગ ઉપર ઉભા રહી સ્વભિમાનભેર જીવી શકે. કોંગ્રેસી જાટ નેતાઓએ ભારે વિરોધ કર્યો. તેમ છતા એક લાખ એકર જમીન અપાવીને જ ઝંપ્યા. બીજા મંત્રી બાબુ જગજીવનરામે સહયોગ કર્યો નહતો. જો તેમણે સહયોગ કર્યો હોય તો વધારે જમીન મેળવી શકત. વળી હૈદ્રાબાદ રાજ્યના હરિજનોની હિફાજત કરી તેમને નિઝામની ચાલથી સાવચેત રહેવાની સલાહ આપી રાષ્ટ્રીય પ્રવાહમાં ભળવાનો આદેશ આપ્યો હતો અને મુસલમાનો તથા મુસ્લીમ લીગથી સાવચેત રહેવા જણાવ્ય હતું." (ધનંજય કીર : પૃ.૩૯૭) હૈદ્રાબાદ તથા મૈસૂર રાજ્યોને ભારતમાં ભેળવી દેવા જોઈએ. સ્વતંત્ર ભારતની ભૂમિ પર આવા અલગ રાજ્યો ચાલી જ ન શકે તેવી તેમની ગર્જના તેમની રાષ્ટ્રભક્તિનું જવલંત ઉદાહરણ હતું.

## ૯:૩:૪ બંધારણની મુસદ્દા સમિતિના અધ્યક્ષ :

૨૯, ઓગસ્ટે બંધારણસભાએ સાત સભ્યોની એક મસદ્દા સમિતિનું Draftint Committee નિર્માણ કર્યું . તા. ૨૯-૮-૧૯૪૭ને શુક્રવારે સત્યનારાયણ સિંહાએ બંધારણ સભામાં મુસદ્દા સમિતિ માટે સાત સભ્યોનાં નામ મૂક્યાં જે સર્વાનુમતે મંજુર થયાં.

| | | | |
|---|---|---|---|
| ૧. | ડૉ.બી.આર.આંબેડકર | ૨. | શ્રી.એન.ગોપાલન સ્વામી આયંગર |
| ૩. | શ્રી કનૈયાલાલ માણેકલાલ મુન્શી | ૪. | શ્રી અલાદ્દી કૃષ્ણા સ્વામી અય્યર |
| ૫. | શ્રી સૈયદ મહંમદ સાદુલ્લા | ૬. | શ્રી દેવીપ્રસાદ ખૈતાન |
| ૭. | શ્રી એન. માધવ રાવ (શ્રી બી.એન.મિત્તર) | | |

તા. ૨૯મી ઓગસ્ટ આ મુસદ્દા સમિતિ દ્વારા ડૉ.આંબેડકરને ચેરમેન તરીકે ચૂંટવામાં આવ્યા. ભારતીય બંધારણની વાત આવી ત્યારે નહેરુએ બ્રિટિશ બંધારણવિદ્ આયવરી જેનીંગ્સને યાદ કર્યા ત્યારે ગાંધીજીએ કહ્યું, ત્યાં શા માટે જવું છે ? આપણી પાસે ડૉ.આંબેડકર છે જ.

## ૯:૩:૫ ભારતીય સંવિધાન શિલ્પી ડૉ.આંબેડકર

શ્રી બી.એન.મિત્તર(મિત્ર) મુસદ્દા સમિતિનાં સભ્ય હતા. પરંતુ તેમનું સભ્યપદ ટેકનિકલ કારણોસર રદ થવાને કારણે તેમની જગ્યાએ એન.માધવન રાવને તા. ૫-૧૨-૧૯૪૭થી લીધા હતા.સનદી અધિકારી માધવરાવ, મૈસુર રાજયના દીવાન હતા દેવી પ્રસાદજી ખેતાનનું અવસાન થતાં તેમની જગ્યાએ વ્યવસાયે વેપારી એવા ટી.ટી.કૃષ્ણાચારીને ૧૯૪૮થી લેવામાં આવ્યા હતા. જયારે વ્યવસાયે વકીલ એવા સૈયદ મોહંમદ સાદુલ્લા મુસ્લીમ લીગના પ્રતિનિધિ તરીકે આસામમાંથી ચુંટાઈ આવ્યા હતા. તેઓ ૧૯૩૯-૪૨ આસામના મુખ્ય (વડા) પ્રધાન હતા. આ ઉપરાંત સંવિધાન સહાયક સર બી.એન.રાવ, સંયુક્ત સચિવ એસ.એન.મુખરજી તેમજ સચિવાલય કર્મચારી સંકુલ હતું. સર્વના સહકારથી લોકશાહી સમાજવાદી મૂળભૂત અધિકારોના આલેખક ડૉ.આંબેડકરે સંવિધાન સર્જનની પ્રક્રિયા હાથ ધરી હતી. જેમાં તેમણે પોતાનું સમગ્ર વ્યક્તિત્ત્વ ઓગાળી દીધું હતું.ડૉ.આંબેડકર આત્મા પરમાત્મા, પુનઃજન્મ કર્મફળના વિરોધી હતા. કે જે બધાં જ સમાજવાદના વિરોધી પરિબળો છે. અસંખ્ય અવરોધો અવગણી તેઓ રાષ્ટ્રનુ સમાજવાદી બંધારણ ઘડવા માંગતા હતા. માર્ચ, ૧૯૪૬માં તેમણે State and Minorities, What are Thier Rights and How to secure them in Constitution of India..." ગ્રંથ લખી આદર્શ સમાજવાદી સંવિધાનનું માર્ગદર્શક માળખું સુચવ્યું જ હતું. સંવિધાનના સ્વપ્ન તરીકેનું કાર્ય કર્યું હતું. જેમાં ૨૧ જેટલાં મૂળભૂત મૌલિક અધિકાર તેમજ "રાજયના સમાજવાદ"ની જોરદાર હિમાયત કરી હતી, તેઓ લખે છે કે,

**"આપણે માટે સાહસ કરીને પણ સમાજના આર્થિક માળખાને નિયંત્રિત કરવાનો સમય હવે પાકી ગયો છે.સંસદીય લોકતંત્રને ચાલુ રાખવું, તેમજ સંવિધાનમાં "રાજય સમાજવાદ"ને સ્થાપિત કરવો. વળી સંસદીય બહુમતી તેને હટાવી શકે નહિ તેવી જોગવાઈ કરવા માત્રથી અર્થાત્ સમાજવાદની પ્રસ્થાપના, સંસદીય લોકતંત્રને ટકાવી રાખવું અને સરમુખત્યારશાહીથી રક્ષણ આ ત્રયેય ઉદ્દેશો પ્રાપ્ત કરી શકાય છે."**

**"ભારતના વિકાસની સાથે સાથે ઔદ્યોગિકીકરણ માટે સમાજવાદ અત્યાવશ્યક છે. વ્યક્તિગત ખાનગી વ્યાપાર-ઉદ્યોગો આવું કરી શકશે નહિ. યુરોપમાં ઉત્પન્ન થયેલાં મૂડીવાદ તથા અસમાનતાઓથી આપણે સાવધ રહેવું પડશે. વેઠબંધી તથા ગણોતધારા કાયદા અધૂરા તથા નકામા છે તેનાથી ખેતીમાં વૃદ્ધિ કરી શકાતી નથી. વેઠબંધી કે ગણોતધારાના કાયદા કરોડો ભૂમિહીન ખેતમજુરોને સહાય કરી શકે તેમ નથી. હવે માત્ર સામૂહિક ખેતીવાડીથી જ તેમેને સહાયક થઈ શકે તેમ છે. વળી લોકશાહીની પણ તેમની આગવી વ્યાખ્યા જ હતી !-"**

**"જે શાસન-પદ્ધતિ, રકતપાત કર્યા સિવાય આર્થિક અને સામાજિક જીવનમાં સમતા આણી ક્રાંતિકારક પરિણામો લાવી શકે તે શાસન પદ્ધતિ એટલે લોકશાહી."**

આ ઉપરાંત રાષ્ટ્રીય એકતા માટે તેમણે મજબુત કેન્દ્ર સરકારની પણ જોરદાર હિમાયત કરી હતી. ભારતના લાખો ગામડાંની સામાજિક-જૂનવાણી-પ્રાચીન પરિસ્થિતિને જોતા સાંપ્રત સમયમાં સત્તાના વિકેન્દ્રીકરણનો સિદ્ધાંત રાષ્ટ્રની એકતા માટે ભારે ખતરા સમાન હતો. અલબત્ત લોકમાન્ય ટિળક પણ મજબુત કેન્દ્રીય સરકારના જોરદાર સમર્થક હતા. પરંતુ આ બાબતે ગાંધીવાદની ભક્તિમાં રાચતાં લોકો સમક્ષ તેમનું ઝાઝું ચાલ્યું નહોતું. પરિણામે રાષ્ટ્ર (આજે) પ્રતિદિન નબળું થતું જાય છે. જે આપણે અનુભવી શકીએ છીએ.વળી આ બધા જ ભારતીયો માટે તેઓ સમાન નાગરિક કાનૂન Uniform Civil Code for India તેમણે પ્રસ્તાવ પણ પ્રસ્તુત કર્યો હતો. ડૉ.આંબેડકર **"સમાન સિવિલ કોર્ડ"**ને (કલમ-૪૪) રાજયના નીતિદર્શક સિદ્ધાંતને બદલે સંવિધાનમાં જ સામેલ કરવા માંગતા હતા. મીનુ મસાણી, અમૃત કૌરે પ્રસ્તાવને અનુમોદન આપ્યું હતું.પરંતુ કનૈયાલાલ મુનશી તેમજ કેટલાંક મુસ્લિમ આગેવાનોના વિરોધને કારણે તે પડતો મૂકવો પડયો હતો. પ્રો. હુમાયુ કબીર, મોલાના અબ્દુલ કલામ આઝાદ પ્રો.મુજીબ, જનાબ મહબૂલ હક જેવા પ્રગતિશીલ નેતાઓ કેટલેક અંશે અનુમોદન આપતા પણ હતા. રૂઢિતુસ્ત અને મઝહબને નામે બૂમો પાડતા મૌલવીઓને ખબર નથી કે, શરિયતનો ૮૦ ટકા ભાગ તો કયારનોય બદલી નાંખવામાં આવ્યો છે. ક્રમશઃ સ્વીકાર પણ કર્યો છે. અંગ્રેજોના યુગથી આ પ્રક્રિયાનો પ્રારંભ થયો હતો. જેનો ઈતહાસ છે : "ફક્ત લગ્ન અને વારસાનો" આટલો નાનકડો ખૂણો જ બાકી રહી ગયો છે. (CAD.15 P. 540 બંધારણ સભાગ્રંથ ૧૫ પૃ.૫૪૦).

★ ૧૭૭૨માં કાઝીને બદલે બ્રિટિશ ન્યાયાધીશને ન્યાય આપવાની સત્તા સોંપવામાં આવી હતી.

★ ૧૮૪૩માં ઈસ્લામી વ્યક્તિગત કાનૂનના વિરોધમાં આદિવાસી ગુલામોની પ્રથાનો ખાત્મો કરવામાં આવ્યો હતો.

★ ૧૮૬૦થી ઈસ્લામી અપરાધ કાનૂનને બદલે ઈન્ડિયન પીન કોડનો સ્વીકાર થયેલો. આજે તે પ્રમાણે જ કાનૂની કાર્યવાહી તથા સજા પણ થાય છે.

★ ૧૮૬૧ ક્રિમિનલ પ્રોસિજસ કોડ થયો....

★ ૧૮૭૨ ઈન્ડિયન એવિડન્સ એક્ટ થયો....

★ ૧૮૮૨થી સિવિલ પ્રોસિજર કોડ તથા ટ્રાન્સફર ઑફ પ્રોપર્ટીઝ એકટ. પણ સર્વ સમાન છે.

વળી અન્ય મુસ્લિમ રાષ્ટ્રોમાં પણ પરિવર્તન થયાં જ છે. તુર્કસ્તાન, સ્વિઝરલેન્ડ અને ઈરાકમાં, ફ્રાન્સના આધારે કાયદા થયા છે. ઈરાને પણ પોતાના વ્યક્તિગત કાયદામાં બુનિયાદી ફેરફાર કર્યા છે. પડોશી દેશ પાકિસ્તાન જે ઈસ્લામી રાષ્ટ્ર હોવાનો દાવ કરે છે. તેણે ૧૯૫૫માં વ્યક્તિગત કાનૂન બદલ્યા હતા. અને ૧૯૬૧માં મુસ્લિમ ફેમિલી ઓર્ડિનસ જાહેર કર્યો હતો. હવે બાકી માત્ર ૨૦ ટકા જ છે, તેમાં પરિવર્તન માટે "મઝહબ"ની વાતો મૂકવી તે ફિરકાપરસ્ત રાજકારણનું એક લક્ષણ છે. કોંગ્રેસી તૃષ્ટિકરણની નીતિનું લક્ષણ છે.

ડૉ.આંબેડકર એક રાષ્ટ્રભાષા-હિન્દીના પણ પ્રખર હિમાયતી હતા. તે માત્ર એક મત(ડૉ.આંબેડકરના મતે) રાષ્ટ્રભાષા બની શકી હતી. સંપૂર્ણ રાષ્ટ્રની એક "રાજભાષા" બાબતે પણ બંધારણસભામાં જબરદસ્ત ઝંઝાવાત પેદા થયો હતો. કોંગ્રેસ પક્ષના આંતરિક આંતરકલહને કારણે ડૉ.આંબેડકર હિન્દીને પછી સંપૂર્ણ રાષ્ટ્રની રાજભાષા બનાવી શક્યા નહિ. પરંતુ તેમના એકલાને મતે (એક મતની બહુમતિને) કલમ ૪૩૩ ! ૧ અન્વયે હિન્દી "રાષ્ટ્રભાષા"નો દરજ્જો અપાવી શક્યા હતા. આજે રાષ્ટ્રમાં થોડેઘણે અંશે પણ ભાષાકીય એકતા નિર્માણ થઈ છે, તેનું શ્રેય ડૉ.આંબેડકરને આપવું પડશે. શાળા કોલેજમાં બ્રાહ્મણ શિક્ષકે, આંબેડકર સંસ્કૃતને, **"દેવવાણી સંસ્કૃત"** ભણાવવાની ના પાડી હતી. તે ડૉ.આંબેડકર સંસ્કૃત માટેના પણ આગ્રહી હતા. વળી છત્રપતિ શિવાજીના ભગવા રાષ્ટ્રધ્વજ માટે આગ્રહ કરવા મળેલા હિન્દુ મહાસભાના નેતાઓ સી.કે.બોલે તથા અનંતરાવ ગદ્દેને પણ તેમણે આશ્વાસન આપ્યું હતું. કારણ કે, તેઓ ધ્વજસમિતિમાં હતા. હિન્દુ મહાસભાના નેતાઓનું તા. ૧૦-૭-૪૭ના દિવસે એક પ્રતિનિધિ મંડળ મળ્યું અને ડૉ.આંબેડકરને **'ભગવો ઝંડો'** ભેટ ધર્યો. ટીખળી આંબેડકરે ટોણો મારતા કહ્યું કે : "હિન્દુધર્મના પ્રખર-પ્રભાવી નેતાઓ એક અછૂત (મહાર)ના દીકરા પાસે આટલી મોટી અપેક્ષા રાખે છે ? ગ્વાલિયરના મહારાજા જીવાજીરાવ શિંદે તાર દ્વારા સમર્થન કર્યું હતું. પરંતુ બંધારણસભામાં રાષ્ટ્રધ્વજની ચર્ચા સમયે હિન્દુ નેતાઓ અને ડૉ.મુંજ મૌન રહ્યા હતા. 'ગાંધીજીની હત્યા'ના હુલ્લડોથી તેઓ ડઘાઈ ગયા હતા. જો કે ડૉ.બાબાસાહેબ આંબેડકર **'રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ'**થી સુપેરે પરિચિત હતા જ. ૧૯૩૫ની પૂનાની પ્રથમ સંઘ શિબિરની મુલાકાતે ગયા હતા તથા સંસ્થાપક ડૉ.હેડગ્રેવાર સાથે અસ્પૃશ્યતાના નિવારણાર્થે વિચાર વિનિમય પણ કર્યો હતો. પોતાના વકીલાતના વ્યવસાય અર્થે દાપોલી ગયા ત્યાં પણ સંઘ શાખાના કાર્યકરો સાથે દિલ ખોલીને વાતો કરી. ૧૯૩૭માં કહાડ શાખાના વિજયાદશમી ઉત્સવ નિમિતે વિશેષ નિયંત્રણથી પ્રવચન આપવા કહાડ પધાર્યા હતા. ૧૯૩૯ના પૂનાના સંઘ તાલીમવર્ગમાં આદરણીય અતિથિ તરીકે પુનઃ પધાર્યા. ડૉ.હેડગ્રેવાર પણ ત્યાં હતા જ. ૫૨૫ ગણવેશધારી સ્વંયસેવકોની તાલીમ નિહાળી અને મોકળા મને દલિતો વિષે વાતો કરી હતી. સંઘના આગેવાનો અવારનવાર ડૉ.આંબેડકરને મળતા હતા. બૌદ્ધધર્મદીક્ષાના થોડાક દિવસો પૂર્વે (ઓકટોબર, ૧૯૫૬) સંઘના હો.વે.શેષાદ્રિ, દત્તોપંત ઠેગડી ઈત્યાદિ આગેવાનો મળ્યા હતા. સંઘની સામાજિક સમરસતાની પ્રવૃતિની વિગતો આપી... ત્યાં વચ્ચે જ સંઘની મંથરગતિની આલોચના કરતાં-બાબાસાહેબ બોલ્યા- ૧૯૨૫માં સંઘની સ્થાપના થઈ. આજે ૨૮ વર્ષે તમે ૨૭-૨૮ લાખ સ્વયંસેવક બનાવ્યા. સમગ્ર સમાજને તૈયાર કરતાં વીતે કેટલા વર્ષો વીતે ? ના-ના... આટલી પ્રતીક્ષા કરવાની મારી તૈયારી નથી... અને સમાજ પરિસ્થિતિ પણ પ્રતીક્ષા કરી શકે નહિ.આ પ્રકારની પરિસ્થિતિમાં સમાજ સામ્યવાદનું નિશાન બની શકે...જે મને ઉચિત લાગતું નથી.. મૃત્યુ પૂર્વે મારા સમાજને ચોક્કસ દિશાએ વાળવા માંગુ છું.... તમે જાણો છો ? દલિતો અને સામ્યવાદ વચ્ચે આંબેડકર અવરોધક છે. સવર્ણો અને સામ્યવાદ વચ્ચે ગોલવેલકર અવરોધક છે. આટલી આડ વાત પરથી આપણે મૂળ વાત પર આવીએ.

ડૉ.આંબેડકર એક આદર્શ અને વ્યવહારુ બંધારણ બનાવવા માંગતા હતા. પરંતુ તેમની સામે પાર વિનાના અવરોધો હતા. ગાંધીજીની હત્યાને કારણે થયેલાં હુલ્લડોનો એક પ્રસંગ વર્ણવતા હિન્દુ મહાસભાના નેતા અને વાઈસરોયની કાર્યકારિણીમાં ડૉ.આંબેડકરના એક સમયના (બ્રાહ્મણ) સાથીદાર ડૉ.ખરે પોતાના જીવનચરિત્રમાં લખે છે કે (My Political Memries or Autthoblograpy PP. 35-57) ગાંધીજીની હત્યાને કારણે હિન્દુ મહાસભા તથા રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘના આગેવાનો સાવરકર વગેરેની ધરપકડના સમાચારો વહેતા થયા.ડૉ.એન.સી.ખરેના ૭-૨-૪૮ના દિવસે તેમના દિલ્હીના નિવાસસ્થાને નજરબંધી કર્યાના સમાચાર રેડિયો ઉપર સાંભળતાં બાબાસાહેબે તુરંત ડૉ.ખરેના નિવાસસ્થાને જઈ પૃચ્છા કરી, આશ્વાસન આપ્યું. એટલું જ નહિ પરંતુ પોતાના નિવાસ સ્થાને અવારનવાર આવતા રહેવાની, અને મદદ કરવાની ખાત્રી આપી. આ સમયે સી.આઈ.ડી.ની દેખરેખ હોવાથી ડૉ.ખરેના ઘરે જવાની, મળવાની કોઈ હિંમત કરતું નહોતું. સગાં, મિત્રો, ઈત્યાદિ તમામા ભયના માર્યા તેમને ત્યાં આવતા જ બંધ થઈ ગયા હતા. એક માત્ર ડૉ.આંબેડકર જ આશ્વાસન આપવાં આવતાં તેની સગૌરવ સાભાર ડૉ.ખરે આત્મકથામાં નોંધ લે છે. કેબીનેટમાં સંયુક્ત જવાબદારી હોવા છતાં (ડૉ.આંબેડકરની જાણ બહાર) બે ત્રણ મંત્રીશ્રીઓએ આ નજરબંધીના આદેશમાં ભાગ ભજવ્યો હતો. તેવી ટીકા પણ કરી છે. પાછળથી આર.એસ.એસ.-રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ ઉપરના પ્રતિબંધ ઉઠાવવા બાબતે પણ સંઘના સરસંચાલક ગુરૂજી ગોલવેલકરજી બાબાસાહેબને અવારનવાર મળતા હતા. તે દીલ્હીમાં તેમને ત્યાં જ ઉતરતા હતા. (કીર : ૪૦૯) આમ સંઘ ઉપરના પ્રતિબંધને ઉઠાવી લેવામાં સરદાર વલ્લભભાઈ પટેલની સાથે સાથે ડૉ.આંબેડકરની સહાયની વાત ઘણા ઓછા જાણતા હશે. ભૂતકાળમાં સંઘની કેટલીક શાખાઓએ ડૉ.બાબાસાહેબ મુલાકાત લેવા ખાસ નિમંત્રણ પાઠવ્યા હતાં અને બાબાસાહેબે

મુલાકાતો લીધી પણ હતી. ત્યાં પોતાની સ્પષ્ટવાદિતાથી કહ્યું હતું કે **"હિન્દુ સમાજ ત્યારે જ સક્ષમ સશક્ત બની શકશે જયારે તે જાતિભેદને જાકારો આપશે."**

બંધારણ સભામાં ઉદ્યોગપતિ મઠાધીશો, મૂડીદારો તથા દેશી રાજયોના પ્રતિનિધિઓ પણ હતા. કેટલાક તો મૂડીદારોના તેલથી પ્રકાશતા દીપક સમા હતા. વળી તેઓ સમાજવાદનો સતત વિરોધ કરતા હતા. વળી સાથે મઠાધીશો પણ મેદાનમાં આવતા હતા. ત્રીજી બાજુ બંધારણસભાને ગાંધીવાદનું ગ્રહણ લાગ્યું હતું. ડગલે પગલે જરૂરી ઓછી અને બિનહાજરી વધુ ગાંધીવાદની દુહાઈ દેવામાં આવતી હતી. ગાંધીવાદના ત્રાજવે તોલવામાં આવતી હતી. પરિણામે બુદ્ધિવાદી લોકોને પોતાની રાષ્ટ્રહિતની દૂરંદેશી વાત પણ કહેવી ઘણી વખતે અશક્ય થતી હતી કારણ કે તે સમય કોંગ્રેસી-ગાંધીવાદી આગેવાનોમાં 'વસ્તુનિષ્ઠ' વિચારણા કરતા "આત્મલક્ષી" વિચારણાનું પ્રાબલ્ય હતું. વળી કોંગ્રેસમાં પણ સરદાર પટેલ અને પંડિત નહેરૂ વચ્ચે ભારે વૈચારિક મતભેદ રહેતા હતા. પંડિત નહેરૂ પ્રગતિશીલ-સમાજવાદી જૂથનાં નેતા ગણતા હતા, તો સરદાર વલ્લભભાઈ પટેલ બિન-સમાજવાદી જૂથના આગેવાન હતા. એક આદર્શમાં રાચનારા સ્વપ્નદ્રષ્ટા હતા. બીજા ધરતીના વ્યવહારું રાજપુરુષ હતા. મિલકતા મૂળભૂત અધિકાર જેવો જ બીજો એક વિવાદ બંધારણની ૩૭૦ની કલમ બાબતે જે પણ ચાલે છે. તેની ઐતિહાસિક ભૂમિકા આ પ્રમાણે હતી.

"પંડિત જવાહરલાલ નહેરૂએ જેને "શેર-કાશ્મીર" બનાવ્યા હતા તે શેખ અબદુલ્લાએ તા. ૫-૧૦-૧૯૪૭ના દિવસે ગુલામ મહંમદ સાદિકના નેતૃત્વના એક પ્રતિનિધિમંડળ લાહોર (પાકિસ્તાન) મરહૂમ જિન્નાને મળવા મોકલ્યું જેણે કેટલીક શરતો મૂકી કહ્યું કે, "તેમની નેશનલ કોન્ફરન્સ આ શરતોએ પાકિસ્તાન સાથે ભળવા તૈયાર છે."

મહંમદઅલી જિન્નાએ જવાબ આપ્યો કે, "કાશ્મીર તો પાકેલા ફળ જેવું છે અને તે ટપકીને મારા ખોળામાં પડવાનું જ છે. હું કાશ્મીરનું શાસન મારા પોતાના લોકોને જ સોંપીશ... તમને નહિ." પરિણામે પ્રતિનિધિમંડળ વીલા મોઢે પાછું ફર્યું. ત્યારબાદ તા. ૨૧-૧૦-૧૯૪૭ના દિવસોમાં કાશ્મીર ઉપર પાકિસ્તાનની હુમલાઓ શરુ થયા. શેરે-કાશ્મીર શેખ અબદુલ્લા પરિવાર સાથે ઈન્દોર પોતાના સાળાને આશ્રયે આવ્યા હતા. સરદારની સાવધાનીથી ભારતીય સૈન્ય શ્રીનગર પહોચ્યું. (હવે) નહેરુનીકૃપા થતાં તેઓ ભારત સાથે સોદાબાજી કરવા લાગ્યા અને પંડિત નહેરુ પાસે પ્રસ્તાવ સાથે પહોંચી ગયા. નહેરુએ કાયદા પ્રધાન ડૉ.આંબેડકરને મળવાનું કહ્યું અને શેખ અબ્દુલાએ પાસે આવી પોતાની શરતો-સવિશેષ તો કાશ્મીરના વિશિષ્ટ દરજ્જાની દરખાસ્તો મૂકી હતી. શેખ અબદુલ્લાની દરખાસ્તો સાંભળી દેશભક્ત બાબાસાહેબ આંબેડકરે સાફ સંભળાવી દીધું કે, **"તમે ઈચ્છો છો કે ભારત કાશ્મીરનું રક્ષણ કરે, સડકો-રસ્તાઓનું નિર્માણ કરે, લોકોને ખાવા (તદ્દન સસ્તું) અનાજ આપે અને છતાં કાશ્મીર પર ભારતનો કોઈ અધિકાર નહિ : આ વાત કદાપિ સ્વીકારી શકું નહિ."** (આર્ષદ્રષ્ટા : ડૉ.બાબસાહેબ - ડૉ.જયોતિકર પૃ.૧૧૧)

શેખ અબદુલ્લા આંબેડકરથી અકળાઈ પંડિત નહેરૂ પાસે પહોંચી ગયા. પંડિત નહેરૂ પહેલાં કાશ્મીરી-પછી ભારતીય હતા. એટલે તેમણે શેખ અને તેમના સાગરિતોની સાંપ્રદાયિક વૃતિને પોષક એવી ૩૭૦ની કલમ સંબંધી કાર્યવાહી શ્રી ગોપાલસ્વામી આયંગરને સોંપી. વળી સુધારો મૂકવાનું નક્કી થયું. પ્રરંતુ બંધારણસભામાં આ ૩૭૦મી કલમના સુધારાનો પણ જોરદાર વિરોધ થયો.પ્રખર દેદીપ્યમાન દેશભક્ત ડૉ.આંબેડકર માટે આ કલમનો પ્રત્યક્ષ વિરોધ કરવો. (નીતી-પરંપરાને કારણે) મુશ્કેલ થયો. ત્યારે તેમણે પોતાના મિત્ર મૌલાના હસરત મોહાનીને વિરોધ કરવાનું કાર્ય સોંપ્યું હતું. (પંચજન્ય : ૧૭ માર્ચ,૧૯૯૧ પૃ.૧૭ દત્તોપંત ઠેંગડીના લેખના આધારે) ત્યારે પણ આશ્વાસન આપવામાં આવ્યું કે, **"આ કલમ અસ્થાયી છે."** આમ આર્ષદ્રષ્ટા ડૉ.આંબેડકરની સ્પષ્ટ ના હોવી છતાં બંધારણમાં કલમ ૩૭૦ની આવી જ ગઈ.

ડૉ.આંબેડકરની પ્રશંસા કરતાં **કે.બી.રાવે પણ સુંદર રીતે કહ્યું કે, "સંવિધાન સભાના પિતા ડૉ.આંબેડકર નહિ પરંતુ પંડિત નહેરુ અને સરદાર હતા. અમેરિકન ડેલ્ફીયા કન્વેશનમાં વૉશિંગ્ટન અને**

મેડીસન જેવી રીતે સેનાપતિ અને વિચારક હતા તેમ ભારતમાં નહેરૂ-વિચારક અને પટેલ સેનાપતિ છે. પટેલ જેટલા વ્યવહારુ હતા નહેરૂ એટલા આદર્શવાદી હતા. જેટલી ધૃણા પટેલને નહેરુના આદર્શવાદ માટે હતી તેટલી જ ધૃણા નહેરૂને પટેલના વ્યવહારવાદ માટે હતી. તેમના સંઘર્ષનાં અનેક ઉદાહરણ મળી આવે છે. તેઓએ એકઠા મળી જુદી જુદી પદ્ધતિએ કાર્ય કર્યું અને સંવિધાનનું સર્જન થયું. તેઓ 'સંવિધાન' સંબંધક વિચારોના સ્ત્રોત સ્વરૂપે હતા. જયારે ડૉ.આંબેડકર હકીકતમાં સંવિધાનની 'જનની' હતા. તેમને બીજાઓ વેરવિખેર વિચારો ધારણ કરવા પડતા, તેનું લાલન-પાલન કરવું પડતું, તેની યોગ્ય માવજત કરી ઉછેર કરી પોતાના વિચારો સ્વરૂપે વ્યક્ત કરવા પડતા હતા. તેમની બંધારણીય બુદ્ધિ, ઉચ્ચ કોટીની કાર્યકુશળતા, દ્રઢતા, સૌમ્યતા અને તેમના અથાગ પરિશ્રમને પરિણામે આ જ પ્રક્રિયા પરિપૂર્ણતા પામી અને આપણને એક આદર્શ બંધારણ પ્રાપ્ત થયું.''

### તમારી પ્રગતિ ચકાસો - ૩

**નીચેની ખાલી જગ્યામાં તમારા જવાબો લખો.**

(૧) ભારતના ભાગલાના સમયે ડૉ.આંબેડકરે સવિશેષ વાલ્મિકીની કરેલી સેવા વિષે લખો.

______________________________

______________________________

______________________________

(૨) ડૉ.આંબેડકરની મુસદ્દા સમિતિના અધ્યક્ષપદે વરણી કેવી રીતે થઈ ?

______________________________

______________________________

______________________________

(૩) ડૉ.આંબેડકર સમાન સિવિલ કોડ તથા સત્તાના વિકેન્દ્રીકરણ વિષેના વિચારો સમજાવો.

______________________________

______________________________

______________________________

(૪) બંધારણસભામાં ડૉ.આંબેડકરની કામગીરીની પ્રશંસા કોણે કોણે કેવી કરી ?

______________________________

______________________________

______________________________

(૫) બંધારણમાં ૩૭૦ની કલમ કેવી રીતે આવી ?

______________________________

______________________________

______________________________

## ઉપયોગી પુસ્તકો


૧. રાજેન્દ્ર ભટનાગર : ડૉ.આંબેડકર જીવન દર્શન (હિન્દી)

૨. ડૉ.બી.આર.આંબેડકર : What Congress and Gandhi have done for the untouchables.

૩. ડૉ.બી.આર.આંબેડકર : 'Who were the SHUDRA'

૪. ડૉ.પી.જી.જયોતિકર : ગુજરાત આંબેડકરની ચળવળનો ઈતિહાસ (૧૯૨૦-૧૯૭૦)

૫. 'રઘુવંશી' - ડૉ.બાબાસાહેબના પ્રાસંગિક વિચાર (મરાઠી)

૬. ડૉ.ડી.આર.ટદવ : Dr. Ambedkar's Role in National Movement

૭ R.C. Majmudar: History of the freedom Movement Vol.I

૮. Michcal Bletcher, Pandit Jawaharlal Nehru

૯. ડૉ.એન.સી.ખરે : My Political Memories : An Authobiography

૧૦. Green Will Austin : Indian Constitution A Corner Stone of Nation

૧૧. સોહનલાલ શાસ્ત્રી : डॉ.बाबासाहेब अम्बेडकर के संर्पक में पच्चीस वर्ष

## એકમ-૧૦ : સંવિધાન શિલ્પી - ડૉ. આંબેડકર


| | |
|---|---|
| એકમ-૧૦ | ઉદ્દેશ્ય |
| ૧૦:૧ | સંવિધાન શિલ્પી ડૉ.આંબેડકર વિષે વિવિધ વિદ્વાનો દ્વારા થયેલ પ્રશંસા |
| ૧૦:૨ | બંધારણસભામાં ડૉ.આંબેડકરનું સમાપન પ્રવચન |
| ૧૦:૨:૧ | દલિતવર્ગોના અધિકારો આમેજ કરાવ્યા |
| ૧૦:૨:૨ | ડૉ.શારદા કબીર સાથે પુનઃ લગ્ન |
| ૧૦:૨:૩ | મહિલા મુક્તિ અને હિન્દુ કોડ બીલ |
| ૧૦:૩:૧ | ડૉ.આંબેડકરનું મંત્રીમંડળમાંથી રાજીનામું અને તેની પ્રતિક્રિયા |
| ૧૦:૩:૨ | લોકસભાની ચુંટણીમાં બે વાર પરાજય |
| ૧૦:૩:૩ | કોલંબિયા યુનિર્વસિટી દ્વારા સન્માન |
| ૧૦:૩:૪ | સબળ વિરોધ પક્ષ માટે રીપબ્લીકન પક્ષની પરિકલ્પના |


## એકમ: ૧૦ ઉદ્દેશ્ય

આ એકમમાં આપણે ભારતીય સંવિધાન સર્જનની સઘળી પ્રક્રિયા સમજીશું તેમાં ડૉ.આંબેડકરના પ્રદાન તેમજ ભારતીય સંવિધાન શિલ્પી તરીકે તેમની મહાનતા જાણીશું. સાથે સાથે તેમનું સમાપન પ્રવચન, દલિતોના અધિકારો આમેજ કરાવવા માટેનો સંઘર્ષ. તેમના પુનઃ લગ્ન, હિન્દુ કોડ બીલ જેવી મહત્ત્વની ઘટનાઓ વિષે પણ જાણીશું.

એકમના ઉત્તરાર્ધમાં આપણે તેમના રાજીનામાના કારણો, લોકસભાની ચુંટણીમાં તેમનો પરાજય ભાષાવાર રાજ્ય રચના, કોલંબિયા યુનિવર્સિટી (અમેરિકા) દ્વારા તેમનું સન્માન અને અંતે ભારતીય લકશાહીને સશક્ત કરવા સશક્ત વિરોધ પક્ષની તેમની પરિકલ્પના વિષે પણ જાણીશું.

## એકમ :-૧૦ સંવિધાન શિલ્પી ડો.આંબેડકર વિષે વિદ્વાવાનો દ્વારા થયેલી પ્રશંસા

પ્રસિદ્ધ સમાજવાદી નેતા હરિવિષ્ણુ કામઠે પણ કહ્યું કે, "ડો.આંબેડકરની વિદ્વતા અદ્વિતીય હતી. તર્કથી તે ઈચ્છે તો રાતને દિવસમાં અને દિવસને રાતમાં બદલી શકે છે. અણીશુદ્ધ સાબિત કરી પણ શકે છે તેમના પાંડિત્યનાં પરિણામે આ બંધારણ પ્રાપ્ત કરી શક્યા છીએ."

આજ વાતને મુસ્લિમ નેતા તાજ મુલ હુસેને હકીકતો સાથે તા.૨૫-૧૧-૧૯૪૯ના દિવસે બ્યાન કરતાં કહ્યું હતું કે, ડો.આંબેડકર વિશ્વભરનાં સંવિધાનો કાયદાના કીમિયાગર હતા. ખૂબીઓના જ્ઞાતા હતા. જેની તેમને ખબર નથી તેને જાણવાની જરૂર પણ નથી. નાદુરસ્ત તબિયત હોવા છતાં પ્રારંભથી જ અપાર પરિશ્રમ કરી રાષ્ટ્રને મહાન બંધારણની ભેટ આપી છે. ડો.પાયલી પણ ડો.આંબેડકરને ભારતીય સંવિધાનના પિતા શિલ્પી તરીકે નવાજતાં લખે છે કે,

'ડો.આંબેડકર અપાર ગુણોના ચક્રવ્યૂહ સમાન હતા, વિદ્વતા પાંડિત્ય કલ્પના, તર્કશક્તિ, અને વાકપટુતાના વિશેષજ્ઞ હતા. જ્યારે તે બંધારણસભામાં બોલતા ત્યારે બંધારણમાં પ્રાવધાનોનાં સુંદર અને સ્પષ્ટ સ્વરૂપે દૃષ્ટિ સામે તરી આવતા અને તેમના બેસવાની સાથે જ શંકા કુશંકાના સંશયનાં વાદળોનું ધુમ્મસ વિખરાઈ જતું. તેમને ભારતીય સંવિધાનના પિતા આધુનિક મનુ માનવા જોઈએ.'

મદ્રાસના જાણીતા દલિત આગેવલાન શ્રી વી.આઈ.મુનિસ્વામી પિલ્લે બંધારણસભામાં બોલ્યા- માનનીય અધ્યક્ષ મહોદય પૂનાકરારમાં સહીઓ કરનારાં જ આપણને આજે અપાર હર્ષ થાય કે આપણા બંધારણે આપણે દરેકના નાગરિકને સમાન તક આપી છે. ધર્મ જાતિ અને લિંગના ભેદ નષ્ટ કર્યા છે. આમ ભારતના ઈતિહાસમાં આપણે નૂતન પ્રકરણમાં પ્રારંભ કર્યો છે.

અત્યારે હું બંધારણની મુસદ્દા સમિતિના ચેરમેનને અભિનંદન આપતાં ભાવવિભોર બની જાઉં છું. જેમણે રાત દિવસ અથાગ પરિશ્રમ કરી આવું સુંદર બંધારણ રાષ્ટ્રના ચરણે ધર્યું છે. તેમની મહાન

શક્તિની હવે નોંધ લેવાઈ છે. દલિતવર્ગોના લોકોએ રાષ્ટ્રને ભૂતકાળમાં મહાન ભક્ત નંદનાર ભેટ ધર્યા, મહાન વૈષ્ણવ સંત તિરુપલનાલવા રાષ્ટ્રને ચરણે સમર્પિત કર્યા અને મહાન તત્ત્વજ્ઞાની તિરુવલ્લુવર પણ તેમણે જ આપણને આપ્યો હતો. તેમનું નામ અને કામ ભારતનો શું પરંતુ દુનિયાના ઈતિહાસમાં જાણીતું છે હવે આ જ સમાજે આપણને ડો.આંબેડકર જેવા મહાનપુરૂષ આપીને તેની ભવ્ય ગૌરવ પરંપરામાં વૃદ્ધિ કરી છે. તેમણે દુનિયાને બતાવી આપ્યું છે કે તક મળે તો પદદલિતોનો પુરૂષ સર્વોત્તમ શિખરે પણ પહોંચી શકે છે વિશ્વના માનવોની સેવા કરી શકે છે. (ભારે હર્ષધ્વનિ) (CAD XI No.4 pp.608)

બંધારણના એકમાત્ર ઘડવૈયાનું છોગું ડો.આંબેડકરને શિરે બાંધતાં અગાઉ બંધારણસભામાં "ટી.ટી.કૃષ્ણાચારીએ પણ કહ્યું કે", ડો.આંબેડકર સિવાય મુસદ્દા સમિતિમાં છ સભ્યો હતા. એકનું મરણ ન થયું અને નવી નિમણુક થઈ નહિ. બીજા મહાનુભાવ અમેરિકા ચાલ્યા ગયા. ત્રીજા રિયાસતી સવાલોમાં જ રચ્યાપચ્યા રહેતા હતા. બે સભ્યો દિલ્હીથી ઘણે દૂર રહેતા હતા. નાદુરસ્ત તબિયતને કારણએ આવી પણ શકતા નહોતા. પરિણામે મુસદ્દા સમિતિનું સઘળું કાર્ય ડો.આંબેડકરને એકલાને જ કરવું પડયું હતું. ( 5-11-48C.A.D.Vol.VIIpp.23) કોંગ્રેસી ઈતિહાસકાર ડો.બી.પટાભિ સીતારામૈયાએ પ્રદીર્ઘ પ્રવચનમાં કહ્યું હતું કે આપણે પ્રૌઢ મતાધિકાર પ્રદાન કરી સાડા ત્રણ કરોડ મતદારોની વૃદ્ધિ કરી છે. આ રીતે આપણે દાસતાને સહકારી સમૂહ કલ્યાણમાં Co-operative Common Wealth માં પરિવર્તિત કરી માત્ર ત્રણ વર્ષના ટુંકા ગાળામાં આપણા મહાન રાષ્ટ્રને અનુરૂપ ઉલ્લેખનીય ઉપલબ્ધિ આપણા પુરૂષાર્થથી પ્રાપ્ત કરી છે. કેનેડાના બંધારણને બનતાં જ્યાં વર્ષો વીતી ગયાં, જયારે આપણે માત્ર ત્રણ વર્ષમાં કાર્ય પાર પાડયું છે. આ મહત્ત્વપૂર્ણ અને ભવ્ય કાર્ય માટે ડો.આંબેડકરની નિતાન્ત દુર્દનીય અદૃશ્ય અને અજય મેધાએ સ્ટીમ રોલરનું કાર્ય કર્યુ હતું. જેણે મોટાં મોટાં અવરોધક ખડકો ખોદી વટવૃક્ષો ઉખેડી તેમજ નાનાં કાંટાળાં જાળાં ઝાંખરા સાફ કરી સમગ્ર (સંવિધાનની) ભૂમિને સમતલ કરી પરિમાર્જિત કરી તેમને જે સાચું લાગ્યું તેના માટે પરિણામની પરવા કર્યા સિવાય છેલ્લે સુધી ઝઝુમ્યા હતા.

"ભારતીય સંવિધાન ૩, ડિસેમ્બર, ૧૯૪૮ના દિવસે આર્ટીકલ ૧૭ અન્વયે અસ્પૃશ્યતાનો ખાત્મો કર્યો. અસ્પૃશ્યતા અંગેના કોઈ પણ પ્રકારનાં આચરણને (નવા સુધારા અન્વયે પ્રચારને પણ) બંધારણથી બંધી ફરમાવી... મહાત્મા ગાંધીના જયઘોષથી સભાગૃહ ગુંજી ઉઠ્યું. સભાગૃહે માની લીધું કે ગાંધીજીનું અસ્પૃશ્યતા નાશનું સ્વપ્ન સાકાર થયું. ડૉ. આંબેડકર ધીર ગંભીર મુદ્રાથી સાંભળતા આ સઘળું નિહાળી રહ્યા હતા. ખરેખર આ જયઘોષ કોનો હતો ? અસ્પૃશ્યતા નાશ માટે ગાંધીજી તો સવર્ણોના હૃદય-પરિવર્તનની હિમાયત કરતા હતા. તેમણે કાયદાના આશ્રયની કદાપિ કલ્પના કરી જ નહોતી. ગાંધી-આંબેડકર વિવાદનું આ એક તો મૂળભૂત કારણ હતું. દેશ-વિદેશના અસંખ્ય અખબારોએ અગ્રલેખ દ્વારા આ ઘટનાને બિરદાવી અને માત્ર કૉંગ્રેસ અને ગાંધીજીના જ ગુણ ગાયા હતા. ડૉ. આંબેડકરનો ઉલ્લેખ સુદ્ધાં પણ કર્યો નહોતો. કર્ણનું પાત્ર કાઢી મહાભારતની કથા કહેવા જેવી વાત હતી. અલબત્ત બંધારણસભામાં એક માત્ર મનમોહનદાસે જ ડૉ. આંબેડકરના આ મહાન કાર્યને અંજલિ આપતાં કહેલું કે, **'વિધિની વિચિત્રતા કેવી છે ? જેને શાળામાં ન જવા દીધો, મંદિરમાં પણ જવા ન દીધો જેને છેટે રહેવા માટે જ મજબૂર કર્યો... તે જ વ્યક્તિને સંવિધાનના સર્જનનું મહાન કાર્ય સોંપવામાં આવ્યું, અને તે જ વ્યક્તિએ (કાયદાના અગ્નિથી) તે આભડછેટની અંતિમ ક્રિયા કરી જેનો તે બાળપણમાં તે ભોગ બન્યો હતો...' હકીકતમાં બંધારણ બનાવવામાં ખૂંપી ગયેલા હોવા છતાં તેમના કાળજાની કોર સમા કિંકરોને કદાપિ વિસર્યા નહોતા. એક માત્ર અછૂતોના અધિકારો માટે જ ડૉ. આંબેડકર સંવિધાનસભામાં આવ્યા હતા. અહર્નિશ એ જ રટણ હતું. વળી તેમને રહેમતની ખેરાત કે ખેરસલ્લા નહિ પરંતુ ખુદ્દારી-ખુમારીથી હક્કો હાંસલ કરવા હતા. સંવિધાન સભામાં બેઠેલા સ્થાપિત હિતોના પ્રતિનિધિઓએ પણ પ્રચ્છન્ન પ્રતારણા કરવા માંડી કે 'બંધારણના આમુખમાં (હવે) આપણે બધાંને સમાન ગણ્યા છે માટે કોઈ વિશિષ્ટ જોગવાઈઓની જરૂરિયાત નથી.' ડૉ. આંબેડકરની એક આગવી વિશિષ્ટતા હતી કે કોઈ તેમનું ગમે તેટલું સન્માન-આદર કરે પરંતુ તેના ભાર નીચે દબાઈને તેઓ કદાપિ દબી જઈને બોલતા નહિ જ." સરકાર કે બહુમતીની નારાજગીની પરવાર કર્યા સિવાય પોતાના અંતઃકરણના અવાજ પ્રમાણે જે કંઈ ન્યાયોચિત સત્ય તેમજ શોષિતોને શ્રેયકર હોય તે નિર્ભયતાથી અચૂક કહેતા હતા. ડૉ. આંબેડકર આ પ્રતારણાથી પૂરેપૂરા પરિચિત હતા. તેમણે સાફ સુણાવી દીધું કે, "હું માત્ર દલિતોના હિતોની હિફાજત માટે જ અત્રે આવ્યો છું. તેના ભોગે મારે આપનું કોઈ પણ માન-સન્માન કે પદ જોઈતું નથી." અને આખરે અછૂતોના અધિકારો આમેજ કરાવ્યા જ..**

તા. ૨૧-૧૧-૪૯ની બંધારણસભામાં જશપત રાય કપૂરે સાચે જ કહ્યું હતું કે, ડૉ.આંબેડકર દેશના

સર્વોચ્ચ નેતાઓમાંના એક છે. જયારે જયારે ગત્યારેદક પેદા થાય ત્યારે મોરચો સંભાળી પરિસ્થિતિને થાળે પાડી દેતા હતા. મેં તેમને પ્રસ્તુત વિષયો ઉપર રચનાત્મક અભિગમવાળાં જ નિહાળ્યા હતા. પરંતુ માત્ર એકવાર તેઓ બરાબર અડી ગયા હતા. તે પ્રસંગ હતો, દલિતો માટેનું રિઝર્વેશન રદ કરવાનો ઠરાવ. ડૉ.આંબેડકર ન માન્યતા તે ન જ માન્યા. રિઝર્વેશન લઈને જ રહ્યા. (C.A.D.Vol. X 21-11-49 PP 758)

તાળીઓના ગડગડાટ વચ્ચે સંવિધાન શિલ્પીની યશકલગી ડો.આંબેડકરને શિરે બંધાતા ભારતીય સંવિધાન સભાના અધ્યક્ષ ડો.રાજેન્દ્રપ્રસાદ તા.૨૬-૧૧-૧૯૪૯ બંધારણસભામાં બોલ્યા કે - અધ્યક્ષના આ આસને બેઠાં બેઠાં મેં હંમેશાં જોયું છે કે, મુસદ્દા સમિતિના અધ્યક્ષ ડો.આંબેડકરે અસ્વસ્થ તબિયત હોવા છતાં અન્ય કોઈ વ્યક્તિ કરતાં સુંદર રીતે અતિ ઉત્સાહથી લગનથી કાર્ય કર્યું છે. બીજી વ્યક્તિઓ કરતાં આ બાબતે મેં વિશેષ નોંધ કરી છે. (તાળીઓનો ગડગડાટ) આપણે ડો.આંબેડકરને મુસદ્દા સમિતિના સભ્ય તરીકે મૂકી તેમજ તેના અધ્યક્ષ તરીકે ચૂંટવાનો જે નિર્ણય કર્યો હતો તેનાથી વધારે સારો અને સાચો નિર્ણય બીજો કોઈ ન હોત. તેમણે માત્ર આપણા નિર્ણયને સાર્થક કર્યો એટલું જ નહિ પરંતુ જે કાર્ય તેમણે કર્યું તે મહાન કાર્યથી આપણા નિર્ણયને ચાર ચાંદ લગાવી દીધા હતા, નિર્ણયની સાર્થકતા સફળતા ઉપર છોગું લગાવી દીધું હતું..."

વળી આપણી બંધારણસભાની તાસીર પણ તપાસવા જેવી હતી. કોંગ્રેસી-બિનકોંગ્રેસી !! બંધારણસભા !! વળી તેમાં કોંગ્રેસી કે ગાંધીવાદી વચ્ચે પણ વૈચારિક વિવાદોનું તુમુલ યુદ્ધ અને સાપ નોળિયાની સ્થિતિ પ્રવર્તતી હોય... બીજી બાજુ બિનકોંગ્રેસીનો સૂર બીજો જ હોય. સમાજવાદીઓ સ્વીકારે તો મૂડીદારો મોઢું મચકોડે. કદાચ તેમને માંડ માંડ મનાવી લેવાય તો મઠાધીશો મેદાને પડે...જયારે ધર્મ નિરપેક્ષતાનો ધ્વજ ફરકાવાની વાત આવે ત્યારે ગોવધ પ્રતિબંધ પ્રેમી ગોકીરો કરી મૂકે...તો વળી રૈયતની વાત રાજાઓના પ્રતિનિધિઓને પોષાય નહિ. બુદ્ધિવાદીઓ વિચારે તે ગાંધીવાદીઓને ગમે નહિ. આ વિવિધરંગી બહુમુખી બંધારણસભામાં અસંખ્ય વિરોધાભાસી પરિબળો વચ્ચે કામ કરવું અને તેમાંય ધાર્યું કામ કઢાવવું અર્થાત ભારતીય બંધારણને મનમાન્યો ઘાટ આપવો તે હાથીના મોઢામાંથી પૂળો કઢાવવા જેવી વાત હતી. અનુમાન કરો કે આપણી પાસે બધું જ હતું, પરંતુ યોજક ન હોય તો...अमंत्रमाक्षर नास्ति नास्ति मूलमनौप्रधम अयोग्य पुरुष नास्ति योजकतत्र दुर्लम.....

ડો.આંબેડકરે યોગ્યતમ યોજકની ભૂમિકા અદા કરી હતી. આમ હોવા છતાં પણ આ સર્વ વચ્ચે સમતુલા સાચવી સર્વની સારી વાતનો સમન્વય કરી સમન્વયના સેતુ સમા ડો.આંબેડકરે કિનખાબી કસબી વણકરની જેમ કાચા સૂતરના તાંતણાઓના તાણાવાણા વણી તેમાંથી મંદીલ મહીન મુલાયમ મલમલ સમું સુંવાળું ભાતીગળ લચીલું અને મજબૂત બેનઝીર બંધારણ બનાવી રાષ્ટ્રના પાદામ્બુજે અર્પણ કર્યું હતું. સંવિધાનમાં જે કાંઈ સુંદરતમ શ્રેષ્ઠતમ અને શ્રેયસ્કર છે, તેનું મહત્તમ શ્રેય ડો.આંબેડકરને જ છે. આર્થિક સામાજિક, ધાર્મિક અને રાજકીય ક્ષેત્રે નૂતન મૂલ્યોની પ્રસ્થાપના કરી નૂતન ક્ષિતિજો ઉઘાડનાર ડો.બાબાસાહેબ આંબેડકર નૂતન સંવિધાનિક ક્રાંતિના જનક હતા. ડો.આંબેડકરની આ મહાન ઉપલબ્ધિ બિરદાવતાં ગાંધીવાદી સાપ્તાહિકે તેમને બૌદ્ધ મહાથેરો વિનયધર ઉપાલિની ઉપમા આપી જેમણે મહામાનવ બુદ્ધના મહાપરિનિર્વાણ પછીના ત્રીજા મહિને બૌદ્ધ સંઘના વિધાન - વિનયને સંહિતાબદ્ધ કર્યો હતો. જે હિન્દુ વર્ણવ્યવસ્થા અન્વયે (બોદ્ધભિક્ષુ પૂર્વના જીવનમાં) તે શૂદ્ર વાળંદ હતો. ગાંધીવિચાર વારસ વિનોબા ભાવેએ ભારતીય બંધારણને ભીમ સ્મૃતિ તરીકે નવાજી તેની મુક્ત કંઠે પ્રશંસા કરી હતી. જૂની પુરાણી વિષમતાવાદી સ્મૃતિને સ્થાને નૂતન સમતાવાદી સ્મૃતિનું સર્જન થયું હતું. દેશભક્ત ડો.આંબેડકરની ભેટ રાષ્ટ્રને ચરણે મહાન ભેટ હતી... અર્ઘ્ય હતું.

મુંબઈ પ્રદેશ શિડયુલ્ટ કાસ્ટ ફેડરેશને સુવર્ણપાત્રમાં સંવિધાનની પ્રત ભેટ અર્પણ કરી ડો.બાબાસાહેબનું ભવ્ય સન્માન કર્યું હતું. સમગ્ર ભારતનાં વર્તમાનપત્રોએ તેમની રાષ્ટ્રભક્તિની મુક્તકંઠે પ્રશંસા કરી સંવિધાન શિલ્પીની યશકલગી તેમને અર્પણ કરીહતી નહેરૂના જીવનચરિત્રના આંગ્લ લેખક Michel Bletcher...૧૯૫૯માં લખે છે કે, It was in his capacity as chairaman of Draftiting Committee of Constituent Assembly that Ambedkar held the Spotlight Steering and Draft through rothough of Stormy debates" " The Chief Architect more correcly the field general of this champain was Dr.B.R.Ambedkar" (Naheru : A Political Biography P.423-57)

અલબત્ત સંવિધાનને સમાજવાદી પ્રગતિશીલ લોકશાહી ઘાટ આપવાના ડૉ.આંબેડકરના પુરૂષાર્થને પ્રોત્સાહિત કરી સ્થિર કરનાર પંડિત જવાહરલાલ નહેરૂ, સમાજવાદી કે ટી શાહ, ટી.ટી.કૃષ્ણમાચારી કામઠ, મીનુ મસાણી તેમજ જાગ્રત સ્ત્રી સભ્યો જેવાં કે, હંસાબહેન મહેતા, રાજકુમારી અમૃતકૌર ઈત્યાદિ પ્રગતિશીલ પ્રતિભાઓનું પ્રદાન પણ અનન્ય હતું. તેનો ઋણસ્વીકાર કરવો જ રહ્યો. ૨ વર્ષ ૧૪૧ દિવસોની કઠિન કાર્યવાહીને અંતે ૩૪૩ કલમો ૧૩ પરિશિષ્ટો સાથેનું (મુસદ્દો) સંવિધાન રજૂ કરવામાં આવ્યું અંતે ૭૬૩૫ સુધારાઓમાંથી ૨૪૭૩ સુધારાઓ વિષે ચર્ચા વિચારાને અંતે ૩૯૫ કલમો અને આઠ પરિશિષ્ટો સાથેનો બંધારણને ઘાટ અપાયો હતો.

*જુદા જુદા રાષ્ટ્રોના બંધારણનીવિગતો આપતાં પોતાના ૨૫-૧૧-૪૯ના સમાપન પ્રવચનમાં ડૉ.આંબેડકરે કહ્યું કે, 'અમેરિકાનું સાત (એકવીસ પેટા કલમો) કલમવાળું બંધારણ બંધ બારણે ચાર માસમાં તૈયાર થયું. કેનેડાને બે વર્ષ પાંચ માસ થયા, (૧૦૮ કલમોવાળું) ૧૪૭ કલમોવાળું બંધારણ કરવા માટે ઓસ્ટ્રીયાએ નવ વર્ષ ગાળ્યાં ને દક્ષિણ આફ્રિકાએ (૧૩૫ કલમોવાળું) બંધારણ માટે એક વર્ષ વીતાવ્યું હતું. આમ દરેક રાષ્ટ્રના સંજોગો પ્રમાણે સમય થયો. આપણા દેશનું બંધારણ આ બધા કરતાં અતિ બૃહદ છે. વળી આપણી બંધારણ સમિતિ સમક્ષ સુધારાનો જે ગંજ ખડકાયો તેવું અમેરિકા કનેડા, ઓસ્ટ્રોલિયા અને આફ્રિકામાં નહોતું. આટલા વિશાળ અને ધર્મ, જાતિ, ભાષા, સંસ્કૃતિના વૈવિધ્યવાળા રાષ્ટ્રના બંધારણનું દુષ્કર કાર્ય એટલા થોડાં સમયમાં પરિપૂર્ણ કરવામાં આવ્યું તે ખરેખર અભિનંદનીય છે. મુસદ્દા સમિતિના કાર્યમાં સહયોગ કરનાર અધિકારી સમિતિના સલાહકાર બી.એન.રાવ.મુસદ્દા સમિતિના મુખ્ય અધિકારી એસ.એન.મુખર્જી, પ્રભુતિના ઋણ સ્વીકાર વિધિમાં તેમણે નાનકડા કર્મચારીઓને પણ સાભાર યાદ કરતાં કહ્યું કે, અડધી રાત સુધી મારી સાથે જાગી, સક્રિય રહી પરિશ્રમ કરી, બંધારણના ઘડતરના પવિત્ર કાર્યમાં સહયોગી થનાર આ કર્મચારીઓની સેવાને યાદ ન કરૂં તો મારી દૃષ્ટિએ મોટું પાપ ગણાય !*

*પ્રખર લોકશાહીવાદી ડૉ.આંબેડકર વિરોધ પક્ષને કેમ વીસરે ? તેમણે કહ્યું કે, બંધારણ સમિતિમાં બંડનો ઝંડો લહેરાવનાર કેટલાક મિત્રો હતા તે આપણું સૌભાગ્ય છે, જેમાં સર્વશ્રી કે.ટી.શાહ કામઠ, સિન્ધવા, પ્રોફે, સકસેના, ડૉ.દેશમુખ અને પંડિત ઠાકુરદાસ ભાર્ગવ જેવા ભડવીરો ખરેખર ઉલ્લેખનીય છે. તેમના ઉપસ્થિત કરેલા મુદ્દાઓમાં ઘણા ધ્યેયવાદી હતા, તેમના કાર્યને લીધે મને બંધારણનાં તત્ત્વો (વિચારસરણી) ની સ્પષ્ટતા કરવાની સુંદર તક મળી હતી. જે ખરેખર મહત્ત્વનું કાર્ય હતું. બાકી તો બંધારણ મંજૂર કરવાની પ્રક્રિયા માત્ર એક જ વિધિ છે. ગંભીર બનેલી બંધારણસભામાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ખીલતા ગયા...પોતાના વિચારો સ્પષ્ટ કરતા ગયા..અને રાષ્ટ્રને ઘણી જ ગંભીર બાબતો સચેત કરતા ગયા કે...*

*"હું બંધારણના ગુણદોષમાં નહીં ઊતરૂં. બંધારણ ચાહે ગમે તેટલું સારૂં હોય પણ તેનો અમલ કરનારાં માણસો સારાં ન હોય તો તે અવશ્ય ખરાબ નીવડે છે, અને બંધારણ ચાહે તેટલું ખરાબ હોય પણ તેનો અમલ કરનારાં માણસો સારાં હોય તો તે સારૂં પણ નીવડે. આમ સારાં ખોટાં બંધારણને અમલ આધાર તેના અમલકર્તાઓ ઉપર મહદંશે આધારિત હોય છે. બંધારણનો માત્ર તેના સ્વરૂપ ઉપર આધાર રાખતો નથી. બંધારણમાં ધારાસભા, કારોબારી વહીવટીતંત્ર અને ન્યાયતંત્ર જેવારાજ્યશરીરના અવયવો માત્ર આવે છે. રાજ્યનાં આ અવયવોની કામગીરી જેના પર આધાર રાખે છે તે પરિબળો જુદાં છે, તે પરિબળો એટલે જનતા અને જનતાની અભિલાષા અને નીતિને વ્યવહારમાં લાવવા માટે રચેલા રાજકીય પક્ષો.*

*ભારતની જનતા અને તેના રાજકીય પક્ષો ભવિષ્યમાં કેવી રીતે વર્તશે તે કોણ કહી શકે ? તે પોતાના ઉદ્દેશો સાધવા માટે બંધારણીય માર્ગો લેશે કે ક્રાંતિકારી માર્ગો પસંદ કરશે ? તેઓ ક્રાંતિકારક પધ્ધતિઓ અપનાવે તો બંધારણ નિષ્ફળ જાય એવી આગાહી માટે કોઈ ફિરસ્તાની જરૂર નથી. તેથી ભારતની જનતા અને તેના રાજકીય પક્ષો જે ભાગ ભજવે એમ છે એને ખ્યાલમાં લીધા વિના બંધારણ ઉપર કશો અભિપ્રાય આપવો એ નિરર્થક છે.*

*અહીં મેં મારૂં ભાષણ પૂરૂં કર્યું હોત, પરંતુ આપણા દેશના ભાવિ વિષે મારા મનમાં એટલા બધા વિચારો ઘોળાય છે અને મને લાગે છે કે તે વિચારો પ્રગટ કરવાની આ તક મારે લેવી*

જોઈએ. જાન્યુઆરીની ૨૬મીએ ભારત સ્વતંત્ર સાર્વભૌમ રાષ્ટ્ર બનશે. તે સ્વતંત્રાનું શું થશે ? ભારત પોતાની સ્વતંત્રતા સાચવી રાખશે તે ફરીથી ખોઈ બેસશે ? મારા મનમાં પહેલો વિચાર આ આવે છે. વળી એમ પણ નથી કે ભારત પહેલાં કદી સ્વતંત્ર દેશ નહોતો. મુદ્દો એ છે કે એકવાર પોતાની સ્વતંત્રતા તેણે ગુમાવી હતી. બીજી વાર પણ શું તે ગુમાવશે ? ભારતના ભાવિ વિષે આ વિચાર મને સૌથી વધારે ચિંતાતુર કરી મૂકે છે અને તે ચિંતાનું સૌથી મોટું કારણ એ છે કે, એકવાર પહેલાં ભારતે પોતાની સ્વતંત્રતા ગુમાવી હતી એટલું જ નહિ, તે પોતાનાં જ માણસોના દગાથી...ગુમાવી હતી. સિંધ પર મહમદ બિન કાસિમે આક્રમણ કર્યું ત્યારે રાજા દાહિરના લશ્કરના સેનાપતિઓએ મહમદ બિન કાસિમના દલાલો પાસેથી લાંચ લીધી અને દહિરને પક્ષે લડવાની ના પાડી. હિંદ ઉપર ચડાઈ કરવા અને પૃથ્વીરાજ સામે લડવાનું મહમદ ઘોરીને આમંત્રણ આપનાર જયચંદ હતો. તેણે તેને પોતાની અને સોલંકી રાજાઓની મદદનું વચન આપ્યું હતું. હિંદુઓની મુક્તિ સારૂં શિવાજી લડતા ત્યારે બીજા મરાઠા ઉમરાવો અને રજપૂત રાજાઓ મોગલ શહેનશાહના પક્ષે લડતા હતા. બ્રિટીશરો જ્યારે શીખ રાજાઓનો નાશ કરવા કોશિશ કરતા હતા ત્યારે તેમનો મુખ્ય સેનાપતિ ગુલાબચંદ બેઠો રહ્યો અને શીખ રાજ્યને બચાવવા કશીયે મદદ ન કરી. એવી જ રીતે ૧૮૫૭માં હિંદના મોટા ભાગમાં આઝાદીની લડાઈ જાહેર થઈ ત્યારે શીખોએ ઊભા રહી મૂંગા મૂંગા જોયા કર્યું....

શું આ જ ઈતિહાસની પુનરાવૃત્તિ થશે ? મને જે ચિંતા થાય છે તે આ વિચારથી જ અને તેમાં નાતજાત અને ધર્મના વાડાના રૂપમાં આપણે ત્યાં દુશ્મનો છે જ. ઉપરાંત જુદી જુદી અને સામસામી રાજકીય વિચારસરણીઓવાળા અનેક રાજકીય પક્ષો ઊભરાશે એ વાતનો વિચાર આવે છે એટલે આ ચિંતા વધે છે. ભારતમાં પક્ષની પહેલાં દેશને મૂકશે કે દેશની પહેલાં પક્ષને ? આનો જવાબ હું જાણતો નથી પરંતુ એટલું નક્કી છે કે, રાજકીય પક્ષો પોતાની વિચારસરણીને દેશની પહેલાં મૂકશે, તો આપણી સ્વતંત્રતા બીજીવાર ભયમાં મૂકાશે અને કદાચ તે આપણે કાયમ માટે ખોઈ બેસીશું. આવી પરિસ્થિતિ ન આવી પડે તેની આપણે બધાએ દૃઢતાથી તકેદારી રાખવી જોઈએ. આપણે આપણા રક્તના અંતિમબુંદુ સુધી સ્વતંત્રતાની રક્ષા કરવા આપણે મક્કમ નિર્ધાર કરવો જોઈએ (ભારે હર્ષધ્વનિ)

જાન્યુઆરીની ૨૬મી તારીખે ભારત પ્રજાસત્તાક રાજ્ય બનશે. તે દિવસથી ભારતમાં જનતાની બનેલી, જનતાથી ચાલતી અને જનતા સારૂં કામ કરતી સરકાર અસ્તિત્વમાં આવશે. પાછો એ જ વિચાર મારા મનમાં આવે છે કે તેના લોકશાહી બંધારણનું શું થશે ? તે એને ફરી વાર ખોઈ બેસશે ? પહેલાંની જેમજ મને આ વિચારથી પણ ચિંતા થાય છે.

એવું પણ નથી કે ભારતમાં પહેલાં કદી લોકશાહી નહોતી એક વખત એવો હતો જ્યારે અનેક પ્રજાસત્તાક (ગણ) રાજ્યો હતાં અને જ્યાં જ્યાં રાજાશાહી હતી ત્યાં પણ કાં તો રાજાઓની ચૂંટણી થતી અગર તો તેની સત્તા મર્યાદિત હતી. વળી હિંદમાં કદી ધારાસભાઓ કે ધારાસભાની રીતરસમો નહોતી એવું પણ નથી. ભગવાન બુદ્ધના ભિક્ષુસંઘનો અભ્યાસ કરતાં માલૂમ પડે છેકે, તે વખતે ધારાસભાઓ હતી, કારણ કે સંઘોનાં બંધારણો ધારાસભાઓની નકલરૂપે હતાં એટલું જ નહિ પણ આજના યુગમાં જાણીતી થયેલી ધારાસભાની (પ્રક્રિયા) રીતરસમોના બધા નિયમોનું સંઘોને જ્ઞાન હતું તેમજ તેનો અમલ પણ હતો.

બેઠક, आसन દરખાસ્ત વિજ્ઞતિ ઠરાવ પ્રતિજ્ઞા કોરમ ગણપૂર્ણિ વ્હિપ ગણપૂરવ મતગણતરી, कन्दग्रहण ગુપ્તમતદાન शलाका ग्रहण ઠપકાની દરખાસ્ત, રેગ્યુલેરાઈઝેશન (રહેલી ખામી સુધારી લેવી) રેસ જ્યુડીકેટી (નિર્ણય થઈ ગયેલો વિષય પાછો કાઢવો નહિ) વગેરે અંગે તેમના પોતાના નિયમો હતા.જો કે બુદ્ધ ભગવાને સભાઓના આ નિયમો ભિક્ષુસંઘની સભાને પણ લાગુ કર્યા હતા, પરંતુ તેમણે તે બધા તે વખતની રાજકીય સંઘસભાને લગતા નિયમોમાંથી લીધા હોવા જોઈએ.

આ લોકશાહી પધ્ધતિ ભારતે ગુમાવીદીધી ફરીવાર તે ખોશે ? એનો જવાબ હું જાણતો નથી, પરંતુ ભારત જેવા દેશમાં જ્યાં લાંબા કાળથી લોકશાહી ભુલાઈ ગઈ છે તેથી તેને હવે તદ્દન નવી જ વસ્તુ કહેવી જોઈએ. ત્યાં લોકશાહીનું સ્થાન સરમુખત્યારશાહી લઈ લે એવો ભય રહે છે. આ નવી જન્મેલી લોકશાહી દેખાવમાં લોકશાહી રહે પણ હકીકતમાં સરમુખત્યારશાહી બને એ

પણ શક્ય છે. કોઈક આપત્તિ આવી પડે તો સરમુખત્યરશાહી આવી જવાની પૂરી દહેત છે.

માત્ર સ્વરૂપમાં જ નહિ પણ હકીકતમાંયે આપણએ લોકશાહી સાચવી રાખવી હોય તો આપણને શું કરવું જોઈએ ? મારી સમજ પ્રમાણે પહેલી વસ્તુ આપણે જે કરવી જોઈએ તે એ કે આપણા સામાજિક અને આર્થિક ઉદ્દેશો સિધ્ધ કરવા આપણે બંધારણીય માર્ગોને જ ચુસ્તપણે વળગી રહીએ તેનો અર્થ એટલો જ કે આપણે ક્રાંતિ કરવાની રક્તપાતની પદ્ધતિઓ મૂકી દઈએ. તેનો અર્થ એ કે આપણે સવિનય કાનૂનભંગ અસહકાર અને સત્યાગ્રહની પદ્ધતિનો પણ ત્યાગ કરી દઈએ. જ્યારે આર્થિક અને સામાજિક ઉદ્દેશ સિધ્ધ કરવાના બંધારણીય માર્ગો ખુલ્લાં નહોતાં ત્યારે ગેરબંધારણીય માર્ગો લેવા માટે વ્યાજબી કારણ હતું. પરંતુ જ્યારે બંધારણીય માર્ગો પૂરેપૂરા ખુલ્લાં છે ત્યારે આવી ગેરબંધારણીય પધ્ધતિઓ અખત્યાર કરવા માટે કોઈ કારણ નથી આ પધ્ધતિઓ અરાજકતાનું વ્યાકરણ છે અને તેનો ત્યાગ જેટલો વહેલો થાય તેટલું આપણે માટે વધારે સારૂં છે, તે જ રાષ્ટ્રના હિતમાં છે.

બીજી બાબત આપણે જ કરવાની છે તે આ છે. જોન સ્ટુઅર્ટે જે ચેતવણી આપી છે તે પ્રમાણે લોકશાહી જાળવવામાં જેમને રસ હોય તેમણે કોઈપણ મહાપુરૂષના ચરણે પોતાની સ્વતંત્રતા નહિ ધરવી અને તેમનામાં એવો વિશ્વાસ નહિ મૂકવો કે જેથી તેમની સંસ્થાઓ ઉથાપે એવી શક્તિ એ લોકોને મળે. દેશની જેમણે જીવનભર સેવા બજાવવી હોય તેવા મહાપુરૂષો પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવવી એમાં કશુંય ખોટું નથી પરંતુ આ કૃતજ્ઞતાને પણ મર્યાદા હોવી જ જોઈએ.

આયલેન્ડના એક દેશભક્ત ડેનિયલ આક્રોનેલ બરાબર કર્યું છે કે 'કોઈ માણસ પોતાના સ્વમાનને ભોગે કૃતજ્ઞ બની ન શકે, કોઈ સ્ત્રી પોતાના શિયળને ભોગે સતીત્વના ભોગે કૃતજ્ઞ બની ન શકે, તેમ કોઈ પ્રજા પોતાની સ્વતંત્રતાને ભોગે કૃતજ્ઞ બની ન શકે. બીજા કોઈ દેશ કરતાં હિંદમાં આ સાવધાનીની વધારે જરૂર છે. દુનિયાના બીજા કોઈ દેશના રાજકારણની સરખામણીમાં હિંદના રાજકારણમાં ભક્તિ કે વ્યક્તિપૂજાનો અતિરેક અજોડ ભાગ ભજવે છે. ધર્મના ક્ષેત્રમાં ભક્તિમાર્ગ ભલે આત્માની મુક્તિનું સાધન હોય, પરંતુ રાજકારણમાં ભક્તિ કે વિભૂતિપૂજા તો અધઃપતન અને છેવટે સરમુખત્યારશાહી લાવનારો માર્ગ અચૂક બને છે.'

ત્રીજી વસ્તુ જે આપણે કરવાની જરૂર છે તે આપણે માત્ર રાજકીય લોકશાહીથી સંતોષ માનીને બેસી ન રહેવું તે છે. આપણે આપણી રાજકીય લોકશાહી ને સામાજિક લોકશાહી પણ તાકીદે બનાવવી પડશે. રાજકીય લોકશાહીના પાયામાં જો સામાજિક લોકશાહી ન હોય તો તે (રાજકીય લોકશાહી) લાંબો કાળ ટકી શકે નહિ. સામાજિક લોકશાહી એટલે શું ? સ્વતંત્રતા સમાનતા અને ભ્રાતૃભાવને સિદ્ધાંતોના વ્યક્તિના જીવનના સિદ્ધાંત તરીકે સ્વીકારનારી આદર્શ જીવનદષ્ટિ....

સ્વતંત્રતા સમાનતા અને ભ્રાતૃભાવના આ સિદ્ધાંતોને એકબીજાથી અલગપણે જોવાના નથી. ત્રણે મળીને સિદ્ધાંતત્રયીની એવી રચના કરે છે કે એકને બીજાથી અલગ કરો એટલે લોકશાહીનો મૂળ હેતું માર્યો જાય. સ્વતંત્રતાને સમાનતાથી અલગ પાડી ન શકાય. સમાનતાને સ્વતંત્રતાથી તેમજ સ્વતંત્રતા અને સમાનતાને ભ્રાતૃભાવથી જુદી ન પાડી શકાય. સમાનતા વિનાની સ્વતંત્રતા વ્યક્તિની સ્વયંસ્ફૂર્તિથી કામ કરવાની શક્તિ હણી નાખે છે. ભ્રાતૃભાવ સિવાય સ્વતંત્રતા અને સમાનતા સ્વાભાવિકપણે કામ કરનારી ચીજો ન બને. તેમના અમલ માટે સંત્રીની જરૂર રહે.

હિંદના સમાજમાં બે વસ્તુઓનો અભાવ છે એ વાત સ્વીકારીને આપણે શરૂઆતન કરવી રહી તેમાંની એક સમાનતા. સામાજિક ક્ષેત્રમાં જોઈએ તો અમુક માણસો ઊંચા અને અમુક નીચા એવી રીતના ક્રમબદ્ધ ઊંચનીચના ભેદના પાયા પર રચાયેલો આપણો આ સમાજ છે. આર્થિક ક્ષેત્રમાં જોઈએ તો આપણે ત્યાં અઢળક સંપત્તિ ધરાવનારા થોડાની સામે અત્યંત ગરીબાઈમાં સબડતા અનેક માણસો છે.

જાન્યુઆરી ૨૬મી તારીખે આપણે વિરોધાભાસી જીવન સાથે સ્વતંત્રતામાં પ્રવેશ કરવાના

છીએ. રાજકીય રીતે બધાને સમાનતા મળી હશે, અને સામાજિક તથા આર્થિક ક્ષેત્રમાં હજુ અસામનતા ચાલુ રહેશે. રાજકીય રીતે એક વ્યક્તિને એક મત અને દરેક મતની એકસરખી કિંમતના સિદ્ધાંતનો સ્વીકાર કરીશું. પરંતુ સામાજિક અને આર્થિક ક્ષેત્રમાં આપણા સામાજિક અને આર્થિક બંધારણને કારણે દરેક માણસની એકસરખી કિંમતનો સિદ્ધાંત સ્વીકારવા ઈનકાર કરીશું. ક્યાં સુધી આપણે આ પરસ્પર વિરોધોવાળું જીવન ચાલુ રાખીશું ? આપણા સામાજિક અને આર્થિક જીવનમાં આપણે ક્યાં સુધી સમાનતાનો અવગણનાવાનું ચાલુ રાખીશું ? વધુ વખત સુધી આપણે એમ કરવાનું જો ચાલુ રાખીશું તો આપણી રાજકીય લોકશાહીને ભયમાં મૂકીને જ આપણે એમ કરીશું. વહેલામાં વહેલી તકે આ વિરોધાભાસ આપણે દૂર કરવો જોઈશે, નહિતર જેઓ અસમાનતા વેઠી રહ્યા છે, આ અસમાનતાનો ભોગ બન્યા છે તે લોકો આ બંધારણ સભાએ જે ભારે પરિશ્રમ કરીને રાજકીય લોકશાહીને ઊભી કરી છે તેના માળખાને ભાંગીને ભુક્કો કરી નાંખશે.

બીજી બાબતની આપણે ત્યાં ખામી છે તે બંધુત્વની ખામી છે. ભ્રાતૃભાવ ભાઈચારો એટલે શું ? ભાઈચારો એટલે બધા ભારતીયો વચ્ચે સમાન બંધુત્વની ભાવના. ભારતીયો એક પ્રજા છે તે ભાવના સામાજિક જીવનને એક અને સંગઠિત કરનારો આ સિદ્ધાંત છે, એ ભાવના સાધવી પણ મુશ્કેલ છે. મારો એવો અભિપ્રાય છે કે આપણે એક કોમ પ્રજા છીએ એમ માનવામાં આપણે ભારે ભ્રમણા સેવી રહ્યા છીએ. હજારો નાતજાતમાં વહેંચાયેલા લોકોને એક કોમ પ્રજા કેમ કહેવાય ? સામાજિક અને માનસશાસ્ત્રની દ્રષ્ટિએ હજુ આપણે એક પ્રજા નથી એનું ભાન આપણને જેટલું વહેલું થાય તેટલું આપણે માટે વધારે શ્રેયકર છે. કારણ કે તો જ એક પ્રજા બનવાની જરૂરિયાત આપણને સમજાશે અને એ ધ્યેની સિદ્ધિ સારૂં માર્ગો અને સાધનોનો આપણે ગંભીરપણે વિચાર કરી શકીશું.

આ નાત જાત રાષ્ટ્રીયભાવનાના સખત વિરોધી છે. પહેલાં તો એ સામાજિક જીવનમાં જુદાપણું લાવે છે તે રાષ્ટ્રીયતા વિરોધી છે કારણ કે તે એક બીજી નાત વચ્ચે ઈર્ષા અને વિરોધી ભાવ જગાવે છે. આપણે સાચે જ એક પ્રજા બન્યા વિના વિરોધી ભાઈચારાની વાત સિદ્ધ થશે નહિ. ભાઈચારા વિનાની સમાનતા અને સ્વતંત્રતા એ માત્ર ઉપરનો બાહ્ય શણગાર જ બની રહેશે. આપણી આગળ પડેલાં કામો વિષે મારા આ વિચારો છે કેટલાકને તે બહુ અનુકૂળ નહિ લાગે પરંતુ તે કોઈથી પણ ઈન્કાર થઈ શકશે નહિ કે આ દેશમાં રાજકીય સત્તા કેટલાક સમયથી થોડાક માણસોનો ઈજારો બની રહી છે. અને મોટાભાગના લોકો માત્ર બોજો ઉપાડનારાં પ્રાણી જ નહિ પરંતુ, શિકાર થનારાં પ્રાણીઓ પણ બન્યાં છે. આ ઈજારાઓએ ઉન્નતિ સાધવાની તક પણ તેમની પાસેથી ખૂંચવી લીધી છે એટલું જ નહિ પણ થી તેમનું જીવન અર્થહીન બનાવી દીધું છે.

દલિતવર્ગોની આત્મજાગૃતિની ઈચ્છાને વર્ગવિગ્રહનું સ્વરૂપ લેવા દેવું ન જોઈએ કે જેથી ઘરમાં ફાટફૂટ પડે. તે દિવસ ખરેખર આપત્તિનો હશે કારણ કે અબ્રાહમ લિંકને કહ્યું છે તે પ્રમાણે ઘર ફુટયે ઘર જાય. આથી તેમની અભિલાષાઓની સિદ્ધિ વાસ્તે જેટલી વહેલી તક નિર્માણ કરવામાં આવે તેટલું આજના આ થોડા મુટ્ઠીભર લોકોના હિતમાં છે. દેશ માટે તે સારૂં છે અને તેની સ્વતંત્રતા જાળવવા માટે પણ સારૂં છે, તેની લોકશાહીની સંસ્થાઓ ચાલુ રાખવા માટે સારૂં છે આ ત્યારે જ શક્ય બની શકે જો જીવનનાં બધાંયે ક્ષેત્રોમાં સમાનતા અને ભાઈચારાની સ્થાપના થાય તેથી જ મેં તેમના પર આટલો ભાર મૂક્યો છે.

આ સભાગૃહને હું વધુ તસ્દી આપવા ઈચ્છતો નથી. સ્વતંત્રતા એ અવશ્ય આનંદની ચીજ છે, પરંતુ આપણે એ ન ભૂલીએ કે આ સ્વતંત્રતાએ આપણા પર ભારે જવાબદારીઓ પણ લાદી છે. સ્વતંત્રતા મળ્યા પછી કશું ખરાબ થાય તેનો દોષ બ્રિટિશને માથે ઢોળવાનું બહાનું આપણે હવે ખોયું છે. હવેથી જો કશુંય ખોટું કામ થશે તો આપણે કોઈને દોષ નહિ દઈ શકીએ. યોજનાઓ અવળી જવાનો ઝાઝો ભય છે. સમય ઝડપથી પલટાતો જાય છે. માણસો (જેમાં આપણાં પોતીકાં માણસો પણ આવી જાય છે ) નવી વિચારસરણીઓથી ખેંચાવા લાગ્યાં છે. તેઓ લોકો દ્વારા ચાલતી સરકારથી કંટાળવા લાગ્યા છે અને તેઓ લોકો માટે કામ કરતી સરકાર મેળવવા તત્પર થયા છે. લોકોની અને લોકો દ્વારા ચાલતી સરકાર હોય કે ન હોય તેની તેમને પરવા રહી નથી...

*લોકોની લોકો માટે લોકો દ્વારા ચાલતી સરકારના સિદ્ધાંતની પ્રતિષ્ઠા કરવાનો જેમાં આપણે પ્રયાસ કર્યો છે, તે બંધારણ જાળવવાની જો આપણી ઈચ્છા હોય તો આપણા માર્ગમાં પડેલા અંતરાયો જે લોકને લોકો દ્વારા ચાલતી સરકારની સાથે સાથે લોકો માટેની સરકારની પસંદગી કરવા લલચાવે છે તેનો સ્વીકાર કરવામાં આળસ ન કરીએ કે તેમને અવરોધો દૂર કરવામાં (પગલા ભરવામાં) આપણે નિર્બળ ન બનીએ દેશની સેવા કરવાનો આ જ ઉત્તમ માર્ગ છે. આથી વધુ સારા માર્ગની મને જાણ નથી.'*

ડૉ.આંબેડકરના ૨૫-૧૧-૧૯૪૯ના આર્ષવિચારોની અખબારી આલમે પણ મુક્ત કંઠે પ્રશંસા કરી એક અમૂલ્ય ઐતિહાસિક દસ્તાવેજ તરીકે તેની ગણના કરવામાં આવી હતી.

**તમારી પ્રગતિ ચકાસો - ૧**

(૧) ડૉ.આંબેડકર સંવિધાન સભાના શિલ્પી કેવી રીતે ?

___

___

___

(૨) ડૉ.આંબેડકરના સંવિધાન સભાના સમાપન પ્રવચનના કયા મુદ્દા તમને સવિશેષ ગમ્યા, તે કારણો સાથે લખો.

___

___

___

(૩) ભારતીય સંવિધાનનો વિશિષ્ટ લક્ષણો દર્શાવો.

___

___

___

(૪) ડૉ.આંબેડકરે રાષ્ટ્રને કંઈ બાબતે સચેત રહેવા જણાવ્યું છે.

___

___

___

'स्वदेश पूज्यते राजा विद्वान सर्वत्र पूज्यते' ની સાર્થકતા પ્રમાણે ૩૭ વર્ષ પૂર્વેના પોતાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ડૉ. આંબેડકરની આ ભવ્ય સિદ્ધિથી પ્રભાવિત થઈ અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીએ ૧૯૫૦માં તેમને એલએલ.ડી. **'ડૉક્ટર ઓફ લોઝ'**ની માનદ પદવી અર્પણ કરવા આમંત્રણ આપ્યું. અલબત્ત, તે સમયે તે જઈ ન શક્યા નહતા.

બંધારણના સભામાંના કહેવાતા રાષ્ટ્રવાદી (કોંગ્રેસી) હરિજન ૨૭ જેટલા સભ્યોનો સહકાર પ્રાપ્ત કરવા તેમણે સંપર્ક કર્યો પરંતુ શિડ્યુલ કાસ્ટની અનામત બેઠકો પર ચુંટાયેલા આ લોકો દલિતોનું પોતાના સમાજનું પ્રતિનિધિત્વ નહોતા કરતા. તેઓ પોતાના (કોંગ્રેસ) પક્ષનું પ્રતિનિધિત્વ કરતા હતા. તેમને

પોતાના પછાત પદદલિત સમાજ કરતાં પોતાના પક્ષનું હિત પ્રિયતર હતું. કેટલાકે આવેદનપત્ર આપી "દલિતોના બંધારણમાંના અલગ અધિકારોની માંગણી માટેની ડૉ. આંબેડકરની માગણી રાષ્ટ્રવિરોધી છે." તેવી રજૂઆતો પણ કરી હતી. પોતાના જ માણસોના વિશ્વાસઘાતથી ડૉ. આંબેડકરને ભારે આઘાત લાગ્યો હતો. બંધારણની કલમ ૩૩૦ અન્વયે લોકસભા-વિધાન સભામાં અનામત બેઠકોની જોગવાઈ કરવામાં આવી તેનો પણ પંડિત નહેરુએ પણ વિરોધ કર્યો હતો. નહેરુએ કહ્યું કે : "અનામતની આવી વ્યવસ્થા દુનિયાના કોઈ પણ બંધારણમાં નથી." છેવટે ગાંધીજીની દરમિયાનગીરીને કારણે માંડ માંડ દશ વર્ષની મુદત માટેની અનામત બેઠકોની જોગવાઈ થઈ. ભારતના દલિત રાજકારણમાં અનામત બેઠકોનો જેમણે સૌથી વધારે વર્ષો સુધી લાભ લીધો છે તેવા બાબુ જગજીવનમનો સહકાર માંગવામાં આવ્યો ત્યારે તેમણે ઘસીને ના પાડી કહ્યું કે, "મને મહાત્મા ગાંધીજી અને કૉંગ્રેસમાં અપાર નિષ્ઠા છે તેથી તેઓ દલિતો માટે બંધારણમાં રીઝર્વેશનમાંની બાબતને સહકાર આપી શકે નહિ." કોંગ્રેસી નેતાઓથી પણ તેઓ ગભરાતા હતા. વળી સરદાર પટેલની ઉપરવટ જવાની કોઈનામાં હિંમત પણ નહોતી.

દલિતોત્થાનની પોતાની પ્રવૃતિ સામેના અવરોધો વિષે આ સમયનો એક કટુ અનુભવ વર્ણવતાં ડૉ.આંબેડકર સિદ્ધાર્થ કોલેજના વિદ્યાર્થી સંસદ સમક્ષ કહે છે કે,

"બંધારણીભાની જુદી જુદી સમિતિઓમાં મને દલિત વર્ગોના વિશિષ્ટ અધિકારો તેમજ સંરક્ષણ માટે ખટપટ કરતોજોઈને મુસ્લિમ-શીખ લોકો પણ પોતાના સમાજની આવી માંગણીઓ કરવા માંડયા હતા. આશ્ચર્યની વાત એ કે શીખ મુસલમાનની માંગણીઓનો કોઈએ વિરોધ ન કર્યો, પરંતુ જેવી મેં દલિતવર્ગોના લોકો માટે માંગણીઓ મૂકી ત્યારે પોતાને "રાષ્ટ્રીય હરિજન" તરીકે ઓળખાવનાર (કોંગ્રેસી) સભાસદોએ તથા સરદાર વલ્લભભાઈ પટેલે સમર્થન કર્યું. કમિટીની બેઠકોમાં પ્રથમ અનુમોદન આપ્યું. પરંતુ બંધારણસભામાંની ચર્ચાના સમયે તે માંગણીઓની મંજૂરી બાબતે પ્રવચન કર્યું ત્યારે આ લોકો ફરી ગયા. આ બાબતે રાષ્ટ્રીય (કોંગ્રેસી) હરિજનોએ એક લેખીત નિવેદન બંધારણસભામાં વહેચ્યું અને તેમાં કહ્યું કે, "મારી માંગણીઓ રાષ્ટ્રીય હિતને અવરોધક છે." મારા પ્રયત્નોનાં જોરદાર વિરોધ કરવામાં આવ્યો. આ સઘળી વિશ્વાસઘાતી પ્રવૃતિ કારણએ (દલિતોદ્ધારની) હું મારી તમામ માંગણીઓ મંજૂર કરાવી શક્યો નહી. તેમ છતા કંઈ મેળવી શક્યો તેનાથી બળવાન બનેલો સમાજ આગળ જતાં દલિતવર્ગોનાં લોકો પોતાની શક્તિ દ્વારા પોતાનો સંઘર્ષ આગળ ધપાવશે."

તે જ પરંપરા આજે પણ ચાલુ જ છે. દલિતવર્ગોની જનતાની સૌથી મોટી શિકાયત છે કે પૂના કરારના પાપે સંયુક્ત મતદાર મંડળોમાંથી અનામત બેઠક ઉપર ચૂટાયા ઉમેદવારો સ્વતંત્ર મિજાજને બદલે પક્ષની શિસ્તમાં જ સમિતિ થઈ જાય છે. આ અનામત બેઠકોને કારણે દલિત કાર્યકરોનો મોટો વર્ગ આજે સ્વાર્થી દ્રષ્ટિવાળો, સ્વાભિમાન, શૂન્ય, લાચાર બન્યો છે અને સ્વતંત્ર વિચારોથી ઘણો દૂર જઈ રહ્યો છે. આ બાબત લોકશાહીના ભવિષ્ય માટે ઉચિત નથી" અલબત્ત્ આંધ્રના નરવીર નાગપ્પા એકલા ડૉ.આંબેડકરની પડખે હતા. જો કે તેમને આ બાબતે પાછળથી ઘણું સહન કરવું પડયું હતુ. તે દિવસોમાં વર્તમાનપત્રો રિઝર્વેશનની નાબૂદીની ખુશીમાં મોટા મથાળે સમાચારો છાપતાં કે, "રિઝર્વેશન નાબૂદીનો દિવસ "RED LETTER DAY" ટૂંક સમયમાં આવી રહ્યો છે. ડૉ.આંબેડકરની મૂંઝવણનો પાર ન રહ્યો. **મોટા અખબારો, મોટા પક્ષ અને તેના મોટા મોટા નેતાઓ સામે એકલવીરની જેમ ઝઝૂમ્યા..** રાજીનામા સુધી નોબત આવી. કેટલાય દિવસો સુધી મુસદ્દા સમિતિની મિટીંગમાં પણ હાજર રહ્યા નહિ. પીડિતોને પ્રશ્રય પ્રાપ્ત કરાવવા પાર્લામેન્ટના પ્રાંગણમાં આ પ્રવરશ્રેષ્ઠે પ્રંત્યચા ખેંચી. અંતે સર્વ સમજયા ખરા. સુખદ સમાધાન થયું. રિઝર્વેશન માટેની કલમો ઉમેરાવી. પેલા "RED LETTER DAY" હવે "DEAD LETTER DAY" માં પરિવર્તન પામ્યો. આમ આંબેડકરે મનુના શબ ઉપર છેલ્લું કફન ઓઢાડી દીધું.

ડૉ.આંબેડકર બળવાની પદ્ધતિ, બૌદ્ધિક પદ્ધતિ અને હવે કાનૂની પદ્ધતિ ઉમેરી-ત્રિપાંખીયા હુમલા દ્વારા જાતિભેદને મિટાવવા મેદાને પડ્યા હતા. અછૂતોને અભય કરવાની આકાંક્ષા તેમના આયખામાં જ પરિપૂર્ણ બની હતી. જે ડૉ.આંબેડકરના જીવનનું સુવર્ણપૃષ્ઠ હતું. જેના પૂર્વજોની સેંકડો પેઢીઓને પદદલિત કરી કચડી, જેને શિશુઅવસ્થામાં સીઝ્યો, વિદ્યાધામોમાં પણ વીતાડવામાં બાકી ન રાખ્યું. જેને ગાડીમાં ગરવા ન દીધો, દેવાલયોથી દૂર હડસેલ્યો, હોટલે હડધૂત કર્યા, ઓફિસોમાં અપમાનિત કર્યો, તળાવે તરસ્યો રાખ્યો, તેજો-માનભંગ દ્વારા વિપુલ વિટંબણાઓ આપી તે દલિત સપૂતે પોતાના પ્રચંડ પુરુષાર્થ, પ્રજવલિત પ્રજ્ઞા, પ્રકાંડ પાંડિત્ય, લોકોત્તર ધૈર્ય, સતત સેવાના ભાથા, ધ્યેય ઉપરની અટલ-

અપાર નિષ્ઠા તેમજ પારદર્શક-સ્ફટિકસમાં શીલ દ્વારા સર્વોચ્ચ સિદ્ધિઓ સંપાદન કરી ઈતિહાસ, સમાજશાસ્ત્ર, રાજયશાસ્ત્ર, નૃવંશશાસ્ત્રનો જ્ઞાતા બન્યો... મહાન મુત્સદ્દી, દલિતનેતા, મજૂરોના તથા નારી મુકિતનો મર્મી બન્યો... ભારતીય સંવિધાનનો શિલ્પી કહેવાયો ! આર્ષદ્રષ્ટા તરીકે ઓળખાયો.

ઉપેક્ષિતોના ઉત્થાન માટેના વિચારો "વૃતિ-કૃતિ" ઉભય પ્રત્યે આજીવન પ્રતિબદ્ધ પ્રબદ્ધ ડૉ.બાબાસાહેબ આંબેડકરે ભારતીય રાજકારણને સંકુચિતતા, પરંપરાવાદ તથા સાંપ્રદાયિકતાથી વિમુક્ત કરવા ભગીરથ પુરુષાર્થ કર્યો હતો. તેમણે તેમના નવમાનવવાદના ઉદાત્ત દર્શન દ્વારા રાષ્ટ્રને વૈજ્ઞાનિક માળખું પ્રદાન કર્યું. સંવિધાન દ્વારા લોકોને સ્વતંત્રા -સમતાનો સક્ષમ આધાર પ્રદાન કર્યો તથા સામાજિક વ્યવસ્થાનું લોકતાંત્રિક પદ્ધતિએ પુનઃગઠન કર્યું.... બંધારણસભામાં લગભગ બોત્તેર વકતાઓ બોલ્યા. સર્વએ ડૉ.આંબેડકરના કાર્યોની પ્રશંસા કરી. અભિનંદન પાઠવ્યા હતા.

## ૧૦:૨:૨ ડૉ.શારદા કબીર સાથે પુનઃ લગ્ન

સંવિધાન સર્જનના ભગીરથ કાર્યો સમયે અથાગ પુરુષાર્થને પરિણામે વાર્ધક્ય તરફ ઘસી રહેલા ડૉ.બાબાસાહેબ આંબેડકરને એકાકીપણાનો અહેસાસ થવા માંડયો હતો. પ્રથમ પત્ની રમાબાઈના અવસાનને બાર વર્ષનાં વહાણાં વાયાં હતાં, છતાં પુનઃલગ્ન વિષે કદાપિ વિચાર્યું નહોતં. એટલું જ નહિ પરંતુ શીલના અતિ આગ્રહી ડૉ.આંબેડકર સ્ત્રીથી હંમેશા છેટે રહેતા. અસંખ્ય શિક્ષિત-શીલવાન સ્ત્રીઓ દ્વારા આવેલ લગ્નની ઓફરોનો તેમણે સદંતર ઈન્કાર કર્યો હતો. પરંતુ નાદુરસ્ત તબિયત અને જીવનના ઉત્તરાર્ધમાં એકાકીપણાના અહેસાસે તેમને પુનઃલગ્ન પ્રતિ ગમન કરાવ્યું. પોતાના મધુપ્રમેહ રોગની સારવાર, સવિશેષતો પગમાં દુઃખાવાની સારવાર માટે ભારતના કાનૂનમંત્રી મુંબઈના ડૉ.માલવણકરના રુગ્ણાલયમાં દાખલ થયા હતા અને ત્યાં કાર્ય કરતી સારસ્વત બ્રાહ્મણ ડૉ.શારદા કબીર નામક અપરિણીત પ્રૌઢ પ્રેમદાના પરિચયમાં આવ્યા હતા. આ પરિચય પ્રણયની પ્રક્રિયામાંથી હેમખેમ પાર ઉતરી, પરિપુષ્ટતા પામી અંતે પરિજનોના પ્રબળ વિરોધ વચ્ચે પણ પરિણયમાં પરિણમ્યો ! આ **"પ્રતિલોમ લગ્ને"** સમગ્ર હિન્દુસમાજમાં ખળભળાટ મચાવી દીધો હતો. આ અરસામાં ઢળતી અવસ્થાએ લગ્ન કરવાના આગેવાનોના કિસ્સા બનતા જ હતા. ભૂતપૂર્વ નાણામંત્રી ચિંતામણી દેશમુખે દુર્ગાબાઈની જોડે લગ્ન કર્યા હતાં. કટ્ટર બૌદ્ધધર્મી ચીનના (પાછળથી ફોર્મોસોના) રાષ્ટ્રધ્યક્ષ, બહાદુર સરસેનાપતિ ચાંગ શેકે સુપ્રસિદ્ધ અભિનેત્રી સુંગ બહેનોમાંની સૌથી મોટી જોડે ૬૦ વર્ષની વયે લગ્નગ્રંથીથી જોડાયા હતા અને તેમણે ખ્રિસ્તી ધર્મ પણ સ્વીકાર્યો હતો. ડૉ.આંબેડકર પણ ડૉ.શારદા કબીર જોડે ૧૫ એપ્રિલ, ૧૯૪૮ એ દિલ્હીના લગ્ન નોંધણી-રજીસ્ટ્રાર સમક્ષ સોળેક સજ્જનોની સાક્ષીએ ૫૬ વર્ષની ઢળતી વયે લગ્નગ્રંથીથી જોડાયાં હતાં. મહારાષ્ટ્રીય પ્રથા પ્રમાણે લગ્ન પછી પતિની પસંદગીનું નવું નામ **"સવિતા"** આપવામાં આવ્યું હતું. નાદુરસ્ત તબિયતવાળા પતિને પત્ની-પારિચારિકા-ડૉકટર બન્ને પ્રાપ્ત કરવાની મનોકામના પૂર્ણ થઈ. ન્યુયોર્ક ટાઈમ્સે પોતાના સમાચારમાં લખ્યું કે, "કોઈ રાજવી સામાન્ય મહિલા સાથે લગ્ન કરે તેનાથી જેટલું આશ્ચર્ય થાય તેના કરતાં વધારે આશ્ચર્ય ડૉ.આંબેડકરના લગ્નથી થયું." નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલે અભિનંદનનો પત્ર પાઠવ્યો અને લખ્યું કે, "બાપુ (ગાંધીજી) હોત તો અવશ્ય "આશીર્વાદ" આપત." દિલ્હીના પ્રસિદ્ધ રાજકીય પત્રકાર કૃષ્ણે તા. ૨૪-૪-૧૯૪૮ના દિવસે જીમખાના કલબમાં વાઈસરૉય લોર્ડ માઉન્ટ બેટનને એક ભવ્ય પાર્ટી આપી. જેમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ.આંબેડકર દંપતિને ખાસ નિમંત્રણ આપવામાં આવ્યું. વાઈસરૉયના અંગત સચિવની સમીપે બેઠેલા ડૉ.આંબેડકર જોડે વાર્તાલાપ કરતાં પ્રભાવિત થયેલા સચિવે લખ્યું કે, ડૉ.આંબેડકર મહાન વિદ્વાન, ભારતના નવા બંધારણના ઘડવૈયા અને બહુમુખી વ્યક્તિત્ત્વ ધરાવનાર નેતા છે.(મિશન વીથ માઉન્ટ બેટન પૃ. ૩૧૮-૨૦ એલન કેમ્પ બેલ -જોહન્સન)

ડૉ.આંબેડકરનાં ઉત્તરાવસ્થાનાં પુનઃલગ્ન પાછળ માનસિક ભૂમિકા પણ હતી. સમગ્ર આયખામાં એકાકી આંબેડકર પરિવાર-પ્રેમથી વંચિત રહ્યા હતા. શિશુ અવસ્થામાં જ માતાની મમતા ગુમાવી. સાવકી માતા તરફથી વાત્સલ્ય સાંપડ્યું નહિ. તેમની જોડે તેમનં ગોઠ્યું નહિ. માંડ શિક્ષણ મેળવી સ્વસ્થ થવા જતા હતા ત્યાં ૧૯૧૩માં પિતાની છત્રછાયા ગુમાવી. ૧૯૧૭માં બંધુ આનંદરાવનું અકાળ અવસાન થયું ૧૯૨૦ થી ૧૯૨૩ ઈંગ્લેન્ડ અને ત્યાર પછી ૧૯૨૪ થી સતત પ્રવૃતિમય આંબેડકરને પત્ની રમા સાથે સંતોષકારક દાંપત્ય જીવન જીવવાનો સમય જ સાંપડયો નહી. વળી આ દાંપત્ય જીવનમાં ત્રણ પુત્રો, એક પુત્રીનું શિશુ અવસ્થામાં થયેલા અકાળ અવસાનો ઘા તેમને સતત રડાવતો હતો. એકમાત્ર પુત્ર યશવંતની

તબિયત પણ સારી રહેતી નહોતી. મોટાભાઈ બાલારામ જોડે પણ મનમેળ રહ્યો નહિ. અને તે પણ તેમને છોડી સદાને માટે ચાલ્યા ગયા. આમ માતૃપ્રેમ, પિતૃપ્રેમથી વંચિત, બંધુપ્રેમથી વંચિત, સંતાનના શોકથી સંતાપિત, ડૉ.આંબેડકર પ્રવૃતિને કારણે દાંપત્ય જીવન પણ માણી શક્યા નહોતા. તેનો અજંપો હતો. વળી વાર્ધક્યમાં તેમને સહારાની, હુંફની આવશ્યકતા પણ હતી. શીલવાન આંબેડકર માટે લગ્ન સિવાય અન્ય કોઈ વિકલ્પ પણ નહોતો અને તે પરિણય પ્રતિ ઢળે તે એક પ્રાકૃતિક ક્રમ હતો. પરિવાર પ્રેમથી વંચિત એકાકી પુરુષની આ પ્રાકૃતિક આવશ્યકતા હતી.

આ અરસામાં "The Untouchables Who were they and Why they become untouchables ? અછૂત કોણ હતા અને કેવી રીતે "અસ્પૃશ્ય" થયા, નામનો તેમનો ગ્રંથ ઓક્ટોબર, ૧૯૪૮માં અમૃત બુક કંપની (દિલ્હી) દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. આ ગ્રંથ ત્રણ પ્રસિધ્ધ અછૂત સંત ત્રિપુટી-નંદનાર, રોહિદાસ અને ચોખામેળાને અર્પણ કરવામાં આવ્યો હતો. છ વિભાગો અને સોળ પ્રકરણોમાં લખાયેલો આ ગ્રંથ તેમના અગાઉના ગ્રંથ "Who were the Shrudras" **'શુદ્રોની શોધનો'** ઉતરાર્ધ છે. તે વર્ષના અંતમાં તેની બીજી આવૃતિ બહાર ડી અને ૧૯૪૮ના ફેબ્રુઆરીમાં જગપ્રસિધ્ધ બૌદ્ધિ ભિક્ષુ આનંદ કૌશલ્યાયને તેનો હિન્દી અનુવાદ अछूत कौन और कैसे અછૂત કૌન ઔર કૈસે ? ગૌતમ બૂક ડીપો (દિલ્હી) દ્વારા પ્રસિદ્ધ થયો હતો. ગ્રંથ ઘણો જ લોકપ્રિય અને તરખળાટી પુરવાર થયો હતો.

**તમારી પ્રગતિ ચકાસો - ૨**

**નીચેની ખાલી જગ્યામાં તમારાં જવાબો લખો.**

(૧) ડૉ. આંબેડકરે બંધારણમાં દલિતોના અધિકારો કેવી રીતે આમેજ કરાવ્યા ?

________________________________________

________________________________________

________________________________________

(૨) ડૉ.આંબેડકરના ડૉ. શારદા કબીર સાથેના પુનઃ લગ્નની માહિતી આપો.

________________________________________

________________________________________

________________________________________

(૩) લખનૌ અધિવેશનમાં ડૉ. આંબેડકરે આપેલ સંદેશો ટૂંકમાં લખો.

________________________________________

________________________________________

________________________________________

(૪) દલિતોના અધિકારો માટેની તેમની સજાગતા અને સંઘર્ષની વિગતો આપો.

________________________________________

________________________________________

________________________________________

ડૉ. આંબેડકરના ગ્રંથની શૈલી વિષે ધનંજય કીર કહે છે કે, "ડૉ.આંબેડકરની ભાષા જોન્સનના જેવી જોમવંતી, અસરકારક અને ચિંતનીય હતી. પાણીદાર શૈલીમાં તર્કયુક્ત રજૂઆત ન્યાયાધીશ જેવી જ રહેતી હતી. તેમાં વાક્યપટુતા અને વક્રોક્તિ રહેતી સુંદર સુભાષિતોથી ભરપૂર રહેતી હતી. વિદ્વતા, બોધપ્રદ, પ્રચંડ જ્ઞાન સર્વસંગ્રાહક જ્ઞાનકોષ જેવું લાગતું. તેમની લેખની કલાકારની નહિ પરંતુ દ્રષ્ટિવંત ચિંતકની લેખની હતી. લેખન માત્ર પ્રસિધ્ધિ અર્થે નહિ પરંતુ રાષ્ટ્રના પ્રશ્નોની ચર્ચા-વિચારણા માટે રાષ્ટ્રીય સમસ્યાઓના નિકાલ માટે જ વાંચતા હતા તથા લખતા હતા. કડક લખાણના આગ્રહી આંબેડકર વિરોધીઓના મુસદ્દાઓનુ ખંડન કરીને સંતોષ માનતા પરંતુ તે તમ્મર ખાઈ ચીત ન થાય ત્યાં સુધી તેના ઉપર પ્રહારો કરતા હતા અને તે જરૂરી પણ હતુ. આખરે વાઢકાપ કરીએ એટલે લોહી તો વહેવાનું જ ને ? વાંચન લેખનના અતિઆગ્રહી ડૉ.આંબેડકર તા. ૨૫-૪-૧૯૪૮ના દિવસે ઉત્તરપ્રદેશ શિડયુલ્ડ કાસ્ટ ફેડરેશનના અધિવેશનમાં મુખ્ય મહેમાન તરીકે હાજરી આપવા રેલ્વે સલુન દ્વારા લખનૌ આવ્યા હતા. આ સમયે ઉત્તર પ્રદેશના ગવર્નર "બુલબુલેહિંદ" શ્રીમતી સરોજીની નાયડુ સ્વાગત માટે રેલ્વે સ્ટેશને આવ્યાં અને તેમણે ડૉ.આંબેડકરને "રાજભવન"ના "આદરણીય અતિથિ" થવા વિનંતી કરી. બાબાસાહેબ બોલ્યા "બહેન ! પ્રવાસ દરમિયાન હું રેલ્વે સલુનમા જ રહેવાનું પસંદ કરું છું. તેમાં જ લેખન-વાંચન કરું છું. હું એકલો હોતો નથી. મારા પ્રિય પુસ્તકો પણ મારી સાથે જ હોય છે. મારા આ મિત્રો સિવાય એક મિનીટ પણ હું રહી શકું નહી અને આટલાં પુસ્તકો મિત્રો સાથે આપના અતિથિગૃહમાં કેવી રીતે આવું ?

ગવર્નર કવિયત્રી નાયડુ- "વાત તો સાચી છે, હું જયાં નજર નાંખું છું ત્યાં પુસ્તકો જ પુસ્તકો નજરે પડે છે. આપનું અધ્યયન ખરેખર ગહન છે. આપ જેવા પ્રજ્ઞાવાન પુત્ર માટે ભારતમાતાને ગૌરવ છે. બાબાસાહેબ બોલ્યા "અખિલ ભારતીય કોંગ્રેસ માતાને પણ ગૌરવ હોવું જોઈએ."

શ્રીમતિ નાયડુ (એકદમ જોરથી હસીને)

"કેમ નહી ? ભારતમાતા આ સપૂત એટલા બધા અધ્યયનશીલ છે કે તેઓ ભારતના નિયંત્રણ તથા શાસન માટે બંધારણ બનાવી રહ્યા છે. આવા પુત્ર ઉપર કોને ગર્વ ન હોય ? સમગ્ર રાષ્ટ્ર જ નહિ પરંતુ સમગ્ર વિશ્વ આપના પ્રકાંડ પાંડિત્યથી પ્રભાવિત છે."

શ્રીમતી સરોજીની નાયડુ પૂસ્તકો નિહાળવા લાગ્યાં. એક બે પુસ્તકો તેમના હાથમાંથી પડી ગયા, બાબાસાહેબે તે ઉપાડી યથાસ્થાને ગોઠવી દીધાં અને કહ્યું કે, **"હું મારા આ મિત્રોની ઘણી જ સારસંભાળ રાખું છું. તેમ ન કરું તો તેમાં છૂપાયેલાં જ્ઞાનામૃતનો આસ્વાદ કેવી રીતે પ્રાપ્ત થાય ? કેટલાક લોકો માત્ર શોભા ખાતર પુસ્તકો રાખે છે. હું અધ્યયન માટે રાખું છું. કેટલાક પુસ્તકોના અંતિમ પૃષ્ઠ ઉપર ડૉ.આબેડકરે કરેલી નોંધોની પૃચ્છા કરતાં બાબાસાહેબે તે સંક્ષિપ્ત નોંધની વિગતો સમજાવી. તે સાંભળી સરોજીની નાયડુ આશ્ચર્યમાં ડૂબી ગયા. તેમણે બપોરના ભોજનનું નિમંત્રણ આપ્યું જેનો બાબાસાહેબ સહર્ષ સ્વીકાર કર્યો અને જતા બોલ્યા કે ભારતમાતાના વરદપુત્ર- મારા ભાઈને મળીને મને ઘણો જ આનંદ થયો અને મને (હવે) સમજાયું કે, ભારતના આ મહાન પુરુષે રેલ્વે સલુનને પોતાનું ઘર કેમ બનાવ્યું છે ? તેમના અધ્યયનમાં અવરોધ આવવો જોઈએ નહિ."**

સાંજના શિડયુલ્ડ કાસ્ટ ફેડરેશનના અધિવેશનમાં મુખ્ય મહેમાન તરીકે આપેલા પ્રવચને તરખરાટ મચાવી દીધો હતો. ભારત સરકારના એક મંત્રી તરીકે નહિ પરંતુ દલિતવર્ગોના એક સાચા હિતૈષી-બેનઝીર નેતા તરીકે તેમણે પ્રવચન કર્યું હતું. તેઓ ભૂલી ગયા કે તેઓ મંત્રી-પ્રધાન છે. લખનૌમાં તા. ૨૫-૪-૧૯૪૮ એ ઉત્તરપ્રદેશ શિડયુલ્ડ કાસ્ટ ફેડરેશનના અધિવેશનના પ્રમુખ અતિથિ ડૉ.આબેડકરે દલિતવર્ગોની સાથે અન્ય પછાત વર્ગોએ એક થઈ રાજકીય રીતે જાગૃત બની પોતાનો અલગ રાજકીય મંચ મજબૂત કરી રાજકારણનું મહત્વ દર્શાવી સત્તા હાંસલ કરી **"શાસન કર્તા સમાજ"** બનાવવાની શીખ આપતા કહ્યું કે,

**"બધા જ પ્રકારના સામાજિક ઉન્નતિની "માસ્ટર કી" Master Key ચાવી રાજકીય સત્તા છે. દલિતોએ ત્રીજી રાજકીય શક્તિ (સત્ત) સ્વરૂપે સંગઠિત થવું જોઈએ. જો દલિતો ત્રીજી શક્તિ બની જશે તો રાજકીય સત્તા પ્રાપ્ત કરી દલિતો પોતાની મુક્તિનો દરવાજો ઘણી જ સહેલાઈથી ખોલી શકશે. કોંગ્રેસ તો બળતું ઘર છે. તેમાં જઈ તમો તમારું કલ્યાણ કરી શકશો નહી... આપણો એક જ નેતા, એક જ પક્ષ અને એક જ કાર્યક્રમ હોવો જોઈએ. બધા દલિતોએ પોતાની જાતિ-જ્ઞાતિનો ભેદભાવ ભૂલી શિડયુલ્ડ કાસ્ટ**

**ફેડરેશન (રિપબ્લીક પક્ષ)ના ઝંડા નીચે સંગઠિત થાઓ.''**જો કે ડૉ.બાબાસાહેબ આંબેડકર દલિતો માટે તેમના પોતાના ઉદ્ધાર માટે રાજકીય સત્તાના ઘણા જ આગ્રહી હતા. તેઓ કહેતા કે, **''કોઈપણ સમાજમાં જીવનમાં ''રાજયસત્તા'' ઘણી જ અમૂલ્ય બાબત છે અને ખાસ કરીને કે જયારે તે સમાજના સ્થાન અને મોભા માટે સખત પડકાર આવતા હોય અને તે સમાજ તેને ચાલુ રાખવા પડકારનો સામનો કરતો હતો.. રાજસત્તા જ એકમાત્ર એવું સાધન છે કે જેના દ્વારા તે પોતાની (ગૌરવયુક્ત) સ્થિતિને સાચવી શકે છે.''**આ અધિવેશનમાં રાજયના મુખ્યમંત્રી ગોવિંદ વલ્લભ પંત પણ ઉપસ્થિત હતા. બાબાસાહેબે કહ્યું કે, ''જો તમો પછાતવર્ગો તથા દલિતો સંગઠિત થઈ સંઘર્ષ કરો તો ગોવિંદ વલ્લભ પંત જેવા બ્રાહ્મણ તમારા બૂટની દોરી છોડવામાં ગૌરવ સમજશે. તમારી અંદરના કુસંપો-અનુશાસનહીનતાને કારણે જ આ વામનોને તમારા માથા ઉપર ચઢી બેસવાની તક સાંપડી છે.'' (સોહનલાલ શાસ્ત્રી પૃ.૮૦-૮૧)

ગોવિંદ વલ્લભ પંતે સરદારને પત્ર લખી શિકાયત કરી. વળી આ અધિવેશનમાં તેમણે કોંગ્રેસ પક્ષ તથા વર્તમાન સરકારની દલિતો પ્રત્યેની ઉદાસીનતાભરી નીતિની કડક આલોચના પણ કરી હતી. જે નહેરુ માટે શિરોવેદના બની હતી. ૨૫, એપ્રિલ ૧૯૪૮ના દિવસે નહેરુએ સરદાર પટેલને પત્ર લખી પોતાની વ્યથા ઠાલવી લખ્યું કે, ''આવા પ્રવચનો પછી ડૉ.આંબેડકર આપણાં મંત્રી મંડળમાં કેવી રીતે રહી શકે તેની મને સમજ પડતી નથી. તેમણે કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો કર્યા છે. તેમજ અલગ રાજકીય સંગઠનની પણ હિમાયત કરી છે.''

ડૉ.આંબેડકરે શ્રી નહેરૂને સાફ કહી દીધું કે, ''એક વાત સ્પષ્ટ છે કે, હું કોંગ્રેસનો વિરોધી તેમજ આલોચક છું. વળી હું માત્ર વિરોધ ખાતર વિરોધ કરવામાં માનતો નથી જયાં સહકારથી (મારા સમાજને) લાભ મળે ત્યાં સહકાર અવશ્ય કરવો જોઈએ. આથી મે સહયોગ કરવાનો નિર્ણય કર્યો અને તે સહયોગના પરિણામે સંવિધાનમાં અમને કેટલીક સવલતો મળી જે કદાચ અમને ન પણ મળત.. તમે જાણો છો કે, રાજનીતિને હું જુગાર માનતો નથી. મારા તે માટે એક **''મિશન''**છે.જીવનધ્યેય છે. દલિતોના ઉત્થાન માટે મેં મારું સમગ્ર જીવન સમર્પિત કર્યું છે. મેં વ્યક્તિગત હિતનું ધ્યાન કદાપિ રાખ્યું નથી. હું તમારો આભારી છું કે તમોએ મને મંત્રીમંડળનું નિમંત્રણ આપ્યું પરંતુ મારા દલિત બાંધવોને શ્રેષ્ઠ માર્ગનું અનુસરણ કરવાની સલાહ આપવાના અધિકારો હું કદાપિ તમને સોંપી શકું નહિ.''

પોતાની સ્થિતિને વધુ સ્પષ્ટ કરતાં તેમણે થોડા સમય બાદ કહ્યું કે, **''હું કોઈ ધૂળનું ઢેફું નથી કે પાણીની ધારથી ધોવાઈ જાઉં.હું એક ખડક સમાન છું. કાળમીંઢ પથ્થર જે કદાપિ પીગળતો નથી પરંતુ નદીના જોરદાર પ્રવાહને પણ પોતાનું વહેણ બદલવાની ફરજ પાડે છે. મેં મારી સંપૂર્ણ શક્તિ સાથે ચાર વર્ષ સુધી કોંગ્રેસ સાથે સહયોગ કર્યો. વળી સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક મે મારી માતૃભૂમિની સેવા કરવા આમ કર્યું હતુ પરંતુ સહયોગના વર્ષોમાં મે મારી જાતને કોંગ્રેસમાં વિલીન થવા દીધી નથી.** જે લોકો દલિતોના ઉત્થાન માટે પોતાના વચનો અને વ્યવહારો અને સમર્થનમાં નિષ્ઠાવાન છે તે લોકો સાથે સહર્ષ સહકાર કરવા હું તૈયાર છું. પરંતુ જેમની માત્ર વાણી જ મીઠી છે અને તેમના ઈરાદા તથા કૃત્યો અમારા લોકોના હિતની વિરૂધ્ધના છે તેમની સાથે હું હરગિજ સહકાર કરીશ નહિ. વળી તેમણે ટોણો પણ માર્યો કે હું મંત્રીમંડળમાં કોઈ પણ શરતે જોડાયો નહોતો.''

આવી જ રીતે દિલ્હીમાં ''આંબેડકર ભવન''ના શિલાન્યાસ સમયે પણ તેમણે દલિતવર્ગોને નિર્ભય બની પોતાના અલગ રાજકીય સંગઠન મજબૂત કરવા અનુરોધ કર્યો હતો.

## ૧૦:૩ મહિલામુક્તિ અને હિન્દુ કોડ બીલ

ભારતીય પુરુષપ્રધાન સંસ્કૃતિમા ધર્મના આધારે શાસ્ત્રોક્ત રીતે નારીનો દરજજો નિમ્નકક્ષાએ મૂકવામાં આવ્યો હતો. મહિલામુક્તિના હિમાયતી ડૉ.આંબેડકરને આ ખટકતું હતું. તેઓ કહેતા કે, **''સ્ત્રી એ સમાજનું આભૂષણ છે અને કોઈપણ સમાજના ઉત્થાન-પતનની પારાશીશી તે સમાજમાં નારીસ્થાન ઉપરથી નક્કી કરી શકાય છે.''**ડૉ.આંબેડકરની દલિતોત્થાનની ચળવળમાં મહિલાવર્ગ મહત્વનું ઘટક હતુ. પરિણામે તેમની પ્રત્યેક ક્રાંતિકારી ચળવળમાં સ્ત્રીઓએ પુરુષોને ખભેખભો મિલાવી સક્રિય ભાગ લીધો હતો. ડૉ.આંબેડકરના આહ્વાનને આવકારતો જબરજસ્ત પ્રતિસાદ સાંપડયો હતો. સભા, સરઘસ કે કારાવાસમાં મહિલાઓની સંખ્યા અને હિસ્સો નોંધપાત્ર રહેતા હતા. ભારતમાં મહિલા મુક્તિના મશાલ મહાત્મા જયોતિફૂલેના અનુગામી ડૉ.આંબેડકર પણ નારીમુક્તિના પ્રખર હિમાયતી હતા.

મહાડ સત્યાગ્રહ સમયે તેમણે "શુદ્ર તથા નારીને"ને નિમ્નકક્ષાએ પહોંચાડનાર મનુસ્મૃતિની હોળી કરી નારીમુક્તિના સંગ્રામનો શુભ પ્રારંભ કર્યો હતો.

ભારતીય હિન્દુ સમાજ ઉપર અસંખ્ય અલગ અને વિરોધાભાસ રૂઢિ-રિવાજો અને સ્મૃતિઓનું પ્રબળ પ્રભુત્વ હતું. લગ્ન, વારસો, દત્તક, તેમજ ભરણપોષણ બાબતે સમાન સંહિતા, નીતિ-નિયમોનો પણ અભાવ હતો. કેરળમાં કન્યાનો ઉત્તરાધિકાર ગણાતો. તો બંગાળમાં "બાપ" જ સર્વ કાંઈ હતો. સૌરાષ્ટ્રની કેટલીક જ્ઞાતિઓમાં સગા મામા-ફોઈના સંતાનો વચ્ચેના લગ્ન થયા જ કરતાં તો અન્ય સ્થળે આવાં લગ્નોની વાતથી પણ આભલું તૂટી પડે તેમ માનતા. કેટલેક સ્થળે મામા-ભાણીના લગ્ન સ્વીકાર્યા હતા તો બીજા પ્રદેશોમાં તે "પાપ" ગણાતું. ભાણી પુત્રી સમાન લેખાતી. અમુક જ્ઞાતિઓએં વિધવાવિવાહને વધાવી લીધાં હતાં. તો અન્ય સ્થળે તે "મહાપાતક" કહેવાતુ. મુસ્લિમોને એક જ સમયે મહત્તમ ચાર પત્નીઓ સ્વીકાર્ય હતી.તો હિન્દુઓને કોઈ જ બંધન ન હતું !! દેવતાઓની તો સહસ્ત્ર પત્નીઓની કથાઓ આપણે શ્રદ્ધા-ભક્તિથી હોંશે હોંશે સાંભળીએ છીએ.

કોઈપણ સભ્ય સમાજ માટે પોતાનો **"પર્સનલ લૉ"** ન હોવા તે શરમજનક સ્થિતિ ગણાય ! હિન્દુનેતાઓનું કર્તવ્ય હતું કે કાયદો કરે પરંતુ પુરોહિતવાદી-બ્રાહ્મણની નેતાગીરીનાં 'હિતો' જોખમાય એટલે તે આ કપરું કાર્ય કરવા નેતાગીરી તૈયાર નહોતી. ડૉ.આંબેડકર હિન્દુ સમાજને રૂઢિ-રિવાજોના જંગલમાંથી મુક્ત કરી સમાન કાયદાના સુંદર ઉદ્યાનમાં આણવા **"હિન્દુકોડ બીલ"**નું બીડું ઝડપ્યું હતું. તેઓ હિન્દુસમાજને એક સશક્ત સમાજ બનાવી (તેઓને) હિન્દુઓને એક સૂત્રમાં પરોવવા માંગતા હતા.વળી ભારતીય હિન્દુ નારીની દયાજનક સ્થિતિ પણ તેમને દૂર કરવી હતી. ડૉ.આંબેડકરે ભારતીય સંવિધાન કલમ ૧૪-૧૫ અન્વયે લિંગભેદ નષ્ટ કરી **"નારી મુક્તિ"**નો મહિમા તો ગાયો હતો, તેમ છતાં તેમને પૂર્ણ પરિતોષ નહોતો જ. હિન્દુ મહિલાઓને દયાજનક પરિસ્થિતિમાંથી મુક્તિ અપાવવા ડૉ.આંબેડકરે હિન્દુકોડ બિલનું સર્જન કર્યુ. હિન્દુધર્મના અસંખ્ય શાસ્ત્રો, સ્મૃતિઓ, સામાજિક પરંપરાઓનુ ગહન અધ્યન કરી નવ ભાગમાં વહેંચાયેલું સાત પરિશિષ્ટ સાથેનું ૧૩૯ કલમોવાળું હિન્દુકોડ બિલ, ૧૧ એપ્રિલ, ૧૯૪૯માં પાર્લામેન્ટમાં પ્રસ્તુત કરી તેમણે **'સાંસ્કૃતિક ક્રાંતિ'**ની શરૂઆત કરી હતી.

હિન્દુ કોડ બિલમાં ચાતુર્વર્ણવ્યવસ્થાની સમાપ્તિ, જાતિભેદને જાકારો, સામાજિક વિષમતાનો નાશ, ક્રૂર માન્યતાઓ-રૂઢિઓ-પરંપરાઓનો સફાયો કરી નૂતન સામાજિક સમતાવાળા સમાજનું નિર્માણની કલમો હતી. સ્ત્રીઓને વિવાહવિચ્છેદ તેમજ દત્તક લેવાના અધિકારો હતા. પુત્રીને પિતાની સંપતિનો ભાગે પડતો હિસ્સો આપી ઉત્તરાધિકારી નીમવાના અધિકારો આપવામાં આવ્યા હતા. હિન્દુ કોડ બિલને કેટલાંકે **"આંબેડકર સ્મૃતિ"** તરીકે ઓળખાવી. કેટલાકે ૧૩૯મી સ્મૃતિ તરીકે નવાજી તો કેટલાંક નવો વેદ-પાંચમો વેદ કહી. તેની ૧૩૯ કલમોને વિટામીનની શક્તિપ્રદ ગોળીઓ કહી. જે હિન્દુ ધર્મ અને હિન્દુ સમાજને શક્તિશાળી બનાવી શકે. હિન્દુ કોડ બિલ એકને માટે **"સાંસ્કૃતિક ક્રાંતિ"**હતું. તે બીજાને માટે **'કતલ-કલંક'** હતું. બીજી બાજું તેનો પ્રબળ વિરોધ કરવામાં આવ્યો હતો. સ્વામી કરપાત્રજી, માધવાચાર્ય, દેવનાયકાચાર્ય, નિરંજદેવ તીર્થ, (જે પાછળથી શંકરાચાર્યપદે બિરાજ્યા હતા તે) **'વિસ્મૃતિ'** કહી વિરોધ કરતા હતા. વિરોધીઓના વડામથક "કલકત્તા"માં મારવાડી શેઠિયાઓએ નાણાંની કોથળીના મોઢાં ખોલી દીધાં હતાં. વિરોધ કરવા **"સન્માર્ગ"**નામનાં દૈનિક અખબારનો આરંભ કર્યો હતો. તેઓ હિન્દુકોડ બિલને હિન્દુધર્મ અને હિન્દુસમાજના નાશનું કાવતરું કહેતા હતા. **"હિન્દુધર્મ ખતરે મેં હૈ"**ના નારા સાથે તેમણે કાગારોળ કરી મૂકી. અમારો ધર્મ, અમારી સંસ્કૃતિ, અમારા નૈતિક વિચાર "ઈશ્વરકૃત" છે તેમાં તલમાત્ર પરિવર્તન થઈ શકે નહિ તેવું માનનારો આ "સનાતની વર્ગ હતો. તેમને તેમના ધર્મમાં કોઈપણ પ્રકારનો સુધારો-વધારો સ્વીકાર્ય નહોતો. વળી તેમાં એક નાનકડો વર્ગ તો એવો હતો કે, તેમને ડૉ.આંબેકડર જેવો અછૂત (વિદ્વાન) આપણા ધર્મમાં સુધારો કરે તે તેમને હરગિજ મંજૂર નહોતું. તેમની પાસે તો કોઈ બુદ્ધિગમ કારણ પણ નહોતું. સંકેશ્વરપીઠના જગદ્ગુરૂશંકરાચાર્યે પંઢરપુરમાં રૂક્ષ્મણિ મંદિરના પટાંગણની સભામાં (તા.૮-૧૦-૧૯૫૦) કહ્યું કે, "ડૉ.આંબેકડર ગમે તેટલા વિદ્વાન હોય પરંતુ તેઓ અછૂત (મહાર) છે. તે અમારા કાયદામાં ચંચુપાત કરે તે અમને મંજૂર નથી. વળી તેમણે અમારી સારસ્વત બ્રાહ્મણની છોકરી પણ છીનવી લીધી છે" આ ઉપરાંત એક રાજકીય આગેવાનોનો વર્ગ હતો. તે પણ પોતાના ટૂંકા સ્વાર્થ ખાતર આ હિન્દુકોડ બિલનો વિરોધ કરતા હતા. વળી તેમની દ્રષ્ટિ ૧૯૫૨ની સામાન્ય ચૂંટણીઓ ઉપર હતી. પંડિત જવાહરલાલ નહેરુની અમદાવાદની મુલાકાતમાં આરોગ્યમંત્રી રાજકુંવરી અમૃતકૌરે નહેરૂજીને ગળે આ વાત ઉતારી દીધી. તેમણે હિન્દુ કોડ બિલ કારણે લોકમત આપણી વિરૂધ્ધ જશે માટે એ ચૂંટણ જીતવી હોય તો હિન્દુ કોડ બિલને હડસેલી મૂકો." એક

નિપૂર્ણ સ્ત્રીએ પ્રાજ્ઞ પુરુષની મતિ ફેરવી દીધી અને સમગ્ર ભારતીય નારી સમાજનું ઘણું નુકશાન કર્યુ. વળી રૂઢિવાદી રાજકારીણીઓમાં રાષ્ટ્રીયપ્રમુખ ડૉ.રાજેન્દ્રપ્રસાદ, સરદાર વલ્લભભાઈ પટેલ, સ્પીકર અનંતશયનમ આયંગર ઈત્યાદિ મુખ્ય હતા. ડૉ.રાજેન્દ્રપ્રસાદ ઘણા જ પૌરાણિક વિચારોવાળા વ્યક્તિ હતા. રાષ્ટ્રપતિ ભવનમાં અવારનવાર કથા-ભાગવત એટલું જ નહિ પરંતુ જાતે બનારસ(કાશી) જઈ બ્રાહ્મણોને ચાંદીના મઢેલા બાજઠ ઉપર બેસાડી તેમની પૂજા કરી, ચરણામૃત ગ્રહણ કરી ચાંદીના બાજઠ સહિત દાન-દક્ષિણા આપી હતી. પ્રસિદ્ધિ સમાજવાદી નેતા રામમનોહર લોહિયાએ ટીકા કરતાં કહ્યું હતું કે, "ભારતનો પ્રથમ પુરુષ (રાષ્ટ્રપ્રમુખ) આપણા બંધારણની ધર્મ-નિરપેક્ષતાના સિદ્ધાંતની હાંસી કરાવે છે." આ લોકો હિન્દુકોડ બિલ પસાર ન થાય તેવી પેરવીમાં હતા. લોકસભા ભવન સમક્ષ રોજ દેખાવો કરવામાં આવતા હતા. દુઃખની વાત તો એ હતી કે, જે સ્ત્રીઓના ઉત્થાન માટે હિન્દુ કોડ બિલ લાવવામાં આવ્યું હતું તે સ્ત્રીઓ જ રોજ વિરોધી દેખાવો કરી બિલ હટાવવા આમરણાંત ઉપવાસ ઉપર બેઠા હતાં. તા. ૨૦-૯-૧૯૫૧ના ચોથા દિવસે તેમની તબિયત લથડી હતી.

ડૉ.આંબેકડરને અસંખ્ય ધમકીપત્રો મળતા હતા. તેમના નિવાસસ્થાને પણ દેખાવો થતા હતા.પરંતુ ડૉ.આંબેકડર આવા દેખાવો કે ધમકીઓથી ટેવાઈ ગયા હતા. તેઓ હિમાલયની જેમ અડગ હતા. ૨૦મી સપ્ટેમ્બરે તેમણે પાર્લામેન્ટમાં ચર્ચામાં તેમણે કહ્યું **"રામચંદ્રજીએ સીતાજીને પણ ભયંકર અન્યાય કર્યો હતો."** મધપૂડા પર કાંકરી મારવા જેવી સ્થિતિ થઈ. વિરોધની માત્રામાં જોરદાર વધારો થયો. એ યુક્તિ સાર્થક નીવડી. લોકસભાના સ્પીકરે છૂટાદૌર આપી દીધો હતો. ટાઈમ્સ ઑફ ઈન્ડિયાના પ્રતિનિધિના શબ્દોમાં "ધૃતરાષ્ટ્રની સભામાં પાંચાળી દ્રોપદીના ચીર ખેંચાતા તેવી સ્થિતિ ડૉ.આંબેડકરની હતી. તેઓ એકલા અટૂલા હતા, છતાં પણ પૂરતા હતા." તેમણે કહ્યું, **"તમારા બધાના ઉત્તર આપવા માટે પાંચ દિવસ પ્રવચન કરવું પડશે અને તેની સંપૂર્ણ તૈયારી છે તે અંગેની નોંધ તથા ગ્રંથનો ઢગલો પણ પડ્યો છે."**

હિન્દુકોડ બિલ અંગ કેટલી ગેરસમજો પણ ફેલાવી હતી. કેટલીક બાબતે જાણી જોઈને ગેરસમજ ફેલાવવામાં આવતી હતી. અખિલ ભારતીય વર્ણાશ્રમ સ્વરાજ્ય સંઘના અધ્યક્ષ પંડિત દેવનાયક આચાર્યે નાનકડી પુસ્તિકા પ્રગટ કરી લખ્યું કે, "હિન્દુ સંસ્કૃતિના વિનાશક હિન્દુકોડ બિલનો વિરોધ કરો." કારણ કે આ બિલમાં હિન્દુધર્મનો માનનારો કોઈપણ હિન્દુ ગમે તે વર્ણ-જાતિ જોડે લગ્ન કરી શકે છે. આથી **હિન્દુઓની વર્ણ વ્યવસ્થા** ખતમ થઈ જશે અને વર્ણસંકરતા આવશે. દીકરીને પિતાની મિલકલતમાં આપેલા અધિકારને કારણે હિન્દુઓની સંપત્તિ બીજા કુળમાં જતી રહેશે. અલબત્ત કાળા વાદળની રૂપેરી કોર સમા કેટલાક એવા હિન્દુ નેતાઓ પણ હતા કે જેઓ બિલનું સમર્થન કરતા હતા. જેમાં બાંધકામ-પુરવઠા પ્રધાન એન.વી.ગાડગીલ મોખરે હતા. તેમણે તો પાર્લામેન્ટમાં જોરદાર પ્રવચન કરી કહ્યું કે, **"હિન્દુકોડ બિલ તે ભારતીય બંધારણના ઉદાત્ત તત્ત્વો સમતા-બંધુતા-સ્વતંત્રતાના અમલ માટેની પહેલ છે.** માત્ર જૂનું એટલું સારૂ ગણી ચાલુ રાખવું તે બુદ્ધિમત્તા નથી. હું પોતે બ્રાહ્મણ તરીકે જન્મયો હોવાં છતાં બ્રાહ્મણનાં કર્મો કરતો નથી. આથી મે મારી જનોઈ પણ કાઢી નાંખી છે. તેમ કહી તેમણે પોતાનું જાકીટ અને ઝભ્ભો ઉંચા કરી સભાગૃહને જનોઈ વગરના શરીરના દર્શન કરાવ્યાં અને કહ્યું કે, "જુઓ હું કંઈ ખોટું કહેતો નથી." ડૉ.હૃદયનાથ કુંઝરું, પૂના યુનિવર્સિટીના ઉપકુલપતિ ડૉ.પી.વી.કાણે ઈત્યાદિ મહાનુભાવો હિન્દુ કોડો બિલની પડખે અડીખમ હતા. દિલ્હીનું દૈનીક **'વીર અર્જુન'** તેના માલિક સ્વામી શ્રદ્ધાનંદના સુપુત્ર ઈન્દ્રવાચસ્પતિ તથા તંત્રી રામગોપાલ વિદ્યાશંકર હિન્દુ કોડ બિલના સમર્થનમાં સતત લેખમાળા પ્રસિદ્ધ કરતા હતા. અખિલ ભારતીય મહિલા કોંગ્રેસ પણ હિન્દુ કોડ બિલના સમર્થમાં સક્રિય હતી. આમ બધુ હોવા છતાં ટીમના કેપ્ટન પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલ નહેરૂ જ મક્કમ ન હતા. જે માનતા હતા અને જાહેરમા અનેકવાર કહ્યું હતું કે, અમારી સરકારનું ગમે તે થાય પરંતુ "હિન્દુ કોડ બિલ" પાર્લામેન્ટમાં પસાર કરાવીને જ જંપીશું. તે નહેરૂ હવે નબળા પુરવાર થઈ રહ્યા હતા. ડૉ.રાજેન્દ્રપ્રસાદે હિન્દુ કોડ બિલના વિરોધમાં રાજીનામું આપવાનો પત્ર પણ પાઠવી દીધો. સરદાર વલ્લભભાઈ, મુનશી, પટ્ટાભી સીતારામમૈયા અને અનંતશયનમ આયંગર બધા જ પંડિત નહેરુની પાછળ પડી ગયા હતા.

વળી પંડિત નહેરુ ભારતના વડાપ્રધાન થયા તેમાં કોંગ્રેસ પક્ષની સંમતિ કરતાં મહાત્મા ગાધીજીનું તપોબળ તેમના ત્રાજવે ગયું તે હતું. વળી તેઓ પોતે કોઈ પણ સંજોગોમાં કોગ્રેસ પક્ષનાં ભાગલાં પડે તેમ ઈચ્છતા જ નહોતા.

૧૯૫૨ની આગામી ચૂંટણીના ચક્રવ્યૂહને ભેદવાના કપરા સમયને હિન્દુકોડ બિલ સામે પક્ષે આવશે તેવો ડર પણ તેમને ડારી ગયો. અંતે નહેરુએ નમતું જોખ્યું. હિન્દુકોડ બિલની જે ચાર ધારાઓ પસાર થઈ

હતી તે પણ રાજેન્દ્રપ્રસાદના રાજીનામાની ધમકીને કારણે રદ કરવામાં આવી. ડૉ.આંબેડકર ભારતીય મહિલાઓની મુક્તિ માટે એકલવીરની જેમ ઝઝૂમ્યા, પરંતુ વિવેક ધૈર્યથી કદાપિ વિચલિત ન થાય. તેઓ અહમહિમકાથી અતિ દૂર રહેતા, શિસ્તને માથે ચઢાવી તેમણે બિલને પરત લેતા કહ્યું, -

**"હિન્દુ કોડ બિલની ચાર ધારા પસાર કર્યા બાદ તેને આંસુ સાર્યા સિવાય, મરશિયા ગાયા વગર તેને દફનાવી દેવામાં આવ્યું. મને લાગતું હતું કે વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ કર્તવ્યનિષ્ઠ છે, પરંતુ હિન્દુ કોડ બિલ પાસ કરાવવા માટે તેમનામાં તેવી તત્પરતા કે દ્રઢ સંકલ્પનો અભાવ હતો."** પોતાની તંદુરસ્તીની પરવા કર્યા સિવાય રાત-દિવસ જોયા વગર પ્રબળ પરિશ્રમ કરી તેમણે તૈયાર કરેલા હિન્દુકોડ બિલનો કરુણ રકાસ થયો. ડૉ.આંબેડકરને ભારતીય બંધારણનાં સર્જન કરતાં "હિન્દુ કોડ બિલ" માટે અતિ ઉત્સાહ હતો. હિન્દુસમાજને એક સંહિતાએ સાંકળવાનું તેમનું સ્વપ્ન ભાંગી ગયું. ત્યાર બાદ આ જ હિન્દુ કોડ બિલના મુસદ્દામાંથી મહત્તમ બાબતો લઈ ચાર ભાગમાં વહેંચી (૧) હિન્દુ લગ્નનો કાયદો (૧૯૫૫) (૨) હિન્દુ વારસાનો કાયદો (જુન, ૧૯૫૬) (૩) હિન્દુ સગીર અને વાલીપણાનો કાયદો (ઓગસ્ટ ૧૯૫૬) (૪) હિન્દુ દત્તક કાયદા (ડિસેમ્બર, ૧૯૫૬) એવા ચાર કાયદા પસાર કરવામાં આવ્યા હતા. જે હકીકતમાં ડૉ.આંબેડકરની આર્ષદષ્ટિનું પરિણામ હતું. તેસમયના બ્રાહ્મણ કાયદા પ્રધાન પાટસ્કર પાર્લામેન્ટમાંની ચર્ચામાં સહાયરૂપ થવા. ડૉ.આંબેડકરના નિવાસસ્થાને સતત આવતા.. માર્ગદર્શન મેળવતા હતા.

## ૧૦:૩:૧ ડૉ.આંબેડકરનું મંત્રી મંડળમાંથી રાજીનામું !!

આઝાદ આંબેડકર પ્રધાન મંડળની પરિસીમાથી આમ તો ક્યારનાયે અકળાયા હતા. હિન્દુકોડ બિલની પીછેહઠથી બળતામાં ઘી હોમ્યું. કારણ આગળ દર્શાવ્યું તેમ તેમને "હિન્દુ કોડ બિલ" માટે ભારે મમત્વ હતુ. તા. ૨૭-૯-૧૯૫૧ના દિવસે (તા.૧૧-૧૦-૫૧ ના દિવસે અમલમાં આવે તે રીતે) રાજીનામું આપી તેમણે પ્રધાનપદનો પરિત્યાગ કરી દીધો. નારીમુક્તિના યજ્ઞમાં પ્રધાનપદાનાં સમિધ અર્પી દીધાં ! "ટાઈમ્સ ઑફ ઈન્ડિયા" નામના રાષ્ટ્રના માતબર અખબારે અગ્રલેખમાં લખ્યું કે, **"ભારતીય પ્રધાનમંડળમાં પ્રજ્ઞાથી પ્રકાશીત જયોતિ જગાવનારી વ્યક્તિઓ જૂજ છે, અને આવી પરિસ્થિતિમાં ડૉ.આંબેડકર જેવા સ્વયંપ્રકાશિત પ્રજ્ઞાવાન પુરુષ મંત્રીમંડળમાંથી બહાર નીકળી ગયા જેના કારણે મંત્રીમંડળની જયોતિ ઝાંખી પડી છે."** ડૉ.આંબેડકર પહેલાં ૧૯૫૦માં ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી, જહોન મથાઈ, એન.કે. નીયોગીએ પણ રાજીનામાં આપ્યાં હતાં. પરંતુ તેના આટલા ગંભીર પ્રત્યાઘાત પડયા નહોતા. હિન્દુ કોડ બિલ ઉપરાંત મંત્રીમંડળમાંથી રાજીનામું આપવાના મહત્વનાં કારણોની મીમાંસા કરતાં તેમણે નિવેદન કર્યું કે, **"રશિયા-ચીનની મૈત્રીમાં મશગુલ નહેરુ ભારતને મુશ્કેલીમાં મૂકી રહ્યા છે."**

**લોકસભા માનનીય સભ્યોને એ વાતની જાણ હશે કે, હવે હું મંત્રીમંડળનો સભ્ય નથી. ૨૭ સપ્ટેમ્બરના રોજ હું મારું રાજીનામું પ્રધાનમંત્રીને આપ્યું ત્યારે તેમને વિનંતી કરી હતી કે, મને તુરંત જ મુક્ત કરવામાં આવે પરંતુ લોકસભાનું સત્ર પુરુ થાય ત્યાં સુધી કાયદા-પ્રધાનના હોદ્દા પર ચાલુ રહેવા વડાપ્રધાને મને વિનંતી કરી, જે વિનંતીને એક સામાન્ય આચારધર્મ તરીકે મારે માન્ય રાખવી પડી હતી.**

**લોકસભાની કાર્યપ્રણાલી અનુસાર જો કોઈ પ્રધાન રાજીનામું આપે તો તેને કેવા સંજોગોમાં, શા માટે રાજીનામું આપવું પડયું છે તેનું નિવેદન તે સભાગૃહમાં (હાઉસમાં) કરી શકે છે. મારા કાયદાપ્રધાનના તે સમય દરમિયાન જેમણે રાજીનામાં આપ્યાં એમાના કોઈએ નિવેદન કર્યા તો કોઈ મૌન રહ્યા. પરંતુ મારૂ નમ્રપણે માનવું છે કે, રાજીનામું આપનાર મંત્રીની પણ એક એવી ફરજ છે, તેને કયા કારણોસર રાજીનામું આપ્યું તેનાથી પાર્લામેન્ટ માહિતગાર કરવી જ જોઈએ.**

**બીજી વાત તે આપણાં સમાચાર પત્રો. તેમાના મોટાભાગનાનું પક્ષપાતી વલણ, તેઓ ભાગ્યે જ નિરપેક્ષ રહી શકે છે. મારો અનુભવ છે ત્યાં સુધી ઘણાં સમાચારપત્રો તેમનાં કોરા પાના ભરવા રાજીનામું આપનારને પૂછ્યા સિવાય મનસ્વી રીતે ગમે તેમ છાપી નાખે છે. જેમાનું કશું સાચું હોતું નથી. રાજીનામું આપનાર વ્યક્તિનું છાપા સાથે હિત હોય કે તેના પ્રત્યે કુણી લાગણી હોય તો રંગરોગાનભર્યા શબ્દોથી જનતામાં એની સુંદર છબી ઉભી કરવામાં આવે છે, અને જો વિરૂધ્ધ હોય તો તેને બેફામ રીતે ચીતરી તેને ભૂંડી રીતે ઉપસાવવામાં આવે છે. હું જાણું છું કે, મારી પોતાની બાબતમાં વૃતપત્રોએ બીજી રીત અખત્યાર કરી છે. એટલે ઉપરોક્ત અનેક કારણોસર મારે નિવેદન કરવાની ફરજ થઈ પડી છે.**

એ વાતને ચાર વર્ષ, એક માસ અને સત્તાવીસ દિવસ થયા, જયારે વડાપ્રધાને મને કાયદા-

પ્રધાનની ઓફર કરી હતી. એથી મને આશ્ચર્ય થયેલું કારણ ? તે સમયે હું વિરોધપક્ષમાં હતો. ઑગષ્ટ, ૧૯૪૬મા વચગાળાની સરકાર રચાઈ ત્યારે આવા કોઈ પણ પદ માટે અયોગ્ય જાહેર કરવામાં આવ્યો હતો. શું ત્યારે હું અયોગ્ય હતો ? વડાપ્રધાનનું તે પરિવર્તન, હું આજે પણ સમજી શક્યો નથી. મારા મનમાં શંકા હતી. કે આ લોકો સાથે મારે મેળ કેમ ખાશે ? કારણ ? જેમણે મને કદી મિત્ર જ માન્યો નથી. છતાં મે મનોમન સમાધાન કર્યું કે રાષ્ટ્રના નવનિર્માણના કામમાં જો પ્રધાનમંત્રી મારો સહકાર માંગતા હોય તો સહકાર આપવો જ જોઈએ. એ હિસાબે મેં તેમના (ઓગષ્ટ, ૧૯૪૭ના) આમંત્રણનો સ્વીકાર કર્યો, અને તે પછી જેટલાં વર્ષો સુધી મે તટસ્થ ભાવે રાષ્ટ્રની સેવા કરી છે તે જનતા સારી રીતે જાણે છે. તેનું મૂલ્યાંકન પણ હું તેમના પર જ છોડું.

પરંતુ ત્યારે પણ પોતાના રાજીનામાંના કારણો દર્શાવતું નિવેદન ન કરવા દેતાં તેમણે ગૃહત્યાગ-વોક આઉટ કર્યા ગૃહની બહાર પત્રકારોને પોતાના રાજીનામાની વિગતો આપી પરત આવી વિરોધ પક્ષની પાટલીએ બેઠા. પુનઃ વિરોધ પક્ષોએ આ વિભૂતિને વધાવી લીધી..... સમગ્ર સભાગૃહમાં સન્નાટો છવાઈ ગયો.

બીજા દિવસે દેશ-વિદેશના અખબારોએ ડૉ.આંબેડકરની સેવાઓ બિરદાવી. સરકારે તેમને પાર્લામેન્ટમાં નિવેદન કરવા ન દીધું. તે બાબતની પણ કડક આલોચના કરી. "નવશક્તિ" દૈનિકે લખ્યું કે, **"આંબેડકરે અન્યાય.. નહેરૂ પ્રધાનમંડળ ઉપર ભીમ પ્રહાર...."** વિવિધવૃતમાં લખ્યું કે, **"ડૉ.આંબેડકરનું અપમાન.."**આયંગરનો લંગડો બચાવ" લંડનના-ઈંગ્લેન્ડના માંચેસ્ટર ગાર્ડિયને તેના તા. ૧૨-૧૦-૧૯૫૧ના અંકમાં અગ્રલેખ પ્રસિદ્ધ કરી ડૉ.આંબેડકરની સેવાઓને બિરદાવી તેમના થયેલ અન્યાયની ઝાટકણી કાઢી હતી. ડૉ.આંબેડકરના અભિગમને લોકશાહીયુક્ત દર્શાવ્યો હતો. આ પ્રમાણે ડૉ.આંબેડકર સતત પ્રવૃતિમય જ રહ્યા. વિરોધપક્ષમાં થોડો સમય બેઠા. સંવિધાન સમર્પણ સમયે પ્રશંસા કરતાં ઠાકુરદાસ ભાર્ગવે ડૉ.આંબેડકરને કોંગ્રેસમાં જોડાઈ સમગ્ર રાષ્ટ્રના નેતા બનવાનું ને રાષ્ટ્રની સેવાનું ઈજન આપ્યું હતું. કારણ કે, કોંગ્રેસી નેતાઓના હૃદયમાં તેમને માટે નિશ્ચિત સ્થાન નિર્માણ થયુ હતું. પરંતુ ડૉ.આંબેડકર કોંગ્રેસ કે ગાંધીનીતિ કોઈપણ સંજોગોમાં સ્વીકાર્ય નહતી. જોકે ૧૯૩૩ ડૉ.મુંજેએ પણ તેમને હિન્દુ મહાસભાના અધ્યક્ષપદની ઓફર કરી જ હતી. જેનો પણ તેમણે ઈન્કાર કર્યો હતો.

## ૧૦:૩:૨ લોકસભાની ચુંટણીના જંગમાં...

૧૯૫૨ની પ્રજાસત્તાક ભારતની પ્રથમ સામાન્ય ચૂંટણીના મેદાનમાં આવ્યા. તા. ૭-૧૧-૧૯૫૧ના દિવસે પટણામાં સમાજવાદી નેતા જયપ્રકાશ નારાયણ જોડે વાટાઘાટો કરી સમાજવાદી પક્ષ અને શિડયુલ્ડ કાસ્ટ ફેડરેશન વચ્ચે ચૂંટણી સમજૂતી કરી. તેમણે પોતે મુંબઈમાંથી લોકસભાની ચૂંટણી માટે ઝંપલાવ્યું.

કોંગ્રેસી ઉમેદવાર નારાણરાવ સાદોબા કાજરોલકર ૧,૩૭,૩૫૦ મતો મેળવી વિજય થયા જયારે.... ૧,૨૩,૫૭૬ મતે મેળવનાર ડૉ.આંબેડકરનો કારમો પરાજય થયો. દોષપૂર્ણ ચૂંટણી પ્રથાએ તથા સામ્યવાદી નેતા ડાંગેએ અનામત બેઠકનો મત ૩૯૧૬૫ પોતાને અપાવી-વેડફાવી ડૉ.આંબેડકરને ઈરાદાપૂર્વક હરાવ્યા હતા. 'સામ્યવાદી પક્ષ એ દગો છે.'-Communism is fraud એ તેમનું કથન હતું. (કીર -પૃ.૩૮૯) આ બાબતે ડૉ.આંબેડકરે અને અશોક મહેતાએ કોર્ટમાં રીટ પિટિશન પણ કરી હતી. વળી ૧૯૫૪માં ભંડારાની (વિદર્ભ) લોકસભાની પેટાચૂંટણીમાં પુનઃ ઝંપલાવ્યું પરંતુ કોંગ્રેસી ભાઉરાવ બોરકર ૧,૪૦,૮૬૪ અને ડૉ.આંબેડકરને ૧,૩૨,૮૪૩ મત મળતાં પુનઃ ૮૦,૨૧ મતે પરાજય થયો. જો કે હાથી કદાચ બેસી જાય તો પણ ઘેટાં-બકરાં કરતાં તો ઉંચો જ લાગવાનો ! "બિચારા બોરકર-કાજરોલકરને ક્યાંથી સમજાય કે તેમના કારણે રાષ્ટ્રનું-દલિત સમાજનુ કેટલું અહિત થયું ? મુંબઈની ચોપાટી પરની દલિતોની વિશાળ સભાને સંબોધતા દલિતોનાં મસીહાએ કહ્યું....

"મને પ્રભુ ઈસુના પેલા શબ્દો અત્યારે યાદ આવે છે. પ્રભુ ઈસુને ફાંસીના વધસ્તંભ ઉપર ચઢાવી ખીલા ઠોકનાર માટે પ્રભુ ઈસુએ કહ્યું હતું કે.. હે પ્રભુ આ લોકોને તું ક્ષમા આપજે.... કારણ કે તેઓ જાણતા નથી કે તેઓ શું કરી રહ્યા છે."

ડૉ.આંબેડકરના લોકસભામાં ન જવાથી રાષ્ટ્રને-પદદલિતોને પારાવાર નુકસાન થયું છે તેવા મતલબના તંત્રી લેખ- **નવશક્તિ, ટાઈમ્સ ઑફ ઈન્ડિયા વિવિધવૃતિ** ઈત્યાદિ દૈનીકોએ લખી તેમની

યોગ્યતાને **"એકમવા દ્વિતીયમ"** કહી બિરદાવી હતી. ચૂંટણીમાં આચાર્ય જે.બી.કૃપલાણી અને અન્ય કેટલાક આગેવાનો સામે ઉમેદવાર ઉભો ન રાખવાથી જે ઉદારતા કોંગ્રેસે દાખવલી હતી તે ડૉ.આંબેડકર માટે દાખવી ન શકી. બંને માટેના અલગ માપદંડ તેમની જાતિવાદી માનસિકતાનું પ્રતિબિંબ કહી શકાય.

ભંડારા ચૂંટણીના પરાજયનાં પરિણામ તેમને રંગૂનની વિશ્વ બૌદ્ધ પરિષદમાં સ્થિતપ્રજ્ઞભાવે સાંભળ્યા હતા. જો કે ડિસેમ્બર, ૧૯૫૦માં તેમણે શ્રીલંકાની વિશ્વબૌદ્ધ પરિષદમાં ઉપસ્થિત રહી ઉદ્‌બોધન કરી, બૌદ્ધ નેતા તરીકેનુ બિરુદ તો હાંસલ કરી દીધું હતું. બૌદ્ધ વિશ્વ ડૉ.આંબેડકરને અપાર આદરથી નિહાળતું હતું. મુંબઈ રાજયના (વિધાનસભા) વિરોધ પક્ષે માર્ચ, ૧૯૫૨માં ડૉ.આંબેડકરને "રાજયસભા" માટે ચૂંટી ક્ષતિ સુધારવાની વૃતિ દાખવી હતી. રાજયસભામાં પણ ડૉ.આંબેડકર રાષ્ટ્રના વિવિધ પ્રશ્નો વિષે પોતાના વિચારો વ્યક્ત કરતા જ હતા. પંડિત નહેરૂ તે સમયે 'ભારત-ચીની ભાઈભાઈનાં' ભ્રમમાં રાચતા હતા. દ્રષ્ટિવંત ડૉ.આંબેડકરે રાજયસભામાં પણ રાષ્ટ્રની સમસ્યાઓ વિષે પોતાના વિચારો વ્યક્ત કરતાં નહેરૂને ચેતવ્યા હતા. તા ૨૬-૮-૧૯૫૪ના દિવસે રાજયસભામાં તેમણે ભારતની વિદેશનીતિની આલોચના કરતાં આર્ષવાણી ઉચ્ચારી "ભારતનાં સુરક્ષિત ભાવિ"ના સંદર્ભમાં કહ્યું કે,

**"ભારત ઉપર આક્રમણનાં એંધાણ મને સ્પષ્ટ દેખાય છે, વડાપ્રધાન શ્રી નહેરુએ ચીની સામ્યવાદી સરકારને તિબેટ લેવાનો પરવાનો આપ્યો છે. તિબેટ ઉપર ચીનનું વાલીપણું સ્વીકારી વડાપ્રધાન શ્રી નહેરૂએ ભયંકર ભૂલ કરી છે. ચીનને લ્હાસા (તિબેટ) લેવામાં સગવડ કરી આપવી એટલે ચીનની સરહદ ભારતની સરહદ સાથે જોડી આપવા જેવું છે. તિબેટ પરની સામ્યવાદી ચીનની સરહદ ભારતીય સરહદની સુરક્ષિતતાને નુકસાન કર્યા સિવાય રહેશે નહિ. આથી ભારત સરકારે તાત્કાલિક આપણી સરહદોની પકડ મજબૂત કરવી જોઈએ. સાથે સાથે તિબેટ માટેનું અલગ ધોરણ પર સ્વીકારવું જોઈએ."** (જયોતિ વર્ષ-૬ અંક-૫-૮-૧૯ ૬૨ શનિવાર) ૧૯૫૫માં પ્રસિદ્ધ થયેલાં પોતાના ગ્રંથ "Thoughts on Linguistic states" **"ભાષાવાર રાજ્ય વિષે વિચારો..."**માં પણ તેમણે ચીનના આક્રમણની ભીતિ વ્યક્ત કરતાં ભૌગોલિક તેમ જ વાતાવરણ અને સંરક્ષણ દ્રષ્ટિએ સંપૂર્ણ નકામી એવી હાલની દિલ્હીની રાજધાની ખસેડી, રાષ્ટ્રની મધ્યમાં દક્ષિણમાં હૈદ્રાબાદ-સિકંદરાબાદ સમીપ લઈ જવાનો વિકલ્પ કર્યો હતો. કલકત્તા તિબેટ-ચીનની સમીપ પડતું હતું. મુંબઈ બંદર હતું. એટલે રાજધાની તરીકે યોગ્ય ગણાય નહિ. વળી, રાજધાની રાષ્ટ્રના મધ્યમાં રહેવાથી દક્ષિણ ભારતનાં લોકોના અસંતોષને પણ દૂર કરી શકાય તેમ હતું. ડૉ.આંબેડકરની આર્ષવાણી પછીના માત્ર સાત જ વર્ષમાં ૧૯૬૨માં ચીને ભારત ઉપર આક્રમણ કર્યું. અને "હિંદી ચીની ભાઈભાઈ"ના ભ્રમમાં રાચતા લોકોને લપડાક લગાવી દીધી હતી. આગળ જતાં પોતાના ગ્રંથમાં ભાષાવાર રાજયની મીમાસાં કરતાં પણ તેમણે લખ્યું હતું કે,

## ૧૦:૩:૨ ભાષાવાર રાજય પુનઃ રચના વિષેના વિચારો

"પ્રથમ તો ભાષાવાર રાજય રચના પંચે વિસ્તાર તથા વસ્તીનો વિચાર કર્યા સિવાય આડેધડ ભાષાવાર રાજયની રચના **"એક ભાષા એક રાજય"** પર કરી છે. તે ખોટી છે. તેમનું કહેવું હતું કે, સાચો સિદ્ધાંત **"એક રાજય એક ભાષા"**ના આધાર ઉપર રાજયોની રચના થવી જોઈતી હતી. ઉત્તર ભારતનું "સંલગ્નકરણ" (Unification) અને દક્ષિણ ભારતનું "દ્વીપકલ્પીકરણ"(Balkanizaition)પ્રશ્નો પેદા કરશે. એક ભાષા એક રાજયના વિકૃત સિદ્ધાંતને પરિણામે ઉત્તર ભારતમા ઉત્તર પ્રદેશ, બિહાર જેવાં તોતિંગ હિન્દીભાષા રાજયોનું નિર્માણ થયું તેની સામે દક્ષિણમાંના નાના નાના રાજયો થયાં વળી, ભારતીય રાજકારણમાં હંમેશા હિન્દીભાષીનું જ પ્રભુત્વ રહ્યુ... અંતે **"ઉત્તર ભારત વિરૂધ્ધ દક્ષિણ ભારતની"** ભાવના નિર્માણ થઈ જેને કારણે હિન્દીની સામે દક્ષિણમાં મોટાં હુલ્લડો પણ થયાં હતા. આથી તેમણે ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ,રાજયોના વિભાજનની વ્યવસ્થા (ડૉ.આંબેડકરે) સૂચવી હતી. જેમા વસ્તી વિસ્તાર સરેરાશ સમાન રહે. તેવી જ રીતે મહારાષ્ટ્રના પણ મધ્ય, પૂર્વ, પશ્ચિમ એવા ત્રણ સમાન વિભાગો કરવાનાં સૂચનો પ્રસ્તુત કર્યા હતાં.

એક ભાષા બોલનારી પ્રજાના પણ એક કરતાં વધારે રાજયો વિશ્વમાં સર્વત્ર છે જ અને તે જ સાચો સિદ્ધાંત છે. વળી, ચિંતક ડૉ.આંબેડકરના સુચનો જો ભાષાવાર રાજય રચના સંદર્ભમાં સ્વીકારાયા હોત તો આજે રાષ્ટ્રની ભાવાત્મક એકતા વધારે પ્રબળ બની હોત. ભાષાવાદની સંકુચિતતાએ માથું ઉચક્યું ન

હોત. **એક રાજય એક ભાષા** ના સંદર્ભમાં પોતે મહારાષ્ટ્રીયન હોવા છતાં પણ મહારાષ્ટ્રના ભાગલા સૂચવ્યા હતા. વળી મુંબઈ મહારાષ્ટ્રને જ મળે તે આગ્રહ રખાયો હતો. અગાઉના પોતાના વિચારોના આલોચકોએ તેમણે રદિયો આપતાં ૧૯૫૫માં કહ્યું કે(ભાષાવાર રાજયો **ગ્રંથોની પ્રસ્તાવના) "વિરોધી તથા દુષ્ટ આલોચકો હોય છે તે મારી અસંગતતા (INCONSISTENCY) નો લાભ ઉઠાવવા માંગતા હોય તેમને આ મારો સીધો જવાબ છે. એમર્સને કહ્યું કે સુસંગતતા એ CONSINTECY ગધેડાનો ગુણ છે અને મારે મારી જાતને ગધેડો બનાવવી નથી. સુસંગતતાને નામે કોઈપણ વિચારશીલ વ્યક્તિને, તેણે એકવાર વ્યક્ત કરેલા વિચારોથી બાંધી શકાય નહિ. સુસંગતતા કરતાં જવાબદારી વધુ મહત્વની છે. જવાબદાર વ્યક્તિએ પોતે ભણ્યું ન ભણ્યું કરતાં શીખવું જોઈએ. ફરી વિચારવાની અને વિચારો બદલવાની (નૈતિક) હિમત જવાબદાર વ્યક્તિમાં હોવી જોઈએ. અલબત્ત પોતે જે ભણ્યો છે તે ન ભણ્યું કરવા અને પોતાના વિચારોને નવો ઓપ આપવા (તેની પાસે) સાચાં અને પુરતાં કારણો હોવા જોઈએ. વિચારણામાં કશું જ આખરી હોતું નથી.** (વોલ. ૧ પૃ. ૧૩૯) ડૉ.આંબેડકરનો આગ્રહ હતો. નેતાએ લોકોની લહેરે-ધૂન લળી જવું જોઈએ નહી. નૈતિક હિંમત દાખવી (અપ્રિય થઈને પણ) લોકોને મુક્તિનો સાચો માર્ગ બતાવવો જોઈએ"

"A Leader should not Pandur to the whim of the people..... He was Leader who placed courageously before the 'True Path' of Salvation (KEER PP. 476)

ગતિશીલ નેતૃત્વના મર્મી, બાબાસાહેબ સમય, સંજોગો પરિસ્થિતિ પ્રમાણે પોતાની વ્યુહનીતિમાં પરિવર્તન આણતાં સહેજ પણ ખચકાતા નહિ. તેમની વિચારવાની પદ્ધતિ 'વસ્તુલક્ષી' હતી.

## ૧૦:૩:૩ અમેરિકાની કોલબિંયા યુનિવર્સિટી દ્વારા સન્માન

પોતાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ડૉ.આંબેડકરને સન્માનવા અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીના ૧૯૫૦ના કહેણને અમલમાં મૂકવા ડૉ.આંબેડકરે હવે નવરાશ કાઢી. તા. ૧-૬-૧૯૫૩ના દિવસે ટી.ડબલ્યુ.એ વિમાન દ્વારા જવાનું નક્કી થયું. શ્રીમતિ સવિતા આંબેડકરને અમેરિકા સાથે જવાની મહેચ્છા હતી. પરંતુ ડૉ.આંબેડકરે ઘસીને ગુસ્સાથી ના પાડી દીધી. આગલા દિવસે તેમના માનમાં એક વિદાય સમારંભ ક્રિકેટ ક્લબ ઑફ ઈન્ડિયાના મેદાનમા ગોઠવાયો હતો. "ભારતની વિદેશનીતિ વિષે અમેરિકામાં શું કહેશો ? તેવા પત્રકારોના પ્રશ્નોને ઉડાવી દેતાં દેશભક્ત ડૉ.આંબેડકરે કહ્યું....,

**"હુ અમેરિકા સન્માન મેળવવા જાઉ છું આપણા દેશની ટીકા કરવા નહિ. ભારતના લોકો કે સરકારનું અવમૂલ્યન થાય તેવું કશું જ બોલી શકુ જ નહિ. આપણા ઘરની વાત અહીંયા ઘરે જ કરવાની હોય છે. રાષ્ટ્રનુ માનસન્માન કયાં કેવી રીતે જાળવવું-વધારવું તેની મને પૂરેપૂરી ખબર છે. આજદિન સુધી હું પરદેશી લોકો સાથે આવું કદાપિ બોલ્યો પણ નથી."**

૬, જૂન, ૧૯૫૨ના દિવસે એલએલ.ડી.ડોકટરના ઓફ લોઝની સન્માનીય પદવી અર્પણ કરવામાં આવી. તેમની સાથે અગિયાર અન્ય સુપ્રસિદ્ધ વિભૂતિઓ પણ હતી. જેમાં કેનેડાના વિદેશપ્રધાન મિ. લેસ્ટર પિયરસન, ફ્રાંસના સાહિત્યકાર-ઈતિહાસકાર એમ.ડેનિયલ માર્ટનનો સમાવેશ થતો હતો. ડૉ.બાબાસાહેબ આંબેડકરને પદવી અર્પણ કરતાં ભારતીય બંધારણના ઘડવૈયા, મહાન સમાજ સુધારક અને માનવ અધિકારો માટે ઝઝૂમતા **"વીર યોદ્ધા"** તરીકે નવાજવામાં આવ્યા હતાં.

અમેરિકામાં તેઓ પોતાની તબિયત માટે ડોકટરી સારવાર માટે રોકાવા માંગતા હતા, પરંતુ તેમની પાસે વધારે રોકાઈ શકાય તેટલાં નાણાનો અભાવ હતો. વળી, ભારતમાં તેમને પીપલ્સ એજયુકેશન સોસાયટી અને અન્ય મહત્વનાં સામાજિક કાર્યો બાકી હતાં. તેઓ હંમેશા કામને જ પ્રાથમિકતા આપતા,તંદુરસ્તીને નહિ. આથી બે અમેરિકન ડૉકટરો પાસે તપાસ કરાવી, દવા-પ્રિસ્ક્રિપ્શન લખાવી તા.૨૧-૬-૧૯૫૨ની સાંજે મુંબઈ પરત આવ્યા. વિમાનઘર ઉપર હજારો લોકોની હાજરીએ તેમનું ભવ્ય સન્માન કર્યું. ડૉ.સવિતા આંબેડકર તેમની આરતી ઉતારવા આવ્યાં ત્યારે તેમણે ગુસ્સાથી સાફ ના પાડી દીધી. આ પ્રજ્ઞાવાન પુરુષને, વીરપૂજાવિરોધી વિભૂતિને આવી વેવલાઈ ગમે જ કેમ ? તેઓ આવા ક્રિયાકાંડથી હંમેશા અળગા રહેતા હતા. વિમાનઘરેથી રાજગૃહ ન જતાં તેઓ સીધા ધારાસભ્યોના નિવાસસ્થાને (મેજેસ્ટીક હોલ) ગયા. ત્યાં એકાદ સપ્તાહ રોકાયા બાદ રાજગૃહ ગયા હતા.... આ અરસામાં પશ્ચિમ બર્લિનમાં મળનારી **"કાનૂન વિંદ"** પરિષદમાં પણ પધારવાનું નિમંત્રણ લખ્યું હતું કે,

## ૧૦:૩:૪ સબળ વિરોધપક્ષ માટે રિપબ્લિકન પક્ષની પરિકલ્પના

ડૉ.આંબેડકર લોકશાહીના પ્રખર પુરસ્કર્તા હતા. લોકશાહીની સફળતા માટે બે પક્ષોની અનિવાર્યતા અર્થાત સબળ-સમક્ષ વિરોધપક્ષની આવશ્યકતાના, નિષ્પક્ષ પ્રમાણિક ચૂંટણીતંત્રના તેઓ આગ્રહી હતા. પ્રવર્તમાન કોંગ્રેસ પક્ષની કૃતિ-નીતિથી તેઓ બેહદ નારાજ હતા. કારણ કે તે લોકશાહીને પોષાક ન હતી. વળી, ૧૯૫૨ની સામાન્ય ચૂંટણીઓનાં પરિણામ પછી તેમને લાગ્યું કે, સમાજવાદી પક્ષ કાચો પડે છે. વળી, તે ગામડાં સુધી ગયો નથી. ભારતમાં જે પક્ષ ગ્રામ્યસ્તર સુધી પહોંચી શકે નહિ તે પક્ષ ચાલી શકે નહિ તેવું તેમનું તારણ પણ હતું. વળી, તેઓ કોંગ્રેસમાં કોઈપણ સંજોગોમા જવા તૈયાર ન હતા. કોંગ્રેસનો તેમને અનુભવ હતો જ. છેક ૧૯૨૯થી તેઓ સ્પષ્ટપણે માનતા હતા કે, કોંગ્રેસમાં જવાય જ નહિ. ચિપણૂંક પરિષદમાં તેમણે કહ્યું હતું કે,

**"કેટલાક કહે છે, કોંગ્રેસ જોડે જોડાઈ જવાથી ફાયદો થશે. જયારે કેટલાક કહે છે કે કોંગ્રેસ સાથે રહેવાથી નુકશાન થશે. પરંતુ મારું સ્પષ્ટ મંતવ્ય છે કે, જયાં સુધી દલિત સમાજમાં શક્તિ પેદા થશે નહિ ત્યાં સુધી તેમના અસ્તિત્વનો સ્વીકાર કરશે નહિ. કોંગ્રેસ સાથે રહેવાથી "રાજકીય ભિખારીઓ" પેદા થશે. અને "દલિતશક્તિ" સર્જનની બાબત ગૌણ બની જશે. જેના પરિણામે છેવટે વિભાજન થઈ જશે. તેમજ પદદલિતોને પારાવાર નુકશાન થશે."**

આમ કોંગ્રેસમાં જવું નથી. જાતિવાદી પક્ષો જોડે જામતુ નથી અને સામ્યવાદીનો સંગાથ રુચિકર લાગતો નથી. વળી, સમાજવાદ તો જોઈએ જ. તેઓ કહેતા કે, કોઈ પણ સમાજ કે રાષ્ટ્ર અસમાનતાના પાયા ઉપર નભી શકે નહિ. વિકસી શકે નહિ. આ સંજોગોમાં તેમણે ભારતીય રાજકારણમાં એક નવીન પક્ષની વિરોધપક્ષની પરિકલ્પના કરી તે હતો. **"ભારતીય રિપબ્લિકન પક્ષ."** તેઓ સબળ વિરોધ પક્ષ અને નિષ્પક્ષ પ્રામાણિક ચૂંટણીતંત્રને સંસદીય લોકતંત્રની બે ધરી તરીકે પીછાનતા હતા. પ્રવર્તમાન રાજકારણની મીમાંસા કરતાં તેમણે કહ્યું હતું કે,

**"આજે દેશમાં એવી રાજકીય પરિસ્થિતનું નિર્માણ થયું છે કે, કોંગ્રેસ આ એક જ પક્ષને (સત્તાધારી પક્ષને) મુજરો કરવાની મનોવૃતિ લોકોમાં દ્રઢ થતી જાય છે. આપણા દેશમાં લોકશાહી છે. પરંતુ આ લોકશાહીએ આપણી બુદ્ધિને સ્થગિત કરી લીધેલ છે. આપણા હાથ પગ એક જ પક્ષે જકડી લીધાં છે. એનું મને ભારે દુઃખ છે, આ એક પક્ષીય બુદ્ધિવાદ નથી. પરંતુ આપણે વધુ પડતા શ્રદ્ધાવૃતિના લોકો છીએ. બહુમતીના કારણે રાજકીય પક્ષ ભ્રષ્ટ બને છે,અને અમર્યાદિત બહુમતીથી તો સંપૂર્ણ ભ્રષ્ટ બને છે."**

**"આજે ભારતીય રાજકારણ કમ સે કમ હિન્દુ ભૂમિકાનું આધ્યાત્મિકરણ થવાને બદલે તેનું વ્યાપારીકરણ થઈ ગયું છે. ભ્રષ્ટાચારનો પર્યાય બની ગયું છે. ઘણા સુસંસ્કૃત સજ્જનો તો આ "ગંદવાડાં"સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ રાખવાનો સાફ ઈન્કાર કરે છે. રાજકારણ એક પ્રકારની "ગટર વ્યવસ્થા" બની ગયું છે. જે અત્યંત અરુચિકર તથા ગંદુ છે (અત્યારે) વર્તમાન રાજકારણમાં રાજકારણીઓ બનવું એટલે ગંદાનાળામાં કામ કરવા બરાબર છે. રાષ્ટ્ર તથા લોકશાહીના ભાવિ માટે આ ખતરો છે. રાષ્ટ્રને સમયસર તેમાંથી ઉગારવું જોઈએ."**

સાંપ્રત રાજકારણની આ તાસીર જોતાં કોંગ્રેસના વિકલ્પે એક સશક્ત વિરોધપક્ષની જરૂરિયાત તેમને જણાઈ હતી. લોકશાહીમાં ઓછામાં ઓછા બે પક્ષો તો હોવાં જ જોઈએ. આ બાબતે પણ તેમનું સ્પષ્ટ માનવું હતું કે,

**"એકપક્ષીય પદ્ધતિ લોકશાહીની મારક છે. ખરી રીતે તો એક પક્ષીય પદ્ધતિ એટલે લોકશાહીનો અસ્ત. રાજયતંત્ર ચલાવવા માટે પક્ષોની આવશ્યકતા છે જ. પરંતુ સરકારને જુલ્મી રાજય વહીવટથી દૂર રાખતા બે પક્ષોની અતિ આવશ્યકતા છે. બે પક્ષો હશે તો જ લોકશાહી સરકાર લોકશાહી તત્ત્વાનુસાર ચાલશે અને આ બે પક્ષો એટલે સત્તાધારી પક્ષ અને વિરોધપક્ષ વળી, જે પક્ષમાં સ્ત્રીઓ, પછાત વર્ગો અને પદદલિતોનું પ્રાબલ્ય હશે તે જ પક્ષ દેશને સુખી કરશે. જાતિવિહીન સમાજ સિવાય વર્ગવિહિન સમાજ શક્ય નથી."**

સબળ વિરોધ પક્ષની ડૉ.આંબેડકરની પરિકલ્પના

આ વિચારોને અમલ માટે તેમણે સુપ્રસિદ્ધ સમાજવાદી નેતા ડૉ.રામ મનોહર લોહિયા અને રાજાજી જોડે પત્ર-વ્યવહાર, વિચાર -વિનિમય પણ કર્યો હતો. તેમજ લોકશાહીની પુષ્ટતા માટે તેમણે ભારતીય રિપબ્લિકન પક્ષની ઘોષણા પણ કરી હતી, જો કે, **તેઓ પ્રથમની જ જાતિવાદી-મર્યાદિત પક્ષના કે સંસ્થાના હિમાયતી નહોતા.** પરંતુ સમય અને સંજોગોએ ૧૯૪૨માં તેમને શિડયુલ્ડ કાસ્ટ ફેડરેશનની સ્થાપના માટે મજબૂર કર્યા હતા. સાંપ્રત સમયે સમયે તેઓ (હવે) શિડયુલ્ડ કાસ્ટ ફેડરેશનને પણ વધુ સમય ચલાવવા માંગતા પણ નહોતા. ભારતીય રિપબ્લીકન પક્ષની પરિકલ્પના આ પ્રમાણે હતી... કોઈ પણ જાતિ, ધર્મ, લિંગ, પ્રદેશના બાધ સિવાય ભારતના દરેક નાગરિક માટે આ પક્ષનાં દ્વાર ખુલ્લાં છે.

(૧) સમતા, સ્વતંત્રતા, બંધુતાની ભાવનાનો વિકાસ.

(૨) જાતિ અને વર્ગવિહીન સમાજવાદી સમાજની પ્રસ્થાપના.

(૩) ભારતીય સંવિધાનના સાચા અર્થમાં અમલની ખાતરી.

(૪) મુઠ્ઠીભર લોકોના હાથમાંથી શાસન લઈને બહુજન સમાજને સોપવું

(૫) કિસાન-કામદાર, દલિતો, લઘુમતીઓ, શોષિતોની સરકાર

(૬) ભૂમિહીન ખેડૂતોને જમીન તથા સામુહિક સહકારી ખેતી.

(૭) ગ્રામોદ્ધાર-કુટિર ઉદ્યોગ, ગૃહઉદ્યોગને પ્રાધાન્ય

(૮) ભારતીય કરમાળખામાં આમૂલ પરિવર્તનની પ્રક્રિયા.

(૯) ગંદી વસ્તીઓ-ઝૂંપડપટ્ટીઓની જગ્યાએ સુઘડ આરોગ્યપ્રદ આવાસ

(૧૦) ભારતીય સીમા-સુરક્ષાની સક્ષમતા.

અલબત્ત પોતાની ઉપર્યુક્ત પરિકલ્પના પ્રમાણે રિપબ્લિકન પક્ષની પ્રસ્થાપના તેઓ તેમની હયાતીમાં વિધિસર કરી શક્યા નહોતા. તેમના પરિનિર્વાણ પછી તેમના અનુયાયીઓએ ઓકટોબર, ૧૯૫૭માં નાગપુરમાં વિધિસરની સ્થાપના કરી હતી અને ડૉ.આંબેડકર અંતિમ ઈચ્છા પ્રમાણે શિડયુલ્ડ કાસ્ટ ફેડરેશનનું રિપબ્લિકન પક્ષમાં વિલીનીકરણ પણ કરવામાં આવ્યું. જેના પ્રથમ પ્રમુખ એન. શિવરાજ અને મહામંત્રી બેરિસ્ટર રાજાભાઉ ખોબ્રાગડે હતા. ૧૯૫૭-૬૨માં આ પક્ષના સંસદમાં સાત સભ્યો પ્રતિનિધિત્ત્વકરતા હતા. મુંબઈ, નાગપુર, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશની વિધાનસભાઓમાં પણ સભ્યો પ્રતિનિધિત્ત્વ કરતા હતા. મુંબઈ, નાગપુર, પૂના, આગ્રા ઈત્યાદિ મહાનગરપાલિકાઓમં પ્રભુત્વ હતું તેમજ તેના મેયર ડે.મેયર પણ આ પક્ષના હતા. ૧૯૬૪માં "ભૂમિહીનો માટે જમીન" માટેના સત્યાગ્રહમાં લાખો લોકોએ "જેલજીવન" સ્વીકારયું હતું. ભૂમિહીનો-ખેતમજૂરો માટે ભૂમિ ઉપલબ્ધ કરવાની સરકારની વર્તમાન નીતિ માટે ભારતીય રિપબ્લિકન પક્ષનુ અનન્ય પ્રદાન હતું. રિપબ્લિકન પક્ષ તો જમીનનું રાષ્ટ્રીયકરણ માંગતો હતો. આમ ડૉ.બાબાસાહેબ આંબેડકરના આદેશાનુસાર ભારતીય રાજકારણમાં ભારતીય રિપબ્લિકન પક્ષે પદાર્પણ કર્યું હતું. તેની આપ પગલી હતી.

આટલા વ્યવસ્ત જીવન વચ્ચે પણ તેઓ પોતાના લોકો સાથેનો સંપર્ક ચાલુ જ રાખતા હતા. તેમના દર્શન માટે સવારથી જ લોકોની કતારો રહેતી. આથી તેઓ આરામ કરવા પોતાના એક મિત્રના બંગલે (જુહુ) ગયા. પરંતુ તેની ભાળ મેળવી ગરીબ ભાંડુઓ ત્યાં પણ પહોંચી જતા.

એક દિવસ એક વિદેશી (અર્થશાસ્ત્રી) પત્રકાર તેમની મુલાકાત લઈ રહ્યા હતા. ત્યાં બહાર ભારે મેદની જામી. અંતે બધા લોકોને દર્શન માટે મુલાકાત મુલતવી રાખી બંગલામાં બોલાવ્યા...

વિદેશી પત્રકારે આશ્ચર્ય નિહાળ્યું લોકો પોટલામાં "રોટલો અને ડુંગળી" લઈને પોતાના નેતાના દર્શન માટે ગામડેથી આવ્યા હતા. આંખમાં આંસુ સાથે બાબાસાહેબ બોલ્યા જુઓ મારા લોકોની નિષ્ઠા.. શ્રદ્ધા ભાવવિભોરના તે દિવસે કોઈ જમી પણ ન શક્યા. ફ્રી પ્રેસ જનરલ (અંગ્રેજી દૈનીક)ના પ્રતિનિધિ એ.બી.નાયરના લોનાવાલાના બંગલે વિશ્રાંતિ માટે બાબાસાહેબ ગયા. આજુબાજુના લોકોને સમાચાર મળ્યા કે પોતાના "મસીહા" અહીંયા છે. બસ લોકોના ટોળાં દર્શન માટે ઉમટી પડયાં. વિશ્રાંતિ માટે આવેલા આંબેડકર વિશ્રાંતિ કેવી રીતે લઈ શકે ? હવે જયારે ડૉ.આંબેડકરની પ્રતિમાઓ ઠેરઠેર મૂકાઈ રહી છે. ત્યારે મૂર્તિભંજક આંબેડકરની પ્રથમ મૂર્તિ બની. તેની પણ એક રોમાંચકારી ઘટના છે. ૧૯૪૯-૫૦ના અરસામાં જાણીતા મરાઠી શિલ્પકાર માંડિલગાંવકર પ્રારંભની અવસ્થામાં દિલ્હી આવ્યા. પોતાની

કારકિર્દી કંડારવા માંગતા હતા. બુદ્ધના બાવલા બનાવવાની શરૂઆત કરી. બાવલા બાબાસાહેબને બતાવ્યાં બાબાસાહેબ ખુશ થયા અને બાબાસાહેબના બંગલાની બહારની એક ઓરડીમાં આશ્રય આપ્યો. માડિલગાંવકરે હવે બાબાસાહેબનું બાવલું બનાવવાની વિનંતી કરી મૂર્તિભંજક આંબેડકરે ગુસ્સા સાથે સાફ ઈન્કાર કર્યો. કહ્યું "હું કોઈ રાજા-મહારાજા કે દેવ નથી" વાત ઉપર પડદો પડી ગયો.

થોડા સમય પછી પીપલ્સ એજયુકેશન સોસાયટીની સિદ્ધાર્થ કોલેજના આચાર્ય પાટણકર એક એવા કલાકારની શોધમાં દિલ્હી આવ્યા કે જે ડૉ.આંબેડકરનુ બાવલું બનાવી શકે કારણ કે તેઓ તે બાવલું સંસ્થામાં મૂકવા માંગતા હતા. તેમને શ્રીમતી આંબેડકરનો સથવારો સાંપડ્યો અને અંતે બાબાસાહેબને સમંત કરવામાં આવ્યા. અસંખ્ય "સીટીંગ્ઝ-બેઠકો" પછી જુદા-જુદા ચિત્રો, ફોટાઓ નિહાળી કેટલાક દિવસો પછી તેમના પૂતળાનું **'કલે મોડલ'** તૈયાર થયું.અંતે પીપલ્સ એજયુકેશન સોસાયટી માંગણી પ્રમાણે બ્રોન્ઝ ધાતુનું પ્રથમ પૂતળું તૈયાર થયું જેને રજિસ્ટ્રાર ચિત્રે કોલેજની લાઈબ્રેરીમાં પ્રસ્થાપિત કર્યું. આમ આ રીતે ડૉ.આંબેડકરનું પ્રથમ પૂતળું મૂકવામાં આવ્યું (ડૉ.બાબાસાહેબ ચ્યા સહવાસાંત (મરાઠી)ના આધારે) જો કે બાબાસાહેબના તૈલીચિત્રો મ્યુનિસિપાલીટીમાં મૂકાવનારા અને બાબાસાહેબના બાવલાં બનાવનારા પણ પ્રગતિશીલ હિન્દુઓ જ હતા તેની નોંધ લેવી જ રહી.

### તમારી પ્રગતિ ચકાસો -૩

**નીચેની ખાલી જગ્યામાં તમારા જવાબો લખો.**

(૧) હિન્દુકોડ બીલની વિગતો સંક્ષિપ્તમાં લખો.

___

___

___

(૨) ડૉ.આંબેડકરના રાજીનામાનાં મુખ્ય કારણો લખો.

___

___

___

(૩) ભાષાવાર રાજયપુન : રચના વિષેના ડૉ.આંબેડકરના વિચારો ટુંકમાં જણાવો.

___

___

___

(૪) ડૉ.આંબેડકરનો રીપબ્લીકન પક્ષ સ્થાપવાનો ઉદેશય ટુંકમાં લખો.

___

___

___

### ઉપયોગી પુસ્તકો

(૧) Dr. Baba saheb Ambedkar Writengs and Speeches vo;.13,
(2) Constituent Assembly Debate.vol. II
(૩) એલન કેમ્પબેલ જોહન્સન -Mission with Mount Betan
(૪) ડૉ.સવિતા આંબેડકરઃ ડૉ.બાબાસાહેબ ચા સહવાસાંત (મરાઠી)
(૫) સોહનલાલ શાસ્ત્રી : ડૉ. બાબાસાહેબ આંબેડકર કે સંપર્ક મેં પચ્ચીસ વર્ષ
(૬) ડૉ. નરેન્દ્ર જાદવ : ડૉ. આંબેડક આર્થિક વિચાર આણિ તત્ત્વજ્ઞાન
(૭) Dr. Lata Murugaker : Dalit Penthar Movement : A Sociological Appraisal

# એકમ : ૧૧ ધમ્મક્રાંતિના જ્યોર્તિધર ડૉ.બાબાસાહેબ આંબેડકર


**૧૧.૦** **ઉદ્દેશ**

**૧૧.૧ -** **ડૉ. આંબેડકરના બૌદ્ધધર્મ પ્રત્યેના આકર્ષણની વિસ્તૃત વિગતો તથા ઘટનાઓ**

**૧૧.૧ -** **ઈટાલીય ભિક્ષુ તથા ધર્માનંદ કોસોબીની ધારણાઓ ડૉ.આંબેડકર બૌદ્ધધર્મ જ સ્વીકારશે**

**૧૧.૧.૨ -** **ડૉ.આંબેડકરના શ્રીલંકા તથા બર્માનો પ્રવાસ તેમજ બૌધ્ધ ધર્મનો અભ્યાસ**

**૧૧.૧.૩ -** **૧૪, ઓકટોબરનો નાગપુરનો ભવ્ય ઐતિહાસિક બૌદ્ધધર્મ દીક્ષા સમારંભ**

**૧૧.૨ -** **ડૉ.આંબેડકરના બૌદ્ધ ધર્મ વિષેના નૂતન વિચારો તેમનો ગ્રંથ: The Buddha and This Dhamma**

**૧૧.૨.૧ -** **અંતિમ યાત્રા - પરિનિર્વાણ ૬, ડિસેમ્બર, ૧૯૫૬**

**૧૧.૨.૨** **વડાપ્રધાન નેહરુ, પંત, બાબૂ જગજીવનરામ ઈત્યાદિ નેતાઓનું આગમન તેમજ રાજસભા લોકસભામાં અંજલિ.**

**૧૧.૨.૩** **યુનેસ્કો તેમજ અન્ય મહાનુભાવોની ભાવભીની અંજલિઓ**


## ૧૧.૦ ઉદ્દેશ્ય

આ એકમમાં ડૉ.આંબેડરના બૌદ્ધધર્મ પ્રત્યેનાં આકર્ષણની ઘટનાઓ વિગતો વિષે વિચારીશું.

ડૉ.આંબેડકરના શ્રીલંકા અને બર્માનો પ્રવાસ તથા તેમાં બૌદ્ધધર્મના અભ્યાસ માટેની તેમની તાલાવેલી સાથે નાગપુરના ભવ્ય ઐતિહાસિક દીક્ષા સમારંભની વિગતો મેળવીશું.

ડૉ.આંબેડકરના પ્રસિદ્ધ ગ્રંથ, The Baddha and his Dhamma મનમાંથી વિશિષ્ટતાઓ વિચારીએ. અંતમાં ડૉ.આંબેડકરની અંતિમયાત્રા પરિનિર્વાણ વડાપ્રધાન નહેરૂથી માંડી રાષ્ટ્રના મહાન નેતાઓ દ્વારા અપાયેલી અંજલિ તથા લોકસભા રાજ્યસભામાં અપાયેલ અંજલિઓનો અભ્યાસ કરીશું.

## ૧૧.૧ ડૉ.આંબેડકરના બૌદ્ધધર્મ પ્રત્યેના આકર્ષણની વિગતો

ડૉ.બાબાસાહેબ આંબેડકર હવે વાર્ધક્યના આરે આવી પહોંચ્યા હતા. ૧૯૩૫ની યેવલા (નાશિક) યેવા પરિષદની ધર્માતરની પ્રતિજ્ઞા પરીપૂર્ણ કરવા તેઓ સતત ચિંતન કરતા હતા. વળી તેમના માટે ધર્માંતર એ જીવન મરણનો સવાલ હતો તેમણે કહ્યું હતું કે.

> ***"ધર્મ પરિવર્તન તે બાળકો રમત કે મોજશોખનો વિષય નથી. વળી વર્તમાનપત્રોમાં નિવેદનો કરવાનો મસાલો નથી. માનવજીવનથી સફળતા માટેનો ગહન વિષય છે. દલિતો માટે તો જીવન મરણનો સવાલ છે કે જેના ઉપર હવે પછીનું તેમનું ભાવિ આધારિત રહેશે. જહાજને એક બંદરેથી બીજા બંદરે લઈ જવા કમાનને જેટલી તૈયારી કરવી પડે તેથીય વિશેષ મારે કરવાની છે."***

ઉપર આપણે જોયું કે તેમની ધર્માંતરની ઘોષણા પછી આ મહાપુરૂષને તથા વિશાળ દલિતવર્ગને પોતપોતાના ધર્મમાં આણવા ગળાકાપ સ્પર્ધા ચાલી રહી હતી. ખટપટો પ્રલોભનોનો પણ પાર નહોતો. પરંતુ આ માનવતાવાદી મહાપુરૂષ આ બધાં પ્રલોભનોથી પર થઈ વિશિષ્ટ રીતે વિચારતા હતા. તેમનું એક આગવું સમાજ ચિંતન હતું. સ્પષ્ટ દર્શન હતું જેના કેન્દ્રમાં માનવ કલ્યાણ જ મુખ્ય બાબત હતી.

વળી કરૂણામૂર્તિ ડૉ.આંબેડકર પ્રતિશોધથી તદ્દન પર હતા. વેરની વસૂલાતથી તેઓ હંમેશા વેગળા રહેતા હતા. તેમને જાતિવાદી બ્રાહ્મણી સામાજિક વ્યવસ્થા સહેજપણ સ્વીકાર્ય નહોતી તેમ છતાં આ મહાન રાષ્ટ્રભક્તને ભારતીય સંસ્કૃતિની પરિસીમા પણ ઓળંગવી નહોતી જ રાષ્ટ્ર તેમને પ્રાણાધિક પ્રિય હતો. તેમણે સાફ શબ્દોમાં કહ્યું હતું કે,

> ***"અમે ઈસ્લામ અંગીકાર કરીશું તો અમારામાંના દરેક નવાબ બની જશે અને ખ્રિસ્તી બનીશું તો બધા પોપ બની જશે. શીખ બનીશું તો બધા સરદાર થઈ જે એવું માનવું તે નરી મૂર્ખતા છે. અમો સઘળી હકીકતોથી સંપૂર્ણ વાકેફ છીએ કે અમારા કલ્યાણ માટે અમારે જ સંઘર્ષ કરવાનો છે.***

*"અમે ભારતના મૂળનિવાસી છીએ. અમે એવા કોઈ પણ ધર્મને ન અપનાવી શકીએ કે જે અમને અમારી રાષ્ટ્રભક્તિથી વિચલિત કરે. એવા કોઈ ધર્મને ન સ્વીકારી શકીએ કે અમારી વફાદારીને વિદેશોમાં ઘસડી જાય. અમે ઈસ્લામનો અંગીકાર કરીશું તો ભારતમાં મુસ્લિમોની સંખ્યામાં વધારો થશે. દલિતો અરાષ્ટ્રીય* **DENATIONALISED** *થાય તે હરગિઝ મંજૂર નહોતું. પરિણામે ભારતમાં વિદેશ હિતોની દખલગીરી દાખલ થશે. જો અમે ખ્રિસ્તી બનીશું તો બ્રિટીશ ચાહકો ભક્તોની ભીડમાં વધારો થશે પરિણામે બ્રિટિશ સત્તા ભારતમાં બળવાન બનશે."*

આમ દેદીપ્યમાન દેશભક્ત ડો.બાબાસાહેબ આંબેડકરને રાષ્ટ્રભક્તિને તલભાર પણ આંચ ન આવે તેવો ભારતીય સંસ્કૃતિની ગરિમાની વૃદ્ધિ કરે તેવો સર્વજન હિતૈષી લોકોનુંક પાય (સંસ્કૃત) ધર્મ ખપતો હતો. તેઓ સમતાવાદી બુદ્ધિગમ્ય ધર્મની શોધમાં હતા. જો કે ૧૯૩૫ના તેમના યેવલાના ધર્માંતર પ્રવચનના અંતિમ શબ્દો સમજુ લોકોને સંકેત આપનારા હતા તેમણેએ કહ્યું.(૧૩-૧૦-૧૯૩૫)

*"ભગવાન બુદ્ધે પોતાના ભિક્ષુ સંઘને જે ઉપદેશ આપ્યો હતો તે મહાપરિનિર્વાણ સૂત્રમાંનો ઉપદેશ મને આ પ્રસંગે યાદ આવે છે. પોતાના શિષ્યોને ભગવાન બુદ્ધે કહ્યું હતું. હે આનંદ તમે દીપકની જેમ સ્વયં પ્રકાશિત બનો. પૃથ્વી જેમ પરપ્રકાશિત થશો મા. પોતાના ઉપર જ વિશ્વાસ રાખો. અન્યના દોરવાયા દોરવાશો નહિ. સત્યને જ વળગી રહો. સત્યનો આશ્રય ગ્રહણ કરો. અન્ય કોઈને આશ્રયે જશો નહિ...ભગવાન બુદ્ધના આ મહાન ઉપદેશ સાથે હું તમને કહું છું કે, તમે જ તમારો ઉધ્ધાર કરી શકશો. પોતાની બુદ્ધિને શરણે જાવ. અન્ય કોઈને પણ વશ થશો નહીં. સત્યનું શરણ ગ્રહણ કરો અને સત્યનો જ સહારો રાખો. ભગવાન બુદ્ધનાઆ ઉપદેશ પ્રમાણે તમે ચાલશો તો તારો નિર્ણય કદાપિ ખોટો ઠરશે નહીં."*

આમ ધર્માંતરની ઉદ્‌ઘોષણાના સમયે સમ્યક સંબુદ્ધની દેશના ને દોહરાવી ડો.આંબેડકરે અર્હન્ત બુદ્ધ પ્રત્યેને પોતાનો અહોભાવ વ્યક્ત કર્યો હતો. અંતરના ઉંડાણામાં પડેલી ભાવના વ્યક્ત થઈ હતી જે પોતાના ભાવિ માર્ગનો સંકેત આપતી હતી. અલબત્ત આ સંકેત જૂજ લોકો જ સમજયા હતા. રાષ્ટ્રના માતબર અંગ્રેજી દૈનિક ટાઈમ્સ ઓફ ઈન્ડિયા એ તેના તા.૨૬-૧૦-૧૯૩૫ના અંકમાં ડો.આંબેડરની ધમાંતરની ધોષણાની છાણાવટ કરતાં એક વિશેષ લેખ પ્રસિદ્ધ કરી પ્રશ્ન કર્યો હતો, શું ડો.આંબેડકર બૌદ્ધ બનશે ? Dr.Ambedkar to turn Buddhism તેના લેખકની વિચક્ષણ દષ્ટિને દાદ આપવી જ રહી.

ડો.ભીમરાવ આંબેડકરનો પીંડ ધર્મમય હતો. પોતાના પ્રવચનોમાં અવાર નવાર ધર્મ પ્રત્યેનો અનુરાગ પ્રગટ કરતા હતા. ધર્મના સંસ્કારો તેમને બાળપણથી જ પ્રાપ્ત થયા હતા. પિતા સુબેદાર રામાનંદ સંપ્રદાયમાંથી નીકળી આદિસંત કબીરના નિર્ગુંપંથના પૂજારી બન્યા હતા. વળી ૧૯૩૭ સુધી પોતાના લેટરપેડના મથાળા ઉપર 'જયભવાની' શબ્દો મુદ્દિત કરેલા હતા...

વળી સમગ્ર ભારતીય સંત પરંપરા નાથ સંપ્રદાયથી સંપૂર્ણપણે પ્રભાવિત હતી અને નાથસંપ્રદાય સિધ્ધોનું સર્જન હતી. સિદ્ધો મૂળે વ્રજયાન-સહજયાન દ્વારા બૌધ્ધધર્મના મહાયાનમાંથી ઊતરી આવ્યા હતા મધ્યકાલીન ભક્તિયુગની (પૌરાણિક) આધારભૂમિ મહાયાની ભક્તિ હતી. આમ ભારતીય સંત પરંપરાનો સ્ત્રોત બૌદ્ધ ધર્મમાંથી પ્રવાહિત થયો હતો. બૌદ્ધ વિચારધારા અધિષ્ઠાત્રી સ્વરૂપે પ્રતિષ્ઠિત હતી. બૌદ્ધ ધર્મના મહાયાનથી પ્રભાવિત આ સંત પરંપરાએ મધ્યકાલીન અંધકાર યુગમાં મુરઝાઈ રહેલા જનમનાસમાં શ્રધ્ધા-ભક્તિનો સંચાર કર્યો હતો. મ્લાન મુખમંડલ ઉપર જીવન જયોતિનો પ્રકાશ પાથર્યો હતો. અંધકારયુગની દલિત માનવતાને પોતાનું અસ્તિત્વ જાળવી રાખવામાં સહારો સાંપડયો હતો. શાસ્તા બુદ્ધની આ કરૂણાએ જ લથડતા ભારતને હાથ પકડીને ઊભો કર્યો હતો.

ભારતીય ભક્તિ યુગના સંતોની વાણી, ચિંતના અને આચારમાં આપણને બૌદ્ધ ધર્મની ઝાંખી થાય છે. તેમાંય કબીરની નિર્ગુણી વાણીને કારણે તો તેમને કેટલેક અંશે પ્રચ્છન્ન બૌદ્ધ તરીકે પીછાનવામાં આવે છે. પંડિતોની નગરી કાશીમાં જન્મેલા કબીરનું ઈરાદાપૂર્વક મગહરમાં મરવું ઘણા સંકેતો આપે છે. આવા કબીરપંથી રામજીના સુપુત્ર ભીમરાવમાં બુદ્ધાંકુર સુષુપ્ત રીતે પડેલાં જ હતાં. ૧૯૦૮માં મેટ્રિકની પરીક્ષા સફળ કર્યાના સત્કાર સમયે ગુરૂવર્ય દાદા કૃષ્ણાજી કેળુસ્કરે સ્વલિખિત પુસ્તક બુદ્ધચરિત્રની ભેટ ભીમરાવને આપી આંબેડકરમાંના સુષુપ્ત બુદ્ધાંકર ઉપર સલિલનું સિંચન કર્યું હતું. રોયલ એશિયાટિક સોસાયટી (મુંબઈ)ના ઉપક્રમે તા.૨૫-૭-૧૯૫૦ના દિવસે યોજાયેલ વ્યાખ્યાનમાં ડો.આંબેડકરે કહ્યું હતું કે, "પોતાની વિદ્યાર્થી અવસ્થાની જ તેમને ભગવાન બુદ્ધ અને બૌદ્ધધર્મ પ્રત્યે આકર્ષણ હતું"

ડો.આંબેડકર જાહેર જીવનમાં આવ્યા અને માર્ચ ૧૯૨૭માં તેમણે મહાડક્રાંતિનો સિંઘુડો છેડયો તે સમયે પણ તેઓ મહાડ પાસેની બુદ્ધગુફાઓ અચૂકપણે નિહાળી ઈતિહાસની સ્મૃતિ વાગોળી બૌદ્ધ ભિક્ષુઓના બહુજન હિતાય બહુજન સુખાય ભવ્ય ત્યાગને પોતાના કાર્યકરોને સમજાવતાં ભાવવિભોર બની આદર જાળવવા સાથેની કાર્યકરોને શિખામણ પણ આપી હતી. આવી જ રીતે જયારે તેઓ વાઈસરોયની કાર્યકારિણીના શ્રમમંત્રી હતા ત્યારે ભગવાન બુદ્ધના મહાપરિનિર્વાણ સ્થળ કુશીનગર ગયા હતા. ત્યાં પણ તેમણે ગદ્‌ગદ્ સ્વરે મહામાનવ બુદ્ધને પંચાંગ પ્રણામ કરી બૌદ્ધશિલ્પ સ્થાપ્તયની જાળવણી વિષે સરકારમાં ખાસ સૂચના આપી હતી. વિદ્વાન બૌદ્ધ ભિક્ષુ દિવગંત ડો.ધર્મરક્ષિત પોતાના સંસ્મરણોમાં આ હકીકત લખે છે.

મે.૧૯૩૨ની પ્રથમ અખિલ ભારતીય દલિતવર્ગ પરિષદ (કામઠી નાગપુર) ની સફળતા માટેના શુભેચ્છક સંદેશાઓના અંબારમાં અસ્પૃશ્યોએ આત્મોદ્ધાર માટે બૌદ્ધ ધર્મ અંગીકાર કરવો જોઈએ. એ પણ એક મહત્ત્વનો સંદેશો મહાબોધિ સોસાયટી ઓફ ઈન્ડિયાના (સારનાથ-બનારસ) મહામંત્રીએ પાઠવ્યો હતો જ.

ડો.આંબેડકરના ધર્માંતર વિષે મે,૧૯૩૩માં ગણેશ અક્કાજી ગવઈના જૂથે ગેરસમજ ફેલાવી કે ડો.આંબેડકર ઈસ્લામનો અંગીકાર કરશે ડો.આંબેડકર આ વખતે વિલાયત ગયા હતા. તેમના વિશ્વાસુ સાથીદાર સુબેદાર સવાદકરે પત્ર દ્વારા પૃચ્છા કરતાં લંડન ખાતે લખ્યું કે ' અમારી દલિતોની સમસ્યાઓ સુલઝાવ્યા સિવાય દલિત હૃદય સમ્રાટ ડો.આંબેડકર ઉતાવળમાં કોઈ નિર્ણય નહિ કરે તેનો પાકો ભરોસો છે. દુઃખી દલિતોને અંતરિયાળ એકલાં કેમ છોડે ? ગવાઈ જૂથની ગેરસમજને બેનકાબ કરતો તા.૧૩-૯-૧૯૩૩ પ્રત્યુત્તર પાઠવી ડો.આંબેડકરે સવાદકરને સ્પષ્ટ લખ્યું કે, (વિજય સુરવાડે પત્ર વ્યવહાર પૃ.૧૪૨)

“હાલ તો હું આપણા લોકોનો ઉજળા ભવિષ્ય માટેની પ્રવૃત્તિઓમાં એટલો બધો ખૂંપી ગયો છું કે મારી અંગત બાબતો પણ વિસરી ગયો છું. મારૂં વ્યક્તિગત સ્વાતંત્ર્ય પણ વિસ્મૃત થઈ ગયું છે. પરંતુ હું બૌદ્ધધર્મ તરફ ઝુકી ગયો છું. બાકી ઈસ્લામનો સ્વીકાર હરગિઝ નહી કરૂં. આમ ધર્માંતરની યેવલા પરિષદ પૂર્વે છેક ૧૯૩૩માં પણ ધર્માંતર બાબતે પોતાના વિચારોમાં તેઓ ઘણા જ સ્પષ્ટ હતા. આ અરસામાં તેણે દાદર હિન્દુ કોલોનિમાં પોતાનું નવું મકાન બનાવ્યું હતું. જેનું નામ પણ તેમણે 'રાજગૃહ' રાખી બુદ્ધ ભગવાન પ્રત્યે પોતાની ભક્તિને શ્રદ્ધાસુમન સમર્પણ કર્યું હતું. જાન્યુઆરી ૧૯૩૮માં મળેલ ખ્રિસ્તી મિશનને પણ તેમણે જણાવ્યું હતું કે મારા મન ઉપર બે વ્યક્તિનો પ્રભાવ છે, જેમાં પ્રથમ બુદ્ધ અને બીજા ઈસુ છે. ખ્રિસ્તી મિશનને ત્યાં ખાતરી થઈ ડો.આંબેડકર બૌદ્ધ જ બનશે.

## ૧૧ : ૧ : ૨ ઈટાલી ભીમલોકનાથ અને ધર્માનંદ કોસંબીની ધારણાઓ

ડો.બાબાસાહેબે જ્યારે ધર્માંતરની ઘોષણા કરી ત્યારે લગભગ ૨૦૦ ટેલિગ્રામ આવ્યા હતા. તેમાં સારનાથ મહાબોધિ સોસાયટીના મંત્રી ભિક્ષુ સંઘરત્ને તાર મોકલી બૌદ્ધ માટેનું નિમંત્રણ પાઠવી આંબેડકરની શૈશવસ્થાથી સુષુપ્ત પડેલા બુદ્ધાંકર પર સલિલ સિંચન કર્યું. ઈટાલિયન બૌદ્ધ ભિક્ષુ સવાટોરે (લોકનાથે) તા.૧૦-૬-૧૯૩૬ના દિવસે બાબાસાહેબ સાથે બે કલાક વિચાર વિનિમય કરી પેલા બી ઉપર જળસિંચન કર્યું હતું વળી તા.૨૭-૧૦-૧૯૩૫ના દિવસે બૌદ્ધધર્મના પ્રકાંડ પંડિત પ્રાં. ધર્માનંદ કૌસંબી પણ ડો.બાબાસાહેબને રાજગૃહમાં મળ્યા હતા. તેમની વચ્ચે કલાકો સુધી વિચાર વિનિમય થયો હતો. પ્રા.ધર્માનંદ તે રાત્રે વર્ધા ગયા અને ગાંધીજીને મળીને કહ્યું કે, મને ચોક્કસપણે ખાતરી થઈ ગઈ છે કે ડો.આંબેડકર બૌદ્ધધર્મ જ સ્વીકારશે. આથી દલિતોને બૌદ્ધધર્મ પ્રતિ વાળવા પરેલ બાજુ એકાદ વિહાર બાંધી ત્યાં રહેવાની પ્રવૃત્તિ કરવાની મારી ઈચ્છા છે. આથી થોડી આર્થિક સહાયની વ્યવસ્થા કરો. ગાંધીજીએ પૂછયું કેટલો ખર્ચ થશે ? કૌસંબીએ કહ્યું આશરે ૧૭-૧૮ હજાર તો ખરા જ. જોડે બેઠેલ જુગલકિશોર બિરલાએ સાડાસાત હજારનો ચેક પ્રા.ધર્માનંદ કૌસંબીના નામે લખી આપ્યો. પરિણામે ૧૯૩૬માં (મુંબઈ) પરેલમાં બહુજન વિહારનું નિર્માણ થયું હતું ત્યારથી ધર્માનંદજી પણ આ વિહારમાં દલિતો મજૂરોમાં બૌદ્ધધર્મ પ્રચારનું કાર્ય કરવા લાગ્યા હતા.

વળી ઈટાલિયન બૌદ્ધ ભિક્ષુ લોકનાથ (સવાટોરે) તો ડો.બાબાસાહેબના ધાર્મિક જ્ઞાનથી સવિશેષ બૌદ્ધધર્મના જ્ઞાનથી ઘણા જ પ્રભાવિત થયા હતા. તેમને પ્રથમ મુલાકાતે જ ખાતરી થઈ ગઈ હતી કે, ડો.આંબેડકર બૌદ્ધધર્મ જ અપનાવશે. મે ૧૯૩૬માં કોલંબો (શ્રીલંકા)થી તેમણે ભારતીય દલિતોને ઉદ્દેશી

એક પત્ર પાઠવ્યો હતો. ડો.આંબેડકર જોડે પત્રવ્યવહાર પણ કર્યો હતો. તે સઘળા સાહિત્ય તેમજ તેમણે પોતે બૌદ્ધધર્મ કેમ સ્વીકાર્યો હકીકતોનું બયાન કરતું એક પેમ્ફલેટ પણ ભિક્ષુ લોકનાથે પ્રસિદ્ધ કરી ડો.આંબેડકરના સુચન પ્રમાણે દલિતોમાં વિતરીત કર્યું હતું. તેમણે ભારતીય દલિતોને હૃદયસ્પર્શી અપીલ કરતાં લખ્યું કે,

''દલિતો યાદ કરો...એક સમયે તમે બૌદ્ધ હતા. હિન્દુધર્મમાં ભળી જવાના આપના ઈનકારને કારણે જ તે લોકોએ તમને પીડયા દલિત કર્યા આજે વિશ્વનો ત્રીજો વ્યક્તિ બૌદ્ધ છે. તમે પણ બૌદ્ધ બની વિશ્વની બૌદ્ધ બિરાદરીમાં સામેલ થઈ જાવ. બૌદ્ધોમાં જાતિ-પાંતિ નથી. ભન્તે લોકનાથે તા.૨૧-૮-૧૯૩૬ના દિવસે બીજો પત્ર પાઠવી શ્રીલંકા, બર્મા નેપાલની વિગતો આપી તે બધાને ભારતમાં ભેળવવા બૌદ્ધધર્મની હિમાયત કરતાં ડો.આંબેડકરને શ્રીલંકા પધારવાનું નિમંત્રણ પાઠવતાં લાગણી સભર શબ્દોમાં લખ્યું. જેમાં માર્મિકતા હતી. તેઓ લાગણી સભર શબ્દોમાં લખે છે.

તમે જલ્દીથી બૌદ્ધધર્મ બનો, તમને બૌદ્ધધર્મમાં તે તમામ વસ્તુઓ પ્રાપ્ત થશે જેની તમને જરૂર છે. બૌદ્ધધર્મમાં રાજપુરૂષોને સુંદર રાજનીતિ મળશે. વૈજ્ઞાનિકોને સુંદર વિજ્ઞાન સાંપડશે અને ડોકટરોને એક અમૂલ્ય ઔષધિ પ્રાપ્ત થશે. ડો.આંબેડકર જેવા સંતને એક ઉચ્ચતમ પદ નિર્વાણ મળશે. તેમણે પોતાના પત્રમાં શીખધર્મ વિષે લખતાં કહ્યું કે, શીખ ધર્મ કરતાં બૌદ્ધધર્મ અનેકગણો વૈજ્ઞાનિક ધર્મ છે...તમે શીખ બનશો નહિ. શીખનેતાઓ તેમનું નેતૃત્વ તમને સોંપશે નહિ..પરિણામે આપ ગુરૂ મટી શિષ્ય થઈ જશો. તથા નેતા મટી અનુયાયી કાર્યકર બની જશો. માટે આપને બૌદ્ધ જ બનવું જોઈએ વળી બૌદ્ધધર્મની ખૂબીઓ વર્ણવતાં ભિક્ષુ લોકનાથે વધુમાં લખ્યું હતું કે.

'બૌદ્ધધર્મ આંતરિક તેમજ બાહ્ય સ્વાતંત્ર્યનું શિક્ષણ આપે છે. જેણે પોતાના ઉપર વિજય પ્રાપ્ત કર્યો હોય પોતાના મન તન ઉપર કાબૂ મેળવ્યો હોય તેને બીજો કોઈ નિયંત્રિત કરી શકે નહિ. ગુલામ બનાવી શકે નહિ બૌદ્ધધર્મ સર્વોચ્ચ વીરતા અને આત્મવિજયનું શિક્ષણ આપે છે. જે વિચારો જાપાની લોકોને વીર બનાવી શકે છે તે દશપામામિતા બોધિસત્ત્વનો આદર્શ હોય છે.

दाने च सीलं नेकरामां पण्यां विरयो न पम्गूयमा
रकती सत्त्व अधिट्ठानं मेतुपेकखा तिमो दशा ॥

(દાન, શીલ, ત્યાગ, પ્રજ્ઞા, વીર્ય, ક્ષાન્તિ, સત્ય, સંકલ્પ, મૈત્રી, ઉપેક્ષા પારમિતાઓ છે.)

બૌદ્ધધર્મ બધા અસ્ત્રોમાં અમોધ અસ્ત્ર છે. મૈત્રી કરૂણા દ્વારા મહાન વિજયો પ્રાપ્ત કરી શકાય છે. માત્ર બૌદ્ધધર્મ જ માનવમુક્તિનો જયધોષ કરાવી શકશે કારણ કે તેમાં મૈત્રી કરૂણા છે. વિજ્ઞાન જોડે કદમ મિલાવવાની ક્ષમતા છે. જ્યારે અન્ય કેટલાક ધર્મમાં સંઘર્ષ અને શસ્ત્રોની વાતો છે. વિજ્ઞાનની વિરૂદ્ધનું વર્તન છે. જડતા છે. આવો બૌદ્ધધર્મોમાં આપ પધારો દલિતો પધારો. તેમાં આપનું શ્રેય છે અમે વિશ્વના કરોડો બૌદ્ધો આપના સ્વાગત માટે થનગની રહ્યા છીએ...

આમ પ્રા. ધર્માનંદ કૌસંબી અને ઈટાલિયન ભિક્ષુ લોક બંને છેક ૧૯૩૫માં કહી ગયા હતા કે ડો.આંબેડકર બૌદ્ધ જ ધર્મ સ્વીકારશે. પરિણામે બંને મહાનુભાવો આ પ્રવૃત્તિમાં પ્રવૃત્ત હતા. ભિક્ષુ લોકનાથે ડો.આંબેડકર જેવા મહાપુરૂષને બૌદ્ધધર્મમાં આણવા અથાક પ્રયત્નો કર્યા. જ્યારે પ્રા.ધર્માનંદે કૌસંબી તો પરેલમાં બુદ્ધ વિહાર બનાવી પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત થઈ ગયા. ધૂણીધખાવીને બેઠા હતા.

ડો.આંબેડકરને પોતાના ધર્મમાં લઈ જવા લગભગ બધા જ ધર્મો વચ્ચે ગળાકાપ સ્પર્ધા હતી તેમાં નોંધપાત્ર હકીકત એ હતી કે, લગભગ તમામ ધર્મોના આગેવાનોએ ડો.આંબેડકર જેવા મહાન પ્રજ્ઞાવાન પુરૂષને પ્રલોભનો આપવાના હીન પ્રયત્નો કર્યા હતા. આ બધા લોકો જાણે કે કોઈ વસ્તુ ખરીદવા નીકળ્યા ન હોય તેવો તેમનો અભિગમ હતો. તેઓ ધાર્મિક ઓછા વેપારી વધારે લાગતાં હતાં. તેમનો સમગ્ર અભિગમ હીણપત ભર્યો હતો દુખદ હતો. જેમ કે મુસલમાનો તરફથી નિઝામે કરોડોની ઓફર કરી હતી પતિયાળાના મહારાજાએ પતિયાળા રાજયના પ્રધાન બનવાનું પ્રલોભન મૂક્યું હતું. તો તેના મુખ્યમંત્રીએ ડો.આંબેડકર શીખ ધર્મ સ્વીકારે તો પોતાની પુત્રી પરણાવવાની ઓફર મુખ્યમંત્રીશ્રીએ કરી હતી. અમૃસરના સ્વર્ણમંદિરના ભવ્ય સન્માન સમારંભમાં આખા બોલા આંબેડકરે કહ્યું કે હું- "શીખ ધર્મને સમજવા આવ્યો છું. કોઈ સોદો કરવા નહિ. ખ્રિસ્તીઓએ પણ ઘણી બધી ખેરાત કરવાની યોજના પ્રસ્તુત કરી હતી."

ડો.આંબેડકર જેવા પ્રજ્ઞાવાન પુરૂષને પરખવામાં આ બધા જ ઊણા ઊતર્યા હતા. વામણા પુરવાર થયા હતા. એકમાત્ર બૌદ્ધધર્મના આગેવાનો ભિક્ષુઓનો અભિગમ સંપૂર્ણ રીતે શુદ્ધ ધાર્મિક અને બૌદ્ધધર્મ દ્વારા કદાપિ કોઈપણ પ્રકારનાં પ્રલોભનો આપવાના તલમાત્ર ઈશારો પણ થયો ન હતો. બુદ્ધિવાદી બૌદ્ધધર્મીઓએ માત્ર પોતાના ધર્મ (વૈજ્ઞાનિક વિચારસરણી) જ વ્યવસ્થિત રીતે આ પ્રજ્ઞાપુરૂષ સમક્ષ પ્રસ્તુત કર્યો. વળી તેમને એ પણ ખબર હતી કે કોઈ પણ બુદ્ધિમાન પુરૂષ બૌદ્ધધર્મને જ પસંદ કરે. ઈશ્વરપ્રેરિત ધર્મના વિરોધી સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈન ને પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે -

જો મારે ધર્મ પસંદ જ કરવો પડે તો હું બૌદ્ધધર્મને જ સ્વીકારૂં...ચંગીઝખાન જેવુ ક્રૂર વિજેતાને (બારમી સદી) પણ કહેવું પડયું કે, બૌદ્ધધર્મ હથેલી સમાન છે. જ્યારે બીજા ધર્મ (તેને વળગેલી) આંગળીઓ સમાન છે.

બૌદ્ધધર્મીઓની ગણતરી અને પ્રક્રિયા તદ્દન સાચી હતી. ડો.આંબેડકર જેવા પ્રજ્ઞાવાન પુરૂષને બૌદ્ધધર્મ જ ગમે તેમાં શંકાને કોઈ સ્થાન જ નહોતું. કારણ કે તે સદધર્મ હતો. આમ ડો.આંબેડકરમાં પ્રચ્છન્ન રીતે પડેલાં સદધર્મના બુદ્ધાંકરને સતત સલિલનું સિંચન થયું જ રહ્યું હતું. તે બુદ્ધાંકર હવે છોડવાનું સ્વરૂપ ધારણ કરી રહ્યો હતો. સપ્ટેમ્બર.૧૯૪૪માં દક્ષિણ ભારતના ડો.બાબાસાહેબ આંબેડકરના પ્રવાસ સમયે દક્ષિણ ભારતીય બૌદ્ધ એસોસીએશને તેમનો સત્કાર કર્યો અને સન્માનપત્ર સમર્પણ કરી બૌદ્ધધર્મ પ્રત્યેની ડો.આંબેડકરની અભિરુચિમાં વૃદ્ધિ કરી હતી. બૌદ્ધધર્મ પ્રત્યેના ઝુકાવને વેગ આપ્યો હતો. વાઈસરોયની કાર્યકારીણીના શ્રમમંત્રી તરીકે આ અરસામાં તેઓ દિલ્હી રહેતા હતા ત્યારે અસંખ્ય લોકો તેમના દર્શને આવતા જેમની સાથે નાનાં શિશુઓ હોય તેમનાં નામ પૂછતાં એ તેવાં બાળકોનાં નામ બૌદ્ધધર્મ પ્રમાણે તેઓ જાતે સૂચવાતા હતા. કાનપૂરમાં બુદ્ધપૂરી નાં બૌદ્ધ અવશેષો સાચવવા તેમણે કરણસિંગને કાનપૂર મોકલ્યા હતા. ભગવાન બુદ્ધ પ્રત્યેની બાબાસાહેબની શ્રદ્ધા પ્રતિદિન પ્રબળ બનતી જતી હતી. જ્યારે જ્યારે તેમને સમય મળતો ત્યારે ત્યારે તેઓ અચૂક બોધગયા જતા અને જે બોધિવૃક્ષ નીચે સિદ્ધાર્થને બુધ્ધત્ત્વ પ્રાપ્ત થયું ત્યાં કલાકોના કલાકો ગાળતા હતા. તેમને એવું લાગતું કે જાણે તેમને ભગવાન બુદ્ધનો ભેટો થયો ! આંબેડકર પ્રથમ ચરિત્ર લેખક રામચંદ્ર બનોધા સાથેની મુલાકાતમાં (૧૯૪૬) પણ તેમણે કહ્યું કે આપણે જો કોઈ ધર્મ સ્વીકારી શકીએ તેમ હોઈએ તો બૌદ્ધધર્મ જ છે. જેમાં આપણું સંપૂર્ણ સન્માન છે. જ્યાં જાતિવાદ નથી શોષણ નથી બધાં સમાન બને છે...તેમાં કોઈ ઉચ્ચ નથી નીચ નથી... ૧૯૪૪માં તેમણે રાજગીર, નાલંદા, કુશીનગરની બૌદ્ધયાત્રા કરી નાલંદામાં ખંડેરોમાંથી ખંડિત થયેલી બુદ્ધ મૂર્તિઓ નિહાળી ત્યારે તેમની આંખમાંથી આંસુ સરી પડ્યા આ તેમની બુદ્ધભક્તિ હતી.

૧૯૪૨ થી તેઓ બુધ્ધ પૂર્ણિમાની રજા બાબતે બ્રિટીશરો જોડે (વાઈસરોયની કારોબારીમાં) બાખડતા હતા વિશ્વયુદ્ધને કારણે બ્રિટીશરો માન્યા નહિ. છેવટે સ્વતંત્ર ભારતમાં તેમને સફળતા સાંપડી આ કાર્યમાં પ્રધાન મંડળના સાથી પ્રધાન ડો.શ્યામા પ્રસાદ મુખરજીનો સહયોગ નોંધપાત્ર હતો. ભારતીય જનસંઘના જનક શ્યામા પ્રસાદ મુખરજી ભારતની સૌથી વિશાળ અને જુની આંતરરાષ્ટ્રીય બૌદ્ધ સંસ્થા મહાબોધિ સોસાયટી ઓફ ઈન્ડિયા (કલકત્તા) ના ૧૯૪૨-૫૩ સુધી લોકપ્રિય પ્રમુખ રહ્યા હતા તેમના પિતા દિવંગત ન્યાયમૂર્તિ આસુતોષ મુખરજીએ પણ પ્રથમ ભારતીય પ્રમુખ તરીકે આ સંસ્થાને ૧૯૧૧-૧૯૨૪સુધી સેવાઓ આપી હતી. બર્મી બૌદ્ધ ભિક્ષુ ઉત્તમ પણ હિંદુ મહાસભાના પ્રમુખ રહ્યા હતા જેમનો પણ સહયોગ હતો.

ગાંધીજીના અવસાનથી રાજધાની દિલ્હીમાં હિંસા હુલ્લડોનો હુતાસન સળગ્યોહતો એક મોટું ટોળુ (હિન્દુ મહાસભાના પ્રમુખ હોવાને કારણે) ડો.શ્યામા પ્રસાદ મુખરજીના નિવાસસ્થાન તરફ વળ્યાના સમાચાર સાંપડતા તેમને ડો.આંબેડકરે ફોન કર્યો અને બાબાસાહેબે તેમને પોતાને ત્યાં આવવાનું કહ્યું. ડો.શ્યામા પ્રસાદ તુરંત (હાર્ડીંગ એવન્યુ)તિલકરોડ પર બાબાસાહેબને ત્યાં આવી પહોંચ્યા અને ભયની આશંકા નિર્મુળ ન થઈ ત્યાં સુધી ત્યાં રહ્યા હતા. આ સમયે તેઓ હિન્દુ મહાસભાના પ્રમુખ હતા (શાસ્ત્રી અંગ્રેજી પૃ.૧૩૦) આમ ડો.શ્યામા પ્રસાદ મુખરજી અને ડો.આંબેડકર વચ્ચે ઘનિષ્ઠ સંબંધો રહ્યા હતા. ડો.શ્યામા પ્રસાદ મુખરજીએ પાછળથી પ્રધાનમંડળમાંથી રાજીનામું આપ્યુ હતુ.

પોતાની સંસ્થા પીપલ્સ એજ્યુકેશન દ્વારા પ્રથમ કોલેજની સ્થાપના કરી તેનું નામ પણ તેમણે સિદ્ધાર્થ કોલેજ રાખ્યું હતું અને તેની બે બિલ્ડીંગના નામ પણ **'બુદ્ધ ભવન'** અને **'આનંદ ભવન'** આપી પોતાની બુદ્ધ ભક્તિની પ્રતીતિ કરાવી હતી.

પ્રાધ્યાપક પી લક્ષ્મી નરસનું The Essence of Buddhism પુસ્તક (બૌદ્ધધર્મનો સાર) તેમને અતિપ્રિય હતું. તેમણે પોતાની પ્રસ્તાવના સાથે ૧૯૪૮ તેનું પુનઃમુદ્ર કરાવ્યું હતું. આમ બૌદ્ધધર્મના પ્રચાર પ્રસારમાં પોતાના યોગદાનનો પ્રારંભ કર્યો હતો. ૧૯૪૮ના પ્રારંભમાં પ્રસિદ્ધ થયેલા તેમનાં ગ્રંથ...THE UNTOUCH ABLES Who were they and why they become untouchables ? માં સચોટ ઐતિહાસિક પુરાવા સાથે તેમણે પુરવાર કરી નૂતન મૌલિક ઐતિહાસિક સિદ્ધાંત પ્રસ્થાપિત કર્યો કે - આજના અસ્પૃશ્યો એક સમયે બૌદ્ધ જ હતા. પરંતુ બ્રાહ્મણ વિ.બૌદ્ધ સંઘર્ષને પરિણામે આશરે ચોથી સદીની આસપાસ આ વેરવિખેર થયેલા બૌદ્ધ Broken men ને અસ્પૃશ્ય બનવું પડયું...

શ્રીલંકાના Young Men Buddhist Association ને વિશ્વ બૌદ્ધ પરિષદનું નિમંત્રણ પાઠવ્યું જેનો સ્વીકાર કરી મે, ૧૯૫૦માં તેમણે સજોડે બૌદ્ધ રાષ્ટ્ર શ્રીલંકાનો પ્રવાસ ખેડયો. બૌદ્ધધર્મ અને બૌદ્ધ આચાર પરંપરાનો અભ્યાસ પણ કર્યો.

**તમારી પ્રગતિ ચકાસો -૧**

**નીચેની ખાલીજગ્યામાં તમારા જવાબો લખો.**

(૧) ડો.આંબેડકરે ઈસ્લામ અને ઈસાઈ ધર્મનો ઈન્કાર કેમ કર્યો ?

______________________________

______________________________

______________________________

(૨) ડો.આંબેડકરના બૌદ્ધધર્મ સ્વીકારવાનાં-વિચારોના કારણો સમજાવો.

______________________________

______________________________

______________________________

(૩) ડો.આંબેડકરના ગ્રંથ 'અસ્પૃશ્ય કોણ હતા તે કેવી રીતે અસ્પૃશ્ય થયા'ના મહત્વના મુદ્દા લખો.

______________________________

______________________________

______________________________

## ૧૧.૧.૨ ડો.આંબેડકરનો શ્રીલંકા તથા બર્માનો પ્રવાસ

"કોલંબોમાં એક નદીના વચ્ચે કેટલીક નૌકાઓ એકઠી બાંધી તેના (સીમા) પર ભિક્ષુ સંઘનો ધાર્મિક સંસ્કાર (ઉપસંપદા) રાતના બાર વાગે કરવાનો હતો. દૂર દૂરથી લોકો જોવા આવ્યા હતા. વરસાદ પડવા માંડયો. ઘણા લોકો ઉઠીને ભાગવા માંડયા અમે પણ ભાગી આવનારામાંના જ હતા. બીજા દિવસે ખબર મળી કે બાબાસાહેબ રાતના બે વાગ્યા સુધી ત્યાંને ત્યાં જ બેસી રહ્યા અને પૂર્ણાહુતિ પછી જ પાછા ફર્યા હતા."

"અધ્યયન કેટલાય પ્રકારનું હોય છે. એક ટૂંકી દ્રષ્ટિથી ઉતાવળે કરવામાં આવતું ઉપલકીયું છીછરૂં અધ્યયન અને બીજું કોઈ વાતના પેટાળમાં પહોંચી કરવામાં આવતું ગહન અધ્યયન...! બાબાસાહેબનું અધ્યયન કેવા પ્રકારનું હતું તે આ નાનકડી ઘટનાથી સ્પષ્ટ થઈ શકે છે." (ભિક્ષુ આનંદ કૌસલ્યાયન)

રંગુન (બ્રહ્મદેશ) થી લાવેલી બુદ્ધમૂર્તિ તેમણએ દેહુરોડના વિહારમાં પ્રતિષ્ઠીત કરી. કારણ કે આંબેડકરની પ્રવૃત્તિનું આ પ્રથમ બુદ્ધ વિહાર હતું. બારસો વર્ષ પછી ભગવાન બુદ્ધના ધર્મને તેમની

માતૃભૂમિમાં પરત આણવાનું મહત્ત્વનું ઐતિહાસિક કાર્ય હતું. તેનું સઘળું શ્રેય દલિતોને છે. તેમણે પોતાના પ્રવચનમાં કહ્યું કે હું મારૂં ઉર્વરિત આયુષ્ય બૌદ્ધધર્મના પ્રચાર પ્રસાર માટે ખર્ચીશ. મારો બૌદ્ધધર્મ ઉપર લખાતો ગ્રંથ પૂર્ણ થશે એટલે હું બૌદ્ધધર્મનો અંગીકાર કરીશ. સોરાબાજી ટાટા ટ્રસ્ટ મંડળ તરફથી આ ગ્રંથના પ્રકાશન માટે ત્રણ હજારની સહાય પણ પ્રાપ્ત થઈ. આ પુસ્તક પ્રકાશનની સઘળી જવાબદારી સિદ્ધાર્થ કોલેજનાં ગ્રંથપાલ એસ.એસ.રેંગે સંભાળતા હતા તેઓ આ ગ્રંથને જલ્દી પ્રસિદ્ધ કરવા માંગતા હતા. તેમણે પંઢરપુરના વિઠોબાના મંદિરને બૌદ્ધમંદિર તથા બુદ્ધમૂર્તિ તરીકે ઓળખાવી તેના વિષે ઐતિહાસિક સંશોધિત લેખ લખવાની પણ ઘોષણા કરી હતી. બૌદ્ધધર્મના પ્રચાર પ્રસાર માટે ભારતીય બૌદ્ધજન સમિતિની સ્થાપના કરી આગળ જતાં તેનું નામ ભારતીય બૌદ્ધ મહાસભા The Buddhist Society of India રાખવામાં આવ્યું હતું. તેમના વીલમાં આ સંસ્થાને બુધ્ધભૂષણ પ્રેસ આપવાનું દર્શાવ્યુ હતું.

જાપાનની આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંપર્ક સોસાયટીના ડો.ફિલિકસં વાયલીએ નિમંત્રણ પાઠવ્યું હતું. ટોકિયોમાં મળનારી બૌદ્ધ પરિષદમાં તેમને જૈન બૌદ્ધ વિષે સંશોધન લેખ પ્રસ્તુત કરવાની વિનંતી કરતાં ટોકિયોના ડો.ફિલિકસ વાયલીએ લખ્યું હતું કે.

''ભારતીય બૌદ્ધ નેતા તરીકે આપ જાપાનમાં સુપ્રસિદ્ધ છો. આપની આંતરરાષ્ટ્રીય કીર્તિને કારણે અમારા કાર્યની વિશ્વમાં નોંધ લેવાશે તો આપ આ પરિષદમાં પધારો.... "મહેસુરના મહારાજાએ ડો.આંબેડકરને તેમની બૌદ્ધધર્મની પ્રવૃત્તિ માટે(બેંગલોરમાં) પાંચ એકર જમીન આપવાનું વચન આપ્યું હતું. તેના વિષે પણ ડો.ફિલિકસે નિમંત્રણ પત્રમાં પૃચ્છા કરી હતી ડો.આંબેડકરના આ જમીનમાં વિશ્વ બુદ્ધ સંસ્થાઓના સહકારથી બુધ્ધ વિહાર વ્યાખ્યાન હૉલ તેમજ બૌદ્ધપ્રચારકો માટેની તાલીમ આપતી સંસ્થા ઊભી કરવાનું આયોજન કરી રહ્યા હતા એક અબજોપતિ અમેરિકન સન્નારીએ ડો.આંબેડકરને આ કાર્યમાં સહાય કરવાનું વચન પણ આપ્યું હતું. જો કે ડો. આંબેડકર પોતાની નાદુરસ્ત તબિયતને કારણે આ પ્રોજેક્ટને હકીકત બનાવી શક્યા નહોતા. પરંતુ નાદુરસ્ત તબિયત હોવા છતાં પણ સતત પ્રવૃત્તિમય તો રહેતા જ હતા. તેમને હવે પોતાના જીવન ઉપરનો એતબાર ઉઠી ગયો હતો. તેઓ પોતાનાં અવતાર કાર્યો સમેટી લેવા માંગતા હતાં. પોતાના અધુરાં રહેલાં ગ્રંથો માટે પણ તેઓ રાત દિવસ સતત લખ્યાં કરતા હતા. એક પ્રસંગ વર્ણવતા ભિક્ષુ આનંદ જેવા અંતેવાસી નાનકચંદ રત્તુ લખે છે કે ૧૯૫૧ માં શરૂ કરેલો બૌદ્ધધર્મ પરનો તેમનો ગ્રંથ ભગવાન બુદ્ધ અને તેમનો ધર્મ હજુ પુરણ થયો ન હતો ત્યાં તો ભારતમાં ક્રાંતિ અને પ્રતિક્રાંતિ Revolution and counter Revolution તેમજ બુદ્ધ અને કાર્લ માકર્સ Buddha and Karl marks ગ્રંથ એક સાથે લખાવવા માંડયા. ડો.બાબાસાહેબ એક સાથે ઘણા ગ્રંથો લખતા હતા જોડે જોડે ડિસેમ્બર ૧૯૫૪માં શરૂ કરેલો Riddles in Hinduism માં પણ સુધારા વધારા ચાલુ કર્યા હતા. બધા ગ્રંથોમાં પ્રકરણો ઉમેરાંતા તેમજ પ્રકરણો બદલાતાં પણ હતા. બાબાસાહેબ રાત દિવસ સખત પરિશ્રમ કરતા હતા.

બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન (લંડન) દ્વારા તેમના બૌદ્ધધર્મ વિષે એક વાયુ વાર્તાલાપ પ્રસારિત વયો. જેમાં તેમણે સામ્યવાદ માકર્સવાદ વિકલ્પે બૌદ્ધધર્મની મહત્તા સમજાવી હતી જીવનના અંતિમ સમયમાં તેઓ રોમ રોમ બુદ્ધમય બની ગયાં હતાં. સતત બુદ્ધનું શરણું સ્વીકારવાની તાલાવેલી હતી.

## ૧૧ : ૧ : ૩ આંબેડકરનો નાગપુરનો ભવ્ય બૌદ્ધધર્મ દીક્ષા સમારંભ

કવિવર રવિન્દ્રનાથ ઠાકુરની કર્ણપ્રિય કાવ્ય પંક્તિઓ ડો.આંબેડકરના કાનમાં ગુંજતી હતી જેમાં તથાગતબુધ્ધને વંદતાં કહેવામાં આવ્યું હતું કે ભગવાન બુદ્ધ પધારો...આ રાષ્ટ્રને જગાડો...બુદ્ધના સ્થાનનો મહિમા ગાતાં કવિએ કહ્યું કે જયાં મન નિર્ભય છે. જ્ઞાન નિબંધ છે. વિશ્વ સંકીર્ણતાથી પર છે આ શબ્દ સત્યના અપાર અપાર ઉંડાણમાંથી બહાર આવે છે.

આમ પ્રસ્તુત વિપુલ વિગતો ઉપરથી ફલિત થાય છે કે, ડો.બાબાસાહેબ આંબેડકરમાં શિશું અવસ્થાથી પડેલાં બુદ્ધાંકર ઉપર સતત સલિલ છંટકાવ થતાં તે વૃદ્ધિ પામતું ગયું. પ્રતિદિન પ્રબળ બનતું ગયું. મહામાનવ બુદ્ધ અને તેમના બૌદ્ધધર્મ પ્રત્યેનો અહોભાવ ભક્તિમાં પરિણમતો ગયો. વળી બૌદ્ધધર્મ એ ભારતને વિશ્વમાં ગુરૂ સ્થાને સ્થાપનાર ભારતીય સંસ્કૃતિના ગૌરવનું પ્રતીક છે. તેના દ્વાર સર્વ માટે ખુલ્લાં છે. તે નગરવધુ આમ્રપાલીનું આશ્રય સ્થાન છે. દૂષિત જીવિકાથી અકળાયેલી રંજ તથા વિમલા

માટે વિસામો છે. સંતમનારી પટચારા માટે જયાં પ્રેમ છે. તેમજ લૂટાંરા અંગુલિમાનનું જયાં અંતિમ શરણું છે. સુનિત-સુપાક જેવા શુદ્રોનું જેમાં શ્રેય છે. તેમજ નાયી ઉપાલિનું જયાં સન્માન છે. વળી વિષમતાના વિષદો ઘરનો જયાં સદંતર અભાવ છે. મેતરાણીથી મહારાણી ભંગીથી બ્રાહ્મણ બધા સમાન અને સમતાના અમૃત જયાં રેલમછેલ છે. અશાંતિના આરે ઉભેલા યુદ્ધગ્રસ્ત વિશ્વનું પણ જેમાં શ્રેય છે. એવા આંતરરાષ્ટ્રીય ધર્મ-બૌદ્ધધર્મનું નઝરાણું દલિતોને દેવા બુદ્ધિવાદી બાબાસાહેબ આંબેડકરે નિર્ધાર કર્યો. દલિતોને આંતરરાષ્ટ્રીય બિરાદરી-ભ્રાતૃભાવમાં ભેળવવાનું આ મહાન કાર્ય હતું.દલિતો માટે વિશ્વમાં કોઈને સંવેદનો થાય તેવી વ્યવસ્થાના નિર્માણનું કાર્ય હતું. તે બુદ્ધધર્મ દ્વારા જ શક્ય બની શકે તેમ હતું. અપાર વિચાર વિનિમય તથા ગહન ચિંતનના અંતે નિર્ણય લેવાયો. તેમણે ૧૯૩૫માં કરેલી ધર્માંતરની ધોષણાને પણ ૨૦ વર્ષના વહાણાં વાયાં હતાં. જો કે ધર્માંતર બાબતે તેઓ ઘણા જ ગંભીરપણે જવા માગતાં હતા. કારણ કે ડૉ.આંબેડકરનાં મતે ધર્માંતર એ દલિતોની સ્વતંત્રતાનો સવાલ હતો. એક પત્રકારે તેમને પૂછયું. ધર્મ પરિવર્તનથી દલિતોનો શો લાભ થશે ? હાજર જવાબી આંબેડકર પ્રતિ પ્રશ્ન કર્યો સ્વરાજયની ભારતને શું લાભ થશે ?

'' કોઈ પણ દેશની સ્વતંત્રતાના બે અર્થ થઈ શકે. પ્રથમ તે દેશને બીજા કોઈ દેશની દાસતામાંથી મુક્તિ અપાવવાની બીજો, તે દેશમાં રહેતા સર્વહારા સાધનહીન ગરીબ લોકોને તે જ દેશમાં રહેતા અન્ય સાધનસંપન્ન શોષક વર્ગની ગુલામીમાંથી છુટકારો આપવો. પહેલીની બાહ્ય સ્વતંત્રતા કહીએ તો બીજે આંતરિક-જાતિય સ્વતંત્રતા કહી શકીએ. ડૉ.આંબેડકર પહેલી સ્વતંત્રતાના વિરૂધી નહોતા જ પરંતુ તેઓ બીજી સ્વતંત્રા ઉપર વધારે ભાર મૂકતા અને બીજી સ્વતંત્રતા જ તેમણે પોતાના જીવનનું ધ્યેય બનાવ્યું હતું. જયારે આજે સ્વતંત્રતાના પાંચ દાયકા પછી પણ પહેલી સ્વતંત્રતાના ફળ સાધનાસંપન્ન લોકોને જ મળ્યા કરે છે. જયારે બીજી સ્વતંત્રતા આંતરિક સ્વતંત્રતાનો અભાવ ઉડીને આંખે આવે છે. પરિણામે સર્વહારા શોષિત વર્ગ અત્યારે અત્યાચારની ચક્કીમાં પીસાઈ રહ્યો છે. સંવિધાન સમર્પણ સમયના પોતાના પ્રવચનમાં તેમણે ચેતવણી આપી જ હતી.

દલિતોની સ્વતંત્રતા માટે દષ્ટિવંત ડૉ.આંબેડકર બુદ્ધિવાદી વૈજ્ઞાનિક અને માનવ કેન્દ્રી મજહબની શોધમાં હતા. અપાર મનોમંથન અંતે આ તેજપુંજ ભારીત તેજસ્વી બહુમુખી જવલંત પ્રતિભાએ તથાગત બુદ્ધનું શરણ સ્વીકારવાનો હવે નિર્ણય કરી લીધો હતો.

હવે ડૉ.બાબાસાહેબ બોલ્યા કે જગમાં જો કોઈ ધર્મ હોય અને જેમાં અમારા માટે સંપૂર્ણ સન્માન હોય તો તે બૌદ્ધધર્મ જ છે. જયાં જાતિભેદ નથી. પરિણામે ઉંચ નીચના ભેદ નથી. શોષણ નથી. આથી જેના માટે અમે સંઘર્ષ કરીએ છીએ તે સ્વમાન અમે ધણી જ સહેલાઈથી બૌદ્ધધર્મમાં પ્રાપ્ત કરી શકીશું. ડૉ.બાબાસાહેબનું રાજકારણ સ્ફટિક જેવું સ્વચ્છ હતું. તેમનું રાજકારણ જાતિવાદી નહિ પરંતુ સમતાવાદી હતું તેમની ચળવળ માત્ર પાંચ પચ્ચીસ અનામત બેઠકો બે પાંચ અનામત નોકરીઓ માટેની નહોતી. તેમનુ આંદોલન આત્મસન્માન માટે હતુ. સ્વાભિમાન માટે હતું. માનવ ગૌરવ અને માનવ અધિકારો માટેની આ ચળવળ હતી તેમણે પોતાના એક પ્રવચનમાં કહ્યું કે મારા ત્રણ ઉપાસ્ય દેવતા છે, વિદ્યા વિનય અને શીલ ! તેમની સ્વાભિમાની ચળવળને બૌદ્ધધર્મથી બળ મળે તેમ હતું.

સ્વાભિમાન ઉપરાંત બૌદ્ધધર્મમાં બદલાની ભાવનાને બિલકુલ સ્થાન નહોતું. માનસિક ગુલામી, ગૃહ્યજ્ઞાન, ગુરવાવાદનો ગૂંચવાડો નહોતો. બૌદ્ધધર્મ માનવીય સદાચારનો વૈજ્ઞાનિક ધર્મ છે. લોકશાહીવાદી ધર્મ છે. જેની પ્રજ્ઞાવન પુરૂષોએ મુક્ત કંઠે પ્રશંસા કરી છે. ડૉ.બાબાસાહેબને જે જોઈતું હતું તે બધું જ ભારતીય સંસ્કૃતનાં બેનઝીર બૌદ્ધધર્માં તેમને મળી ગયું. તેઓ બૌદ્ધધર્મ તરફ આગળ ધપતાં જ ગયા... ભારતીય જાતિવાદી પત્રકારોની ગેરસમજની પ્રવૃત્તિઓ અન્ય ધર્મોના પ્રલોભનો પ્રતિકાર, પ્રતિધોષ અને પોતીકાનો પણ પ્રબળ વિરોધ તેમના આ મહામાર્ગ વચ્ચે અવરોધક બન્યા હતાં. જેવી રીતે બોધિસત્ત્વ સિદ્ધાર્થે નિરંજના નદીને કાંઠે ઉરુવેલાના વનમાં બોધગયાના બોધિવૃક્ષ નીચે (ભૂમિ સ્પર્શ) વ્રજાસન જમાવી, ધ્યાન લગાવી, બોધવિજ્ઞાનનું અમૃત પ્રાપ્ત કર્યું અને મારને પરાસ્ત કરી મારા વિજય કર્યો. તેવી રીતે બાબાસાહેબ આંબેડકર આ અવરોધક મારને હટાવી માર વિજય બની ભગવાન બુદ્ધની ૨૫૦૦મી જન્મજયંતિના વર્ષમાં (૧૯૫૬) રાષ્ટ્રના જનજીવનમાં સમતાપૂર્ણ જીવન વિકસીત કરવાની મંગલમયી કરૂણામયી કલ્યાણકારી કામના સાથે ૨૪ મે, ૧૯૫૬ના દિવસે મુંબઈના નરેનપાર્કમાં બુદ્ધ જયંતિ ઉત્સવ પ્રસંગે બૌદ્ધધર્મના સ્વીકારની અધિકૃત રીતે ધોષણા કરી દીધી. સર્વત્ર આનંદનું મોજુ ફરી વળ્યું. દલિતોના ઉત્સાહનો પાર ન રહ્યો. મહાબોધિ સોસાયટી ઓફ ઈન્ડિયાના મહામંત્રી દેવપ્રિય

વાલસિંહાએ અભિનંદન પાઠવતા લખ્યું કે, માનવ સમાજના મહાન હિતેચ્છુ તરીકે ડો.આંબેડકરની ઈતિહાસમાં નોંધ લેવાશે..દલિતોના બૌદ્ધ થવાથી રાષ્ટ્રને નવજીવન પ્રાપ્ત થશે, રાષ્ટ્રની પ્રગતિ થશે.'

ધર્માંતર માટે બૌદ્ધધર્મની દીક્ષા માટે નાગપુરની પસંદગી કરવામાં આવી. ૧૯૫૬ના ઑક્ટોબરની ૧૪મી તારીખે અશોક વિજયા દશમીને દીક્ષા દિવસ તરીકે નક્કી કરવામાં આવ્યો.નાગપુર ડૉ. આંબેડકરની પ્રવૃત્તિના પ્રારંભનું પાયાનું કેન્દ્ર હતું. કોઈ નૂતન પ્રવૃત્તિનો પ્રારંભ તેઓ નાગપુરથી કરતા હતા. પછી ભલે તે દલિત પરિષદ હોય કે શિડ્યુલ્ડ કાસ્ટ ફેડરેશનની સ્થાપના હોય... વળી, નાગપુરની આંબેડકરની જનતા ડૉ. આંબેડકરના આદેશને ગૌરવ સાથે માથે ચઢાવતી. અબાલ વૃદ્ધ સૌ કામકાજ છોડી લાગી જતા હતાં. તેમનું સ્વાર્પણ અને સક્રીયતા વંદનીય હતાં.

૧૯૫૬ના ઑક્ટોબરની ૧૪મી તારીખે ૧૪ એકરની દીક્ષા ભૂમિમાં લાખોનો માનવ મહેરામણ સમાતો નહોતો. હૈયે હૈયે દબાતું હતું. ગામડાનાં 'ભીમ ઘેલાં' ભોળાં મેલાંઘેલાં દલિતો પોતાના 'મસીહા'ના આદેશને અમલમાં મૂકવા પોતાની ચીજવસ્તુ વેચી શ્વેતવસ્ત્રો ખરીદી ડુંગલીના દડિયા અને આટા સાથે આઠ દિવસ અગાઉ આવી પડાવ નાંખ્યો હતો. કેટલાક રેલ ગાડીમાં કે બસમાં બેસીને આવ્યા. કેટલાક ગાડે ચઢીને આવ્યા અને કેટલાક પૈસાના અભાવે પગપાળા પધાર્યા હતા. "ભગવાન બુદ્ધનો જય..." "ડૉ. બાબાસાહેબ આંબેડકરનો જય..." ..."આકાશ પાતાળ એક કરો બૌદ્ધ ધર્મનો સ્વીકાર કરો..." બાબાસાહેબની અંતિમ પુકાર બૌદ્ધધમર્નો કરો સ્વીકાર..." ઈત્યાદિ ગગનભેદી સૂત્રોચ્ચારથી દીક્ષાભૂમિનું સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. બૌદ્ધધર્મની મહાયાન શાખાના પ્રણેતા પ્રકાંડ પંડિત આચાર્ય નાગાર્જુનના નિવાસથી પાવન થયેલી ઐતિહાસિક નાગપુર નગરી આજે એક સાંસ્કૃતિ તેમજ ધાર્મિક પુણ્યશાળી નગરીમાં પરિવર્તન પામી રહી હતી. નાકે નાકે, ચૌટે ચૌટે સુશોભિત કમાનોથી સમગ્ર નગરીનો નિખાર ઊભરી આવ્યો હતો. જાણે કે સમગ્ર નગરી બૌદ્ધ બનવા થનગની રહી ના હોય ?

ભારતીય બૌદ્ધજન સમિતિ (ભારતીય બૌદ્ધ મહાસભા) નાગપુર શાખાના મહામંત્રી વામરાવ મં.ગોડબોલે જાતે દિલ્હી જઈ બાબાસાહેબને કાર્યક્રમના આયોજનની સઘળી વિગતોથી વાકેફ કર્યા હતા. બાબાસાહેબ આંબેડકર તેમના પત્ની અને નાનકચંદ રત્તુ સાથે અગિયારમી ઑક્ટોબરે જ નાગપુર આવી પહોંચ્યા હતા અને શ્યામ હૉટલમાં તેમનો ઉતારો રાખવામાં આવ્યો હતો.

મહાબોધિ સોસાયટીના સેક્રેટરી આયુ. દેવપ્રિય વાલીસિંહાને પણ દીક્ષા સમારંભમાં પધારવા ખાસ નિમંત્રણ પાઠવ્યું હોવાથી તેઓ પણ બે દિવસ અગાઉ આવી પહોંચ્યા હતા. કારણ કે, ડૉ. બાબાસાહેબ આંબેડકરે દીક્ષાસમારંભ વિધિ સંસ્કાર બાબતે પોતાની વિશિષ્ટ વિધિ નક્કી કરી હતી જે પરંપરાગત વિધિથી જુદી તરી આવતી હતી. વળી તેમની આગવી શપથવિધિ અને પ્રતિજ્ઞાઓ પણ ખરી જ.

આંતરરાષ્ટ્રીય બૌદ્ધ માસિક "મહાબોધિ" (કલકત્તા) એ દીક્ષા સમારંભમાં અગાઉથી ઓવારણાં લેતાં લખ્યું હતું કે, -"આગામી અશોક વિજયાદશમીના પવિત્ર દિવસે ધૈર્યવાન મહાપુરુષ ડૉ. આંબેડકર પોતાના લાખો અનુયાયીઓ સાથે ભગવાન બુદ્ધનું શરણ સ્વીકારશે ત્યારે "સાધુવાદ"નો ધ્વનિ સમગ્ર બૌદ્ધ જગતમાંથી આવશે. બૌદ્ધ વિશ્વના ખૂણે ખૂણેથી પ્રશંસાના ઉદ્ગારો ઉદઘોષિત થશે... આ ઉદ્ઘોષણાનું દેવો પણ સ્વાગત કરશે જેના પડઘાથી સમગ્ર સંસાર ઉદઘોષિત થશે... આ ઉદ્ઘોષણાનું દેવો પણ સ્વાગત કરશે જેના પડઘા સમગ્ર બ્રહ્માંડમાં સંભળાશે તેમજ તથા ગત બુદ્ધના પુનિત ચરણો સુધી પહોંચશે. બૌદ્ધધર્મના પુનરાગમન માટે જેમણે બળતા બપોરે પરિશ્રમ કર્યો છે, તેઓ આ ઉદ્ઘોષણા સાંભળી... બૌદ્ધધર્મનું મોજું ફરી વળ્યું છે. તે જાણી આનંદવિભોર બની જશે."

ભારતીય બૌદ્ધ ભિક્ષુસંઘમાં વયોવૃદ્ધ મહાથેરો ચંદ્રમણિ પણ પોતાના ભિક્ષુસંઘ સાથે કુશીનગરથી આવી પહોંચ્યા હતા. મૃગદાયવન ઈસપત્તનથી (સારનાથથી) મહાથેરો પુ.ભિક્ષુ એમ. સંઘરત્ન ભિક્ષુ પરમશાંતિ (કલકત્તા) તથા ભિક્ષુ પ્રજ્ઞાનંદ (લખનો) પણ પધાર્યા હતા. પવિત્ર કાષાય રંગનું એક પ્રભા મંડળ રચાયું હતું. સુંદર કલાત્મક ઐતિહાસિક પ્રાચીન સ્તૂપની પ્રતિકૃતિસમો શ્વેતવસ્ત્રોથી આચ્છાદિત, સુશોભિત ભવ્ય મંચ પણ તૈયાર કરવામાં આવ્યો હતો. પુરુષો-મહિલાઓ માટે અલગ બેઠક વ્યવસ્થા માટે વિશાળ મંડપ પણ બનાવ્યા હતા. બૌદ્ધધર્મનાં હજારો પંચરંગી-પંચશીલ ધ્વજ સર્વત્ર લહેરાતા હતા. સુંદર ઉપદેશાત્મક સૂત્રો પણ ઠેર ઠેર દૃષ્ટિગોચર થતાં હતાં. આમ સઘળી તૈયારીઓ થઈ ચૂકી હતી.

પત્રકારના પ્રશ્ન પ્રત્યુત્તરમાં ડૉ. આંબેડકરે ધર્માંતરના કારણો આપતાં કહ્યું-

"અમારે માણસાઈ મેળવવાની છે, સ્વમાન પ્રાપ્ત કરવું છે. એક સમયે ગાંધીજી સાથેની અસ્પૃશ્યતા વિષયક ચર્ચામાં પણ મેં કહ્યું હતું કે, આ બાબતે આપણી વચ્ચે મતભેદો હોવા છતાં પણ સમય આવ્યે હું એવો માર્ગ ગ્રહણ કરીશ કે જેથી આ દેશને માથે ઓછામાં ઓછું જોખમ ઊભું રખાય. આથી મે બૌદ્ધધર્મ સ્વીકાર કરી દેશના નુકસાનને બદલે દેશનું વધુમાં વધુ હિત સાધ્યું છે. કારણ કે બૌદ્ધધર્મ એ ભારતીય સંસ્કૃતિનું સંતાન છે, રાષ્ટ્રના ઇતિહાસ, પરંપરા અને સંસ્કૃતિને સ્હેજ પણ નુકશાન ન થાય તેની મેં ચીવટ રાખી છે...." ડૉ. આંબેડકરે હિન્દુધર્મની સમીપનો ધર્મ-બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો. એમ માની આત્મવંચનામાં રાચતા રૂઢિવાદીઓએ પણ હાશકારો કર્યો...

ધર્માન્તરના પ્રશ્ન બાબતે તેમણે વધુમાં કહ્યું કે, મેં વર્ષો સુધી ગંભીર પણે ચિંતન કર્યું છે. આ પ્રશ્ન મેં સતત આગળ ધકેલ્યે રાખ્યો હતો પરંતુ હવે સમય પાકી ગયો છે. વળી, મારી પ્રકૃતિ પણ પ્રતિદિન કથળતી જાય છે અને મને મૃત્યુ સમીપ આવતું લાગે છે. એટલે (હવે) હું ધર્માંતરનો પ્રશ્ન કોઈ પણ સંજોગોમાં મુલત્વી રાખવામાં માનનો તથી. મારા અનુયાયીઓ સાથે પણ મેં આ બાબતે ગંભીર પણે ચર્ચા-વિચારસણા કરી નિર્ણય લીધો હતો. જેમને મારી સાથે ધર્માન્તર કરવું હોય તેમનું હાર્દિક સ્વાગત છે. જેને મારી સાથે આવવું ન હોય તે ગમે ત્યાં જઈ શકે છે. હું બૌદ્ધધર્મનું 'ધમ્મચક્ર' પુનઃપ્રવર્તિત કરીશ. અને ભગવાન બુદ્ધના ઉપદેશ દશે દિશામાં ફેલાવીશ.. આગામી વર્ષોમાં સમગ્ર ભારતને બૌદ્ધમય કરીશ. પત્રકારના એક પ્રશ્નના ઉત્તરમાં પણ તેમણે સ્પષ્ટતા કરતાં કરતાં કહ્યું કે, -

તથાગત બુદ્ધ દ્વારા જે ધર્મતત્ત્વોનો ઉપદેશ આપવામાં આવ્યો છે તે જ ધર્મતત્ત્વોનું હું પાલન કરીશ. બૌદ્ધધર્મની થેરવાદ મહાયાન નામની બે શાખાઓના વિવાદથી મારા લોકોને પર રાખીશ. અમારો બૌદ્ધધર્મ એટલે એ નૂતન બૌદ્ધધર્મ અર્થાત '**નવયાન**' હશે. પોતાના આગામી સૂચિત રાજકીય પક્ષ રિપબ્લિકન પક્ષ વિષે પણ તેમણે પત્રકારોને વિગતો આપતાં કહ્યું હતું કે, તે સર્વ જનતા માટેનો, સમતા, સ્વતંત્રતા અને બંધુતાના સિદ્ધાંતો પર આધારિત રાજકીય પક્ષ હશે.

તેમણે વધુમાં વિગતો આપતાં કહ્યું હતું કે, "મારા લોકો અજ્ઞાનની-અભણ અને ગરીબ છે, એટલે હું મારાં પુસ્તકો, પેમ્ફલેટો દ્વારા, સભાઓ અને ઉપદેશો દ્વારા તેમનામાં બૌદ્ધધર્મની જાણકારી પ્રસરાવીશ. સાથે સાથે તેમાના આર્થિક ઉત્થાનના પ્રયત્નોને પણ પ્રાથમિકતા આપીશ."

બીજે દિવસે બાબાસાહેબ ઘણા જ વહેલા ઊઠી ગયા. નાનકચંદ રત્તુ ને દીક્ષા સમારંભની વ્યવસ્થા ચકાસી જવાનું કહ્યું. વહેલી સવારે આવી પહોંચેલા વામનરાવ ગૌડબોલે, બળવંતરાવે ડૉ. સ.વિ.રામટેકે ઈત્યાદિએ સઘળી વિગતો આપી અને કહ્યું કે, બધી જ વ્યવસ્થા બરાબર ગોઠવાઈ છે. સ્નાનવિધિ પતાવી ઝભ્ભો, નવી રેશમી ધોતી અને ઉપર શ્વેત લંબકોટ પરિધાન કર્યા. શ્રીમતી સવિતા આંબેડકરે પણ શ્વેત વસ્ત્રો પરિધાન કર્યા હતાં. ડૉ. બાબાસાહેબ આંબેડકર આજે ઘણા જ પ્રસન્નચિત્ત અને ઉત્સાહી દેખાતા હતા. મોટર દ્વારા નાનકચાક રત્તુના ખભે હાથ ટેકવી જયારે આ મહામાનવ દીક્ષાભૂમિના મંચ તરફ પ્રયાણ કરી રહ્યા હતા. ત્યારે તેમના દર્શનાતુર લાખો માનવોએ અતિ ઉત્સાહ અને આવેશયુક્ત જયઘોષથી આકાશ ગજવી દીધું. પોતાના મસીહાને આવકારવાની તેમની આ આગવી પદ્ધતિ હતી. ચકોર તસ્વીરકારો ત્વરિત ગતિએ તસ્વીરો લેવાં માંડ્યા અને અખબારોનવીશો અહેવાલ લખવા માંડ્યાં. ભગવાન બુદ્ધની પવિત્ર પ્રતિમાં સમક્ષ દીપ પ્રગટાવ્યો હતો. ધૂપસળી પ્રજ્વલિત કરવામાં આવી હતી. તેની સુવાસ સર્વત્રપ્રસરી રહી હતી. પવિત્ર ભિક્ષુસંઘ શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યો હતો. આમ દીક્ષાભૂમિનું વાતાવરણ 'ધર્મમય' બન્યું હતું. દીક્ષા સમારંભના આગેવાન આયોજક બળવંત વહાળેની સુપુત્રી કુ.ઈન્દુમતીએ "બાબાસાહેબ ગૌરવ ગીત ગાયુ અને સમારંભનો પ્રારંભ થયો. પોતાના પિતૃઓની સ્મૃતિમાં એકાદ મિનિટનું મૌન પાળવામાં આવ્યું. ત્રિશરણ અને પંચશીલની યાચના ગાથા પ્રશ્ચાત પૂ. મહાથેરો ચંદ્રમણિએ ત્રિશરણ અને પંચશીલ આપ્યાં. બાબાસાહેબ બુદ્ધ શરણ ગચ્છામિ... ધમ્મં શરણં ગચ્છામિ... સંઘ શરણ ગચ્છામિ... ઉચ્ચારતા નત મસ્તકે પ્રતિમા સમક્ષ હાથ જોડી ઉભા છે. ત્રિશરણમાં પવિત્ર ધ્વનિથી સમગ્ર વાતાવરણમાં પાવનકારી આધ્યાત્મિક અનુભૂતિ અનુભવી રહ્યો હતો. ત્રિશરણ... પંચશીલ ગ્રહણ કરી ડૉ. બાબાસાહેબે તથાગત બુદ્ધની પ્રતિમાને અનન્ય ભક્તિભાવથી ત્રણવાર પ્રણામ કર્યા. તેમણે બુદ્ધરૂપને પુષ્પમાળા અર્પણ કરી. ભિક્ષુસંઘે "પાલીગાથાનું સાંગાયા કર્યું. સૂત્ર પઠન કર્યું. અંતે પૂ. મહાથેરો ચંદ્રમણિએ "**બાબાસાહેબનાં બૌદ્ધધર્મ સ્વીકાર**"ની ઘોષણા કરી. સાધુ... સાધુ...

સાધુ... ભિક્ષુસંઘે સાધુવાદ કર્યો. ડૉ. બાબાસાહેબ આંબેડકરે કૃતકૃત્યના અનુભવી.. જન સમુદાયે ભગવાન બુદ્ધની જય... બાબાસાહેબ કી જય... ગગન ભેદી જયઘોષ કર્યા. ડૉ. આંબેડકરના બૌદ્ધધર્મમાં પુનિત પ્રવેશને આવકારવા પધારેલા મહાનુભાવોએ આગેવાન અનુયાયીઓએ તેમને પુષ્પમાળાઓ પહેરાવી સભામંચ ઉપર તો પુષ્પહારનો ગંજ ખડકાયો..." મહાબોધિ સોસાયટી ઓફ ઈન્ડિયા (કલકત્તા)ના મહામંત્રી બ્રહ્મચારી દેવપ્રિય વાલીસિંહાએ ડૉ. આંબેડકરને ભગવાન બુદ્ધની પ્રતિમા ભેટ આપી બહુમાન કર્યું. આ ઐતિહાસિક દીક્ષા સમારંભ સમયે બાબાસાહેબ સાથે અન્ય નેતાઓ સાથે ગુજરાત શી.કા ફેડરેશનના પ્રમુખ ગુરુજી ગોવિંદજી ટી. પરમારે ઉપસ્થિ રહી બૌદ્ધધર્મની દીક્ષા ગ્રહણ કરી હતી.

સભા મંચના મોખરે આવી ડૉ. આંબેડકરે કહ્યું કે, "એકવીસ વર્ષ પૂર્વે કરેલી મારી પ્રતિજ્ઞા આજ પરિપૂર્ણ થઈ.... હું હિન્દુધર્મના નરકમાંથી મુક્ત થયો છું. આજે મારો પુર્નજન્મ થયો છે. મારા આનંદની કોઈ સીમા નથી. ગંભીર મુખમુદ્રામાં તેમણે પોતાની આગવી "બાવીસ પ્રતિજ્ઞાઓ"નું પઠન કર્યું. પુનઃ સાધુ... સાધુ... સાધુ... સાધુવાદનો ઘોષ થયો.

(૧) હું બ્રહ્મા-વિષ્ણુ-મહેશને ઈશ્વર માનીશ નહીં તેમજ તેમની પૂજા કરીશ નહીં.

(૨) હું રામ-કૃષ્ણને ઈશ્વર માનીશ નહિ તેમજ તેમની પૂજા કરીશ નહીં.

(૩) હું ગૌરી-ગણપતિ ઈત્યાદિ કોઈ પણ હિન્દુદેવ દેવીને માનીશ નહીં. તેમની પૂજા કરીશ નહીં.

(૪) ઈશ્વરે અવતાર લીધો છે તેવી વાતમાં હું માનીશ નહીં.

(૫) ભગવાન બુદ્ધ વિષ્ણુનો અવતાર છે તેવો જુઠો પ્રસાર હું માનીશ નહીં.

(૬) હું શ્રાદ્ધ તથા પીંડદાન કદાપિ કરી-કરાવીશ નહીં.

(૭) હું બૌદ્ધધર્મ વિરૂદ્ધનું કોઈ આચરણ કરીશ નહીં.

(૮) હું કોઈ પણ ધાર્મિક ક્રિયાકર્મ બ્રાહ્મણના હાથે કરાવીશ નહીં.

(૯) હું બધા મનુષ્યો એક છે, તે સિદ્ધાંતને જ માનીશ.

(૧૦) હું ભગવાન બુદ્ધના "આષ્ટાંગ માર્ગ"નું સંપૂર્ણપણે અનુશીલન કરીશ.

(૧૧) હું ભગવાન બુદ્ધે દર્શાવેલ દશપારમિતાઓનું પાલન કરીશ.

(૧૨) હું સમાનતાથી સ્થાપના માટે પ્રયત્નશીલ રહીશ.

(૧૩) હું પ્રાણી માત્ર પણ કરુણા કરી તેમનું લાલન-પાલન કરીશ.

(૧૪) હું ચોરી કરીશ નહીં.

(૧૫) હું અસત્ય બોલીશ નહીં.

(૧૬) હું વ્યભિચાર કરીશ નહીં.

(૧૭) હું શરાબ વગેરે કેફી દ્રવ્યોથી દૂર રહીશ.

(૧૮) 'પ્રજ્ઞા-શીલ કરુણાના બૌદ્ધધર્મના સિદ્ધાંતાનુસાર મારા જીવનને ઢાળવા પ્રયત્ન કરીશ.'

(૧૯) માનવ ઉત્કર્ષને હાનિકારક તથા ઉંચનીચ અસમાનવતાવાળા જુના હિન્દુધર્મનો ત્યાગ કરી, હું આજે બૌદ્ધધર્મનો સ્વીકાર કરું છું.

(૨૦) હું માનું છું કે, મારો (આજથી) પુર્નઃજન્મ થયો છે.

(૨૧) મારો સંપૂર્ણ અટલ વિશ્વાસ છે કે બૌદ્ધધર્મ એ જ સદ્ધર્મ છે.

(૨૨) હું પવિત્ર પ્રતિજ્ઞા લઉં છું કે, આજથી બૌદ્ધધર્મના આદેશ અનુસાર આચરણ કરીશ.

"**બાવીસ પ્રતિજ્ઞા**"નાં વાંચન પશ્ચાત પણ વિશાળ જનસમુદાયમાં ડૉ. આંબેડકરના જયઘોષ, સતત થતા જ રહ્યા... શ્રીલંકા, બર્મા, જાપાન, થાઈલેન્ડ, કંબોડિયા ઈત્યાદિ બૌદ્ધ રાષ્ટ્રોના પ્રતિનિધિઓના સંદેશા વાંચન કર્યા બાદ દોઢેક કલાકમાં કાર્યક્રમ બીજા દિવસ ઉપર મુલત્વી રાખવામાં આવ્યો."

**તમારી પ્રગતિ ચકાસો-૨**

**નીચેની ખાલી જગ્યામાં તમારા જવાબો લખો**

(૧) ડૉ. આંબેડકરે શ્રીલંકા તથા બર્મામાં બૌદ્ધધર્મના કરેલા અભ્યાસની વિગતો સમજાવો.

________________________________________

________________________________________

________________________________________

(૨) વિજયાદશમી ૧૪ ઑક્ટોબર દીક્ષા સમારોહનું વર્ણન-વિગતો તમારા શબ્દોમાં લખો.

________________________________________

________________________________________

________________________________________

(૩) ડૉ. આંબેડકરે 'The Buddha and His Dhamma'માં કરેલું નૂતન ભાષ્ય સમજાવો.

________________________________________

________________________________________

________________________________________

આ વર્ષે ભારત સરકાર ભગવાન બુદ્ધની ૨૫૦૦ મી જન્મજયંતિ સમગ્ર ભારતમાં ભવ્ય રીતે ઉજવી રહી હતી. રાષ્ટ્રપ્રમુખ રાધાકૃષ્ણન તેમજ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુથી માંડી સામાન્ય મંત્રીઓ પણ મોટા મોટા કાર્યક્રમોમાં હાજર રહેતા તેમજ શુભેચ્છાના સંદેશાઓ પાઠવતા હતા. આ ૨૫૦૦મી જયંતિના ઉજવણીમાં વર્ષમાં જ તથાગત બુદ્ધનાં ધર્મનું ભારતમાં પુનરાગમન કરાવવા માટે અથાક પુરુષાર્થ કરનાર, ડૉ. આંબેડકરના આ બૌદ્ધધર્મ દીક્ષાના કાર્યક્રમ માટે ભારતના એક પણ આગેવાને કે મંત્રીશ્રીએ શુભેચ્છા સંદેશો પાઠવવાનો વિવેક દાખવ્યો નહોતો તે... નોંધપાત્ર બાબત હતી. ભગવાન બુદ્ધના આ કાર્યક્રમને આવકારવાનું ચૂકી જાય તે વાણી અને વર્તનનો કેવી વિરોધાભાષ ? વાત એટલેથી અટકી હોત તો ગનીમત. પરંતુ ડૉ. આંબેડકર અને તેમના લાખો અનુયાયીઓ દ્વારા બૌદ્ધધર્મગ્રહણ કર્યાને પંદર દિવસો પછી 'સેક્યુલર'(કોંગ્રેસ) સરકારે બંધારણની કલમ ૩૪૧માં ૬૩મો સુધારો કરી ૩૪૧ ! એસ.આર.૨૪૭૭ આદેશ અન્વયે સરકાર દ્વારા ઘોષણા કરવામાં આવેલ કે, દલિતવર્ગના જે લોકો ધર્માંતર કરી બૌદ્ધ બનશે તેમને શી.કાસ્ટ તરીકે મળતી સવલતો મળશે નહી !! (અલબત્ત શીખધર્મી બનશે તો લાભો ચાલુ રહેશે.) સૌથી દુઃખની વાત તો એ હતી કે, આ (કુ) સુધારો કરાવવામાં બાબુ જગજીવનરામનું મહત્ત્વનું પ્રદાન હતું. તેમણે ડૉ. આંબેડકના ધર્માંતર વિષે પોતાની પ્રક્રિયા વ્યક્ત કરતાં કહ્યું કે, "આ તો મેદાન છોડી ભાગવાનો માર્ગ છે, અમે તો આજીવન હિન્દુધર્મમાં જ રહીશું."

[૨-૩ નવેમ્બર, ૧૯૭૪માં દિલ્હી મુકામે એશિયાઈ બુદ્ધિસ્ટર શાંતિ પરિષદ Asian Buddhist Peace Conference મળી હતી. બેરિસ્ટર બી.ડી. ખોબ્રાગડે ભદન્ત આનંદ કોસલ્યાન, પી.એન.રાજભોજ ડી.ટી. રૂપવટે, બી. પી. મોર્ય, એન.એચ. કુંભારે (સાંસદ) બૌદ્ધનેતાઓનું પ્રતિનિધિ મંડળ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીને મળ્યું. આ પંક્તિના લેખક પણ પ્રતિનિધિ મંડળમાં સામેલ હતા. બૌદ્ધોની સવલતોની બાબતે વડાપ્રધાન ઈન્દિરાજીએ સ્પષ્ટ કહ્યું કે, અમારી કેબિનેટમાં સૌથી સિનિયર મંત્રી બાબુજગજીવનરામનો વિરોધ હોવાથી બૌદ્ધોને સવલતો આપવા બાબતે અમે નિર્ણય લઈ શકતા નથી. પ્રતિનિધિ મંડળને ભારે આઘાત થયો હતો.] દીક્ષાના બીજા દિવસે પોતાના પાંચ લાખથી પણ વધુ અનુયાયીઓએ તેમણે જાતે બૌદ્ધધર્મની દીક્ષા આપી તથા પોતાની આગવી "**બાવીસ પ્રતિજ્ઞાઓ**" આપી બૌદ્ધ પરંપરાના સીમોલંઘન દ્વારા તેમણે નવા બંડનો પ્રારંભ કર્યો અને તેઓ નૂતન ધમ્મક્રાંતિના જ્યોર્તિધર બન્યા. તેમણે બૌદ્ધધર્મની નૂતન વ્યાખ્યા પણ આપી. નૂતન "કારિકા નિર્માણ કરી વિશેષ વિવૃત્તિ પ્રસ્તુત કરી હતી. કોઈપણ એક વ્યક્તિમાં વિશ્વાસ મૂકી લાખો લોકોએ પોતાના પેઢીઓ પુરાણો ધર્મત્યાગી નૂતન ધર્મ ગ્રહણ કર્યો હોય તેવી વિશ્વના ઈતિહાસની આ પ્રથમ-વિરલ ઘટના હતી. આશરે ૨૫૦૦ વર્ષે પૂર્વે મહાકરુણિક તથાગત બુદ્ધે સારનાથ (કાશી-બનારસ)માં સર્વ પ્રથમ પાંચ પરિવ્રાજકોને બૌદ્ધભિક્ષુની પ્રવજ્યા આપી ઉપસંપદા પ્રદાન કરી બૌદ્ધધર્મમનું 'ધમ્મચક્ર' પ્રવર્તિત કર્યું હતું. દેવનામ પ્રિયદર્શી સમ્રાટ અશોક પશ્ચાત ડૉ. બાબાસાહેબે આંબેડકરે આજે આ 'ધર્મચક્ર' પુનઃ અનુવર્તિત કર્યું હતું. વિશ્વના બૌદ્ધોએ તેમને જનકલ્યાણ હેતુ સતત પ્રયત્નશીલ પુરુષ" -બોધિસત્ત્વ તરીકે સંબોધિત કરી સન્માન કર્યું. તેમની બૌદ્ધ દીક્ષા ચળવળને ચમત્કાર કરી બિરદાવવામાં આવી. આ દીક્ષા ગ્રહણ કર્યાના બીજા દિવસે, નાગપુરના બૌદ્ધોએ પોતાના જુના-પુરાણા સાઠોબા, વિઠોબા ઈત્યાદિ દેવ-દેવીની મૂર્તિઓ, છબીઓ સમૂહમાં નદીમાં પધરાવી દીધી હતી. સ્પષ્ટ વક્તા અને વ્યક્તિ પૂજા Heroworshipના વિરોધી ડૉ. આંબેડકરે પોતાના પ્રવચનમાં પોતાના અનુયાયીઓને સાફ શબ્દોમાં કહ્યું કે,**"જેમણે બૌદ્ધધર્મમાં આવવું હોય તેમણે સમજી વિચારીને આવવું જોઈએ. ધર્મ તેમની બુદ્ધિને ગમવો જોઈએ. મારે અંધભક્તો જોઈતા નથી. જે લોકો મારી સાથે આવવા ન માંગતા હોય તેઓ ગમે ત્યાં જવા સ્વતંત્ર છે."**

'આપણે બૌદ્ધધર્મ શા માટે સ્વીકાર્યો ?' તે વિષે તેમણે પોતાના માનનીય દીર્ઘ, પ્રેરણાદાયી પ્રવચનમાં તમામ પાસાઓની વિષદ છણાવટ કરતાં કહ્યું કે,

'હિન્દુધર્મની ચાતુવર્ણ વ્યવસ્થામાં અમારું સ્થાન તદ્દન હીન કક્ષાએ છે, જયાં સમતા અને સ્વાભિમાનના સંપૂર્ણ અભાવ છે જયારે અમારું સમગ્ર આંદોલન સમતા અને સ્વાભિમાન માટે છે. આ સમતા અને સ્વાભિમાન અમને બૌદ્ધધર્મમાં સહેલાઈથી પ્રાપ્ત થઈ શકશે. વળી, ભારત વર્ષની ભલાઈ પણ બૌદ્ધધર્મમાં જ છે.'

અંતમાં પોતાના અનુયાયીઓએ 'સ્વયં કેન્દ્રી' ન બનતાં સમાજલક્ષી બનવાનો ઉપદેશ આપતાં તેમણે કહ્યું કે, "આવકનો વીસમો ભાગ સમાજ કાર્ય માટે આપવો જોઈએ. સમાજના સુખ માટે ત્યાગ કરવો જોઈએ." સાંજના નાગપુર મહાનગરપાલિકાના ઉપક્રમે તેનું બહુમાન કરી સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં તેમની રાષ્ટ્રભક્તિને બિરદાવી તેમની સમાજ સેવાની પ્રવૃત્તિઓની પ્રશંસા કરતા તેમનાં મહાન કાર્યોને ભવ્ય અંજલિ આપવામાં આવી હતી. દીક્ષાના દિવસે સાંજના થાકેલા આંબેડકર આરામ લઈ રહ્યા હતા. તબિયત પણ સારી નહોતી જ ત્યાં રાત્રે એક જૂના કાર્યકર કેટલાક અનુયાયીઓ સાથે નિવાસસ્થાને આવ્યા. તેઓ બાબાસાહેબના હસ્તે ધર્મદીક્ષા ગ્રહણ કરી શક્યા નહોતા તેનો અફસોસ વ્યક્ત કરી બૌદ્ધધર્મની દીક્ષા આપવા પોતાના પૂજ્ય બાબાસાહેબને આદ્રભાવે વિનંતી કરી રહ્યા હતા. કરુણામૂર્તિ આંબેડકરે ભગવાન બુદ્ધની પ્રતિમા સમક્ષ તે કાર્યકરને દીક્ષા આપી. કાર્યકર પોતાની જાતને ધન્ય માની નમન કરી ચાલ્યા... જાણે કે શાસ્તા બુદ્ધે જીવનની અંતિમ ક્ષણોમાં સુભદ્રને દીક્ષા આપી ન હોય તેવું દશ્ય ખડું થયું હતું...

શીડ્યુલ્ડ કાસ્ટ ફેડરેશનના યુવાન મહામંત્રી બેરિસ્ટર રાજાભાઉ બી.ડી.ખોબ્રાગડેના આમંત્રણનો સ્વીકાર કરી તા. ૧૬-૧૦-૧૯૫૬ને દિવસે ડૉ. બાબાસાહેબ આંબેડકર નાગપુર નજીકના ચાંદા (ચંદ્રપુર)માં આયોજિત બૌદ્ધદીક્ષા સમારંભમાં પધાર્યા... હજારો લોકોએ હર્ષનાદો વચ્ચે બૌદ્ધધર્મ ગ્રહણ કર્યો. ડૉ. આંબેડકરની ઉપસ્થિતિનો નાગપુર પછીને આ પ્રથમ અને અંતિમ બૌદ્ધદીક્ષા સમારંભ હતો. ત્યાંથી તેઓ શ્રીમતી સવિતા આંબેડકર સાથે સીધા દિલ્હી ગયા.

ધર્માંતરના સફળ કાર્યક્રમથી તેઓ ઘણા જ પ્રસન્ન હતા. ધર્મદીક્ષા પછી તેઓ ઘણા જ પ્રફુલ્લિત રહેતા હતા. અપાર ઉત્સાહિત ડૉ. આંબેડકર સતત બુદ્ધં શરણં ગચ્છમિ... ગુંજન કર્યા જ કરતા હતા. કર્તવ્યના અપાર આનંદથી તેમનું મુખારવિંદ તેજોમય ભાસતું હતું. બિમારીનું નામોનિશાન દેખાતું નહોતું. ભારતમાં બૌદ્ધધર્મના પુનરોદ્ધારનું પુણ્યકાર્ય પોતે કર્યું તેનાથી તેઓ પોતાની જાતને ધન્ય સમજતા હતા. અને **"સમગ્ર ભારતને બૌદ્ધમય કરવાનું"** પોતાનું સ્વપ્ન સાકાર કરવા આયોજન કરી રહ્યા હતા. દેશ-વિદેશના બૌદ્ધ ભિક્ષુઓ તથા આગેવાનોને પત્રો પાઠવી ભારતમાંની બૌદ્ધધર્મની પુનરોદ્ધારક પ્રવૃત્તિને સહયોગ કરવા પોતાની યોજના સમજાવી રહ્યા હતા. જો તબિયત સાથ આપે તો બૌદ્ધરાષ્ટ્રોના પ્રવાસ વિષયે પણ ગંભીરતાથી વિચારી રહ્યા હતા. ડૉ. આંબેડકરે પોતાનું ઉર્વરિત આયુષ્ય બૌદ્ધશાસનની સેવામાં, તેના પ્રચાર-પ્રસાર માટે વિતાવવાના સંકલ્પ કર્યો હતો. આજે ભારતમાં બૌદ્ધધર્મનું પુનરાગમન થઈ રહ્યું છે. તેનું સઘળું શ્રેય ડૉ. આંબેડકરને તથા તેમના ખરા સમયના સાચા નિર્ણયને આપી શકાય.

World fellowship of Buddhistના નિમંત્રણને માન આપી તેઓ કાઠમંડુ (નેપાલ)માં મળેલ વિશ્વ બૌદ્ધ સંઘની ચતુર્થ પરિષદમાં (તા. ૧૮, ૧૯, ૨૦ નવેમ્બર, ૧૯૫૬) પધાર્યા હતા. પરિષદમાં અધ્યક્ષ મલલ શેખરે પ્રથમ દિવસે જ બૌદ્ધનેતા તરીકે તેમનું વિશેષ બહુમાન કરતાં કહ્યું કે, "વિશ્વના બૌદ્ધધર્મી તરફથી ડૉ. આંબેડકરનું સ્વાગત કરતાં મને અપાર આનંદ થાય છે, લાખો લોકોને બૌદ્ધધર્મી બનાવી તેમણે આ યુગમાં ચમત્કાર કરી બતાવ્યો છે." સમગ્ર સભાગૃહમાંથી હર્ષના પોકારનો થયા. મહાપંડિત રાહુલ સાંકૃત્યાયને સાચે જ કહ્યું કે, "ડૉ. બાબાસાહેબ આંબેડકરે ભારતમાં બૌદ્ધધર્મનો સ્તંભ રોપી દીધો છે. જેને કદાપિ કોઈ હલાવી શકે તેમ નથી." પરિષદના પ્રતિનિધિઓના આગ્રહને કારણે નાદુરસ્ત તબિયત હોવા છતાં તેમણે **"ભગવાન બુદ્ધ અને કાર્લમાર્કસં"** વિષે ચિંતનીય પ્રવચન કર્યું. જેમાં તેમણે માર્ક્સવાદનાં કેટલાંક સારા તત્ત્વોને સ્વીકારી તુલના કરી, બૌદ્ધધર્મના માર્ગને શ્રેષ્ઠત્તમ દર્શાવ્યો હતો. રક્તવિહિનક્રાંતિ દ્વારા દેશમાં સામ્યવાદ લાવવાનો એક જ માર્ગ છે અને તે છે બૌદ્ધધર્મ...

તેમણે સામ્યવાદના વિકલ્પે બૌદ્ધધર્મની સ્થાપના કરી હતી. માર્ક્સ ખાનગી મિલકતને બધાં દૂષણોનું મૂળ ગણે છે. તેમ તથાગત બુદ્ધે પણ ખાનગી મિલકત રાખવા માટે પાબંધી કરી હતી. વળી, બૌદ્ધધર્મ પણ વૈજ્ઞાનિક સમજ ધરાવતો હતો. બૌદ્ધધર્મ એ જ વિશ્વનો મહાન ધર્મ છે. વળી, બૌદ્ધધર્મ એ ધર્મ કરતાં જીવન જીવવાનો માર્ગ-સામાજિક સિદ્ધાંત વિશેષ છે. તે વિશ્વને વિદિત કરવા જ હું અત્રે બૌદ્ધ પરિષદમાં આવ્યો છું." જો કે માર્ક્સવાદી દર્શન તેમને પૂર્ણતઃ સંતોષકારક લાગ્યું નહોતું. વિચારધારાની દૃષ્ટિએ ડૉ. આંબેડકર માર્ક્સવાદથી પ્રભાવિત નહોતા. કારણ કે તેમના પોતાના વિચારો પણ અધિક મૌલિક તેમજ પ્રગતિશીલ હતા. તેઓ સંસદીય લોકશાહીના માળખા અંતર્ગત સમાજવાદ આણવાનો રચનાત્મક અભિગમ ધરાવતા હતા. બૌદ્ધધર્મનો માર્ગ તેમને અહિંસક, સુરક્ષિત તથા વધારે સમર્થ લાગતો હતો. પરિષદના પ્રમુખસ્થાનેથી નેપાલના મહારાજા મહેન્દ્રએ પણ તેમના પ્રવચનની પ્રશંસા કરી હતી.

વિશ્વના એકમાત્ર હિન્દુ રાષ્ટ્ર નેપાળના હિન્દુરાજા મહેન્દ્રે પરિષદના ઉદ્‌ઘાટનના દિવસે સમગ્ર રાષ્ટ્રમાં જાહેર રજા રાખી હતી, તેમજ 'જગદ્‌ગુરુ શંકરાચાર્ય' નામના ભારતીય ચલચિત્ર ઉપર તે જ દિવસે પ્રતિબંધ મૂક્યો હતો. કારણ કે ચિત્રમાં શંકરાચાર્યને મહાન-દિગ્વિજયી દર્શાવવા બૌદ્ધધર્મને ઉતારી પાડે તેવાં દ્રશ્યો-સંવાદો તેમાં હતાં. જેનો બૌદ્ધ નેતાઓએ વિરોધ કર્યો હતો. આમ હિન્દુ રાજાએ અન્ય ધર્મો પ્રત્યેની પોતાની સહિષ્ણુતા પ્રગટ કરી હતી.

પરિષદની કાર્યવાહીની વચ્ચે તાર આવ્યો કે મુંબઈની હાઈકોર્ટમાં તેમની સામે ચાલતો દાવો મુશ્કેલીઓ મૂકે તેવી સ્થિતિમાં છે. ન્યાયાધીશ મુદત આપવા તૈયાર નહોતા. મુંબઈના તેમના નિવાસસ્થાન "રાજગૃહ"ને સમારવા - ફેરફાર કરવાનાં બાકી નાણાં રૂ. ચાલીસ હજાર માટે કોન્ટ્રાક્ટરે તેમની સામે કેસ કર્યો હતો. જો કે અગાઉ થોડાં નાણાં ભરી રાહત મેળવી હતી. પરંતુ કોર્ટે હવે મુદત આપવા તૈયાર નથી. આમા શારીરિક ઘસાયેલા ડૉ. આંબેડકર આર્થિક રીતે પણ ભારે ભીંસમાં હતા. આ ગાળામાં આ મહાપુરુષના બેંકના ખાતામાં માત્ર બસો રૂપિયાનું બેલેન્સ હતું. "કાઠમંડુથી તેઓ બૌદ્ધતીર્થ યાત્રા માટે સીધા કાઠમંડુથી વચ્ચે ભગવાન બુદ્ધની પૂણ્યભૂમિ જન્મભૂમિ લુમ્બિનનાં દર્શન કરી ભાવવિભોર બનેલા આંબેડકરની આંખોમાં અશ્રુધારા વહેવા માંડી. કાઠમંડુથી પટણા આવ્યા. ગવર્નર રંગરાવ દિવાકરના અતિથિ રહ્યા ! ભોજન વિશ્રાંતિ પશ્ચાત બોધગયા ગયા. બોધગયાના શ્રીમહાબોધિવૃક્ષને પંચાગ પ્રણામ કરતા પુનઃ ભાવવિભોર બન્યા. આંખમાંથી અશ્રુધારાઓ વહેવા માંડે... ભગવાન બુદ્ધ પ્રત્યેની ભક્તિ તેમને સતત રડાવી રહી હતી. ગોરખપુરથી બનારસ માટે નીકળ્યા... રસ્તામાં તેમના એક નિકટના

અનુયાયી સરદારજીના ઘરે ભોજન લઈ તેને ધન્ય કરી દીધો. સીધા (બૌદ્ધગયાથી) જ કાશી-બનારસ આવી. ૨૪, નવેમ્બરથી ૨૭ નવેમ્બર સુધીનો સમય સારનાથમાં જ ગાળ્યો હતો, જ્યાં ભગવાન બુદ્ધે સર્વ પ્રથમ ધર્મચક્ર પ્રવચન કર્યું હતું. પાંચ પરિવ્રાજકો-કૌન્ડીય, ભદ્દીય, વપ્પ, મહાનામ અને અશ્વજિતને બૌદ્ધધર્મની દીક્ષા આપી હતી. ૨૪, નવેમ્બરે બપોરે ત્રણ વાગે બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં શંકરાચાર્યના 'વિવર્તવાદ' સુપ્રસિદ્ધ સિદ્ધાંત 'બ્રહ્મસત્ય જગત મિથ્યા' વિષય ઉપર મનનીય પ્રવચન આપતાં કહ્યું "બ્રહ્મસત્ય અને જગત મિથ્યાનો" સિદ્ધાંત બૌદ્ધદર્શન સામે ટકી શકે તેમ નથી. વળી વિદ્યાર્થીઓને પણ તેમણે કહ્યું કે, આપે એ વિષે ગંભીરતાપૂર્વક વિચારવું જોઈએ કે આપણા હિન્દુ ધર્મશાસ્ત્રોમાં જે જાતના સામાજિક જીવનનું વર્ણન છે તે શું આપણા સંવિધાન સાથે સામ્યતા ધરાવે છે ? જો ઉત્તર નકારમાં હોય તો પ્રશ્ન થશે શા માટે ? આપણે કાં તો ધર્મને જીવતો રાખવો પડશે કાં તો બંધારણને આચરણમાં મૂકવું પડશે. બેમાંથી એકની પસંદગી કરવી પડશે. બંને સાથે ચાલી શકશે નહીં."

૨૪મીની સાંજે, સારનાથનાં ઐતિહસિક બૌદ્ધ અવશેષોનું નિરીક્ષણ કર્યું અને પવિત્ર ધમ્મેકસ્તૂપે પાસે તિબેટ લામાઓના બુદ્ધ પૂજાના કાર્યક્રમમાં એક કલાક ગાળી. બુદ્ધ પૂજા કરી તેમજ પરિત્રાણ પાઠનું શ્રવણ કર્યું...નવેમ્બર ૨૫ની સવારે કાશી સંસ્કૃત વિદ્યાપીઠની વિદ્યાર્થી પરિષદનું ઉદ્‌ઘાટન કરી વિદ્યાર્થીઓને બૌદ્ધધર્મ સમજાવતાં કહ્યું.

"બૌદ્ધધર્મ એ જ માનવ ધર્મ છે. તેમનો પાયો નક્કર આધાર ઉપર છે. માનવ કલ્યાણ માટે બૌદ્ધધર્મ સિવાય અન્ય કોઈ અસરકારક ધર્મ નથી. તે સાગર સમાન છે. તે સર્વ જાતિવર્ગને સમાવી એકતા-સમતા આણી શકે તેવો છે."

સાંજે મૂલગંધકુટી વિહાર (સારનાથ)નાં પ્રાંગણામાં મહાબોધિસભા દ્વારા મહાથેરો ભિક્ષુ સંઘરત્નના પ્રમુખ સ્થાને તેમનો સત્કાર કરવામાં આવ્યો. ડૉ. ભિક્ષુ ધર્મરક્ષિતે સ્વાગત પ્રવચનોમાં તેમની વિદ્વતા તથા બૌદ્ધધર્મ પ્રત્યેની ભવ્ય સેવાઓનાં ભારોભાર વખાણ કરી તેમને "બોધિસત્ત્વ" તરીકે સંબોધવામાં આવ્યા ! વિશ્વના બૌદ્ધોએ બોધિસત્ત્વ તરીકે તેમનો સ્વીકાર કર્યો છે. તેની પ્રશંસા કરવામાં આવી." તિબેટી-લડાખી બૌદ્ધો તરફથી યુવાન બૌદ્ધ લામા લોબજમ્ગે. ડૉ. આંબેડકરને 'ખદા' (તિબેટી બૌદ્ધ પરંપરા પ્રમાણે અપાતું સન્માનસૂચક શ્વેતવસ્ત્ર) અર્પણ કર્યું. વારાણસીની અસંખ્ય સંસ્થાઓ દ્વારા પુષ્પહાર પહેરાવવામાં આવ્યા. પરિગણિત જાતિ સંઘના દ્વારા આયુ. રામધને પણ સ્વાગત કર્યું. બોધિસત્ત્વ ડૉ. બાબાસાહેબ આંબેડકરે બૌદ્ધધર્મની મહત્તા સમજાવી કહ્યું કે, - 'સમગ્ર રાષ્ટ્રે બૌદ્ધધર્મ અપનાવવો જોઈએ. કારણ કે તેમાં સમગ્ર માનવજાતિનું શ્રેય છે.' દલિતો જો બૌદ્ધધર્મ સ્વીકારશે તો હિન્દુ ધર્મની અસમાનતા, ભેદભાવ અને અન્યાયથી તેમને મુક્તિ મળશે. વળી, બર્મા, જાપાન, ચીન, શ્રીલંકા ઈત્યાદિ બૌધ્ધ રાષ્ટ્રોના બૌદ્ધોની સહાનુભૂતિ પણ સાંપડશે. આજે દલિતો ઉપર તથા અત્યાચારો વિષે આ રાષ્ટ્રો "મૌન" સેવે છે. કોઈ વાંધો, વિરોધ કરતા નથી. (કારણ કે) તેમના મતે આ હિન્દુઓનો આંતરિક મામલો છે. પરંતુ જો દલિતો બૌદ્ધ બનશે તો આપણા ઉપર હિન્દુઓ દ્વારા થતા અત્યાચારોનો તે લોકો વિરોધ કરશે. આપણને સમતા, સ્વતંત્રતા અને બંધુતાથી વંચિત રાખવામાં આવશે તો આપણને ને બૌદ્ધ રાષ્ટ્રોનો સહયોગ ઘણી જ સરળતાથી સાંપડશે." ડૉ. આંબેડકરે સારનાથની પ્રવાસ પોથી Visitor's Book માં નોંધ્યું કે "સારનાથની મારી આ બીજી યાત્રા છે. સરકારે હજુ પણ સારનાથ પ્રત્યે વધારે ધ્યાન આપી વધારે સગવડો ઉપલબ્ધ કરવી જોઈએ. જેમાં સીધી ટેલિફોન લાઈન તથા મહાબોધિ દવાખાનાનો વિકાસ, મહત્ત્વનાં છે. તેમણે સારનાથમાં "બૌદ્ધ યુનિવર્સિટી"ના નિર્માણની આવશ્કતા માટે ભાર મૂકી, બે કરોડો જેટલા રૂપિયા એકઠા કરવાની આગ્રહપૂર્વકની નોંધ કરી હતી."

૨૭મી સવારે સારનાથનું બૌદ્ધ સંગ્રહાલય નિહાળી તેઓ ભાવવિભોર થઈ ગયા. બપોરે ભોજન કરી વિમાન દ્વારા ભગવાન બુદ્ધની મહાપરિનિર્વાણભૂમિ કુશીનગર પ્રતિ પ્રયાણ કર્યું. કુશીનગરમાં બુદ્ધ પૂજા કરી તેઓ ગોરખપુર થઈ દિલ્હી પરત આવ્યા ત્યારે આ કરૂણામૂર્તિએ સૌ પ્રથમ હૉસ્પિટલમાં દાખલ કરાયેલા પોતાના કૂતરા પીટરની ખબર કાઢી ! ત્યાર બાદ પોતાની સામેના દિવાની દાવાની કાર્યવાહી વિષે વિચાર્યું.

ડૉ. આંબેડકર દિલ્હી આવી ઘણો જ થાક અનુભવતાં હતા, તેમ છતાં મથુરા માર્ગ ઉપરના એક 'બૌદ્ધ કળા'ના પ્રદર્શનને નિહાળવા અચૂક ગયા હતા. રસ્તામાં પુસ્તકોની દુકાનેથી મોટી સંખ્યામાં ગ્રંથો પણ તે ખરીદતા આવ્યા. ૨ જી ડિસેમ્બર અશોક વિહારમાં આયોજિત પૂ. દલાઈલામાના સન્માન

સમારંભમાં પણ હાજરી આપી. રાત્રે મુંબઈથી આવેલા કાર્યકરો સાથે આગામી ૧૬ ડિસેમ્બર મુંબઈમાં યોજવામાં આવેલ બૌદ્ધધર્મ દીક્ષા સમારંભની વ્યવસ્થા વિષે ચર્ચા કરી તેમજ કાર્યકરોને જરૂરી સૂચનાઓ પણ આપી. વળી, તેમણે જ્યાં અભ્યાસ કર્યો હતો તે મુંબઈની એલ્ફીસ્ટન કૉલેજના શતાબ્દી સમારોહમાં પણ હાજર રહેવા નિમંત્રણ સ્વીકાર્યું. યુવાન કાર્યકરોને રાજકારણની તાલીમ આપી પોતાના આયોજિત રિપબ્લિકન પક્ષમાં તેઓ મોટી સંખ્યામાં આવી શકે તે માટે 'તાલમી કૉલેજ' (મુંબઈમાં) નો પણ તેમણે પ્રારંભ કર્યો હતો. તેમના સારા સંચાલન માટે પણ તેમણે કેટલાંક સૂચનો કર્યા હતા.

વર્ષોથી લખી રહેલા તેમના ગ્રંથ The Buddha and His Dhamma" ભગવાન બુદ્ધ અને તેમનો ધર્મ પૂર્ણ કરવા ડૉ. આંબેડકરે પોતાની સંપૂર્ણ શક્તિ લગાવી ને ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. કારણ કે આ ગ્રંથના નામ અને પ્રકરણમાં તેઓ વર્ષોથી સતત ફેરફાર કરતા રહ્યા હતા. કેટલીક વખત 'પ્રેસ પ્રુફો' ને પણ બદલવું પડ્યું હતું. સિદ્ધાર્થ કૉલેજના ગ્રંથપાલ એસ.એ.રેગેને ઉતાવળે છપાવવાની સઘળી જવાબદારી સોંપી હતી. પ્રારંભમાં આ ગ્રંથનું નામ Gopsel of Lord Buddha "ભગવાન બુદ્ધ અને તેમનો સંદેશો" રાખ્યું હતું. પરંતુ તેમાં ખ્રિસ્તી બાઈબલની છાંટ આવતાં છેલ્લી ઘડીએ તે શીર્ષક તેમણે પડતું મૂક્યું હતું. જો કે ડૉ. આંબેડકર "બાઈબલ"ના ઘણા ઉંડા અભ્યાસી હતા. બાઈબલ વિષેના ઘણા ગ્રંથો તેમના ગ્રંથ સંગ્રહમાં હતા. વળી, તેઓ યહુદીઓના 'મોઝેસ' Moses જોડે પોતાના તુલના કરતા હતા. અલબત્ત તે સંપૂર્ણપણે ઉપયુક્ત જ હતી.

"યહુદીઓ ઉપર થતા અમાનુષી અત્યાચારોમાંથી મોઝીસ તેમને મુક્ત કરવા માંગતા હતા. ડૉ. આબેડકર પણ દલિતોના સર્વણોના જૂથના કે હિન્દુઓના અત્યાચારોમાંથી મુક્ત કરવા માંગતા હતા. મોઝસનો ઉછેર-શિક્ષણ એક રાજવી રાણી દ્વારા થયો હતો. ડૉ. આંબેડકરના શિક્ષણ પાછળ એક રાજવી-ગાયકવાડ મહારાજાનું સારું એવું પ્રદાન હતું. મોઝેઝે મંદિર વિદ્યાપીઠમાં શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. ડૉ. આંબેડકરે પણ વિશ્વની ત્રણ મહાન વિદ્યાપીઠમાં શિક્ષણ મેળવ્યું હતું. બંનેએ પોતાના લોકોને ગુલામીમાંથી મુક્તિ અપાવી હતી. ધર્મ અને કાયદા ઘડી મેઝેસ ઘણું કાર્ય કર્યું હતું. ડૉ.આંબેડકરે રાષ્ટ્રના વિવિધ-વિધોના સંહિતાઓનું સંપાદન કર્યું હતું. (કીર : ૪૯૧)

મોઝેસ પોતાના લોકોને દશ આજ્ઞાઓ આપી ડૉ.આંબેડકરે દલિતોને ત્રણ આદેશો આપી કહ્યું "શિક્ષિત બનો, સંઘર્ષ કરો, સંગઠિત થાઓ." જોકે ડૉ.આંબેડકરને તો હજુ પણ અસંતોષ હતો. પોતે પોતાનું કાર્ય પરિપૂર્ણ કરી શક્યા નથી. તેનું તેમને ભારે દુઃખ હતું. ખાસ તો ગ્રામ વિસ્તારોના દલિતોમાટે ઘણું બધું કરવાની તેમને મનિષા પરિપૂર્ણ કરી શક્યા ન હતા. જયારે બીજી બાજુ શરીર વધારે કામ આપી શકતું નહોતું. ઘણી વખત બાળકની જેમ તેઓ ધ્રુસકે ધ્રુસકે રડી પડતા હતા. જો કે તેમણે "ભગવાન બુદ્ધ અને તેમનો ધર્મ" ગ્રંથ પૂર્ણ કર્યો તેનો તેમને ભારે સંતોષ હતો. અલબત્તમાં આ ગ્રંથે બૌદ્ધ જગતમાં ભારે વિવાદ પણ સર્જયો હતો !

ડૉ.આંબેડકરે પોતાના ગ્રંથ **"ભગવાન બુદ્ધ અને તેમનો ધર્મ"**માં એક નૂતન ક્રાંતિની કેડી કંડારી હતી. ભગવાન બુદ્ધ અને બૌદ્ધધર્મ વિષેની કેટલીક પુરાણી વાતો-કલ્પનાઓ સામે તેમણે પ્રશ્નો ઉભા કર્યા હતા, ભગવાન બુદ્ધના મહાભિનિષ્ક્રમણ-ગૃહત્યાગ માટેના જૂનાં કારણો- "વૃદ્ધ, રોગી, મૃતદેહ, સંન્યાસી દર્શન"-અસ્વીકાર કર્યા હતાં. સંતાન માટે ઘણી બધી પ્રતીક્ષા કર્યા બાદ બીજી પત્ની કર્યા પછી મોટી ઉંમરે શાકયગણના અધ્યક્ષ શુદ્ધોધનને પુત્ર લાભ થયો.. કુંવર સિદ્ધાર્થ સાંપડયા. તે સિદ્ધાર્થ ૨૮ વર્ષની વયે ગૃહત્યાગ કરે ત્યારે "વૃદ્ધ"ને ન જોયા હોય તે કેમ ગળે ઉતરે ? માતા-પિતા જ વૃદ્ધ હશે. તેવી રીતે રોગી મૃતદેહ અને સંન્યાસી દર્શન વિષે પણ સંદેહ જ થાય તે સ્વાભાવિક છે. લલિત વિસ્તર તથા જંબુદીપ Light Of Asia ના કવિઓની કલ્પના ડૉ.આંબેડકરને સ્વીકાર્ય નહોતી. તેમણે બૌદ્ધધર્મના મૂળ ગ્રંથોનો તલસ્પર્શી અભ્યાસ કરી તારણ કાઢયું કે રોહિણી નદીના પાણી કલહ ને કારણે શાકયો-કોલીય વચ્ચેના કલહને કારણે પાણીને માટે શોણિત વહેડાવવા મેદાને પડેલા શાક્યોને કુમાર સિદ્ધાર્થની સુલેહવાત સ્વીકાર્ય ન બની એટલે યુદ્ધને ન સ્વીકારનાર સિદ્ધાર્થને માતાપિતા તથા પત્ની પરિવારની સંમતિથી રાજત્યાગ, બિરાદારી ત્યાગ, ગૃહત્યાગ કરવો પડ્યો અને આજ તેમના મહાભિનિષ્ક્રમણનુ કારણ હતું. નૂતન ઐતિહાસિક બુદ્ધિગમ્ય શાસ્ત્રોક્ત કારણ આપી ડૉ.આંબેડકરે પરંપરાગત ચિંતનને ચકરાવે ચઢાવી દીધું. ચાર "આર્ય સત્ય"ઓના પ્રથમ આર્યસત્ય વિષે પણ આ ગ્રંથમાં તેમની વિશિષ્ટ વિવૃતિ હતી. તેમનું તારણ હતું કે "જીવન એ (સંસાર) દુઃખ નથી પરંતુ જીવનમાં (સંસારમાં) દુઃખ છે અને તેનું નિરાકરણ પણ થઈ શકે છે."

આમ ડૉ.આંબેડકરે પોતાના ગ્રંથમાં બૌદ્ધધર્મની નૂતન-સરળ સુબોધય તથા સાંપ્રત સમાજને સુસંગત એવી તર્કબદ્ધ બુદ્ધિગમ્ય નૂતન વ્યાખ્યા કરી હતી. તે "ગ્રંથ" બૌદ્ધધર્મનું નૂતનભાષ્ય" હતું.

મૂર્તિભંજક ડૉ.ભીમરાવે એક પર્યેષક તરીકે આ ગ્રંથમાં બૌદ્ધધર્મને માર્કસવાદના વિકલ્પ તરીકે પ્રસ્તુત કરી દરિદ્રતાની વકીલાત કરતાં -પ્રશંસા કરતાં તથા "દરિદ્રનારાયણ"ની વૃત્તિમાં રાચતાં પ્રવર્તમાન ધર્મોથી બૌદ્ધ ધર્મને અલગ તારવ્યો હતો. જીવનની વાસ્તવિકતા પર આધારિત તેમાનું ચિંતન-દર્શન પ્રિય અને ગ્રાહ્ય બન્યું હતું. ડૉ.આંબેડકરે બૌદ્ધધર્મને એક સામાજિક સિદ્ધાંત તરીકે પ્રસ્તુત કર્યો હતો.

બૌદ્ધ સાહિત્યમાં અસંખ્ય સ્થળે "દુઃખ" ને "દારિદ્રય"ના અર્થમાં પ્રયોજવામાં આવ્યું છે. આમ બુદ્ધ અને કાલમાર્કસના વિચારોની એકજ બુનિયાદ દ્રષ્ટિગોચર થાય છે. અલબત્ત ધ્યેય પ્રાપ્તિની પદ્ધતિ ભિન્ન ભિન્ન છે. બૌદ્ધધર્મમાં દ્રારિદ્રય ગરીબીની પ્રશંસા કે વકીલાત ને સહેજ પણ સ્થાન નથી. તેમને "દરિદ્રો" માં ઈશ્વરના દર્શન થતાં નથી. ભગવાન બુદ્ધને દરિદ્રતા પસંદ નહોતી.

વળી, ડૉ.આંબેડકરનું સ્પષ્ટ માનવું હતું કે, "બૌદ્ધધર્મનો પાયો"- "નૈતિક આચરણ"નો જ છે. બૌદ્ધધર્મમાં ઈશ્વરને સ્થાને પણ "નૈતિક આચરણ" છે. વળી, જન્મ પહેલાંનાં કર્મો ભાગ્યવાદ Fatalism ને કર્મકાંડ તેમજ જાતિવાદને જયાં જરાં પણ સ્થાન નથી. સ્વતંત્રતા, સમતા અને બંધુતા બૌદ્ધધર્મના પાયામાં છે. ભાગ્યવાદ કર્મકાંડ જાતિભેદને નકારતો આ બૌદ્ધધર્મ ઐહિક જીવન-સુખ, શાંતિ અન આનંદમય જાય તેનો જ આગ્રહ ધરાવે છે. ડૉ.આંબેડકરનું આ પ્રજવલિત ક્રાંતિદર્શન દ્રષ્ટિવંત ચિંતન વર્તમાન સમયે પણ ઘણું જ પ્રસ્તુત છે.

અનેક સિદ્ધિઓના સ્વામી ડૉ.બાબાસાહેબ આંબેડકર વાર્ધક્ય તરફ ઘસી રહ્યા હતા. તેમનો પડછંદ દેશ અસંખ્ય વ્યાધિના વમળોમાં ઘેરાઈ ગયો હતો.કાયા ધાર્યું કામ આપતી નહોતી. અગમચેતી આંબેડકરને મોતનો અણસાર આવી ગયો હતો. આથી તેઓ પોતાના તમામ અવતાર કાર્યો ત્વરિત ગતિઓ પૂર્ણ કરવા માંડયા હતા. એક પળ પણ વેડફી તેમને પોષાય તેમ નહોતું.

સતત પુરુષાર્થ કરી સમયનો સાવધાની પૂર્વક સદઉપયોગ કરી શક્તિ સંપાદન કરી પોતાની કાર્યકુશળતામાં અપાર વૃદ્ધિ કરી હતી. પરિણામે તેમણે એવી જવલંત સફળતા પ્રાત કરી હતી, જે સફળતા પ્રાપ્ત કરવા બીજા માણસો તે 'દશ જન્મ પણ ઓછા પડે ! ડૉ.બાબાસાહેબ અધ્યનને જ્ઞાન-સંપાદનનું સર્વાશ્રણ સાધન માનતા, અને આ જ્ઞાનસંપાદન" એ જ પોતાના જીન અને વ્યક્તિ વિકાસનું સાધન હતું. તેમને મનોરંજન અને આનંદ મેળવવા માટે પણ જ્ઞાન-સંપાદન-અધ્યન શ્રેષ્ઠ સાધન હતું. તેમને આનંદ મેળવવા માટે જ્ઞાન-સંપાદન એ સર્વ કાંઈ હતું. તેઓ સાચા યોગી હતા. (કીરઃ પૃ.૪૯૨) પોતાના આ વિશાળ જ્ઞાનને તેઓ માનવોના સુખ માટે વહેવડાવવા માંગતા હતા. પરંતુ આયખું આવી પહોચ્યું હતું. એટલે થાય એટલી ઝડપ કરી રહ્યા હતા. સતત કાર્યરત સતત લેખન પ્રવૃતિ કરતાં. પોતાના મહાનગ્રંથની પ્રસ્તાવના લખવામાં પ્રવૃત હતા. પરિણામે હવે તેઓ રાજયસભા માટે પણ ઘણો ઓછો સમય ફાળવતાં. મંગળવારે ૪થી ડિસેમ્બર રાજયસભાની ચર્ચામાં તેમના પ્રવચનમાં અધવચ્ચે એક સભ્યે કહ્યું "હું ઈશ્વરને પ્રાર્થના કરૂં છું કે, ડૉ.આંબેડકરના આત્માને સદ્દબુદ્ધિ આપે."આક્રમક રીતે ડૉ.આંબેડકરે રદયો આપતાં કહ્યું કે "હું બૌદ્ધ છું. મારે ઈશ્વર નથી અને આત્મા પણ નથી. રાજયસભામાં તેમના અંતિમ શબ્દો અને અંતિમ મુલાકાત !

સાંજે ઘરે આવી કેટલાક મહત્વના પત્રો લખ્યા. સવિશેષ તો તેમની પરિકલ્પના ભારતીય રિપબ્લિકન પક્ષ માટે અન્ય નેતાઓ અને સંસ્થાઓના સહયોગ માટે તેઓ પ્રવૃત હતા. તેઓ તેને ભારતીય રાજકારણમાં એક સબળ-સશક્ત વિરોધપક્ષ તરીકે ઉભારવા માંગતા હતા. વળી, ૧૬મી ડિસેમ્બરમા મુંબઈમાં યોજાનારા વિશાળ બૌદ્ધદીક્ષા સમારંભ માટે પણ તેઓ તૈયારી કરી રહ્યા હતા.

રાતના આઠેક વાગે ભારતીય શ્રમણ સંસ્કૃતિની એક શાખા-જૈનધર્મના પ્રતિનિધિઓ બૌદ્ધ બનેલા બાબાસાહેબને મળવા પધાર્યા. શ્રમણોનું મિલન આનંદદાયક રહ્યું. શ્રમણ સંસ્કૃતિનાં જૈન અને બૌદ્ધ ધર્મ વિષે ઔપચારિકતા વાતો થઈ અને તેમણે બાબાસાહેબને "જૈન અને બૌદ્ધ"નામનો ગ્રંથ ભેટ આપી બીજા દિવસનાં જૈન સમારંભમાં પધારવાનું નિમંત્રણ પાઠવ્યું. બાબાસાહેબે તબિયત સાથ આપશે તો આવવાનું આશ્વાસન આપ્યું. અંતે પ્રતિનિધિ મંડળ પ્રેમથી વિદાય થયું.

ડાંગના સથવારે રત્તુના ખભે હાથ મૂકી તેઓ પોતાના બિમાર વૃદ્ધ ચોકીદાર ભસ્માસુરની ખબર કાઢવા ગયા. પોતાના મૃત્યુ પછી પોતાની વિધવા પત્નીનું શું ? એ વિચારતો ચોકીદાર ભસ્માસુર તો પોતાના માલિકને પોતાની પાસે આવેલ નિહાળી એકદમ ડૂંસકા ભરી રડવા લાગ્યો. હાથ જોડી કહેવા લાગ્યો હવે મને સાક્ષાત ઈશ્વરે દર્શન દીધાં છે. હવે હું જીવીશ નહિ. મારી પત્નીને સાચવજો. તેમ બોલતાં તેને ગળે ડૂમો આવી ગયો. આમ તો આ મકાન સિરોહી મહારાજાનું નિવાસ હતું અને તે ઘણાં સમયથી આ ચોકીદાર અહી હતો. પરંતુ આજે તેને અનુભવ થયો તેવો કદાપિ થયો નહોતો. કરૂણામૂર્તિ ડૉ.આંબેડકર સાંત્વન આપતા કહ્યું "એક દિવસ આપણે બધાએ મરવાનું જ છે. હું પણ કયારેક તો મરવાનો છું. રડવાથી શું વળે ? હિંમત રાખ દવા મોકલાવું છું. તેનાથી તને ઠીક થઈ જશે. કોઈપણ પ્રકારની ચિંતા કરીશ નહિ.

આ ચોકીદાર માળીને આશ્વાસન આપી ડૉ.આંબેડકર રત્તુને કહ્યું કે, "જો ગરીબ માણસ મરવાથી કેટલો બધો ડરે છે. હું મોતથી ડરતો નથી. એને જયારે આવવું હોય ત્યારે ભલે આવે......"

ડૉ.આંબેડકરને મોતનો અણસાર આવતો હતો. થોડા સમય પૂર્વે પોતાના સંગીન સાથીદાર ભાઉરાવ ગાયકવાડને પણ તેમણે કહ્યું હતું કે, "હું હવે વધારે જીવી શકું તેમ નથી. તમે લોકો માનસિક રીતે સજ્જ થાઓ. વળી તેઓ વારંવાર કહેતા કે, જયાં સુધી દલિતોએ મારી સેવાની આવશ્યકતા હશે, ત્યાં સુધી હું જીવીશ. તેમના માટે આ એક જ જીવવા માટેનું પ્રેરક બળ હતું.

રસોઈયા સુદામા પાસે રસોડામાં જઈ ભોજન માટે થોડા ભાત મંગાવ્યા. ડૉ.આંબેડકર રાત્રે તદ્દન સાધારણ સાદું ભોજન લેતા હતા. કારણ કે, રાત્રે તેમને લેખન-વાંચન કરવાનું હતું. વળી, આ મહાપુરુષ, જીવવા માટે જ જમતા હતા. ભોજન સમયે પણ પોતાના પ્રિય પુસ્તકો સાથે રાખતા અને જમતાં જમતાં તેને જોઈ લેતાં હતાં. ગ્રંથ ડૉ.આંબેડકરના સાચા મિત્રો હતા. મહાન સાથી હતા. વાળુ પતાવી તેઓએ પોતાની પ્રિય "બુદ્ધવંદના"ની રેકર્ડ વગાડી અને તેની સાથે પોતે પણ 'બુદ્ધ શરણં ગચ્છામિ' નું ગુંજન કરવા લાગ્યા.... રત્તુ પાસે કેટલાક ગ્રંથો મંગાવી ટેબલ ઉપર મૂકાવ્યા હતાં.

## ૧૧:૨:૧ અંતિમયાત્રા-પરિનિર્વાણ

"ભગવાન બુદ્ધ અને તેમનો ધર્મ" ગ્રંથની પ્રસ્તાવવાની ટાઈપ નકલો રત્તુ પાસે કઢાવી ટેબલ ઉપર મૂકાવી. કારણ કે તેઓ તેમાં સુધારા-વધારા કરી આજે તેને અંતિમ સ્વરૂપ આપવા માંગતા હતા. બૌદ્ધધર્મ પ્રચાર બાબતે પત્રોની ટાઈપ કોપીઓ પણ "જોઈ જવા તથા સહી કરી ટપાલ કરવા ટેબલ મૂકાવી સેવક સુદામા કોફી ભરેલો થર્મોસ અને નાસ્તો મૂકી ગયો. આગલા દિવસથી આવેલા નાનકચંદ રત્તુને ઘરે મોકલી દીધો. કારણ કે તેની પત્ની બાળકો તેની પણ પ્રતીક્ષા કરતો હશે. ચિંતા કરતાં હશે. સેવક સુદામાને પણ તેમણે સૂઈ જવાનું કહ્યું.....

The Buddha and His Dharma.... પોતાના આ ગ્રંથની પ્રસ્તાવનાને આખરી ઓપ આપવા બાબાસાહેબ લખવા બેઠા તે બેઠા જ... આ કાળ રાત્રિએ કાળો કેર કર્યો... સઘળાને છેતરી-કાળ બાબાસાહેબને આપણી પાસેથી છીનવી ગયો !

સવારે છ વાગ્યે ડૉ.સવિતાએ સૂલણા સાયબાના શયનખંડમાં સહેજ ડોકિયું કર્યુ... એ જ પડછંદ દેહ પડખાભેર પલંગ ઉપર સંપૂર્ણ સ્વસ્થતાથી પડેલો જોયો. એજ ઉમદા ચહેરો અને બીલડાયેલાં પાણીદાર નયનો નિહાળી, સવિતા છેતરાયાં... સમજયાં કે "સાહેબ સૂતા છે. નિત્યક્રમ પ્રમાણે થોડો સમય વાટિકામાં વિતાવી અધીરા બની પાછાં પુનઃ આવ્યાં... હવે તેમને ધીરજ ન રહી. સાહેબની સમીપે આવી ઢંઢોળ્યા... ડૉકટર સવિતાને સમજતાં વાર ન લાગી કે સાહેબ શાશ્વતનિંદ્રામાં પોઢી ગયા છે ! સાહેબને અને એમને છેટું પડયું છે. એકદમ ફસડાઈ પડયો હૈયાફાટ રૂદન સાંભળી સેવક સુદામા આવ્યો... તે પણ પોક મૂકી પડવા લાગ્યો. ગાડી મોકલી રત્તુને બોલાવવામાં આવ્યો" સાહેબ હું આવી ગયો છું કહેતા રત્તુ સાહેબનાં ચરણોમાં બેસી માથું કૂટવા લાગ્યો. કોણ કોને સમજાવે ? સર્વના સર્વસ્વ સમા સાહેબ આજે સદાને માટે સર્વને અલવિદા કરી ગયા. ડૉકટર પત્નીએ પ્રાથમિક ઉપચાર-મસાજ કર્યા... દવા પીવડાવી પેટ દબાવી વ્યર્થ પ્રયત્ન કર્યા.. પરંતુ સઘળું "મિથ્યા" હતું. મધુપ્રમેહની વ્યાધિને કારણે જ્ઞાનતંતુને લાગુ પડેલો અસાધ્ય વ્યાધિ છેલ્લા બે વર્ષથી બાબાસાહેબના હૃદયને કોરી રહ્યો

હતો.પ્રબળ રીતે પ્રકાશતી જીવન-જયોતિ ઝાંખી પાડી રહ્યોહતો. જીવનની પળપળ ઝુંટવી રહ્યો હતો.બુઝાવી રહ્યો હતો. કાળ તેનું ધાર્યું કરી રહ્યો હતો.

## ૧૧:૨:૨ વડાપ્રધાન પંડિત નહેરુ -ઈત્યાદિનું આગમન :

ડૉ.ભીમરાવ આંબેડકરના અવસાનના સમાચાર સમગ્ર રાષ્ટ્રમાં વાયુવેગે પ્રસરી ગયા.. સમાચાર સાંભળતા જ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ ડૉ.આંબેડકરના નિવાસસ્થાને આવી પહોંચ્યા.ગૃહ પ્રધાન ગોવિંદ વલ્લભ પંડિત નાગરિક પરિવહન પ્રધાન બાબુ જગજીવનરામ અસંખ્ય રાજપુરુષો, લોકસભા-રાજસભાના સભ્યો, વિદેશી એલચી કચેરીના પુરુષોથી ૨૬, અલીપુરરોડનું ડૉ.આંબેડકરનું નિવાસસ્થાન ઉભરાતું હતું. રાજધાની દિલ્હીની આંબેડકરી જનતા જેને જે વાહન મળ્યું તે દ્વારા તો હજારો લોકો પગપાળા પુષ્પમાળા સાથે પહોંચી ગયા હતા. ફૂલોના ગજરાનો ગંજ ખડકાયો હતો. લોકો ચોધાર આસું એ રડતા હતા. પંડિત જવાહરલાલ નહેરૂએ તબિયત અને મૃત્યુ અંગે પૃચ્છા કરી. "The Buddha and His Dharma" ની સુધારેલી ટીપોઈ ઉપર પડેલી ટાઈપ પ્રસ્તાવના બતાવતા સોહન શાસ્ત્રીએ કહ્યું કે પુસ્તકની પ્રસ્તાવના લખી તેમણે પોતાના અવતાર કાર્યની પુર્ણાહુતિ કરી. સાહિત્ય પ્રેમી પંડિત જવાહરલાલ સ્તબ્ધ થઈ ગયા. કેવું મૃત્યું....!!

ડૉ.આંબેડકરના "મૃત્યુદેહ"ને મુંબઈ લઈ જવાનું નક્કી થયું. નાગરિક ઉડ્ડયન મંત્રી બાબુ જગજીવનરામના સહયોગને પરિણામે અર્ધાભાડાના કન્સેશનથી સરકારી "ડાકોટા વિમાન" મેળવી શકાયું. ડૉ.આંબેડકરને હરાવી આવેલા કોંગ્રેસી સભ્ય કાજરોલકર અંતરથી બાબાસાહેબ પ્રત્યે અપાર શ્રદ્ધા-ભક્તિ ધરાવતા હતા. વળી, તેઓ અવારનવાર અહીં આવતા પણ હતા. આજે પણ સમાચાર મળતાં તેઓ વહેલી સવારથી જ આવી પહોંચ્યા હતા અને ડાકોટા વિમાન જલદી પ્રાપ્ત કરવાની તેમની નિષ્ઠાવાળી કાર્યવાહી સફળ નીવડી હતી. બાબાસાહેબના નિવાસ સ્થાને માનવ મહેરામણ ઉમટી પડયો હતો. માનવમેદનીની ઈચ્છાને માન આપી પુષ્પાચ્છાદિત ટ્રક પર તેમના પાર્થિવદેહને મૂકી સાંજના પાંચેક વાગે દિલ્હીમાં સ્મશાનયાત્રા કાઢવામાં આવી. સ્મશાનયાત્રામાં સહસ્ર શોષિત નર-નારી આંખમાં આસું સાથે શોકવદને શિસ્તબદ્ધ ચાલી રહયા હતાં. દિલ્હીની ગલી-ગલીથી સ્મશાનયાત્રા માર્ગ ઉપર આવી બાબાસાહેબના અંતિમ દર્શન કરી પુષ્પાજંલિ અર્પણ કરતાં હતાં. માર્ગની બંને બાજુ માનવો ઉભરાતા હતા. બાબાસાહેબ અમર રહો નાં સુત્રોચ્ચાર સતત થતા હતા. દિલ્હીની ડીસેમ્બરની કડકડતી ઠંડીની પણ કોઈ પરવા કરતા નહોતા. દિલ્હીના જી.બી.રોડ ઉપર રહેનારી સેંકડો પતિતા નારીઓ પાણી ભરેલી પાંપણો સાથે પોતાના કોઠા ઉપર ચઢી પતિત પાવન બાબાને પુષ્પમાળા અર્પણ કરી રહી હતી. સ્મશાનયાત્રા શહેરના મુખ્યમાર્ગો ઉપરથી છેવટે "સંસદ ભવન" સુધી આવી પહોંચી સંસદભવનના સેક્રેટરીઓએ પુષ્પાજંલિ અર્પણ કરી. સરકાર તરફથી અંજલિ અર્પણ કરાઈ. અંતે વિશાળ જનમેદની અહીં જ રોકાઈ જવા આગળ સાથે ન આવવા વિનંતી કરવામાં આવી. કારણ કે ૧૦-૩૦ નું વિમાન પકડવા સફદરગંજ વિમાનઘર સુધી પહોંચવા સમય ઘણો જ ઓછો હતો. લોકો ન માન્યા અને ટ્રકને ઝડપી દોડાવવામાં આવી અને લોકો પણ પાછળ દોડતા રહ્યા. સફદરગંજ વિમાનમથકે પણ માનવ કીડિયારાની જેમ ઉભરાતાં હતાં.

વિમાન રાત્રિના અઢી વાગ્યે મુંબઈ શાન્તાક્રૂઝ વિમાન મથકે આવી પહોચ્યું પોતાના પ્રિય નેતાના અંતિમ દર્શન માટે આગલા દિવસના બે વાગ્યાથી ભૂખ્યા, તરસ્યા ઉભેલા હજારો અબાલ વૃદ્ધ નર નારીઓએ ડૉ.બાબાસાહેબ અમર રહોના સૂત્રોથી આકાશ ગજાવી દીધું. શબવાહિનીને વીમાનઘરની બહા કાઢવી પણ મુશ્કેલ બની હતી. જયારે શાન્તક્રુઝથી દાદર સુધીના આઠેક કિલોમીટરના સઘળા રાજમાર્ગ ઉપર આવી મોડી રાત્રે લોકો બેઠા હતા. પોતાના નેતા માટેનો આવો પ્યાર ન ભૂતો....ન ભવિષ્યતિ...હતો. શોક સાગરમાં ડૂબેલા મુંબઈગરાઓએ શાળાઓ, કોલેજ, કારખાનાં, મીલો, ઓફિસો બધુ જ બંધ રાખ્યું હતું.

રાજગૃહના દાલાનમાં મુકેલા પાર્થિવ દેહના દર્શન માટે વહેલી સવારથી જ લાંબી કતારો લાગી ગઈ. સમગ્ર મુંબઈ, મહારાષ્ટ્ર, ગુજરાતથી પોતાના દેવના દર્શન માટે દલિતો ઉમટી પડયા હતા. જગતમાં કોઈ સંપત્તિ કે રાજયસત્તાના સામર્થ્ય કરતાં માનવમન ઉપરનું સામર્થ્ય કેટલું પ્રબળ તેજસ્વી સ્થળકાળથી પણ પર હોય છે તેની આજે પ્રતીતિ થતી હતી.

ડૉ.આંબેડકરના પાર્થિવ દેહ સમીપ બુદ્ધ પ્રતિમા મૂકવામાં આવી હતી. પંદરેક બૌદ્ધ ભિક્ષુઓ

## ૧૧.૨.૩ યુનસ્કોની ભવ્ય અંજલિ તેમજ અન્ય મહાનુભાવોની અંજલિ

સંયુક્ત રાષ્ટ્ર સંઘ ( U.N.O) સાપ્તાહિક યુનેસ્કોની વીકલી બુલેટીન ડો.બાબાસાહેબ આંબેડકરને ભવ્ય શ્રદ્ધાંજલિ અર્પતા લખે છે કે "અસ્પૃશ્યોના ઉધ્ધાર માટે ગાંધીજીએ પણ જેટલો પરિશ્રમ ઉઠાવ્યો નથી તેનાથી અનેક ગણો પરિશ્રમ ડો.બાબાસાહેબ આંબેડકરે ઉઠાવ્યો છે. વધુમાં તે જણાવે છે આ ભવ્ય લોખંડી પુરૂષે સતત ૩૦ વર્ષ સુધી દલિતોને કાયદેસર રીતે સામાજિક આર્થિક તથા રાજનૈતિક સ્વાતંત્ર્યતા મેળવી આપવા મહાપ્રયત્નો કર્યા હતા. બહિષ્કૃત સમાજ અથવા અછૂત એવા હલકા શબ્દોથી અસ્પૃશ્યોને ઓળખવામાં આવે છે અને તેમની સંખ્યા ભારતમાં ઘણી મોટી છે. ડો.આંબેડકરની અસહકારની વૃત્તિ બાજુ પર મૂકવામાં આવે તો પણ તેમના પ્રખર લોકપ્રિય વ્યક્તિત્ત્વમાં લઈને તથા તેમના ભરચક કામથી નિર્માણ થયેલી શક્તિ, ભારત દેશમાં કોઈ દિવસ લુલી પડી નથી અને લંગડી પડવાની નથી. ડો.આંબેડકરની ચળવળ અસ્પૃશ્યોની માંગણીઓ મેળવવા અને મળેલી માંગણીઓનું રક્ષણ કરવા માટે અસહકારવાળી જણાય તો પણ તે માટે તેમને જરાપણ દોષ આપી શકાય નહિ...."

"ડો.આંબેડકરના અવસાનથી ભારતીય જનજીવનમાં મહાન ખોટ પડી છે. તે આપણા બંધારણના નિર્માતા હતા. જુદા જુદા ક્ષેત્રોમાં તેમાંય ખાસ કરીને દલિત સમાજના ઉત્થાન માટે કરવામાં આવેલી તેમની સેવાઓ કદાપિ ભૂલી શકાય તેમ નથી."- **રાષ્ટ્ર પ્રમુખ ડો.રાજેન્દ્ર પ્રસાદ**

"ડો.આંબેડકર સુપ્રસિદ્ધ પુરૂષ હતા. પરિવર્તન પામતા પ્રવાહોની સ્થિતિમાં જયારે રાષ્ટ્રની સામાજિક રચના ઉપર મોટી અસરો થઈ તે સામે ડો.આંબેડકરે રાષ્ટ્રમાં મહાન ઐતિહાસિક કાર્યકર્યું હતું. રાષ્ટ્રની સામાજિક જીવનપદ્ધતિમાં આવી રહેલી પરિવર્તનને ગતિ આપનાર પુરૂષો પૈકીના ડો.આંબેડકર એક હતા."- **બર્માના વડાપ્રધાન યુ.નુ. મહાબોધિ. જાન્યુ.૧૯૫૫**

ડો.આંબેડકર એટલે સદીઓથી પીડાતી શોષાતી જાતિઓની તીવ્ર ભાવનાનું પ્રતીક. તેઓ સામાજિક બળવાન પ્રતીક સમા હતા તેમની વિદવતા સમાજ સેવાની ભાવના અને યોગ્યાતા સર્વ માટે આદરણીય છે.- **વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂ**

બાબાસાહેબ માત્ર દલિતોના જ માર્ગ દોરતા નહોતા પરંતુ સમસ્ત ભારતના એક દૃઢ સ્તંભ હતા આંખોમાં આંસુ સાથે તેમણે વધુમાં કહ્યું. બાબાસાહેબના અવસાનથી આપણામાંથી તે મહાન શક્તિ ચાલી ગઈ છે કે જેના બળ પર અમે ઝઝૂમતા હતા.- **રેલ્વે પ્રધાન શ્રી જગજીવનરામ**

ડો.ભીમરાવ એક ઉચ્ચકોટિના વિદ્યાર્થી લેખક તથા સમર્થ વક્તા હતા. તેમના અવસાનથી ભારતે એક મહાનપુરૂષ ગુમાવ્યો છે.- **લોકસભાના સ્પીકર શ્રી આયંગર**

ડો.આંબેડકર એક શિક્ષક અર્થશાસ્ત્રી મજૂરનેતા તથા રાજનૈતિક નેતાના રૂપમાં આપણને કાયમ યાદ રહેશે. - **પ્રજાસમાજવાદી નેતા અશોક મહેતા (એમ.પી.)**

ડો.આંબેડકરના અવસાનથી સમસ્ત રાષ્ટ્રને દુઃખ થયું છે. હિંદુસમાજને સુધારવા તેમણે મહત્ત્વનું કાર્ય કર્યું છે. તેમના થયેલા અવસાનની ખોટ ભવિષ્યમાં પૂરવી અસંભવિત છે. - **મંત્રી હિન્દુ મહાસભા શ્રી વી.જી.દેશપાંડે (એમ.પી.)**

આંબેડકર મહારાષ્ટ્રીયનોને સમસ્ત ભારતીયો કરતાં દશગણા વહાલા હતા તેમણે જ પદદલિતોમાં આત્મસન્માનની ભાવના પેદા કરી હતી તેમના અવસાનથી ભારતને ન પુરાય તેવી ખોટ પડી છે.

**-પંજાબના ગર્વનર શ્રી એન.વી.ગાડગીલ**

સમસ્ત દેશની અને તેમાંય ખાસ કરીને દલિતોની ડો.આંબેડકરે બહુજ સેવા કરી છે. તેમના અવસાનથી મને ઘણો આઘાત થયો છે.- **કેન્દ્ર ખોરાક અને ખેતીપ્રધાન શ્રી.એસ.કે.પાટીલ**

ભારતની દલિત તથા પછાત જાતિઓના ડો.બાબાસાહેબ આંબેડકર ઘણાજ હિતેચ્છું હતા તેમના અવસાનથી સમસ્ત ભારતે તેમાંય ખાસ કરીને મુંબઈએ એક એવા લાલને ગૂમાવ્યો છે કે,જેણે દેશની ઘણી જ સેવાઓ કરી હતી.- **મહારાષ્ટ્ર રાજ્યના શ્રી વાય.બી.ચૌહાણ**

ડો.બાબાસાહેબ આંબેડકર ભારતના મહાન નેતા હતા.તેમણે કેટલાય રૂપોમાં દેશની સેવા કરી છે. આપણા દલિતોનાં તો તે પ્રાણ હતા. આપણને જ કંઈ સમાનતાનો દર્જો મળ્યો છે. તેનું શ્રેય બાબાસાહેબના ફાળે જાય છે. -**શ્રી નારાયણ સદોબા કાજરોળકર (એમ.પી)**

ડો.આંબેડકરના અવસાનથી ભારતને ના પુરાય તેવી ખોટ પડી છે. વર્ષોનો ભડભડતો જવાળામુખી આજે સદાને માટે શાંત થયો છે. - **ચક્રવર્તી શ્રી રાજગોપાલાચાર્ય (રાજાજી)**

ડો.ભીમરાવ આંબેડકર માત્ર ભારતીય વિદ્યાર્થીઓમાં જ નહિ પરંતુ અમેરિકન વિદ્યાર્થીઓમાં પણ શ્રેષ્ઠ હતા. - **પ્રોફેસર સેલિગ્મન (અમેરિકા)**

બાબાસાહેબનું મૃત્યુ એટલે એક મહાન ક્રાંતિકારી જીવનનો અંત જ્યાં જ્યાં અન્યાય અને અત્યાચાર જોયા ત્યાં ભીમે પોતાની ગદા ઉપાડી 'અસ્પૃશ્યતા જલાવો' 'મનુસ્મૃતિ જલાવો', એવું કહેનાર પુરૂષ ભારતીય બંધારણનો શિલ્પી થયો.- **દૈનિક મરાઠા તંત્રી શ્રી આચાર્ય અત્રે**

ડો.આંબેડકરના નિધનથી રાજયસભાને ભારે ખોટ પડી છે.તેમની તીવ્ર આંકાક્ષા હતી કે હિન્દુ કોડબીલ વહેલામાં વહેલી તકે પસાર થઈ જાય.- **રાજયસભાના ડેપ્યુટી સ્પીકરશ્રી કૃષ્ણમૂર્તિરાવ**

ડો.આંબેડકરના મૃત્યુથી મને ઘણો આઘાત લાગ્યો છે. તેમનો નિશ્ચય હતો કે આપણે આપણી સંસ્કૃતિથી બહાર નથી જવું. વળી સાથે એ પણ ખરૂં કે બ્રાહ્મણશાહી સામે માથુ ઝુકાવવું નથી.

**-પંડિત રાહુલ સાંસ્કૃત્યાયન**

નૈસર્ગિક તેમજ પરિશ્રમથી પ્રાપ્ત કરેલી બુદ્ધિમત્તા દ્વારા માનવી કેવી વિકટ પરિસ્થિતિ ઉપર વિજય પ્રાપ્ત કરે છે. તેનું જવલંત ઉદાહરણ એટલે ડો.બી.આર.આંબેડકર. બંધારણ દ્વારા ભારતીય શાસન વ્યવસ્થાના પાયાની ઈંટ મૂકનાર ડો.આંબેડકર જગતના એક મહાન વ્યક્તિ હતા.

દલિત સમાજના મહાન ઉધ્ધારક ડો.આંબેડકર જીવનના અંત સુધી તેમણે સ્વીકારેલાં મિશન માટે સતત નિષ્ઠાપૂર્વક કાર્ય કર્યુ. તેમનો અંતિમ આવિષ્કાર એટલે પોતાના લાખો અનુયાયીઓ સાથે બૌદ્ધધર્મનો સ્વીકાર.- **લંડન ટાઈમ્સ તા.૮-૧૨-૧૯૫૬**

જે ભારતીય નેતાઓ ઉપર મહાત્મા ગાંધીજીનો પ્રભાવ પડયો નહોતો તેમાંના એક ડો.આંબેડકરે સતત સંઘર્ષ કરી દલિતો માટે અલગ મતાધિકાર મેળવ્યો અંતે ગાંધીજીના મિત્રોના આગ્રહને પરિણામે અલગમતાધિકાર જવા દઈ ગાંધીજીના પ્રાણ બચાવ્યા તે સુપ્રસિદ્ધ છે, તેમણે પોતાના સંઘર્ષ દ્વારા દલિતોમાં આત્મવિશ્વાસ નિર્માણ કર્યો હતો.- **માંચેસ્ટર ગાર્ડિયન તા.૭-૧૨-૧૯૫૬**

ભારતના એક મહાન સપૂત પ્રકાંડ પંડિત કાયદાશાસ્ત્રી આંતરરાષ્ટ્રીય બંધારણ નિષ્ણાત અને મહાન સંસદપટુ ડો.આંબેડકર એક કર્તવ્યનિષ્ઠ અને બુદ્ધિ જીવી આગેવાન હતા. દલિતોના હિતોના કટ્ટર હિમાયતી હતા.- **ટાઈમ્સ ઓફ ઈન્ડિયા તા.૭-૧૨-૧૯૫૬**

દલિતવર્ગોના કાર્યને પોતીકું ગણી તેને પૂર્ણ કરતાં એકલાં પડે તો પણ નિરાશ ન થનારા ડો.આંબેડકરના અવસાનથી રાષ્ટ્રને ન પુરાય તેવી ખોટ પડી છે.- **ટ્રી બ્યુનેલ (અંબાલા ) તા.૭-૧૨-૧૯૫૬**

ડો.આંબેડકરની મહાન રાષ્ટ્રીય સેવાઓ સદાયે સ્મરણીય અને પ્રેરણાદાયી રહેશે.- **હિન્દુસ્તાન ટાઈમ્સ (દિલ્હી) તા.૭-૧૨-૧૯૫૬**

અત્યાચારો અન્યાયો સામે સતત સાત્ત્વિક સંઘર્ષ કરનાર એક નેતા તરીકે રાષ્ટ્રને ડો.આંબેડકર કાયમ માટે યાદ રહેશે.- **ફ્રી પ્રેસ જનરલ તા.૭-૧૨-૧૯૫૬.**



ડો.ભીમરાવ આંબેડકરની કારકીર્દિ એટલે બુદ્ધિમત્તા અને મનોનિગ્રહ સંઘર્ષ. તેમની કાયદાશાસ્ત્ર,

અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, કામદારક્ષેત્રે તેમજ રાજકારણના ક્ષેત્રમાંની તેમની પકડ વિદ્વતા અને કાર્યવાહી હંમેશા સ્મરણીય રહેશે. - **સ્ટેટસમમેન (કલકત્તા )**

માનવ અધિકારોનો ઈન્કાર કરતી અન્યાયી સમાજ રચનાને નામશેષ કરવાનું ડો.આંબેડકરે જાણે બીડું જડપ્યું હતું. તેમનો લડાયક મિજાજ મોખરે હતો.તેમની દેશભક્તિ તથા મહાનગુણો તેમના અવસાનથી સતત યાદ આવે છે.- **અમૃત બજાર પત્રિકા તા.૮-૧૨-૧૯૫૬**

સુપ્રસિદ્ધ મરાઠી સાહિત્યકાર પ્રહલાદ કેશવ અંત્રેએ પોતાના માતબાર મરાઠી દૈનિક મરાઠામાં બાર દિવસ સુધી સતત તંત્રી લેખ લખી યુગપુરૂષ આંબેડકરને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

**'રાષ્ટ્રશક્તિ'** દૈનિકે પણ લખ્યું કે,ગઈકાલે ગુરૂવારે ભારતીય આકાશનો એક તેજસ્વી તારો ખરી પડયો. દલિતોના એક મહાન નેતા ડો.ભીમરાવ આંબેડકરના આકસ્મિક અવસાનથી એક લડાયક ઝુંઝાર નેતા ગુમાવ્યો તેમનુ જીવન ક્રાંતિકારક હતું તેમનું મરણ પણ ક્રાન્તિકારક હતું.થોડાક દિવસ પહેલાં પોતાની વર્ષોની પ્રતિજ્ઞા પૂર્ણ કરી. હિન્દુધર્મનો ત્યાગ કરી બૌદ્ધધર્મ અંગીકાર બાદ તેમનું નિર્વાણ થયું. કેવો જોગાનું જોગ ! આવા શ્રેષ્ઠ અસામાન્ય બુદ્ધિમતાવાળા કર્તવ્યના નરશ્રેષ્ઠને ઈશ્વરે આપણી વચ્ચેથી ઉઠાવી લીધા તેનાથી સમગ્ર રાષ્ટ્રનું અપરિમિત નુકશાન થયું છે. તેમના આત્માને ઈશ્વર ચિરંતનનું શાંન્તિ અર્પે તેમજ તેમનું જીવન અનેક લોકો માટે પ્રેરણા સ્થાન બને એ જ પ્રાર્થના. કટ્ટર ટીકાકાર **કેસરી** એ પણ લખ્યું કે સ્વતંત્ર પ્રજ્ઞાવાળા મહાન રાષ્ટ્ર નેતા ડો.આંબેડકરના આકસ્મિક નિધનથી સમગ્ર ભારતીઓને અપાર દુ:ખ થયું છે !

વર્ષોની ધરખમ વકીલાતની પ્રેકટીસ તથા વર્ષો સુધી સત્તા પર રહ્યા હોવા છતાં મુંબઈના ખાર અને દાદરના બે નાનકડાં મકાનો સિવાય ડો.આંબેડકરને ખાસ વિશેષ મિલકત નહોતી. તેમને જાનથી મારી નાંખવાની ધમકીઓ મળી ત્યારે ૧૯૩૩ની આસપાસ તેમણે દાદાસાહેબ ગાયકવાડને વીલ કરી આપ્યું. લખ્યું કે મારા મૃત્યુ પછી આ સઘળી ચળવળ તમારે ચલાવવી નાણાની જરૂર પડે તો મારૂ ઘર પણ વેચી દેવું. કોઈ ખાસ બેન્ક બેલેન્સ રોકડ રકમ નહોતી. તેમના કોન્ટ્રાકટરે જ બાકીના નાણાં માટે તેમના ઉપર દાવો કર્યો હતો. અલબત્ત વર્ષો પહેલાં દિલ્હીમાં થોડી જમીન ખરીદી હતી જેનો ઉપયોગ તેઓ દલિતો માટે કરવા માંગતા હતા.

રામના પાવક સ્પર્શથી શિલામાંથી સુંદર સ્ત્રીનું સર્જન થયું. સંત જ્ઞાનેશ્વરના સ્પર્શથી પાડાએ વેદઋચાઓ ઉચ્ચારી અને શિવાજીના પરિશ્રમથી મવાળ મવાલી લોકોમાંથી મર્દ મરાઠાઓનું નિર્માણ થયું કે જેમણે સમગ્ર ભારતમાં ભગવો ઝંડો લહેરાવ્યો અને હિન્દુપદ પાદશાહી પ્રસ્થાપિત કરી. તેવી જ રીતે પથ્થરથી પણ ભારે કઠોર પાડા કરતાં અધિક મૂક અને મવાલીઓ કરતા પણ વધારે અબૂઝ અબૂધ અછૂતોને ડો.આંબેડકરે શિક્ષણ શલાકાનાં પારસ સ્પર્શથી પ્રબુધ્ધ કર્યો. તેમનામાં સ્વાભિમાન ભરી દીધું. પરમાણુ શક્તિ પેદા કરી હતી તે કદાપિ નાશ થઈ શકે તેમ નહોતી ઊલટાની તે પ્રતિદિન પ્રબળ બની જતી હતી. આમ અસ્પૃશ્યતાના રોગ સામેના ધનવંતરિ ડો.આંબેડકરની આ જીવનગાથા એક વ્યક્તિની નહી પરંતુ સમગ્ર શોષિતવર્ગના ઉત્થાનની ગૌરવી ઈતિહાસ ગાથા છે. ડો.આંબેડકરના નામ પ્રમાણે તેમના ભીમ પ્રયત્નોના ભીમયાત્રાનું વિસ્તૃત બયાન છે. **'ભીમ ભારત'**નું પાવનકારી પારાયણ છે. માનવતાના મહાઉપાસકના અનવદ્ય અને શ્લાધ્ય જીવનની ગૌરવગાથા છે. આમ ડો.આંબેડકરનું રોમાંચકારી જીવન એટલે અનેક નૂતન માનસમંદિરનું નિર્માણ. જેના પૂવર્જાની સેંકડો પેઢીઓને પદદલિત કરી કચડી જેને શીશુવસ્થામાં સીઝયો. વિદ્યાધામોમાં પણ વિતાડવામાં કસર ન રાખી, જેને ગાડીમાં ગરવા ન દીધો, દેવાલયોમાંથી દૂર કર્યો, જેને હોટલમાં હડધૂત કર્યો. ઓફિસમાં એને અપમાનિત કર્યો. તળાવે તરસ્યો રાખ્યો. ભાણે ભૂખ્યો રાખ્યો, તેજોભંગણ માનભંગ દ્વારા જેને વિપુલ વિટંબણાઓ આપી તે દલિતનો દીકરાએ પોતાના પ્રચંડ પુરૂષાર્થે પ્રજવલ્લિત પ્રજ્ઞા, પ્રકાંડ, પાંડિત્ય, લોકોત્તર ધ્યેય, સતત સેવાનાં ભાથા, ધ્યેય પરની અટલ-અપાર નિષ્ઠા તેમજ પારદર્શક સ્ફટિકસમાં શીલ દ્વારા સર્વે સિદ્ધિઓ સંપાદન કરી ઈતિહાસ સમાજશાસ્ત્ર નૃવંશશાસ્ત્ર વિધિશાસ્ત્રનો મહાજ્ઞાતા બનાવ્યો. મહાન મુત્સદી દલિતનેતા મજૂરનેતા તથા મહિલામુક્તિનો મર્મી તરીકે પંકાયો. ભારતીય સંવિધાનનો શિલ્પી કહેવાયો. આર્ષદૃષ્ટા થયો અને બોધિસત્ત્વ બની પરિનિર્વાણ પામ્યો.

ભારતીય ગગનમંડળના ગોખનો આ સિતારો વર્ષો સુધી ઝળકતો રહ્યો તેનું તેજ સૈકાઓ સુધી

ભારતીય જનતાને મળતું રહેશે. ભારતીય જનતાના ગૌરવ સ્વરૂપ ડો.આંબેડકર જે યુગમાં જન્મયા અને અનેક પ્રતિકુળ સંજોગો વચ્ચે જ ગૌરવભર્યો સ્થાનો આત્મબળે તેમણે પ્રાપ્ત કર્યો. તે તેમના જીવનકથનનું અને ભારતીય ઈતિહાસનું સુવર્ણપુષ્ઠ છે. માણસની મહાનતા તેના પ્રબળ પરિશ્રમ અને ઉગ્ર તપશ્ચર્યામાંથી નિર્માણ થાય છે. તે તેમનાં જીવનની ફલશ્રુતિ છે. નબળા દલિત વર્ગોમાં જન્મી અપાર કષ્ટો સહન કરી ઉચ્ચતમ સ્થાને પહોંચ્યા હોવા છતાં તેવો પોતાના કચડાયેલા ભાંડુઓને ભૂલ્યા ન હતા. કેટલીક વખત એવું બને છે કે માનવ જે સોપાન સીઢી ચઢીને જ્યારે ઉચ્ચતમ સ્થાને પહોંચે છે ત્યારે તે સોપાન સીઢીને વિસરી જાય છે. ડો.આંબેડકર પોતાના કિંકર બંધુઓને કદાપિ ભૂલ્યા નહિ ઉલટાનું તેમના ઉદ્ધારનું કાર્ય પોતાનો જીવન ધ્યેય બનાવ્યો. પોતાની અપરિમીત શક્તિ તેમની ગુલામીની જંજીરો તોડવામાં ખર્ચી. આ કાર્ય તેમનો શ્વાસોશ્વાસ હતો. તેમનું રૂધિરાભિષરણ હતું. તેમણે એક સમયે કહ્યું હતું કે, **"મારા જીવનમાંથી જો કંઈ શીખવા જેવું હોય તો તે એ છે કે મે મારા લોકોનો કદાપિ પરિત્યાગ કર્યો નથી. મારા સમગ્ર જીવન દરમ્યાન તેમના સુખ દુઃખમાં સતત ભાગીદાર રહ્યો છું અને તે માટે મેં હંમેશા ગૌરવ અનુભવ્યો છે એ હું જીવન પર્યંત એમ જ કર્યા કરીશ."** ચતુરસેન શાસ્ત્રીના શબ્દોમાં તેઓ ભારતના રાષ્ટ્રપ્રમુખ પદના સંપૂર્ણ અધિકારી છતાં દલિતોને ગળે વળગાડયા....

આ મહાન કાર્ય કરતા સમર્થ સેનાની ડો.આંબેડકરનાં જીવનમાં અનેક ઝંઝાવાતો પેદા થયા. સંકટોની તો કોઈ સીમા ન રહી, તેમનું વ્યક્તિગત જીવન અસંખ્ય વખત જોખમમાં આવી ગયું. પરંતુ તેમણે કદાપિ મોતની પરવા કરી નહિ.

ભારતમાં ડઝનેક પ્રભાવી નેતાઓમાં તેમની ગણના થતી. કેટલાક તો તેમની વિશ્વના પ્રથમ શ્રેણીનાં બુદ્ધિશાળી પુરૂષ તરીકે માનતા અને ખરેખર તેમના નામ પ્રમાણે ભીમપુરૂષ હતા. જ્ઞાનની ગંગોત્રી સમા હતા. દુનિયામાં કોઈપણ વિદ્વાન રાજદ્વારી પુરૂષની બરાબરી કરી શકે તેવા હતા.પોતાનાં વિષયના ઉંડા અધ્યયન પછી પ્રવાહિત થતું તેમનું અભ્યાસી પ્રવચન વિરોધીઓના છક્કા છોડાવી દેતું હતું. જેમને તેમનાં આવેશયુક્ત પ્રવચનમાં ઉદ્ધતાઈ દેખાતી હતી આમાં તેમની દષ્ટિનો જ દોષ હતો.તેમના પ્રત્યેની ઈર્ષા કામ કરતી હતી. અલબત્ત વ્યવહારુ આંબેડકરમાં જિદ્દીપણું અને બાંધછોડ એ બન્ને ગુણોની સમાનમાત્રામાં સુંદર સંગમ થયો હતો જો કે તેમની બાંધછોડ કદાપિ તકવાદી ન હતી. સફળતા મેળવવા તેમણે કદાપિ આવું કર્યુ પણ ન હતું. પોતાના અંતર આત્માને તેમણે કયારેય છેતયો ન હતો. પરંતુ તેઓ કહેતા માણસને જગાડવા પ્રભાત બે વાર ઉગતું નથી. માણસે સંયત જાગૃત રહેવું જોઈએ. ન્યુયોર્ક અમેરિકાથી પોતાના વડીલ શિવનાક (પોઈસકર) તા.૪-૮-૧૯૧૩ના દિવસે લખેલા પત્રમાં શેક્સપિયરની ઉક્તિઓનું સ્મરણ કરાવી લખે છે કે તક એકવાર આવે છે, મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ સમિતિ સમક્ષ તેમની રજૂઆત પછી સાયમન કમિશન સાથે ઉપસી આવ્યા. ગોળમેજી પરિષદમાં ગયા. વાઈસરોયની કારોબારીમાં શ્રમમંત્રી થયા અને છેલ્લે સ્વતંત્ર ભારતના સંવિધાનમાં સર્જનની સુવર્ણતક તેમણે ઝડપી લીધી અને તે પણ માત્ર લોકકલ્યાણ માટે જ. પોતાના બાવડાના બળે તેઓ લોકપ્રિયતાના સર્વોચ્ચ શિખરે બિરાજયા હતા. તેમણે પોતાના પુરૂષાર્થભર્યા જીવનથી મહારથી કર્ણના કથનને પુરવાર કર્યું હતું કે देवायत्तं जन्म मयादातं तु पौरुष्म जन्म દેવાધીન છે પરંતુ પોતાના પુરૂષાર્થથી આગળ આવવું આપણા હાથમાં છે.

ઉપેક્ષિતોના ઉત્થાન માટે વિચારો વૃત્તિ-કૃતિ ઊભય પ્રત્યે આજીવન પ્રતિબદ્ધ પુરૂષ ડો.આંબેડકરે ભારતીય રાજકારણને પણ સંકુચિતતા, પરંપારવાદ તથા ધર્મવાદથી મુક્ત કરવા ભગીરથ પુરૂષાર્થ કર્યો હતો. તેમણે તેમના નવમાનવવાદના ઉદ્દાત દર્શન દ્વારા રાષ્ટ્રને વૈજ્ઞાનિક માળખુ પ્રદાન કર્યું. સામાજિક વ્યવસ્થાનું લોકતાંત્રિક પદ્ધતિએ પુનઃગઠન કર્યું અને નવીન સમતાવાદી સંસ્કૃતિના પુરસ્કર્તા બન્યા.

બોધિસત્ત્વ ડો.બાબાસાહેબ આંબેડકરની મહાન ક્રાંતિકારી જીવનગાથા અજ્ઞાનીઓ માટે જ્ઞાનપીઠ વિદ્યાર્થીઓ માટે વિદ્યાપીઠ, પ્રવૃત્તિ માટે પ્રેરણા સ્ત્રોત, યાત્રિકો માટે તીર્થસ્થાન અને સાહિત્ય માટે નૂતન વિભાવના પુરવાર થયેલ છે. આપણા યુગના પ્રથમ પંકતિના અલૌકિક આગેવાન ડો.આંબેડકર વિરોધો વચ્ચે પણ સુગંધિત સુમનની જેમ સુવાસ પ્રસરાવે છે. પ્રાત : સ્મરણીય મહાકારૂણિક તથાગત બુદ્ધના ધમ્મ વચનો પ્રમાણે સુમનની સુવાસ માત્ર હવાની દિશામાં જ જાય છે. જ્યારે સત્પુરૂષોની સુવાસ હવાની વિરૂદ્ધની દિશામાં-બધી જ દિશામાં પ્રસરે છે. (ધમ્મપદ) ડો.આંબેડકરની સુવાસ સર્વત્ર પ્રસરી છે. તેમના

શબ્દ સ્ફુલિંગો શક્તિ બની પ્રેરણાના સ્ત્રોત બન્યાં છે. પદદલિતોમાં પરમાણું શક્તિ પેદા કરી છે. અલબત્ત અછૂતોને અભયકરનાર નિર્ભય નેતા ડો.આંબેડકર આ કૌતુક કરિશ્મો જોવા આજે હયાત નથી. વળી કોઈપણ વિભૂતિની મહાનતાને મરણપૂર્વે માન્ય કરવા જેટલો ઉદાર આ દેશ પણ કદાપિ રહ્યો નથી. પરંતુ માનવસ્વાતંત્ર્યના ઈતિહાસના વિશાળ ફલક ઉપર તેમણે મૂકેલી અસરો ચિરસ્થાયી રહેશે જ. તેમનું ચિંતન અને ચારિકા માનવસ્વાતંત્રયના ઈતિહાસનું સુવર્ણપુષ્ઠ છે. સત્ત્વ કદાપિ મરતું નથી મુઝાતું પણ નથી. સમય આવ્યે સોળે કળાએ ખીલી ઊઠે છે.

વિશ્વભૂષણ ડો.બાબાસાહેબ આંબેડકરનું જીવન સુવાસિત શતદલ પુંડરીક સમાન હતું. સદધર્મ ત્યાગ, કરુણાશીલ, દ્રઢ સંકલ્પ, વિદ્વત્તા, વાકપટુતા, સદવર્તન, કર્તવ્ય પરાયણતા પુરૂષાર્થ એ આ શતદલ પુંડરીકની પાંખડીઓ હતી.

બોધિસત્ત્વ ડો.બાબાસાહેબ આંબેડકરનું જીવન પારસમણી સમાન હતું. આ પારસમણીના સ્પર્શથી મૃત્યુ ને જીવન, રડતાંને આશ્વાસન, મૂંગાને વાચા, તિરસ્કૃત - બહિષ્કૃતને સ્વમાન પંગુને પગ શોષિતોને સફળતા ભૂખ્યાને ભોજન, નિરાશાને આશા, નિરાધારને આધાર બેબસ બેચેનને ચેન, દુરાચારીઓને સદાચાર, અબોધને બોધ શક્તિને નિર્ભયતા કુશળતા જોશને હોશ અને કાર્યકરોને ક્રિયાન્તિતા પ્રાપ્ત થઈ છે. આ યુગપુરૂષોના જીવનનું આહવાન છે. રાષ્ટ્રના યુવાનો જાગો... સૃષ્ટિના શોષિતો જાગો. યુવાનો યૌવન એ શોર્ય, દેશ, જાતિ, ધર્મ, ગરીબી ક્રાંતિ અને પદદલિતોનું દર્પણ છે. યુવાનોની નસેનસમાં ઉષ્ણતા છે. પ્રબળ પ્રવાહ છે. આ યુવાનો નૂતન વિચારધારાના વાહકો છે. જ્યારે આ પ્રબળ યુવાપ્રવાહ અન્યોન્ય હળી મળી આગળ ધપશે ત્યારે એક અફાટ ઉર્જાનું સ્વરૂપ ધારણ કરશે. આ પ્રબળપ્રવાહનો પ્રવેશ નાનામોટા શિલાખંડો અવરોધો એકીસાથે ઘસડી જશે તેના કણકણ કરી માટીમાં મિલાદી દેશે. દરિદ્રતા અજ્ઞાનતા, ઊભી પૂંછડીએ ભાગશે, ભય કે અકર્મણ્યતા કોઈ તેને અવરોધી શકશે નહિ પ્રત્યેક માનવને પોતાના માનવીય અધિકારોનું અધિજ્ઞાન પ્રાપ્ત થશે અને અંતે સમાનતા સ્વતંત્રતા અને બંધુતાની સુરભિથી સમસ્ત મહિ મહેંકી ઊઠશે. ભવતું સબ્બ મંગલ...

**તમારી પ્રગતિ ચકાસો :- ૩**

**નીચેની ખાલી જગ્યામાં તમારા જવાબો લખો.**

(૧) ડો.આંબેડકરના બુદ્ધ અને કાર્લમાર્કસ વિષેના વિચારો સમજાવો.

---

---

---

(૨) ડો.આંબેડકરની અંતિમયાત્રાનું વર્ણન કરો.

---

---

---

(૩) ડો.આંબેકરને લોકસભા -રાજ્યસભામાં અપાયેલ અંજલિ તમારા શબ્દોમાં લખો.

---

---

---

(૪) યુનેસ્કોની અંજલિ લખો.

______________________________

______________________________

______________________________

## ઉપયોગી પુસ્તકો

(૧) રામચંદ્ર બનૌધા : ડો.આંબેડકરકા જીવન સંઘર્ષ

(૨) ભદન્ત આનંદ કૌસલ્યાયન : બાબાસાહેબ

(૩) ડો.બી.આર આંબેડકર : The Buddha and His Dhamma

(૪) ડો.પી.જી.જ્યોતિકર : આર્ષદૃષ્ટા ડો.બાબાસાહેબ આંબેડકર

(૫) Dr. Babasaheb Ambedkar Writings and Speeches Vol. 15

(૬) Pariliamantory Debates Vol. 10-C PP. 176-870

(૭) ડૉ.એલ.જી.પરમાર : તંત્રી 'જ્યોતિ' (માસિક)ના વર્ષ:૧ અંક:૧૦, ૬-૧૨-૧૯૫૭

(૮) ડૉ. નરેન્દ્ર જાદવ : ડૉ. આંબેડક આર્થિક વિચાર આણિ તત્ત્વજ્ઞાન

• • •